[૫૫૮૬]

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૧ ● ● તા. ૧૬-૧-૯૬ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## રાણકી વાવ

થોડા સમય પહેલાં મુંબઈમાં શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ અને શ્રી પાટણ જૈન મંડળના સંયુક્ત ઉપક્રમે ડૉ. કિરીટ મંકોડીના 'The Queen's stepwell at Patan' નામના ગ્રંથનો વિમોચન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મારા મિત્ર શ્રી જયંતીલાલ પી. શાહના નિમંત્રણથી ઉપસ્થિત રહેવાનું પ્રાપ્ત થયું હતું.

The Queen's stepwell at Patan એ ડૉ. કિરીટ મંકોડીએ વર્ષોની મહેનત લઈ, સંખ્યાબંધ ફોટાઓ અને નકશાઓ સાથે તૈયાર કરેલો આકર્ષક કલાત્મક દળદાર સંશોધન ગ્રંથ છે. દુનિયાનાં જુદાં જુદાં ઐતિહાસિક સ્થળોમાં આવેલાં વિશિષ્ટ શિલ્પ-સ્થાપત્ય વિશે પ્રગટ થતાં બેનમૂન સચિત્ર શોધગ્રંથોની આન્તરરાષ્ટ્રીય હરોળમાં બેસી શકે એવો આ પ્રતિષ્ઠિત ગ્રંથ હાથમાં લેતાં જ ગમી જાય એવો છે. આ ગ્રંથથી પાટણની રાણકી વાવને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બહુ મોટી પ્રસિદ્ધિ મળશે એ નિઃસંશય છે. રાણકી વાવનું શિલ્પ-સ્થાપત્ય જ એવું મનોહર અને અદ્વિતીય છે કે એને વધુ પ્રસિદ્ધિ મળે એ સર્વથા યોગ્ય જ છે. ડૉ. કિરીટ મંકોડીને એમના આ સંશોધન કાર્યમાં અને ગ્રંથ પ્રકાશનમાં, ચાર દાયકાથી મુંબઈમાં રહેતા અને રાણકી વાવના સંશોધનમાં રસ ધરાવનાર ફ્રેન્ચ વિદ્વાન ડૉ. માઈકલ પોસ્ટેલનો સુંદર સહકાર સાંપડ્યો છે. આવા સુંદર પ્રકાશન માટે બંનેને અભિનંદન. આ ગ્રંથ ગુજરાતીમાં પણ પ્રગટ થવો ઘટે.

રાણકી વાવ વિશેના આ ગ્રંથના પ્રકાશન સમયે ગુજરાતની વાવો વિશેના એક પુરોગામી ગ્રંથનું સ્મરણ થયું. વર્ષો પહેલાં મુંબઈની ઝેવિયર્સ કોલેજના અભ્યાસ કરતા મારા વિદ્યાર્થી જ્યોતીન્દ્ર વીરેન્દ્રકુમાર જૈન યુરોપમાં ઇતિહાસ અને પુરાતત્ત્વનો વધુ અભ્યાસ કરી, યુરોપીય યુવતી જુટા નેઉબોર સાથે લગ્ન કરી ભારત પાછા ફર્યા ત્યારે બંનેને મળવાનું થયું હતું. જ્યોતીન્દ્ર જૈન ત્યારે અમદાવાદમાં એલ. ડી. ઇન્સ્ટીટ્યુટમાં જોડાયા હતા અને એમનાં પત્નીએ પીએચડીના સંશોધન માટે અભ્યાસ વિષય તરીકે ગુજરાતની વાવનો વિષય પસંદ કર્યો ત્યારે મને બહુ આનંદ થયો હતો. એ શોધનિબંધ ત્યારપછી તૈયાર થઈ ગયો અને ૧૯૮૨માં 'The Stepwells of Gujarat'ના નામથી સુંદર ગ્રંથ રૂપે પ્રગટ પણ થયો છે. ગુજરાતની વાવોમાં સંશોધનની દૃષ્ટિએ રસ લેનાર વિદેશી વ્યક્તિઓ પણ છે એ આપણે માટે કેટલા આનંદ અને ગૌરવની વાત છે.

રાણકી વાવનાં સૌ પ્રથમ દર્શન મેં ૧૯૫૦માં કર્યાં હતાં. ત્યારે તો આખી વાવ પુરાઈ ગઈ હતી. બહારથી કૂવો જોવા મળતો. ત્યારપછી પાટણના વતની મારા મિત્ર શ્રી મફતલાલ ભીખાચંદ શાહ સાથે પાટણ વારંવાર જવાનું થયું હતું અને દરેક વખતે દટાયેલી વાવનો થોડો વધુ ભાગ જોવા મળતો. પુરાતત્ત્વ વિભાગે માટીનું ખોદકામ કરતાં બે વર્ષ પહેલાં તો આખી વાવ પણ જોવા મળી હતી. ત્યારે એના ભવ્ય શિલ્પ સ્થાપત્યથી આશ્ચર્યચકિત થવાયું હતું. ગુજરાતના ભવ્ય ઐતિહાસિક અને સાંસ્કૃતિક યુગની એટલે કે સોલંકીઓના સવુર્ણયુગની ઝાંખી કરાવે એવી આ વાવ ખરેખર દર્શનીય છે ! એટલે જ કહેવાયું છે કે-

રાણકી વાવ અને નવઘણ કૂવો,
જેણે ન જોયો તે જીવતો મૂઓ.

(અડીકડીની અને અડાલજની વાવ માટે પણ આવી જ ઉક્તિઓ છે.) રાણકી વાવ દટાઈ ગયા પછી પાંચ—છ સૈકા કરતાં વધુ સમય સુધી લોકોને, ખુદ પાટણના પ્રજાજનોને આ વાવ કેટલી બધી સુંદર છે એ નજરે જોવા મળ્યું નથી. તેઓને વાવનો મહિમા સાંભળવા મળ્યો હશે પણ એનાં સાક્ષાત્ દર્શન કરવા મળ્યાં નહિ. આ સદીના આરંભકાળમાં પાટણમાં થઈ ગયેલા વિદ્વાન સંશોધક શ્રી રામલાલ મોદી કે થોડા વખત પહેલાં અવસાન પામેલા સંશોધક ડૉ. ભોગીલાલ સાંડેસરાને રાણકી વાવ આખી નજરે જોવા મળી નથી. પાટણના સંશોધનમાં રસ ધરાવનાર તેઓને કે સાહિત્ય-શિલ્પ- સ્થાપત્યમાં રસ ધરાવનાર ખુદ સયાજીરાવ ગાયકવાડને પોતાના રાજ્યની આ અમૂલ્ય સંપત્તિ નજરે જોવા મળી હોત તો તેઓનાં હૈયા કેટલાં નાચી ઊઠત !

રાણકી વાવ આટલા બધાં વર્ષો સુધી દટાઈ રહી એથી બીજી દૃષ્ટિએ જોઈએ તો લાભ જ થયો છે. દટાઈ જવાને કારણે મુસલમાનોએ પોતાના આક્રમણ દરમિયાન ગુજરાતમાં મંદિરો અને અન્ય સ્થાપત્યને જે પારાવાર નુકસાન પહોંચાડ્યું હતું તેવું કોઈ નુકસાન રાણકી વાવને થયું નહિ. વળી સુદીર્ઘ કાળ દરમિયાન આબોહવાના ઘસારા સામે અને લોકોની બેદરકારી સામે આ વાવ એના એ રૂપે ટકી શકી ન હોત. હવે જ્યારે દુનિયાભરમાં પ્રાચીન સ્મારકોને જાળવવાની જાગૃતિ આવી છે અને તેને ટકાવવા માટે નવી નવી વૈજ્ઞાનિક પદ્ધતિ શોધાતી જાય છે તે જોતાં રાણકી વાવના આ સ્થાપત્યનું આયુષ્ય વધશે એ આનંદની વાત છે !

વાવ શબ્દ સંસ્કૃત વાપી ઉપરથી આવ્યો છે. સોલંકી યુગના બાહોશ રાજા ભીમદેવ (પહેલા)ની રાણી ઉદયમતીએ બંધાવેલી આ વાવ પ્રારંભથી જ રાણકી વાવ તરીકે જાણીતી બની છે. 'રાણીકી વાવ' કે 'રાણીની વાવ' ઉપરથી બોલચાલમાં રાણકી વાવ જેવું નામ પ્રચલિત બની ગયું હશે જે આજ દિવસ સુધી ચાલુ રહ્યું છે.

ઐતિહાસિક પ્રમાણો પ્રમાણે સોલંકી (ચૌલુક્ય) વંશના રાજા ભીમદેવ પહેલાની પટરાણી ઉદયમતીએ રાજાના અવસાન પછી એમની યાદગીરીમાં ઇ. સ. ૧૦૬૪માં આ વાવ બંધાવવી શરૂ કરી હતી. ભીમદેવનો સમય ઇ. સ. ૧૦૨૨ થી ૧૦૬૪નો ગણાય છે. એમણે મોઢેરામાં સૂર્ય મંદિર બંધાવ્યું હતું.

નવસો વર્ષ પહેલાં બંધાયેલી આ વાવ ઉપરથી એ જમાનાની જાહોજલાલીનો, સંસ્કાર-સમૃદ્ધિનો અને રાણી ઉદયમતીના પ્રભાવશાળી વ્યક્તિત્વનો ખ્યાલ આવી શકે છે. એ સમૃદ્ધિના કાળમાં જ વિમલ મંત્રીએ ત્યાર પછી આબુમાં દેલવાડામાં જૈન મંદિર બંધાવ્યું હતું. સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવ બંધાવ્યું હતું, કર્ણદેવે કર્ણાવતી (અમદાવાદ) નગરી વસાવી હતી. અને કુમારપાળ રાજાએ તારંગા તથા ગિરનાર ઉપર મંદિરો બંધાવ્યાં હતાં.

પોતાના પતિ રાજા ભીમદેવની યાદગીરીમાં એમના પુણ્યાર્થે બંધાવેલી આ વાવમાં રાણી ઉદયમતીએ બહુ મહત્ત્વાકાંક્ષી ભાવના સેવી હતી. વિશાળતાની દૃષ્ટિએ, લંબાઇ-પહોળાઇની દૃષ્ટિએ, શિલ્પ સ્થાપત્યની બહુલતાની દૃષ્ટિએ અને ઉત્તમ કલાકારીગીરીની દૃષ્ટિએ એમણે કશી મણા રાખી ન હતી. એથી જ રાણકી વાવ સર્વ વાતોમાં અત્યંત ભવ્ય અને રમણીય વાવ બની હતી.

શિલ્પ સ્થાપત્યનો તો એ એક શ્રેષ્ઠ નમૂનો છે. રાણી ઉદયમતીએ આવડી મોટી વાવ બંધાવવાનું જે ઉત્સાહભર્યું મહત્ત્વાકાંક્ષી આયોજન કર્યું તેની એક મોટી મર્યાદા એ થઇ કે એમના પોતાના જીવનકાળ દરમિયાન, વાવ પૂરી બંધાઇ નહિ. વાવનું છેલ્લું થોડું કામ પછી અધૂરું રહી ગયું. એમ માનવામાં આવે છે કે વાવની ભવ્યાકૃતિ જોઇને એના સ્થપતીએ જ પાછળથી વાવની રચના-આકૃતિમાં મહત્ત્વના ઉમેરા કર્યા, પરંતુ એમ કરવા જતાં વધુ સમય જવાને લીધે વાવ સંપૂર્ણપણે તૈયાર થઇ શકી નહિ. વાવમાં જુદી જુદી જગ્યાએ મળીને બસોથી વધુ શિલ્પાકૃતિ કંડારવાની રહી ગઇ. અને કેટલાયે સ્તંભોની અને ગોખલાઓની કોતરણીમાં ઉતાવળ કરવી પડી હતી. વાવના બાંધકામમાં પચીસેક જેટલાં વર્ષનો ગાળો પસાર થઇ ગયો હોવાનું મનાય છે. સેંકડો મજૂરો અને કારીગરો એમાં કામે લગાડવામાં આવ્યા હતા. રાજ્યાશ્રયે કેટલાંક ઉત્તમ કાર્યો કેવાં થઇ શકે છે એની એ પ્રતીતિ કરાવે છે. પૂર્વે બંધાયેલી જુદી જુદી વાવોના અનુભવ પરથી રાણકી વાવમાં એની સ્થાપત્યકલા ચરમસીમાએ પહોંચી શકી.

ઇ. સ. ૧૩૦૪માં મેરુતુંગાચાર્યે પોતાના ગ્રંથ 'પ્રબંધ ચિંતામણિ'માં આ વાવનો નિર્દેશ કરતાં લખ્યું છે કે 'રાણકી વાવ' સહસ્ત્ર લિંગ તળાવ કરતાં ચડિયાતી રચના છે. એ ઉપરથી જણાય છે કે મેરુતુંગાચાર્યના સમય સુધી વાવનો બરાબર ઉપયોગ થતો રહ્યો હશે, પણ પછીના નજીકના કાળમાં જ સરસ્વતી નદીમાં મોટું પૂર આવ્યું હશે અને વાવ પુરાઇ ગઇ હશે. એટલે કે વાવનો ઉપયોગ બંધ થયો હશે.

જે વાવોમાં પાણી સુકાઇ જાય અથવા એની ઉપયોગિતા પૂરી થઇ જાય કે કોઇ કુદરતી આપત્તિને કારણે વાવનો કેટલોક ભાગ તૂટી જાય અથવા આપઘાત કે ખૂન જેવી તેમાં ઉપરાઉપરી બનતી ઘટનાથી લોકોમાં વહેમ ઘૂસી જાય, અથવા ભૂતપ્રેતનો ડર લાગી જાય તો એવી વાવો અવાવરુ બની જતી અને રાજ્ય તરફથી કે પ્રજાજનો તરફથી એની સંભાળ ન લેવાય તો કાળક્રમે તે દટાઇ પણ જતી. રાણકી વાવનું ભાવિ કંઇક જુદું જ હશે. સાવ નજીક આવેલી સરસ્વતી નદીમાં પૂર આવતાં તેનાં કાદવવાળાં પાણીથી વાવ ભરાઇ ગઇ હશે અને ત્યાં માટી જામી જતાં અને કેટલાક સ્તંભો તૂટી પડતાં વાવનો ઉપયોગ બંધ થઇ ગયો હશે. બીજી ત્રીજી વારના પૂરમાં તો વાવ ઠેઠ ઉપરની જમીન સુધી દટાઇ ગઇ હશે. વાવનું પુરાણ કાઢી નાખવામાં આવતાં જે ઘણી સારી હાલતમાં પગથિયાં જોવા મળે છે તે પરથી જણાય છે કે પગથિયાંને ખાસ ઘસારો લાગ્યો નથી. એનો અર્થ એ થયો કે મેરુતુંગના સમય પછીના તરતના કાળમાં વાવ પુરાઇ ગઇ હશે! અલબત્ત, કૂવાની ઉપયોગિતા હોવાને કારણે કૂવો પાછો ખોદીને ગળાવવાનું કામ વખતોવખત થયા કર્યું હશે! કૂવાનું પાણી સારું ગણાતું રહ્યું છે અને કેટલોક વખત તો એવી માન્યતા પણ પ્રવર્તી હતી કે નાના છોકરાંઓને ઊંટાટિયું (મોટી ઉધરસ) થયું હોય તો આ કૂવાનું પાણી પીવાથી તે મટી જાય છે.

પાણી મનુષ્ય જીવન માટેનું અનિવાર્ય તત્ત્વ છે. પાણી વગર જીવન ટકી શકે નહિ. 'જલ વિના કો જીવઇ નહિ, જલ જીવન જગમાંહિ' એમ કહેવાયું છે તે સાચું જ છે. જલ એ જીવનના પર્યાય રૂપ હોવાથી 'જીવન' શબ્દનો એક અર્થ 'પાણી' એવો પણ થાય છે. વીજળી અને યંત્રોની શોધ પછી પાણીની સમસ્યા, હેંડપંપ, ટ્યૂબ વેલ, મોટા બંધ, વગેરેને કારણે દુનિયાના ઘણાખરા ભાગોમાં પહેલાં જેવી ગંભીર રહી નથી. પ્રાચીન સમયમાં નગરો સમુદ્ર કિનારે, નદી કિનારે અને સરોવર કિનારે વસતાં કે જેથી પાણી સુલભ રહ્યાં કરે. ઊંડો કૂવો ખોદીને પાણી મેળવવાની પદ્ધતિ જ્યારથી અમલમાં આવી ત્યારથી માનવ વસતી નદી અને સરોવર ઉપરાંત દૂર દૂરના વિસ્તારોમાં વસવા લાગી. ગામ હોય ત્યાં કૂવો હોય જ. એ રીતે કૂવો ગામ-નગરનું અનિવાર્ય અંગ બની ગયો. પરંતુ દરેક કૂવામાંથી એક સરખું સારું મીઠું પાણી નીકળે નહિ અને વસ્તીની સંખ્યા અનુસાર એક કરતાં વધારે કૂવાની જરૂર પડે. એમ કરતાં ગામ-નગરની શેરીઓ વચ્ચે કૂવો હોય અને ગામના પાદરે પણ કૂવો હોય એવી સ્થિતિ નિર્માઇ. દુકાળના વખતમાં કૂવાઓ સુકાઇ જાય તો સ્થળાંતર કરવાની પણ ફરજ હતી.

કૂવો ખોદવાની અને જમીનમાં પાણી ક્યાં કેટલે ઊંડે નીકળશે એ જાણવાની વિદ્યાનો વિકાસ જૂના વખતમાં ઘણો થયો હતો, કારણ કે જીવનની એ મહત્ત્વની આવશ્યકતા હતી. માટીમાં ખોદતાં ખોદતાં વચ્ચે મોટો ખડક આવે તો ખોદવાનું છોડી દેવું પડતું. જમીન પોચી હોય તો કૂવો ખોદતાં બહુ સાવધાની રાખવી પડતી કે જેથી આસપાસની માટી ધસી પડે નહિ અને ખાડામાં નીચે કામ કરવા ઊતરેલા માણસો દટાઇ જાય નહિ, કૂવો ખોદતાં અકસ્માતો નહોતા થતા એવું નથી. પરંતુ અનુભવ વધતાં સાવચેતીના ઉપાયો વિચારતા. કૂવા ખોદવાની જગ્યાએ ત્રણ કે ચાર મજબૂત થાંભલાનો મજબૂત ઊંચો માંચડો બાંધી તેમાં ગરગડી ભરાવી, દોરડાને છેડે મજબૂત મોટો ટોપલો બાંધી તેના વડે માટી બહાર કાઢવામાં આવતી અને કૂવામાં ઊતરેલાં માણસો એ ટોપલામાં બેસીને અંદર-બહાર આવજા કરતા. કેટલાંક કૂવામાં તો ઉપરથી દિવાલમાં ઇંટો કે પથ્થરનું ચણતર કરતાં કરતાં નીચે જવાનું રહેતું અને ચણતર તૂટી ન પડે એ માટે ઝાડની મજબૂત ડાળી વર્તુળકાર બનાવીને ખાડામાં ભરાવીને એના ઉપર ચણતર થતું.

આજથી સાઠેક વર્ષ પહેલાં કૂવા ખોદાતા નજરે મેં જોયા છે. માણસ નવું ઘર બંધાવે એટલો જ ઉત્સાહ કૂવો બંધાવવામાં રહેતો. એની પૂજન-વિધિ ઉત્સાહપૂર્વક થતી. મારાં એક માસીએ ખેડા જીલ્લામાં ઓડ ગામ પાસે પોતાના ખેતરમાં કૂવો ખોદાવ્યો ત્યારે ભૂમિપૂજન થયું ત્યારથી કૂવામાંથી તળિયે પાણી ફૂટ્યું અને નાળિયેર વધેરવામાં આવ્યું

તથા છાતી સુધીના પાણીમાં ઊભા ઊભા મજૂરોએ માટી કાઢવાનું કામ કર્યું. એ બધું રોજે રોજ નજરે નિહાળવાનું રજાઓના દિવસ દરમિયાન મળ્યું હતું. નાનપણમાં ત્યારે ત્યાં પ્રચલિત કહેવત પણ સાંભળવા મળતી કે 'ઓડ-ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી દે તેના બાપ મૂઆ.' આજે આ કહેવત કાલગ્રસ્ત બની ગઇ. કાળ કેટલો ઝડપથી બદલાય છે! હવે તો શહેરોનાં કેટલાંયે છોકરાંઓએ કૂવો કે વાવ નજરે જોયાં હોતાં નથી.

પરિભ્રમણ એ માનવજાતનું એક સ્વાભાવિક લક્ષણ છે. વેપાર અર્થે, કૌટુંબિક વ્યવહાર અર્થે, જાત્રા અર્થે, પગપાળા, ઘોડા ઉપર કે બળદગાડીમાં એક સ્થળેથી બીજે સ્થળે લોકો અવરજવર પ્રાગૈતિહાસિક કાળથી કરતા આવ્યાં છે. આવી અવરજવરમાં માર્ગમાં પાણીની વ્યવસ્થા ક્યાં અને કેવી રીતે થશે એનું આયોજન પણ વખતોવખત જુદી જુદી જાતિના લોકો પોતાને માટે કરતા આવ્યા છે. નદી કે સરોવરના કિનારે કે દૂરના વિસ્તારોમાં રાજ્ય પોતે કે પ્રજાજનો પોતે કૂવો, તળાવ, કુંડ વગેરેની રચના કરતા કે કરાવતા. માર્ગમાં વટેમાર્ગુઓ માટે પાણીની પરબ બંધાવવી એ બહુ મોટા પુણ્યનું કાર્ય ગણાતું. એકલ દોકલ કે પાંચ-પંદર વટેમાર્ગુઓ માટેની કૂવાઓની વ્યવસ્થા યોગ્ય રીતે થતી હતી. પરંતુ જૂના વખતમાં એકલા પગપાળા પ્રવાસ કરવાની જ્યારે ભીતિ રહેતી ત્યારે લોકો સંઘ કાઢીને પ્રવાસ કરતા. વળી કેટલીક જાતિઓ જ એવી હતી કે જે પોતાની રોજગારી માટે એક સ્થળેથી બીજે સ્થળે રખડ્યા કરતી. વળી કેટલીક નાની નાની જાતિના લોકોની પ્રકૃતિ જ એવી રહેતી કે તેઓને કોઇ એક સ્થળે સ્થિર વસવાટ કરવાનું ગમતું નહિ. તેઓ પોતાની જૂજ ઘરવખરી સાથે, ગાય, બળદ, ઘોડા, ગધેડાં જેવા પ્રાણીઓ સહિત સ્થળાંતર કર્યા કરતી અને અનુકૂળ જગ્યાએ ડેરા-તંબુ તાણીને પડાવ નાખતી. આવી ભટકનારી જાતિઓનો ઇતિહાસ દુનિયાના ઘણાં દેશોમાં જોવા મળે છે. કેટલાક દેશોમાં એવી ભટકુ જાતિઓ હજુ પણ વિદ્યમાન છે. ગુજરાતમાં જૂના વખતમાં વણઝારાની પ્રથા બહુ પ્રચલિત હતી. પ્રાચીન ગુજરાતી કવિતામાં સાર્થ (વણઝાર) અને સાર્થવાહ (વણઝારો)નાં વર્ણનો વાંચવા મળે છે. આવા વણઝારાઓ એક સ્થળેથી બીજે સ્થળે જતા હોય ત્યારે માર્ગમાં આરામ કરવા માટે અને ભોજન-પાણી કરવા માટે પોતાના મુકામો તૈયાર કરાવતા અને વાવ બંધાવતા. કેટલીક વાવ વણઝારાની વાવ તરીકે પણ પ્રચલિત હતી. એક નાના કૂવામાંથી દોરડા વડે પાણી ખેંચવામાં સમય ઘણો જાય. પરંતુ પગથિયાંવાળો મોટો કૂવો જો કરવામાં આવ્યો હોય તો પાણી પીવા માટે કોઇની ગરજ ભોગવવાની ન રહે. દોરડાની કે ઘડાની પણ જરૂર રહે નહિ. એકલદોકલ પ્રવાસીને પણ વાવ ક્યાં આવે છે તેની ખબર હોય તો સાથે દોરડું અને ઘડો લેવાની જરૂર રહે નહિ. વળી વાવનો બીજો લાભ એ પણ ખરો કે ભર ઉનાળામાં છાંયડાવાળી શીતલ જગ્યા આરામ માટે એને વાવમાં મળી રહે. આમ વાવ મુસાફરોનું મિલન સ્થાન પણ બની રહેતી. યુવક-યુવતીના મિલનસ્થાન તરીકે, વેપારીઓના સોદા માટે કે સાધુ-સન્યાસીઓની ધર્મ-ચર્ચા માટે પણ વાવ અનુકૂળ સ્થાન પૂરું પાડવાનું કાર્ય કરતી.

મંદિર, મસ્જીદ, દેવળ, કિલ્લો, રાજમહેલ વગેરે પ્રકારની રચનાઓ જમીનમાં પાયો ખોદીને, પાયામાં પત્થર પૂરીને કરવામાં આવે તો તે વધુ મજબૂત બને છે અને તેનું આયુષ્ય પણ લાંબુ રહે છે. અનુભવે આ વાત સમજાયા પછી દુનિયાના ઘણા દેશોમાં એવી મોટી ઇમારતો બંધાઇ છે. એથી પૂર્વેના કાળમાં ડુંગરના પત્થરમાં ગુફા વગેરેની રચના થતી હતી. ગ્રેનાઇટ પત્થરોને કારણે એનું આયુષ્ય સહેજે બે-ત્રણ હજાર વર્ષ જેટલું હોઇ શકે છે. હવામાનની સામે ટકી શકે એવા પત્થરની પરીક્ષા માનવ જાતે અઢી-ત્રણ હજાર વર્ષ પૂર્વે કરેલી છે અને એથી એટલી પ્રાચીન રચનાઓ ભારત, ગ્રીસ, ઇજિપ્ત, ચીન વગેરે દેશોમાં જોવા મળે છે.

પત્થરની ઇમારતોમાં નીચેની શિલાઓ કેટલું વજન ઝીલી શકશે એની ગણતરી કરી એના ઉપર મોટી મોટી શિલાઓની ગોઠવણી કેવી રીતે કરવી જોઇએ તેની વિદ્યા પણ માનવ જાતે પ્રાપ્ત કરી લીધી હતી. એથી એવું વજન ઝીલવા માટે જમીનમાં નક્કર પાયો કે ભોયરું કેટલાં ઊંડા કરવા તે પણ એવી વિદ્યાના જાણકારોએ શીખી લીધું હતું.

જમીનમાં પાયો ખોદીને જમીન ઉપર કરેલી રચનાઓ કરતાં જમીનની અંદર જ ઊંડે ઊંડે ખોદતા જઇને કરેલી રચનાઓની સંખ્યા દુનિયામાં ઘણી જ ઓછી છે, કારણ કે તેની ઉપયોગિતા પણ એટલી ઓછી છે. એવી રચનાઓમાં પશ્ચિમ ભારતમાં વાવની રચના કે ઇજિપ્ત, ગ્રીસ, તુર્કસ્તાન, રશિયા વગેરે દેશોમાં નક્કર પત્થરમાં ખોદકામ કરીને કૂવા જેવી કબ્રસ્તાન (Catacomb)ની રચના કરેલી જોવા મળે છે.

માનવ જાત પાસે વિશિષ્ટ કલાત્મક દૃષ્ટિ રહેલી છે. એથી જીવનના પ્રત્યેક કાર્ય, ચીજ વસ્તુઓ, સાધનો, સ્થળો, વગેરેમાં એક વખત ઉપયોગિતાનું ધ્યેય જો સારી રીતે પાર પડે તો વખત જતાં એને વધુ સુંદર અને કલાત્મક કેમ બનાવી શકાય તે તરફ એનું લક્ષ્ય દોડે છે. આમ ઉપયોગિતા (Utility) અને કલા (Art) એ બેનો સમન્વય જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સતત થતો રહ્યો છે. મનુષ્યની રસિકતા અને ફાજલ સમયના ઉપયોગને લીધે મનુષ્ય જીવન હંમેશાં વધુ અને વધુ સુંદરતા તરફ ગતિ કરવાના ધ્યેયવાળું રહ્યું છે.

ગુજરાત અને રાજસ્થાનમાં હજારેક વર્ષ પહેલાં ઘણે ઠેકાણે કૂવા ઉપરાંત વાવનાં બાંધકામ પણ થયાં હતાં. સામાન્ય રીતે વાવ નગરની બહાર બાંધવામાં આવતી કે જેથી જતાઆવતા વટેમાર્ગુઓ પણ તેનો લાભ લઇ શકે. પગથિયાંવાળા આવા કૂવાના બાંધકામમાં વખત જતાં ઉપયોગિતાની સાથે કલાનું તત્ત્વ પણ ઉમેરાયું. કેટલેક સ્થળે મોટી મોટી વાવ બંધાવા લાગી. અને એમાં પગથિયાની બંને બાજુની માટીની દીવાલો ધસી ન પડે એટલે પત્થરનું કામ અનિવાર્ય બની ગયું. અને એક વખત પત્થરને માપસર ઘડીને બાંધવાનું કામ ચાલુ થાય ત્યાં સલાટો અને શિલ્પીઓ પોતાની કલાને લાવ્યા વિના રહે નહિ. વાવની અંદર ગોખલાઓ થયા. અને આરામ માટે મંડપો પણ થયા. અને એમ કરતાં વાવની કલાનો વિકાસ ઘણો થતો ગયો. ગુજરાતમાં દરેક મોટા નગરની આસપાસ ક્યાંક ને ક્યાંક વાવ જોવા મળશે જ. ઘણી ખરી વાવ દટાઇ ગઇ છે કે જગ્યા મેળવવા માટે પૂરી નાખવામાં આવી છે. (પાલિતાણામાં શેઠ મોતીશાહે બંધાવેલી મોતીવાવ પછીથી પૂરી નાખવામાં આવી હતી) કેટલીકવાર ખોદકામ કરતા જૂની વાવ મળી આવે છે. (રાજસ્થાનમાં રાતા મહાવીર પાસે બારસો વર્ષથી વધુ જૂની વાવ મળી આવી છે.) ગુજરાતમાં કેટલીક જાણીતી વાવનો અભ્યાસ થયો છે. અંકોલ માતાની વાવ, ભવાની માતાની વાવ, અડાલજની વાવ, અડીકડીની વાવ, અંબાપુરની વાવ કે રાજસ્થાનમાં નાડોલની વાવ અભ્યાસ માટે સારી સામગ્રી પૂરી પાડે છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં પણ કોઇ કોઇ વાવ થઇ હતી, પરંતુ ગુજરાત અને રાજસ્થાનમાં જેટલી વાવ થઇ હતી તેની સરખામણીમાં કોઇ ન આવે.

વાવના બાંધકામમાં પહેલાં કૂવો ખોદવામાં આવતો અને એનું પાણી મીઠું નીકળે તો જ વાવ ખોદવામાં આવતી. રાણકી વાવની લંબાઇ હજારેક ફૂટની અને પહોળાઇ આશરે એંસી ફૂટની છે. સામાન્ય રીતે વાવ પૂર્વાભિમુખ નહિ પણ ઉત્તરાભિમુખ બાંધવામાં આવતી કે જેથી વાવમાં છાંયો અને શીતળતા રહે. રાણકી વાવ પૂર્વાભિમુખ બાંધવામાં આવી છે એ પણ વાસ્તુવિદ્યાના નિષ્ણાંતોની સલાહ અનુસાર થયું હશે એમ માની શકાય.

રાણકી વાવ એટલે વાવના શિલ્પ સ્થાપત્યમાં ઉત્કૃષ્ટતાએ પહોંચેલી કલા. રાણકી વાવની લંબાઇ ઉપરના તોરણયુક્ત પ્રવેશદ્વારથી કૂવાના થાળા સુધી આશરે ૨૧૩ ફુટ જેટલી છે. વાવનો કૂવો ઉપરથી સાત માળ જેટલો ઊંડો છે. આથી પ્રવેશદ્વારથી પાણી સુધી પહોંચતાં ક્રમે ક્રમે માળ વધતા જાય છે અને પાણી પાસે તે સાત માળની રચના બને છે. આટલી રચનામાં અંદાજે ૨૯૨ જેટલા સ્તંભ ઊભા કરવામાં આવ્યા હતા. એમાંથી સાતમો માળ તો હવે નષ્ટ થઇ ગયો છે અને બીજા કેટલાક માળ આંશિક રીતે નષ્ટ થઇ ગયા છે. તો પણ જે બધા સ્તંભો છે તેની કોતરણી કલાત્મક છે. સરસ્વતી નદીમાં આવેલા પૂર દરમિયાન વાવમાં પાણી અને માટી ધસી જતાં કેટલાક સ્તંભ ઢળી પડ્યા હતા. ઓગણીસમા સૈકાના આરંભમાં આ જગ્યાના માલિક બહાદુરસિંહ બારોટ અહીંથી કેટલાક સ્તંભ લઇ ગયા હતા. એમણે પાટણમાં બંધાવેલી વાવ 'બારોટની વાવ' તરીકે ઓળખાય છે. એમાં બાંધકામમાં રાણકી વાવના ઘણા સ્તંભોનો ઉપયોગ થયો છે.

સામાન્ય બીજી વાવ કરતાં રાણકી વાવનાં પગથિયાંની રચના વિશિષ્ટ છે. સામાન્ય રીતે ઉપરના છેડેથી પગથિયાંઓની રચના સીધી કૂવાના પાણી સુધી પહોંચતી હોય છે. પાંચ-દસ પગથિયાં પછી સપાટ જગ્યા આવે ત્યાં મંડપ બાંધવામાં આવે છે, વધુ માળ હોય તો મંડપ ઉપર મંડપ બાંધવામાં આવે છે. વટેમાર્ગુઓ આવા મંડપનો ઉપયોગ આરામ માટે કરતા હતા. રાણકી વાવમાં બધાં જ પગથિયાંની રચના એક દીવાલથી સામી બીજી દીવાલ સુધી સળંગ કરવામાં આવી નથી. વચમાં અને બંને છેડે કરેલાં કેટલાંક નાનાં નાનાં પગથિયાં અંતરાયરૂપ બનતાં નથી. વળી પગથિયાં એવી રીતે કરવામાં આવ્યાં છે કે ઉપરથી જોઇએ તો તે બધાં દેખાય નહિ. એથી વાવના દશ્યમાં પગથિયાં એવી રીતે ઊતરવાં પડે છે કે જેથી મુખ કૂવા તરફ સતત ન રહેતાં વખતોવખત દીવાલ તરફ પણ નજર કરવાની અનુકૂળતા રહે છે. એથી વાવમાં ઊતરતાં ઊતરતાં દીવાલ પરનાં શિલ્પો ઉપર સ્વાભાવિક નજર જાય છે.

રાણકી વાવના શિલ્પવિધાનમાં શૈવ મત અને વૈષ્ણવ મત એ બંનેનો સમન્વય થયો છે. એ બંને પ્રકારનાં શિલ્પો એક બીજાનાં પૂરક જેવાં બની રહે છે. રાણી ઉદયમતીને પાર્વતી તરીકે, પ્રતીક રૂપે આ શિલ્પમાં સ્થાન આપવામાં આવ્યું છે.

વાવના કૂવાના વર્તુળાકારમાં જુદા જુદા માળની કક્ષાએ કરવામાં આવેલી શિલ્પાકૃતિઓમાં સૌથી મહત્ત્વની તે શેષશય્યા પર સૂતેલાં ભગવાન વિષ્ણુની છે. ભગવાન વિષ્ણુની આવી શિલ્પાકૃતિઓ કૂવાની વર્તુળાકાર દીવાલમાં એક ઉપર એક એમ ત્રણ છે. ચોમાસામાં કૂવામાં પાણીની ઊંચાઇ વધે ત્યારે નીચેની એક અથવા બે હાર પાણીમાં ડૂબી જતી. વસ્તુતઃ પાણી લેવા વાવમાં નીચે ઊતરનારને ઊભા ઊભા ત્યાં જ સામે ભગવાન વિષ્ણુનાં દર્શન થાય. એને ઊંચે જોવું ન પડે. એવી રીતે શેષશાયી વિષ્ણુ ભગવાનની એક ઉપર એક એમ ત્રણ શિલ્પાકૃતિઓ કરવામાં આવી છે. આખી વાવનું સૌથી મહત્વનું પ્રયોજનભૂત ઔચિત્યપૂર્ણ શિલ્પ તે આ છે.

વાવના ગોખલાઓમાં અને અન્યત્ર મૂકવામાં આવેલી નાની મોટી અઢીસોથી વધુ શિલ્પાકૃતિઓ છે. ગોખલાઓમાં મૂકવામાં આવેલી મૂર્તિઓમાં ભગવાન વિષ્ણુ અને એમના અવતારો-રામાવતાર, વરાહાવતાર, વામનાવતાર, કલ્કિઅવતાર વગેરેની મૂર્તિઓ વિશેષ ધ્યાન ખેંચે એ સ્વાભાવિક છે કલ્કિ તરીકે ભગવાન બુદ્ધની એક આખી ઊભી મૂર્તિ તથા એક ઘોડા ઉપર બેઠેલી પણ અહીં જોવા મળે છે. પાર્વતીની પંદરેક જુદી જુદી મૂર્તિ જોવા મળે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ ઉપરાંત નાગકન્યાઓ, યોગિનીઓ, અપ્સરાઓ વગેરે પણ અહીં જોઇ શકાય છે. બ્રાહ્મણી, માહેશ્વરી, કુમારી, વૈષ્ણવી, વારાહી, ઇન્દ્રાણી, ચામુંડા, ભૈરવી, મહિષાસુરમર્દિની, અનિરુદ્ધ, નારાયણ, શ્રીધર, હરિ, કેશવ, ત્રિવિક્રમ, ગોવિંદ, પુરુષોત્તમ, નરસિંહ, મહાલક્ષ્મી, કુબેર, દામોદર, પદ્મનાભ, ભૈરવ, સૂર્ય, અગ્નિ, ઇશાન, હનુમાન વગેરેની મૂર્તિઓ અહીં જોવા મળે છે. એની વચ્ચેનો લાક્ષણિક ભેદ કોઇ ન સમજાવે ત્યાં સુધી ખબર ન પડે કે અમુક બે મૂર્તિમાં શો ફરક છે.

કેટલીક શિલ્પાકૃતિઓમાં પુરુષોનાં અને સ્ત્રીઓનાં ઊંચે કરેલાં મસ્તક, તથા સહેજ લાંબા અને અણિયાળાં નાક, નાની હડપચી, શરીરની ત્રિભંગી વગેરે આ વાવની લાક્ષણિકતા છે. કેટલીક શિલ્પાકૃતિઓમાં વસ્ત્રાલંકારની બહુ ઝીણવટભરી કોતરણી છે તો કેટલીક શિલ્પાકૃતિઓની, ખાસ કરીને મુખ્ય નાયક કે નાયિકાની આસપાસની નાની શિલ્પાકૃતિઓની કોતરણીમાં એવી ઝીણવટ દાખવવામાં આવી નથી.

શિલ્પાકૃતિઓમાં સારી હાલતમાં જળવાઇ રહેલું એક સુરેખ અને રમણીય શિલ્પ તે ભગવાન વિષ્ણુના અંતિમ ભાવિ કલ્કી અવતારનું છે. કલ્કી ઘોડા ઉપર સવારી કરે છે. એમને ભવિષ્યમાં હજુ ઘણી ગતિ કરવાની છે એટલે એમની આ કાળસફરમાં થાક ન લાગે એટલે એમને જલપાત્રમાં જલદેવતા જલ આપે છે. એની બંને બાજુની પેનલમાં ભારે મોટા અંબોડાવાળી, કાનમાં, ગળામાં, હાથમાં તથા કમરે ભારે ઘરેણાં પહેરેલી અપ્સરાઓ વિવિધ મુદ્રામાં બતાવી છે.

વાવની શિલ્પાકૃતિઓમાં એક સર્વશ્રેષ્ઠ શિલ્પાકૃતિ તે ભગવાન વિષ્ણુના વામનવતારની છે. એક જાડા ઠીંગણા બ્રહ્મચારી લંગોટધારી છોકરા તરીકેની વામનની મૂર્તિનાં સૌષ્ઠવ અને પ્રસન્નતા મનમાં વસી જાય એવાં છે. એનું જાડાપણું કઠે એવું નથી, કારણ કે તે સપ્રમાણ છે અને ત્રિભંગીને કારણે લાવણ્યયુક્ત છે. એના એક હાથમાં માળા છે અને એક હાથમાં છત્ર છે. એની છાતીમાં કોતરેલા 'શ્રીવત્સ'ના ચિહ્ન પરથી ખબર પડે છે કે તે વિષ્ણુ છે અને આકૃતિ ઉપરથી જોઇ શકાય છે કે તે વામન અવતારની છે. એવી જ બીજી નોંધપાત્ર શિલ્પાકૃતિ તે એક પગ ઉપર ઊભા રહીને તપસ્યા કરતી પાર્વતીની છે.

એ યુગના શિલ્પવિધાનની એક ખાસિયત એ છે કે કેટલીક નગ્ન તથા કામભોગની મૂર્તિઓ કોતરવામાં આવતી. ક્યાંક તો પશુઓ સાથેના કામભોગની મૂર્તિઓ પણ જોવા મળે છે. રાણકી વાવમાં પણ એવી કેટલીક નગ્ન મૂર્તિ જોવા મળે છે, પરંતુ કામભોગની મૂર્તિ જોવા મળતી નથી. રાજા ભીમદેવે બંધાવેલા મોઢેરાના સૂર્ય મંદિરમાં કેટલાંક ભોગશિલ્પ જોવા મળે છે તેના પ્રમાણમાં એમની રાણીએ બંધાવેલી આ વાવમાં વિશેષ સંયમ જોઇ શકાય છે.

પોતાનું કટિવસ્ત્ર ખેંચવાનું અડપલું કરનાર વાનરને ધમકાવતી યુવતીનું, કટિવસ્ત્ર પર ચડી ગયેલા વીંછીને ખંખેરવા માટે વસ્ત્ર ઉતારતી લલનાનું કે રાતને વખતે (ત્રણ ઘુવડની આકૃતિ દ્વારા સૂચિત) પોતાના હાથમાં રાખેલા વાસણના પાણીમાં રહેલી માછલીને ખાવા આવનાર નાગને તર્જની વડે ડરાવતી નાગકન્યા (અથવા જલકન્યા) વગેરે કેટલીક શિલ્પાકૃતિઓમાં શૃંગારરસની અભિવ્યક્તિ નિહાળી શકાય છે. શિલ્પ સ્થાપત્યની આ લાક્ષણિકતા તે એ કાળની લાક્ષણિકતા હતી.

રાણકી વાવમાં અભ્યાસ અને સંશોધનની દૃષ્ટિએ ઘણી બધી સામગ્રી છે. શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ ગુજરાતનું એ ગૌરવ છે. સોલંકી યુગના સુવર્ણકાળનો એ પ્રત્યક્ષ પુરાવો છે. માનવ જીવનની વિકાસ-સમૃદ્ધિની સાક્ષી પૂરતા આ સ્થાપત્યમાંથી અનેકને પ્રેરણા મળતી રહેશે!

☐ રમણલાલ ચી. શાહ

# શેક્સપિયરનું ટ્રેજિડી પ્રકારનું નાટક : 'મેક્બેથ'
# નૈતિક આત્મહત્યાનાં અકલ્પિત પરિણામો

□ ચી. ના. પટેલ

સ્કોટલેંડના રાજા અને રાણી થવાની મહત્ત્વાકાંક્ષા પ્રેરાઇને મેકબેથ અને લેડી મેકબેથે તેમના સ્વભાવમાં જે કંઇ સદંશો હતા તેમને રૂંધી નાખીને ડંકનની હત્યા કરી તો ખરી, પણ એવી હત્યા કરી ત્યારે તેમની કલ્પનામાંય નહિ હોય એવા નૈતિક આત્મહત્યા કરવાનાં પરિણામ આવ્યા. ડંકનની હત્યા કરવાનો પોતાની ઉપર કોઇને વહેમ ન આપે એવા ઉદ્દેશથી મેકબેથે વાત વહેતી મૂકી હતી કે એ હત્યા ડંકનના બે પુત્રોએ જ, ડંકનના અંગરક્ષકોને ફોડીને તેમની પાસે કરાવી હતી. મેકડફ અને રોસ નામના બે ઉમરાવો એ વાત સાચી હોવાનું માનતા નથી, પણ મેકબેથ હવે રાજા થશે એમ વિચારીને એ ઉમરાવો ડંકનની હત્યા મેકબેથે કરી હોવાનો પોતાનો વહેમ જાહેર કરતા નથી.

બેંકવોને તો મેકબેથે જ ડંકનની હત્યા કરી છે એવી પાકી ખાતરી છે. મેકબેથનો રાજ્યાભિષેક થયા પછી તે અને લેડી મેકબેથ ડંકનના રાજમહેલમાં રહેવા જાય છે ત્યાં બેંકવો તેમને મળવા જાય છે અને રાજમહેલના એક ખંડમાં મેકબેથ અને લેડી મેકબેથની રાહ જોતો એકલો સ્વગત બોલે છે : 'તને બધું મળ્યું તું રાજા થયો, કોડોરનો ઉમરાવ થયો, પેલી ગેબી બહેનોએ આગાહી કરી હતી તેમજ, અને હું માનું છું કે એ માટે તું બહુ દુષ્ટ રમત રમ્યો છે. (Thou playd'st most foully for it). પણ તને મળ્યું છે તે તારા વંશમાં નહિ રહે અને હું જ રાજાઓનું મૂળ અને તેમનો જનક થવાનો એવી ગાહી કરવામા આવી હતી. જો તારી બાબતમાં એ ગેબી બહેનોની આગાહી સાચી પડી છે તો મારી બાબતમાં પણ તેમની આગાહી સાચી પડવાની આશા હું કેમ ન રાખી શકું' બેંકવોની આ સ્વગતોક્તિમાં આપણે જો છીએ કે તેનું પણ અમુક અંશે નૈતિક પતન થયું છે.

મેકબેથ પણ સમજે છે કે પોતે ડંકનની હત્યા કરી છે એવો બેંકવોને વહેમ હોવો જોઇએ અને તેથી બેંકવો પોતાનો વહેમ જાહેરમાં જણાવે તે પહેલાં જ તેની હત્યા કરવાનો તે નિર્ણય કરે છે. તેણે પોતાના રાજ્યાભિષેકનો આનંદ મનાવવા એક દિવસ સાંજે ૭ વાગ્યે ભોજન સમારંભ યોજ્યો છે. બેંકવોની સ્વગોકતિ પૂરી થતાં જ મેકબેથ અને લેડી મેકબેથ અને કેટલાક ઉમરાવો બેંકવો રાજમહેલના જે ખંડમાં છે ત્યાં આવે છે અને તેને જોઇને મેકબેથ લેડી મેકબેથને કહે છે, 'આ રહ્યા, આપણા મુખ્ય મહેમાન' અને પછી તે સિફતથી બેંકવો પાસેથી ભોજન સમારંભ શરૂ થાય તે પહેલાં તે ઘોડા ઉપર બેસીને કંઇ બાજુ અને ક્યાં સુધી ફરવા જવાનો છે, એ જાણી લઇને તેને કહે છે, 'અમારી મિજબાનીમાં ચોક્કસ આવજો.' બેંકવો એમ કરવાનું વચન આપીને જાય છે. તે પછી મેકબેથ એક પરિચારકને મોકલીને બે ભાડૂતી મારાયાને બોલાવીને તેમને ચતુરાઇથી સમજાવે છે કે તેમને જે અન્યાય કરવામાં આવ્યો હતો તે પોતે નહિ પણ બેંકવોએ કર્યો હતો. એ અન્યાયનું વેર લેવા તેમને બેંકવોની હત્યા કરવાનું સમજાવે છે.

સાંજનો ભોજન સમારંભ શરૂ થાય તે પહેલાં હવે રાણી બનેલી લેડી મેકબેથ રાજમહેલના એક ખંડમાં આવી પોતે મેકબેથ સાથે કંઇક વાત કરવા ઇચ્છે છે એ મતલબનો સંદોશો એક પરિચારક સાથે મોકલે છે અને મેકબેથ આવે તે પહેલાં સ્વગત બોલે છે: ૧આપણી ઇચ્છા પૂરી થાય પણ તેથી સંતોષ ન થાય તો તો મળ્યું કંઇ જ નહિ અને ખોયું બધું. જે સ્થિતિનો નાશ કરવાથી સુખ મળશે જ એમ નિશ્ચિત ન હોય તો બહેતર છે કે એ સ્થિતિમાં જ ચાલુ રહેવું.' એટલે કે લેડી મેકબેથને લાગે છે કે પોતે રાણી બનવા કરતાં લેડી મેકબેથ જ રહી હોત તો વધારે સારું થાત.

મેકબેથ પણ રાજા થઇને સુખી નથી થયો. લેડી મેકબેથનો સંદેશો મળતાં તે લેડી મેકબેથ રાજમહેલના જે ખંડમાં છે ત્યાં આવે છે ત્યારે તેના મોં ઉપરના ભાવ જોઇને લેડી મેકબેથ તેને પૂછે છે: 'નામદાર, તમે કેમ આમ એકલા એકલા રહો છો અને મનને ઉદાસ કરી મૂકે એવા કલ્પનાના તરંગોમાં ડૂબેલા રહો છો. જેના વિશ તમે વિચાર કર્યા કરો છો તેના મૃત્યુ સાથે જ એવા વિચારોનો અંત આવવો જોઇતો હતો. જેનો ઉપાય નથી તેનો વિચાર કરવાનો ન હોય. જે થઇ ગયું તે થઇ ગયું. (what's done is done).

લેડી મેકબેથને ઉત્તર આપતાં મેકબેથ પોતાના મનની સ્થિતિ સમજાવે છે અને કહે છે: ' આપણે સાપણ ઉપર ઘા કર્યો છે, પણ તે મરી નથી ગઇ. તે પાછી હતી એવી થઇ જશે અને ફરી ડંખ મારશેએવો ભય આપણી ઉપર તોળાતો રહેશે, પણ આપણે બીતાં બીતાં ભોજન કરીએ કે રાત્રિએ રાત્રિએ આપણને જે ભયંકર સ્વપ્નો ક્ષુબ્ધ કરી મૂકે છે તેમનો નિદ્રાવશ થતાં ભય સેવીએ તે પહેલાં ભલે આ જગત છિન્નભિન્ન થઇ જતું અને ભલે સ્વર્ગનો અને પૃથ્વીનો નાશ થાય. મનની મહાયાત્રા સદાય શય્યા ઉપર ઉન્મત્તાવસ્થાના જવર જેવી સ્થિતિમાં વલખાં મારવાં તે કરતાં બહેતર છે કે આપણા મનની શાન્તિ મેળવવા આપણે જેમને ચિર શાન્તિમાં મોકલી દીધા છે તે મૃત્યુ પામેલા જ્યાં ગયા છે ત્યાં જ જવું. ડંકન તેની કબરમાં છે, અને જીવનના ચઢતા ઊતરતા જવર પછી નિશ્ચિંત નિદ્રામાં પડ્યો છે. રાજદ્રોહે તેની ઉપર થઇ શકે એટલી દુષ્ટતા આચરી છે, હવે તલવાર, કે ઝેર, કે આંતરિક દ્વેષ, કે પરદેશી સૈન્ય, કંઇ તેને સ્પર્શ કરી શકે એમ નથી.' એટલે કે એક બાજુથી મેકબેથને ડંકનની સ્થિતિની ઇર્ષા થાય છે અને બીજી બાજુથી તેના ઈંગ્લેડ જતાં રહેલાં યુગ મેલ્કમ અને આયલેંડ જતા રહેલા પુત્ર ડોનાલ્ડબેનનો ભય રહે છે.

લેડી મેકબેથ મેકબેથને એવા વિચારો બંધ કરવાનું કહે છે તેને ઉત્તર આપતાં વળી મેકબેથ કહે છે: 'મારા મનમાં તો વિંછીઓ ડંખ મારે છે. તું જાણે છે ને કે બૅંકવો અને તેનો પુત્રી ફલીપન્સ જીવતા છે.' એ બે અમરપત્રે નથી લખાવી લાવ્યા,' લેડી મેકબેથ ઉત્તર આપે છે. એટલે કે લેડી મેકબેથ આડકતરી રીતે સૂચવે છે કે એ પિતાપુત્રની હત્યા થઇ શકે છે.

મેકબેથે આપેલી સૂચના અનુસાર બે ભાડૂતી મારાઓએ ઘોડા ઉપર સવાર થઇને જતા બેંકવો અને ફલીપન્સને આંતરી લીધા અને બેમાંથી એક બેંકવો ઉપર પ્રહાર કરીને તેને તો મારી નાખ્યો, પણ મરતાં મરતાં તેણે ફલીપન્સને ચેતવી દીધો એટલે તે જીવતો નાસી છૂટ્યો.

સાંજના ૭ના નિશ્ચિત સમયે રાજમહેલના એક મોટા ખંડમાં ભોજન સમારંભ શરૂ થયો અને મેકબેથ મહેમાનોને આવકાર આપતો હતો. ત્યાં રાજમહેલના દરવાજે બેંકવોની હત્યા કરીને આવેલો મારો ઊભો રહ્યો. મેકબેથે ત્યાં જઇને મારાને પૂછપરછ કરતાં જાણ્યું કે બેંકવોની તો હત્યા થઇ ગઇ છે, પણ ફલીપન્સ નાસી છૂટ્યો છે ત્યારે તે બેંકવોની હત્યા કરવા માટે મારાનો ઉપકર માનીને તેને કહે છેં: 'મોટો સાપ તો મરી ગયો છે. નાસી ગયો છે તે નાનો સાપ સય જતાં ઝેરી બનશે પણ અત્યારે તો તેની પાસ ડંખ મારવાના દાંત નથી.'

મારાના ગયા પછી મેકબેથ મહેમાનો બેઠા છે ત્યાં પાછો આવે છે ત્યારે લેડી મેકબેથ તેને મહેમાનો પ્રત્યે ધ્યાન ન આપવા માટે હળવો ઠપકો આપે છે. અને મહેમાનોને જમવાનો પ્રેમભર્યો આગ્રહ કરવાનું સૂચવે છે. મેકબેથ મહેમાનો પોતપોતાની ભૂખ અનુસાર જે જમે તે સરળતાથી પચી જાય એવી શુભેચ્છા વ્યક્ત કરી તેમને ભોજન શરૂ કરવાની વિનંતી કરે છે અને તે જ ક્ષણે બેંકવોએ ભોજન સમારંભમાં હાજર રહેવાનું વચન આપ્યું હતું તે પાળવા તેનું પ્રેત આવીને મેકબેથ

માટે ખાલી રાખવામાં આવેલી ખુરશીમાં બેસી જાય છે. અને તે સાથે આ નાટકનું સૌથી વધુ નાટ્યાત્મક દ્રશ્ય શરૂ થાય છે.

મેકબેથ પ્રેતને જોયા વિના મહેમાનોને કહે છે 'જો ઉમદા બેંકવો અહીં હાજર હોત તો આ ભોજનખંડમાં આપણા બધા માનવંતા ઉમરાવો ભેગા થયા હોત.' તે સાથે જ તેની દ્રષ્ટિ પોતાના માટે ખાલી રાખવામાં આવેલી ખુરશીમાં બેઠેલા પ્રેત ઉપર પડે છે અને તે એકદમ ચમકીને પૂછે છે, 'આ કોણે કર્યું ?' ' 'શું નામદાર,' એક ઉમરાવ તેને પૂછે છે, પણ મેકબેથ તે સાંભળ્યા વિના પ્રેતને ઉદ્દેશીને તકહે છે : 'તું કહી શકે એમ નથી કે એ મેં કર્યું છે.' (એટલે કે મેકબેથ માને છે કે મારા પાસે કરાવેલી હત્યા પોતે કરેલી ન ગણાય.) તારાં લોહીવાળા વાળનાં ઝુમખાં મારી પાસે ઉછાળ નહિ.' મહેમાનોએ તો પ્રેતને જોયું જ નથી એટલે મેકબેથ પ્રેતને ઉદ્દેશીને જે કહે છે તે તેમને સમજાતું નથી અને તેથી એક મહેમાન કહે છેઃ 'સજ્જનો ઊભા થઇ જાવ, નામદારને ઠીક નથી.' લેડી મેકબેથ મહેમાનોને એમ ન કરવાનું સમજાવે છે અને કહે છેઃ 'માનવંતા મિત્રો મારા નામદાર પતિને ઘણીવાર આમ થાય છે. તે યુવાન હતા ત્યારથી તેમને આમ થતું આવ્યું છે. થોડી જ વારમાં તેમને સારું થઇ જશે. તેમની પ્રત્યે ધ્યાન આપ્યા વિના જમવાનું ચાલુ રાખો.'

મહેમાનોને આમ સમજાવીને લેડી મેકબેથ મહેમાનો સાંભળે નહિ તેમ મેકબેથના કાનનમાં કહે છે, 'તમે મરદ છો કે નહિ ?' 'હા, મરદ છું, અને તેય બહાહાદુર,' મેકબેથ ઉત્તર આપે છે. 'મેં હિંમત રાખીને જે જોયું છે તે તો શયતાનને પણ ભયભીત કરી મૂક એવું છે.' 'કેવો અર્થહીન બકવાદ કરો છો,' મેકબેથને ભાનમાં લાવવા લેડી મેકબેથ કટાક્ષ કરે છે. 'આ તો ડંકનના શયનખંડમાં જવા તમને લલચાવતા પેલા ખંજર જેવું જ તમારા ભયનું સર્જન છે. તમે આમ ચમકો છો અને આવેશમાં આવી ગયા છો તે તો શિયાળાની રાતે તાપણી પાસે બેસીને દાદીમાની વાતો સાંભળીને બાળકો ચમકે એના જેવું છે. જરા શરમાઓ અને વિચાર કરો. તમે જુઓ છો તે તો માત્ર બેસવાની ખુરશી જ છે.' 'મહેરબાની તરીને ત્યાં જો તો ખરી,' મેકબેથ ઉત્તર આપે છે. અને પછી પ્રેતને ઉદ્દેશીને કહે છેઃ 'તું માથું ધુણાવે છે તો મારી સાથે બોલને. જો કબરો દાટી દીધેલાં શબોને આમ બહાર મોકલે તો તો સમડીઓના પેટને જ કબરો બનાવવી પડશે.' મેકબેથના આ વચનો સાથે પ્રેત અદ્રશ્ય થઇ જાય છે.'

મહેમાનોની જેમ લેડી મેકબેથે પણ પ્રેતને જોયું નથી એટલે તે મેકબેથને મહેણાં મારવાનું ચાલુ રાખે છે, 'શું કામ મૂરખની જેમ નામરદ બની ગયા છો.' હું અહીં ઊભો છું તે સાચું હોય તો મેં તેને (એટલે કે બેંકવોને) જોયા જ છે.' મેકબેથ કહે છે. ' છિઃ શરમાઓ જરા,' લેડી મેકબેથ કહે છેઃ પણ મેકબેથ તેને સાંભળ્યા વિના જ બોલવાનું ચાલુ રાખે છે. 'લોહી તો પ્રાચીનકાળથી રેડાતું આવ્યું છે, પણ હવે મારી નાખેલો માણસ માથામાં વીસ મરણતોલ ઘા સાથે કબરમાંથી પાછો આવે છે. આ તો એવી હત્યા કરતાંય વધારે વિચિત્ર છે.' લેડી મેકબેથ હવે મહેમાનો સાંભળે તેમ મેકબેથને કહે છેઃ 'નામદાર, આપના માનવંતા મિત્રોને આપનો સાથ આપો.' પ્રેત અદ્રશ્ય થઇ ગયું હોવાથી મેકબેથ સ્વસ્થ થયો છે અને મહેમાનોને આવકાર આપતાં કહે છેઃ 'લાવો, મને મધ આપો, પ્યાલી પૂરેપૂરી ભરો, ભોજન માટે બેઠેલા અને જેની ગેરહાજરી આપણને સાલે છે તે બેંકવો, સર્વેને આનંદ ઇચ્છતો હું આ પીઉં છું.' મેકબેથના આ શબ્દો સાથે જ બેંકવોનું પ્રેત વળી પાછું મેકબેથ માટે ખાલી રાખવામાં આવેલી ખુરશીમાં બેસે છે. તેને જોઇને મેકબેથ કહે છેઃ 'જા, જતું રહે, મારી આંખ આગળથી. તારાં હાડકાં અસ્થિમજ્જા વિનાનાં છે, તારું લોહી ઠંડું છે, તું મારી સામે ડોળા કાઢીને જે આંખોથી જુએ છે તે આંખોમાં કંઇ જોવાની કે સમજવાની શક્તિ નથી. કોઇપણ માણસ જે હિંમત બતાવી શકે તે હું બતાવી શકું એમ છું. તું રશિયાના રીંછનું રૂપ લઇને આવ, કે શિંગડાંવાળા ગેંડાનું રૂપ લઇને આવ, અથવા ભયંકર વાઘનું રૂપ લઇને આવ, મારા જ્ઞાનતંતુઓ જરાય નહિ ધ્રુજે, અથવા જીવતો થા અને કોઇ નિર્જન પ્રદેશમાં તું મને તારી સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનો પડકાર કર, ત્યારે જો હું ધ્રૂજી ઊઠું તો કહેજે કે હું કોઇ છોકરીની ઢીંગલી જેવો છું. મહાભયંકર છાયા, જતી રહે અહીંથી.' મેકબેથના આ શબ્દો સાથે પ્રેત અદ્રશ્ય થઇ જાય છે અને મેકબેથ કહે છેઃ 'હાશ, એ જતાં વળી મારામાં હિંમત આવી છે . કૃપા કરીને આપ છો ત્યાં બેસી રહો.

મેકબેથના અસંબંધ જેવા લાગતા પ્રપથી કંઇ રોષે ભરાયેલી લેડી મેકબેથ તેને કહે છેઃ 'તમે આ મિલન સમારંભને ક્ષુબ્ધ કરી મૂકે એવો અતિ વિચિત્ર અર્થહીન પ્રલાવ કરીને હાસ્યવિનોદ અશક્ય બનાવી મૂક્યો છે.' મેકબેથ જાણતો નથી કે પોતાના સિવાય કોઇએ બેંકવોનું પ્રેત જોયું નથી. તેથી તે લેડી મેકબેથને અને મહેમાનોને પૂછે છેઃ 'ઉનાળામાં વાદળ આવીને અદ્રશ્ય થઇ જાય એના જેવું આજે બન્યું તેનાથી આપણને ભારે આશ્ચર્ય થયા વિના કેમ જ રહે ? જે દ્રશ્યો જોઇને મારા ગાલમાંથી લોહી ઊઠી ગયું હતું. જે જોઇને તમારા ગાલ લાલ રહી શકે એનો હવે હું વિચાર કરું છું ત્યારે મને થાય છે કે જાણે હું મારી જાતને ઓળખતો જ નથી.' 'કયા દ્રશ્યો, નામદાર,' એક મહેમાન પૂછે છે. લેડી મેકબેથ હવે સમજી જાય છે કે વાત હાથમાંથી ગઇ છે અને તે મહેમાનોને કહે છેઃ 'કૃપા કરીને તેમને કંઇ પૂછો નહિ. તેમની સ્થિતિ વધારે ને વધારે ખરાબ થતી જાય છે. પ્રશ્નોથી તેઓ આવેશમાં આવી જાય છે. શુભ રાત્રિ, કયા ક્રમ અનુસાર જવું તેનો વિચાર કર્યા વિના તત્કાળ જવા માંડો. (Stand not upon the order your going. But go at once).

મહેમાનોના ગયા પછી મેકબેથ લેડી મેકબેથને કહે છેઃ 'લોકો કહે છે, કે લોહીનો બદલો લોહીથી લેવાય છે. કાલે હું પેલી ગેબી બહેનો પાસે જઇશ, તેમણે વધારે કહેવું જ પડશે. મારું જે ખરાબમાં ખરાબ થવાનું હોય તે નરસામાં નરસા સાધન દ્વારા મેં જાણી લેવાનો નિશ્ચય કર્યો છે. હું મારા પોતાના હિત સિવાય બીજા કશાનો વિચાર નથી કરવાનો, હું લોહીની નદીમાં એટલે સુધી પહોંચ્યો છું કે આગળ વધીને સામે પાર પહોંચું કે પાછો ફરી જાઉં, બેય સરખું કષ્ટદાયક છે.' મેકબેથના મનની અશાંતિ સમજી લેડી મેકબેથ તેને કહે છે, 'તમને સર્વ રોગોના ઔષધ જેવી નિદ્રા નથી મળતી.' (આપણે જોઇ શકએ છીએ કે મેકબેથને આમ કહેવામાં લેડી મેકબેથ પોતાની જ સ્થિતિનો નિર્દેશ કરે છે.) 'હા, મેકબેથ કહે છે, 'ચાલ સૂઇ જઇએ. હું આમ વિચિત્ર રીતે મારી જાતને છેતરી રહ્યો છું, તેનું કારણ આવું કામ પહેલી વાર કરતાં ભય લાગે છે તે જ છે. આપણે હજુ દુષ્ટતાની શરૂઆત જ કરી છે. (We are but young in deed.)

બીજા દિવસે મેકબેથ ગેબી બહેનો વધારે પાસે જાણવા જાય છે ત્યારે ત ગેબી બહેનો તેને પોતાની મેલી વિદ્યાથી ઉત્પન્ન કરેલાં ચાર દ્રશ્યો બતાવે છે. સૌપ્રથમ ગાજવીજ સાથે શસ્ત્રસજ્જ માથાની છાયા જેવી એક આકૃતિ (apparition) પ્રગટ થઇને મેકબેથને ત્રણ વાર સંબોધન કરીને મેકડફથી ચેતતા રહેવાનું કહે છે. એવી જ રીતે ગાજવીજ સાથે લોહીથી ખરડાયેલા બાલકની છાયા જેવી આકૃતિ પ્રગટ થઇને મેકબેથને ત્રણ વાર સંબોધન કરીને કહે છે,, 'બહાદુર થઇને હિંમતપૂર્વક લોહી રેડજે, માણસના બળને હસી કાઢજે, કારણ કે સ્ત્રીએ જન્મ આપ્યો હોય એવો કોઇ પણ મેકબેથને નુકશાન નહિ કરી શકે.' તે પછી વળી ગાજવીજ સાથે માથે તાજ અને હાથમાં વૃક્ષ સાથે બાળકની છાયા જેવી કૃતિ પ્રગટ થઇને મેકબેથને કહે છેઃ 'મોટું બનમ વન ડન્સિનેઇનની મોટી ટેકરીની દિશામાં આવે નહિ ત્યાં સુધી મેકબેથને કોઇ હરાવી નહિ શકે.'

અંતે એક પછી એક એમ છાયા જેવી ૮ રાજાઓની હાર પ્રગટ થાય છે તેમાં ૮મા રાજાની આકૃતિમાં કાચનો ગોળો હોય છે અને એ ૮ રાજાઓની હારને અનુસરતું બેંકવોનું પ્રેત ચાલતું હોય છે. આઠમા રાજાની આકૃતિમાં કાચનો ગોળો છે તેમાં વળી મેકબેથ બીજા ઘણાં બધાં રાજાઓની આકૃતિઓ જુએ છે અને બેંકવોનું પ્રેત મેકબેથની સામે જઇને હસતું હસતું એ સર્વ રાજાઓ પ્રત્યે આંગળી ચીંધીને તેમને પોતાની

વંશજો હોવાનુ જણાવે છે. (એટલે કે ભવિષ્યમાં બેંકવોના વંશજો જ રાજા થશે.) મેકબેથને કાચના ગોળામાં દેખાયેલું દ્રશ્ય જોઇને એવો ઘાત લાગે છે કે પેલી ત્રણ ગેબી બહેનો સંગીત સાથે નૃત્ય કરતી અદશ્ય થઇ ગઇ પછી તે આવેશમાં આવી જઇને બોલી ઊઠ્યો 'આ દુષ્ટ ઘડી કાળના અંત સુધી શાપિત બની રહો.'

પહેલી છાયા જેવી આકૃતિએ મેકબેથને મેકડેફથી ચેતતા રહેવાનું કહ્યું હતું તે યાદ રાખીને મેકબેથે ભાડુતી મારાઓને મોકલી તેની પત્ની, તેનાં બાળકો અનેતેના નોકરો સર્વની હત્યા કરાવી. મેકડફ બચી ગયો. કારણ કે આ પહેલાં તે ડંકનનો જ્યેષ્ઠ પુત્ર મેલ્કમ ઈંગ્લેંડ જતો રહ્યો હતો ત્યાં તેને મળવા ગયો હતો.

મેકબેથના આ ઘાતકી કૃત્ય સાથે આપણી કહેવત અનુસાર તેના પાપનો ઘડો ભરાઇ ગયો.

મેલ્કમ ઈંગ્લેન્ડના રાજા એડવર્ડે તેની સહાય અર્થે આપેલી તેનાને લઇને મેકડફ અને તેના પક્ષે રહેલા બીજા ઉમરાવો સાથે સ્કોટલેંડની દિશામાં કૂચ કરે છે. અને એ જાણીને મેકબેથ પણ તેમનો સામનો કરવા જાય છે.

આપણે હવે એકલી પડેલી લેડી મેકબેથને તેણે કરેલા પાપકર્મની શિક્ષા ભોગવતી જોઇએ છીએ. તેના મન ઉપર એ પાપકર્મનો એવો ભાર રહે છે કે તેને અંધકારનો ભારે ભય લાગે છે. અને તે પોતાની પાસે સતત ક સળગતી પાતળી મીણબત્તી રાખે છે. અને રાત્રે પથારીમાં ઊંઘતી હોય છે ત્યારે ક્યારેક નિદ્રાવશ અવસ્થામાં જ પથારીમાંથી બેઠી થઇને એક હાથમાં સળગતી પાતળી મીણબત્તી રાખીને ઉઘાડી આંખો સાથે ચાલવા માંડે છે. એક રાત્રે તે પથારીમાંથી ઊઠીને એવી રીતે ચાલવા માંડે છે ત્યારે તેની એક પરિચારિકા અને તેનો દાક્તર તે શું કરે છે તે જુએ છે. લેડી મેકબેથ મીણબત્તી બાજુએ મૂકીને બે હાથ એકબીજા સાથે ઘસીને સ્વગત બબડે છે: 'દુષ્ટ ડાઘ, અદ્રશ્ય થઇ જા, હું કહું છુ ને , અદ્રશ્ય થઇ જા. એક, બે, ત્રણ, તો હવે તે કરવાનો સમય થયો(એટલે કે ડંકનની હત્યા કરવાનો.) નરકમાં તો ઘોર અંધકાર છે, શરમ છે તમને નામદાર, સૈનિક છો તોય ભય પામો છો? આપણને કોઇ પૂછનાર નથી, તો આપણે જે કરવું હોય તે કરતાં શા માટે ભય પામીએ, અને છતાં કોણે ધાર્યું હતું કે એ ડોસામાં (એટલે કે વૃદ્ધ ડંકનમાં) આટલું બધું લોહી હશે ? મેકડફને પત્ની હતી, ક્યાં છે તે હવે ? અરે, ખરેખર આ હાથ સ્વચ્છ નહિ થાય ? બસ નામદાર, હવે બંધ કરો, આમ ચકળવકળ થઇને તમે બધું બગાડી મૂકો છો (એટલે કે ભોજન સમારંભના પ્રસંગે), હજુ અહીં લોહીનો ડાઘ છે, અરબસ્તાનમાં મળતાં સર્વ સુગંધી દ્રવ્યો (all the perfumers of arabia) પણ મારા આ નાનાસરખા હાથને સુવાસિત નહિ કરી શકે. 'ઓ ! ઓ ! ઓ !' આ 'ઓ ! ઓ ! ઓ !' સાંભળીને દાક્તર કહે છે, 'કેટલો ઊંડો નિશ્વાસ.'

લેડી મેકબેથ નિદ્રવશ અવસ્થામાં વળી બબડે છે: 'તમારા હાથ ધોઇ નાખો, રાતનો ડગલો પહેરી લો, આમ ફિક્કા જેવા ન દેખાવ, હું તમને ફરી કહું છું, બેંકવોને તો કબરમાં દાટી દીધો છે, ત્યાંથી તે પાછો ન આવી શકે, ચાલો સૂઇ જઇએ, દરવાજે ટકોરા સંભળાય છે. ચાલો, ચાલો, ચાલો, તમારો હાથ પકડવા દો, જે કર્યું છે તે ન કર્યું થનાર નથી. (what is done cannot be undone). ચાલો, ચાલો, પથારીમાં.'

આપણે જોઇએ છીએ કે લેડી મેકબેથના આવા અસંબંધ ઉદગારો તેની સ્મૃતિમાં સળવળતા તેના પોતાના જ જાગ્રત અવસ્થાના ઉદગારો છે . અને તે ઉદગારોમાં તેણે પોતાના જે અંતરાત્માનો વિદ્રોહ કર્યો હતો તે જ અંતરાત્મા તેને શિક્ષા કરતો જણાય છે.

હવે આપણે મેકબેથનો અંતરાત્મા તેને કેવી શિક્ષા કરે છે તે જોઇએ.

તે મેલ્કમની અંગ્રેજ સેના સામે યુદ્ધની તૈયારી કરીને લેડી મેકબેથ સાથે ડેન્સિઇનની ટેકરી પાસેના તેના ગઢમાં આવ્યો છે. પોતાના કેટલાક ઉમરાવો અને સૈનિકો મેલ્કમની સેનામાં ભળી જવા જાય છે એ જાણીને તે કહે છે; 'જવા દો, બધાને જવા દો, બનમ વન ડન્સિનેઇન પાસે આવે નહિ ત્યાં સુધી હું ભય પામવાનો નથી . કોણ છે એ છોકરો મેલ્કમ ? તેને સ્ત્રીએ જન્મ નહોતો આપ્યો ? ભવિષ્ય જાણતાં સત્ત્વોએ આગાહી કરી જ હતી ને કે સ્ત્રીએ જન્મ આપ્યો હોય એવો કોઇ મને વશ નહિ કરી શકે ?'

હવે તેનો એક પરિચારક આવીને મેકબેથને જણાવે છે કે દશ હજારની અંગ્રેજ સેના આવે છે. તે સાંભળીને મેકબેથ સ્વગત બોલે છે: 'આ લડાઇ મને કાં તો ઉત્સાહિત કરશે, કાં તો પદભ્રષ્ટ કરશે એ વિચારે મારું હૃદય નિર્વેદથી ભરાઇ ગયું છે. (I am sick at heart). હું હવે બહુ જીવ્યો. મારા જીવનની પાનખર શરૂ થઇ છે, અને વૃદ્ધાવસ્થામાં માણસને જે માન અને આદર, પ્રેમ, અને સંખ્યાબંધ મિત્રો મળવા જોઇએ તેની હું આશા નથી રાખી શકતો. મને મળે છે તે તો સંભળાય એવા મોટા સ્વરે બોલેલા નહિ પણ ઊંડા શાપ (curser not loud but deep) અને હૃદયના સાચા ભાવ વિનાના જીભે માત્ર ભયથી ઉચ્ચારેલાં માનવચનો.'

શેક્સપિયરની દષ્ટિએ આવું છે પાપકર્મ આચરવા પ્રેરતી મહત્ત્વાકાંક્ષાનું ફળ મેકબેથની સ્વગતોક્તિ પૂરી થાય છે ત્યાં તે અંત:પુરમાં રડતી સ્ત્રીઓનો અવાજ સાંભળે છે અને એ સાંભળીને તે તેના એક પરિચારકને કહે છે: 'હું ભયનો સ્વાદ ભૂલી ગયો છું. પહેલાં તો રાતે કોઇની ચીસ સાંભળીને મારી ઇન્દ્રિયો ઠંડીગાર થઇ જતી, પણ હવે હું મહાત્રાસનું ભારે ભોજન જમ્યો છું. (I have supp'd full with horrers), ભયાનકતા મારા હત્યારા (slaughterous) વચારીને પરિચિત છે અને પળવાર પણ મને ચમકાવી નહિ સકે.' આમ બોલતી વેળા મેકબેથ નહોતો જાણતો કે અંતરાત્માના ડંખ સહન ન થવાથી લેડી મેકબેથે આત્મહત્યા કરી હતી. અને તેથી અંત:પુરમાં સ્ત્રીઓ રડતી હતી. તેણે એક પરિચારકને પૂછ્યું 'સ્ત્રીઓ કેમ રડે છે. ' તેના ઉત્તરમાં પરિચારકે કહ્યું 'નામદાર રાણી મૃત્યુ પામ્યાં છે (પરિચારકે ન કહ્યું કે રાણીએ આત્મહત્યા કરી છે. ) ત્યારે મેકબેથે જે ઉત્તર આપ્યો છે તે નાટકની સૌથી વધુ કાવ્યાત્મક અને જાણીતી પંક્તિઓ છે, તે કહે છે: 'તેણે હવે પછી મરી જવું જોઇતું હતું. (she should have died hereafter), ત્યારે એવો શબ્દ સાંભળવાનો યોગ્ય સમય હશે, એક પછી એક એમ દિવસો ઇહલૌકિક કાળની અંતિમ શ્રુતિ સુધી (to the last syllable of recorded time) કીડીના વેગે પસાર થાય છે મને એમ એક પછી એક પસાર થતા આપણાં સર્વ દિવસો મૂર્ખાઓ માટે માટીમાં મેળવી દેતા મૃત્યુને પહોંચવાનો માર્ગ અજમાવ્યો છે. ક્ષણજીવી જીવનજ્યોત, બુઝાઇ જા, બુઝાઇ જા, જીવન તો માત્ર સરકતી છાયા (walking shadow) છે. રંગભૂમિ ઉપર એકાદ કલાક આમ તેમ કૂદીને અને બરાડા પાડીને કાયમ માટે ચૂપ થઇ જતા અકુશળ નટ જેવું, બકવાદ અને બડાશોથી ભરેલી કોઇ બુદ્ધિહીનને કહેલી અર્થહીન વાર્તા જેવું છે. (it is a tale/told by an idiot full of sound and fury/signifying notihing).

કેટલાક ઉમરાવો અને અંગ્રેજ સેના સાથે બનમ વનમાં આવીને મેલ્કમ સેનાના દરેક સૈનિકને વનમાં ઊગેલાં વૃક્ષોની એક એક ડાળ કાપીને તેમના હાથમાં રાખવાની સૂચના આપે છે અને એમ એ સૈનિકો પોતપોતાના હાથમાં એક એક ડાળ રાખીને ડાન્સિનેઇનની ટેકરીની દિશામાં કૂચ કરે છે. મેકબેથનો એક જાસૂસ એ જોઇને ગેરસમજથી મેકબેથને કહે છે કે પોતે ડેન્સિનેઇન ટેકરી ઉપરથી બનમ દિશામાં જોયું તો વન ચાલતું દેખાયું. એ સાંભળીને મેકબેથ કહે છે: 'મારું નિશ્ચયબળ ઢીલું પડી જાય છે અને મને શંકા જાય છે કે સત્યનો આભાસ આપતું શયતાનનું દ્વિઅર્થી વચનમ સાચું હતું કે નહિ. તેણે મને કહ્યું હતું કે બનમ વન ડન્સિનેઇનની દિશામાં આવે નહિ ત્યાં સુધી મારે ભય રાખવો નહિ , અને હવે એક વન ડન્સિનેઇનની દિશામાં આવે છે. આ માણસ કહે છે તે સાચું હોય તો હું અહીંથી નાસી છૂટું એમ નથી, અને અહીં રહી શકું એમ પણ નથી. મને હવે સૂર્ય પ્રત્યે નિર્દોષતા ભાવ થતો જાય છે અને સમગ્ર જગતવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઇ જાય તો સારું એમ થાય છે.'

એટલે કે સૂર્યના પ્રકાશથી જે જીવન ટકે છે તેની પ્રત્યે જ મેકબેથને નિર્વેદનો ભાવ થવો શરૂ થયો છે, અર્થાત્ તેની જીજિવિષા મંદ પડી ગઇ છે અને તે ઇચ્છે છે કે સમગ્ર જગત વ્યવસ્થાનો પણ અંત આવે. આમ મેકબેથ જીવનની નિઃ સારતા સમજીને તેની પ્રત્યે નિર્વેદનો ભાવ અનુભવાતો થયો છે છતાં તેની ક્ષત્રિય સ્વભાવની શ્રીમદ્ ભગવદગીતા કથિત ' અપલાયમ'ની વૃત્તિ મોળી નથી પડી. તે કહે છે, 'ચેતવણીનો ઘટ વગાડો, ભલે વિનાશ વેરતો પવન વાય, બીજું કંઇ નહિ કરી સકીએ તોપણ (અમે પીઠ ઉપર ઘોડાના જેવા જોતર charness) સાથે જ મરીશું.'

મેકબેથ પોતાની સેના સાથે મેલ્કમની અંગ્રેજ સેના સાથે યુદ્ધ કરવા ગઢની બહાર નીકળી ડન્સિનેઇન ટેકરી પાસેના એક મેદાનમાં આવીને સ્વગત બોલે છેઃ 'મારી સ્થિતિ થાંભલા સાથે બાંધેલા કોઇ માણસ જેવી છે અને હું નાસી નથી જઇ શકતો, થાંભલે બાંધેલા રીંછને જેમ તેને ફાડી ખાવા ધસી આવતા કૂતરા સામે લડવું પડે છે, તેમ મારે લડવું પડશે. કોણ છે એવો માણસ જેને કોઇ સ્ત્રીએ જન્મ ન આપ્યો હોય ? એવા માણસથી જ મને ભય છે, બીજા કોઇથી નહિ.'

પોતાનાં પત્ની અને બાળકોના હત્યારા મેકબેથ ઉપર વેર લેવા આતુર મેકડફ મેદાનમાં તેને જ શોધતો હોય છે. મેદાનના બીજા ભાગમાં લડતો લડતો મેકબેથ જ્યાં મેકડફ તેની રાહ જોઇને ઊભો છે ત્યાં આવે છે અને તેને કહે છે : 'જા જતો રહે અહીંથી. મારો જીવાત્મા (soul) તારાં સ્વજનોનાં લોહીથી ખરડાયેલો છે. તેમાં મારે વધારો નથી કરવો.' પણ મેકડફને તો મેકબેથ સાથે દ્વંદ્વયુદ્ધ કરવું છે તેથી તે તેને કહે છે, 'મારો ઉત્તર તો મારી તલવારમાં થશે.' હવે મેકડફ અને મેકબેત વચ્ચે દ્વંદ્વયુદ્ધ શરૂ થાય છે અને લડતાં લડતાં મેકબેથ મેકડેફને કહે છે, 'તું વ્યર્થ શ્રમ કરે છે. મારું જીવન તો દૈવરક્ષિત છે. (I bear a charmed life) અને સ્ત્રીએ જન્મ આપ્યો હોય એવા કોઇથી એનો નાશ થવાનો નથી.' 'એ દૈવી રક્ષણની આશા છોડી દે,' મેકડફ ઉત્તર આપે છે. 'તું જે ફિરસ્તાને પૂજે છે તે તને કહેશે કે મેકડફના જન્મનો સમય થયો તે પહેલાં તેને તેની માતાનું પેટ ચીરીને બહાર કાઢવામાં આવ્યો હતો.' (આજની વૈદ્યકિય પરિભાષામાં caesarian શસ્ત્રક્રિયા કરીને).

આ સાંભળીને મેકબેથ હિંમત હારી જાય છે અને કહે છેઃ 'શાપ લાગો મને એમ કહેતી જીભને. એણે મને નાહિંમત કર્યો છે. કર્ણને સાચાં લાગે પણ આશાને છેતરે એવાં દ્વિઅર્થી વચનો કહેતા દુષ્ટ આસુરી સત્ત્વોનો કોઇએ વિશ્વાસ કરવો નહિ. મારે નથી લડવું.' પણ મેકડફ તેને બાયલો કહીને મહેણું મારે છે. એટલે મેકબેથ લડવા તૈયાર થાય છે અને એમ એ બેની વચ્ચે દ્વંદ્વયુદ્ધ થતાં મેકડફ તલવારથી મેકબેથનું માથું કાપી નાખે છે અને પછી એ માથું ડંકનના જ્યેષ્ઠ પુત્ર મેલ્કમને ભેટ ધરે છે.

શેક્સપિયરના 'હેન્રી પાંચમા' નાટકનું એક પાત્ર કહે છે, There is some soul of goodness in things evil. એટલે કે દુષ્ટ સ્ત્રી-પુરુષોમાં પણ સદને કંઇક અંશ હોય છે. મેકબેથ અને લેડી મેકબેથના સ્વભાવમાં પણ એવો સદંશ હતો, અને તેમણે એ સદંશને રૂંધી નાંખીને સ્કોટલેંડનું રાજ્ય મેળવ્યું હતું. એમ છતાં પાત્રાલેખનની શક્સપ્યરની કળાનો જાદુ એવો છે કે આપણને મેકબેથ અને લેડી મેકબેથની દુષ્ટતા માટે તેમની પ્રત્યે તિરસ્કારનો ભાવ થાય છે તે કરતાં વધારે તેમના સ્વભાવમાં ઊંડે ઊંડે રહેલા જે સદંશનું દર્શન થતાં તેમની પ્રત્યે કરુણાનો ભાવ થાય છે. અંગ્રેજીમાં એક ઉક્તિ છેઃ ' There, but for the grace of god, go I' એટલે કે આપણને ઇશ્વરની કૃપા ન મળી હોત તો આપણે પણ પેલા દુષ્ટના જેવા જ થયા હોત. આ જ છે ગીતામાં ઉપદેશેલી પ્રાણીમાત્રને આત્મૌપમ્યેન જોવાની દૃષ્ટિ.

☆☆☆

# પવાડો

□ ડૉ. કવિન શાહ

પવાડો એટલે વીરનું પ્રશસ્તિ કાવ્ય. તેમાં વીરોના પરાક્રમ, બુદ્ધિગમતા, ગુણો, કુશળતાનું પદ્યમાં નિરૂપણ કરવામાં આવે છે. પ્રાકૃત ભાષામાં પવાડક શબ્દ છે. તે ઉપરથી કોઇ વ્યક્તિની કીર્તિ ગુણગાન કે મહિમા ગાવામાં આવે તેવી રચના. તેથી પવાડઉ કહેવામાં આવે છે. સંસ્કૃતમાં પ્રવાહ અથવા ભૂત કૃદંત પ્રબુદ્ધ અને પ્રાકૃતમાં 'પવડ્ઢ ઉપરથી પવાડ-પવાડો શબ્દ પ્રયોગ પ્રચલિત થયો છે.' વીરરસનું પ્રશસ્તિ કાવ્ય એટલે પવાડો. આ પ્રકારની કાવ્ય રચનામાં કટાક્ષનો આશ્રય લઇને નિંદાનું તત્ત્વ પણ જોવા મળે છે.

'પવાડ'ની સાથે સામ્ય ધરાવતો પ્રબંધ કાવ્ય પ્રકાર પણ સંદર્ભ તરીકે ગણનાપાત્ર છે. પ્રબંધ ઐતિહાસિક વ્યક્તિના ચરિત્રનું નિરૂપણ કરતું વીરરસનું કાવ્ય છે. કાળાંતરે ઐતિહાસિક વ્યક્તિ ઉપરાંત કોઇ દાનવીર, ધર્મવીર, કર્મવીર જેવી વ્યક્તિઓના જીવનની પ્રશસ્તિ કરવામાં આવી હોય તેવી રચના ' પવાડા' તરીકે જાણીતી છે. વિક્રમની ૧૦મીથી ૧૬મી સદીમાં પ્રબંધ, રાસ, ચરિત જેવી કૃતિઓ મોટી સંખ્યામાં રચાઇ છે. તેમાં સૂક્ષ્મ દષ્ટિએ જોતાં ભેદ નથી લાગતો. એક વ્યક્તિના જીવન નિરૂપણ કરતી રચનાઓ કુમારપાળ રાસ સં. ૧૭૪૨ જિનહર્ષમુનિએ રચ્યો હતો. કુમાર પ્રબંધ સં. ૧૪૭૫માં આજ્ઞાત કવિએ રચ્યો હતો. એટલે એકબીજાના પર્યાય રૂપે આ શબ્દો પ્રચલિત હતા. કાન્હડ દે પ્રબંધની હસ્તપ્રત પર રાસ, પવાડુ, ચઉપઇ નામનો ઉલ્લેખ થયેલો છે. શ્રી કેશવ હર્ષદ ધ્રુવે રણમલ્લછંદને ' પવાડા' નામથી ઓળખાણ આપી છે. તેમાં મલ્લની વીરતા અને યુદ્ધનું ઓજસ શૈલીમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

પવાડો એક ગેય કાવ્ય છે. ગેયતાને અનુકૂળ પ્રાસ, અનુપ્રાસ, વર્ણાનુપ્રાસ, વર્ણનોની જટિલતા, કથન રીતિની વિવિધતા, વીરરસ ઉપરાંત શ્રૃંગાર, કરૂણ અને અદ્ભૂત રસની યોજના અને પરંપરાગત ઇષ્ટદેવની સ્તુતિ પ્રારંભમાં મંગળાચરણ સમકાલીન સમાજના રીતી-રિવાજનું નિરૂપણ વગેરે નોંધપાત્ર લક્ષણ તરીકે ગણાય છે.

મરાઠીમાં 'જ્ઞાનેશ્વરી'માં 'પવાડા' શબ્દ પ્રયોગ થયો છે. હે મારિલે તે વર થોડે આશીક હી સાધીન ગાઢે મમ નાથેન પવાડ યે કલ્યાચિ મો! ઉપરાંત તુકારામ ગાથામાં 'અનંત હે થોરી, ગર્જતાતી પવાડે તથા કૃષ્ણે પવાડા હી કેલા !'

હિંદુ બાદશાહના સમયમાં મહારાષ્ટ્રની પ્રજામાં જે શૌર્ય અને પરાક્રમ પ્રગટ્યું હતું તેને ઐતિહાસિક વ્યક્તિઓ અને પ્રસંગોના સંદર્ભમાં 'પવાડા' દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં આજે પણ 'પોવાડા માચન' દ્વારા અત્યંત હર્ષોલ્લાસ વ્યક્ત કરવામાં આવે છે. શ્રી કેલકરે મરાઠીમાં ' 'ઐતિહાસિક પવાડા' બે ભાગમાં પ્રસિદ્ધ કર્યાં છે. ૧૫માં શતકમાં રચાયેલી કૃતિ ત્રિભુવન દીપક પ્રબંધ અને પ્રબોધ ચિંતામણીમાં 'પાવાડા'નો નીચે મુજબ ઉલ્લેખ થયલો છે.

૧. પુત્ર પવાડા સકભલી આણન્દિઉ નરનાહ

૨. મઝ દિગ્વિજય કરન્તાં ત્રિભુવન ફિટ્ટીથાઇ તિણિફાડા,
આપણ કહઊં કેહ ઉ કેતલા તુઝ આગલિ પવાડા ?

૩. ભુયદંડ પયંડિ સુઘડ ભડ ભંજઇ ચડિય પવાડઇ પંચસરં

સાંયાજી નામના ઇડરના ચારણ કવિએ 'રુકિમણી હરણ' અને નાગદમન કાવ્યો ડિંગળ ભાષામાં ભુજંગી છંદમાં મસ્ત શૈલીમાં રચ્યાં છે. તેના મંગલાચરણના દુહામાં કાલિય દમનનો પ્રસંગ નિરૂપણ કરતાં 'પવાડા'નો ઉલ્લેખ કર્યો છે.

'વિધિજા શારદા વિનવું, સદ્‌ગુરુ કરું પસાય, પવાડો પન્નગાં શિરે, જદુપતિકીનો જાય.'

પવાડાનાં લક્ષણોમાં ચોપાઈ, બંધ, દુહા અન્ય છંદ પ્રયોગ ગેયપદો જેનું વિભાજન ઠવણી, ઢાળ, ભાસ, વગેરેમાં હોય છે. અસાઇતનો 'હંસાઉલી પ્રબંધ', કવિ ભીમનો 'સદયવત્સ વીર પ્રબંધ' શાલિભદ્રસૂરિનું 'વિરાટપર્વ કાવ્ય' વગેરે પવાડા સ્વરૂપમાં ગુંથાયેલી રરચના છે. ગેયરાસ કાવ્યનો પ્રકાર આગળ જતાં આખ્યાન સ્વરૂપમાં પરિણામ્યો તેવી રીતે પવાડા કાવ્યપ્રકાર પદ્યવાર્તા લોકવાર્તા તરીકે સ્થાન પામ્યો. કવિ અસાઇતની હંસાઉલી પ્રબંધનું અસલ નામ 'હંસવચ્છ ચરિતપવાડો' એવો ઉલ્લેખ કાવ્યના અંતે થયેલો છે.

'સંવત ચઉ ચંદ્ર મુનિ શંખ, વચ્છ હંસ વચરિત અસંખ બાવન વીર કથારસલીઉ એહ 'પવાડ' અસાઇત કહિઉ' અસાઇતની ૪૪૦ કડીની આ રચના રસની દૃષ્ટિએ નોંધપાત્ર છે. અદ્‌ભૂત રસકેન્દ્ર સ્થાને છે. અને કરુણ તથા હાસ્યરસ પણ જોવા મળે છે. હંસ અને વચ્છ એ ધીરોદાત્ત નાયક છે. પવાડો વિશે ઉપલબ્ધ વિગતોને આધારે એવું અનુમાન કરવામાં આવે છે કે તેની કથાવસ્તુ પ્રબંધ પ્રકારની અને સ્વરૂપ-શૈલી રાસ પ્રકારની સાથે સામ્ય ધરાવે છે.

જૈનાચાર્ય હીરાણંદસૂરિએ ઇ. સ. ૧૪૨૯ 'વિદ્યાવિલાસ, પવાડો'ની રચના કરી છે. જેમાં વિદ્યા વિલાસ રાજાનું પ્રશસ્તિ યુક્ત ચરિત્ર નિરૂપણ થયેલું છે. પ્રધાનપુત્રને સ્થાને રાજકુંવરીને પરણાવયેલા વિનયચટ્ટની વિદ્યા, પ્રતિષ્ઠા અને રાજકુંવરીના સાચા પ્રેમની સંપત્તિના સૌભાગ્યને વર્ણવ્યો છે. હીરાણંદસૂરિની વાર્તાનું વસ્તુ કૌતુકરાગી છે. તેમાં નાયક કરતાં નાયિકા વધુ તેજસ્વી લાગે છે. તેમાંથી કવિત્વશક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે. વિકસિત દેશીબંધ કાવ્યની ગેયતા દર્શાવે છે. વિદ્યા વિલાસની રચના જૈન કવિ વિનયચંદ્રની મલ્લિનાથ કાવ્ય સર્ગરશ્લોક ૨૬૨ થી ૫૬૪માંથી વસ્તુગ્રહણ કરીને કૃતિ રચવામાં આવી છે. તેના બીજા સર્ગમાં મુર્ખચટ્ટ અને વિયનચટ્ટની ઉપકથાનો મૂળ આધાર કેન્દ્રસ્થાને છે. આ રીતે સમગ્ર રચનાનું અવલોકન કરતાં સાંપ્રદાયિક પ્રભાનું પ્રમાણ અલ્પ છે. માત્ર કથાનો અંત નિર્વેદ ભાવ પ્રગટ કરે છે. રાજા પુત્રને સામ્રાજ્ય સોંપીને દીક્ષા લઇ આત્મસાધના કરે છે.

'પવાડો' વીર રસનું કાવ્ય છે. એ પ્રાપ્ત રચનાઓ પરથી કહીએ તો તેમ છતાં ચરિત્ર તરીકે પણ તેનો ઉલ્લેખ આ રચનામાં થયો છે.

'વિદ્યા વિલાસ નરિંદ, પવાડઉ, હીયડાં હડીયડાં ભિતરિ જાણિ, અંતરાય વિણુ પુણ્ય કરઉ, તુમ્હિ ભાવ ઘણેરઉ'

રાજકુંવરીના વિરહનો ઉલ્લેખ કરતી કડી નીચે મુજબ છે.

નિસિ ભરી સોણ સુંદરી રે જોઇ વાલંતી વાટ
નીંદ્ર ન વઇ નયણ લે રે, હિપડઇ ખરઉ ઉચાટ'

દેવી મંદિરમાં પ્રધાને રંગમંડપમાં પ્રવેશ કરી ગીતવાદ્ય (મૃદંગ) શરૂ કરે છે. અને સૌભાગ્યસુંદરી હર્ષોલ્લાસથી નૃત્ય કરે છે. તેની અભિવ્યક્તિમાં મધુર ધ્વનિ, લય, તાલની અનુભુતિ થાય છે. 'ધાં ધાં ધપસુ એવો મધુર અવાજે મૃદંગ વાગે છે. ચટપટ ચચપટ એવો રંગભર્યો તાલ જામે છે.' વિવિધ નાદ સાથે દોદો સાદથી નગારું વાગે છે. મપધુનિ મપધુનિ એ રીતે વીણા ઝણઝણે છે.

આ પ્રસંગની વિશેષતા દર્શાવતી પંક્તિઓ નમૂના રૂપે નીચે મુજબ નોંધવામાં આવી છે.

'ધાંધાં ધપમુ મહુર મૃદંગ ચચપટ ચચપટ તાલુ સુરંગ
કલુંગનિ ધોંગનિ ધુંગા નાદિ, ગાંઇ નાગડ દો દો સાદિ
મપધુનિ મપધુનિ ઝઝણણ વીણ, નિનિખુણિ જીખણિ આઉજલીણ
વાજી ઓં ઓં મંગલ શંખ, ધિધિકટ ધેંકટ પાડ અસંખ
ઝાગડ દિગિદિગિસિરિ વલ્લરી, ઝુણણ, ઝુણણ પાઉ નેઉરી
દોંદોં છંદિહિં તિવિલ રસાલ, ઘણણં ઘુણણં ઘુઘુર ઘમકાર.
રિમઝિમ રિમઝિમ ઝિઝિમ કંસાલ, કરરિ કરરિ કરિ ઘટ પટતાલ
ભરર ભરર સિરિ ભેરિઅ સાદ, પાયડીઉ આલવીઉ નાદ.' ૮

ઉપરોક્ત પંક્તિથી પવાડાની ગેયતા અને સંગીતમય ધ્વનિનો પરિચય થાય છે.

'પવાડા' સ્વરૂપની એક રચનાની વિગત પણ તેની લોકપ્રિયતાનું સૂચન કરે છે. સતી સદુબાઇનો 'પવાડો' નામની કૃતિ આ સ્વરૂપની વિશેષતા દર્શાવે છે. અમદાવાદમાં પેશ્વાના રાજ્યકાળ દરમ્યાન કેટલાંક ચાડીયા લોકોએ ચાડી ચુગલીથી ગૃહસ્થોની સ્ત્રીઓને શિરે આળ ચઢાવી હેરાન કરીને પૈસા કઢાવતા હતા. ઉત્તમ નામના એક ચાડીયાયે અમદાવાદના શાહપુર ભાટ વાડાની હરિસિંગ ભાટની સ્ત્રી સદુબાઇ પર આળ ચઢાવી રાજ દરબારમાં લઇ જવા યુક્તિ કરી. ત્યારે ભાટોએ ત્રાગા કર્યાં અને સદુબાઇને પહેલાં ભોગમાં વધેરી. પછી બીજા માણસો મરી ગયા. પરિણામે નગરજનોએ પેશ્વાની કચેરીમાં ફરિયાદ કરીને ચાડીયાઓને શિક્ષા કરાવી. સદુબાઇને સતી ગણી માનતા, બાધા રાખી દેરી ચણાવી. આ પવાડામાં દુહા, પધ્ધરી, ભુજંગી, કવિત્ત છંદોનો પ્રયોગ થયો છે. દેવો પણ શૌર્ય, પરાક્રમ જોવા ધરતી પર આવ્યા હતા તેવું વર્ણન કરવામાં આવ્યું છે. અદ્‌ભૂત રસયુક્ત રસિકભાષા અને ઝડઝમકથી આ પવાડો એક નમૂનેદાર ઉલ્લેખ થયો છે. 'પ્રથમ ગણપતિ પાયે નમું, સરસ્વતી ધો સુમત્યઃ પવાડો સદુવલ તણો. વિધિવિધ કરું વિગત્ય.' શામળ ભટ્ટ રચિત રૂસ્તમ બહાદુરનો પવાડો એ પણ પવાડાના સ્વરૂપને ચરિતાર્થ કરવામાં ઉદાહરણ રૂપ છે. આ સમયમાં દેશી રાજાઓ, ભાટ ચારણો, તાલુકેદારો, ઠાકોરો, ' કુમાવીસદારો વગેરે પાસે ઐતિહાસિક પ્રસંગો હતા. તેનું છટાદાર ભાષામાં નગરજનો સમક્ષ ડહેલી, ચોરામાં કે દરબારગઢમાં પરાક્રમનું વર્ણન થતું અને લોકો ઉત્સાહથી ભાગ લેતા હતા. આ પ્રવૃત્તિથી લોકોની રસવૃત્તિ સંતોષાતી હતી. 'પવાડા' કાવ્ય પ્રકાર ચરિત્રાત્મક કાવ્ય સાથે સામ્ય ધરાવે છે. ૧૪મી સદીમાં જૈન કવિઓએ રાસ રચનાની સાથે 'પવાડા'ની રચના કરી છે. કવિ અસાઇતનો 'હંસાઉલીપ્રબંધ', કવિ ભીમનું 'સદયવત્સ વીર પ્રબંધ', શાલિભદ્રસૂરિનું 'વિરાટપર્વ'ની રચનાઓ નોંધપાત્ર ગણાય છે. પ્રબંધ રચનાના અનુસરણમાંથી ગીત પ્રધાન રચનાઓ થઇ છે. 'પયડો' શબ્દ પ્રયોગ સૌ પ્રથમ 'હરિશ્ચંદ્ર પુરાણ કથા' (સં. ૧૪૫૩)માં મળી આવે છે.

સં. ૧૫૧૨માં રચાયેલ કવિ પદ્મનાભની કૃતિ 'કાન્હડદે પ્રબંધ' ને 'રાઉલ કાન્હડદે પવાડ રાસ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ ઉપરથી એમ અનુમાન કરવામાં આવે છે કે ચરિત પ્રબંધ 'પવાડા' વગેરેમાં તાત્ત્વિક રીતે વિચારતાં કોઇ ભેદ નથી લાગતો.

અગરચંદજી નાહટા જણાવે છે કે રાજસ્થાની ભાષામાં 'પાબુજીના પવાડા' વિશેષ લોકપ્રિય છે. 'સોઢો જી રો પવાડો' રાજસ્થાન ભારતીમાં પ્રગટ થયો છે. આ સંદર્ભને આધારે પવાડોની રચના લોકપ્રચલિત કથાને આધારે અથવા તો લોકગીતોના સંદર્ભથી થઇ હોય એમ માનવામાં આવે છે. પવાડા કક્ષાની રચના સાથે સામ્ય ધરાવતી 'શલોકા' એટલે કે 'શ્લોક' રચના પણ થયેલી છે. કીર્તિગાથા ગાવી, કે વ્યંગ્યમાં ટીકા કરવા માટે પણ શ્લોક શબ્દ પ્રયોગ થાય છે. સમસ્યા-પ્રશ્નોત્તરના પ્રયોગથી શલોકોની રચના થાય છે. તેવાં નાયકના પરાક્રમનું વર્ણન કરવામાં આવે છે. 'રૂસ્તમનો શલોકો' અથવા 'અભરામ કલીખાનનો શલોકો'ની રચના કવિ શામળ ભટ્ટે કરી છે. તેને પવાડા તરીકે પણ ઓળખવામાં આવે છે. કવિએ સંવત ૧૭૮૧માં ૩૬૧ કડીની રચના દ્વારા રૂસતમ કુલીખાન, સુજાતખાન અને અભરામ

કુલીખાન એમ ત્રણ ભાઈઓના પરાક્રમનું વર્ણન કરવામાં આવ્યું છે. ગુજરાતના ત્રેપનમાં મોગલ હાકેમ હમીદખાનના સરબુલંદખાનની પ્રેરણાથી સુજાતખાન, અભરામ કુલીનખાન અને સુરતના રૂસ્તમ કુલીખાન એ ત્રણે ભાઈઓ સાથે થયેલાં યુદ્ધો અને તેમાં છેવટે આણંદ પાસે ડાસના (ખેડા જીલ્લો) રણ સંગ્રામમાં રૂસ્તમ કુલીખાને બતાવેલાં પરાક્રમો વર્ણવેલાં છે.

આ શલોકાનો આરંભ નીચેની કડીઓ દ્વારા સમજી શકાય તેમ છે.

'સરસ્વતી માતા તમ પાયે લાગું કહું 'સલોકો માન જ માગું
મોટા સુબાના કરું વખાણ સમજી લેજો તે ચતુર સુજાણ.
દિલ્લીનો પાદશાહ એહમદશા જીવો, નવખંડમાં પ્રગટ છે દીવો
સહુમાં શિરોમણ ગુજરાત થાપી, તે તો હમીદખાનને સુબાઈ આપી.
રાજ્ય ભોગવે ને કરે કલ્લોલ શહેરમાં વીત્યા મસવાડા સોલ.
ગુજરાતી મુગલા ચતુર સુજાણ ત્રણ ભાઈઓનાં કરું વખાણ
વડો તો વીણો સુજાતખાન, જેને પાદસાઈમાં અતિ ઘણાં માન.
અનમી મહેવાસી જે વશ કીધા, પ્રજા પાળીને મોટા જસ લીધા.
તેથી નાનેરો રુસ્તમ કહીયે જેના જુધનો પાર ન લહીએ.
રૂપે રૂડો ને દાતાર જાણું સહુમાં શિરોમણ તેને વખાણું.
જેહેના નામથી તસ્કર ત્રાસે, દક્ષણી ગનીત સત ગાઉના હાસે.
તેથી નાનેરો માડીનો જાયો. અભરામ કુલીખાન લાડકવાયો.'

યુદ્ધ વર્ણનમાં યથોચિત વીર રસ છે. તેમાંના અંર્તવ્યમક તથા વ્યંજનોની ઝડઝમક વાણીને બલવતી બનાવે છે. ઉદાપરણ તરીકે નીચે મુજબ નોંધવામાં આવ્યું છે:

'ભાલા અણીઆલા બાણત્રિશૂલ ચઢ્યા વંઢે લે રાઢનું મૂળ
જેહેની તોપા શાં દોટ દોડાવે, મારે ચકચૂર ભેલ પડાવે.
ભૂત ભૈરવ ત્યાં કલવાહલ કરે, આકાશ દેવ્યાખપ્પર ભરે.
શૂરા પૂરા ને અણીઆલા ભાથી ધીરા વીરાના હઠવ્યા હાથી
ફેરી નફેરી ઘાવ જ દેતા દોડીને ચોહોડી પ્રાણ જ લેતા
રૂંબે ને ઝુંબે ઘૂમે ને ગાજે દેખી મુગલા ને દોહોદશભાજે
ઘોડે ને જોડે પોહોડે છે પૂચ. વાધે નાદે રમે રણશૂરા
ચીસે ને રીસે પાડે ને તાડ ધડ ડોલે ને દોદશાં વાઢે.
ઝટકે ને કટકે ઉડાપા કઈ ને દે જે સમશે'રો પાઘડે જઈને
મરેઠા પૂણો ત્યાં લાખ, તેમાં રૂસ્તમની પડે છે. શાખ.
શામળ કહે શું વિવેક મહારા મુખમાં જિહા એક
સાગરનું પાણી તારા ગણાય, રૂસ્તમનું જુદ્ધ પૂરું ન થાય.'

શાલોકાના અંતે રચના સંવત, મહિનો, તિથિ, કવિનું નામ અને ફળશ્રુતિનો ઉલ્લેખ થયો છે.

'નેમજીનો શલોકો' કવિ ઉદયરત્નની રચના છે. તેમાં કવિએ ૭૨ અડિયલ્ઙ છંદ ચોપાઈમાં નેમ-રાજુલનો પ્રસંગ વર્ણવ્યો છે. કવિ શામળભટ્ટના સમકાલીન જૈન કવિએ શલોકોની રચના કરી છે તે ઉપરથી એમ લાગે છે કે તે જમાનામાં 'શલોકો' ગાવાનો રિવાજ હશે. લગ્ન પ્રસંગે જૈન સમાજમાં નેમજીનો શલોકો ગાવાનો રિવાજ હતો. હજી નેમજીના જન્મ દિવસે એટલે કે શ્રાવણ સુદ-પાંચમને રોજ સાંજના દેવસિ પ્રતિક્રમણમાં ખાસ કરીને બહેનો શલોકો ગાય છે.

આરંભમાં સરસ્વતીની સ્તુતિ કરીને શલોકો રચવામા આવે છે તેવો નિર્દેશ થયેલો છે.

'સંવર સત્તર એકાશી જાણું માગશર વદી તેરશ પરમાણું
શામળજી બ્રાહ્મણ શ્રીગોડનાતે, બાંધ્યો 'શલોકો' સાંભળી વાતે.
ગામ વસોએ રુસ્તમ ગાજે, તેહના નામથી લોહબેડી ભાંજે
સાંભળી શલોકો દાન જે કરશે, તેને આકાશથી રોજી તો મળશે.

કવિએ રંગમાં ભંગ પડવાનો છે. તેનું સૂચન અંગસ્ફુરણના ઉલ્લેખથી કર્યું છે.

'સિદ્ધિ બુદ્ધિ દાતાને બ્રહ્માની બેટી, બાલકુમારી વિદ્યાની પેટી
હંસવાહન ને જગમાં વિખ્યાતા, અક્ષર આપો સરસ્વતી માતા
નેમજી કેરો કરું શલોકો એક મન થઈને સાંભળજો લોકો.'

કવિ દેવચંદે કડીમાં નેમનાથજીના શલોકોની રચના કરી છે. કવિ શલોકો રચનાના પ્રેરક તરીકે ઉલ્લેખ કરતાં નીચે મુજબ જણાવ્યું છે.

'ગામ ગાંગડના રાજા રામસિંગ, કીધો, સલોકો મનને ઉધરંગ,
મહાજનના ભાવ થકી મેં કીધો, વાંચી શલોકો સારો જશ લીધો.'

તેની રચના સંવત ૧૯૦૦માં શ્રાવણ વદ પાંચમ શુક્રવારે થઈ તેની વિગત પણ શલોકોમાં દર્શાવી છે.

પાર્શ્વનાથના શલોકોની રચના સંવત ૧૭૫૭ આસો વદ આઠમને દિવસે થઈ છે. તેમાં પાર્શ્વનાથનો મહિમા ગાવામાં આવ્યો છે. પાર્શ્વનાથના લગ્ન પ્રભાવતી સાથે કરવામાં આવે છે. તે પ્રસંગે પ્રભાવતીનું વર્ણન અલંકારયુક્ત ચિત્રાત્મક શૈલીના નમૂના રૂપ છે.

'અનુક્રમે યૌવન જોરેજી આવ્યા, પ્રભાવતી કુમરી પ્રભુ પરણાવ્યા
પ્રસન્નજીત રાજાની કુમરી, રૂપે રૂડીને જાણીયે અમરી ॥
વદન કમળ ને નેત્ર સુચંગા, ભણતે વેશે તો અંગ સુરંગા.
મદન સુકોમલ બાંહ છે સારી, કટીતટી પાતળી જંઘા સફારી
કરની આંગુળીયો દીપે જેમ તારો, કંઠે તો શોભે નવસરો હારો,
કા ને કુંડળ ઝાલ ઝબૂકે પગે નેવરી રણજણ રણકે ॥ ૨૪ ॥
હાલતી જાણે હાથણી દીસે, પ્રભુની જોડી તો બની સરીસે.
પાંચ પ્રકારે સુખ સંસાર ભોગ સંયોગ વિવિદ અપારા : ॥ ૨૫ ॥

કવિ ઉદયરત્નની 'શાલિભદ્રનો શલોકો' રચના સં. ૧૭૭૦ માગશર સુદ- તેરસના રોજે થયેલી છે. ૬૬ કડીની આ રચનાનો આરંભ સરસ્વતી વંદનાથી થયેલો છે.

શાલિભદ્ર અપૂર્વ સમૃદ્ધિનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરે છે તે પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે. શ્રેણિક રાજાને શાલિભદ્રના મહેલ અને વૈભવના દર્શનથી આશ્ચર્ય થાય છે તેની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે કે:-

'મહેલની રચના જોતાં મહાશય,
અચિરજ પામીને મનસુ અકળાય.
અહો અહો હું શું અમરાપુર આયો.
ભાંતિયે ભૂલ્યો ને ભેદ ન પાયો.
જિજા તિમ કરીને બીજી ભૂઇ જાય,
ત્રીજે માળે તો દિગમૂઢ થાય,
જોયે ઉંચું તે નયણને જોડી,
જાણે કે ઉગ્યા સૂરજ કોડી

આ રીતે શલોકોની રચનાથી પણ એમ લાગે છે કે, પ્રબંધ, પવાડા, શલોકો વગેરે એકબીજાની નજીક છે. જૈન અને જૈનેતર સાહિત્યમાં પવાડા અને શલોકોની સંખ્યા વિશેષ છે. આ અંગે સંશોધન કરવામાં આવે તો તેનાથી સાહિત્ય તત્ત્વના આ સ્વરૂપ દ્વારા કેવી માવજત કરવામાં આવી છે તે વિશે વધુ પ્રકાશ પાડી શકાય તેમ છે. જૈન સાહિત્યના કવિઓની કાવ્ય સ્વરૂપની વિવિધતાનો નમૂનો ઉપરોક્ત કાવ્ય પ્રકાર છે. ધાર્મિક કથા વસ્તુનો સંદર્ભમાં પણ કવિત્વ શક્તિનો પરિચય કરાવતી પવાડા-શલોકોની રચના આપણાં મધ્યકાલીન સાહિત્યના વૈવિધ્ય પૂર્ણ વારસાનો નમૂનો છે.

☆☆☆

# મારા ગામની ટી સેરિમની

☐ ગુલાબ દેઢિયા

ઈન્સ્ટન્ટ કોફી અને ઈન્સ્ટન્ટ ચાનો જમાનો છે. કપમાં ચમચી ફેરવો એટલે ગરમાગરમ પીણું તૈયાર. ડીપ ડીપ કરો એટલે ચા તૈયાર. શહેરના માનવી પાસે સમયની ભારે અછત એવું એનું માનવું, મનાવવું. આપણે કહીએ ખરેખરી ચા બનાવતાં અને પીતાં સહેજે અર્ધો કલાક તો ઓછો પડે. તો તો હેં કહીને આશ્ચર્યચક્તિ થઇ જશે. અર્ધો કલાક માત્ર ચા માટે અરે એ તો અર્ધા કલાકમાં બે વખતનું ખાવાનું (ભોજન નહિ), ચાર વખતની ચા અને સાથોસાથ બે ત્રણ ફોન પરની વાતચીત અને વર્તમાન પત્ર પર નજર ફેરવવાનું પતાવી દેશે. મહાનગરમાં બધાં કામ સારાં કે નરસા પતાવવાનાં હોય છે. દીકરીના ચાંદલા પતાવ્યા, મોટાનાં લગ્ન પતાવ્યાં, મંદિરમાં જઇ દર્શનવિધિ પતાવ્યો, ખાવાનું પતાવ્યું.

જ્યારે મેં સાંભળ્યું કે જાપાનમાં ચા બનાવવાનો એક ખાસ વિધિ હોય છે. જેને 'ટી સેરિમની' કહે છે. બહુ નિરાંતે, ચોક્કસ રીતે ખરા ઠાઠથી એ વિધિ થાય છે, ત્યારે મને આનંદ થયો, આશ્ચર્ય ન થયું. કારણ કે ગામડામાં અમે આવી ટી સેરિમની માણી ચૂક્યા છીએ. અગ્રેસર દેશમાં જેમ એની પોતાની ટી સેરિમની છે તેમ અમ જેવા ભારતીય ગામડિયાઓની પણ ચા બનાવવાની મૌલિક અને રસિક પ્રક્રિયા પણ છે.

અમારા ગામની સીમમાં ચા બનાવવા અને પીવા માટેની મહેફિલની, અમારી લોકલ ટી સેરિમનીની મારે અહીં વાત કરવી છે.

ખેતર, વાડી, કે સીમમાં બપોરે સૂરજ માથે આવે ત્યારે ખેડૂત, મજૂર અને ગોવાળ-ભરવાડ ભાથું છોડે, નિરાંતે ખાય. ખાવાની વાનગીઓ તો શું હોય ! બાજરા-જુવારના જાડા રોટલાં, શાક હોય તો હોય નહિ તો અથાણું. તે પણ ન હોય તો ગોળ તે પણ નક્કી નહિ, નક્કી માત્ર ડુંગળીનો દડો અને છાશ. શ્રમ અને ભૂખ જાણે બત્રીસ શાક અને છત્રીસ ભોજનનો બદલો વાળી દે.

ભોજન પછીનો થોડો સમય વિશ્રાંતિનો વીતે. ત્યારબાદ ટી સેરિમનીનો ધીમે ધીમે વિધિ આરંભાય. એકાદ જણ ખેતરને સેઢેથી બળતર લઇ આવે, બીજો જણ આસપાસ પડેલા ત્રણ પથરાનો ચૂલો જમાવે. ઉતારામાં પડેલ ઘોબાવાળી કાળી કીટલી કે તપેલી આવે, તે એઠી રહી ગઇ હોય તો કૂવાના પડથારે જઇ સાફ કરે.

ખેડૂતના નાના દીકરાને કળશિયો આપી દૂધ લેવા મોકલે. આસપાસના બે-ચાર ખેતર-વાડીમાં ક્યાંક ગાયો કે ઘેટાં-બકરાં ચરતાં હોય. પેલો ગોવાળ કે ભરવાડ પણ પોતાના માલને-ધણને ઠીકઠાક ચરતું રાખી ટી સેરિમનીમાં જોડાવા આવે. એનાં ભારે જોડાનો ભફળક ભફળક અવાજ સંભળાય. દૂધ લેવા ગયેલ છોકરાને કાં કાંટો વાગે, કાં કોઇ જગાએ બોર-ગાંગણી કે કોટીંબડાં હાથ લાગે, ક્યાંક ધોળિયાનું પાણી ફાટી જતું રોકવા એ રોકાય. કાં એનાં ટાયરમાંથી બનેલાં ચપ્પલ તૂટે. બધી અગવડો. સગવડો પાર કરી એ દૂધ લઇને સારા એવા વખતે હાજર થઇ જાય.

ચાની તપેલી તો આવી, ભંભલીમાં પાણી ખૂટ્યું હોય તો કૂવે લેવા જાય. એવું તો રોજ ન બને અને બને પણ ખરું. ન કરે નારાયણને થાય એવું કે સવારે હાટ પરથી બંધાવેલ ગોળ અને ચાની પડીકી જ હાથ ન આવે. કાં તો અગાઉ વપરાઇ ગયાં હોય કાં વિસરાઇ ગયાં હોય. છોકરો દોડી પડોશી ખેડૂતના ઉતારે-માંડવે જઇ લઇ આવે. ક્યારેક તો હાટ સુધી ગામે ગયાનું પણ બને હો...!

ધુમાડાથી કાળા પડી ગયેલા પથરા ઠીક ગોઠવાય. જો ચકરીવાળો વાયરો વાતો હોય તો ચૂલો સંભાળવો પડે. આડા ઊભા રહેવું પડે. સૂકા બળતણના ભડકા ઉઠે, તપેલી ખદખદ થાય. ચાનું કાળું પાણી ઊંચું નીચું થાય. ચામાં દૂધ તો વળી કેટલું હોય ! જાણે કાવો કહો કાવો. બે ત્રણ પીતળના વાટકામાં ફાળિયાના છેડાથી તપેલી પકડી ચા પીરસાય. વાટકા ન હોય તો સૂકા પાનના દળિયા બનાવે. વાટકાથી દાઝી ન જવાય માટે પછેડી કે ફાળિયાનો લાભ લેવો પડે. પછી સબડકા બોલાવતાં બોલાવતાં સૌ સાથીઓ ચાથી હોંઠ ભીના કરે. ગળા હેઠે ચા જતાં જરાક સ્ફૂર્તિ આવે, ટેસ આવે. આ આખાય પ્રોસેસ દરમ્યાન વાતો થાતી હોય, વાયરો વાતો હોય, છાંયડો હાલતો હોય, બિયારણ, દવા, દીકરીના લગ્ન કે બળદ માટે પૈસાનો જોગ કેમ પાડવો તેની ગણતરી થતી હોય.

આ બધું કરવામાં સહેજે અર્ધો કલાક નીકળી જાય. ત્યારે ઘડિયાળની મિનિટો કોણ જોતું'તું ! પડછાયા જોઇને સાંજે વ્યવહાર ચાલતો.

ચા પીવાઇ રહે એટલે ગોવાળ-ભરવાડ પોતાના આગળ નીકળી ગયેલ પશુધન તરફ વળે, કોસવાળો પાછો કૂવા પાસે પહોંચે, ક્યારામાં પાણી વાળનાર પાવડી લઇ ચોરણી ઠીક કરતો આગળ વધે. ખેડૂત જોડામાં ભરાયેલી કાંકરી ખંખેરી જોડા પહેરે.

આખી પ્રક્રિયા નિરાંતે ચાલે. સારો એવો સમય આ ભવ્ય આયોજનમાં લાગે. આપણાં કૃષિજીવન, પશુપાલક જીવનમાં સાધનોની મર્યાદા એટલે વ્યવહાર કષ્ટભર્યો ચાલે છતાં નિરાંત તો હતી જ. કારણ સૌ પ્રકૃતિને ખોળે એટલે મહાનગરની ઉતાવળ નહિ. ફાસ્ટ ટ્રેન ચૂકી જવાનો ભય નહિ. વસ્તુઓની ઓછપ ખરી પણ મન ભારે નહિ.

તે જ રીતે ભૂંગળી-હોકલી પીનારા પણ કેટકેટલી જહેમત ઉઠાવે. તરત ખીસામાંથી સિગારેટ કાઢી અને સળગાવી એવું નહિ. એ બંધાણી તો ભૂંગળી કાઢે તેના પર હળવો હાથ ફેરવે, ભૂંગળીમાં વપરાયેલી તમાકુના કોઇ અંશ રહી ગયા હોય તો સાફ કરે. પછી તમાકુ (જેને ગામમાં ગડાકુ કહેતા)ની ડબ્બીમાંથી તમાકુ કાઢે, એકાદ બે વાર વધુ ઓછું કરી માપ નક્કી કરે. પછી તમાકુને મસળે, દાંડી-કચરો વીણીને દૂર કરે. પછી હળવે હાથે હોકલીમાં તમાકુ ગોઠવે, ખમીસની ચાળ પર પડેલ તમાકુના રજકણને ખંખેરે. પછી બંડીના ખીસામાંથી ચકમકનો પથ્થર ને કાનસનો ટુકડો કાઢે. સુતરની જાડી વાટ પર તણખા ઝીલાય તેમ ત્રણેની ગોઠવણી કરી, ચકમક-કાનસ વચ્ચે ઘર્ષણ જગાવે. તણખા ઝરે, વાટ તેને ઝીલે, ફૂંક દઇ તેને વધારે, એ નાનકડો અગ્નિ જાળવીને હોકલીને મોઢે લઇ જાય, પછી હોકલીને યોગ્ય માત્રામાં ચૂસીને તમાકુ સળગાવી લે. કસ લેવાનું શરૂ થાય, થોડીક ખાંસી આવે, પ્રક્રિયા લાંબી પણ બંધાણીને એ બધું ગમે. એક હોકલી પીવામાં સહેજે સારો એવો સમય એમાં તન્મય થઇ, મન્મય થઇ કાઢી નાખે. હોકલીની તલબ સાથે જ મગજમાં કેવા વિચારોની ધૂમ્રસેર ચાલતી હશે !

ગામમાં આવા પ્રલંબ વિધિ તો કેટકેટલા પ્રસંગોમાં જોવા મળે. લગ્ન પ્રસંગોમાં અગાઉ એક-બે દિવસ એટલે જ લાગતા હતા. બધું હળવે હળવે ચાલે. શહેરનો સમય સોનાનો ને ગામનો સમય ગારાનો.

શહેરીજીવ ઉતાવળથી એવો ટેવાઇ ગયો છે એને ગામડાની રિતભાત બોરીંગ લાગે છે.

નિરાંત શબ્દ એણે ઉતાવળે છેકી નાખ્યો છે. નવરાશનો હ્રાસ કર્યો છે. એને પોતાનાં ટેન્સન અને ડિપ્રેશનનું ગૌરવ છે. સમયની મારે છત છે એમ કહેવું એ તો પોતાનું સ્ટેટસ ઘટાડ્યા બરોબર.

શહેરીજીવને કવિ રમેશ પારેખનું પેલું પ્રેમગીત ગમે છે.

'ધીમે ધીમે ઢાળ ઉતરતી ટેકરીઓની સાખે,
તમને ફૂલ દીધાનું યાદ.'

પરંતુ પોતે ધીમે ધીમે કશું કરવા સમર્થ નથી, પ્રેમ પણ નહિ. અહીં તો કેટકેટલું હાથવગું, ફોનવગું, રિમોટવગું છે પણ એ સુખ નથી દઇ શકતું. ભરપૂર માફકસરનો અભાવ વગર ખરી મજા નથી આવતી. મન થોડું તડપે, રોકાય સોરાય, તરસ જાગે તો કામનું. અતિરેકે તરસને બુઠ્ઠી અને બુઠ્ઠી કરી દીધી છે. એ તરસને સંતોષવી અઘરી. એને મોઢાં જ છે, તળિયું નથી. એ અતિશયતાની તરસ છે. ભરપૂરતામાંથી જાગતી કંટાળાની પ્યાસ છે. એ ટેવ અને વ્યસનને વશ છે.

છત હોય તો માગો તે મળે. અછતમાં જ ટી સેરિમનીની મજા આવે. એ આનંદ થોડો પોતાનો લાગે.

☆☆☆

# પંડિત શ્રી વીરવિજયજી-રચિત મોતીશાહ શેઠ વિશે ઢાળિયાં

☐ રમણલાલ ચી. શાહ

પંડિત કવિ વીરવિજયજી મહારાજે વિક્રમના ઓગણીસમા શતકના ઉત્તરાર્ધમાં વિવિધ પ્રકારની પૂજાઓની મનોહર રચનાઓ કરી છે. તેઓ શાસ્ત્રજ્ઞ હતા, કવિ હતા અને સંગીતના સારા જાણકાર હતા. સરળ અને સુગેય ભાષામાં હૃદયમાં વસી જાય અને વારંવાર ગુંજ્યા કરે એવી પંક્તિઓમાં લખાયેલી એમની પૂજાઓ એટલી બધી પ્રેરક અને પ્રોત્સાહક બની ગઇ છે કે એક સૈકા કરતાં વધુ સમયથી તે જિન મંદિરોમાં અને અન્યત્ર નિયમિત ભણાવાંતી આવી છે . એમણે લખેલી સ્નાત્રપૂજા તો અનેક જિન મંદિરોમાં રોજ સવારે ભણાવાય છે.

પૂજાઓની ઢાળની રચનાના વિષયમાં સિદ્ધહસ્ત બનેલા કવિ વીરવિજયજી માટે રાસના પ્રકારની રચના કરવી એ કોઇ કઠિન વાત નથી. એમણે રાસની રચના પણ કરી છે, પરંતુ રચનાઓના સર્જન પાછળ એમનો મુખ્ય ભાવ તે પ્રભુભક્તિનો રહ્યો છે. બુલંદ કંઠે સમૂહમાં ગાઇ શકાય એવી એમની ઢાળોમાં ઉલ્લાસ અને ઉત્સાહનું લક્ષણ તરત વરતાઇ આવે છે.

શ્રી વીરવિજયજી મહારાજે 'ઢાળિયા'ના પ્રકારની રચનાઓ પણ કરી છે. આવી પાંચ રચનાઓ મળે છે. (૧) શ્રી ગોડી પાર્શ્વનાથનાં ઢાળિયાં, (૨) ભાયખલાનાં ઢાળિયાં, (૩) શેઠ હઠીસિંગના દેરાસરની પ્રતિષ્ઠાનાં ઢાળિયાં, (૪) શેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ કાઢેલા સંઘનાં ઢાળિયાં અને (૫) શત્રુંજય ઉપર શેઠ મોતીશાહે કુંતાસરનો ખાડો પુરાવી બાંધેલી ટુંકની પ્રતિષ્ઠાના મહોત્સવનાં ઢાળિયાં. આમ ઢાળિયાંના પ્રકારની પાંચ કૃતિઓમાં શ્રી વીરવિજયજી મહારાજે બે કૃતિની રચના શેઠ મોતીશાહના ધાર્મિક જીવનપ્રસંગોને વર્ણવવા કરી છે. કોઇપણ કવિ માટે સમકાલીન ઘટનાઓ વિશે સર્જન કરવાનું એટલું સરળ નથી, કારણ કે એમાં તાટસ્થ્ય જાળવવાનું અઘરું છે. શ્રી વીર વિજયજી મહારાજે એ જાળવ્યું છે એટલું જ નહિ એ ઘટનાઓને કવિતાનું રૂપ પણ આપ્યું છે.

શ્રી વીરવિજયજીના કાળમાં ગૃહસ્થોમાં શ્રેષ્ઠ અને અદ્વિતીય કહી શકાય એવી વ્યક્તિ તે શેઠ મોતીશાહ હતા. શેઠ મોતીશાહનું જીવન તો એક સ્વતંત્ર રાસકૃતિ લખાય અથવા વર્તમાન સમયમાં કોઇ નવલકથા લખાય કે ચલચિત્ર ઉતારાય એટલું ઘટનાસભર અને પ્રેરક છે. ચોપન વર્ષની ઉંમરે પોતાની જીવનલીલા પૂરી કરનાર શેઠ મોતીશાહ એટલે કે શેઠ મોતીચંદ અમીચંદના મઘમઘતા જીવનમાંથી પ્રભુભક્તિના બે અવસરો વિશે શ્રી વીરવિજયજી મહારાજે બે જુદા જુદા ઢાળિયાંની રચના કરી છે : (૧) ભાયખલાનાં ઢાળિયા અને (૨) કુંતાસરની પ્રતિષ્ઠાનાં ઢાળિયાં. આમાંની પહેલી રચના શેઠ મોતીશાહની હયાતીમાં થઇ હતી ને બીજી રચના એમના સ્વર્ગવાસ પછી થઇ હતી. આ બંને રચનાઓ વિશે વિગતે જોઇએ.

ભાયખલાનાં ઢાળિયાંની રચના વિ. સં. ૧૮૮૮માં થઇ હતી. કવિએ પોતે જ કૃતિના અંતભાગમાં, છેલ્લી ઢાળમાં નિર્દેશ કરતાં લખ્યું છે :

**વસુ નાગ, વસુ શશિ વરસેજી,**
**આસાઢી પૂનમ દિવસેજી;**
**મેં રચીયો ગુણ દીવોજી,**
**શેઠ મોતીશાહ ચિરંજીવો જી.**

કુંતાસરના ઢાળિયામાં એની રચના સાલનો નિર્દેશ નથી, પરંતુ પ્રતિષ્ઠાનો મહોત્સવ પતી ગયા પછીની એ રચના છે એ તો સ્પષ્ટ જ છે, કારણ કે પ્રતિષ્ઠા મહોત્સવનું પૂરું વર્ણન એમાં છે અને શેઠ મોતીશાહના સુપુત્ર સંઘપતિ શેઠશ્રી ખીમચંદભાઇ મુંબઇ પાછા ફર્યા તેનો પણ નીચે પ્રમાણે નિર્દેશ કવિએ તેમાં કર્યો છે:

**તાલધજાદિક તીરથે, મનમોહનજી,**
**વંદી વળિયા નિજ ઘેર.**

ભાયખલાનાં ઢાળિયાંની જે એક હસ્તપ્રત મળે છે તે પંડિત વીર વિજયજીના સમુદાયના પંડિત જ્ઞાનવિજયજી મહારાજે દમણના બંદરમાં ચાતુર્માસ દરમિયાન સં. ૧૮૯૨માં લખીને તૈયાર કરેલી છે અને તે પાદરાના ભંડારની છે. તેમાં કૃતિનું નામ 'શ્રી મમાઇ બંદરે ભાયખલાનાં ઋષભ ચૈત્ય સ્તવન ઢાળિયાં' એવું એમણે નોંધેલું છે.

આ રચના સાત ઢાળમાં કરવામાં આવી છે. એક રીતે જોતાં તો આ ઢાળિયાંના પ્રકારની કૃતિ તે લઘુરાસકૃતિના પ્રકારની જ રચના ગણાય. રાસમાં ઢાળ અને દૂહાની પંક્તિઓ વારાફરતી આવે છે. તેને બદલે આમાં ફક્ત ઢાળ આપવામાં આવી છે. રાસમાં સામાન્ય રીતે આખ્યાનની જેમ 'પૂર્વ વૃતોક્તિ' હોય છે. પરંતુ આ ઢાળિયામાં કવિના વર્તમાન સમયની સુપરિચિત ઘટનાનું વર્ણન છે. રાસમાં કથાનક મોટું હોય છે. ઢાળિયામાં પાંચ સાત ઢાળમાં પૂરી થાય એવી નાની મહત્ત્વની ઘટનાનું નિરૂપણ હોય છે.

શેઠ મોતીશાહના આરંભના જીવનકાળમાં મુંબઇમાં ધર્મક્રિયા માટે વૈષ્ણવો અને પારસીઓ પાસે જેટલી સગવડ હતી તેટલી જૈનો પાસે ન હતી. જૈનોની વસતી મુંબઇમાં ત્યારે પ્રમાણમાં ઓછી હતી. મોતીશાહના ભાઇ નેમચંદે કોટ વિસ્તારમાં શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. ત્યારપછી કોટ બહાર વસતી થવા માંડી એટલે એમણે તથા મોતીશાહે, બીજાઓના સહકારથી શાંતિનાથ ભગવાન, ગોડીજી પાર્શ્વનાથ અને ચિંતામણિ પાર્શ્વનાથનાં એમ ત્રણ જિન-મંદિર પાયધુની વિસ્તારમાં બંધાવ્યાં.

શેઠ મોતીશાહને શત્રુંજયની યાત્રામાં બહુ શ્રદ્ધા હતી. જ્યારે પોતે મુંબઇથી વહાણમાં ઘોઘા કે મહુવા બંદરે ઊતરે ત્યારે ત્યાંથી ગાડામાં બેસી પાલિતાણા જઇને તેઓ શત્રુંજયની યાત્રા કરવા અવશ્ય જતા. પોતાને ધંધામાં સફળતા એને લીધે જ મળે છે, એમ તેઓ શ્રદ્ધાપૂર્વક માનતા. જે દિવસોમાં રેલ્વે કે મોટરકાર હજુ આવી નહોતી. એ જમાનામાં શત્રુંજયની યાત્રા કરવાનું ઘણું કપરું હતું. મુંબઇના લોકોને મુંબઇમાં જ શત્રુંજની તીર્થની યાત્રા જેવો લાભ મળે એ માટે મોતીશાહ શેઠે ભાયખલાની પોતાની વિશાળ વાડીમાં આદિશ્વર ભગવાનનું દેરાસર બંધાવ્યું અને સાથે સાથે સૂરજકુંડ, રાયણ પગલાં વગેરે કરાવી શત્રુંજયની આદીશ્વરની ટુંક જેવી રચના કરાવી હતી. વીરવિજયજી મહારાજે આ ઢાળિયામાં જે કેટલીક વિગત લખી છે તે ન ઉપલબ્ધ હોત તો એ જમાનાની કેટલીક વાતોથી આપણે અજાણ રહ્યા હોત.

શેઠ મોતીશાહે ભાયખલાની પોતાની વાડીમાં એક મનોહર બાગ બનાવ્યો હતો. ઇંગ્લેન્ડથી સ્વયં સંચાલિત મોટો ફુવારો (Fountain) મંગાવી પોતાના બાગમાં તેમણે બેસાડ્યો હતો. એ ફૂવારો જોવા અનેક લોકો આવતા, કારણ કે એ જમાનામાં એ કૌતુકભરી રચના ગણાતી.

ભાયખલાના પોતાના બાગમાં દેરાસર કરવા માટે મોતીશાહ શેઠને દેવે સ્વપ્રમાં વીને કહ્યું હતું. 'આ દેરાસરમાં રાજનગરના ( એટલે કે અમદાવાદના) દેરાસરમાંથી ઋષભદેવ ભગવાનનાં પ્રતિમાજી મંગાવી તેની પ્રતિષ્ઠા કરાવો'- એવું દેવે સૂચન કર્યું હતું. કવિ વીર વિજયજી લખે છે:

**સુણો શેઠ કહું એક વાત રે,**
**તુમે દાન ગુણે વિખ્યાત રે;**
**ભાગ્યદશા ફલી રે.**
**ભૂઈખલિ કરાવ્યો બાગ રે;**
**મને પ્રગટ્યો દેખી રાગ રે.**
**વાડી ફરતી વાડી જૂની રે**
**જિન મંદિરિયાં વિના સૂની રે;**
**જિન મંદિર એક કરાવો**
**પ્રભુ ઋષભદેવ પધરાવો રે.**
**અમે રાજનગરમાં રહું છું રે**
**તુજ પુણ્ય ઉદયથી કહું છું રે;**
**ગયો દેવ કહી ઈમ રાગે રે**
**શુભવીર મોતીચંદ જાગે રે.**

એ દિવસોમાં અમદાવાદથી પ્રતિમાજી લઇ મુંબઇ આવવાનું સરળ નહોતું. રેલ્વે લાઇન નહોતી. નર્મદા અને તાપી ઉપર પુલ નહોતા. એટલે ઋષભદેવ ભગવાન સહિત ૧૬ પ્રતિમાજી પાલખીમાં પધરાવીને જમીન માર્ગે ભરૂચ લઇ આવવામાં આવ્યાં. આખે રસ્તે ન્હાઇ, ધોઇ, સ્વચ્છ વસ્ત્ર સાથે પ્રતિમાજીની પૂજા કરી, પૂજાનાં કપડામાં શ્રાવકો પાલખી ઊંચકતા. ભરૂચથી પ્રતિમાજી નદી અને દરિયા માર્ગે વહાણમાં લાવવાનાં હતાં. દિવસ એવો નક્કી કરવામાં આવ્યો હતો કે જેથી ચોમાસું નડે નહિ અને અમદાવાદથી હેમાભાઇ, બાલાભાઇ, ત્રિકમભાઇ વગેરે શ્રેષ્ઠિઓ મુંબઇ આવી શકે. વહાણવટાના વેપારી શેઠ મોતીશાહે પ્રતિમાજી લાવવા માટે નવું જ વહાણ તૈયાર કરાવ્યું. વહાણમાં ધૂપ, દીપ વગેરેની બરાબર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભરૂચથી વહાણ સૂરત બંદરે આવ્યું. ત્યાં એક દિવસ રોકાઇ, પવનની અનુકૂળતા થતાં તે મુંબઇ આવ્યું. શેઠ મોતીશાહે ભાવપૂર્વક ભારે ઠાઠમાઠથી પ્રતિમાજીનું સામૈયું કર્યું. વીર વિજયજી મહારાજ ચોથી ઢાળમાં લખે છે:

**શેઠ વધામણી સાંભળી, ઊઠ્યા તિણિ વેલા;**
**ચિંતે પૂરણ પુણ્યથી મનમોહન મેલા.**
**સામઈયું સજતા તિહાં બહુલા સાંબેલા;**
**નિજ નિજ ઘર પરિવારથી, બહુ સાજન ભેલા.**
**હાથી ઘોડા પાલખી, ચકડોલ રથાલી;**
**બહુલા વાજિંત્ર વાજતે, ગાવે લટકાલી.**
**ખીમચંદભાઇ પુત્ર તે મોતીશા કેરા;**
**અશ્વ ફૂલાંકિત આગલે, પુણ્યવંત અનેરા.**
**સાજન સાથે શેઠજી, ચાલે પરવરિયા;**
**એ સામૈયું દેખતાં કોણિક સાંભરિયા.**

આ પ્રસંગે મુંબઇમાં જે મોટો અપૂર્વ વરઘોડો નીકળ્યો તેનું વર્ણન કરતાં શ્રી વીરવિજયજી મહારાજ લખે છે:

**પરુણાંગત પ્રભુને પધરાવી,**
**મોતીશા નિજ મંદિર આવી;**
**ચિંતે મુજ ઘર સુરતુર ફલિયાં**
**વલી મો માગ્યા પાસા ઢલીયા.**
**સવી સંઘ તિહાં ભેલો કરીઓ,**
**જિન આણા તિલક શિરે ધરીયો;**
**જોશીએ મુહરત ઉચરીયો,**
**દેશાવર લખી કંકોતરીઓ.**
**ગામે ગામ તે વાંચી શ્લોક ઘણાં,**
**પરશંસે મારગ પુણ્ય તણાં;**
**આ કાલે એ પુણ્યવંત થયો,**
**એની નજરે દાલિદ્ર ગયો.**

આ પ્રસંગે જલયાત્રાનો મોટો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. સુહાગણ સ્ત્રીઓએ માથે જળકળશ લીધા હતા. શેઠાણી દિવાળીબાઇએ રામણ દીવડો લીધો હતો. હાથી, ઘોડા, રથ, ઘોડવેલ (ઘોડાગાડી), અષ્ટમંગલ. ધૂપ, દીપ, ચામર, છત્ર, ઇન્દ્રધ્વજ, ભેરીભૂંગળ, શરણાઇ, નગારાં વગેરે વડે આ વરઘોડો એવો તે શોભતો હતો કે શ્રી વીરવિજય મહારાજ કહે છે તેમ 'ટોપીવાળા અંગ્રેજ હાકેમો' પણ તે જોઇને બહુ જ હરખાતા હતા. વળી આ વરઘોડા માટે વિલાયતી વાજિંત્રો પણ બોલાવવામાં આવ્યાં હતાં. એટલે કે વિલાયતી બેન્ડવાજાં પણ એમાં હતાં.

આ જલયાત્રાનું વર્ણન કરતાં શ્રી વીરવિજયજી મહારાજે લખેલી નીચેની બે પંક્તિ આજ દોઢસો કરતાં વધુ વર્ષથી રોજે રોજ જિન મંદિરોમાં સવારે પ્રક્ષાલ-પૂજામાં બોલાય છે.

**લાવે લાવે મોતીચંદ શેઠ, નવણ જળ લાવે રે,**
**નવરાવે મરુદેવીનંદ, પ્રભુ પધરાવે રે.**

લગભગ દોઢ માઇલ જેટલો લાંબો વરઘોડો પાલવા બંદરેથી ભાયખલાની વાડીએ જઇ ઊતર્યો. ત્યાંથી પાછો એ વરઘોડો કોટમાં આવેલા શેઠને ઘરે જઇને ઊતર્યો. આ મંગલ પ્રસંગે મોતીશાહ શેઠે સારી પ્રભાવના કરી. રાત્રિજગો પણ રાખવામાં આવ્યો હતો. ત્યારપછી વિક્રમ સંવત ૧૮૮૫ના માગસર સુદ-૬ને દિવસે ભાયખલામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો.

ભાયખલામાં શત્રુંજયની ટૂંક થતાં કાર્તિકી પૂનમ અને ચૈત્રીપૂનમે ભાયખલાની જાત્રાએ જવાનો રિવાજ મુંબઇમાં પડી ગયો, જે આજ દિવસ સુધી ચાલુ છે. એ જમાનામાં કોટ વિસ્તારમાં રહેતા કેટલાએ જૈનો ભાયખલાના જિન મંદિરની નવ્વાણુની પગપાળા જાત્રા કરતા. શેઠ મોતીશાહે પોતાની બે ઘોડાની ફાઇટનમાં બેસી રોજ ભાયખલા દર્શન કરવા જવાનો નિયમ રાખ્યો હતો. જિંદગીના છેલ્લાં વર્ષો એમણે ભાયખલામાં બંધાવેલા પોતાના બંગલામાં પસાર કર્યાં હતાં. અને ત્યાં દેહ છોડ્યો હતો. ભાયખલાના દેરાસરમાં ઊંચા શિખરની રચનામાં ઉપર ધર્મનાથ ભગવાનનાં પ્રતિમાજી એવી રીતે પધરાવવામાં આવ્યાં હતાં કે પોતાના બંગલામાં બેઠાં બેઠાં શેઠને એ પ્રતિમાજીનાં, શિખરનાં અને ધજાનાં દર્શન થાય. (કેટલાંક વર્ષ પહેલાં ભાયખલાના મંદિરના થયેલા જીર્ણોદ્ધારમાં શિખરનો પણ જીર્ણોદ્ધાર થયો અને ભમતીમાં દેરીઓની રચના થઇ. તે પ્રસંગે આ ધર્મનાથ ભગવાનનાં પ્રતિમાજી શિખરમાંથી ખસેડી નીચે પાછળના ભાગની ભમતીમાં મધ્ય ભાગમાં પધરાવવામાં આવ્યાં છે.)

શ્રી વીરવિજયજી મહારાજે સાત ઢાળમાં આ ઐતિહાસિક ઘટનાનું નિરૂપણ કર્યું છે. દરેક ઢાળ એમણે તત્કાલીન પ્રચલિત દેશીઓના કે ગીતના ઢાળમાં લખી છે. એથી આખી કૃતિ સુગેય બની છે. એમણે જુદા જુદા પ્રસંગનાં દોરેલાં શબ્દચિત્રો તાદ્રશ અને જીવંત લાગે છે. પ્રાસની સંકલના પણ એમણે સારી કરી છે. છેલ્લી ઢાળમાં એમણે પોતાની ગુરુ-પરંપરાનો ઉલ્લેખ કર્યો છે. એમાં એમણે શ્રી વિજય દેવેન્દ્રસૂરિને મુંબઇમાં ચોમાસુ આગ્રહપૂર્વક રાખ્યા એવો નિર્દેશ કર્યો છે-'શ્રી વિજય-દેવેન્દ્રસૂરીસજી, રાખ્યા મુંબઇ ચઉમાસજી' એ ઘટના પણ ઐતિહાસિક છે, કારણ કે તે પૂર્વે મુંબઇમાં જૈન સાધુ કે યતિ આવતા ન હતા.

શ્રી વીરવિજયજી મહારાજ મોતીશાહ શેઠના જીવનની બે મહત્ત્વની ધાર્મિક ઘટનાઓ વિશે ઢાળિયાં લખવા પ્રેરાયા એ બતાવે છે કે શેઠ મોતીશાહનું જીવન કેટલું બધું પ્રેરક છે. આ ઐતિહાસિક ઢાળિયાં લખીને કવિએ શેઠ મોતીશાહની સ્મૃતિને ચિરંજીવી બનાવી દીધી છે.

કવિ શ્રી વીરવિજયજી મહારાજે શેઠ મોતીશાહના જીવનના બીજા જે એક મહત્ત્વના ઐતિહાસિક પ્રસંગનું નિરૂપણ ઢાળિયામાં કર્યું છે એ પ્રસંગ કુંતાસરની પ્રતિષ્ઠાને લગતો છે. એમાં શેઠ મોતીશાહે સિદ્ધિગિરિ ઉપર બંધાવેલી ટુંકમાં એમના સ્વર્ગવાસ પછી થયેલા અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવનું વર્ણન છે. ભાયખલાની પ્રતિષ્ઠાનાં ઢાળિયાનું શ્રી વીરવિજયજીએ એ પ્રસંગ નજરે જોઇને કર્યું નથી. એમણે સાંભળેલી વિગતો ઉપરથી એ વર્ણન કર્યું છે. કુંતાસરની પ્રતિષ્ઠા વખતે શ્રી વીરવિજયજી ત્યાં જાતે ઉપસ્થિત હતા. આ ઢાળિયા 'કુંતાસરની પ્રતિષ્ઠાનાં ઢાળિયાં' તરીકે લખાયાં હતાં, કારણ કે 'કુંતાસર' નામનું તળાવ, જે શત્રુંજય પર્વત ઉપર આદીશ્વર દાદાની મોટી ટુંકની બાજુમાં ખીણમાં આવેલું હતું તે ત્યારે જાણીતું હતું. આજે હવે કુંતાસરનું નામ ભૂલાઇ ગયું છે કારણ કે એ તળાવનું અસ્તિત્વ હવે રહ્યું નથી.

કુંતસારની જગ્યાએ શેઠ મોતીશાહે બંધાવેલી ટુંકમાં અંજનશલાકા પ્રતિષ્ઠાનો મહોત્સવ વિ. સં. ૧૮૯૩માં થયો હતો. આ મહોત્સવ પૂરો થયો અને સંઘ મુંબઇ પાછો ફર્યો ત્યાં સુધીનું વર્ણન આ ઢાળિયામાં છે. એટલે કે પછી એ જ વર્ષમાં શ્રી વીરવિજયજી મહારાજે આ ઢાળિયાની રચના કરી હતી. શ્રી વીરવિજયજી મહારાજ પોતે ત્યારે પાલિતાણામાં ઉપસ્થિત હતા, કારણ કે તપગચ્છ, ખરતરગચ્છ અને સાગરગચ્છ એ ત્રણે ગચ્છના આચાર્ય ભગવંતોને અને મુનિ ભગવંતોને પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે આગ્રહભર્યું નિમંત્રણ હતું. ઢાળિયામાં થયેલા વર્ણનની તાદશ્યતા પણ આ વાતની પ્રતીતિ કરાવે છે.

કુંતાસરમાં બંધાયેલી ટુંકની પ્રતિષ્ઠાના મહોત્સવની કરુણ બાબત એ છે કે શેઠ મોતીશાહે અઢળક ધન ખર્ચીને એ ટુંક બંધાવી, પરંતુ પ્રતિષ્ઠાનો દિવસ આવે તેના છ એક મહિના પહેલાં જ તેમનો સ્વર્ગવાસ થયો. વીરવિજયજી મહારાજે આ ઢાળિયામાં શેઠ મોતીશાહે દેરાસર બંધાવવા માટે આ જગ્યા પસંદ કરી ત્યારથી શરૂ કરી પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયો ત્યાં સુધીની પાંચ છ વર્ષની ઘટનાઓનો નિર્દેશ કાલાનુક્રમે કરી લીધો છે. એ દષ્ટિએ આ ઢાળિયાં ઐતિહાસિક માહિતી માટે પ્રમાણભૂત બને છે.

કવિએ આ ઢાળિયાંની રચના સાત ઢાળમાં કરી છે. વિવિધ લોકપ્રિય દેશીમાં આ ઢાળોની રચના થયેલી છે. કવિ પ્રથમ ઢાળમાં શત્રુંજય મહાતીર્થને પ્રાચીન કાળથી ચાલ્યો આવતો મહિમા દર્શાવી, શેઠ અમીચંદ સાકરચંદના સુપુત્ર શેઠ મોતીશાહ અને એમના સુપુત્ર તે ખીમચંદભાઇનો નામ-નિર્દેશ કરે છે. શેઠ મોતીશાહને 'કળિયુગના કલ્પવૃક્ષ' તરીકે ઓળખાવતાં કવિ લખે છે :

**અમીચંદ સાકરચંદ તણાં**
**કલિજુગમાં કલ્પવૃક્ષ બન્યા**
**ઉપગારી તરુછાયા ઘણાં;**
**શેઠ મોતીશાહ ધનરાસે**
**પૂરે દીન દુખિયાંની આશે.**
**કલકત્તા વળી મદ્રાસે**
**દરીઆ માંહી જહાજ ઘણાં.**
**ચીન દેશે વિલાયત સુણાં;**
**શેઠ મોતીશાહ નામ તણાં:**

મહિમાવંત સિદ્ધગિરિ ઉપર શેઠ મોતીશાહને ટુંક બંધાવવાની ઘણી હોંશ હતી. કવિ બીજી ઢાલનો આરંભ કરતાં લખે છે:

**સંવત અઢારસેં અઠાસી માંહે**
**સિધગેરી શિખર વિચાલેજી રે;**
**કુંતાસરનો ખાડો મોટો,**
**શેઠજી નયણે નિહાળે જી.**

શેઠ મોતીશાહને શત્રુંજય તીર્થની યાત્રામાં ઘણી દઢ શ્રદ્ધા હતી. એમણે ત્યાં એક ટુંક બંધાવવાનો નિર્ણય કર્યો. એનો ઇતિહાસ રસિક છે. કવિએ તો અહીં માત્ર તેનો ચાર-છ પંક્તિમાં નિર્દેશ કર્યો છે.

શેઠ મોતીશાહ પોતાના વેપારમાં દિવસે દિવસે વધુ અને વધુ ધન કમાવા લાગ્યા હતા. સાથે સાથે તેઓ ઘણી મોટી રકમ દાનમાં વાપરવા લાગ્યા હતા. એમનો વહાણવટાનો વેપાર હતો. તે વખતે અંગ્રેજ સરકારનું રાજ્ય હતું. શેઠ મોતીશાહના વહાણવટાના વેપારમાં એક વખત જકાતની બાબતમાં રૂપિયા તેર લાખ જેટલી જંગી રકમનો વાંધો અંગ્રેજ સરકાર સાથે પડ્યો. કોર્ટમાં ચાલતી એ બાબતમાં જો પોતે જીતી જાય તો સરકાર પાસેથી પાછી મળતી બધી જ રકમ શત્રુંજય પર્વત ઉપર ટુંક બંધાવવામાં ખરચવાનો એમણે શુભ સંકલ્પ કર્યો. શેઠ મોતીશાહ પોતાની ધર્મશ્રદ્ધાને બળે આ બાબતમાં વિજયી બન્યા. એટલે એમણે તરત પોતાના સંકલ્પ અનુસાર શત્રુંજય પર્વત ઉપર જઇ મોટી કલાત્મક ટુંક બંધાવવા માટે જગ્યાનું અવલોકન કરવાનું વિચાર્યું. એ વખતે અમદાવાદના નગરશેઠ હેમાભાઇ પણ શત્રુંજય ઉપર ટુંક બંધાવવાની ભાવના સાથ આવ્યા હતા. બંને ડુંગર ઉપર જગ્યા માટે ફરતા હતા. મોતીશાહ શેઠને કોઇ જગ્યા અનુકૂળ ન લાગી. પછી એમણે વિચાર કર્યો કે આદીશ્વર દાદાની મોટી ટુંકની બાજુમાં જે ખીણ છે અને ખીણમાં 'કુંતાસર'નામનું તળાવ છે, એ તળાવ અને આખી ખીણ જો પૂરવામાં આવે તો ઉપર વિશાળ સમથળ જગ્યા થાય. અને યાત્રિકોને બે ડુંગરની જે ચઢ ઊતર કરવી પડે છે તે ન કરવી પડે. બસો ફૂટ ઊંડી ખીણ પૂરવાનો વિચાર આવવો એ જ સ્વપ્ન જેવી નવાઇ ભરેલી ગણાય. આ વાત સાંભળી શેઠ હેમાભાઇ આશ્ચર્યચકિત થઇ ગયા. એમણે કહ્યું, 'શેઠ મોતીશાહ! તમે તો મુંબઇમાં કોલાબાની ખાડી પૂરાતી જોઇ છે. એટલે ભરણી કરી જગ્યા મેળવવાનો વિચાર તમને આવે એ સ્વાભાવિક છે. વળી તમે તો તમારી માલ ભરેલી વખારોમાંથી ફક્ત એક વખારનો માલ ઠાલવી દો તો પણ કુંતાસરની ખીણ પૂરાઇ જાય. તમારી શક્તિની તે કંઇ વાત થાય?'

શેઠ મોતીશાહે કુંતાસરનો ખાડો પૂરાવવાનો વિચાર કર્યો એ ખરેખર અસાધારણ વિચાર હતો. એટલા માટે જ કવિ વીરવિજયજી આ બીજી ઢાળમાં લખે છે:

**ચોથે આરે બહુ ધનવંતા**
**પણ નવી ખાડો પૂરાવ્યો જી**
**આ કાળે મોતીશા શેઠે,**
**કનક રૂપઇએ ભરાવ્યો જી રે**

ખીણ પૂરવાની સ્વપ્ન જેવી વાત શેઠ મોતીશાહે નક્કર હકીકતની જેમ પુરવાર કરી આપી. એમના આ કાર્યથી એમને વેપારમાં પણ ઉત્તરોત્તર વધુ લાભ થવા લાગ્યો. શત્રુંજય ઉપર ટુંક બાંધવા માટે એમણે પાલિતાણામાં આખું વ્યવસ્થાતંત્ર ઊભું કરી દીધું. શિલ્પ અને સ્થાપત્યની બધી જવાબદારી સુપ્રસિદ્ધ મિસ્ત્રી રામજી સલાટને સોંપવામાં આવી. પાંચ-છ વર્ષ ચાલનારું આ કામ ઝડપથી થાય એ માટે એમણે એ દિવસોમાં ૧૧૦૦ કારીગરો અને ૩૦૦૦ જેટલા મજૂરોને રોક્યા હતા. ઠેઠ નીચેથી ખીણનું પુરાણ માટીથી નહિ પણ પથ્થરથી કરવામાં આવ્યું હતું. એમણે પાંચ હજાર જેટલી નવી પ્રતિમાઓ ઘડાવી કો જેમાંથી ત્રણ હજાર જેટલી સુંદર પ્રતિમાઓની પસંદગી થઇ શકે અને અન્ય સંઘોને પણ આપી શકાય. કવિ લખે છે:

**રીખવદેવ પુંડરીક પ્રમુખની**
**પડિમા ત્રણ હજારોજી રે**
**નવી ભરાવી ચિત્ત ઉદારે**
**વિધિશું શાસ્ત્ર પ્રમાણજી**

'કવિએ વિધિશું શાસ્ત્ર પ્રમાણ' એમ લખ્યું છે તે યથાર્થ જ છે. શેઠ મોતીશાહની ભાવના એટલી ઊંચી હતી કે પથ્થરમાંથી પ્રતિમા ઘડતી વખતે પણ શિલ્પીઓ નાહી ધોઇ, પૂજામાં કપડાં પહેરી, મુખકોશ બાંધી પ્રતિમા ઘડે. મુખમાંથી આખો દિવસ દુર્ગંધ ન આવે એટલે દરેકને સવારે કેસર-કસ્તુરીનો મુખવાસ આપવામાં આવતો. વળી રસોડામાં શિલ્પીઓ માટે રસોઇ એવી બનાવવામાં આવતી કે જેથી તેઓને વાછૂટ ન થાય. અને થાય તો સ્નાન કરી લેવું પડતું. વળી પ્રતિમાજીને ઘડતી વખતે ઊંધા કરવાની કે બે પગ વચ્ચે દબાવવાની પણ મનાઇ હતી. આ રીતે આ ટુંક અને પ્રતિમા વગેરે બંધાવવામાં શેઠને કેટલું ખર્ચ થયું તેનો નિર્દેશ કરતાં કવિ લખે છે:

**અંજનશલાખા પ્રમુખ સામગ્રી**
**મેળવતાં ગુરુ સંગેજી રે;**
**નવ લાખ ઉપર સાતસેં રૂપઇયા**
**ખરચાણાં મન રંગે જી.**

જે જમાનામાં આખા દિવસની મજૂરી પાંચ દસ પૈસા જેટલી હતી એ વખતે આટલી બધી મોટી રકમ ખર્ચવાનો પોતાને ભાવ થવો એ શેઠ મોતીશાહના હૃદયની ઉદારતા અને વિશાળતા દર્શાવે છે.

શેઠ મોતીશાહે શત્રુંજય ઉપર ટુંક બંધાવવાનો નિર્ણય કર્યો ત્યારે એમની ઉંમર ૪૭ વર્ષની હતી. પરંતુ ૫૩ વર્ષની વયે એમની તબિયત લથડી. પોતે પ્રતિષ્ઠાનો દિવસ જોશે કે કેમ કે વિશે શંકા થવા લાગી. પરંતુ એમની ભાવના કેટલી બધી ઊંચી હતી ! એમણે પોતાના પુત્ર ખીમચંદભાઇને ભલામણ કરતાં કહ્યું, 'મારે પ્રતિષ્ઠા જરૂર કરવી છે, પણ ગોડીજી મહારાજનો હુકમ હશે તેમ થશે. મારું શરીર પડી જાય તો શોક કરવો નહિ, શોક પાળવો નહિ, લીધેલ મૂરત ફેરવવું નહિ અને મારી ખોટ જણાવા દેવી નહિ.'

પ્રતિષ્ઠાનું મૂહૂર્ત વિ. સં. ૧૮૯૩ના મહા વદ બીજનું હતું. પરંતુ વિ. સં. ૧૮૯૨ના પર્યુષણ પર્વ દરમિયાન ભાદરવા સુદ એકમને દિવસે ચોપન વર્ષની વયે શેઠ મોતીશાહનો સ્વર્ગવાસ થયો. પ્રતિષ્ઠા અંગે પોતાની બધી સૂચનાઓ લખીને એ કાગળ એમણે એક પેટીમાં મૂક્યો હતો. શેઠ મોતીશાહ પ્રતિષ્ઠા પૂર્વે સ્વર્ગવાસ પામ્યા. એ ઘટનાનું સરસ અર્થઘટન વીરવિજયજી મહારાજે ત્રીજી ઢાળમાં કર્યું છે. તેઓ લખે છે કે દેવલોકમાં શેઠના ગુણોની ઘણી પ્રશંસા થવા લાગી એટલે દેવોએ મોતીશાહ શેઠને સ્વર્ગલોકમાં પધારવાનું નિમંત્રણ આપ્યું. એટલા માટે સ્વર્ગલોકમાં ગયા.

**અનીહાંરે દેવ ઘણા દેવલોકમાં રે**
**શેઠના ગુણ ગાય વિશેષ;**
**અનીહાંરે દક્ષિણતા ગુણ શેઠની રે**
**પારસ સમ સ્વર્ગે ગવાય.**
**અનીહાંરે દક્ષિણતા પણ આપણું રે**
**નહિ લોપો એમ દિલ થાય;**
**અનીહાંરે સ્વર્ગે શેઠને નુતર્યા રે**
**કરો પાવન અમ ઘર આજ.**

☆ ☆ ☆

**અનીહાંરે ભાદરવો બાણુઆ તણો રે**
**શુદ પડવે ને રવિવાર,**
**અનીહાં રે મહુરત લઇ સીધાવિયા રે**
**કાંઇ શેઠજી સ્વર્ગ મોઝાર.**

મોતીશાહના સ્વર્ગવાસ પછી એમના સુપુત્ર ખીમચંદ શેઠે મુંબઇથી શત્રુંજયનો સંઘ કાઢ્યો. ત્રીજી ઢાલમાં કવિએ એનું વર્ણન કર્યું છે. આટલો મોટો સંઘ આ પૂર્વે ક્યારેય નીકળ્યો નહોતો. પાલિતાણામાં તો જાણે અદ્ભુત દશ્ય થઇ ગયું હતું. એક દુ:ખદ ઘટના એ બની કે આ મહોત્સવ દરમિયાન મોતીશાહનાં પત્ની દિવાળાબાઇનું અવસાન થયું. કવિ એ ઘટનાનું પણ શુભ અર્થઘટન કરતાં કહે છે કે તેઓ શેઠને પુત્રના સુંદર સંઘની વધામણી આપવા સ્વર્ગમાં પહોંચી ગયાં.

**સંઘ સવાલાખ આસરે રે**
**સંઘવી એક હજાર સલુણા;**
**કરી મંડપ પધરાવતા રે**
**પડિમા પાંચ હજાર સલુણા.**
**માતા દિવાળી બાઇને રે**
**દેખી હરખ ન માય સલુણા;**
**પુત્ર વધામણી શેઠને રે**
**દેવા સ્વર્ગે સિધાય સલુણા.**
**શેઠ મોતીશા સાંભળી રે**
**શાજ કરે તતખેવ સણુલા;**
**શાલિભદ્રને પૂરતા રે**
**જેમ ગોભદ્ર દેવ સલુણા.**

સવા લાખ માણસોને પાલિતાણા ગામ બહાર રહેવા માટે તંબૂઓ તાણી એક બહુ મોટા કેમ્પ જેવી રચના કરવામાં આવી હતી અને ન્હાવા ધોવા તથા ખાવા પીવાની પણ બહુ સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. વીજળીના દીવા ત્યારે ચાલુ થયા નહોતા. ઘી-તેલના દીવા તથા મશાલો વગેરે સળગતી રાખવામાં આવતી. પાલિતાણામાં લોકોના ઉતારાંના સ્થાનોમાં જે મશાલો તથા દીવાબત્તી કરવામાં આવ્યાં હતાં એની ઝાકઝમાળ જોઇને કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે જાણે વીજળી પણ વિસામો લેવા લાગી હતી.

**સહસ ગમે દીવા ઝગે રે**
**લેતી વિસામા વીજ સલુણા;**

પાંચમી અને છઠ્ઠી ઢાળમાં તીર્થંકર ભગવાનનાં પંચકલ્યાણકની વિધિનું, અંજનશલાકાનું તથા પ્રતિષ્ઠા વિધિનું વર્ણન કરવામાં આવ્યું છે.

પાલિતાણામાં જુદી જુદી વિધિ જુદા જુદા દિવસે કરવામાં આવી. વિ. સં. ૧૯૮૩ના મહા વદ બીજના રોજ શત્રુંજય ઉપર મૂળ નાયક ઋષભદેવ ભગવાનનાં પ્રતિમાજી પધારવામાં આવ્યાં.

પ્રતિષ્ઠા મહોત્સવ રૂડી રીતે ઊજવાયો. સવા લાખ લોકો લગભગ એક મહિનો પાલિતાણામાં રહ્યા. રોજ જુદી જુદી વિધિ અને જુદા જુદા કાર્યક્રમો થતા. મહોત્સવ પૂર્ણ થતાં ખીમચંદ શેઠ પોતાનો સંઘ લઇ, માર્ગમાં તળાજાની જાત્રા કરી વહાણ માર્ગે મુંબઇ પાછા ફર્યા. એ જમાનાની એ એક ખરેખર અજોડ ઘટના હતી. કવિ ઢાળિયાને અંતે યોગ્ય રીતે જ કહે છે:

**સંઘમાલ શુદી ફાગણે,**
**બુધ બીજ ઉત્સવ થાય;**
**આ જગમાં આ વારતા રે,**
**કઇ પડછો નવી દેવાય.**

આમ, કવિ વીરવિજયજીએ કુંતાસરની પ્રતિષ્ઠાનાં ઢાળિયાં લખીને એક મહત્ત્વના ઐતિહાસિક દસ્તાવેજની ગરજ સારે એવી સુંદર, સુગેય કાવ્યકૃતિ આપી છે. પ્રસંગોનું રસિક વર્ણન, ઘટનાઓનું સરસ અર્થઘટન, પાત્રા-લેખનની સુરેયતા, મનોરમ પ્રાસ સંકલના, વિવિધ દેશીના રાગમાં ગાવા માટેની સુગેયતા અને ઐતિહાસિક વિગતોનો નિર્દેશ વગેરેને લીધે મોતીશાહ શેઠ વિશેનાં આ બંને ઢાળિયાં કાવ્યકૃતિ લેખે મનભર બન્યાં છે.

♦♦♦

# શ્રી ચીમનલાલ જે. શાહના અભિવાદનનો કાર્યક્રમ

□ **અહેવાલ : ચીમનલાલ કલાધર**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સાડા છ દાયકા સુધીની અવિરત વિકાસયાત્રામાં સંઘના વિવિધ હોદ્દાઓ પર રહી ચાર દાયકા જેટલી અખંડ અને સંનિષ્ઠ સેવા આપનાર શ્રી ચીમનલાલ જે. શાહનું એમના દામ્પત્ય જીવનની અર્ધશતાબ્દી પ્રસંગે અભિવાદન કરવાનો એક કાર્યક્રમ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શનિવાર, તા. ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે ચોપાટી સ્થિત બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ચીમનભાઇનો અભિવાદન કરવાનો અનેરો અવસર યુવક સંઘને સાંપડ્યો છે. તેનો અમને સૌને આનંદ છે. ચીમનભાઇએ સતત ચાલીસ વર્ષ સુધી સંઘને સેવા આપી છે અને આજે પોતાના દામ્પત્ય જીવનનાં પચાસ વર્ષ પૂર્ણ કરે છે એ આપણા સૌ માટે હર્ષનો વિષય છે. આ પ્રસંગે આપ સૌનું સ્વાગત કરતાં ધન્યતા અનુભવું છું.

જાણીતા સ્વાતંત્ર્યસેનાની ગાંધીવાદી ડૉ. ઉષાબહેન મહેતાએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે ચીમનભાઇ સંનિષ્ઠ અને ભેખધારી સમાજસેવક છે. એક કર્મયોગી અને પ્રબુદ્ધ નાગરિક તરીકે તેમને હું વર્ષોથી જાણું છું. તેમણે સાહિત્ય વાંચ્યું છે, જીવનમાં પરિણમાવ્યું છે અને લોકોમાં વહેંચ્યું પણ છે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી દામજીભાઇ એન્કરવાલાએ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે ચીમનભાઇ યુવક સંઘના પાયાના પથ્થર છે. એ તો ખરું જ પરંતુ તેઓ સૌના હૃદયમાં બિરાજ્યા છે તે મોટી વાત છે. 'ગમતાનો કરીએ ગુલાલ'નો નાદ તેમણે પોતાના અને અન્યોના જીવનમાં સદાય પ્રજ્વલિત રાખ્યો છે. પંચોતેર વર્ષની વયે તેઓ આટલા પ્રફુલ્લિત છે. તેમની પાસેથી બીજાઓએ પ્રેરણા લેવા જેવી છે.

ઋતુંભરા વિદ્યાપીઠનાં મુખ્ય સૂત્રધાર શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાએ ચીમનભાઇની સેવાને બિરદાવતાં કહ્યું હતું કે ચીમનભાઇનું સમગ્ર વ્યક્તિત્વ નિર્મળ અને પારદર્શી છે. તેમનાં વાણી અને વર્તનમાં સદૈવ સુવાસ પ્રસરે છે. શક્તિદળ અને ઋતુંભરા વિદ્યાપીઠને તેમનો વર્ષોથી સહયોગ મળતો રહ્યો છે. ચીમનભાઇના અવાજમાં મધુરતા અને વાત્સલ્ય છે.

ભારત જૈન મહામંડળના ઉપાધ્યક્ષ શ્રી વસનજી લખમશી શાહે ચીમનભાઇની સેવાપરાયણતાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ચીમનભાઇની વ્યવસ્થા શક્તિ અજોડ છે. કાર્યક્રમનું સંચાલન પણ તેમની આગવી કલા છે. યુવક સંઘના તેઓ પાયાના પથ્થર છે. તેમનું વ્યક્તિત્વ જ એવું છે કે લોકો આપોઆપ તેમની તરફ આકર્ષાય છે.

શ્રીમતી જયવતીબહેન કાજીએ પોતાનું વક્તવ્ય રજૂ કરતાં કહ્યું હતું કે ચીમનભાઇ મારે માટે સંકટ સમયની સાંકળ સમા છે. અમે બાલકન-જી બારીમાં સાથે કામ કરતાં હતાં. યુવક સંઘમાં તેમણે ચાલીસ કરતાં વધુ વર્ષોની સેવા આપી છે. જાહેર જીવનમાં આટલા લાંબા સમય સુધી કામ કરવું અને સાથે બધાની ચાહના મેળવવી તે સહેલું કામ તો નથી જ. ચીમનભાઇ મહેફીલ, મીટિંગ અને માઇકના માણસ છે. તેમના સેવાકાર્ય પાછળ પ્રેરક બળ તેમનાં ધર્મપત્ની મંજુલાબહેન છે.

જૈન અગ્રણી પદ્મશ્રી શ્રી મહીપતભાઇ જાદવજી શાહે આ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે ચીમનભાઇ સાથે છેલ્લાં ચાલીસ વર્ષથી મારો સંબંધ છે. ચીમનભાઇનો ભૂતકાળ વાગોળવા જેવો છે. ચીમનભાઇનાં સંસ્મરણો વિશે એક પુસ્તક પણ લખી શકાય. તેઓ મિત્રોમાં નિત્ય પ્રેમની લહાણી કરતા રહ્યા છે. કોઇને દુભવવા જ નહિ, કોઇને દુઃખ પહોંચાડવું નહિ તે વાત તેમના જીવનમાં વણાઇ ગઇ છે.

પ્રા. તારાબહેન ર. શાહે આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે ચીમનભાઇની સેવાની અનુમોદના કરવાનું આયોજન થયું તે માટે અમારા દિલમાં અત્યંત આનંદ છે. ચીમનભાઇ અમારા ધ્રાંગધ્રાનું ગૌરવ છે. ચીમનભાઇ અને મંજુલાબહેનની પ્રસન્નતા પાછળ તેમના દામ્પત્ય જીવનની તપશ્ચર્યા છે. ચીમનભાઇને પંચોતેર વર્ષ થયાં, પરંતુ હજુ પણ તેઓ એટલા જ સક્રિય છે. ચીમનભાઇ આ ઉંમરે પણ સતત પ્રવૃત્તિશીલ રહેવાના જ. પ્રવૃત્તિ એ જ જાણે એમનું જીવન છે. તેમની સામાજિક અને સાંસ્કારિક ચેતના અનેકોને પ્રેરણા આપો એવી શુભકામના.

સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક શ્રી હરિભાઇ કોઠારીએ તેમની લાક્ષણિક શૈલીમાં વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે ચીમનભાઇના ત્રણ અક્ષરોનો અર્થ સમજવા જેવો છે. 'ચી' એટલે ચીવટ રાખો, 'મ' એટલે મસ્તીથી જીવો અને 'ન' એટલે નમ્ર રહો. દીર્ઘકાલ, નિરંતર અને સતત કાર્યરત રહેવું અને સૌનો સદ્‌ભાવ ટકાવી રાખવો તે બહુ મોટી વાત છે. ચીમનભાઇએ એ વાત પોતાના જીવનમાં સિદ્ધ કરી બતાવી છે. ચીમનભાઇ હંમેશાં મસ્તીમાં જ જીવે છે. તેમની માનસિક સ્વસ્થતા ગજબની છે. પોતાને આશ્વાસનની જરૂર હોય ત્યારે તે બીજાને આશ્વાસન આપતા હોય. તેમનાં પત્ની મંજુલાબહેન પણ ચીમનભાઇના સેવાકાર્યોમાં સાથે ને સાથે રહે છે એ ગૌરવની વાત છે. આવું મધુર દામ્પત્ય જીવન ઇશ્વરની અનહદ કૃપા હોય તો જ મળે !

શ્રી સુબોધભાઇ એમ. શાહે ચીમનભાઇની સેવાનિષ્ઠાની પ્રશંસા કરતાં કહ્યું હતું કે ચીમનભાઇએ કોઇ દિવસ કોઇના પ્રત્યે પૂર્વગ્રહ કે વેરભાવ રાખ્યો નથી. પરમાનંદભાઇ કાપડિયાએ તેમનું જીવન ઘડતર કર્યું છે. ચાલીસ વર્ષની સંઘની સેવામાં તેમનું યોગદાન બહુમૂલ્ય રહ્યું છે. મંજુલાબહેન તેમના સેવાકાર્યમાં પ્રેરણાબળ રહ્યાં છે.

પ્રાસંગિક વક્તવ્યો બાદ કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના વરદ્ હસ્તે શ્રીફળ, શાલ અને ચાંદીનું કાસ્કેટ આપી સેવાપરાયણ શ્રી ચીમનભાઇનું તાળીઓના ગડગડાટ વચ્ચે અભિવાદન કરાયું હતું. શ્રીમતી મંજુલાબહેનનું સન્માન જયવતીબહેન કાજીએ શાલ ઓઢાડી કર્યું હતું.

કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે ચીમનભાઇની સેવાઓને બિરદાવતાં કહ્યું હતું કે એમને ચાર દાયકામાં સંઘના ચાર પ્રમુખ સાથે કામ કરવા મળ્યું. તેઓ મધુરભાષી, ઉદાર દિલ, સ્નેહવત્સલ સૌજન્યમૂર્તિ છે. તેમના જીવનમાં વિવિધ સંસ્કારનો સુંદર સમન્વય થયો છે. ચીમનભાઇના જીવનમાં જૈન, વૈષ્ણવ, ઇસ્લામ, શીખ, ચાર્વાક, જરથોસ્ત વગેરે ધર્મનો સમન્વય પણ કેવી રીતે ઘટાવી શકાય તે હળવી રમૂજી શૈલીમાં તેમણે સમજાવ્યું હતું. તેમણે ચીમનભાઇની મૂલ્યવાન સેવાઓને બિરદાવી હતી.

સન્માનનો પ્રત્યુત્તર આપતાં શ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું હતું કે આજનું આ સન્માન મારું નથી. યુવક સંઘનું અને તમારા સૌનું છે. પરમાનંદભાઇ કાપડિયા, ચીમનલાલ ચકુભાઇ શાહ અને ડૉ. રમણભાઇ શાહ પાસેથી મને ઘણું ઘણું શીખવા મળ્યું છે. પૂ. ગાંધીજી, પં. સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, ગૌરીપ્રસાદ ઝાલા વગેરે વિભૂતિઓના સત્સંગનો લાભ મને મળ્યો છે. તેને હું મારું મોટું સદ્‌ભાગ્ય ગણું છું. મારા સેવાકાર્યની કે મારા લગ્ન જીવનની અર્ધ શતાબ્દીની વાત મારે નથી કરવી. મારે તો બસ એટલું જ કહેવું છે કે જીવનને હંમેશાં આનંદમય, હાસ્યમય, શાંત, સ્વસ્થ અને કલેશરહિત રાખો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી હંસિકા કિશોરના મધુર ગીતોથી થયો હતો. કાર્યક્રમનું સુંદર અને સુચારુ સંચાલન સંઘના મંત્રી શ્રીમતી નિરુબહેન એસ. શાહે કર્યું હતું. અન્ય મંત્રી શ્રી જયવદન રતિલાલ મુખત્યારે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મુંબઇના અનેક નામાંકિત અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી ચીમભાઇની સેવાને બિરદાવવાનો આ કાર્યક્રમ સૌના ઉષ્માભર્યા સહયોગથી અત્યંત વિશિષ્ટ, વિરલ, યશસ્વી અને યાદગાર બની રહ્યો. કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. શ્રી ચીમનભાઇના સુપુત્ર શ્રી નીતિનભાઇએ કુટુંબીજનો વતી આ પ્રસંગે રૂપિયા એકાવન હજારની રકમ સંઘને ભેટ આપવાની જાહેરાત કરી હતી.

☆ ☆ ☆

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૨-૩ ● ● તા. ૧૬-૩-૯૬ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## મારા પિતાશ્રી

મારા પૂજ્ય પિતાશ્રી ચીમનલાલ અમૃતલાલ શાહે ગયા મહા વદ અમાસના દિવસે (તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ) ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો. ચિત્તની સ્વસ્થતા અને સમતા, નિર્વ્યસનીપણું, કાયમ ઉણોદરી વ્રત અને પ્રભુભક્તિ એ એમના દીર્ઘાયુનું રહસ્ય છે. આ ઉંમરે પણ તેઓ ઘરમાં લાકડીના ટેકા વગર ચાલે છે. જરૂર પડે તો ભીંતનો ટેકો લે છે. આખો દિવસ સતત બેઠેલા રહે છે. દિવસે ઊંઘતા નથી. પુસ્તકો અને છાપાંઓ નિયમિત વાંચે છે. (નેવું વર્ષની ઉંમર પછી તેમને બંને આંખે મોતિયો આવેલો તે ઊતરાવી લીધો હતો.) તેમને કાને બરાબર સંભળાય છે. માથે ટાલ પડી નથી. કેટલાક વખત પહેલાં કોઈ કોઈ વાળ પાછા કાળા થયા હતા. તેમના બધા દાંત પ્રૌઢાવસ્થામાં ગયેલા. ચોકઠું કરાવેલું, પણ પહેર્યું નહિ. વગર દાંતે, પેઢા મજબૂત થઈ ગયાં હોવાથી ખાઈ શકે છે. પાચનક્રિયા બરાબર ચાલે છે. રાતના સૂઈ જાય કે તરત ઊંઘ આવી જાય છે. રાતના પેશાબ કરવા ઊઠવું પડતું નથી. સંજોગવશાત્ રાત્રે મોડા સૂવાનું થાય તો પણ વહેલી સવારે સમયસર ઊઠી જાય છે. તેમને શરીરમાં કોઈ બીમારી નથી. હાર્ટ ટ્રબલ, ડાયાબિટિસ, બ્લડપ્રેશર, પાઈલ્સ, અસ્થમા, કે એવો કોઈ રોગ નથી. ચાલીસેક વર્ષની ઉંમરે દમનો વ્યાધિ લાગુ પડ્યો હતો. તે વખતે ક્યારેક તો એ રોગના જીવલેણ હુમલા આવ્યા હતા. પરંતુ ભારે પુરુષાર્થ કરી એમણે એ રોગને એવો તો નિર્મૂળ કર્યો કે જિંદગીમાં બીજી વાર તે થયો નથી. એ વખતે ભાયખલામાં દવાખાનું ધરાવતા એક ભલા પારસી ડૉક્ટર દારૂવાલાની દવા એમને માફક આવી ગઈ હતી.

રોજ સવારે સાડા પાંચ કે છ વાગે ઊઠતાંની સાથે પથારીમાં બેઠાં બેઠાં જ તેઓ એક કલાક ઉચ્ચ સ્વરે પ્રભુસ્તુતિ કરે છે. આત્મરક્ષા મંત્ર, નવકાર મંત્રનો છંદ, ગૌતમ સ્વામીનો છંદ, રત્નાકર પચીસી, કેટલાંક પદો તથા સ્તવનો તેઓ રોજ બોલે છે. પહેલા તીર્થંકર ઋષભદેવથી ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી સુધી રોજ અનુક્રમે એક તીર્થંકરના ઓછામાં ઓછાં પાંચ સ્તવન ગાય છે. બે કે ત્રણ સ્તવન યશોવિજયજીનાં, એક આનંદઘનજીનું એક દેવચંદ્રજીનું અને એક મોહનવિજયજીનું. આ ઉપરાંત પણ કોઈ જાણીતું સ્તવન હોય તો તે બોલે છે. પછી આખો દિવસ જે તીર્થંકર ભગવાનનાં સવારે બોલેલાં સ્તવનો હોય તે એમના મનમાં ગુંજ્યાં કરે છે. અગાઉ તેમને દોઢસોથી વધુ સ્તવનો કંઠસ્થ હતાં. છેલ્લાં કેટલાંક વર્ષથી કોઈ કોઈ સ્તવનમાં ભૂલ પડે છે. એટલે સ્તવનની ચોપડી હવે પાસે રાખે છે. સવારે ચા-પાણી લઈ, સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી તેઓ નવસ્મરણ બોલે છે. નવસ્મરણ એમને કંઠસ્થ છે, પણ હવે તેમાં પણ ભૂલ પડતી હોવાથી પાસે ચોપડી રાખે છે. સવારે ભોજન પછી તેઓ આખો દિવસ લોગસ્સ સૂત્રનું રટણ કરે છે. સરેરાશ બસો વખત લોગસ્સ બોલાતો હશે. દિવસ દરમિયાન બપોરે છાપાં, સામયિકો કે પુસ્તકનું યથેચ્છ વાંચન કરે છે. પોતે જે જે વાંચ્યું હોય તેમાં પેન્સિલથી લીટી કરી નિશાની રાખે છે કે જેથી ભૂલથી ફરીથી એ વાંચવામાં ન આવે. કોઈ મળવા આવ્યું હોય તો તેટલો સમય વાતચીતમાં પસાર થાય છે. આ ઉંમરે પણ સ્મૃતિ ઘણી જ સારી છે. વર્ષો પહેલાંની ઘટનાઓ અને નામો બધું સ્મૃતિમાં તાજું છે.

પિતાશ્રીનો જન્મ ઈ. સ. ૧૮૯૭માં પાદરામાં થયો હતો. પોતાની જન્મસાલ યાદ રાખવા માટે તેઓ કહે છે કે જે વર્ષે ગાયકવાડ સરકારે વિશ્વામિત્રી સ્ટેશનથી પાદરા સુધીની નેરોગેજ રેલ્વે લાઈન નાખી તે વર્ષે પોતાનો જન્મ થયો હતો. પાદરાના રેલ્વે સ્ટેશનને એ રીતે સો વર્ષ થવા આવ્યાં. ઘણાં વર્ષો સુધી રેલ્વે પાદરા સુધી રહી. પછી એને માસર રોડ સુધી લંબાવવામાં આવી અને પછી જંબુસર સુધી લઈ જવામાં આવી.

પિતાશ્રીએ શિક્ષણ પાદરાની શાળામાં લીધું હતું. એ વખતે એમના સહાધ્યાયીઓમાંના એક તે ગચ્છાધિપતિ વિજયરામચંદ્રસૂરિ હતા. એમનું નામ ત્યારે ત્રિભુવન હતું. ત્રિભુવને વર્નાક્યુલર શાળામાં છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી એમણે દીક્ષા લીધી હતી. પિતાશ્રીએ વર્નાક્યુલર શાળામાં ચાર ધોરણ કર્યા પછી હાઈસ્કૂલમાં અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. હજુ આગળ ભણવાની એમની ઈચ્છા હતી. મેટ્રિક થવું હતું. ભણવામાં પણ હોંશિયાર હતા. પરંતુ ઘરનો વેપારધંધો મોટા પાયે ચાલતો હતો-એટલે ભણવાનું છોડી નાની વયે વેપાર ધંધામાં લાગી ગયા હતા. સાંજને વખતે તેઓ પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા. એમના વખતમાં પાઠશાળામાં શિક્ષક તરીકે ચોટીલાથી આવેલા ઊજમશી માસ્તર સંગીતના સારા જાણકાર હતા. બુલંદ સ્વરે હાર્મોનિયમ સાથે સ્તવનો ગાતા અને શીખવતા. પિતાશ્રીને એ રીતે પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ વગેરેની ગાથાઓ તથા દોઢસો જેટલાં સ્તવનો કંઠસ્થ થયાં તે આ ઊજમશી માસ્તરના પ્રતાપે. એ ઊજમશીભાઈએ પછી પૂ. નીતિસૂરિ પાસે દીક્ષા લીધી હતી અને મુનિ ઉદયવિજયજી અને પછી ઉદયસૂરિ થયા હતા. (શાસનસમ્રાટ પૂ. નેમિસૂરિના શિષ્ય ઉદયસૂરિ તે જુદા).

તે સમયે પાદરામાં જૈનોની વસતી મુખ્યત્વે નવઘરી, દેરાસરી, લાલ બાવાનો લીમડો, ઊંડું ફળિયું વગેરે શેરીઓમાં હતી. પાસે કંટિયારું

નામનું તળાવ છે. સાત આઠ દાયકા પહેલાંની પાદરાની જાહોજલાલીની વાત કંઇક જુદી છે. ગાયકવાડી રાજ્યમાં વડોદરાની નજીક આવેલું પાદરા તાલુકાનું મુખ્ય મથક. એના તાબામાં એકસોથી વધુ ગામ હતાં. એક ઐતિહાસિક સ્થળ તરીકે તથા એક સંસ્કાર કેન્દ્ર તરીકે પાદરાનું નામ ત્યારે ઘણું મોટું હતું.

વડોદરાથી બારેક કિલોમિટર દૂર આવેલું પાદરા ગામ ઐતિહાસિક છે. અંગ્રેજો સામે ૧૮૫૭ના બળવામાં ભાગ લેનાર ક્રાંતિવીરોમાંના એક તાત્યા ટોપેની એ જન્મભૂમિ છે. એક બાજુ વિશ્વામિત્રી નદી અને બીજી બાજુ મહીસાગર નદીની પાસે પાદરા આવેલું છે.

૧૯૫૭માં જ્યારે ૧૮૫૭ના બળવાની શતાબ્દી ઊજવવામાં આવી હતી ત્યારે પાદરાના કવિ મણિલાલ મોહનલાલ પાદરાકરે 'પુણ્યભૂમિ પાદરા' નામની પંદરેક પાનાંની નાની પુસ્તિકા પ્રગટ કરી હતી અને તેમાં તાત્યા ટોપેના જીવનનો પરિચય આપવા સાથે પાદરાની ભૂતકાળની પરિસ્થિતિનું શબ્દચિત્ર પણ દોર્યું હતું.

પિતાશ્રીના યૌવનકાળના સમયનું અને તે પૂર્વેનું પાદરા કેવું હતું તેનું સંક્ષેપમાં અહીં વિહંગાવલોકન કરીશું.

દોઢસો વર્ષ પહેલાં પાદરાનું મૂળ નામ ટંકણપુર હતું. ત્યારે તો એ સાવ નાનું ગામડું હતું. એને વિકસાવ્યું દલા દેસાઇ નામના પાટીદારે. તેઓ દલા પાદરીઆ તરીકે ઓળખાતા. એટલે એમના નામ પરથી ટંકણપુરનું નામ પાદરા થઇ ગયું. તેઓ ભારે પરાક્રમી હતા. એ જમાનામાં મોગલ સલ્તનતને આગળ વધતી અટકાવવામાં મરાઠાઓએ ઘણી બહાદુરી બતાવી. શિવાજી મહારાજના અવસાન પછી જે કેટલાક શૂરવીરો થયા તેમાં ખંડેરાવ દાભાડેએ પાદરાની સરહદ સંભાળી હતી. એમને મદદ કરનારાઓમાં આ દલા દેસાઇ હતા. દલા દેસાઇએ પોતાના ભીલ ભાઇબંધ ચૂડામણિ સાથે મળીને મોગલ સુબાઓને અમદાવાદ સુધી મારી હઠાવ્યા હતા. દામાજી ગાયકવાડે વડોદરામાં હિંદુપત પાદશાહીનો ઝંડો ફરકાવ્યો હતો. ત્યાર પછી અંગ્રેજો સામેના ૧૮૫૭ના બળવામાં મલ્હારરાવ ગાયકવાડે પાદરામાં રહીને વિપ્લવકારીઓને સહાય કરી હતી. પાદરામાં ત્યારે તાત્યા ટોપે થઇ ગયો. પચાસ યુવાન સાથીદારોને લઇને એ નાના સાહેબ પેશ્વાની સાથે જોડાયો હતો. તેઓ અંગ્રેજોની સામે આગળ વધ્યા. તેમની સેનામાં ભરતી થવા લાગી. રાણી લક્ષ્મીબાઇ, બાલાસાહેબ વગેરે સાથે દિલ્હી, કાનપુર, લખનૌમાં તેઓએ પોતાનાં કેન્દ્રો સ્થાપ્યાં. અંગ્રેજોના ઘેરામાંથી બહાદુરીપૂર્વક છટકી જનાર તાત્યા ટોપે પોતાના સાથીદાર માનસિંગના વિશ્વાસઘાતથી અલ્વર નજીક પકડાઇ ગયો હતો. ઇનામ તરીકે મોટી જાગીર મળવાની લાલચે માનસિંગે તાત્યા ટોપેની છૂપી બાતમી આપી દીધી હતી. ૧૮૫૯ના એપ્રિલની ૧૮મી તારીખે તાત્યા ટોપેને જાહેરમાં ફાંસી આપવામાં આવી. એ ફાંસી જોવા દૂર દૂરની ટેકરીઓ ઉપર હજારો માણસો એકત્ર થયા હતા. તાત્યા ટોપેની બહાદુરીથી અંગ્રેજો પણ પ્રભાવિત થઇ ગયા હતા. તાત્યા ટોપેનું શબ ફાંસીને માંચડે લટકતું હતું ત્યારે એની યાદગીરી પોતાની પાસે રાખવા માટે કેટલાયે અંગ્રેજો એના માથાના વાળ તોડીને લઇ ગયા હતા. આમ તાત્યા ટોપે, ખંડેરાવ દાભાડે, મલ્હારરાવ ગાયકવાડ, બાલાસાહેબ, દલા દેસાઇ, શામળભાઇ દેસાઇ, બાવા ભિખારીદાસ વગેરે ૧૮૫૭ના બળવાના ક્રાંતિવીરોની ઐતિહાસિક ભૂમિ તરીકે પાદરાનું નામ ઇતિહાસમાં નોંધાયેલું છે.

ગત શતકના પૂર્વાર્ધમાં પાદરા વિવિધ પ્રવૃત્તિઓથી ગાજતું હતું. પાદરાની ભૂમિ ખેતીવાડીની દૃષ્ટિએ ફળદ્રુપ છે. પાદરાની તુવેરની દાળ હજુ પણ વખણાય છે. પાદરાની બાજરી અને બીજું અનાજ પણ બહારગામ વેચાવા જાય છે. હીંગ અને ઈીંકણી ખરીદવા લોકો પાદરા આવતા. જામફળ અને સીતાફળની ઘણી વાડીઓ આ વિસ્તારમાં હતી. પાદરાની આસપાસ ત્યારે ચારસો જેટલી જુદી જુદી વાડીઓ હતી અને પાદરાનાં શાકભાજી એક બાજુ ઠેઠ મુંબઇ સુધી અને બીજા બાજુ અમદાવાદ અને આબુ રોડ સુધી જતાં. ખેડૂતો એક વરસમાં ત્રણ પાક લેતા. આજે પણ પાદરા ખેતીવાડીના ક્ષેત્રમાં મોખરે છે.

જૂના વખતમાં પાદરાનો એક મુખ્ય ઉદ્યોગ તે ડોટી ગજિયાની જાતની ખાદીનો હતો. એનું વણાટકામ પાદરામાં ઘણું સરસ થતું. જ્યારે મિલનાં કાપડ હજુ આવ્યાં નહોતાં ત્યારે પાદરાની ડોટી ગજિયા ખાદીની માંગ ઘણી રહેતી. વડોદરામાં સયાજીરાવ ગાયકવાડના રાજમહેલ માટે પણ પાદરાની ખાદી જ ખરીદાતી, એટલું જ નહિ સમગ્ર ગાયકવાડી રાજ્યની જુદી જુદી કચેરીઓ અને બીજી સંસ્થાઓ માટે પણ પાદરાની ખાદી વાપરવાનો જ રાજ્ય તરફથી હુકમ હતો. પાદરાનું રંગારી કામ પણ પ્રશંસાપાત્ર બનેલું. રંગારી કામ કરનાર છીપા ભાવસાર લોકોની અઢીસો જેટલી ભઠ્ઠીઓ અને એથી વધુ કુંડો ત્યારે પાદરામાં હતા. ડોટી ગજિયાના વણાટ કામના વેપારમાં તે વખતે વ્રજલાલ સાકરચંદ અને વનમાળી સાકરચંદની પેઢી અને લલ્લુભાઇ ગુલાબચંદની પેઢી જાણીતી હતી. કાપડની સાથે પાદરાનું દરજીનું કામ પણ વખણાતું. તે એટલી હદ સુધી કે ખુદ સયાજીરાવ ગાયકવાડ પોતે શરૂઆતના એ દિવસોમાં પોતાનાં અંગરખાં સીવવા માટે પાદરાથી દરજીઓને રાજમહેલમાં બોલાવતા.

પાદરાનું મીઠું પાણી આરોગ્યની દૃષ્ટિએ સારું ગણાતું. મલ્હારરાવ ગાયકવાડ હંમેશાં પાદરાના અમુક કૂવાનું જ પાણી પીતા. તેઓ મદ્રાસ ગયા હતા ત્યારે પણ પાદરાથી એ કૂવાનું પાણી મંગાવીને પીતા.

પાદરા પાસે ડબકા નામનું ગામ આવેલું છે. ત્યાં જંગલ જેવી ગીચ ઝાડીમાં વાઘવરુ જેવાં હિંસક પ્રાણીઓ રહેતાં. ડબકામાં મુકામ કરી સયાજીરાવ શિકાર માટે જંગલમાં જતા. એટલા માટે ડબકામાં એમણે મહેલ બંધાવેલો તથા શિકારખાનું રાખેલું, એમની સવારી જ્યારે વડોદરાથી ડબકા જવાની હોય ત્યારે તે પાદરા થઇને જતી. કોઇ કોઇ વાર તેઓ પાદરામાં થોડા કલાક આરામ કરતા. પાદરાના શામળભાઇ દેસાઇ (દલા દેસાઇના ભાઇ)ને સયાજીરાવ સાથે ગાઢ પરિચય થયેલો. શિકાર કરતી વખતે તેઓ બહાદુર શામળભાઇને પોતાની સાથે લઇ જતા. શામળભાઇએ જંગલમાં સયાજીરાવનો જાન ત્રણેક વખત બચાવેલો. એથી શામળભાઇને ઘરે મુકામ કરવાનો અને ક્યારેક પાપડી ઊંધિયું ખાવાનો રિવાજ પડી ગયેલો. સયાજીરાવ ક્યારેક અંગ્રેજ મહેમાનોને પણ ડબકા લઇ જતા. ઇંગ્લંડના રાજા સાતમા એડવર્ડ ભારત આવેલા ત્યારે શિકાર માટે સયાજીરાવ એમને ડબા લઇ ગયેલા. તે વખતે તેઓ બંનેએ પાદરામાં શામળભાઇના ઘરે અડધો દિવસ આરામ કરેલો.

કલાના ક્ષેત્રમાં પણ સંગીત, ચિત્ર અને કવિતારચનાના રસિકો પાદરામાં ઘણા હતા. શાસ્ત્રીય સંગીતના વર્ગો ચાલતા. બાલ ગાંધીનું નામ ત્યારે ચિત્રકાર તરીકે સમગ્ર ભારતમાં મશહૂર હતું. ગુલામીના બંધનમાં પડેલી ભારત માતાનું ચિત્ર 'ઝંખનાનો દીવો' નામથી એમણે દોરેલું, જેની છાપેલી નકલો સમગ્ર ભારતમાં એ વખતે પહોંચી ગઈ હતી. તેઓ કવિતાની રચના પણ કરતા. બીજા એક ચિત્રકાર અંબાલાલ જોશી કવિ તરીકે પણ પ્રખ્યાત હતા. ઘણું ખરું છંદોબદ્ધ ગેય કવિતા લખાતી કે ગેય દેશીઓમાં રચના થતી. યુવાન કવિઓમાં સૌથી વધુ મોટું નામ કવિ મણિલાલ મોહનલાલનું હતું. તેઓ 'પાદરાકર'ના ઉપનામથી કવિતાઓ લખતા. તેઓ પ્રસંગાનુસાર વર્ણનાત્મક રચના શીઘ્રકવિની જેમ કરી શકતા. પોતાનું નામ મણિલાલ હોવાથી તેઓ દરેક કાવ્યમાં છેલ્લી પંક્તિઓમાં, જૂની શૈલી પ્રમાણે પોતાનું નામ શ્લેષથી ગૂંથી લઇ 'મણિમય' શબ્દ પ્રયોજતા. કવિ નાનાલાલ પોતાનાં પત્ની સાથે પાદરાકરના અતિથિ તરીકે રહેવા આવેલા. કવિ સુંદરમે 'અર્વાચીન કવિતા'માં કવિ પાદરાકરની કવિતાનો પરિચય કરાવ્યો છે. પાદરાના હરદાસ કથાકારોનું નામ પણ પંકાયું હતું. તેઓ માણભટ્ટ કથાકારની શૈલીએ કથા કરતા અને તેઓને ગુજરાત, સૌરાષ્ટ્ર ઉપરાંત દક્ષિણમાં ઠેઠ મદ્રાસ સુધીનું નિમંત્રણ મળતું. જ્યારે રેલ્વે નહોતી ત્યારે

તેઓ પગપાળા કે ગાડામાં જતા. તેઓ જાતે પણ કવિ હોવાથી કથા કરતી વખતે પંક્તિઓ જોડતા.

પાદરા ત્યારે વિવિધ હુન્નર કળામાં પ્રખ્યાત હતું, પાદરાનાં હવાપાણી તંદુરસ્તી માટે વિખ્યાત હતાં એટલું જ નહિ પાદરાના વૈદ્યો પણ એટલા જ સુપ્રસિદ્ધ હતા. નાડી પરીક્ષા અને ઔષધીના સારા જાણકાર એવા વૈદ્યોને ત્યાં દૂર દૂરથી દર્દીઓ દવાની પડીકીઓ લેવા આવતા અને કેટલાયે યુવાનો વૈદકશાસ્ત્ર શીખવા આવતા. પાદરામાં જ્યોતિષ વિદ્યાના નિષ્ણાત જોશીઓ પણ હતા. પાદરામાં એક યતિજી શ્રી પ્રતાપવિજયજી થઇ ગયા. તેઓ જ્યોતિષના નિષ્ણાત હતા. એમણે મલ્હારરાવ ગાયકવાડને કહેલું કે તેમને ગાદી કયા દિવસે કેટલા કલાકે મળશે તે પ્રમાણે તે સાચું પડેલું. વળી એમને મલ્હારરાવને કહેલું કે એમના ભાગ્યમાં સાડા ત્રણ વર્ષ અને સાત દિવસનો કારાવાસ લખાયેલો છે. બરાબર એજ પ્રમાણે થયેલું.

ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ ત્યારે પાદરા મોખરે હતું. પાદરામાં શાન્તિનાથ અને સંભવનાથના જિન મંદિરો છે. અચલેશ્વર મહાદેવનું મંદિર છે, વૈષ્ણવ મંદિરો છે, સ્વામિનારાયણનું મંદિર છે અને મસ્જિદ પણ છે. જૈન સાધુઓનું વિહાર અને ચાતુર્માસનું મોટું ક્ષેત્ર ત્યારે પાદરા ગણાતું. ત્યારે પાંચ દાયકામાં પચાસથી વધુ વ્યક્તિઓએ પાદરામાંથી દીક્ષા લીધી હતી.

ગાયકવાડી ગામ વિજાપુરના વતની પટેલ બહેચરભાઇ પછીથી રવિસાગર મહારાજના શિષ્ય સુખસાગર મહારાજ પાસે દીક્ષા લઇ બુદ્ધિસાગરસૂરિ થયા. અને ગુજરાત તથા ગુજરત બહાર યોગનિષ્ઠ આચાર્ય તરીકે એમનું નામ પંકાયેલું . એ બુદ્ધિસાગરસૂરિના વિહાર અને ચાતુર્માસના પ્રિય ગામોમાં પાદરાનું નામ પણ આવે. બુદ્ધિસાગરસૂરિના તેજસ્વી પ્રભાવશાળી વ્યક્તિત્વથી અંજાયેલા સયાજીરાવને પોતાના રાજ્યના આ પનોતા નાગરિક માટે ઘણો અહોભાવ હતો. એમણે બુદ્ધિસાગરસૂરિનું વ્યાખ્યાન પોતાના રાજમહેલમાં રાખેલું અને એમના ઉપદેશથી જ સયાજીરાવે પાછલાં વર્ષોમાં શિકારની પ્રવૃત્તિ છોડી દીધી હતી. સમગ્ર પાદરા બુદ્ધિસાગરસૂરિનું અનુરાગી હતું. પાદરાના વકીલ મોહનલાલ હીમચંદ શાહ બુદ્ધિસાગરસૂરિના પરમ ભક્ત હતા. એમના તમામ ગ્રંથોનું સંકલન, સંપાદન, પ્રકાશન, અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના ઉપક્રમે વકીલ મોહનલાલ હીમચંદ કરતા. એમના પુત્ર કવિ મણિલાલ પાદરાકરે પાદરા માટે નીચેની સરસ પંક્તિઓ લખી છે.

મુજ જન્મભૂમિ વતન જેનાં ધૂળ માટી પવિત્ર છે.  
એને ચરણ વંદન કરોડો, અમર રહો શિર છત્ર એ.  
એ નગરનાં નરનારીઓ જ્યાં શૌર્ય સંસ્કારે ભર્યાં,  
જળ અન્ન લીલુડી વાડીઓ, કવિતા કૃષિ નૂર નર્યાં.  
જ્યાં બાલ ગાંધી, દલા દેસાઇ, જન્મ તાત્યા ટોપી જ્યાં,  
તે ક્રાંતિકારી વીર યુવકો સત્તાવન બળવે ઘર્યા.  
ઇતિહાસ ઉજ્જ્વળ નગરનો, ધર્મ સંસ્કૃતિ જ્યાં ઝર્યાં,  
નરવું નગર એ પાદરા યશલેખ મણિમય કોતર્યાં.

એ જમાનામાં રૂ અને અનાજના વેપારમાં પાદરાને ભારતના નકશામાં મહત્ત્વનું સ્થાન અપાવનાર તે અમૃતલાલ વનમાળીદાસ, એટલે કે મારા પિતાશ્રીના પિતા હતા. અમૃતલાલ બાપાએ પોતાના પિતાના ખાદી વણાટના વેપારને વિકસાવ્યો. પાદરામાં કાપડની દુકાન ચાલતી હતી. પરંતુ તે ઉપરાંત રૂના વેપારમાં એમણે ઝંપલાવ્યું . એમનો એ વ્યવસાય વિકસતો ગયો અને તેવામાં ભરૂચના પારસી વેપારી રૂસ્તમજી વખારીઆના સંપર્કમાં તેઓ આવ્યા. રૂસ્તમજી શેઠે ભાગમાં વેપાર કરવાની દરખાસ્ત કરી અને ભાગીદારીમાં શરૂ થયેલો વેપાર જોતજોતામાં ઘણો બધો વધી ગયો. ભાઇલી, માસરરોડ, ભીલુપુરી, ઈંટોલા, મિયાંગામ, પાલેજ, જંબૂસર, ભરૂચ, અંકલેશ્વર વગેરે ગામોમા જિનિંગ ફેક્ટરીઓમાં રૂની ગાંસડીઓ તૈયાર થવા લાગી. સાથે કપાસિયાનો વેપાર પણ ચાલુ થયો. જોતજોતામાં તો તેઓ ઘણું ધન કમાયા. આખા પાદરા તાલુકામાં પ્રથમ નંબરના શ્રીમંત તેઓ બની ગયા. જે જમાનામાં સામાન્ય લોકો પાસે બે-પાંચ તોલા ઘરેણાં હોય તે જમાનામાં એમના કુટુંબમાં સ્ત્રીઓના વિવિધ ઘરેણાં ઉપરાંત છોકરાંઓ પણ વીંટી, કંઠી, કડા અને સોનાના કંદોરા પહેરતા થઇ ગયા હતા. મોટા ત્રાજવે તોલાય એટલું સોનું એમની પાસે હતું. મુંબઇના બજારમાં નવી નીકળેલી ચીજવસ્તુઓ એમને ત્યાં આવી જતી. એ જમાનામાં બેન્કોની વ્યવસ્થા પ્રચલિત થઇ નહોતી. શરાફી પેઢીઓ ચાલતી. પરંતુ અમૃતલાલ બાપાને ત્યાં લોકો પરાણે વ્યાજે રકમ મૂકી જતા. બધાંને નિયમિત વ્યાજ ચૂકવાતું. તેઓ ગરીબોને અને સાધારણ સ્થિતિના માણસોને ઘણી આર્થિક સહાય ગુપ્ત રીતે કરતા રહેતા. કોઇ માણસ મુશ્કેલીમાં હોય અને એમની પાસે આવ્યો હોય તે ખાલી હાથે પાછો ફરે જ નહિ. કચવાતે મને નહિ પણ પ્રેમથી પ્રસન્નતાપૂર્વક તેઓ મદદ કરતા. દેવાદારોના દેવા તેઓ માફ કરી દેતા. અને કોઇને ખબર પડવા દેતા નહિ. વ્યાજે મૂકવા આવનાર કેટલાયને તેઓ આડકતરી રીતે તેની મુદ્દલ રકમથી પણ વધુ સહાય કરતા કે જેથી તેઓ નિશ્ચિંત રહી શકે. આથી જ તેમનું નામ 'લહેરી શેઠ' પડી ગયું હતું. લોકો વાતચીતમાં પણ એમના નામનો ઉલ્લેખ કરવાને બદલે 'લહેરી શેઠ' બોલતા. લહેરી શેઠ ખવડાવવામાં ઘણા ઉદાર હતા. મહેમાનોની અવરજવર સતત ચાલુ રહેતી. પણ તે ઉપરાંત એ દિવસોમાં લહેરી શેઠની ચા પીવા ગામના ઘણાં આવતા. ચાનો પ્રચાર ત્યારે હજુ થયો નહોતો. થોડા શ્રીમંતોને ઘરે ચા આવી હતી. ખાસ મુંબઇથી ચા મંગાવવામાં આવતી. કપરકાબી નહોતા. છાલિયામાં ચા આપવામાં આવતી. મળવા આવેલા લોકો ઘરની બહાર રાખવમાં આવેલી મોટી પાટ પર બેસતા અને ચા પીને રવાના થતા.

લહેરી શેઠ એટલા બધા ભલા અને દયાળુ હતા અને એમનું જીવન એવું પવિત્ર હતું કે તેઓ મળે તો લોકો શુકન માનતા. સારા શુકન માટે લોકો તેમના નીકળવાની રાહ જોતા. જ્ઞાતિના આગેવાન તરીકે તેમનું ઘણું માન રહેતું. દરેક બાબતમાં તેઓ તન, મન, ધનથી ઘસાવા તૈયાર રહેતા. તેમની પ્રતિષ્ઠા ઘણી મોટી હતી. વેપાર-ધંધાના બહોળા અનુભવને લીધે તથા અનેક વ્યકતિઓના પરિચયમાં આવવાને લીધે તેઓ પોતાની કુશાગ્ર બુદ્ધિ અને દીર્ઘ દૃષ્ટિથી કોઇપણ સમસ્યાનો ઉકેલ શોધી શકતા. તેમની સૂઝ, સત્યપ્રીતિ અને ન્યાયબુદ્ધિને લીધે ભાઇ ભાઇ વચ્ચે, સગાં સંબંધીઓ વચ્ચે, જ્ઞાતિનાં બે જૂથો વચ્ચે ઝઘડો થાય ત્યારે લવાદ તરીકે તેમની નિમણૂંક થતી અને તેઓ પોતાની આગવી સૂઝથી ન કલ્પેલો એવો સરસ ઉકેલ બતાવતા કે જે બંને પક્ષને સહર્ષ મંજૂર રહેતો.

અમૃતલાલ બાપાના વડવાઓ રાજસ્થાનમાં ઓશિયાંથી કચ્છમાં થઇ ગુજરાતમાં આવેલા. વિશા ઓશવાળ એમની જ્ઞાતિ. વહાણવટી શિકોતરી માતા તે કુળદેવી. એમની પેઢી આ રીતે ગણાવાય છે. અમૃતલાલ-વનમાળીદાસ-સાકરચંદ-ભાઇચંદ-વસંતચંદ-લક્ષ્મીચંદ-જસાજી. અમૃતલાલ બાપાને ચાર દીકરા-સોમાલાલ, ચીમનલાલ, જમનાદાસ અને નગીનદાસ અને એક દીકરી ચંપાબહેન. એ પાંચે તથા એમનાં સંતાનો મળીને પચાસેક સભ્યોનું કુટુંબ થયું હતું. બધાં એમને 'બાપા' કહીને સંબોધતા.

મારા પિતાશ્રીનાં માતુશ્રી એટલે કે મારા દાદીમાનું નામ અમથીબહેન હતું. તેઓ પાદરા પાસે ડભાસા ગામના વતની હતાં. તેઓ જાજવલ્યમાન હતાં. અમથીબાએ જીવનમાં ઘણી જાહોજલાલી જોઇ હતી. તેઓ ઘણી વાર મુંબઇ આવતાં અને પાછાં પાદરા આવે ત્યારે પડોશમાંથી ઘણી બહેનો એમની મુંબઇની વાતો સાંભળવા રાત્રે એકઠી મળતી. એ દિવસોમાં સામાન્ય માણસો માટે મુંબઇ એ સ્વપ્ન સમાન હતું. ગામમાંથી કોઇક જ મુંબઇ સુધીનું રેલ્વે ભાડું ખર્ચી શકે. અમથીબા ઘણાં હોંશિયાર, પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર અને પરગજુ હતાં.

પાદરામાં બાળપણમાં મેં એમની સાથે દસેક વર્ષ ગાળેલાં એ દિવસો અને મુંબઇ કાયમ માટે આવીને રહ્યાં એ દિવસો નજર સામે તરવરે છે. અમથીબાને ઘણી વિદ્યાઓ આવડે. સાપ કે વીંછી કરડ્યો હોય, આંખો આવી હોય, પગ કે હાથ મચકોડાયો હોય, કમળો થયો હોય કે નાના છોકરાંઓને તાવ આવ્યો હોય કે ઉંટાટિયું થયું હોય એ બધું ઉતારવાની મંત્ર વિદ્યાઓ તેમને આવડતી. એમની એ વિદ્યાથી ઘણાંને લાભ થતો અને ગામના લોકોને એમનામાં ઘણી શ્રદ્ધા હતી. દિવસ કે રાત દરમિયાન ગમે ત્યારે ગમે તે વ્યક્તિ આવી હોય, પણ અમથીબાના મોંઢામાંથી કોઇને ના કહેવાઇ ન હોય કે 'પછીથી આવજો' એવું પણ કહેવાયું ન હોય. મચકોડ ઉતારવા માટે તેઓ કાંકરા (મરડિયા)નો ઉપયોગ કરતા. આંખ આવી હોય તે વ્યક્તિને પોતાની સામે બેસાડતાં. વચ્ચે પાણી ભરેલી થાળી રાખતાં અને કાઠી સળગાવી હાથમાં રાખી તે ગોળ ગોળ ફેરવતાં જતાં. એનું પ્રતિબિંબ થાળીના પાણીમાં પડતું. તેઓ મંત્ર ભણતાં અને પછી જોર જોરથી મોટા અવાજ સાથે એમને બગાસાં ચાલુ થાય ત્યાં સુધી તે મંત્ર ભણતાં. આ બધાં દશ્યો બાળપણમાં મેં નજરે નિહાળેલાં છે. તેમને છીંકણી બનાવતાં સરસ આવડતું. થોડે થોડે વખતે છીંકણી બનાવીને આસપાસના બૈરાઓને મફત ડબ્બી ભરી આપતાં. તેવી જ રીતે ધૂપેલ પણ સરસ બનાવતાં. મને બરાબર એ દશ્ય યાદ છે કે જ્યારે આવી રીતે મોટી સગડી ઉપર ધૂપેલ બનાવતાં હતાં. ત્યારે તેલમાં મોટો ભડકો થયો હતો અને તરત તે ઓલવી નાખ્યો હતો. અમે નાના હતા ત્યારે અમથીબાને કહેતા કે 'તમારી મંત્રવિદ્યાઓ અમને શીખવાડો.' તેઓ કહેતાં કે પોતાનાં ગુરુએ એ ગમે તેને આપવાની ના પાડી છે અને યોગ્ય પાત્ર જણાય તેને કાળી ચૌદસની રાત્રે બાર વાગે નાહીધોઇને શુદ્ધ થયા પછી જ આપી શકાય. જીવનના અંત સુધી તેમણે એ વિદ્યાઓ કોઇને આપી નહોતી.

અમૃતલાલ બાપાને ભાઇઓમાં એક નાના ભાઇ હતા. એમનું નામ ડાહ્યાભાઇ. બંને ભાઇનાં સંતાનોમાં તેઓ 'ડાહ્યાકાકા' તરીકે જ જાણીતા હતા. બધાં ડાહ્યાકાકાનું નામ પ્રેમથી સંભારે. તેઓ બહુ બુદ્ધિચાતુર્યવાળા, અનુભવી અને રમૂજી સ્વભાવના હતા. વેપારાર્થે તેઓ સતત મુસાફરી કરતા રહેતા અને દર વખતે એકાદ બે ભત્રીજાને સાથે લઇ જતા. મારા પિતાશ્રીને વીસ પચીસ વર્ષની ઉંમરે ડાહ્યાકાકા સાથે સમગ્ર ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને ઉત્તર ભારતમાં દરેક મોટા શહેરમાં જવાનું થતું. રૂ, કપાસ, અનાજ અને બિયારણના છૂટક તથા જથાબંધ વેપારી હોવાને નાતે કાં તો ખરીદી કરવાની હોય અથવા માલ વેચવાનો હોય. તે વખતે માલની હેરફેર માટે રેલવેની ગુડ્સ ટ્રેન એ એક જ વ્યવસ્થા ઉપલબ્ધ હતી. ગામમાંથી પાદરાના રેલ્વે સ્ટેશને દરરોજ એકાદ આંટો તો હોય જ. રેલ્વે તંત્ર ત્યારે અત્યંત વ્યવસ્થિત, નિયમિત અને સુદ્રઢ હતું. વેપારાર્થે ગામેગામ આડતિયા રહેતા અને પોતે જાય ત્યારે આડતિયાના મહેમાન બનવાનું રહેતું. આગતાસ્વાગતા સારી રહેતી. શહેરના અગ્રગણ્ય વેપારીઓનો પરિચય થતો. પાદરામાં પોતે હોય ત્યારે રોજનો ટપાલ વ્યવહાર ઘણો રહેતો. પોસ્ટ દ્વારા જ નમૂનાઓ મોકલાતા. આથી પિતાશ્રીને ડાહ્યાકાકાના હાથ નીચે તાલીમ સારી મળી હતી અને કોઇ પણ ગામનું નામ બોલાય કે તરત ત્યાંના મુખ્ય આડતિયા અને વેપારીઓનાં નામ બોલાય. (પિતાશ્રીને સો વર્ષની ઉંમરે પણ એવાં અનેક નામો હજુ મોઢે છે)

ડાહ્યાકાકાને એમના વાતોડિયા સ્વભાવને કારણે તથા વારંવાર મુસાફરીને કારણે ઘણી વાતોની જાણકારી રહેતી. વળી તેમને કહેવતો પણ ઘણી આવડતી. તદુપરાંત પ્રસંગાનુસાર પ્રાસયુક્ત લીટીઓ જોડતાં પણ તેમને આવડતું. જેમકે એ જમાનામાં પોપટ નામના એક છોકરાની મા બીજા કોઇક પુરુષ સાથે નાસી ગઇ હતી. એટલે એ કુટુંબ વગોવાયું હતું. એથી વાણિયા પોપટે જ્ઞાતિમાંથી કન્યા ન મળતાં બહારગામ જઇ પૈસા આપી કોઇક બારિયણ કન્યાને લાવીને ઘરમાં બેસાડી હતી. એ પ્રસંગે ડાહ્યાકાકાએ લીટીઓ જોડી હતી :

**કુળ ગયું કાશી અને મા ગઇ નાશી,**
**પોપટ લાવ્યો બારિયણ એ વાત મોટી ખાસ્સી.**

એવી રીતે બીજી એક ઘટનામાં એક ભાઇને ત્યાં લગ્નના જમણવાર પ્રસંગે રસોઇમાં એકાદ વાનગી ખૂટી પડી અને બુમરાણ થઇ ગઇ. લોકો ગમે તેમ બોલવા લાગ્યા. એથી પેલા ભાઇ ચિડાઇ ગયા. લોકો આટલી નાની વાતમાં ટીકા કરવા મંડી ગયા. તો એ લોકો કંઇ ખવડાવવાને લાયક જ નથી. હવે ખવડાવીશું તો પણ ટીકા કરવાના છે અને નહિ ખવડાવીએ તો પણ ટીકા કરવાના છે. એટલે એમણે એમના દીકરા મંગળને હુકમ કર્યો કે રસોડાના ઓરડાને તાળું મારી દે. એ પ્રસંગે ડાહ્યાકાકાએ લીટીઓ જોડી હતી.

**આમે કાળું અને આમે કાળું**
**માર મંગળિયા ઓરડે તાળું.**

આ ડાહ્યાકાકા પાસેથી બધાં છોકરાંઓને ઘણી કહેવતો જાણવા અને કંઠસ્થ કરવા મળી હતી. જૂના જમાનાની એ પ્રચલિત કહેવતો હતી, જેમ કે-

**સરતે (નજર મેળવવાથી) કરડે કૂતરો,**
**બિનસરતે કરડે વાઘ.**
**વિશ્વાસે કરડે વાણિયો**
ચંપાયો કરડે નાગ.

લગભગ પાંચેક દાયકાથી ચાલતા આવા ધમધોકાર વેપારમાં ઇ. સ. ૧૯૨૦માં અચાનક પલટો આવ્યો. ઇટોલાનું જિન ત્યાંના વેપારી કાલિદાસ નારણભાઇનું હતું. એ જિનમાં અચાનક મોટી આગ લાગી અને એમાં અમૃતલાલ બાપાની માલિકીની રૂની બે હજાર ગાંસડી બળી ગઇ તથા બીજું ઘણું નુકશાન થયું. ભારે મોટી આઘાતજનક ઘટના બની. રૂના વેપારમાં વીમો તો ઉતરાવવો જ જોઇએ. પણ એ વીમો કાલિદાસ નારણભાઇના નામનો હતો. આશરે ત્રણ લાખ રૂપિયાનું નુકસાન એ વરસોમાં થયું. વીમાં કંપની આટલો મોટો વીમો ચૂકવવા ઇચ્છતી નહોતી. ઘણાં વાંધા પાડ્યા અને ઘણી તકલીફ પછી થોડીક રકમ કાલિદાસને ચૂકવી. કાલિદાસની આર્થિક સ્થિતિ નબળી થઇ ગઇ હતી. એમની દાનત બગડી. વીમાની આવેલી રકમમાથી એમણે એક રૂપિયો પણ આપ્યો નહિ. ધંધાની ખોટ અને સાથે સાથે વિશ્વાસઘાતનો અનુભવ થયો. આફતનાં જાણે વાદળાં ઉમટી આવ્યાં. આવડા બહોળા વેપારને ત્રણ લાખની ખોટની દષ્ટિએ સરભર કરવામાં વાર તો લાગે અને તે પણ કદાચ શક્ય બની શકયું હોત, પરંતુ આવી ઘટના બને ત્યારે વ્યાજે પૈસા મૂકેલા હોય એ બધા લેણદારો એક સાથે પૈસા માટે દોડે. એટલે મુશ્કેલીનો પાર ન રહ્યો. બીજી બાજુ ગરજના વખતે વેપારીઓ પણ સસ્તામાં માલ પડાવી જાય.વેપારધંધા સંકેલાવા લાગ્યા. દેવા ચૂકતે થવા લાગ્યાં. જિનો, જમીનો, ખેતરો, દુકાનો, સોનાનાં ઘરેણાં બધું વેચાતું ગયું. ચાર પાંચ વર્ષમાં તો હાથે પગે થઇ જવાયું. કેટલાક વેપારીઓના દેવાં પૂરેપૂરાં ચૂકતે થયાં, પરંતુ સગાંસંબંધીઓએ તથા બીજા ઘણાંએ પોતાની રકમ લેવાની ના પાડીને કહ્યું, 'તમે અમારા ઉપર ઘણો બધો ઉપકાર કર્યો છે. અમારા પૈસા એ કોઇ મોટી વાત નથી.' થોડાં વર્ષમાં બધું જ વેચાઇ ગયું. એકમાત્ર રહેવાનું ઘર બચ્યું હતું. એક સ્થાનિક ભાઇએ કોર્ટમાં દાવો કર્યો અને છેવટે એ ઘરની અંદર અમૃતલાલ બાપા જીવે ત્યાં સુધી રહેવાનો હક મળ્યો, પણ ઘરની માલિકી બદલાઇ ગઇ.' બીજા પણ બે ત્રણ જણે કોર્ટમાં દાવા કર્યા. અમૃતલાલ બાપાએ એ બધાનો સમતાપૂર્વક સામનો કર્યો. એક વખત કોર્ટના ન્યાયાધીશે ટકોર કરી કે 'ઉલટ તપાસમાં ફરિયાદી ત્રણ વાર જૂઠું બોલતાં પકડાયા છે અને પ્રતિવાદી અમૃતલાલને માથે આટલી બધી ઉપાધિ આવી પડી છે છતાં એક પણ વખત તેઓ જૂઠું બોલ્યા નથી.'

અમૃતલાલ બાપાએ પરિસ્થિતિની વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો. સાદાઇ અને કરકસરભર્યું જીવન ચાલુ થઇ ગયું. જે જમાનામાં સાધારણ સ્થિતિના માણસો વરસે બે વરસે પાદરાથી એકાદ વખત

અમદાવાદ કોઇ પ્રસંગે જાય તે જમાનામાં એમના દીકરાઓ રોજેરોજ અમદાવાદ, ભરૂચ, અંકલેશ્વર સવારના જઇને સાંજે ઘરે પાછા ફરતા હતા, પરંતુ આપત્તિ આવ્યા પછી સાત માઇલ દૂર વડોદરા જવાનું પણ સ્વપ્ન જેવું થઇ ગયું. એક બાજુ અનેક લોકોની સ્વાર્થી મનોવૃત્તિનો પરિચય થઇ ગયો તો બીજા બાજુ કેટલાયે એવા મિત્રો નીકળ્યા કે જેઓએ રોજ ઘરે આવીને બેસવાનો પોતાનો નિયમ છોડ્યો નહિ અને ઘણી હૂંફ આપ્યા કરી.

જ્યારે આવી મોટી આર્થિક આપત્તિ આવી ગઇ ત્યારે અમૃતલાલ બાપાએ દીકરાઓને સલાહ આપી કે 'હવે તમે બધા ત્રીસ-ચાલીસની ઉંમરે પહોંચ્યા છો. અત્યાર સુધી તમે મોટા શેઠની જેમ ગામમાં રહ્યાં છો. હવે કુટુંબનું ગુજરાન ચલાવવાનો પ્રશ્ન સૌથી ગંભીર છે. હું તો વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો છું. પણ તમારી ચિંતા છે. આ ગામમાં રહીને તમે નાની મોટી નોકરી કરશો કે હાટડી માંડશો તો તેમાં આબરૂ નહી રહે. અનેકનાં મહેણાં ટોણાંનો ભોગ બનશો. જીવન જીરવાશે નહિ. દૈવયોગે જે પરિસ્થિતિ આવી પડી છે તેનો સ્વીકાર કરી લેજો. બહારગામ જઇ નોકરી ધંધો કરજો, અનીતિ આચરતા નહિ અને સ્વમાનથી રહેજો.'

વેપારધંધામાં મોટી નુકશાની આવી અને દેવાદાર થઇ ગયા પછી ડાહ્યાકાકાનું ચિત્ત અસ્વસ્થ રહ્યા કરતું હતું. વળી એમને પાંચ દીકરી હતી, પણ દીકરો નહોતો અને પોતે વિધુર થઇ ગયા હતા. આ સંજોગોમાં એમની માનસિક વ્યગ્રતા વધી ગઇ હતી. અડસઠની ઉંમરે તેઓ પહોંચવા આવ્યા હતા. યુવાનીમાં ઘણી જાહોજલાલી અને ઠેર ઠેર માનપાન જોયાં પછી પાછલાં થોડાં વર્ષોમાં પોતાના ઋણ તળે આવેલા માણસો, જ્ઞાતિબંધુઓ અને સગાંઓને વિમુખ થઇ ગયેલા જોઇને ડાહ્યાકાકાને જીવતર ખારું ઝેર જેવું લાગવા માંડ્યું હતું. પરિણામે માનસિક સમતુલા ગુમાવી એમણે કૂવામાં પડતું મૂકી આપઘાત કરવા પ્રયત્ન કરેલો. પરંતુ જેવી ખબર પડી કે તરત બેત્રણ બાહોશ માણસોએ કૂવામાં ઊતરી એમને બચાવી લીધા હતા. ડાહ્યાકાકા થોડો વખત સ્વસ્થ રહ્યા હતા. પરંતુ કેટલાક મહિના પછી એમણે બીજી વાર ઘર પાસે આવેલા લાલ કૂવા તરીકે જાણીતા મોટા કૂવામાં પડતું મૂક્યું. આ વખતે વહેલી પરોઢે તેઓ કૂવામાં પડ્યા કે જેથી કોઇની અવરજવર ન હોય અને બચાવવા કોઇ દોડે નહિ. સવાર પડતાં પનિહારીઓ કૂવે ગઇ ત્યારે એમણે ડાહ્યાકાકાનું શબ પાણીમાં તરતું જોયું. વડીલ બંધુ અમૃતલાલ માટે આ ઘટના બહુ આઘાતજનક હતી. એની અસર એમની તબિયત ઉપર પડી અને તેઓ સાજા માંદા રહેવા લાગ્યા. તેઓ શરીરે પણ અશક્ત થઇ ગયા.

હવે દરેક દીકરાને પોતાની મેળે કમાવા માટે પુરુષાર્થ કરવાનો હતો. નાના બે ભાઇઓ મુંબઇ નોકરી ધંધા માટે પહોંચી ગયા. મારા પિતાશ્રીએ પાદરા પાસે મોભા નામના ગામમાં અનાજ કરિયાણાની દુકાન કરી. તે વખતે અમે ભાઇ-બહેનોમાંથી મને અને મારી નાની બહેનને પિતાશ્રી મોભા સાથે લઇ ગયા હતા. ત્યારે મારી ઉંમર પાંચ વર્ષની હતી. અમે એક વર્ષ મોભા રહ્યાં હોઇશું. પરંતુ એ સમયનું બધું જ ચિત્ર આજે પણ નજર સામે તાદશ છે. ઇ. સ. ૧૯૩૨માં અમૃતલાલ બાપા પાદરે માંદા પડ્યા એટલે મોભાની દુકાન સંકેલીને પાદરા પાછા આવી જવું પડ્યું. અમૃતલાલ બાપાની તબિયત દિવસે દિવસે બગડતી ગઇ અને એમ કરતાં ઇ. સ. ૧૯૩૨ માં બોંતેર વર્ષની વયે એમણે દેહ છોડ્યો. એમના અવસાન સમય સુધી અમથી બા પાદરા રહ્યા અને ત્યાર પછી મુંબઇ આવીને દીકરાઓને ત્યાં રહ્યાં.

મારા પિતાશ્રીએ કેટલોક વખત બેંગલોર જઇને નોકરી કરી. કેટલોક વખત ગુજરાતમાં ધનસુરામાં જઇને નોકરી કરી પણ બહુ ફાવ્યું નહિ. એવામાં વડોદરામાં આર્ય નૈતિક નાટક કંપની નાટકના ખેલ માટે આવેલી. એ કંપની પછી મુંબઇ જવાની હતી. કંપનીને કોઇ હોંશિયાર મુનીમની જરૂર હતી. કોઇકે કંપનીના માલિક નકુભાઇ કાળુભાઇને પિતાશ્રીના નામની ભલામણ કરી. પિતાશ્રીએ એ જવાબદારી સ્વીકારી અને તેઓ એકલા મુંબઇ આવ્યા. નાટક કંપનીમાં થિયેટરમાં રહેવાનું અને ખાવાનું. થોડા મહિના એ નોકરી કરી પણ પગાર નિયમિત મળે નહિ. દરમિયાન મુંબઇમાં સ્વદેશી મારકેટમાં એક કાપડના વેપારીને ત્યાં નોકરી મળી ગઇ. એટલે પિતાશ્રીએ ખેતવાડી વિસ્તારમાં એક રૂમ ભાડે રાખી અને કુટુંબને મુંબઇ તેડાવ્યું. ઇ. સ. ૧૯૩૬ની એ વાત. બે વર્ષ કુટુંબનું ગુજરાન સરખી રીતે ચાલ્યું. ત્યાં મારકેટની બંધિયાર હવાને લીધે પિતાશ્રીને દમનો વ્યાધિ લાગુ પડ્યો. નોકરી છોડવી પડી. આવકનું કોઇ સાધન રહ્યું નહિ. મુંબઇ છોડીને પાછા પાદરા જવું પડે એવા સંજોગો ઊભા થયા. તે વખતે પિતાશ્રીના ફોઇના દીકરા ચંદુલાલ જેસંગલાલ દલાલે એમને હૂંફ આપી અને આર્થિક મદદ કરી. ચંદુભાઇ પોતે શેઠ કીકીભાઇ પ્રેમચંદના ગાઢ મિત્ર. એમણે શેઠ કીકાભાઇને પિતાશ્રીની તકલીફની વાત કરી . કીકાભાઇએ પોતાના ટ્રસ્ટમાંથી દર મહિને આર્થિક સહાય મળી જાય એવી વ્યવસ્થા કરી આપી. ચંદુભાઇએ પિતાશ્રીને નાનાં છોકરાંઓને ભણાવવાનાં બેત્રણ ટ્યૂશન બંધાવી આપ્યાં કે જેથી તબિયત સાચવીને કામ કરી શકાય. માતા રેવાબાએ કપડાં, વાસણ વગેરે બધું જ ઘરકામ હાથે કરવાનું ચાલુ કરી દીધું. અને એમ કરતાં કુટુંબ મુંબઇમાં ટકી ગયું. દસ બાય વીસની રૂમમાં કુટુંબના અમે દસ સભ્યો રહેતાં. અમે ભાઇબહેનો કાગળની કોથળી બનાવવી, કેલેન્ડરમાં ચિત્રો ચોંટાડવા વગેરે પ્રકારના પરચુરણ કામો મેળવી લાવી નાની રકમ કમાતા અને એથી કુટુંબમાં રાહત થતી. એક દાયકો આવી સખત હાડમારીનો પસાર થયો. મોટા બે ભાઇઓએ ભણવાનું છોડી નાની ઉંમરે નોકરી ચાલુ કરી દીધી. બીજા વિશ્વયુદ્ધ વખતે મુંબઇ ખાલી થયું ત્યારે કુટુંબ એક વર્ષ માટે પાદરા ગયું. પિતાશ્રી સાથે અમે બે ભાઇઓ મુંબઇમાં રહ્યા. ત્યારે મારી ઉંમર પંદરેક વર્ષની હશે. અમે હાથે રસોઇ કરીને ખાતા. પિતાશ્રી નોકરીએ જતા અને અમે શાળામાં ભણવા જતા .

વિશ્વયુદ્ધનો મુંબઇ પરનો ભય હળવો બન્યો અને કુટુંબ પાછું મુંબઇ આવીને રહેવા લાગ્યું. ઇ. સ. ૧૯૩૬ થી ૧૯૪૮ સુધી બાર વર્ષ સુધી પિતાશ્રી અને બે વડીલ બંધુઓની નોકરીની આવકમાંથી કુટુંબનું ગુજરાન ચાલ્યા કર્યું. ૧૯૪૮માં અમે બે ભાઇઓ યુનિવર્સિટીમાં ડિગ્રીની પરીક્ષા પાસ કરીને તરત નોકરીએ લાગી ગયા. પછી કંઇક આર્થિક રાહત અનુભવાવા લાગી. ક્રમે ક્રમે આવક વધતી ગઇ. એક પછી એક ભાઇઓનાં લગ્ન થતાં ગયાં. ઘર મંડાતાં ગયાંઅને એમ પાછો કુટુંબનો ઉત્કર્ષ થતો ગયો. માતા રેવાબાનું અવસાન ૧૯૭૫માં થયું.

પિતાશ્રી અને અમે છ ભાઇ અને બે બહેનોના પરિવારના સભ્યોની સંખ્યા હવે સો ઉપર નીકળી ગઇ. ત્રીજી પેઢીના સંતાનો પણ હવે વ્યવસાયે લાગી ગયાં. પિતાશ્રી કહે છે કે ખેતવાડીના એક રૂમમાંથી હવે અમેરિકા, સિંગાપુર વગેરે દેશ વિદેશોમાં મળીને ઘણાં મોટાં મોટાં ઘર થઇ ગયાં. ફરી પાછો પહેલાંથી પણ અધિક વળતો દિવસ જોવા મળ્યો. આમ છતાં પિતાશ્રીએ ઘણાં વર્ષોથી અપનાવેલી સાદાઇ પ્રમાણે એમની પાસે તો બે જોડ વસ્ત્રથી વધુ પરિગ્રહ હોતો નથી. સંતાનો સ્વતંત્ર થયા પછી લગભગ પંચાવનની ઉંમરે ધન કમાવામાંથી એમણે રસ છોડી દીધો હતો. પોતાના નામે બેન્કમાં ખાતું કે મિલ્કત નથી કે નથી તેમણે ઘણાં વર્ષોથી કોઇને પ્રશ્ન કર્યો કે તમે શો વ્યવસાય કરો છો અને તમારી શી આવક છે ?' તેઓ સતત ધર્મમય જીવે છે. સાધુ મહારાજ જેટલો પરિગ્રહ તેઓ રાખે છે. ઉપકારીના ઉપકારનું વિસ્મરણ ન કરવું અને ધર્મમાં શ્રદ્ધા રાખવી એ માટે વારંવાર ભલામણ કરે છે.

પિતાશ્રીનું જીવન એટલે ચડતી પડતી અને પાછી ચડતીના દિવસોનું જીવન. પણ એ દરેક તબક્કામાં એમણે સ્વસ્થતા અને સમતાપૂર્વક ધર્મને આદર્શ તરીકે રાખ્યો છે. એમના સરળ, નિરભિમાની, નિઃ સ્પૃહ, ધર્મમય શાંત પ્રસન્ન જીવનમાંથી અમને હંમેશાં સતત પ્રેરણા મળતી રહી છે.

☐ રમણલાલ ચી. શાહ

♦♦♦

# 'BLIZZARD 1996'માં સ્નોના અધ્યવસાયો

□ ચંદ્રકાંત બી. મહેતા (ન્યૂ જર્સી)

જાન્યુઆરી ૭, ૧૯૯૬, અમેરિકાના ન્યુજર્સી સ્ટેટના સમગ્ર વિસ્તારમાં લગભગ ૨૦ ઈંચ સ્નો (હિમકણો) પડ્યો. હિમાલયમાં થતા બરફનાં તોફાન કરતાં પણ આ તોફાન ભયંકર હતું. આર્તધ્યાનમાંથી રૌદ્ર ધ્યાનમાં પલટાયેલો સ્નો એક દિવસ તોફાન મચાવીને, બીજે દિવસે પણ શાંત ન રહ્યો. સમગ્ર સ્ટેટમાં; પહેલી જ વાર સ્નો ઇમરજન્સી મુકાઇ. બે દિવસમાં લગભગ ૩૦ ઈંચ સ્નો પડ્યો. જાન્યુઆરી ૮, ૧૯૯૬ની વહેલી સવારે પથારીમાંથી ઉઠીને બારીના પારદર્શક કાચમાંથી મેં જોયું તો આકાશમાંથી સ્નોના અસંખ્યાત રજકણો પૃથ્વી ઉપર ઊતરતા હતા. દશ્ય ઘણું રળિયામણું હતું. બહાર જેટલી ઠંડી હતી તેટલી ઘરમાં નહોતી.

બે ઘડી મન ચિંતનમાં ઊતરી ગયું. પ્રત્યેક સમયે આપણા આત્માની ધરતી ઉપર કર્મના અસંખ્યાત રજકણો આ જ રીતે ખેંચાઇને આવે છે. વળી બહાર નજર પડી અને ઝીવણટથી જોયું તો ઝીણા ઝીણા સ્નોના રજકણો, જમીન ઉપર કોઇક જગ્યાએ વધુ તો કોઇક જગ્યાએ ઓછા પ્રમાણમાં જમા થતાં હતાં.

આત્મપ્રદેશ ઉપર આવતા કર્મનાં રજકણો પણ એકસરખાં જ છે. પણ કેટલાક મોહનીય કર્મ રૂપે મોટા જથ્થામાં જમા થાય છે, તો કેટલાંક જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે કર્મરૂપે ઓછા પ્રમાણમાં જમા થાય છે.

અરે, આ શું ? પેલા સફેદ, સુંદર અને સુંવાળા સ્નો ઉપર PLOUGH TRUCKનાં ટાયરો પસાર થયાં અને સ્નો ઉપર કાળા ડાઘ પડી ગયા. ચારેબાજુ રસ્તા ઉપર પથરાયેલો સ્નો, Plough વડે ઘસાઇને, પગથી (Side Walk)ની કિનારી (Curb) પાસે થરના થર રૂપે જામી ગયો.

શું આત્મ પ્રદેશ ઉપર જામેલા કર્મ રજકણોની આ દશા થઇ શકે ? હા, રાગ અને દ્વેષના, મોહ અને આસક્તિના, અહંકાર અને ઇર્ષાના ગંદા ટાયરો, કર્મ રજકણોને ગંદાં કરે છે અને કેટલાંક કર્મ પુદ્‌ગલો ચીકણાં બનીને આત્મ પ્રદેશની કિનાર ઉપર જામી જાય છે.

પાછી નજર બહાર ડ્રાઇવ-વે (Drive-way) ઉપર પડી. ડ્રાઇવ-વે ઉપર સ્નોના થરના થર જામ્યા હતા. બદલાતા ઝપાટાથી કોઇક જગ્યાએ ત્રણ ફૂટથી ય ઊંચા ઢગલા થયેલા.

અનાદિકાળથી આપણા આત્મપ્રદેશ ઉપર કર્મના થરના થર લાગેલા છે. કષાય રૂપી પવનના ઝપાટાથી કર્મના જાણે ડુંગર ઊભા થયા છે. એકાએક મનમાં ઝબકારો થયો. હવે કંઇક કરવું પડશે. અને મન જાણે 'યથાપ્રવૃત્તકરણ' કરવા લાગ્યું.

નીચે જઇને ગેરેજનો દરવાજો ખોલ્યો. ડ્રાઇવ-વે ઉપર આટલો સ્નો કદી જમા થયેલો જોયો નહોતો. મનમાં અનેક વિચારો આવી ગયા. થોડા વહેલા ઉઠીને સ્નો સાફ કરવા જેવો હતો. પણ કંઇ નહિ, જાગ્યા ત્યારથી સવાર. એમ મુંઝાવાથી નહિ ચાલે. મનને થયું, સ્નો ખસેડવા માટેનું મશીન SNOW-BLOWER આપણી પાસે છે ને ! પછી શું ફીકર ?' Snow-Blower ચાલુ કર્યું પણ કામમાં ન આવ્યું. કારણ કે તેની ઊંચાઇ કરતાં પણ સ્નોનો ઢગલો વધુ ઊંચો હતો. હવે શું કરવું ? હિંમત કરીને પાવડાથી (Hand-Shovel) સ્નો ઊંચકીને ફેંકવા માંડ્યો. પોચા અને તાજા સ્નોની નિર્જરા ઝડપથી થવા માંડી. જે કામ, શરૂ કરતાં પહેલાં અત્યંત કપરું લાગતું હતું તે હવે થોડું સરળ બની ગયું. હિંમત વધી. શ્વાસની સાથે વિશ્વાસ વધ્યો. મનને આનંદ થયો. એક જુદો જ અનુભવ થયો. મન જાણે હવે 'અપૂર્વકરણ'માં પ્રવેશ્યું.

પાછું મન વિચારે ચડ્યું. આત્મા ઉપર અનાદિકાળથી કર્મના ઢગલા થયા છે. જો હિંમત હાર્યા વગર નાના નાના અવલંબનો લઇને પુરુષાર્થ કરીએ તો શું કર્મની નિર્જરા ન થઇ શકે ? સ્નો ખસેડતાં પહેલાં મન કેવું ગભરાયેલું ? પરંતુ, કોઇ સહારો ન મળતા, આ બધો સ્નો આપણે જાતે જ સાફ કરવો પડશે એમ સમજીને કાર્ય શરૂ કર્યું ત્યારે પ્રખર પુરુષાર્થના પ્રતાપે આત્માની શક્તિનો અનુભવ થયો. મનમાં દ્રઢ નિર્ણય લેવાયો કે હવે પાછા નથી જ હઠવું. અને મન 'અનુવૃત્તિકરણ'માં પ્રવેશ્યું.

પાવડાથી સ્નો ખસેડવા માંડ્યો. પહેલી જ વાર જીવનમાં આટલી મહેનત કરી હશે ! વચ્ચે વચ્ચે વિશ્રામ લઇને, સ્નો ખસેડવાની ક્રિયા ચાલુ રાખતા, સમગ્ર drive-way ઉપરથી લગભગ અર્ધી સપાટી જેટલી સ્નોની નિર્જરા કરી નાંખી.

હવે snow-blower ચાલી શકે તેટલો રસ્તો કરવાનો હતો. પાવડાથી સ્નો ઊંચકીને ઘડીકમાં ડાબી બાજુ તો ઘડીકમાં જમણી બાજુ સ્નો ફેંકવા માંડ્યો, અને વચ્ચેનો રસ્તો સાફ કર્યો. કામ થોડું સરળ થયું. મન શાંત થયું અને 'અંતઃકરણ'માં પ્રવેશ્યું.

ડ્રાઇવ-વે ઉપર મશીન થોડી સરળતાથી વાળી શકાય તે માટે કેડી બનાવતા બનાવતા છેક ડ્રાઇવ-વેના છેડા સુધી પહોચી ગયો.

અરે આ શું ? અનાદિકાળથી છૂપાયેલા અનંતાનુબંધીના કષાયો જેમ ઉછળી આવે તેમ રસ્તો સાફ કરતા, પેલા snow plougeથી આવ્યા અને drive-wayની edge ઉપર સ્નોની દિવાલ ઊભી થઇ ગઇ. હવે તો દિવાલ તોડે જ છૂટકો. એક બાજુ પાવડાથી શુદ્ધ અને સફેદ સ્નોનો ઢગલો કર્યો તો બીજા બાજુ ploughથી ખરડાયેલા મેલા તથા થોડા શુદ્ધ એમ મિશ્ર સ્નોનો ઢગલો કર્યો.

ત્યાં જ મન વિચારે ચડ્યું. શ્રદ્ધાના પાવડાથી ભાવનાના બળે જ્યારે કર્મ રૂપી સ્નો ખસેડીએ છીએ ત્યારે અંતકરણમાં પ્રવેશેલું મન, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીયના ત્રણ ઢગલા કરીને 'ત્રિ-પુંજ કરણ' કરે છે.

પાછું મન વાસ્તવિક જગતમાં દાખલ થયું. હવે કામ સરળ થઇ ગયું. મશીન ચાલુ કર્યું અને પાણીનો ફુવારો ઉછળે તેમ ફટાફટ snow ઉંચકાઇને દૂર દૂર લોન ઉપર ફેંકાવા લાગ્યો. એક કલાકમાં તો આખો ડ્રાઇવ-વે સાફ સાફ થઇ ગયો. મનને તૃપ્તિ મળી. સમ્યગદર્શન પ્રગટ થયા જેટલો આનંદ થયો.

પાછો મનમાં વિચાર ચમક્યો. ભક્તિ અને જ્ઞાનનું snow-blower ચાલે પછી કર્મ રૂપી સ્નો ટકે ખરો ? બસ, મહત્ત્વનું કામ થઇ ગયું. હવે થયું થોડો આરામ કરું. ડ્રોઇંગ રૂમની બારી પાસે ખુરશી ખેંચીને બેઠો. બહાર પ્રકૃતિએ પાથરેલી લીલા જોયાનો આનંદ કોઇ જુદો જ હતો. ચારેય બાજુ પથરાયેલા સ્નો ઉપર નજર આળોટવા માંડી. પ્રકૃતિની પાંખોમાં સમાયેલું મન, સમગ્ર ચૌદ રાજલોકમય વિશ્વની આ માયાજાળ ઉપર વિચાર કરતું, ચિંતનના ચાકડે ચઢ્યું.

સમ્યગદર્શન પ્રગટ્યા પછી ફક્ત મનુષ્ય જ, પાંચમા ગુણસ્થાનેથી આગળ વધીને, તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, ચૌદમા ગુણસ્થાનેથી ઉંચકાઇને સિદ્ધશિલા ઉપર અનંતકાળ સુધી, અનંતસુખને પ્રાપ્ત કરી શકે છે. પ્રત્યેક ગુણસ્થાન વટાવતાં, મનના અધ્યવસાયો કેવા શાંત અને સુંદર હશે ? ચારે બાજુ પથરાયેલા સ્નો ઉપર નજર ફેરવતાં જોયું તો સ્નોની મુખમુદ્રા અદ્‌ભૂત લાગવા માંડી.

દૂર દૂર lawn ઉપર પથરાયેલો સ્નો સફેદ તો હતો જ પણ ઉડેલા સ્નોથી થોડી સફેદાઇ ઝાંખી લાગતી હતી. જરૂર પેલા અણુવ્રતધારી શ્રાવકની જેમ પાંચમા ગુણસ્થાને પહોંચ્યો હશે.

પેલા દૂર દૂર, નાના નાના (છોડવા) ઉપર પથરાયેલો સ્નોનો સુંદર ઢગલો, પંચ મહાવ્રતધારી સાધુ સમાન લાગતો હતો. સફેદ વસ્ત્રોમાં ઢંકાયેલો, છોડવા પરનો શ્વેત સ્નો, છઠ્ઠા ગુણસ્થાને જ હોવો જોઇએ. મહાવ્રત લીધા છે પછી ડાઘ ક્યાંથી પડે ?

જુઓ તો ખરા, પેલા મકાનના ઝરુખા ઉપર બેઠેલો સ્નો ! એ મહાશય તો જાણે પદમાસનમાં બેઠેલા મુનિ જેવા લાગતા હતા. જરૂર અપ્રમત્ત બનીને સાતમે ગુણસ્થાને પહોંચ્યો હશે. નજર આગળ વધીને ગઇ પેલા કાયોત્સર્ગમાં ઊભેલાં વૃક્ષો ઉપર. વૃક્ષો ઉપર બિરાજમાન થયેલા એ સ્નો મહાશયે તો જાણે આઠમા ગુણસ્થાને બેસીને શ્રેણી માંડી હોય એમ લાગ્યું. મારું કુતૂહલ વધ્યું. જોઇએ તો ખરા આગળ શું બને છે ! વૃક્ષની બે શાખાઓ જુદા જુદા મકાન તરફ ફંટાતી હતી.

નજર ગઇ એક મકાનના ઢળતા છાપરા ઉપર. તેના ઉપર જમા થયેલા સ્નોની મુખમુદ્રા શાંત હતી. એટલામાં પવનનો સુસવાટ થયો. પેલો સ્નો મૌનમાંથી જાગ્યો....ગભરાયો અને છાપરા ઉપરથી નીચે પટકાયો. કદાચ પવનની લહરથી લપટાયો પણ હશે. જરૂર એ ઉપશમ શ્રેણી માંડીને અગિયારમા ગુણસ્થાને પહોંચ્યો હશે. પછી એ પડે જ ને! નીચે નજર કરી તો, વૃક્ષ પરથી પટકાઇને...છોડવા ઉપર અને પછી છેક નીચે જમીન ઉપર પડ્યો. હવે ખાત્રી થઇ ગઇ. અગિયારમેથી પડીને નવમા, સાતમા, છઠ્ઠા અને ચોથા ગુણસ્થાનેથી છેક નીચે મિથ્યાત્વમાં આવીને અટક્યો.

ડાબી બાજુના મકાનની છત ઉપરનો સ્નો જાણે ક્ષપક શ્રેણી ઉપર નવમા અને દસમા ગુણસ્થાને પહોંચી, સર્વ મોહનીય કર્મ ખપાવી, છલાંગ મારીને બારમે ગુણસ્થાને પહોંચ્યો હોય એમ લાગ્યું. તેના મુખ ઉપર અલૌકિક તેજ હતું. બાહ્ય જગતની તેના ઉપર અસર નહોતી. પવનના સુસવાટા તેને હલાવી ન શક્યા. તેનો ચહેરો સુંદર, શાંત અને ક્ષમતાથી સુશોભિત લાગ્યો. નજર જ્યારે તેના પર જઇને સ્થિર થઇ ત્યારે લાગ્યું કે તેને કૈવલ્યની પ્રાપ્તિ થઇ હશે. તેરમા ગુણસ્થાને તેણે અહમ્ મિટાવીને અર્હમ પ્રગટાવ્યું. હવે તેનો નિર્વાણ સમય નજીક આવ્યો.

જલબિંદુની ટપકતી ધાર વડે તેણે કેવલીસમુદઘાત કર્યો. તરત જ યોગનિરોધ શરૂ થયો. કંપતા આત્મપ્રદેશો સ્થિર થયા. પાણીની ટપકતી ધાર જોત જોતામાં ઠંડીથી થીજી જાણે બરફની સોટી (આઇસિકલ) થઇ ગઇ. ચૌદમા ગુણસ્થાને ક્ષણભર રહીને, એ...ચમકતો 'આઇસિકલ' બની ગયો. આત્મા જાણે પરમાત્મા બની ગયો.

એ છાપરાની આખી કિનાર ઉપર નજર ફરી અને જોયું તો સિદ્ધશિલા ઉપર બિરાજમાન થયેલા સિદ્ધોની જેમ આઇસિલકો ચમકતા હતા. મન ઝૂકી ગયું. એ સફેદ, સુંદર અને સ્ફટિકમય આઇસિકલો જોઇને.

ધન્ય છે પ્રકૃતિ માતા ! સંસારથી પર ઉઠીને, સર્વે કર્મો ખપાવીને, પેલા ચમકતા સિતારા જેવા આઇસિકલો, જ્ઞાતા-દ્રષ્ટા બનીને, સર્વજ્ઞતા પામી, સમગ્ર સંસારને, વીતરાગ ભાવે જોઇ રહ્યા હતા; અને અનંત સુખનો અનુભવ કરી રહ્યા હતા.

મન વિચારોમાંથી જાગૃત થયું...અવાચક મનમાં આ શબ્દો સરી પડ્યા...હે પ્રકૃતિ માતા ! મારા જીવનમાં એ પળ ક્યારે આવશે ?

(તા. ક. હિમવર્ષામાં વરસતા અને વરસી ગયેલા હિમકણો (snow) ના વિવિધ રૂપોમાં ગુણસ્થાનક્રમારોહણને ઘટાવવાનો અહીં કાલ્પનિક પ્રયાસ કર્યો છે. અલબત્ત, એમાં બધાં જ રૂપો બધી જ દૃષ્ટિએ સંપૂર્ણપણે સુસંગત હોય એવું ન બને. એટલે અહીં તો માત્ર એનો ધ્વન્યાર્થ લેવા ભલામણ છે.)

♦ ♦ ♦

# સંઘ સમાચાર

**સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક**

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૫ના વર્ષ માટેનું પારિતોષિક પ્રા. ચી. ના. પટેલને તેમના લેખો માટે આપવામાં આવે છે.

આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામભાઈ દેસાઈ અને શ્રી દીપકભાઈ દોશીએ સેવા આપી છે.

અમે પ્રા. ચી. ના. પટેલને અભિનંદ આપી છી અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

**નેત્રયજ્ઞ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે અને શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરાના સહયોગથી સ્વ. ભાનુબહેન પ્રવીણચંદ્ર કે. શાહના સ્મરણાર્થે, શનિવાર તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ જંબુસર મુકામે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

**શ્રદ્ધાંજલિ**

અમને જણાવતાં ખેદ થાય છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ગુણવંત અમૃતલાલ શાહનું થોડાક દિવસ પહેલાં મુંબઇમાં ૭૩ વર્ષની વયે હૃદયરોગની બીમારીથી અવસાન થયું છે. છેલ્લાં કેટલાંક વર્ષથી સંઘની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય રસ લેતા હતા અને તેમના તરફથી ઘણો સારો સહકાર સાંપડ્યો હતો. સંઘે આ રીતે એક ઉમદા સાથી ગુમાવ્યો છે. સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થીએ છીએ.

☐ મંત્રીઓ


**પ્રબુદ્ધ જીવન**

(રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૨. પ્રસિદ્ધિનો ક્રમ : દર મહિનાની સોળમી તારીખ.

૩. મુદ્રકનું નામ : ચીમનલાલ જે. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૪. પ્રકાશકનું નામ : ચીમનલાલ જે. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૫. તંત્રીનું નામ : ડૉ. રમણલાલ ચી. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૬. માલિકનું નામ અને સરનામું : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪.

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૯૬ રમણલાલ ચી. શાહ

# શ્રેણિકરાજાનો કુટુંબકબીલો

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

થોડોક વળાંક લઇ બહુ-પત્ની, પુત્રો ધરાવતાં માનવીની વાત બાજુ પર રાખી એક કુટુંબની કથની જણાવું. શ્રેણિક રાજા લગભગ પચાસ વર્ષની વય સુધી બૌદ્ધધર્મી હતા. ત્યારબાદ જૈનધર્મની આરાધના કરી સમકિતી બન્યા. એક વાર હરણીનો શિકાર કરી તેને તથા તેના બચ્ચાંને તડફડતા જોઇ ખુબ આનંદ વ્યક્ત કર્યો, જેથી બંધાયેલાં નિકાચિત કર્મથી નરકે જવું પડ્યું. તેમાંથી છૂટવાનો માર્ગ પૂછતાં ભગવાને કહ્યું કે જો કાલ સૌરિક પાડા મારવાનું બંધ કરે, તારી દાસી કપિલા દાન દે અથવા પુણિયા શ્રાવક સામાયિકનું ફળ આપે તો નરક સુધરે. પરંતુ કુવામાં રહી કાલસૌરિક પાડા મારતો રહ્યો, કપિલા કહે છે કે ચાટ દાન દે છે મારો હાથ નથી દેતો તથા પુણિયો કહે છે આખા રાજ્યના સાટે સામાયિકનું ફળ ન આપી શકાય. ત્યારબાદ સમક્તિ પ્રાપ્ત કર્યું હતું તેથી નરકની કેદ ભોગવી આગામી ઉત્સર્પિણીમાં તેઓ પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. આ એક જીવ નરક તથા મોક્ષગામી થયો. જ્યારે પ્રસન્નચંદ્ર રાજર્ષિ તો એક જ ભવમાં સાતમી નરક અને મોક્ષગામી થતાં દેવદુંદુભિ વાગી.

શ્રેણિક તથા તેના કુટુંબીજનો વિષે જરા વિગતે જોઇએ. નિરયાવૃલિયા અથવા નિરયાવલિકા શ્રુતસ્કંધમાં પાંચ ઉપાંગોને સમાવિષ્ટ કર્યાં છે. જેવાં કેઃ- (૧) નિરયાવલિકા કે કપ્પિયા (કલ્પિકા), (૨) કપ્પવડંસિયા (કલ્પાવતંસિકા), (૩) પુપ્ફિયા (પુષ્પિતા), (૪) પુપ્ફચુલિકા (પુષ્પચુલિકા) (૫) વહ્નિદશા (વૃષ્ણિદશા). આનું પરિમાણ ૧૧૦૦ શ્લોક જેટલું છે.

નિરય એટ નરકનો જીવ, અને આવલિ એટલે શ્રેણિ. નરકે જનાર જીવોની શ્રેણિનું વર્ણન જે ગ્રંથમાં હોય તે નિરયાવલિયા શ્રુતસ્કંધ છે. શ્રેણિક અને ચેલ્લણાના પુત્ર કૂણિય (કોણિક) ને પદ્માવતી નામની પત્ની હતી અને કાલી નામની ઓરમાન મા હતી. કાલીને કાલ નામનો પુત્ર હતો. તેણે ગરુડવ્યૂહ રચી કોણિક સાથે રહી રથમુશલ યુદ્ધમાં ભાગ લીધો. જેમાં ૧ કરોડ ૮૦ લાખ માણસો મૃત્યુ પામ્યા. ચેટકે તેને એક બાણથી હણી નાંખ્યો. બીજા અધ્યાયમાં શ્રેણિકની પત્ની સુકાલીના પુત્ર સુકાલનું પણ તે યુદ્ધમાં મૃત્યુ થયું. બાકીના બીજી ૮ પત્નીના ૮ પુત્રો પણ આ રીતે મૃત્યુ પામ્યા. આ ૧૦ પુત્રો શ્રેણિકની કાલી, સુકાલીના વગેરેના પુત્રો હતા. ચેલ્લણાનો પુત્ર તે કોણિક. આ ભાઇઓની મદદથી શ્રેણિક જેલમાં પુરાય છે.

કોણિકને હલ્લ-વિહલ્લ પાસેથી, પિતાએ આપેલા દિવ્યહાર તથા સેચનક હાથી તેની પત્ની પદ્માવતીને જોઇએ છે. તેઓ દાદા ચેડા રાજાનું શરણું લે છે. અને વૈશાલીમાં રહે છે. ૧૦ ભાઇઓ હલ્લ- વિહલ્લ સામે ઉતરે છે. ભગવાન મહાવીરના પરમોપાસક ચેડા રાજાએ ૧૨ અણુવ્રત લઇ એવો નિયમ લીધો કે એકથી વધુ બાણ ન મારવા. કોણિકે ૧૦ને સેનાપતિ બનાવ્યા. ચેડા રાજાના અમોઘ બાણથી દશે માર્યા ગયા અને નરકમાં ઉત્પન્ન થયા. ચેલ્લણા રાણીને કોણિક ગર્ભમાં હતો ત્યારે તેને પતિના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો. પુત્ર જન્મતાં ચેલ્લણાએ તેને કોણિકને ઉકરડે ફેંકી દીધો. શ્રેણિક તેની પરૂ નીકળતી આંગળી ચુસતો છતાં પણ પિતાને જેલમાં પૂરે છે અને દરરોજ ૧૦૦ ચાબકા મારે છે. તેઓ વીર વીર કહે છે. એક દિવસ માતાએ તેને જન્મ પછી ઉકરડે ફેંક્યો પણ દયાદ્ર પિતાએ બચાવ્યો તે જાણી કોણિક કુહાડો લઇ બંધન તોડવા આવે છે ત્યારે શ્રેણિક ઝેર ખાઇ મૃત્યુ પામે છે; કેમકે શ્રેણિક એમ માને છે કે તે મને મારી નાંખવા આવ્યો છે.

કપ્પવડિંસિયા જે અંતગડદશાનું ઉપાંગ છે તેમાં ૧૦ અધ્યયનો છે. એનાં નામ પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ, આનંદ અને નંદન છે. આ દશે અનુક્રમે શ્રેણિક રાજાના આ કાલ, સુકાલ વગેરેના પુત્રો તથા શ્રેણિકના પૌત્રો છે જેનો ઉલ્લેખ નિરયાવલિમાં છે. આ બધાંએ ભગવાન મહાવીરસ્વામીનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય વાસિત થઇ, દીક્ષા લઇ, ૧૧ અંગોનો અભ્યાસ કરી, ઉત્કૃષ્ટ તપ-સંયમાદિ પાળી અનશન કરી, સંથારો કર્યો, સૌધર્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી, સંયમ પાળી મોક્ષે સિધાવે છે.

આશ્ચર્યકારી વાત એ છે કે કાલાદિ પિતાઓ કષાયને વશ થઇ નરકે જાય છે; ત્યારે પ્રત્યેકના પુત્રો કષાયને જીતી સદગતિ પામી, સિદ્ધ થાય છે. વળી, કુટુંબના અગ્ર વડીલ શ્રેણિક નરકે જઇ તીર્થંકર થશે, તેના પુત્રો નરકવાસી તથા તેમના પુત્રો મોક્ષગામી થાય છે !

સાતમા ઉપાશકદશાંગમાં ભગવાને શ્રમણોપાસકના ચરિત્રનું વર્ણન કરી આચાર-ધર્મનો પ્રતિબોધ કર્યો છે; જ્યારે ૮મા અંતગડદસાઓમાં અણગાર-સાધુ ધર્મનો સ્વીકાર કરી જે મહાનુભાવો તે જ ભવમાં મોક્ષે જવાના છે, તથા જેમણે અંતકાળે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના દીધા વિના મુક્તિ મેળવી તેઓ અંતગડકેવળી કહેવાયા. જીવનના અંતકાળે કેવળજ્ઞાન પ્રગટ્યું. તેથી અંતગડકેવળી કહેવાયા. આ અંતગડ મુખ્યતયા ગદ્યમાં રચાયેલું છે. જેનું પરિમાણ ૮૫૦ શ્લોકનું છે. અને આગમ પુરુષના વક્ષસ્થળ તરીકે ઓળખાય છે, અહીં આમ નોંધીએ કે અંતગડસૂત્રનું ઉંચું સ્થાન છે. ઉત્તર ભારતમાં પર્યુષણના માંગલિક દિવસોમાં આ સૂત્ર વાંચવામાં આવે છે, તેના ૮ વર્ગ છે જે પર્યુષણના ૮ દિવસોમાં જ પૂરા કરાય છે.

આ સંદર્ભમાં અણુત્તરોવવાઇદસાઓ (અનુરોત્તરોપપાતિકદશા) વિષે વિચારીએ. અણુત્તર એટલે જેનાથી ચઢિયાતા બીજા કોઇ ગતિ નથી તેવા ઉવવાઇય- ઉપાતિક દેવોના જન્મને ઉપપાત કહેવાય છે. તેનો અધિકાર આ આગમમાં કહ્યો છે. પ્રત્યેક તીર્થંકરોના સમયમાં ૧૦, ૧૦ અનુત્તરોપપાતિક શ્રમણોનું ચરિત્ર જે ૩ દિવસમાં કહેવાય છે. પ્રથમ વર્ગના ૧૦ અધ્યયન જાલિ, મયાલી, ઉપજાલી, પુરુષસેન, વારિસેન, દીર્ઘદંત, લષ્ઠદંત, વિહલ્લ, વિહંસ અને અભયકુમાર છે. આ બધાં શ્રેણિકના પુત્રો જેમાં પહેલા સાતની માતા ધારિણી, વિહલ્લ, વિહાસની માતા ચેલ્લણા, અને અભયકુમારની માતા નંદા છે.

બીજા વર્ગના ૧૩ અધ્યયન જેવાં કે દીર્ઘસેન, મહાસેન, લષ્ઠદંત, શુદ્ધદંત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાસેન, સિહ, સિંહસેન, મહાસિંહસેન અને પુણ્યસેન. આ ૧૩ના પિતા મગધેશ્વર શ્રેણિક, માતા ધારિણી તથા દીક્ષા પર્યાય ૧૩ વર્ષનો. ઉપર જણાવેલા બંને વર્ગના ૨૩ રાજકુમારો ભગવાન મહાવીર પાસે મેઘકુમારની જેમ દીક્ષા લે છે. ઘણાં વર્ષો ઉત્તમ નિરતિચાર ચરિત્રપાળી, કડી તપસ્યા કરી એકેક મહિનાની સંલેખના-સંથારો કરે છે, શરીરાદિનો નિર્મમત્વભાવે ત્યાગ કરી અનુત્તર વિમાનમાં ઉપજી, ચ્યવી, મહાવિદેહમાં જન્મી સર્વદુઃખો સહન કરી, સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે. ત્રીજા વર્ગમાં ૧૦ અધ્યયન છે. દરેકના પિતા સાર્થવાહ છે. પ્રત્યેકની મા જુદી જુદી પણ સમાન નામ ધારણ કરનારી ભદ્રા છે. પ્રથમ ૯ને માતા દીક્ષા અપાવે છે. વિહલ્લને પિતા દિક્ષીત કરે છે. તેમાંનો ધન્નાકુમાર અણગાર બની એવા અભિગ્રહ સેવે છે કે જીવે ત્યાંસુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરવો, લુખાસુખા આહારવાળું આયંબિલ કરવું. શરીર એવું સુકવી નાંખ્યું કે ચાલે ત્યારે હાડકાં ખડખડ અવાજ કરે. ભગવાને સર્વ સાધુમાં તેના તપને શ્રેષ્ઠ કહ્યો છે. ધન્ના-શાલીભદ્ર કરતાં આ વ્યક્તિ જુદી છે. ભગવાનની આજ્ઞા લઇ વિપુલાચલ પર મહિનાનો સંથારો કરી સર્વાર્થસિદ્ધમાં જન્મી ચ્યવી, નિર્વાણપદ પામશે.

તેઓ મનુષ્યની જેમ માતાની કુખે જન્મતા નથી. દેવશય્યામાં જન્મે છે. જેઓનો જન્મ અનુત્તરવિમાનમાં થાય છે. તે વિમાનો પાંચ છેઃ-વિજય, વૈજયન્ત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. તે બધાં દેવલોકના અગ્ર ભાગે છે. સર્વાર્થસિદ્ધ તો સિદ્ધશીલાથી ૧૨ જોજન જ દૂર છે, તેમાં ઉપજેલા નિયમો એકાવતારી હોય છે; જેઓ એક અવતાર કરી મોક્ષે જાય છે; પરંતુ ૭ લવનું આયુષ્ય ખૂટતાં ૩૩ સાગરોપમ પછી મોક્ષે જાય, કર્મની કેવી અકલ ગતિ !

સમવાયમાં આ પ્રમાણે નોંધ્યું છેઃ અહીં ઉપજેલા જીવોના નગર, ઉદ્યાન, માતાપિતાનું વર્ણન ઉપાશકદશાંગની જેમ જાણવું. વળી અહીં તપસ્વી, જ્ઞાની, ઉપદેશ દઇ શકે તેવા, શાસનાહિતકારી, વિષયોથી વિરક્ત, સર્વવિરતિરૂપ દયા ધારણ કરનારા, ગુર્વાદિની સેવા કરનારા, રત્નત્રયીની આરાધના કરનારા, જિનાજ્ઞા અનુસરનારા, સમાધિવંત ઉત્તમ ધ્યાનવાળા જે પ્રભુના શિષ્યો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઇ ત્યાંના કામોપભોગ ભોગવી, ચ્યવી, અંતક્રિયા, કરી ભવનો અંત કરશે તેઓના બીજા નવનો અધિકાર ધન્નાની જેમ જ છે. આ બધાંના અધિકાર મોટી સાધુ વંદનામાં આવે છે. આ ૧૦ પુત્રોના નામ (કાંકદીના ધન્ના કરતાં જુદા છે.) સુનક્ષત્ર, ઋષિદાસ, પેલ્લકપુત્ર, રામપુત્ર, ચંદ્રકુમાર, પૌષ્ટિકપુત્ર, પેટાલપુત્ર, પોટિલ્લ, અને વિહલ્લ છે. નાગની પત્ની સુલસા, દેવકીના ૬ પુત્રો વિષે ઉલ્લેખ છે. ૧૦ યાદવકુમારો, કૃષ્ણની ૮ પટ્ટરાણીઓ, સાંબની બે પત્ની પણ મોક્ષગમન કરે છે તે માહિતી અત્રે ઉપલબ્ધ છે. નવમા આગમનું પરિમાણ લગભગ ૧૯૨ શ્લોક જેટલું છે. આના પર નવાંગીકાર અભયદેવસૂરિએ ૧૦૦ શ્લોકની ટીકા લખી છે. ઉપરની વિગત પરથી જાણવા મળે છે કે શ્રેણિકને ૨૩ પત્નીઓ અને ૨૩ પુત્રો હતા. અંતગડના ૭મા વગ્ગમાં તેની ૧૩ રાણીની વાત છે ; ૮મા વગ્ગમાં બીજી ૧૦ રાણીની વાત છે. તેમાંની પહેલી ૪ રાણીઓ અનુક્રમે રત્નાવલી, કનકાવલી, લઘુસિંહ નિષ્ક્રીડિત અને મહાસિંહનિષ્ક્રીડિત તપ કરે છે. પાંચમીથી આઠમી સાત- સપ્તમિકા, લઘુસર્વોતભદ્ર, મહાસર્વોતભદ્ર અને ભદ્રોત્તર પ્રતિમાનું આરાધન કરે છે. નવમી રાણી મુકતાવલીનું તથા દસમી રાણી આયંબિલ-વર્ધમાન તપ કરે છે.

સાગરના વંશજને ૬૦ હજાર પુત્રો હત. જૈન માન્યતા પ્રમાણે અષ્ટાપદને બચાવવા સાંઠ હજારે પાણીમાં પડતું મૂકી તીર્થરક્ષા કરી. વસુદેવનો જીવ નંદિષેણના ભવમાં વૈયાવચ્ચ કરી દેવ પરીક્ષામાં ઉત્તીર્ણ થયો. પરંતુ અંતસમયે તપના ફળ રૂપે સ્ત્રીવલ્લભ થાઉં તે નિયાણાના પ્રતાપે ૭૦ હજાર સ્ત્રીના ભર્તાર થાય છે; પરંતુ મુક્તિરૂપી સ્ત્રી દૂર કરી

વણ્હિસા (વૃષ્ણિદશા) દિષ્ટિવાયના ઉપાંગ તરીકે નિર્દેશાય છે. આમાં વૃષ્ણિવંશના અને વાસુદેવ કૃષ્ણના વડીલ બંધુ બળદેવના નિષઢ વગેરે ૧૨ પુત્રો નેમિનાથ પાસે દીક્ષા લઇ સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થયાની વાત છે.

શ્રેણિકના કેટલાંક કુટુંબીજનો વિષે થોડી વિગતો જોઇએ. નંદાનો પુત્ર તે અભયકુમાર. તેની બુદ્ધિ અને ચાતુર્યની પ્રશંસા તથા તેના જેવા થવાય તે મળે તેવી આકાંક્ષા સેવાય છે . નંદિષેણ પૂર્વ ભવમાં જૈન વણિક હતા. ચોર્યાસી જમણવાર કરાવનાર બ્રાહ્મણે (આ) જૈન વણિકની મદદ માંગી. તે પૈસા લેશે નહીં તેથી વધેલો સામાન તેને આપી દીધો; તે લાડુ, ઘી, સાકર વગેરે લઇ ગયો. આટલા બધાંને શું કરું ? એમ વિચારી તે નિર્દોષ સામગ્રી સાધુ-સાધ્વીને આપી દીધી. આ પુણ્યાનુબંધી પુણ્યથી, શુભ અનુબંધથી જોરદાર પુણ્ય ઉત્પન્ન થયું; જ્યારે તે બ્રાહ્મણ હાથી થયો. ૮ કન્યા સાથે લગ્ન થયા પછી નંદિષેણ દીક્ષા લે છે. ભોગાવલી કર્મ બાકી હોવા છતાં તથા દેવે ના કહી હોવા છતાં તેણે દીક્ષા લીધી. બબ્બે, ચાર-ચાર ઉપવાસ ૧૨/૧૨ વર્ષ સુધી કર્યાં. આપઘાત કરતાં પણ બચી જાય છે. એકવાર ધર્મલાભ કહી વેશ્યાના ઘરે પહોંચે છે. તેણી કહે છે કે અહીં અર્થલાભ ખપે. તેણે આંખની પાંપણે તણખલું અડાડી સાડા બાર ક્રોડ વરસાવ્યા. જતાં રહેતા તેને તેણીએ રોક્યા. રોકાઇ ગયા. વેશ્યાના ચાળાથી પડ્યા. નિકાચિત કર્મ ભોગવવા જ પડશે 'દેવી વચન યાદ આવ્યું. છતાં પ્રતિદિન ૧૦ને પ્રતિબોધ કર્યાં પછી ( ૧૨-૧૨ વર્ષ સુધી ૧૦-૧૦ પ્રતિબોધ્યા) ભોજન. એક વાર એક પ્રતિબોધ ન પામતાં વેશ્યાના વચનથી ૧૦મા તમે તેથી ચાનક લાગતા ઊભા થઇ ગયા, ભગવાન પાસે જઇ જોરદાર તપસ્યામાં લાગી ગયા.

ચેલ્લણાનો પુત્ર તે કોણિક. વિચિત્ર દોહદથી ચેલ્લણાએ તેને ફેંકી દીધો. સાચું જાણ્યા પછી કરડાયેલી આંગળીમાંથી પરૂ ચુસી શ્રેણિકે તેને મોટો કર્યો. શ્રેણિકે તેના બીજા બે ભાઇ હલ્લ-વિહલ્લને સેચનક હાથી તથા દિવ્ય હાર આપ્યા. કોણિકની પત્ની પદ્માવતીએ તે માટે જીદ કરી તેથી યુદ્ધ થયું. ચેટકમામા પાસે તેઓએ રક્ષણ મેળવ્યું. કાલી વગેરેના ૧૦ પુત્રોને હણ્યા. રથમુશલ યુદ્ધમાં ૧ કરોડ ૮૦ લાખ હોમાયા. પાલક પિતાને કેદ કરી દરરોજ ૧૦૦ ચાબકા મરાવતો. સાચી પરિસ્થિતિ જાણ્યા પછી કુહાડો લઇ છોડાવા જાય છે પરંતુ શ્રેણિક તે ન જાણતાં આપઘાત કરે છે.

જ્યારે શાલિભદ્ર દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે ભદ્રા માતાના વરઘોડામાં શ્રેણિક પોતે છડી ધારણ કરી ઉઘાડા પગે પાલખી આગળ ચાલ્યા. સમક્તિી હતા તેથી વૈરાગીને અનુમોદન કર્યા કરી. જૈનધર્મી ચેટકરાજાને ચેલ્લણા જ્યેષ્ઠા, સુજેષ્ઠા વગેરે પુત્રીઓ હતી. જ્યેષ્ઠાને શ્રેણિક બંને અરસપરસ પ્રેમી હતા, પરંતુ પોતાની પુત્રી જૈનધર્મીને જ આપવી તેવા પિતાના આગ્રહથી તે બંનેએ ભોંયરુ તૈયાર કરાવી નાશી જવા તૈયારી કરી. નિશ્ચિત દિને શ્રેણિક આવે છે પરંતુ ઘરેણાના દાબડામાં લોભ રહી જવાથી તે પાછી ફરે છે. શ્રેણિકની સંપત્તિ આગળ આની કંઇ વિશાત ન હતી પણ ભાન ભૂલી પાછી ફરી. તે દરમ્યાન તેની નાની બેન ચેલ્લણા તેને વિદાય કરવા આવી પહોંચી. સમય ઘણો બારીક હતો તેથી સરખી બેનો હોવાથી શ્રેણિક ચેલ્લણા સાથે ભાગી છૂટે છે. કર્મનો દોષ જોઇ બીજા જોડે પણ આવું બને તેમ માની તે જ્યેષ્ઠા દીક્ષા લે છે.

ચેલ્લણાની પરીક્ષા કરવા એક વાર અજૈન મંદિરમાં રાતવાસો કરેલા સાધુ પાસે વેશ્યા મોકલે છે. સમય પારખું સાધુ દિવામાં પોતાના વસ્ત્રાદિ બાળી લંગોટી પહેરી રાખ શરીરે ચોપડી અલખનિરંજન કરતા બહાર નીકળ્યા ત્યારે શ્રેણિક કામયાબ ન થતાં જૈન ધર્મમાં વધુ શ્રદ્ધાન્વિત થયા. સમક્તિ પામ્યા પછી જિનવચનમાં શંકાદિ દૂષણ રહિત શ્રેણિકરાજા પ્રતિદિન સુવર્ણના એકસોઆઠ જવ કરાવરાવી નિત્ય નવા નવા તે જવથી સોનાના ૧૦૮ સ્વસ્તિક રચતા હતા.

ભગવાન મહાવીરસ્વામી જ્યારે રાજગૃહીમાં ન હોય ત્યારે તેઓ જે સ્થળે વિચરતા હોય તે નગરની દિશામાં સાત-આઠ ડગલાં ભરી ત્રણ ખમાસમણાં દઇ ભક્તિસભર ઉલ્લાસિત હૃદયે પ્રભુને વંદી સુવર્ણના જવથી સ્વસ્તિક કરતા, સ્તવનાદિ કરી અનુષ્ઠાનો કરતા. આ પ્રમાણે શ્રેણિકરાજાએ જિનભક્તિના પ્રભાવથી જિનનામકર્મ ઉપાર્જિત કર્યું. અને તેથી આગામી ચોવીસીમાં તેઓ પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકર થશે. તેમને આપણા ભાવભક્તિપૂર્વક કોટિ કોટિ વંદન.

શ્રેણિકરાજા આ અત્યુત્તમ સ્થાને પહોંચી શક્યા. કારણ કે તેઓ વિરાગી હતા. અભયકુમારને રાજ્ય સોંપી નિવૃત્ત થવાની તેમણે ઇચ્છા કરી પરંતુ તેણે સંસારત્યાગની સંમતિ માંગી, તેને ખુશીથી તે આપી દીધી; કેમકે સંસારને ભયંકર જેલ કે કતલખાનું સમજનાર તેમાંથી નીકળી જનારને અંતરાય કેમ કરે ? વૈરાગી શ્રેણિક આ વાત સમજી શક્યા.

કૃષ્ણ પણ તેવા વૈરાગી હતા. પોતાની પુત્રીઓને સમજાવી સંસારત્યાગના માર્ગે ચઢાવતાં. થાવચ્ચાપુત્રની દીક્ષા વખતે ઢંઢેરો પીટાવેલો કે જે કોઇને સંસારત્યાગ કરવો હોય તો પાછળવાળાની પોતે

સંભાળ કરશે. બંને સંસારત્યાગ કરનારાની અનુમોદના કરતાં જો કે પોતે તેમ કરી શકવા સમર્થ ન હતા !

અભયકુમારની બુદ્ધિ હજો એ કીર્તિ ધરાવનાર અભયકુમાર શ્રેણિક રાજાના મોટા પુત્ર હતા. આદ્રકુમારને પ્રતિબોધિત કરનાર અભયકુમાર હતા. રાજગૃહી નગરી, જેમાં મહાવીરસ્વામીના ૧૪ ચોમાસા રાજગૃહી તથા તેના ઉપનગર નાલંદામાં થયા હતા. રાજગૃહીને શોભાવનારા પ્રતિદિન ૭ હત્યા કરનાર અર્જુનમાલી, શાલીભદ્ર, જેને ધર્મલાભ કહેવડાવ્યો હતો તે સુલસા, પુણિયા શ્રાવક, ૫૨૭ને પ્રતિબોધિત કરી સંયમ માર્ગે દોરનાર ચરમકેવલી જંબુસ્વામી, અનેક તપસ્વીઓ, શ્રાવક શ્રેષ્ઠીઓ, સતીઓ, રાજપુત્રો તથા રાજપરિવારની પ્રેરક સ્મૃતિઓ રાજગૃહી સાથે સંકળાયેલી છે.

શ્રેણિક રાજાની ધારિણી રાણીના પુત્ર મેઘકુમારે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી. તેનો સંથારો બારણા પાસે છેલ્લે આવ્યો, તેથી સાધુઓની અવરજવરથી ધૂળ પડવાથી, પગ અડવાથી ઉંઘી ન શક્યા. સવારે પ્રભુને તેમણે ઘેર પાછા જવાની વાત કરી ત્યારે પૂર્વજન્મમાં કષ્ટ સહન કરવાનો વૃત્તાંત જણાવ્યો અને સંયમમાં સ્થિર કર્યા.

પૂર્વ ભવમાં અનેક હાથીઓના અગ્રણી તરીકે સુમેરૂપ્રભ નામના હાથી હતા. વનમાં લાગેલા દાવાનળથી બચવા આવેલા પ્રાણીઓમાં એક સસલું ઉંચા કરેલા પગ નીચે આવી બેઠું. ઉંચો કરેલો પગ નીચે મૂકે તો તે મરી જાય તેથી કરુણાર્દ્રહૃદયવાળા તેણે લગભગ રાતદિવસ પગ ઉંચો રાખ્યો તેથી ગબડી પડી મૃત્યુ પામ્યો હતો. તે જીવ તે મેઘકુમાર.

♦♦♦

# એમ. સી. ચાગલા

□ 'સત્સંગી'

મને નાનપણથી ન્યાયાધીશ પ્રત્યે સહજ રીતે અહોભાવ અને પક્ષપાત રહ્યા છે. મને લાગે છે કે સૌ કોઇનાં હૃદયમાં ન્યાયાધીશનાં પાત્ર માટે કૂણો ખૂણો રહેલો છે. જેમ માણસને 'ધર્મ' શબ્દ દ્વારા અનેરું સાંત્વન અને આશાનું કિરણ જન્મે છે તેમ 'ન્યાયાસન' શબ્દ દ્વારા પણ કંઇક આશ્વાસન અવશ્ય મળે છે. તેથી આ પવિત્ર આસન પર બેસનાર પ્રત્યે સૌ કોઇનાં મનમાં અહોભાવ સહજ રીતે જાગે એ સ્વાભાવિક છે. વર્તમાન યુગમાં ન્યાય માટેના પ્રશ્નો અનેકવિધ સ્વરૂપના અને વિપુલ પ્રમાણમાં અસ્તિત્વમાં આવ્યે જતા હોય તો પણ અદાલતો અને ન્યાયાધીશોનું અસ્તિત્વ સમાજને 'સઘળું ઠીક થતું રહેશે.' એવી હૈયાધારણ આપતું રહે છે. અને તે સમાજની ગતિશીલતા માટેનું મહત્ત્વનું પ્રેરક બળ છે. તેમ ન હોય તો અરાજકતા સમાજને ક્યારે વિરૂપ બનાવી દે એ કહી શકાય નહિ.

ભારતના તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતા ન્યાયાધીશ શ્રી એમ. સી. ચાગલા (મહમદ કરીમ ચાગલા)ની આત્મકથા 'Roses in December'નો જયાબહેન ઠાકોરે કરેલો અનુવાદ 'પાનખરનાં ગુલાબ' વાંચવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું, તેથી શ્રી એમ. સી. ચાગલાનાં ઉમદા અને અનુકરણીય વ્યક્તિત્વ વિશે થોડા શબ્દો લખવાની લાલચ રોકી શકતો નથી.

તેમની અટક 'ચાગલા' કેમ પડી એ રમૂજભરી બાબત છે. તેઓ શાળામાં દાખલ થયા ત્યારે તેમના પિતા અને દાદા વેપારી હતા. તેઓ 'મર્ચન્ટ' નામે ઓળખાતા. તેમને આ અટક પ્રત્યે તિરસ્કાર હતો. તેમણે એક વાર તેમના દાદાને ખિન્નતાથી પૂછ્યું, 'મારે કયું ઉપનામ ગ્રહણ કરવું ?' તેમણે તરત જ પ્રેમથી જવાબ આપ્યો. ' 'ચાગલા'. તેમણે તેમના દાદાને તેનું કારણ પૂછ્યું, તેમના દાદાએ જવાબ આપ્યો 'તારો પિતા મારો એકનો એક પુત્ર એટલે એનું નામ 'ચાગલા' હતું. તેમની કચ્છી ભાષામાં 'ચાગલા'નો અર્થ લાડકો થતો હતો. તેથી તેમણે 'મર્ચન્ટ' અટક છોડી દીધી અને ' ચાગલા'નું ઉપનામ સ્વીકારી લીધું. ત્યારથી તેઓ હંમેશાં ' ચાગલા' અટકથી જ ઓળખાતા.

તેમનાં બાળપણના સંબંધમાં તેઓ ખાધેપીધે સુખી કુટુંબમાં ઉછર્યા અને તેઓ તેમના દાદાના લાડકા પૌત્ર હતા તેઓ ઉલ્લેખ તેમની આત્મકથામાં જોવા મળે છે. પરંતુ તેમણે તેમનાં બાળપણના એક કરુણ પ્રસંગનો ભારે વસમા આઘાતની હકીકતનો ખાસ ઉલ્લેખ કર્યો છે અને તે છે તેમનાં માતાનાં મૃત્યુનો. તેમને લાગવા મંડ્યું કે તેમની માતાનાં અવસાનને લીધે તેમની અંદરથી કોઇ મહામોંઘું તત્ત્વ નામશેષ થઇ ગયું હતું. તેમની માતાનું મૃત્યુ થયું ત્યારે તેમને નજીકમાં તેમની 'આન્ટી'ના ઘેર લઇ જવામાં આવ્યા હતા. તેમનાં માતાનાં શબને કબ્રસ્તાનમાં લઇ જતી વેળા 'અલ્લાહો અકબર'ની જે આક્રંદભરી બૂમ સાંભળેલી તે તેમને વૃદ્ધાવસ્થામાં યાદ આવતાં પણ કંપારી છૂટતી. તેમના સંબંધીઓએ આ સમાચાર છુપાવ્યા હતા, પણ તેમને ખાતરી થઇ ગઇ હતી કે તેમની માતા દુનિયા છોડી ગયાં હતાં. તેમનાં માતાનાં અવસાન બાદ તેમને તેમના નાનાને ત્યાં કલકત્તા લઇ જવામાં આવ્યા હતા. તેઓ ત્યાં એક વરસ રહ્યા પણ તેમના અભ્યાસમાં ખાસ પ્રગતિ થઇ નહિ.

તેઓ કલકત્તાથી આવ્યા ત્યારે તેમનું નિવાસસ્થાન મુંબઇ શહેરની મધ્યમાંથી દાદર ખસેડવામાં આવ્યું હતું. આ સમય ૧૯૦૬-૧૯૦૭ની આસપાસનો હતો. તેઓ દાદરમાં 'એન્ટોનીઓ દ' સીલ્વીઆ હાઇસ્કૂલમાં પહેલાં ત્રણ કે ચાર વર્ષ ભણ્યા. આ શાળાના એક શિક્ષકે તેમને ઇતર વાચનમાં રસ લેતા કર્યા અને તેમનામાં વાચનપ્રેમ પ્રેર્યો. તેઓ પોતાની જગ્યાએ ચોંટી રહી વાંચ્યા જ કરતા. એક વાર એવું બન્યું કે શિક્ષક વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થી ઊભા થઇ પ્રાર્થના કરવા લાગ્યા. પરંતુ તેઓ વાંચવામાં એટલા તલ્લીન હતા કે પ્રાર્થના બોલાઇ ગઇ તેનું પણ તેમને ભાન જ ન રહ્યું. પ્રાર્થના પૂરી થઇ એટલે શિક્ષકે તેમને બોલાવ્યા અને આ શિસ્તભંગ બદલ તેમને બંને હાથ પર છ છ ફટકા લગાવ્યા. તેમણે તે શિક્ષા સંયમ અને સમભાવથી ભોગવી આ પ્રસંગે તેમને જીવનમાં શિસ્તનું મૂલ્ય ઠસાવ્યું એમ તેઓ માનતા.

દાદરની શાળામાં ત્રીજા ધોરણ (અંગ્રેજી) સુધી અભ્યાસ કરીને તેઓ સેંટ ઝેવીયર્સ હાઇસ્કૂલમાં ગયા. ત્યાંથી તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. 'જેઝુયુઇટ ફાધરો' નિષ્પક્ષપાત રીતે શાળાનું સંચાલન કરતા તેવો પ્રસંગ તેમનાં વિદ્યાર્થી જીવનમાં બન્યો હતો. મેટ્રિક્યુલેશન પરીક્ષામાં લેટિનના વિષયમાં જે પ્રથમ આવે તેને 'સર કાવસજી જહાંગીર લેટિન સ્કોલરશિપ' આપવામાં આવતી. શાળાને આના માટે તૈયાર કરવાની પસંદગી તેમની અને એક કેથોલિક વિદ્યાર્થી વચ્ચે કરવાની હતી. શાળાએ તેમને પસંદ કર્યા ને તેમણે મેટ્રિક્યુલેશન પરીક્ષામાં લેટિન સ્કોલરશિપ મેળવી જ.

તેઓશ્રી સોળ વરસની ઉંમરે મહાવિદ્યાલયના અભ્યાસ માટે સેંટ ઝેવીયર્સ કોલેજમાં દાખલ થયા. તેમને ચર્ચાસભામાં ભાગ લેવાનો સવિશેષ શોખ હતો. તેથી તેમણે વિદ્યાર્થીઓનો સહકાર મેળવીને કોલેજમાં 'પ્રથમ વર્ષ ચર્ચાસભા' નામે એક સંગઠન રચ્યું. કોલેજમાં જે 'સાહિત્યિક સભા' હતી તેનું સભ્યપદ ઇન્ટરમીડિએટ અને ઉપલા વર્ગોના વિદ્યાર્થીઓના માટે હતું. તેઓ 'પ્રથમ વર્ષ ચર્ચાસભાના મંત્રી બન્યા. તેમણે જે 'મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડનો હેવાલ' તાજેતરમાં પ્રસિદ્ધ થયો હતો તે વિષય પર જ પ્રથમ ચર્ચાનું આયોજન કર્યું. ચર્ચાસભા ચાલતી હતી અને બંગાળના એક તેજસ્વી વક્તા છટાદાર વક્તવ્ય આપી રહ્યા હતા; ત્યાં આચાર્ય ફાધર ગુડીર અંદર આવી પહોંચ્યા અને તેમણે સભા બરખાસ્ત કરી. શ્રી ચાગલાને વિદ્યાર્થીઓનું જ નહિ, પરંતુ ચર્ચાસભાના

પ્રમુખ, ઇતિહાસના પ્રાધ્યાપક હાજીનું પણ અપમાન લાગ્યું. પરિણામે પ્રિન્સિપાલ સાથેના શ્રી ચાગલાના સંબંધો તંગ બની ગયા. શ્રી ચાગલાને ઓક્સફર્ડમાં અભ્યાસ કરવા જવાનું બન્યું ત્યારે તેઓ ફાધર પાસે ગુણવત્તાનું પ્રમાણપત્ર લેવા ગયા ત્યારે ફાધરે ઠંડો આવકાર આપ્યો, પરંતુ પછી રાબેતા મુજબનું પ્રમાણપત્ર શ્રી ચાગલાને આપ્યું હતું.

ઓક્સફર્ડમાં તેમણે 'અર્વાચીન ઇતિહાસ'નો વિષય પસંદ કર્યો હતો. શ્રી ચાગલાને સાહિત્યનો અત્યંત શોખ હતો, ખાસ કરીને કાવ્યોનો. ઇતિહાસ પરનાં વ્યાખ્યાનોમાં હાજરી આપવી ફરજીયાત નહોતી, તેથી શ્રી ચાગલા અંગ્રેજી કવિતા પરનાં વ્યાખ્યાનો સાંભળવા જતા. શ્રી ચાગલાને ખબર પડે કે પોતાની શૈલી અને વક્તૃત્વકળા માટે પ્રખ્યાત હોય તેવી કોઇ ખ્યાતનામ વ્યક્તિ બોલવાની છે, તો તેઓ ત્યાં અવશ્ય જતા.

તેમને ઓક્સફર્ડમાં ચર્ચાસભામાં ભાગ લેવાની સારી તક મળી હતી. ત્યાં તેમને શ્રી ઝીણા, શ્રીમતી સરોજિની નાયડુ વગેરે જેવી ભારતની ખ્યાતનામ વ્યક્તિઓનો સંપર્ક થતો. ત્યારે સુભાષચંદ્ર બોઝ ત્યાં આઇ. સી.એસ.નો અભ્યાસ કરતા હતા. શ્રી ચાગલાએ અઢી વર્ષ સુધી સભાઓમાં જવું, ચર્ચા સભાઓમાં ભાગ લેવો વગેરેમાં ગાળ્યાં હતાં. છેલ્લી પરીક્ષાને જ્યારે ત્રણ માસ રહ્યા ત્યારે તેઓ ખિન્ન બની ગયા. પરંતુ સઘળી પ્રવૃત્તિઓ છોડી ત્રણ માસ સુધી તેઓ અભ્યાસમાં લીન બની ગયા. પરીક્ષાના આગલા બે ત્રણ દિવસ કંઇ ન વાંચવું. એવો તેમનો પ્રયોગ મુંબઇમાં સફળ થયો હતો. તેમણે ઓક્સફર્ડમાં પણ જ પ્રયોગ અજમાવ્યો. તેઓ બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા.

તેમણે ઓક્સફર્ડના અભ્યાસ દરમ્યાન 'ઇનર ટેમ્પલ'માં પણ તેમનું નામ નોંધાવ્યું હતું. તેમને દરેક સત્રમાં ટેમ્પલમાં ત્રણ ભોજન સમારંભમાં ઉપસ્થિત થવા માટે લંડન જવું પડતું. આ બેરિસ્ટર થવા માટે જરૂરી હતું. ત્રણ વર્ષ બાદ, ભારતમાં ગમે તે મુશ્કેલીઓનો તેમને સામનો કરવો પડે તો તેનો તેઓ બહાદુર હૃદયે સામનો કરશે. એવી જરૂરી શ્રદ્ધા સાથે તેમણે ઇ. સ. ૧૯૨૨માં ઋણભાવના સ્વીકાર સાથે ઓક્સફર્ડની વિદાય લીધી. ડૉ. આંબેડકર અને તેઓ મુંબઇનાં વકીલ મંડળમાં એક જ દિવસે દાખલ થયા હતા. અને વડી અદાલતમાં સાથે જ પ્રેકટીસ કરતા. શ્રી ચાગલા ઇ. સ. ૧૯૨૨માં મુંબઇનાં વકીલ મંડળમાં જોડાયા ત્યારે ઇનવેરારીટી, અને સ્ટ્રોંગમેન જેવા અંગ્રેજ વકીલો અને ભૂલાભાઇ દેસાઇ, દીનશા, મહંમદઅલી ઝીણા, સર ચીમનલાલ સેતલવાડ વગેરે જેવા પ્રતિભાશાળી ભારતીય વકીલો ખૂબ મોટી પ્રતિષ્ઠા ધરાવતા હતા. શ્રી ચાગલાના શરૂઆતના દિવસો આર્થિક રીતે ખૂબ જ વસમા હતા. શરુમાં ઝીણા રાષ્ટ્રવાદી અને દેશપ્રેમી હતા તેથી ચાગલા તેમની ચેમ્બરમાં વકીલ તરીકે છ વર્ષ રહ્યા. પરંતુ ચાગલાને કેસ માટેની બ્રીફ મળે તેવી કોઇ ભલામણ તેમણે નહિ કરેલી. પરિણામે શ્રી ચાગલાને સખત પરિશ્રમ કરવો પડેલો. સખત મહેનત કરવાનો આ ગુણ તેમનાં જીવનમાં હંમેશાં રહ્યો. તેમણે ઇ. સ. ૧૯૪૧ સુધી ૧૯ વરસ વકીલાતની પ્રેકટીસ કર. આઠેક વરસ પછી તેમની પ્રેકટીસ સારી ચાલતી હતી અને ક્ષેત્ર વિસ્તરતું હતું. વકીલ મંડળમાં જોડાયા પછી તેમનાં લગ્ન થયાં, તેમનાં પત્ની વધારે શિક્ષિત નહોતાં. શ્રી ચાગલા તેમનાં પત્નીને હંમેશાં શુભ ગ્રહો ધરાવનાર ગણતા હતા.

ઇ. સ. ૧૯૪૧ના ફેબ્રુઆરી માસમાં મુંબઇની વડી અદાલતના વડા ન્યાયમૂર્તિ સર જ્હોન બોમોન્ટે શ્રી ચાગલાને વડી અદાલતમાં ન્યાયાધીશનું સ્થાન લેવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. શ્રી ચાગલાનું નામ ન્યાયાધીશ તરીકે સ્વીકારાય તે માટે વડા ન્યાયમૂર્તિને ભારત સરકાર સાથે ઝગડવું પડ્યું હતું, કારણ કે શ્રી ચાગલા રાજકારણની પ્રવૃત્તિમાં સંકળાયેલા હતા. પરંતુ વડા ન્યાયમૂર્તિ સર જ્હોન બોમોન્ટની એ દલીલ હતી કે તેમને શ્રી ચાગલામાં ન્યાયતંત્રને લગતાં શક્તિઓ તથા ગુણો સાથે લેવાદેવા છે. તેમણે સરકારને ખાતરી આપી હતી કે ન્યાયાસન પર તેઓ રાજકારણને નહિ લાવે એટલો એમના પર વિશ્વાસ રાખી શકાય એમ છે. ઉગ્ર સંઘર્ષ અને ટપાટપી પછી શ્રી ચાગલાનું નામ સરકારને સ્વીકારવું પડ્યું. શ્રી ચાગલાએ તેમની પત્ની સાથે વિચારણા કરી અને પોતે પણ વિચાર કર્યો. આખરે તેમણે તેમનું જાહેર જીવન છોડીને ઇ. સ. ૧૯૪૧ના ઓગસ્ટની ૪થી તારીખે મુંબઇની વડી અદાલતના મદદનીશ ન્યાયાધીશ તરીકેનું તેમનું સ્થાન સંભાળ્યું. શ્રી ચાગલા ન્યાયાધીશ તરીકેનાં તેમનાં ન્યાય-ચુકાદો આપવાનાં કાર્યમાં નિર્બળ લોકોને અદાલતનાં રક્ષણની વિશેષ જરૂર છે તેવી દૃષ્ટિ રાખતા. વડા ન્યાયમૂર્તિ તેમની કામગીરીથી સંતોષ પામ્યા હતા. તેમના પછી આવેલા બીજા અંગ્રેજ ન્યાયમૂર્તિઓનો પણ શ્રી ચાગલાએ વિશ્વાસ સંપાદન કર્યો હતો.

ભારત સ્વતંત્ર બનતાં, ઇ. સ. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે શ્રી એમ. સી. ચાગલાએ સર લીઓનાર્ડ સ્ટોન પાસેથી મુંબઇની વડી અદાલતના વડા ન્યાયમૂર્તિનો હોદ્દો સંભાળી લીધો. તેઓ અગિયાર વરસ સુધી કાર્યક્ષમ વડા ન્યાયમૂર્તિ તરીકે રહ્યા. તેમને તાવ આવ્યો હોય, સંધિવાનો પ્રબળ હુમલો આવ્યો હોય, તેઓ બિમાર હોય કે વ્યથિત દશામાં હોય, તો પણ તેઓ અદાલતમાં બેસતા. તેમનાં પત્ની તેમને પૂછતાં, 'જ્યારે તબિયત સારી ન હોય ત્યારે પણ અદાલતમાં બેસવાથી તમને કંઇ વધારાનો પગાર મળે છે કે શું ?' તેઓ જવાબ આપતા, મારો આત્મા એમાં શાંતિ અનુભવે છે અને એ મને એક મહિનાના વધારાના પગાર જેટલો જ આનંદ આપે છે.'

શ્રી ચાગલાની વડા ન્યાયમૂર્તિ તરીકેની સુંદર અને માનવતાભરી કારકિર્દી દરમ્યાન આઘાત સાથે આશ્ચર્ય થાય તેવો આઘાતજનક બનાવ બન્યો. તેમની પુત્રીએ તેમને બચાવી લીધા એમ કહી શકાય. ધુલીયાથી કોઇ માણસ તાકીદનાં કામનું બહાનું આપીને મળવા માગતો હતો. તે માણસે વડા ન્યાયમૂર્તિના મંત્રી સાથે મુલાકાત નક્કી કરી નહોતી. તેથી શ્રી ચાગલા તેને મળવા માગતા નહોતા. તેમની પુત્રી બહારથી આવીને, તેમના ખંડમાં ઘસી ગઇ અને તેને મળવા જવાની તેમને ના પાડી. પિતાએ કહ્યું, 'દૂરથી ગરીબ માણસ આવ્યો છે તો મારે મળવું જોઇએ.' પુત્રીએ કહ્યું, 'ડેડી, મે એ માણસનો દેખાવ ગમતો નથી, અને કૃપા કરીને એને ન મળશો.' પછી તો તે માણસ અચાનક કાર્યાલયમાં ઘસી આવ્યો. અને શ્રી ચાગલાની હત્યા કરવાના હેતુથી એ આવ્યો હતો એ ખુલ્લું પડી ગયું. તે દિવસે વડા ન્યાયમૂર્તિના નિવાસસ્થાનના દરવાજા બહાર બે પોલીસના માણસો રાઇફલ સાથે ઊભા હતા તે દોડી આવ્યા અને આ તોફાની માણસને ગોળી મારી ત્યારે મામલો થાળે પડ્યો. શ્રી એમ. સી. ચાગલા આ માણસને ઓળખતા જ નહોતા તેમ અદાલતમાં તેનો કોઇ દાવો પણ નહોતો. શ્રી ચાગલાને આ માણસનું આવું કૃત્ય કરવા આવવાનું કારણ સમજાયું નહિ. તેઓ તરત જ રાબેતા મુજબનાં જીવનની જેમ રહેવા લાગ્યા.

તેમનામાં ન્યાયાધીશ તરીકેનાં સૂઝ અને બુદ્ધિશક્તિને લીધે જીવન વીમા કોર્પોરેશનની બાબતોમાં તપાસ કરવા માટે એક વ્યક્તિનાં ન્યાય પંચ માટે કેન્દ્ર સરકારના ગૃહપ્રધાન પંડિત ગોવિંદવલ્લભ પંતે શ્રી ચાગલાની સંમતિ માગી. તેમણે ત્વરાથી તપાસ પૂરી કરીને તેમનો અહેવાલ રવાના કરી દીધો. તેમના આ ચુકાદાને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ આજ સુધી અપાયેલાં ચુકાદાઓમાં એક શ્રેષ્ઠ ચુકાદો ગણતા હતા અને તેમણે કહ્યું, 'જગતના સર્વશ્રેષ્ઠ અડધો ડઝન ન્યાયાધીશોને ભેગા કર્યા હોત તો તેઓ પણ આનાથી સવિશેષ ન્યાય-પુરઃસર અને વિવેકબુદ્ધિપૂર્વક ચુકાદો રજૂ કરી શક્યા ન હોત...' શ્રી ચાગલાએ તેમની વડા ન્યાયમૂર્તિ તરીકેની કારકિર્દી વિશે લખ્યું છે, 'એ અગિયાર વર્ષોનો કાળ મારા જીવનનું સૌથી સવિશેષ સુવાસિત ગુલાબપુષ્પ બની રહે છે. આજે પણ એ સુવાસ મહેંકે છે, અને જ્યારે

જ્યારે ડિસેમ્બરના શીત વાયરા રોજ કરતાં વધારે ભયંકર રીતે વાય છે, ત્યારે ત્યારે એ વર્ષોની સ્મૃતિમાં હું આશ્ચર્ય અને આશ્વાસન શોધવા મથું છું...એ વર્ષો કે જ્યારે જિંદગી જીવવા જેવી લાગતી હતી અને એ અસ્તિત્વ પાછળ એક ધ્યેય હતું, એને એક દિશા હતી.'

શ્રી ચાગલાને, ન્યાયાધીશ તરીકેનાં તેમની કાર્યદક્ષતા, તેજસ્વી બુદ્ધિ, સખત કામ કરવાની સુટેવ, નિષ્પક્ષપાતી વલણ, દેશપ્રેમ વગેરે જેવા સદ્‌ગુણોને લીધે કાર્યકારી રાજ્યપાલ, હેગનગરના શાંતિમહેલનાં મકાનમાં બેસતી આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશ, ઇ. સ. ૧૯૪૬માં સંયુક્ત રાષ્ટ્ર સમિતિની બેઠકમાં ભારતનાં પ્રતિનિધિ મંડળના સભ્ય, અમેરિકામાં ભારતના રાજદૂત, કેન્દ્ર સરકારમાં શિક્ષણમંત્રી, વિદેશી બાબતોલક્ષી મંત્રી, કાશ્મીરની ચર્ચા માટે સલામતી સમિતિમાં ભારતના પ્રતિનિધિ વગેરે સ્થાનો માનભેર મળ્યાં અને તેમણે તે શોભાવ્યાં. તેમનું વ્યક્તિત્વ સમૃદ્ધ બનતું ગયું અને દેશપ્રેમની ભાવનાથી દેશની અનેક જટિલ સમસ્યાઓ માટે તેઓ કંઇક મહત્ત્વનું પ્રદાન કરી શક્યા એ હકીકત છે.

ઉદ્યમપ્રેમી શ્રી ચાગલા તેમનું ભેજું વાપરવાની અજબ કુનેહને લીધે પ્રગતિ કરતા કરતા કેન્દ્રનાં મંત્રી મંડળમાં માનભર્યાં સ્થાન સુધી પહોંચી શક્યા હતા. અલબત્ત વિધિની વિચિત્રતા એ બની કે કોલેજોમાં શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષા થોડા જ સમયમાં દાખલ કરવાના નિર્ણયમાં તેઓ સહમત નહોતા. અંગ્રેજીનું સ્થાન હિંદી લે એમ તેઓ સ્પષ્ટ ઇચ્છતા હતા. જ્યાં સુધી અભ્યાસક્રમ પ્રમાણેનાં પાઠ્યપુસ્તકો હિંદી ભાષામાં તૈયાર ન થાય ત્યાં સુધી ઉચ્ચ શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રહેવું જોઇએ એવી તેમની દઢ માન્યતા હતી. આ બાબતમાં તેઓ રાષ્ટ્રપ્રેમને મહત્ત્વ આપતા હતા એ પણ હકીકત હતી. પ્રાદેશિક ભાષાનાં આવાં મહત્ત્વથી પ્રાંતવાદ વધે અને દેશની એકતા ન વિકસે એ બાબતથી તેઓ ખિન્ન હતા. આખરે તેમણે તેમના આ જાતના સિદ્ધાંત ખાતર મંત્રી મંડળમાંથી રાજીનામું આપ્યું.

શ્રી એમ. સી. ચાગલા મુસ્લિમ હતા, પરંતુ કોમવાદનો અંશ પણ તેમનાં જીવનમાં નહોતો. આઝાદી પૂર્વેના સમયમાં શ્રી ઝીણાએ તેમને તેમની ચેમ્બરમાં બેસવાનું કહ્યું હતું; તેથી શ્રી ચાગલા તેમની ચેમ્બરમાં છ વર્ષ રહ્યા. જ્યાં સુધી શ્રી ઝીણા રાષ્ટ્રવાદી રહ્યા, અને મુસ્લિમ લીગે એની તટસ્થ અને દેશભક્તિવાળી નીતિ ચાલુ રાખી ત્યાં સુધી તેઓ શ્રી ઝીણા સાથે અને લીગ સાથે પણ રહ્યાં. પરંતુ જેવા ઝીણા કોમવાદી બન્યા અને એમણે એમનો દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત ચાલુ કર્યો કે તેઓ શ્રી ઝીણાથી અને લીગથી પણ જુદા પડી ગયા. ત્યારપછી તેમને શ્રી ઝીણા સાથે કશો જ સંબંધ ન રહ્યો. શ્રી ચાગલાએ પાકિસ્તાનના પ્રસ્તાવને હિંદુઓ તેમજ મુસલમાનો માટે એક દુ:ખદ બનાવ ગણ્યો હતો, જે દિન-પ્રતિદિન સાબિત થતું રહ્યું છે. તેઓ પાકિસ્તાન ન થાય અને અખંડ હિંદુસ્તાન રહે એવો પ્રયાસ કરવા પણ મથ્યા હતા. તેમની સમગ્ર કારકિર્દી દરમ્યાન તેમણે મુસલમાનો પ્રત્યે પક્ષપાત બતાવ્યો નથી અને હિંદુઓ પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યો નથી. તેઓ વ્યક્તિ અંગેનો વિચાર તેની ગુણવત્તાની દષ્ટિએ જ કરતા, નહિ કે તેની કોમની દષ્ટિએ.

જ્યારે શ્રી ચાગલા મુંબઇની વડી અદાલતમાં મદદનીશ ન્યાયાધીશ અને વડા ન્યાયાધીશ હતા, ત્યારે તેઓ જુનિયર વકીલોને ઉત્તેજન આપતા અને તે જુનિયર વકીલો ભવિષ્યમાં સારી પ્રગતિ કરી શક્યા એમ તેઓ જોઇ શક્યા હતા. જીંદગીએ તેમને શું શીખવ્યું ? એ પ્રશ્નના જવાબમાં તેમણે લખ્યું છે, 'જીંદગીએ મને સ્નેહાળ અને અનુકંપામય બનતાં શીખવ્યું છે; તેણે મને સમજતાં શીખવ્યું છે, ન્યાય તોળતાં નહિ.' જ્યારે તેઓ મુંબઇની વડી અદાલતના વડા ન્યાયમૂર્તિ તરીકે નિવૃત્ત થયા, ત્યારે તેમના વિદાય સમારંભમાં વકીલ મંડળના એક સભ્યે તેમના માટે કહ્યું, 'તેમણે કોઇ દિવસ વકીલ મંડળના કોઇ સભ્ય તરફ મિજાજ ગુમાવ્યો નથી; તેમ તેમણે કોઇ તરફ તોછડાઇ કે અપમાનજનક આચરણ દાખવ્યું નથી.' શ્રી ચાગલાએ આ શબ્દોને સૌથી વધારે મહાન ધન્યવાદરૂપે ગણ્યા હતા.

શ્રી ચાગલાને તેમનાં તદ્દન નિવૃત્ત જીવનના બે માસ પણ મુંબઇમાં અત્યંત વસમા લાગ્યા. દિલ્હીની સર્વોચ્ચ અદાલતમાં વકીલ તરીકે ઉપસ્થિત થવાની શ્રી પાલખીવાલાની વિનંતિથી તેઓ ગયા; પરંતુ ત્યાં તેઓ વકીલાતની પ્રેક્ટીસ કરવાની રીતે જ રહી ગયા. તેમણે પૈસાને ક્યારે પણ સર્વસ્વ ગણ્યા નહોતા. તેઓ વાચનપ્રેમી તેમ જ કલાપ્રેમી હતા. તેમને નાટકો જોવાનો ખૂબ શોખ હતો. તેમનાં સંતાનો પ્રત્યે તેઓ વાત્સલ્યભાવ દાખવતા અને તેમને તેમનાં કાર્યો માટે સ્વતંત્રતાનો હક છે એવો તેમનો સિદ્ધાંત હતો. તેમના પુત્રો જીવનમાં સ્થિર થયા તે અંગે શ્રી ચાગલાને પિતા તરીકે કોઇ લાગવગ વાપરવી નહોતી પડી તેનો તેમને સંતોષ હતો અને સંતાનોની બાબતમાં તેમને પ્રસન્નતા હતી. આવા ઉમદા માણસને એક વસમું કષ્ટ પડ્યું અને તે એ કે તેમનાં પત્નીએ થોડી વહેલી ચિર વિદાય લઇ લીધી. તેમને તેમનાં પત્નીની ખોટ સદાય ડંખતી રહી.

શ્રી ચાગલા ચીલાચાલુ અર્થમાં ધર્માભિમુખ નહોતા, પરંતુ તેઓ સ્પષ્ટ રીતે માનતા કે માણસની વિચારશક્તિ અને બુદ્ધિમતાને સીમા છે અને એનાથી અનંત અને શાશ્વત બાબતો હલ કરી શકાય નહિ. તેમને પરમ તત્ત્વમાં શ્રદ્ધા હતી. તત્ત્વજ્ઞાનની દષ્ટિ તેમણે ભગવદ્‌ગીતાનાં 'અનાસક્તિનાં તત્ત્વજ્ઞાન'ને સ્વીકાર્યું હતું. તેમનાં એક પ્રવચનમાં તેમણે કહ્યું છે, 'મનુષ્યે કંઇ પણ ત્યજવું ન જોઇએ, તેણે તો જીવનમાં જે સ્થળે તે મુકાય તેમાં તેનું કર્તવ્ય બજાવવાનું રહ્યું...અને એ કર્તવ્યપાલન પછી તેનાં પરિણામ માટે ઉદાસીનતા કેળવવી જોઇએ. કર્તવ્યપાલન તો એના હાથની વાત છે, તેનાં પરિણામની સિદ્ધિને વિધાતા પર અથવા તો આપણાં ભાગ્યને દોરતી કોઇપણ શક્તિ હોય તેના પર છોડવી જોઇએ.' તેમનાં કર્તવ્યપરાણયતા, વ્યક્તિત્વ અને જીવનદર્શન અંગે વિગતથી જેમને જાણવાની ઇચ્છા હોય તેમણે શ્રી ચાગલાની આત્મકથા અવશ્ય વાંચવી ઘટે. તેમની આત્મકથા અંગ્રેજીમાં 'Roses in December' અને ગુજરાતીમાં તેનો અનુવદ 'પાનખરનાં ગુલાબ' વકીલો અને ન્યાયાધીશો માટે તો એક ધર્મગ્રંથ બની રહે તેવી છે. અન્ય બુદ્ધિજીવી વાચકો માટે પ્રેરણા અને માર્ગદર્શન આપવાની ક્ષમતા તે અવશ્ય ધરાવે છે. સાહિત્યના અભ્યાસીઓને આત્મકથાનો એક સુંદર નમૂનો જોવા મળશે.

♦ ♦ ♦

## સંઘનાં નવાં પ્રકાશનો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તાજેતરમાં બે ગ્રંથો પ્રકાશિત થયા છે. સંઘનાં પ્રમુખ ડૉ. રમણલાલ શાહ લિખિત આ બે ગ્રંથો નીચે પ્રમાણે છે :

| | | કિંમત |
|---|---|---|
| (૧) સાંપ્રત સહચિંતન | ભાગ-૭ | રૂપિયા પચીસ |
| (૨) જિનતત્ત્વ | ભાગ-૬ | રૂપિયા વીસ |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૪ ● ● તા. ૧૬-૪-૯૬ ●● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## नातिवेलं हसे मुणी

-ભગવાન મહાવીર

## (સાધુએ અમર્યાદ હસવું નહિ)

હમણાં મહાવીર જન્મ કલ્યાણકની ઊજવણી પ્રસંગે ભગવાનનાં વચનોમાંથી ઉપરનું વચન યાદ આવ્યું.

ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી સાધુજીવન સ્વીકારવું એ સહેલી વાત નથી. માત્ર કંચન અને કામિનીના ત્યાગથી ઉત્તમ સાધુ થઈ જવાતું નથી. એ ત્યાગ પછી પણ સંયમી જીવનને શોભાવે એવી ઘણી બાબતો છે, જેને જીવનમાં ઉતારવાની રહે છે. વ્યવહાર દષ્ટિએ સાધુ થયા પછી અંતર્મુખ બની આત્મલક્ષી ઉપાસના કરવાની હોય છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયો નિર્મૂળ કરવાનો ભારે પુરુષાર્થ કરવાનો હોય છે. લોકૈષણાને અને લબ્ધિના ચમત્કારોને જીતવાના હોય છે. જૈન સાધુના શીલના અઢાર હજાર જેટલાં અંગ બતાવવામાં આવ્યાં છે.

સાધુના આચારો વિશે કેટલીક મહત્ત્વની સૂચનાઓ આગમ ગ્રંથોમાં આપવામાં આવી છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં જે કેટલીક મહત્ત્વની બાબતો જણાવવામાં આવી છે તેમાં એક સ્થળે કહ્યું છે:

नन्नत्थ अंतराएणं,
परगंहे ण णिसीयए ।
गामकुमारियं किड्डं,
नातिवेलं हसे मुणी ।

સાધુ રોગાદિ કોઈ કારણ વિના ગૃહસ્થના ઘરમાં ન બેસે, તથા ગામના બાળકોની સાથે રમત ન રમે (બાલક્રીડા ન કરે), તેમજ મર્યાદાનું ઉલ્લંઘન કરીને હસે નહિ.

સાધુઓનું પોતાનું ગૌરવ સચવાય એ માટે આ ત્રણ ભલામણ કરવામાં આવી છે. એમાં હસવાની વાત પણ ઉમેરી લેવામાં આવી છે. કોઈકને કદાચ પ્રશ્ન થાય કે શું સાધુઓએ હસીને વાત કરવી જ ન જોઈએ? ના, એવું નથી. સાધુને હસવાની મનાઈ ફરમાવવામાં આવી નથી. પરંતુ સાધુઓએ હાસ્યની અતિશયતાને છોડવાની ભલામણ કરવામાં આવી છે. સાધુઓએ મોટેથી, ઘણા બધા સાંભળે એમ ખડખડાટ હસવું ન જોઈએ અને એમનું હસવાનું પણ વધુ સમય ચાલવું ન જોઈએ.

આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે :

सव्वं हासं परिच्चज्ज अल्लीणगुत्तो परिव्वए ।

(સર્વ પ્રકારનું હાસ્ય છોડીને સાધક ગુપ્તિપૂર્વક વિચરે)

દસવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે :

सप्पहासं विवज्जए । (અતિહાસ્યનો ત્યાગ કરવો)

જૈન સાધુઓના આચાર ઘણા જ કડક છે. સાધુઓનું જીવન ત્યાગમય અને સંયમપ્રધાન હોવું જોઈએ. એટલા માટે સાધુઓએ ક્યારે, કેવી રીતે, કોની સાથે, કેટલું બોલવું જોઈએ તે અંગે ભગવાન મહાવીરે ઝીણવટપૂર્વક માર્ગદર્શન આપ્યું છે.

હાસ્ય એ જીવનનું કુદરતી લક્ષણ છે. હસવાની શક્તિ બધા જીવોમાં નથી હોતી. દશ્યમાન જીવસૃષ્ટિમાં એક ફક્ત મનુષ્ય જ એવો છે કે જે હસી શકે છે. કેટલાંક પ્રાણીઓ રડે છે, પણ હસી શકતાં નથી. એટલે જ કહેવાયું છે કે **Man is a laughing animal.** બાળક જન્મે છે કે તરત જ તે રડે છે. ન રડે તો એ ચિંતાનો વિષય ગણાય છે. તેને પરાણે રડાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ હસવાનું બાળક ક્રમે ક્રમે પોતાની મેળે શીખે છે.

હાસ્ય આરોગ્યની દષ્ટિએ ઉપકારક છે. હસવાથી શરીરની વધુ માંસપેશીઓને વ્યાયામ મળે છે અને આરોગ્ય માટે ઉપકારક એવાં રસાયણો તે દ્રવે છે. વ્યાવહારિક જીવનની દષ્ટિએ હાસ્ય એ જીવનનું અનિવાર્ય અંગ છે. તે તંગદિલી-Tension-ને નિવારે છે. યોગ્ય રીતે એનો ઉપયોગ થાય તો તે જીવનનું ભૂષણ બની શકે છે. કેટલીક માંસપેશીઓ સાથે હાસ્ય સંકળાયેલું છે. ત્યાં ગલગલિયાં કરતાં માણસ હસી પડે છે.

હાસ્યનો વિષય એક રીતે જોઈએ તો કુદરતી બક્ષિસ જેવો છે. બીજાને સારી રીતે, નિર્દોષ હાસ્ય દ્વારા હસાવવની શક્તિ બહુ જ થોડા માણસોમાં હોય છે. કેટલાક લોકો હાસ્યને માણી શકે છે, પરંતુ પોતે કોઈને હસાવી શકતા નથી. કેટલાક લોકો બીજાને હસાવી શકે છે અને પોતે પણ બીજાના હાસ્યને સારી રીતે માણી શકે છે.

કેટલાક માણસની પ્રકૃતિ જ એટલી બધી ગંભીર હોય છે કે હસવાની સારી સરસ વાત ચાલતી હોય તો પણ તેઓ તેને માણી શકતા નથી અને હસી શકતા નથી. કેટલાકને બીજાની વાતમાં રહેલા હાસ્યના સૂરને પકડવાની સૂઝ હોતી નથી. સુધારક યુગના નર્મમર્મના લેખક, કવિ-વિવેચક નવલરામે કવિ નર્મદને એક પ્રસંગે કહ્યું હતું કે 'કવિ,

તમારામાં હાસ્યનું શાસ્ત્ર જ નથી.' કવિ નર્મદ પ્રકૃતિએ એટલો બધો ગંભીર હતો કે બીજાની વાતમાં રહેલા હાસ્યને તે સમજી શકતો નહોતો. હસવાનું તેને બહુ ગમતું પણ નહિ. તેનું જીવનઘડતર જ એ રીતે થયું હતું.

કવિતા કલામાં જે છ અથવા નવ રસ બતાવવામાં આવ્યા છે તેમાં શૃગાંર, વીર અને કરુણ એ ત્રણને મુખ્ય રસ તરીકે ગણાવવામાં આવ્યા છે. તેમાં પણ શૃંગારને રસના રાજા તરીકે ઓળખાવવામાં આવ્યો છે. વ્યવહારુ લોકજીવનની દૃષ્ટિએ તથા કાવ્યનિરૂપણની દૃષ્ટિએ એ રસને એવું મહત્ત્વનું સ્થાન આપવામાં આવે તેમાં કશું અયોગ્ય નથી. પણ આ છ કે નવ રસમાં હાસ્યને ગૌણ સ્થાન આપવામા આવ્યું છે એ ભૂલવું ન જોઇએ. એટલે હાસ્ય જીવનનો સર્વોપરી રસ નથી. હાસ્યરસ તે રસનો રાજા નથી. જો ગૃહસ્થ જીવનમાં હાસ્યને બહુ મહત્ત્વ ન આપવામાં આવ્યું હોય તો સાધુજીવનમાં, ધર્મના ક્ષેત્રે,એને વધુ મહત્ત્વ ન અપાય એ દેખીતું અને સમજી શકાય એવું છે. માત્ર જૈન ધર્મમાં જ નહિ અન્ય ધર્મમાં પણ મજાક-મશ્કરી કરી બીજાને હસાવનાર સાધુસંન્યાસીઓ, જોગીઓને બગડવાનાં ભયસ્થાન રહે છે એમ કહેવાયું છે. એક રાજસ્થાની લોકોક્તિ છે કે :

શાહ તો ઝઘડૈ સું બિગડૈ, બિગડૈ ઠાકર વ્યાજડિયો;
ઘર ઘર ફિરતી નાર બિગડૈ, બિગડૈ જોગી હાંસડિયો.

ધર્મને અને હાસ્ય રસને સંબંધ નથી એવી એક માન્યતા સર્વાંશે ખોટી નથી. ધર્મના ક્ષેત્રે શુદ્ધ, નિર્દોષ હાસ્ય રસને અવશ્ય સ્થાન છે, પરંતુ ક્ષુલ્લક, ક્ષુદ્ર હાસ્યરસને, રસાભાસને બિલકુલ સ્થાન નથી, કારણ કે ધર્મનો વિષય જ જીવનને ઉચ્ચત્તર ધ્યેય તરફ લઇ જવાનો છે. જીવનને અવનતિ તરફ લઇ જવાનું કાર્ય ધર્મનું નથી. સ્થૂલ હાસ્ય રસ જીવનને અવનતિ તરફ લઇ જઇ શકે છે. એટલે જ પ્રાચીન પ્રશિષ્ટ ધર્મગ્રંથોમાં હાસ્યરસનું નિરૂપણ નહિ જેવું જ છે. એમ કહેવાય છે કે બાઇબલમાં હાસ્યરસનું એક પણ વાક્ય નથી. એક લેખકે કહ્યું છે કે **'The total absence of humour from the Bible is one of the most singular thing in all literature.'**

હસવાના વિષયમાં કોઈક વાર એવું બને છે કે સાધુ પોતે એવું કંઇક બોલે કે જેથી બીજાને હસવું આવે અને પછી પોતાને પણ હસવું આવે. તો કોઇક વખત એવું બને કે સામી વ્યક્તિએ હસાવવાના ઇરાદાથી કંઇક એવી વાત કરી હોય કે જેથી સાધુને હસવું આવ્યા વગર રહે નહિ. આમાં સાધુઓએ પોતે શક્ય હોય ત્યાં સુધી બીજાને હસાવવા ખાતર હસાવવાનો પ્રયાસ કરવો ન જોઇએ. કોઇ એવો વિષય હોય કે જેથી વાત કરતાં કરતાં કુદરતી રીતે પોતેને હાસ્ય આવે તો તેવે પ્રસંગે પણ હસવાનું સંયમિત અને ગૌરવવાળું હોવું જોઇએ. સાધુના હાસ્યમાં જો ગૌરવ ન હોય તો સાધુની સાધુ તરીકેની છાપ એટલી સારી ન પડે.

સાધુઓએ પોતાને વંદન કરવા આવનાર વર્ગની સાથેનો વ્યવહાર બરાબર ચુસ્ત રીતે વિચારી લેવો ઘટે. પુરુષવર્ગની સાથે હસવાનો વિષય એક છે અને સ્ત્રી વર્ગ સાથે હસવાનો વિષય બીજો છે. વળી એક જ પુરુષ મળવા આવ્યો હોય તેની સાથે હાસ્યયુક્ત વાત કરવી અને પુરુષોના સમુદાય સાથે હસીને વાત કરવી એ બેમાં ફરક છે. તેવી જ રીતે મહિલાઓના સમુદાય સાથે હસીને વાત કરવી અને કોઇ એક જ સ્ત્રી આવી હોય અને એની સાથે હસીને વાત કરવી એ બે સ્થિતિ વચ્ચે પણ ફરક છે.

આમ તો જો કે જૈન મુનિઓને મહિલા સાથે એકાંતમાં વાત કરવાની મનાઇ ફરમાવવામાં આવી છે. તો પણ કેટલીયવાર એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે જૈન મુનિ આગળ કોઇ એક જ મહિલા વંદન કરવા, સુખશાતા પૂછવા, પચ્ચકખાણ લેવા, કોઇકના કંઇક સમાચાર આપવા એકલી આવી હોય. એવા સંજોગો કોઇક વખત ઊભા થાય કે ઉપાશ્રયે કે સ્થાનકમાં એક કરતાં વધુ સાધુઓ બિરાજમાન હોય ત્યારે કોઇ એક સાધુ પાસે કોઇ એક સ્ત્રી આવીને બેસે તો એ મળવાનું બીજી રીતે તો જાહેર જેવું જ ગણાય કારણ કે અન્ય સાધુઓની ઉપસ્થિતિમાં અને તેઓની નજર પડે એ રીતે મળવાનું થાય. એટલે તે જાહેર જેવું જ ગણાય. તો પણ અન્ય કોઇ ન સાંભળે એવી રીતે અંગત વાત કરવાનો અવકાશ તો ત્યારે મળે જ છે. એવે વખતે સાધુએ ખપ પૂરતી જ વાત કરવી જોઈએ અને હસવાનું તો અવશ્ય ટાળવું જોઈએ.

હાસ્યરસ નિર્દોષ આનંદ આપનારો છે તેમ છતાં હાસ્યરસનું એક મોટું ભયસ્થાન એ છે કે જો તે મર્યાદા ઓળંગે તો પોતાનું ગૌરવ ગુમાવી દે છે. સામાન્યતામાં સરી પડવું, ગૌરવહીન બની જવું એ સાધુ માટે યોગ્ય ન ગણાય. એટલા માટે પણ સાધુઓએ હસવામાં બહુ ઉપયોગ રાખવાની અપેક્ષા રહે છે.

હાસ્ય એક પક્ષે હોવા છતાં બીજે પક્ષે તે લાગણી દુભાવનાર કે મર્મને ઘાત કરનાર બની શકે છે. બોલનારનો આશય જરા પણ ખરાબ નથી હોતો, પણ તેનું અર્થઘટન ખરાબ રીતે થઇ શકે છે. બીજી બાજુ કેટલાક માણસો એટલા બધા ચતુર હોય છે કે હસતાં હસતાં બીજાને સાચું કડવું સંભળાવી દે છે કે જે સાંભળનારને અપ્રિય લાગે છે. આથી હાસ્યની સાથે ગેરસમજ થવાનો સંભવ રહે છે. માટે સાધુઓએ હાસ્યનો આશ્રય લેવો ન જોઇએ. હાસ્યને કારણે એમના અહિંસાના મહાવ્રતને દૂષણ લાગવાનો સંભવ છે.

હાસ્ય ક્યારે દંશીલું બની જાય તે કહી શકાય નહિ. પોતાના મનમાં રહેલા ડંખને હસતાં હસતાં વ્યક્ત કરી દેવાની કલા કેટલાક ચતુર માણસોને હસ્તગત-(જિહ્‌વાગત) હોય છે. ક્યારેક બોલનારના મનમાં દંશ ન હોય પણ ત્રીજા જ લોકો એમાં દંશ રહેલો છે, એવો આરોપ લગાવી ઇર્ષ્યાથી બે વ્યક્તિને લડાવી મારે છે. સાધુઓને માથે આવું દોષારોપણ ન આવે એ માટે પણ તેઓએ આવી મજાક મશ્કરીથી દૂર રહેવું જોઇએ. તદુપરાંત સાધુઓએ બીજાને ઉતારી પાડવાના આશયથી બોલાતા ઉપહાસ કે પરિહાસના પ્રકારના હાસ્યનો આશ્રય ન લેવો જોઈએ.

હસંવા-હસાવવામાં કેટલીક વાર અતિશયોક્તિ કે અલ્પોક્તિનો આશ્રય લેવો પડે છે. અતિશયોક્તિ કે અલ્પોક્તિ એ બંનેમાં સત્યનું આંશિક ખંડન થાય છે. એમાં અસત્યકથનનો આશય નથી હોતો, પરંતુ અતિશયોક્તિ કે અલ્પોક્તિ ક્યારેક અસત્યકથન સુધી પહોંચી જવાનો સંભવ છે. સાધુઓએ 'સત્ય'નું મહાવ્રત ધારણ કરેલું હોય છે. એટલે તેઓએ હસવા-હસાવવામાં પોતાના મહાવ્રતનું ખંડન ન થાય અથવા કોઇ અતિચારનો દોષ ન લાગે એ માટે પૂરી સાવધાની રાખવી જરૂરી છે.

હળવી રીતે બોલાયેલી વાત ક્યારેક ગંભીર રીતે લેવાય છે તો ક્યારેક નથી લેવાતી. એનો ગંભીર આશય ન સમજનારનો દોષ કાઢી શકાતો નથી. માણસ બચાવ કરી શકે છે કે 'હું તો એમ સમજતો હતોકે તમે હસતા હતા, મજાક કરતા હતા. મને શી ખબર કે તમે સાચે જ કહેતા હતા.' આમ હસીને, મજાકમાં કહેવા જતાં અર્થનો અનર્થ પણ થઇ શકે છે. એવી રીતે બોલવા જતાં સાધુને તો માયા-મૃષાવાદનો બમણો દોષ લાગી શકે છે.

સાધુઓએ અને સાધ્વીઓએ વિજાતીય વ્યક્તિ સાથે બહુ હસીને વાત ન કરવી જોઇએ. હાસ્ય બે વ્યક્તિને પરસ્પર નિકટ લાવનારું તત્ત્વ છે. એ નિકટતા સાથે ચહેરાના હાવભાવોમાં અને આંખોમાં થતા પરિવર્તનને કારણે પરસ્પર આકર્ષણ પણ જન્મે અથવા પોતાના દુષ્ટ આશયને હાસ્યના ઓઠા હેઠળ છુપાવી શકાય. ગૃહસ્થ સ્ત્રીઓ માટે પણ એવી શિખામણ અપાય છે કે તેઓએ પરપુરુષ સાથે બહુ હસીને વાત ન કરવી જોઇએ. હસ્યા કે ફસાયા. સંયમી સાધુઓએ એટલા માટે

મહિલાઓ સાથે બહુ હસીને વાત ન કરવી જોઇએ, કારણ કે એથી એમના ચોથા મહાવ્રતને દૂષણ લાગે છે.

હાસ્યનો સમાવેશ નવ નો-કષાયમાં કરવામાં આવ્યો છે અને તેમાં પણ હાસ્યને પહેલું સ્થાન આપવામાં આવ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોમાં જેટલી ઉગ્રતા છે એટલી ઉગ્રતા હાસ્યમાં નથી. એથી જ એને નોકષાયમાં સ્થાન આપવામાં આવ્યું છે. અને તે પણ પહેલું જ સ્થાન છે. એનો અર્થ એ થયો કે હાસ્ય પણ અશુભ કર્મ બાંધવામાં મોટું નિમિત્ત બની શકે છે. એટલે જ સંયમી જીવન માટે હાસ્યને વર્જ્ય ગણવામાં આવ્યું છે.

જે પ્રસંગે પૂરું ગાંભીર્ય જાળવવાની અપેક્ષા હોય ત્યાં હસવાની વાત ન કરી શકાય. કેટલાક લોકોમાં એ જાતનો વિવેક હોતો નથી. હાસ્યની વૃત્તિ એવી છે કે તે માણસ પાસે વિવેક ચૂકવાવી દે છે. શોકના કે દુઃખના પ્રસંગો હોય ત્યાં માણસે ન હસવું જોઇએ. કેટલાકની હાસ્યવૃત્તિ એટલી પ્રબળ હોય છે કે ગંભીર પ્રસંગે પણ તે હસ્યા વગર રહી શકતા નથી. એક અંગ્રેજ નેતા માટે ચર્ચિલે કહ્યું હતું કે **'He runs the risk of being most humourous when he wishes to be most serious.'**

હાસ્યના પ્રકારોમાં સામાન્ય સ્મિતથી ખડખડાટ હાસ્ય સુધીની ઘણી જુદી જુદી કક્ષાઓ હોય છે. સ્મિતમાં પણ આંખોનું સ્મિત ઉત્તમ પ્રકારનું, હોઠનું સ્મિત મધ્યમ પ્રકારનું અને દાંતનું સ્મિત કનિષ્ઠ પ્રકારનું ગણાય છે. સ્મિતમાં ગૌરવ છે. વિસંગતિનો અચાનક થતો અર્થબોધ માણસને ખડખડાટ હસતો કરી દે છે. હાસ્યનું શાસ્ત્ર એવું છે કે જેટલું જરૂરી હોય એથી વધારે જો ખડખડાટ હસવામાં આવે તો તે ગ્રામ્યતામાં સરી પડે છે. વળી જે વાતમાં માત્ર સ્મિત જ ફરકાવવાનું હોય ત્યાં કોઇ ખડખડાટ હસે તો તે માણસની અબુધતાને તથા ગ્રામ્યતાને છતી કરે છે. કહેવાય છે કે મૂર્ખ માણસ બે વખત હસે, એક બધાંની સાથે અને પછી પોતાને જ્યારે અર્થ સમજાય ત્યારે.

હાસ્યમાં પ્રમાણભાન સૌથી મહત્ત્વનું છે. હાસ્ય ક્યારે પોતાની મર્યાદા ઓળંગી જશે એ કહી શકાય નહિ. હસનાર કે હસાવનાર એ બેમાંથી કોઇ એ વિશે સાચી આગાહી ન કરી શકે. એટલા માટે જ મર્યાદામાં હસવા ઉપર અતિશય ભાર મૂકવામાં આવ્યો છે. એટલે જ કહેવાયું છે કે **A sense of humour is a sense of proportion.**

સાધુની પાસે પ્રસન્નતાનો ઉત્તમ ગુણ એટલો બધો ખીલેલો હોવો જોઇએ કે તેમના શાંત અને ધીર ગંભીર વદન ઉપર પ્રસન્નતાની રેખાઓ સ્મિતની રેખાઓ તરીકે કામ કરે. એ રેખાઓ એવી ઉત્કૃષ્ટ કોટિની હોવી જોઇએ કે એમની પાસે આવીને વાત કરનારને કે દૂરથી એમનાં દર્શન કરનારને માટે તે પ્રેરણારૂપ બની રહે.

ગૌરવ એ સાધુનું ભૂષણ છે. ગાંભીર્ય દ્વારા ગૌરવ જળવાય છે, હાસ્ય દ્વારા નહિ. બહુ હસતા-હસાવતા મશ્કરા માણસની સમાજમાં એકંદરે અને લાંબે ગાળે ઓછી કિંમત અંકાય છે. કહેવાય છે કે हंसियां दोष अपार, गुण जावै, गहला कहै. સાધુ ભગવંતોને માથે જો વ્યાખ્યાન દ્વારા ઉપદેશ આપવાની જવાબદારી હોય તો એમણે પૂરું ગાંભીર્ય સાચવવું જોઇએ અને પોતાના ગૌરવને ખંડિત થવા દેવું ન જોઇએ, નહિ તો તેમના ઉપદેશની ધારેલી અસર થાય નહિ. વ્યાખ્યાન વગેરેની જવાબદારી ન હોય તો પણ સાધુનું ચારિત્ર સુવાસમય, પ્રેરક અને ઉદાહરણરૂપ હોવું જોઇએ. વધુ પડતું હસવાથી, અમર્યાદ ખડખડાટ હસ્યા કરવાથી સાધુમાં વિવેકનો અભાવ છે એવી છાપ પડે છે અને પરિણામે એમનું સંયમ-જીવન બીજાને માટે પ્રેરણારૂપ બનતું નથી. સાધુએ ગૃહસ્થ જીવનનો ત્યાગ કર્યો હોય છે. એથી એમના જીવન-નિર્વાહની જવાબદારી સમાજને માથે આવે છે. સમાજ એટલી જ જવાબદારી હોંશપૂર્વક ઉઠાવે છે કે જ્યાં એને સંયમથી સુવાસિત થયેલા સાધુના જીવનની પ્રતીતિ થતી હોય. જે એવા સાધુ નથી હોતા એમના જીવન નિર્વાહની જવાબદારી સમાજને બોજારૂપ લાગે છે. અને કેટલાક ગૃહસ્થો એમાંથી છૂટવાનો કે પણ પ્રયત્ન કરે તો તે સમજી શકાય એવી વાત છે.

જે સાધુઓ આત્મમગ્ન છે, આત્મજ્ઞાની છે તેઓને તો અંદરથી આનંદનો ફુવારો એટલો બધો ઊડતો હોય છે કે એમને પછી બહારનો માત્ર હાસ્ય રસ નહિ બધા જ રસો નિરર્થક લાગે છે. ભોજનના ષડ્રસ હોય કે કવિતાના ષડ્રસ હોય, એ બધા રસહીન બની જાય છે. ઉચ્ચ સાધુ મહાત્માઓ માટે તો ઉપશમયુક્ત, અનુભવજ્ઞાનનો શાંત સુધારસ રસનો રાજા બની રહે છે. તેઓને માટે તો એ જ रसो वै सः । હોય છે.

☐ રમણલાલ ચી. શાહ

# કવિ ખબરદારની પત્રશૈલી

☐ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ)

કવિ ખબરદારની વિશિષ્ટ કલાત્મક પત્રશૈલી તરફ સૌ પ્રથમ આપણા સાક્ષર બ. ક. ઠાકોરે ખબરદારના કનકોત્સવ પ્રસંગે વડોદરાથી પ્રગટ થતા મટુભાઇ કાંટાવાલા સંપાદિત 'સાહિત્ય' માસિકના 'કવિ ખબરદાર કનકોત્સવ અંક'માં એમના પોતાના પરના થોડા પત્રો પ્રગટ કરી એક લેખ દ્વારા ૧૯૩૧માં ધ્યાન ખેંચ્યું. તેમાં તેમણે લખ્યું હતું: 'રા.અ.ફ. ખબરદાર પારસી છે તથાપિ જેમ એમની પદ્યરચના તેમ એમના કાગળો શુદ્ધ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાનના અધિકારી છે. અહીં એમના હેમોત્સવ પ્રસંગે થતાં પ્રકાશનોમાં એમના ખાસ જાળવેલા કાગળો વડે નવો આરંભ કરું છું અને આશા રાખું છું કે ક્રમે ક્રમે એમના ઘણા કાગળો છપાશે.'

એમણે ૧૯૩૧માં સેવેલી એ આશા છેક ૧૯૯૨માં એકસઠ વર્ષ બાદ મુંબઇ પારસી પંચાયત દ્વારા પ્રકાશિત 'કવિ ખબરદારના પત્રો'ના સંપાદન દ્વારા ફળીભૂત થઇ. એમાં કવિ પુત્ર પેસ્તનજી ખબરદાર પર લખાયેલ ૧૬ જેટલા પરિવારપત્રો, હર્ષદરાય દેસાઇ, ફરામરોજ ઘ. ઘનસુરા, નરીમાન બ. બજાં, ગોકુલભાઇ દૌ. ભટ્ટ, બેજન દેસાઇ તથા મીનુ દેસાઇ જેવા એમના નિકટના પ્રશંસક મિત્રો પર લખાયેલા ૪૧ તથા બટુભાઇ ઉમરવાડિયા, પરમાનંદ કાપડિયા, મટુભાઇ કાંટાવાલા, કવિ 'કુસુમાકર', દી. બા. કૃષ્ણલાલ મો. ઝવેરી, સાક્ષર શ્રી બ. ક. ઠાકોર, મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, શ્રી જેહાંગીર મા. દેસાઇ, સાક્ષર શ્રી નરસિંહરાવ દિવેટીયા, કવિ શ્રી જનાર્દન પ્રભાસ્કર, કુ. પીલા મકાટી, પ્રો. ડૉ. મંજુલાલ ર. મજમુદાર, શ્રી ઉમીયાશંકર મહેતા, શ્રી નટવરલાલ વીમાવાળા, (તંત્રી-'ગાંડીવ') શ્રી મૂળજીભાઇ પી. શાહ, ન્યાયમૂર્તિ શ્રી નાનુભાઇ જી. શેલત 'માસિક મજાહ'ના તંત્રી શ્રી દાદી તારાપોરવાલા, પત્રકાર યજ્ઞેશ શુકલ, કવિ શ્રી રતુભાઇ દેસાઇ અને નાટ્યકાર શ્રી યશવંત પંડ્યા જેવા સાહિત્યકારો પર લખાયેલ ૮૮ પત્રો મળીને કુલ ૧૫૪ જેટલા ઇ.સ. ૧૮૯૭થી ઇ. સ. ૧૯૫૩ સુધીના સમયવ્યાપ દરમ્યાન લખાયેલ પત્રો વ્યક્તિવાર તથા સમય ક્રમાનુસાર ગોઠવાયેલ સુપેરે સંકલિત થયા છે, જેમાં કવિના મૃત્યુ પૂર્વે એક દિવસ અગાઉ પત્રકાર યજ્ઞેશ શુકલ પર લખાયેલ પત્ર પણ સમાવેશ પામ્યો છે.

આ બધા પત્રોમાં કવિમાનસ ને કવિના વિવિધ વિષયો પરના વિચારો પ્રગટ થવા ઉપરાંત તે પત્રોની ઊડીને આંખે વળગે એવી કેટલીક

વિશિષ્ટતાઓ પણ તરી આવે છે. પહેલી વિશિષ્ટતા તે એમાં પ્રગટ થતાં કવિના વિવિધ સ્વરૂપો ને મનોભાવો. આ સર્વે પત્રોમાં કવિ ખબરદાર કવિ અને પિતા, સાહિત્યપ્રિય અને વિવેચક, કર્તવ્યનિષ્ઠ અને પ્રભુજન-સર્જન, નિસ્પૃહી અને સ્નેહી, ચિંતક અને પ્રોત્સાહક, મુરબ્બી અને શુભેચ્છક, પ્રતિકૂળ પરિસ્થિતિમાં મંથન અનુભવતા અને આથડતા, ઝઘડતા પણ નીતિધર્મ અને આદર્શ ન છોડતા ખમીરવંતા લડવૈયા અને સદૈવ માંદગીમાં પીડાતા ફરિયાદી તેમજ સત્યનિષ્ઠ અને આત્મનિરીક્ષણમાં રત રહેતા-એવા વિવિધ સ્વરૂપે દેખાય છે. આ સુલક્ષણો પત્રમાં એક તરફ દેખાય છે તો બીજી તરફ માનસિક દુર્બળતા અને અસંતોષ, ઈર્ષાભાવ અને વહેમીપણું, વિચિત્ર અહંવૃત્તિ અને ક્ષુદ્રતા, આક્ષેપો કરવાની ને છિદ્રો શોધવાની વૃત્તિ અને લઘુતાગ્રંથિ વગેરે અનિચ્છનીય અંશોથી પીડાતા ખબરદાર પણ જોઇ શકાય છે. તેમનું નિરાડંબરી વ્યક્તિત્વ એમાં એક યા બીજા સ્વરૂપે પ્રગટ થાય છે; પત્રલેખકના વિવિધ મનોભાવો, ઊર્મિઓ, વિચારો અને મનોમંથનો છતાં થાય છે. વાર્તાલાપ જેવી નિકટતા એમાં વરતાય છે, આથી તાઝગી અને જીવંતતાનો સ્પર્શ એમાં છે. 'કલાપી'ના પત્રોની જેમ પત્ર લેખકમાં આવશ્યક ગણાતા વ્યક્તિત્વની વિશિષ્ટતા, ભાષાનો પ્રસાદ અને કલાદષ્ટિનાં ત્રિવિધ તત્ત્વો ખબરદારના પત્રોમાં ડોકિયાં કરી જાય છે. એમનું કુસુમ જેવું કોમળ, સંવેદનપટુ હૃદય આયાસ વિના પત્રોમાં નીતરે છે. એમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં પર આ પત્રો પ્રકાશ નાખે છે. ભાષાનો એમના જેટલો પ્રસાદ તો ગુજરાતી સાહિત્યમાં ઘણાં થોડા લેખકોમાં જોઇ શકાય છે.

ખબરદારના પત્રો અરીસાની માફક તેમના જીવન અને વ્યક્તિત્વની છબી ઝીલી બતાવે છે. 'સાહિત્ય એટલે જીવનનું દર્પણ' એ સૂત્ર પત્રસાહિત્ય માટે સૌથી વધુ યથાર્થ ને બંધબેસતું છે. ખબરદારના મન અને અંતરની તસવીર એમાં અંકિત થઇ છે. એ રીતે એમના પત્રો એમના સંવેદનપટુ માનસના દ્યોતક છે. ખબરદાર પાસેથી આપણને આત્મકથા મળી નથી. એ પરિસ્થિતિમાં એમના પત્રોને આત્મવૃત્તાંતના અંશરૂપ ગણી શકાય. એમાં એમની મૂંઝવણો, આંતરિક અંગત સમસ્યાઓ અને આર્થિક કૂટ કોયડાઓ છતાં થાય છે. તેમની વિવિધ રચનાઓના ઉદ્ભવ અને ભૂમિકાની સ્પષ્ટતા કે તેમને અભિમત એવું કાવ્યનું અર્થઘટન પણ પત્રો સ્પષ્ટ કરે છે. ગાંધીજી અને 'કલાપી'ની જેમ પત્રોમાં મનને મોકળાશથી રમતું મૂકવાની ટેવ ખબરદારને પણ હતી. કેટલાંક પત્રો તો હૃદય ખુલ્લું કરવાના આશયથી જ જાણે તેમણે લખ્યા હોય એમ લાગે છે. આ કારણથી એમના પત્રો તેમના આંતરજીવન પર સારો પ્રકાશ પાડી જાય છે. નાની વયે પણ તેમને કવિતાનો મહિમા સમજાયો હતો અને એ વિશે તેઓ નિષ્ઠાથી તેમજ ગંભીરતાથી વિચાર કરતા હતા એ તેમના 'માસિક મજાહ'ના તંત્રી પરના પત્રો દર્શાવી જાય છે. તેમના પત્રોમાં સાહિત્ય-વિચાર, જીવન-વિચાર અને કર્તવ્ય-વિચારનાં ત્રિવિધ વ્યક્તિત્વ-તત્ત્વો પ્રગટ થાય છે. તેમનાં જીવન વિકાસની આછી પાતળી રૂપરેખા પણ તેમના પત્રોમાં જોઇ શકાય ખરી. તેમના સર્વ પત્રોમાં સાહિત્યકારોને લખાયેલા પત્રો કલાવિધાનની દષ્ટિએ ઉત્તમ છે. અને તેમાંય કવિ ' કુસુમાકર'ને લખાયેલા પત્રો સર્વોત્તમ છે.

ખબરદારના પત્રો તેમના આંતર બાહ્ય માનસ અને જીવનપ્રકૃતિને તથા સાહિત્યસાધનાને તેમજ લેખકના વિવિધરંગી વ્યક્તિત્વને સાચી રીતે પ્રકાશમાં આણે છે. તેમના વિવિધ રસના પ્રદેશોમાં તેમના પત્રો આપણને લઇ જાય છે અને તેમના માનસ પ્રદેશનો વિહાર કરાવી રસાસ્વાદ ચખાડે છે. પ્રાપ્ત થતા ખબરદારના બધા જ પત્રો ખાનગી અંગત પ્રકારના છે અને કોઇ પણ પત્ર પ્રગટ બિનંગત જાહેર પ્રકારનો નથી. એટલે એમાં એનું હૃદય અને એમની કવિતાને વહેવડાવનારી વેદનાઓ જોવા-અનુભવવા મળે છે. એમના પત્રો એમના શરીર અને મનની વ્યથા-વેદનાને દેખાડે છે. અને તત્કાલિન પરિસ્થિતિના નિર્મળ અને નિર્ભેળ ઝરણાંરૂપ છે. એક રીતે એમના પત્રોને આત્મલક્ષી ઊર્મિગીત જ કહી શકાય. ખબરદારના માનસિક જીવનની અનેકવિધ પ્રવૃત્તિઓ, તેમની સારી નરસી રુચિઓ, તેમની માન્યતાઓ, તેમના ગમાઅણગમાઓ, તેમના વિચારો, સિદ્ધાંતો અને અભિપ્રાયો, તેમનો પ્રકોપ અને ઠપકો, તેમનો બળાપો અને કટાક્ષ વગેરે એમાં જોઇ શકાય છે. તેમના જીવનના લગભગ ૫૬ વર્ષના પટ ઉપર આ પત્રો વિસ્તર્યા છે. એટલે એમની વ્યક્તિમત્તાના વિકાસની સ્પષ્ટ નહીં પણ કંઇક ઝાંખી તવારીખ આ પત્રોમાંથી સાંપડે છે. પત્ર લેખક અભિલાષા કરી બતાવે છે, નિંદા કરે છે, ફરિયાદ કરે છે, શ્રદ્ધા વ્યક્ત કરે છે. કવચિત જીવનસંદેશ આપે છે, કોઇને સલાહસૂચનો આપે છે, કવચિત વડીલશાહી ઉપદેશ આપે છે અને કોઈને પ્રેરક માર્ગદર્શનરૂપ ઉદ્‌બોધન કરે છેઃ ટૂંકમાં ખબરદારનું માનવ્ય પત્રોમાં પ્રગટ થાય છે. અને તેથી માનવ ખબરદારનો પરિચય સાધવા માટે અને તેમના જીવનને સમજવા માટે તેમના પત્ર સાહિત્યનો અભ્યાસ જરૂરી બને છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મત મુજબ મનુષ્ય હૃદયને ઘડનાર ચાર બળો છેઃ પરિસ્થિતિ, કવિતા, ધર્મ અને જીવનદર્શન. આ પૈકીના પરિસ્થિતિ અને જીવનદર્શનનાં બે બળોએ ખબરદારના જીવનને શી રીતે ઘડ્યું તેનો કંઇક ખ્યાલ એમના ઉપલબ્ધ પત્રો દ્વારા સાંપડે છે. જુદી જુદી વ્યકતિઓ ઉપરના જુદા જુદા પત્રોમાં ખબરદારના વ્યક્તિત્વના બહુવિધ સ્વરૂપ દષ્ટિગોચર થાય છે.

ખબરદારના પત્રોના પ્રભાવનું મુખ્ય કારણ તેમની પ્રાસાદિક, સરળ અને સચોટ શૈલી છે. એમાં સભાનતાનો અંશ ન હોવાથી એમની હૈયાની ધરતીમાંથી ફૂટેલી સરવાણી જેવી સ્વયંભૂ એમની વાણી છે. જો કે 'જોય, મઠ સ્થાપવું નથી, દલગીર, યાદ કીધો, હું અહીં બહારોબહાર આવ્યો, ટ્રેઇને પૂગતાં, પોશતો, વ્યક્તવ્ય, પુસ્તકોના થોકબંધ પ્રૂફો, તેનું સૌરભ, કુસુમની ઘેન, ઘાડો, જગતની એક જ ચક્ષુ અને ગડબડ વગેરે જેવા પ્રયોગોમાં પારસીશાઇ ગુજરાતીનાં લક્ષણોરૂપે લિંગદોષ કે લેખન યા વ્યાકરણદોષ દેખાઇ આવે છે, પણ એ સિવાય એકંદરે તેમના પત્રોમાં ભાષા ઊર્મિને અનુરૂપ રહે છે. એમાં નથી ભાષાડંબર કે નથી દુર્બોધ સંસ્કૃતમય જડબાતોડ શબ્દોથી નિષ્પન્ન થતી ક્લિષ્ટતા. ઊર્મિની ઊંડી વેધકતા એ પત્ર શૈલીનું વ્યાવર્તક લક્ષણ છે. અને તેને લીધે તે વાચક સાથે એકદમ આત્મીયતા સાધી લે છે. વાચક પત્રલેખક સાથે જે તાદાત્મ્ય સાધે છે તેને પરિણામે લેખકના વક્તવ્યની સાથે સમરસ બની જાય છે અને ભાવ તથા ભાષાના યોગ્ય સંયોગથી સચોટતા આવવા પામે છે.

એમની પત્રશૈલીનું બીજું લક્ષણ છે વિષય કે વસ્તુનો સીધો ઉપાડ. ઝાઝા વિષયાંતરમાં અટવાયા વિના તે સીધા જ વિષય પ્રતિ પ્રસ્થાન કરી જાય છે. આ પ્રકારની નાસાગ્રતા (Directness) તેમની પત્ર શૈલીનો મહત્ત્વનો ગુણ છે. તેમના પત્રો સંબોધન અને ઉપાડમાં પણ આડંબર રહિતતા, નમ્રતા અને સીધુસટ આલેખન છે.

એમની પત્રશૈલીનું ત્રીજું લક્ષણ છે તેમાં આવતું ચિંતન. તેમના પત્રોમાં ક્યાંક જીવન વિશે, ક્યાંક સાહિત્ય વિશે તો ક્યાંક કર્તવ્ય વિશે થોડું શું ચિંતન વીજળીના ચમકારાની જેમ ચમકી જાય છે. કેટલીક વાર તો આવા ચિંતનમાં મહાન ચિંતકની અદાથી તેઓ સરસ અને અમૂલ્ય વિચારરત્ન આપી જાય છે. તેમના ચિંતનમાં વિચારોની સંકુચિતતા કે જટિલતા નથી અને કદાચ તેમાં ગહનતા પણ નથી, પણ પોતાને જે સત્ય સમજાયું યા લાધ્યું છે તેનું કથન સીધી, સાદી, સરળ અને સૂત્રાત્મક શૈલીમાં તેઓ કહી જાય છે. એમાં સૂત્રાત્મકતાની સાથે સચોટતા પણ એવી આવી જાય છે કે વાચકનાં હૃદય પર જાણ્યે અજાણ્યે એ અસર કરી જાય છે. વળી આ ચિંતન પ્રસંગને ઉચિત અને ઊર્મિને અનુરૂપ હોય છે. આમ, એમના પત્રોમાંથી એમની માનસિક અને બૌદ્ધિક શક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે.

લક્ષ્મી, યશ વગેરેને 'મનગમિયા' કહીને તેમણે એક પત્રમાં સરસ અને ઉદ્દબોધનમય શૈલીમાં ચિંતન રેલાવ્યું છે. મદ્રાસથી તા. ૨૪-૧૦-૧૯૩૧ના રોજ શ્રી કુસુમાકરને લખેલા પત્રમાં તેમણે લખ્યું છે-'બીજાઓની માફક તમને પણ એમ લાગે છે કે દુનિયા કદર નથી કરતી. પણ એ કદરને માટે આપણે ટળવળવાનું શા માટે હોય ? કર્તવ્ય કર્યે જાઓ, હૃદયનાં અમૃત ઠાલવ્યે જાઓ, પુણ્યનાં બીજ વાવ્યે જાઓ; એક દિન ઊગશે જ ઊગશે. દુનિયામાં નાંખેલું કશું એળે જતું નથી. કાળ અને અનંતતાના ભેદ કોઈ માપી શકતું નથી. નજર જેમ જેમ બહાર નહીં પણ અંતરમાં ઊંડી ઠરતી જશે તેમ તેમ સર્વ અસંતોષ દૂર થશે. વર્ષોથી એ જ ચાવી મને હાથ લાગી ને બહાર જોવાનું મૂકી દીધું અને તેથી આજે તમે જુઓ છો કે સારું ગુજરાત મારા પર સ્નેહવર્ષા કરવાનું કાર્ય કરે છે. સૌ સાથે સ્નેહનાં બીજ વેર્યાં. તે પર સ્નેહપુષ્પો ઊગ્યાં છે. સાત્ત્વિકતા રાખી સર્વને ચાહી-શત્રુને પણ-કર્તવ્ય કર્યે જાઓ, લક્ષ્મી, યશ, કીર્તિ (વગેરે) આપણે માગ્યે મળતાં નથી. એ સૌ 'મનગમિયા' કહેવાય છે. એમને મન થાય ત્યારે એ આવે.

દાદરથી તા. ૧૫-૧૦-૧૯૪૧ના રોજ 'કુસુમાકર' પરના પત્રમાં કવિએ કવિતા અને કદર વિશે કવિત્વમય ચિંતન પીરસ્યું છે. 'સાહિત્ય ક્ષેત્રમાં તમે વર્ષોથી વિષાદ ધારણ કરી રહ્યા છો તે મને ગમતું નથી. તમે શું તાત્કાલિક કદર કે પ્રશંસા સાહિત્ય જગત તરફથી મળવાની આશા રાખો છો ? અને તે પણ કવિતાના ભાંગ્યાતૂટ્યા અભ્યાસવાળા ગુજરાતી કવિઓ ને વિવેચકો તરફથી ! અરે ભાઈ, શિવ શિવ કરો ! તમારામાં સાહિત્યનું જે ચેતન હોય તેને પ્રકાશતા જ રહો. ઉપર આકાશમાં લાખો તારાઓ ચમકે છે. તેમાંનાં થોડાનાં જ નામ આપણને જાણીએ છીએ. અને આપણી નજર પણ કાંઈ બધા જ તરફ ફરતી નથી. તમારું તેજ વધારો એટલે ધીરે ધીરે ન જોનારા પણ જોશે. જીવનમાં વિષાદ રાખ્યેથી વધું શું થશે ? કવિતાનો દિવ્યાનંદ જે કવિ અનુભવે છે અને દુનિયા તેણે જો સાંભળ્યું હોય તો ગાઈ સંભળાવે છે, તે જ શું કમી વળતર છે ? કદર માટે શા માટે ટળવો છો ? જે સોનું છે તે સોનું જ રહેશે. પીત્તળ ગમે તેટલા ચળકાટ કાઢી બતાવશે તે સોનું થવાનું નથી જ. સમય પોતાનું કામ કરશે જ.'

તેમની પત્રશૈલીનું ચોથું વિશિષ્ટ લક્ષણ છે તેમની માનસિક મથામણોની પત્રોમાં ઉપસતી છબી. તેમની કૌટુંબિક કરુણતા કે આર્થિક અવદશા, તેમની હૃદયની વ્યથા કે અંતરની ગડમથલો-મથામણો આદિ એમના પત્રો એક યા બીજી રીતે વ્યક્ત કરે છે. આથી તેમના જીવનની વાસ્તવિક છબી વાચકને જોવા મળે છે. તેમની જિંદગીનો કરુણ રસ હૃદયસ્પર્શી બને છે.

તેમના પત્રોમાંની ગદ્યશૈલી અકૃત્રિમ, સીધી, સાદી, સુબોધ અને પ્રવાહી છે. જાણે ઊર્મિના રંગે રંગાયેલી ન હોય ! ક્યારેક સાહિત્ય ચર્ચા વખતે એ ગંભીર હોય છે, ક્યારેક કુટુંબ વ્યથાના આલેખન વખતે કોમળ અને આર્દ્ર હોય છે. તો ક્યારેક આક્ષેપોના આરોપણ ટાણે એ પરુષ હોય છે તો ક્યારેક ઉદ્દબોધન પ્રસંગે વીરરસથી સભર એવી ઓજસવંતી અને આશાપ્રેરક હોય છે. આમ, પ્રસંગે પ્રસંગે એ ભાવને ઉચિત સ્વરૂપ ધારણ કરે છે. એમાં ક્યારેક કવિત્વની છટા દેખાય છે, ક્યારેક તળપદા રૂઢિપ્રયોગો કે ફારસી શબ્દ પ્રયોગો થયા હોય છે, પરંતુ એ ગમે તેમ હોય, તો પણ તેમની ભાષાનું પૂર વેગીલી ગતિએ આપણને ખેંચી જાય છે. એમાં નથી મિથ્યા વાણીવિલાસ કે નથી વાણીની દરિદ્રતા, કોઈકવાર એમાં ઊછળતી ઊર્મિ દેખાય છે તો કોઈકવાર શાંત ઊર્મિ પ્રત્યક્ષ થાય છે. પત્રોમાં ખબરદાર ક્યારેક હિતચિંતક બની શુભેચ્છા વ્યક્ત કરે છે, ક્યારેક જીવનવ્યથા કરુણતાથી આલેખે છે, તો ક્યારેક ગંભીર વિચાર રજૂ કરી દિલાસો આપી જાય છે. કેટલીકવાર તો નાનકડાં મધુર ઊર્મિકાવ્યો કે ચિંતનકાવ્યો જ જાણે એમણે પત્રોમાં સર્જી દીધા છે. અને ક્યારેક તે કરુણાર્દ્ર વિષાદ ધારણ કરીને બેઠેલા 'કુસુમાકર'ને કવિએ કેવી ચિંતનસભર કવિત્મમય શૈલીમાં પ્રેરક ઉદ્દબોધન કર્યું છે.

મદ્રાસથી તા. ૧૮-૧૧-૧૯૩૬ના રોજ શ્રી કુસુમાકરના પત્રમાં કવિએ લખ્યું છે-'એકવાર પાછું હું તમને નિખાલસતાથી લખી દઉં. આ તમારા હૃદયનો અસંતોષ અને બીજાઓનાં કાર્યોમાંથી ઉપજતો વિષાદ છોડી દ્યો ! દુનિયા જેણે બનાવી છે તે એ દુનિયાને દોરવી રહેશે ! પ્રભુએ તમારા હૃદયમાં જે તણખો નાખ્યો છે તેને જ ઉજાળો અને તેનો જ પ્રકાશ સદા અખંડ ને વધતો રહે તેમ કરો ! જીવનમુક્તિ કે સાહિત્યમુક્તિ કોઈની પણ પીઠ પર ચઢીને મેળવી શકાતી નથી. મહાસંતો, મહાકવિઓ, મહાલેખકો કયે માર્ગે ગયા અને કેવી રીતે પોતાના ધ્યેયમાં વિજય પામ્યા તે શોધી કાઢો ને તે પંથે તમે પણ જાઓ. તમે ય આગળ પડો. મારી કે કોઈની પણ સલાહની આરજૂ ન રાખો. તમારા હૃદયને જે રુચે તે કહો. કોઈને રુચે ને તમને ન યે રુચે. આપણે સૌ રામ, કૃષ્ણ, ગાંધીજી કે વ્યાસ, કાલિદાસ જેવા બની શકવાના નથી, પણ આપણા નાના દીવાનો ઉજાસ પણ અખંડ રાખી શકીએ તો બસ છે. કાર્ય કરી છૂટો ને ફળ પ્રભુને સોંપી દ્યો !'

પ્રતિકૂળતા સામે વીરરસથી ઝઝૂમવા માટે કવિએ શ્રી 'કુસુમાકર'ને કવિત્વમય ચિંતનમઢી સરસ શૈલીમાં કરેલું છટાદાર ઉદ્દબોધન પણ ધ્યાન પાત્ર છે.

મદ્રાસથી તા. ૧૫-૬-૧૯૨૪ના રોજ 'કુસુમાકર'ને લખેલા પત્રમાં કવિએ લખ્યું છે-'વહાલા ભાઈ,આ જડ સૃષ્ટિમાં તેમ સાહિત્યની સૃષ્ટિમાં પણ વિજયી થવું હોય તો વીરરસ જ ધારણ કરવો. એટલે આપણને આપણા સમકાલીન સાહિત્યકારો જો ન્યાય આપતા ના દેખાય તો કરુણરસે ડૂબીને તેમાં રુદન ન કરતાં વીરરસ ધારણ કરીને આપણો માર્ગ આપણે જ કાપીને સ્વચ્છ કરવો. મારા પોતાનાં અનુભવની પણ એવી જ વાત છે. તમને એક બંધુ લેખે મારી સલાહ છે કે આ ફરિયાદોનું પુરાણ તમે બંધ કરો, કારણ એથી તમારું જ હૃદય વધારે શંકિત થતું જાય છે. અને ફળની ઉપર જ દૃષ્ટિ રાખતાં કર્તવ્યથી વિમુખ થવાય છે.

આખું ગુજરાત નીરસ છે. અને ખરી કવિતાની પિછાન કોઈ કરી શકતું નથી એમ તમે ધારો છો તો કોઈપણ તંત્રીની દરકાર ના રાખો અને તમારા કાવ્યો પુસ્તકરૂપે બહાર પાડો તે જ ઉત્તમ માર્ગ છે. તેમાં મૂલ્ય હશે તો તે પોતાની મેળે વખત જતાં લોકપ્રિય થશે. માટે આ ગ્લાનિભાવ છોડી દો અને વીરરસથી ઝૂઝો એ જ મને ખરું લાગે છે. ચકલીઓને ગરુડ કહેવાથી કાંઈ તેની ખરી કિંમત વધવાની નથી અને ગરુડનું કામ તે કરી શકવાની નથી. પ્રતિભા Ouantityમાં નહિ પણ પણ Qualityમાં છે તે તો તમે સમજતા હશો. બસ કવિતાની કોડીઓનો હાર પહેરાવવા કરતાં એક બે સુંદર હીરા જ ઝળકાવો તો તેનો પ્રકાશ સ્થાયી છે.'

કવિ ખબરદારનું જીવન વિશાળ નથી. એમાં રસિક ઘટનાઓની અતિશયતા નથી. એમાં ઝળહળતાં જાહેર કાર્યોની મહાન સિદ્ધિઓ નથી. અને કોઈ મહાન અદ્દભુત કલાકૃતિઓના ઉજ્જવળ મંડપ નથી. એમના પત્રોમાં 'કલાપી'ના પત્રો જેવી અદ્દભુત નિખાલસતા અને પારદર્શકતા નથી અને 'કાન્ત'ના પત્રો જેવી અણીશુદ્ધ ઉચ્ચ કલાત્મકતા નથી.

આમ છતાં, જેવા છે તેવા આ પત્રોમાં કવિ, ચિંતક, સલાહકાર, વિવેચક, જીવનની અડચણો સામે લડતા અને સંઘર્ષ-મંથન અનુભવતા ખબરદારનાં પાસાં દેખાય છે. ખબરદારની પત્રલેખક તરીકેની વિશિષ્ટ શક્તિ અને સફળતાના દ્યોતક નમૂનારૂપ આ પત્રો તેમના જીવનના ઈતિહાસ રૂપે જ નહિ પણ ગુજરાતી સાહિત્યના અલ્પધન પત્ર-સાહિત્યમાં એક સમૃદ્ધ સંપ્રાપ્તિ રૂપે સદાય યાદગાર થઈ રહે તેવા છે. તેમાં ગાંધીજીના પત્રો જેવી સરળતા અને 'કલાપી'ના પત્રો જેવી કવિત્મય શૈલી છે અને 'કાંત'ના પત્રો જેવી સાચદિલી છે. સાહિત્યકલાના ચિરંજીવ ટુકડારૂપ આ પત્રો ખબરદારને કવિની સાથે જ પત્રકલાના નમૂનેદાર કસબી-કલાકાર તરીકે ય સાબિત કરી જાય છે.

♦ ♦ ♦

# જૈન સાહિત્યમાં ગઝલ

☐ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યના કાવ્ય પ્રકારોની વિવિધતામાં ગઝલ રચનાઓનું પ્રદાન પણ નોંધપાત્ર બની રહે છે. આ રચનાઓ મુખ્યત્વે સ્તવન, રાજઝાય અને પદ રચનામાં થયેલી છે. જેમાં ગઝલનો આશ્રય લેવામાં આવ્યો છે.

સ્તવન રૂપે લખાયેલી ગઝલમાં પ્રભુનો મહિમા ગાવામાં આવ્યો છે . સજઝાય રૂપે રચાયેલી ગઝલોમાં વૈરાગ્યભાવ કેન્દ્ર સ્થાને છે. આધ્યાત્મિક પદ રચના વાળી ગઝલોમાં આત્મ સ્વરૂપ પામવાની ને સંસારની અસારતા, અશરણ ને ભૌતિક સુખની નશ્વરતા દ્વારા વૈરાગ્ય ભાવનાની સાથે ઉપદેશાત્મક વિચારો વ્યક્ત થયેલા છે.

જૈન કવિઓની વિવિધ ગઝલોમાં ઉદાહરણ દ્વારા કવિત્વ શક્તિની સાથે એમના પ્રદાન વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

સંવત ૧૭૪૮માં ખરતરગચ્છના કવિ 'ખેતા'એ જાત પરિચય ઉપરથી ' ચિતોડ રી ગઝલ' રચી છે.

**જૈસી દ્વારિકા, હરિદ્વાર, ગંગા, ગોમતી, ગિરનાર;**
**બદરીનાથ તટ કેદાર, ઈકલિંગ તેતલા અવતાર'**

કવિ ખેતાની બીજી ગઝલ 'ઉદયપુર રી ગઝલ' છે.

કવિ નિહાલ કૃત મુર્શિદાબાદનું વર્ણન કરતી ગઝલનું નામ ' બંગાલ દેશ કી ગઝલ' છે.

સ્થળ વર્ણનની ગઝલનું અનુસંધાન કવિ દીપવિજયની ગઝલોમાં થયું છે.

જૈન સાહિત્યમાં સજઝાયની રચનાઓ વૈરાગ્ય ભાવને વ્યક્ત કરીને આત્માને હિત શિક્ષા રૂપે કેટલાંક મનનીય વિચારોનું ભાથું પૂરું પાડે છે. કવિ વિનયમુનિની ૧૦ કડીની સજઝાયમાં આવો કેન્દ્રસ્થ વિચાર રહેલો છે. કવિએ ૧૦ કડીમાં ગઝલનો પ્રયોગ કરીને કાવ્ય પ્રકારનો ઉલ્લેખ કર્યો છે.

**વિનય મુનિ વદે ભાવે, ગજલ એ પ્રેમથી ગાવે,**
**સુબોધે સત્ય સમજાવે, સમય આવો ફરી નાવે, ॥ ૧૦ ॥**

મનુષ્ય જન્મ નિરર્થક વીતી જાય છે. તેનું ભાન કરાવતાં કવિ કહે છે કે-

**વરસ પચાસ તો વિત્યાં કરી ન આત્મની ચિંતા,**
**ન ગાઈ ધર્મની ગીતા, પકડશે કાળ ઓચિંતાં. ॥ ૩ ॥**
**મુસાફર બે દિવસનો તું, મુસાફરી બંગલે આવ્યો,**
**નથી આ બંગલો તારો, વૃથા તું બોલમા મારો. ॥ ૫ ॥**

કવિના ઉપદેશાત્મક વિચારો વ્યક્ત કરતી કડી નીચે મુજબ છેઃ

**'કહું છું પ્રેમથી વહાલા, હવે લે હાથમાં માળા,**
**ઉપાધિનાં તજી ભાલાં, હૃદયનાં ખોલને તાળાં ॥ ૬ ॥**
**હવે લે ચિત્તમાં ચેતી, ધરમની ખેડને ખેતી**
**શીખામણ હું કહું કેતી, વૃથા તું પીલ મા રેતી. ॥ ૯ ॥**

કવિ નાગરની ૧૫ કડીની કવ્વાલીની રચનામાં મૃત્યુ પછી રોવા કુટવા વિશેના સામાજિક આચારની ટીકા કરતી વિગતો આપવામાં આવી છે. તેમાં રહેલો મિથ્યા દંભ પણ કવિ પ્રગટ કરે છે.

**'મૃતક માટે રડી કુટી, કર્મથી સું કરો ભારી**
**છેલો તમને બહુ વાહલો, કરો સું તેહની ખુવારી ॥ ૧ ॥**

આત્મા પાપ કરીને ધન કમાય છે અને સર્વસ્વ છોડીને જાય છે કવિ આવી વ્યક્તિ માટે જણાવે છે કે-

**'એરી રે !' તેહને ભાતું દિયો છું છાતીઓ કુટી**
**હૃદયની રક્ત ધારાઓ, નયનનાં નીરને ચૂંટી ॥ ૩ ॥**
**મરેલાની પડી કેડે, પછાડા ખાય બહુ ભાતે,**
**મુકી મર્યાદ ને લજ્જા, લીયે સૌ સાજીયા સાથે ॥ ૫ ॥**
**છાતીમાં મુઠીઓ મારી કરે છે જાતની ખુવારી**
**નથી આ રીત કંઈ સારી, બને કાંઈ મુરખના યારી ॥ ૮ ॥**
**દેખાડો શોગનો રાખી, ખાવામાં શું મૂકી બાકી**
**ધર્મમાં શોગને રાખી, કરો શું મૃતકને ભારી ॥ ૧૩ ॥**
**કઢંગા કુરિવાજોથી, બને આત્મા બહુ ભારી**
**ગુરુ ઉપદેશ ઉરધારી, લીયો સૌ આત્મ સુધારી ॥ ૧૪ ॥**

કવિ શ્રી પુણ્યવિજયે જીતવિજયજી મહારાજના અવસાનના પ્રસંગથી કરૂણાર્દ્ર બની ગુરુ ભક્તિભાવથી પ્રેરાઈને ૨૯ કડીમાં કવ્વાલીની રચના કરી છે. તેમાં રચના સમય અને કવિના નામનો ઉલ્લેખ થયેલો છે.

**'ગુણીના ગુણની વિધિ, પૂજ્ય પુણ્યવિજયે કીધી**
**કવ્વાલી શુદ્ધ એ કીધી, દયાળુ મેં નથી દીઠા ॥ ૨૭ ॥**
**ગુણીના ગુણને ગાવા, લલીત શીશુ લીજે લાવા**
**તે ભવી નાવી, નજરથી મેં નથી જોયા ॥ ૨૮ ॥**
**સંવત સત્યાશીની સાલે, આસો વદ ૧૧ સે કરી**
**અણસણ પ્રાતઃકાળે અમર સે આત્મા થાઓ ॥ ૨૯ ॥**

આયુષ્ય પૂર્ણ થતાં પળમાત્રમાં જીવાત્મા કોઈ પણ રાહ જોયા વગર શુભાશુભ કર્મ પ્રમાણે જન્મ ધારણ કરે છે. આરંભમાં કવિ જણાવે છે કે-

**વિધિના વાયરા વાયા, શીતળ આવી ખરી છાયા,**
**ગમાયા હાથમાં આવ્યા, અરે એ ક્યાં ગયા ઊડી ? ॥ ૧ ॥**

ગુરુના અવસાનનો શોક દર્શાવતાં કવિ જણાવે છે કે,

**મહાદુઃખ આ થયું માથે, ગમાયો હિરલો હાથે,**
**નિર્માવ્યું તે વિધિ નાથે, ભાવીનો ભાવ ભજવાયો ॥ ૪ ॥**
**બલ્યું આ ક્યાં ગયો બેલી, મુંઝાતા સંઘને મેલી**
**જડેલા જોગને ઠેલી, ગુણીએ ક્યાંહિ ગુંથાયા ॥ ૫ ॥**

ગુરુ પ્રશસ્તિ કરતી કડી નોંધપાત્ર બની છે.

**મુનિ ગણમાં થયા મોટા, જડે ન આપના ઝોટા**
**તમો વિણ આ તકે તોટા, ગયાં ક્યાં ગુણથી ગિરુવા ॥ ૯ ॥**

ગુરુના અગ્નિદાહ પછી એમની ભસ્મને પવિત્ર માની ભક્તો સ્મૃતિ રૂપે લઈને મન હળવું કરે છે.

**ચિતાની ભસ્મને ચાહતા, મનુષ્યો મોકળા જાતા,**
**હૈયે સૌ લેઈ હરખાતા, ભક્તિથી લેઈ સૌ હાથે ॥ ૧૭ ॥**
**અરે કળીકાળનો આતો, સદાનો સૂર્ય આથમતો,**
**તેનો ઘા જૈનોને થાતો, જોતા ક્યાં ખોલ્યો ન જડશે. ॥ ૨૩ ॥**
**મનુષ્યથી મેદની ગાજે, મળ્યો સૌ ભક્તિના કાજે**
**વિયોગી તે બન્યા આજે, વાલાના વિરહની વાતો ॥ ૧૩ ॥**

આ ગઝલનો કેન્દ્રસ્થભાવ ગુરુભક્તિ છે. તેની અભિવ્યક્તિમાં કરુણ રસનો હૃદયસ્પર્શી ભાવ વ્યક્ત થયો છે.

વિરહ ભાવનાનું નિરૂપણ કરતી શાંત અને કરુણ રસના મિશ્રણવાળી આ રચના ગઝલ પ્રકારમાં વિશેષ નોંધપાત્ર બની રહે છે.

આ ગઝલોમાં વર્ણવિન્યાસ, પ્રાસ યોજના પણ એના ભાવ કે વિચારને અનુરૂપ બની લય માધુર્યથી દીપી ઊઠે છે. ફારસી ભાષાના કાવ્ય પ્રકારને જૈન કવિઓએ સ્વીકારીને આધ્યાત્મિક વિચારોને વ્યકત કરતી ગઝલ રચનાઓ કરી છે. તે ઉપરથી કવિઓને સંપ્રદાય કે ધર્મથી મુક્ત થઈને સમકાલીન કાવ્ય પ્રવાહની સાથે તાલ મિલાવીને રચનાઓ કરે છે. વસ્તુમાં, સાંપ્રદાયિકતામાં અર્વાચીન કવિતાનો પ્રભાવ જોવા મળે છે.

કવિ ખાન્તિવિજયની પાંચ કડીની ગઝલમાં વૈરાગ્ય અને ઉપદેશાત્મક વિચારો વ્યક્ત થયેલા છે:

**જગત હૈ સ્વાર્થ કા સાથી સમજ લે કૌન હૈ અપના**
**એ કાયા કાચકા કુંભા, નાટક તું દેખકે ફલતા ॥ ૧ ॥**
**ખજાના માલ ને મિલ્કત, તું કયું કહેતા મેરા મેરા**
**ઈહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ અવ તેરા ॥ ૩ ॥**
**ઈસી સંસાર સાગર મેં જપે જો નામ જિનવર કો**
**કહે ખાંતિ એહી પ્રાણી, હઠાવે કર્મ ઝંજીરકો ॥ ૫ ॥**

દીપવિજય કવિરાજની ગઝલો સ્થળ વર્ણનની છે. જૈન કવિઓમાં આ પ્રકારની ગઝલો લખવામાં એમનું નામ પ્રથમ કક્ષાનું છે. વટપ્રદ, જંબુસર, ખંભાત, ઉદેપુર, સુરત, પાલનપુર જેવા શહેરોની ગઝલ રચના કરીને તેનો ઐતિહાસિક પરિચય આપ્યો છે. ઉદાહરણ રૂપે વડોદરા અને સુરતની ગઝલની કેટલીક વિગતો અત્રે નોંધવામાં આવે છે. વડોદરાની ગઝલમાં વિવિધ દશ્યો, સ્થળો, મંદિરો, બજાર, હાટ, સામૈયું સ્ત્રી-પુરુષો, કારીગરો, મસ્જિદમાં કુરાન પઢતા મૌલવી અને ચતુર્વિધ જૈન સંઘ જેવી માહિતી છે.

કવિએ સુરતની ગઝલના કળશમાં ગઝલ રચનાનો સમય સંવત ૧૮૭૭ના માગસર સુદ-બીજનો જણાવ્યો છે. ૮૩ કડીની આ ગઝલમાં સુરત શહેરનું વૈવિધ્યપૂર્ણ ને ચિત્રાત્મક વર્ણન કરવામાં આવ્યું છે. સુરત શહેર જેવું જોયું તેવું વર્ણવ્યું છે. કવિના શબ્દો છે :

**કીનો સેહેર બરનન, અપની દષ્ટિ દેખ્યો જેહ.**

સુરત સેશહેર નીમાઈ, કિલ્લા, દરવાજા, તાપી નદી, તેમાં ફરતી નૌકાઓ, શાહુકારો, ઝવેરીઓ, કારીગરો, કાપડના વેપારીઓ, મિઠાઈવાળા, હાટ ઉપરાંત 'સુરત શહેરના જાણીતા વિસ્તારોમાં ગોપીપુરા, મુગલીસરા, નાણાવટ, કેળાંપીઠ, દરજી, પારસી અને દંતારા લોકો, હવેલીઓ, બાગ-બગીચા, હિંદુ અને જૈન મંદિરો, ફિરંગીઓ વગેરેનો ગઝલમાં ઉલ્લેખ થયેલો છે. નમૂના રૂપે કેટલીક કડીઓ અત્રે જોઈએ તો.

**ઝવેરી લોક કરતે મોજ, નાંહી કરત કિન કી ખોજ**
**હીરા પરખતે હૈં નંગ, મોતી પન્ને પાંચો રંગ ॥ ૫૨ ॥**
**એસે ચોરાસી બજાર, બનિયે કરત હૈ વ્યાપાર**
**ફિર કે પારસી બહુ લોક, વણજાં કરત દમડે રોક ॥ ૫૯ ॥**
**અંબા બહેચરા કે થાન, આલમ કરત હૈં સન્માન**
**વિષ્ણુ શીવા કા પ્રાસાદ, નામે ગાજે ગુહિરા નાદ ॥ ૬૨ ॥**
**નીકે જૈન કે પ્રાસાદ, દેખત હોતે હૈ આલ્હાદ**
**સુરત મંડના શ્રી પાસ, ફિરકે ધર્મ દેવલ વાસ ॥ ૬૩ ॥**
**બરનું સેહેર કો રાજાન, નેંકી રાજ હૈ ગુનખાન**
**નસિરૂદીન હૈ નવ્વાપ, જ્યા કો દેસ દેસો માપ ॥ ૧૮ ॥**
**કિલ્લા પાસ હૈ મૈદાન ગુજરી ભરત હૈ બહોમાન.**

ઉપરોક્ત પંક્તિઓ દ્વારા કવિની શબ્દ પસંદગી ગઝલને અનુરૂપ બની છે. શબ્દોને તોડફોડ કરીને ગઝલનો પ્રાસ બેસાડવા પ્રયત્ન કર્યો છે. સમકાલીન રાજકીય પ્રભાવ પણ ગઝલમાં જોવા મળે છે.

મણિવિજયજીના શ્રી મહાવીરસ્વામીના ૭ કડીના સ્તવનની રચના ગઝલ સ્વરુપમાં છે.

કવિએ ભગવાનની દિવ્ય આત્માવાણીનો ઉલ્લેખ કરીને જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની વિગતો દર્શાવી છે. ચાર નિક્ષેપ, સાત નય, ત્રિપદી અને અનેકાન્તવાદ જેવા ગંભીર વિષયોનો નામોલ્લેખ કરી એમનો મહિમા ગાયો છે.

**ચાર નિક્ષેપે જાણે ધ્યાવે, પાતક સર્વે પખાલેજી**
**નામ ઠવણ દ્રવ્ય સ્વરૂપે, ભાવે શુદ્ધ ત્રિકાલેજી,**

ધર્મ પરની શ્રદ્ધા ન હોય તો શું થાય ? તે માટે કવિ જણાવે છે કે-

**'મિથ્યા જ્ઞાન તથા શ્રદ્ધાનધરી, ભટક્યો કાલ અનંતજી,**
**દુર્ગુણી પણ તુમ શરણે આવ્યો, તારો મુજને મહંતજી**

આ ગઝલમાં ધ્રુવ પંક્તિ છે. શ્રી મહાવીર નમો શિરનામી, ભવિ શિવસુખના

કવિ વીરવિજયજીનું શ્રી પદ્મપ્રભુ ભગવાનનું પાંચ કડીનું સ્તવન ગઝલ સ્વરૂપમાં રચાયેલું છે.

**પદ્મપ્રભુ પ્રાણ એ પ્યારા, છોડાવો કર્મ કી ધારા,**
**કરમફંદ તોડવા ધોરી પ્રભુ એ અર્જ એ મેરી ॥ ૧ ॥**

ભક્ત મનુષ્ય જન્મમાં કંઈ કરી શક્યો નથી, અને નરકમાં જવા જેવું આચરણ કર્યું છે તેવો ભાવ નિખાલસતાથી પ્રભુ પાસે વ્યક્ત કરવામાં આવ્યો છે.

**વિષયસુખ માનિયો મનમેં ગયે સબકાલ ગફલતમેં**
**નરક દુઃખ વેદના ભારી, નીકલવા ના રહી બારી ॥ ૩ ॥**

કવિ વિરવિજયજીનું શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સાત કડીનું સ્તવન ભક્તની પ્રભુ પાસે શરણાગતના ઉદ્ધારની ભાવનાને વ્યક્ત કરે છે. તેની રચના ગઝલમાં થયેલી છે.

**ઔરોં કી સુનાઈ જાવે, મેરી વારી નહિ આવે**
**તુમ વિન કૌન મેરા, મુઝે કયું ભૂલા દીયા ॥ ૧ ॥**
**રાયરંક એક જાનો, મેરા તેરા ના હિ માનો**
**તરણ તારણ એસા, બિરૂદ ધાર કયું લીયા ॥ ૩ ॥**
**તુંહી એક અંતરજામી, સુનો શ્રી સુપાર્શ્વસ્વામી**
**અબ તો આશાપુરો મેરી કહેના સો તો કે દીયા ॥ ૫ ॥**

વીસમી સદીના સુપ્રસિદ્ધ કવિ લબ્ધિસૂરિની ગઝલના ઉદાહરણ નીચે મુજબ છે :

**ભરોસે શું રહ્યો ભૂલી પલકમાં પ્રાણ જાવાના**
**જુઓ છો અન્યના એવા, નક્કી નિજ હાલ થાવાના ॥ ૧ ॥**
**સમય વીતી જાય ત્યારે પહેલાં, સમજુ થાવાના**

માણસ ચેતીને ચાલે તેવો ભાવ આ ગઝલમાં રહેલો છે.

**તમારું શું તમે લેખો કરી ઝીણી નજરે દેખો.**
**ધનાધન ધામને કામે, નથી નિશ્ચય ધરાવાના ॥ ૪ ॥**
**સદા સતસંગને સાધો, વિચારો વેદને વાંધો,**
**ઉપાયો આદરો અંતે મહાસુખને જમાવાના ॥ ૮ ॥**

કર્મની વિચિત્રતા દર્શાવતી ૭ કડીની ગઝલમાં મનુષ્ય જીવનની અનેરી કલ્પનાઓ નિષ્ફળ નિવડે છે, તે દર્શાવ્યું છે. સદાચારી સંતોની કસોટી થાય છે. માનવી નિરર્થક અભિમાની બનીને ફરે છે. અંતે પ્રભુના શરણે સમર્પણ થઇને ભવોભવના ઉદ્ધારની ભાવના વ્યક્ત થયેલી છે.

અરે કિસ્મત તું ઘેલું રડાવે તું હસાવે તું
ઘડી ફંદે ફસાવીને સતાવે તું રીબાવે તું ॥ ૧ ॥
રહી મશગુલ અભિમાને, સદા મોટાઇ મન ધરતા
નિડરને પણ ડરાવે તું ન ધાર્યું કોઇનું થાતું.
સદાચારી જ સંતોને ફસાવે તું, રડાવે તું ॥ ૪ ॥
કરે ધાર્યું અરે તારું, બધી આલમ ફના કરતું ॥ ૬ ॥
અરે આ નાવ જિંદગીનું, ધર્યું છે હાથ મેં તારે
ડુબાવે તું ઉગારે તું, કરે જે દિલ ચાહે તું ॥ ૭ ॥

શ્રી લબ્ધિસૂરીશ્વરજીના ગઝલની બીજી પણ વિશેષતા એ છે કે એમણે શ્રી ચંદ્રપ્રભુ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીના સ્તવનની રચના ગઝલ સ્વરુપે સંસ્કૃત ભાષામાં કરી છે.

'જિનં ચન્દ્ર પ્રભં વંદે નિકૃતકર્માવલીકન્દમ્
કલંકહીન જ્ઞાન જ્યોત્સ્નાભિ, નિરસ્તપૂર્ણિમાચન્દ્રમ્
સેવેહં સજ્જનાનન્દિ, જગજ્જલ મજ્જાનાદભીત :
વામાયા નન્દનં ભુજગં : ઈન્દ્રપદના યતો નીત।

ગઝલ પ્રકારની રચનાઓના ઉદાહરણ પરથી એમ જાણવા મળે છે કે જ્યારે સાંપ્રદાયિક રચનાઓ મોટા પ્રમાણમાં થતી હતી ત્યારે જૈન કવિઓએ સાંપ્રત પરિસ્થિતિ સાથે એકરૂપ બનીને ગઝલની રચનાઓ કરી છે. આ રીતે જૈન કવિઓની ગઝલ રચનાઓ એમની વિવિધતાનો પરિચય કરાવે છે. જૈન સાહિત્યમાં વિશેષ ગઝલો ઉપલબ્ધ થાય તેમ છે. આ અંગે સંશોધન કરવામાં આવે તો અન્ય કાવ્ય પ્રકારોની માફક ગઝલ કાવ્ય પ્રકારની સમૃદ્ધિ પર પણ વધુ પ્રકાશ પડી શકે તેમ છે.

♦ ♦ ♦

# કન્ફ્યૂશિયસની નીતિધર્મની વિચારણા

□ રમણલાલ ચી. શાહ

કન્ફ્યૂશિયસનો ધર્મ મુખ્યત્વે નીતિપ્રધાન છે. સદાચારને એમાં ઘણું મહત્ત્વ અપાયું છે. એમાં અધ્યાત્મની-આત્મા, પરમાત્મા, જગત, મોક્ષ વગેરેની વિચારણા એકંદરે નથી. એમાં ધર્મગુરુઓ કે ધાર્મિક વિધિ-વિધાનો કે ક્રિયાકાંડોની વાત બહુ નથી. કન્ફ્યૂશિયસની ધર્મ વિચારણા રોજિંદા વ્યવહારુ જીવન માટે ઉપયોગી છે. પરંતુ જીવનના ઉચ્ચત્તર આધ્યાત્મિક આદર્શ તરફ એ લઇ જતી નથી.

કન્ફ્યૂશિયસે પોતાના સમયમાં ચીનની જે રાજકીય અને સામાજિક પરિસ્થિતિ હતી તેને લક્ષમાં રાખીને સદાચારના નિયમો ઘડ્યા હતા. એથી વર્તમાન જગતની કેટલીયે એવી બાબતો છે કે જે વિશે એમાં નિયમો જોવા મળશે નહિ. વેપારમાં નફાખોરી, દાણચોરી, લોક-પ્રતિનિધિત્વ, ચૂંટણી, લોકશાહી સરકાર વગેરે કેટલાયે વિષયોની વિચારણા એમાં નથી, કારણ કે એ વિષયો ત્યારે ત્યાં ચીનમાં કે દુનિયાના મોટા ભાગના દેશોમાં અસ્તિત્વમાં નહોતા.

કન્ફ્યૂશિયસ પોતે આદર્શ નાગરિક જેવા હતા. તેમણે સમાજસુધારક તરીકે લોકકલ્યાણનાં ઘણાં મોટાં કાર્યો કર્યાં. તેમણે લોકોના જીવનમાં પ્રામાણિકતા, નીતિમત્તા, કર્તવ્યપરાયણતા, માતા-પિતા પ્રત્યે ભક્તિ અને સેવાપરાયણતા તથા રાજ્ય પ્રત્યે વફાદારી વગેરે ભાવનાઓનો ઉપદેશ આપ્યો હતો.

કન્ફ્યૂશિયસના નીતિધર્મમાં સમાજ કેન્દ્રસ્થાને છે. એટલે સમાજનો ઉદ્ધાર એ એનું મુખ્ય ધ્યેય છે.

કન્ફ્યૂશિયસને ધર્મસંસ્થાપક કહેવા કરતાં સમાજ સુધારક તરીકે કહેવાનું વધારે યોગ્ય મનાય છે. કન્ફ્યૂશિયસના યુવાનીના વખતમાં ચીની પ્રજા અવનતિ તરફ ઘસડાઇ રહી હતી. રાજકીય અંધાધુંધી વધી રહી હતી. એ વખતે પોતાના ઉપદેશ દ્વારા કન્ફ્યૂશિયસે પ્રજાને પોતાના કર્તવ્યનું ભાન કરાવ્યું હતું અને પ્રજાજીવનમાં સ્થિરતા લાવવાનો અથાગ પ્રયાસ કર્યો હતો. કન્ફ્યૂશિસસે અધ્યાપન કાર્ય દ્વારા, જાહેર પ્રવચનો દ્વારા અને પ્રાચીન ગ્રંથોના સંકલન દ્વારા ચીની પ્રજાને ધર્મબોધ આપ્યો હતો. કન્ફ્યૂશિયસે કહ્યું હતું કે 'હું કશું નવું કહેતો નથી, પરંતુ પરંપરા દ્વારા જે જ્ઞાન આપણી પાસે પહોંચ્યું છે તે હું વ્યવસ્થિત કરીને લોકો સમક્ષ મૂકું છું.'

કન્ફ્યૂશિયસે જીવનભર લોકોને બોધ આપવાનું કાર્ય નિષ્ઠાપૂર્વ કર્યું હતું, તો પણ એથી એમને સંતોષ થયો નહોતો, કારણ કે ચીનના અત્યંત વિશાળ પ્રદેશમાં રાજાઓની ચડતી પડતી થયા કરતી હતી. આથી જ કન્ફ્યૂશિયસે કહ્યું હતું. 'જો મને અભ્યાસ કરવા માટે હજુ પચાસ વર્ષ વધારે મળે તો હું મારા પોતાનામાં અને લોકોમાં ઘણાં સુધારા કરી શકું.'

કન્ફ્યૂશિયસે કોઇ નવો ધર્મ પ્રવર્તાવ્યો નથી. પરંતુ પોતાના પુરોગામી મહાત્માઓએ જે ઉપદેશવચનો કહ્યાં હતાં અને જે લોકોમાં પરંપરાથી પ્રચલિત હતાં તેને સંકલિત કરીને નવું સ્વરૂપ આપ્યું હતું. આ નવું સ્વરૂપ આપવામાં જ કન્ફ્યૂશિયસનું ઘણું મોટું યોગદાન રહ્યું છે. કન્ફ્યૂશિયસ પોતે એક મેધાવી પુરુષ હતા. સંત પ્રકૃતિના તેઓ હતા. તેઓ રાષ્ટ્રહિતચિંતક હતા. એથી પરાપૂર્વથી ચાલ્યો આવતો ઉપદેશ એમના મુખેથી નવોન્મેષ પામીને અવતર્યો હતો.

કન્ફ્યૂશિયસે જે કાંઇ કહ્યું તે ચીનની પ્રજાને અને ત્યારની રાજ્ય પદ્ધતિને તથા સામાજિક પરિસ્થિતિને માટે ઉપયોગી હતું જ, પરંતુ એકંદરે તો તે ઉપદેશ સમગ્ર માનવજાત માટે ઉપયોગી છે.

કન્ફ્યૂશિયસની દષ્ટિએ ચીનમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે જે અસ્થિરતા ઊભી થઇ હતી તેના સંદર્ભમાં ત્રણ પ્રશ્નોનું નિરાકરણ મહત્ત્વનું હતું.

(૧) ચીનની સર્વોપરી સત્તાનું મૂળ શું ?

(૨) ચીનનાં નાનાં મોટાં રાજ્યોની રાજકીય સત્તાની કાયદેસરતા કેટલી ?

(૩) ચીનની પ્રજામાં વધતી જતી ગેરશિસ્ત તથા ભ્રષ્ટાચારનો ઉપાય શો ?

કન્ફ્યૂશિયસે અધ્યયન-ચિંતન કરીને આ પ્રશ્નોના ઉત્તરો એવા આપ્યા હતા કે :

(૧) ચીનની સર્વોપરી સત્તાનું મૂળ ઈશ્વરના શાસનમાં રહેલું છે.

(૨) સમ્રાટ ચાઓ સમસ્ત ચીનના રાજકીય ક્ષેત્રે સર્વોપરી છે અને તેઓ નક્કી કરે તે પ્રમાણે ખંડિયા રાજ્યોની સત્તા હોવી ઘટે.

(૩) સામાજિક ક્ષેત્રે વધતી જતી ગેરશિસ્ત અને ભ્રષ્ટાચાર માટે રાજાએ દિવંગત પિતૃઓ અને માતાપિતા પ્રત્યે પૂજ્યભાવ પ્રગટાવવો ઘટે અને તે માટે કેળવણીનો પ્રબંધ કરવો ઘટે.

કન્ફ્યૂશિયસે જે ઉપદેશ આપ્યો તે મુખ્યત્વે ચાર વિષયમાં વહેંચાયેલો હતો. આ ચાર વિષયો તે કુદરતી ક્રમાનુસાર કુટુંબધર્મ,

સમાજધર્મ, રાજ્યધર્મ અને માનવધર્મ છે. આ ઉપદેશના ચાર મુખ્ય વિભાગ હતા.

(૧) દેવોની એટલે પરમ તત્ત્વની તથા પિતૃઓની ઉપાસના કરવી તથા માતાપિતા પ્રત્યે પૂજ્યભાવ રાખવો અને તેમની આજ્ઞાનું પાલન કરવું.

(૨) હંમેશાં મધ્યમ માર્ગ અનુસરવો. ક્યાંય અતિશયોક્તિ દાખવવી નહિ.

(૩) જે પોતાનું છે તેવું પારકું સમજવું.

(૪) કહેવા કરતાં વર્તનમાં ઉતારી બતાવવું તે વધુ સારું છે.

ચીનની પ્રજામાં દિવંગત પિતૃઓ તરફ ઘણો પૂજ્યભાવ છે અને એમની પૂજા માટે વિધિવિધાનોનું સાહિત્ય પણ છે. આ ઉપરાંત દૈવી તત્ત્વોમાં પણ તેમને ઘણી શ્રદ્ધા છે. તેઓ માને છે કે સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, પૃથ્વી, પાણી, વાયુ વગેરેમાં દૈવી તત્ત્વો રહેલાં છે અને તે કોપે ન ભરાય અને પ્રસન્ન રહે તે માટે પણ વિધિવિધાનો છે. તેમની આરાધના માટેની ભાવના અને પૂજાવિધિ માટે ચીની ભાષામાં 'ફેંગ-શૂઈ' શબ્દ પ્રયોજવામાં આવે છે. દિવંગત પિતૃઓની પૂજા કરવાથી અને માતાપિતાની આજ્ઞાનું પાલન કરવાથી માણસ વધુ સુખી થાય છે. આવો મહિમા કન્ફયૂશિયસના નીતિધર્મમાં સવિશેષ સમજાવવામાં આવ્યો છે.

કન્ફયૂશિયસ માને છે કે કુટુંબ એ સમાજની ઇમારત છે. કુટુંબ સારું હોય તો જ સમાજ સારો થઇ શકે. કુટુંબમાં જ સદગુણો ઉત્પન્ન થાય છે અને પોષાય છે. કુટુંબ સારું હોવા માટે પિતા પ્રત્યે પુત્રની ભક્તિ હોવી જોઇએ. વૃદ્ધ માતા પિતાનાં ભરણપોષણની જવાબદારી દીકરાઓએ ઉપાડી લેવી જોઇએ. માતાપિતા પ્રત્યે પ્રેમભક્તિ, શ્રદ્ધા, સેવા ચાકરી વગેરેની ભાવના હોવી જોઇએ એટલું જ નહિ એમના અવસાન પછી શ્રાદ્ધવિધિ પણ ભાવથી કરતા રહેવું જોઇએ.

કન્ફયૂશિયસના સમયમાં રાજાના, માતાપિતાના, વડીલો કે ગુરુજનોના અવસાન પછી ત્રણ વર્ષ સુધી શોક પાળવાની પ્રથા જૂની પરંપરા પ્રમાણે ચાલી આવતી હતી. ત્રણ વર્ષ સુધી શોક પાળનારા મિષ્ટાન્ન કે સ્વાદિષ્ટ ભોજન ન લે. સરસ નવાં સુશોભિત વસ્ત્ર કે અલંકારો ધારણ ન કરે અને કર્ણપ્રિય સંગીત ન સાંભળે. તેઓ ગંભીર રહે અને ચિંતનમાં મગ્ન રહે. એ વખતે કેટલાંકની એવી દલીલ હતી કે શોક માત્ર એક વર્ષ માટે જ પાળવામાં આવે તે બરાબર છે. ત્રણ વર્ષ માટે નહિ, કારણ કે ત્રણ વર્ષ એ ઘણો લાંબો ગાળો છે. ત્રણ વર્ષને કારણે જીવનવ્યવહાર સ્થગિત થઇ જાય છે. કેટલાક શિષ્ટાચારના વ્યવહારુ પ્રસંગોમાં ઉપસ્થિત રહી શકાતું નથી. તદુપરાંત સંગીતની વિદ્યાવાળાને સંગીતનો મહાવરો છૂટી જાય છે. વળી ઋતુચક્ર એક વર્ષનું હોય છે. દર વર્ષે અનાજ નવું આવે છે. જંગલમાંથી લાકડાં નવાં આવે છે. બીજી ઘણી રીતે એક વર્ષની મર્યાદા જ યોગ્ય છે. ત્રણ વર્ષમાં ફરી પાછું કોઇનું અવસાન થયું તો માણસને સતત છ કે નવ વર્ષ શોકમાં વીતાવવાં પડે જે એના જીવનને હણી નાખે. એને માટે એ સજારૂપ બની જાય છે. એ રીતે શોક પ્રદર્શિત કરવામાં પછીથી ભાવ નથી રહેતો. પરંતુ કન્ફયૂશિયસ એ મતના હતાં કે શોક તો ત્રણ વર્ષ માટે પાળવો જોઇએ. તેમાં પણ માતાપિતાનો તો ખાસ પાળવો જોઇએ, કારણ કે બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી એ માતાપિતાની સોડમાં રહે છે. અને સોડમાં સૂઇ જાય છે. માતાપિતાનું એ ત્રણ વર્ષનું ઋણ ચૂકવવા માટે પણ ત્રણ વર્ષ સુધી શોક પાળવો જરૂરી છે.

ચીનમાં પ્રાચીન વખતમાં આ પ્રકારનો શોક પાળવા માટેની પ્રથા ઘણી રૂઢ બની ગઇ હતી. ક્યારેક તો દેખાદેખીથી અને ક્યારેક પ્રદર્શનના આશયથી શોક પળાતો હતો. વખત જતાં એ પ્રથા ઘટીને એક વર્ષની કે તેથી પણ ઓછા સમયની થઇ ગઇ હતી.

કન્ફયૂશિયસ ચમત્કારોમાં નહોતા માનતા, પંરતુ અદૃષ્ટ દૈવી શક્તિમાં માનતા હતા. કોઇક એવી શક્તિ છે કે જે કેટલીક વસ્તુ થવા દે છે અને કેટલીક વસ્તુ નથી થવા દેતી. એ શક્તિ માટે ચીની શબ્દ છે. 'મિંગ'. કન્ફયૂશિયસ કહેતા કે જગતમાં મારા સિદ્ધાંતો પ્રસરાવાના હશે તો તે મિંગને આભારી છે અને જો નહિ પ્રસરવાના હોય તો તે પણ મિંગને લીધે જ હશે ! પુરુષાર્થ કરવા છતાં ધારેલું પરિણામ ન આવે અથવા વિપરીત પરિણામ આવે તો તેનો અર્થ એ થયો કે કોઇક એવી શક્તિ છે જે આ બધાંની નિયામક છે.

મધ્યમ માર્ગને ચીની ભાષામાં 'ચુંગ યુંગ' (chung yung) કહેવામાં આવે છે. 'ચુંગ'નો અર્થ થાય છે કેન્દ્રવર્તી. 'યુંગ'નોઅર્થ થાય છે કાયમ માટેનું. 'ચુંગ યુંગ' એટલે જીવનના કેન્દ્રમાં જે કાયમ માટે રહે તે મધ્યમ માર્ગ.

કન્ફયૂશિયસે કહ્યું છે: 'જરૂર કરતાં વધુ પડતાં આગળ વધી જવું એ જરૂર કરતાં ઓછા આગળ વધવા જેટલું જ ખરાબ છે.' એટલા માટે જ કન્ફયૂશિયસે કહ્યું છે કે આનંદપ્રમોદમાં પણ મર્યાદા રાખવી જોઇએ. અભિમાનને વધવા દેવું ન જોઇએ. તૃષ્ણાઓને સંતોષવામાં અતિરેક ન કરવો જોઇએ.

કન્ફયૂશિયસ કહે છે કે મનુષ્યના પાંચ પ્રકારના સંબંધો વધુ ઘનિષ્ઠ હોય છે અને તે સંબોધોમાં એણે પોતાના કર્તવ્યનું બરાબર પાલન કરવું જોઇએ. એ સંબંધો નીચે પ્રમાણે છે:

(૧) રાજા અને પ્રજાનો સંબંધ

(૨) પિતા અને પુત્રનો સંબંધ

(૩) પતિ અને પત્નીનો સંબંધ

(૪) મોટાભાઈ અને નાનાભાઇનો સંબંધ

(૫) મિત્ર અને મિત્ર વચ્ચેનો સંબંધ

આ સંબંધો ગાઢ છે અને સહેલાઈથી દૂર કરી શકાય એવા નથી. આ સંબંધો અને એના કાર્યક્ષેત્રની અવગણના કે અસ્વીકાર કરીને અન્ય પ્રકારના સંબંધો અને કાર્યક્ષેત્રને શોધવાના પ્રયત્નો કરવા તે યોગ્ય નથી. એવું કરે તે પ્રાજ્ઞ પુરુષ ન કહેવાય.

આ પાંચ સંબધો સારા હોય તો સમાજ સુદૃઢ બની શકે. કન્ફયૂશિયસે કહ્યું છે કે કોઇ કામ કરો ત્યારે તમે એકલા નથી હોતા. તમે સમાજના અંગ છો. તમે જે કંઇ કરો એની બીજા ઉપર અસર પડે જ . એટલા માટે આ પાંચ સંબંધો નીચે પ્રમાણે હોવા ઘટે.

(૧) રાજા પરોપકારી હોવો જોઇએ અને પ્રજા વફાદાર હોવી જોઇએ.

(૨) પિતા પ્રેમાળ હોવા જોઇએ અને પુત્ર પિતૃભક્તિવાળો હોવો જોઇએ.

(૩) પતિ ભલો અને સંસ્કારી હોવો જોઇએ અને પત્ની સુશીલ અને કહ્યાગરી હોવી જોઇએ.

(૪) મોટો ભાઇ વિનમ્ર હોવો જોઇએ અને નાનો ભાઇ આદરભાવવાળો હોવો જોઇએ.

(૫) મોટો મિત્ર નાના મિત્રનું ધ્યાન રાખવાવાળો હોવો જોઇએ. અને નાનો મિત્ર અદબવાળો હોવો જોઇએ.

કન્ફયૂશિયસ નીતિશાસ્ત્ર માટે પાંચ મહત્ત્વનાં લક્ષણો અને વિષયો દર્શાવે છે. તેઓ એ માટે મુખ્ય ચાવી રૂપ નીચેના પાંચ શબ્દો આપે છે કે જેમાં ઉપદેશનો સાર આવી જાય છે. એ શબ્દો એમની ચીની ભાષાના છે.

(૧) જેન-યિ (Jen-Yi)=માનવપ્રેમ, પરોપકાર અને કર્તવ્યપાલન.

(૨) ચુંગ-શુ (Chung-Shu)=દયા-કરુણા, નૈતિક દૃષ્ટિ, બીજાના હિતનો વિચાર.

(૩) લિ (Li)=સત્કર્મો, વિધિ વિધાન અને તેનું ઔચિત્ય.

(૪) વેન (Wen)-સર્જનાત્મક કલાઓ

(૫) તે (Te)=શક્તિ તથા સત્તા

**જેન-યિ :** 'જેન'નો અર્થ થાય છે માનવ પ્રેમ અને 'યિ'નો અર્થ થાય છે કર્તવ્યપાલન. માણસના સદગુણોમાં કન્ફયૂશિયસ માનવપ્રેમ ઉપર વધુ ભાર મૂકે છે. તેઓ કહે છે કે 'જે માણસ બીજાને ચાહે છે તે સમાજમાં પોતાની ફરજો બજાવવા માટે સમર્થ બને છે.'

માનવ પ્રેમ એ સહજ સ્ફુરે એવી ભાવના છે. તેમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચે ભેદ રહેતોનથી. જ્યાં ભેદભાવ છે. ત્યાં સાચો માનવપ્રેમ સંભવી ન શકે. કન્ફયૂશિયસ કહે છે કે 'જે પોતાની માનવપ્રેમની ભાવનાને અનુસરે છે તે પોતાનો વિકાસ સાધે છે અને બીજાનો વિકાસ પણ સાધે છે. જ્યાં માનવપ્રેમ છે ત્યાં અહંકારનું વિસર્જન થાય છે.'

'યિ' એટલે કર્તવ્યપાલન અથવા ધર્માચારણ. એનું પ્રેરક તત્ત્વ છે માનવપ્રેમ.

**ચુંગ-શુ :** 'ચુંગ' એટલે પોતાની જાત પ્રત્યે વફાદાર રહેવું. 'શુ' એટલે જગતને સમજવાનો સહાનુભૂતિપૂર્વક પ્રયત્ન કરવો.

દરેક માણસમાં પોતાનો એક સૂક્ષ્મ માપદંડ હોય છે. એટલે માપદંડ માટે માણસે બહાર જવાની જરૂર નથી. એના માટે કુહાડીનું દૃષ્ટાંત આપવામાં આવે છે. સુથાર કુહાડીનો દાંડો બનાવવા ઇચ્છે છે. તે વખતે તે બીજી કુહાડીનો દાંડો હાથમાં લઇ અને જોઇને તે પ્રમાણે દાંડો કરી લે છે. એ માટે તે બહાર ભટકવા જતો નથી.

એક શિષ્યે કન્ફયૂશિયસને પૂછ્યું, 'જેન'નો અર્થ શો ? કન્ફયૂશિયસે કહ્યું, જે વર્તન તમારા પ્રત્યે કોઇ કરે તો તમે ઇચ્છતા નથી એવું વર્તન તમારે બીજા પ્રત્યે ન કરવું જોઇએ.

એક શિષ્યે તો એટલી હદ સુધી કહ્યું છે કે, આપણા ગુરુદેવનું બધું જ શિક્ષણ એ બે શબ્દમાં સમાઇ જાય છે. ચુંગ શું એમાં ચુંગ હકારાત્મક દૃષ્ટિકોણ છે અને શુ નિષેધાત્મક દૃષ્ટિકોણ છે.

**લિ :** લિ એટલે ઔચિત્ય. લિનો બીજો અર્થ થાય છે કર્મકાંડ, વિધિ વિધાન. દરેક વસ્તુનો પૂરેપૂરો વિચાર કરીને બોલવું કે વર્તવું તે ઔચિત્ય. લિનો બરાબર અર્થ સમજવા માટે પાંચ વસ્તુઓ મહત્ત્વની છે. (૧) નામ પ્રમાણે ગુણ (૨) મધ્યમ માર્ગ (૩) પાંચ મૂળભૂત સંબંધો (૪) કુટુંબ અને (૫) વૃદ્ધાવસ્થા તથા પ્રાચીનતા.

**વેન :** વેન એટલે સર્જનાત્મક કલાઓ. કવિતા, સંગીત, નાટક, નૃત્ય, ચિત્રકલા, શિલ્પ ઇત્યાદિ સર્જનાત્મક કલાઓ છે. યુદ્ધકલા એ વેન નથી. વેનથી સમાજ સંસ્કારી બને છે, લોકોમાં સભ્યતા વધે છે.

**તે :** તે એટલે શક્તિ, બળ, સત્તા, અંકુશ, દમન. કન્ફયૂશિયસ કહેતા કે 'રાજ્યનો વહીવટ સત્તાથી, દમનથી, ધાકથી ચલાવવાથી જેટલું પરિણામ આવે છે તેથી વધારે સારું પરિણામ સત્તાધીશોની નૈતિકતાથી, ચારિત્રશીલતાથી આવે છે, કારણ કે નેતાઓના સારા ચારિત્ર્યની અસર લોકજીવન ઉપર પડ્યા વગર રહેતી નથી.

નામ પ્રમાણે ગુણ ઉપર કન્ફયૂશિયસ ઘણો ભાર મૂકતા હતા. એમણે કહ્યું છે કે 'જો નામ બરાબર ન હોય તો વસ્તુના વાસ્તવિક સ્વરૂપ સાથે એનો મેળ બેસતો નથી. ભાષા જો અનુરૂપ ન હોય તો વ્યવહાર બરાબર ચાલી ન શકે.'

કન્ફયૂશિયસની આ માન્યતા એટલી બધી દઢ હતી કે કોઇકે એમને પૂછ્યું કે 'તમારા હાથમાં રાજ્ય શાસન ચલાવવાનું આવે તો સૌથી પહેલી વસ્તુ તમે કઇ કરો ?'

કન્ફયૂશિયસે કહ્યું, 'હું પ્રથમ નામ પ્રમાણે ગુણ હોય, તે માટે પ્રયત્નો કરું.' બીજે એક પ્રસંગે એમણે કહ્યું હતું કે 'રાજાને રાજા થવા દો, મંત્રીને મંત્રી થવા દો, પિતાને પિતા થવા દો અને પુત્રને પુત્ર થવા દો. એનો અર્થ એ થયો કે દરેકમાં નામ પ્રમાણે ગુણ હોવા જોઇએ.'

તમે જે કંઇ કરો તે પ્રામાણિકતાથી, ન્યાયબુદ્ધિથી અને સાચા દિલથી કરશો તો જંગલી લોકોના દેશમાં પણ તમે સફળ થઇ શકશો. તમે પ્રામાણિકતા વિના, અન્યાયપૂર્વક અને દિલ વગર કાર્ય કરશો તો તમારા પોતાના દેશમાં પણ સફળ નહિ થઇ શકો. (આ સિદ્ધાંત દિવસ રાત તમારી નજર સમક્ષ રહે અને વંચાયા કરે એવી રીતે રાખો.)

કન્ફયૂશિયસના શિષ્ય ત્ઝૂ ચંગે ઉપરનાં આ ઉપદેશવચનો પોતાના દુપટ્ટા ઉપર લખાવ્યાં હતાં.

નૈતિક ગુણસંપત્તિ માટે મુખ્ય પાંચ ગુણ મહત્ત્વના છે :

(૧) આત્મ ગૌરવ-તમે બીજાના ઉત્તમ ગુણોનું ગૌરવ કરશો તો તે પણ તમારા ગુણોનું ગૌરવ કરશે.

(૨) ઉદારતા-તમે ઉદારતા દાખવો તો બીજાનાં હૃદય જીતી શકો.

(૩) સચ્ચાઇ-તમે સચ્ચાઇ રાખશો તો બીજા તમારા ઉપર વિશ્વાસ મૂકશે.

(૪) એકનિષ્ઠા-તમે જીવનમાં એકનિષ્ઠ બનશો તો મહત્ત્વનાં કાર્યો કરી શકશો.

(૫) લોકકલ્યાણ-તમે લોકકલ્યાણની ભાવના સાચા દિલથી રાખશો તો બીજાઓ પણ તમારી ભાવનાને અનુસરશે.

ગરીબ હોવા છતાં જે લાચારી નથી અનુભવતો તથા શ્રીમંત હોવા છતાં જે અભિમાન નથી કરતો તેવો માણસ જરૂર સારો કહેવાય, પરંતુ ગરીબ હોવા છતાં જે સ્વસ્થ અને પ્રસન્ન રહેતો હોય અને શ્રીમંત હોવા છતાં જે સંયમી, સદાચારી અને પ્રભુભક્તિવાળો હોય તેવો માણસ એથી પણ વધુ સારો ગણાય.

જ્ઞાનના આધારે માણસના અનુક્રમે ચાર પ્રકાર પાડી શકાય : (૧) પોતાની કોઠાસૂઝથી જ માણસ ઘણું સમજી શકે, (૨) સતત અભ્યાસ પછી જે સમજી શકે, (૩) ઘણો પ્રયત્ન કર્યા પછી જે થોડું ઘણું સમજી શકે અને (૪) સમજવા માટે જેમને પ્રયત્ન કરવાનું બિલકુલ મન ન થાય.

છ મોટા સદગુણોની સાથે, માણસ જો જાગૃત ન રહે તો એના અશુભ પડછાયા આવ્યા વગર રહેતા નથી. એ છ સદગુણો અને તેના પડછાયા આ પ્રમાણે છે : (૧) ભલાઇ સાથે મૂર્ખતા (૨) જ્ઞાન સાથે અભિમાન (૩) સત્ય સાથે જડતા (૪) નિખાલસતા સાથે અસભ્યતા (૫) વીરતા સાથે ઝઘડાખોરપણું અને (૬) દઢતા સાથે હઠાગ્રહ.

♦ ♦ ♦


## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાનાં રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી શ્રી પરમાણંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, રસધારા કૉ-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪, (ફોન : ૩૮૨૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ ના સમયે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૮ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિના મૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

જયાબહેન વીરા
સંયોજક

નિરુબહેન એસ. શાહ
જયવદન આર. મુખત્યાર
માનદ્ મંત્રીઓ

# સાંપ્રત સહચિંતન-ભાગ-૭

□ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

ઇ. સ. ૧૯૮૭ના ફેબ્રુઆરીમાં, એકવાર જામનગરના પીઢ રાજકીય નેતા અને વયોવૃદ્ધ સમાજસેવક શ્રી કે. પી. શાહ, મુંબઇમાં 'સાંપ્રત સહચિંતન' શ્રેણીના લેખક પ્રો. રમણલાલ ચી. શાહને મળવા અને અભિનંદન આપવા ગયા. એમના જ શબ્દોમાં: 'હું ખાસ તો આવ્યો છું તમને અભિનંદન આપવા માટે. હું તમારું 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચું છું. તમારા લેખોમાં વિષયની છણાવટ હોય છે. તેમાં જૈન ધર્મ વિષે પણ નવા નવા વિષયોની સારી છણાવટ હોય છે. તમે જૈન ધર્મ વિષે પણ નવા નવા વિષયો પસંદ કરી તેના પર ઊંડાણથી જે લખો છો તેવું કોઇ જૈન સામયિકોમાં જોવા મળતું નથી. 'હું તો ખાસ તમને અભિનંદન આપવા એટલા માટે આવ્યું છું કે ચીમનલાલ ચકુભાઇના અવસાન વખતે મેં ધાર્યું હતું કે હવે 'પ્રબુદ્ધ જીવન' બંધ થઇ જશે. ગંભીર ચિંતનાત્મક વિષયો ઉપર લખવું એ સહેલી વાત નથી. કદાચ થોડા વખત કોઇ ચલાવે પણ ખરું, પણ માનદ સેવા તરીકે આટલાં વર્ષથી તમે નિયમિત 'પ્રબુદ્ધ જીવન' ચલાવતા રહ્યા છો એથી મને આનંદ થાય છે.'

ઇ. સ. ૧૯૯૨માં ૮૬ વર્ષની વયે શ્રી કે. પી. શાહનું અવસાન થતાં ડૉ. રમણલાલ ચી. શાહે 'પ્રબુદ્ધ જીવન'માં જે લાંબી અવસાન નોંધ લખેલી તે 'સાંપ્રત સહચિંતન ભાગ-૭માં સ્વતંત્ર લેખ રૂપે પ્રગટ થઇ છે. સ્વ. કે. પી. શાહે જે મુદ્દા પરત્વે ડૉ. શાહને અભિનંદન આપ્યા છે એ સર્વથા યથાર્થ છે ને એમાં અનેકનું સમર્થન પણ છે. 'સાંપ્રત સહચિંતન'નો ભાગ સાતમો એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

परिग्गह निविट्ठाणं वेरं तेसि पवड्ढइ । અને શ્રી યશોવિજયજી કૃત 'ઉપદેશરહસ્ય'... આ બે લેખ તો જૈન ધર્મ વિષયક છે જ પણ 'સાંપ્રત સહચિંતન-ભાગ ૭ના અન્ય કેટલાક લેખો જેવા કે 'બાળમજૂરોની સમસ્યા' 'પોલીસ અને ન્યાયતંત્ર' અને 'ભારતમાં કતલખાના' જેવા લેખોમાં પણ દયા, કરુણા અને અહિંસા જેવા જૈન ધર્મે પ્રધાનપણે ઉપદેશેલ-પ્રબોધેલ ગુણસંપદાનું પરોક્ષ વિવેચન-સમર્થન છે.

પંચ મહાવ્રતોમાં ભગવાન મહાવીરે અપરિગ્રહને મહાવ્રત તરીકે ગણાવ્યું છે કે જે સાધુ-ભગવંતો માટે તો અનિવાર્ય છે જ. પણ ગૃહસ્થોએ પણ 'પરિગ્રહ-પરિમાણ'ના અણુવ્રતનું પાલન કરવાનું યોગ્ય અને આવશ્યક છે. જૈન ધર્મનું માનવજાતિને આ મોટામાં મોટું પ્રદાન છે. કેમ જે બધા જ અનર્થોનું મૂળ અર્થ છે ને લોભ ને કારણે અર્થ-પરિગ્રહની બાબતમાં માનવજાતિનો મોટો ભાગ લાચાર ને અસમર્થ છે. સોવાળો હજાર, હજારવાળો લાખ, લાખવાળો કરોડ અને અબજોની કામના સેવે છે, ને સર્વનો અંત છે, પણ તૃષ્ણા જ અનંત છે. કામ, ક્રોધ, મોહ, મત્સરથી પણ લોભવૃત્તિ વધુ પ્રબળ હોય છે. એટલે પરિગ્રહ-પાલનમાં વિશેષ તપત્યાગ, તિતિક્ષા ને અતંદ્ર જાગૃતિની આવશ્યકતા પણ રહે છે. परिग्गह निविट्ठाणं वेरं तेसि पवड्ढइ । મતલબ કે 'જે પોતાનો પરિગ્રહ વધારનાર (વિચારપૂર્વક કે, વગર વિચાર્યે) બીજાઓ સાથે જાણતાં કે અજાણતાં કેવી રીતે વૈરવૃત્તિ કરે છે તેની દષ્ટિપૂર્વકની સૂક્ષ્મ ચર્ચા-વિચારણા આ લેખમાં છે. ભૌતિક, ધાર્મિક, આધ્યાત્મિક, પરિગ્રહની વાત કર્યા બાદ અંતે તેઓ લખે છે : 'શાસ્ત્રકારોએ વસ્તુ પ્રત્યેની આસક્તિને-મૂર્ચ્છાને પણ પરિગ્રહ તરીકે ઓળખાવી છે, એટલે માણસે સ્થૂળ પરિગ્રહ ન વધારવો જોઇએ એટલું જ નહિ પણ પરિગ્રહ વધારવાની ઇચ્છા પણ ન સેવવી જોઇએ. અલ્પતમ પરિગ્રહ પોતાની પાસે હોય. પરંતુ તેના ઉપ ભોગમાં અતિશય રસ પડતો હોય તો તે પણ વર્જ્ય ગણવામાં આવ્યો છે. સૂક્ષ્મ દષ્ટિએ વિચારીએ તો પરિગ્રહ એટલે પુદ્ગલાસ્તિકાય. પુદ્ગલનું ચૈતન્ય સાથેનું વેર તો અનાદિકાળથી ચાલ્યું આવે છે. પુદ્ગલ ચેતનનો પીછો જલદી છોડે એમ નથી. જે જીવ પરિગ્રહમાં, પુદગલમાં આસક્તિ રાખે છે તે પોતે પોતાના પ્રત્યે જ વેર બાંધે છે. પરિગ્રહનો ત્યાગ એટલે પુદગલનો ત્યાગ. જીવનનો એટલે કે ચેતનનો ઉચ્ચત્તમ આદર્શ એ જ હોવો ઘટે. પૂ. મહાત્મા ગાંધીએ તો માનવજાતિની સેવા કાજે પણ અપરિગ્રહ વ્રતની ભારપૂર્વક હિમાયત કરેલી.

વિક્રમના સત્તરમાં, અઢારમાં શતકમાં થઇ થયેલા, સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતીના પ્રકાંડ વિદ્વાન, 'ઉપાધ્યાયજી મહારાજ'ના પર્યાયરૂપને જેમને 'લઘુ હરિભદ્રસૂરિ'નું બિરુદ પ્રાપ્ત થયેલ છે એવા શ્રી યશોવિજયજી મહારાજે, શ્રી હરિભદ્રસૂરિ કૃત 'ઉપદેશપદ' ગ્રંથનું 'ઉપદેશ રહસ્ય' નામે અનુસર્જન કર્યું છે. તેનો ડૉ. રમણલાલ શાહ, 'શ્રી યશોવિજયજી કૃત ઉપદેશ રહસ્ય' નામના સંક્ષેપ-સઘન લેખમાં સમીક્ષાત્મક રસાસ્વાદ કરાવ્યો છે. 'ઉપદેશ રહસ્ય'ની ૨૦૩ ગાથાની ૪૦૬ પંક્તિઓમાં યશોવિજયજીએ ૪૫૦ થી પણ વધુ વિષયોનો પરામર્શ કર્યો છે જે એના લાઘવગુણનો નિર્દેશક છે ને એ લાઘવગુણના મર્મને સાચવીને ડૉ. શાહે 'ઉપદેશ રહસ્ય'નું રહસ્ય છતું કર્યું છે. અંતમાં તેઓ લખે છેઃ 'તત્ત્વજ્ઞાનગર્ભિત, દાર્શનિક, જટિલ વિષયોને પ્રાકૃત ભાષામાં પદ્યમાં ઉતારીને તેને કાવ્યત્વની કોટિએ પહોંચાડવાનું દુષ્કર કાર્ય ઉપાધ્યાયજી મહારાજે કેવી અનાયાસ લીલાથી કર્યું છે !'

'વારસદારો' નામના ખાસ્સા તેર પાનાનાં લેખમાં પોતાનો વારસો આપવાની અને કોઇની પાસેથી વારસો મેળવવાની અને ઉભય પ્રકારની માનવ જાતની અંતર્ગત વૃત્તિનું અને વ્યવસાયોના સંદર્ભમાં અનેક દષ્ટાંતો આપી રસિક વિવરણ કર્યું છે અને લેખની શરૂઆતમાં તેમજ અંતમાં, જૈન ધર્મ પ્રતિપાદિત અપરિગ્રહ વૃત્તિ અને શ્રેયોમાર્ગનું સમર્થન કર્યું છે. દા. ત. 'સ્થૂલ ભૌતિક પદાર્થો કરતાં સૂક્ષ્મ સાંસ્કારિક વારસો વધુ ચિરંજીવી રહે છે. જીવ અને જગત વિષે તત્ત્વજ્ઞાન અને એના રહસ્યનો વારસો તો હજારો વર્ષ સુધી સતત વહેતો રહે છે. આ વારસો એવો છે કે જે વાપરવાથી ખૂટતો નથી. પણ વધતો ચાલે છે. માનવજાતને ટકાવી રાખવા અને ઉન્નત બનાવવા માટે એ ઘણું મોટું પ્રેરકબળ બની રહે છે. જેઓએ પોતાના જીવનને કૃતાર્થ કરવું છે . તેઓએ આવો અમૂલ્ય અને અવિનાશી વારસો મેળવવાની અને મળ્યા પછી તે બીજા સુધી પહોંચાડવાની ભાવના સેવવી જોઇએ.'

'બાળમજૂરોની સમસ્યા,' 'ભારતમાં કતલખાના' અને 'દુર્ઘટના અને કુમરણો' આ ત્રણેય લેખોને હું આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને વિશેષતઃ માનવતાની દષ્ટિએ એક સાથે લઉં છું. આજકાલ બી.બી.સી. ઉપર ભિન્ન ભિન્ન દેશોની બાળમજૂરોની સમસ્યા સંબંધે ઊંડાણથી છણાવટ થાય છે, ને ઠીક ઠીક ઊહાપોહ પણ થાય છે. પાકિસ્તાનમાં લગભગ દોઢ કરોડથી પણ વધારે બાળ મજૂરો નાના મોટા વ્યવસાયોમાં શોષણનો ભોગ બને છે. ગીચ વસ્તી, ગરીબાઇ, અજ્ઞાન અને બેકારીને કારણે ભારતમાં પણ બાળ મજૂરોની સંખ્યા કરોડોની છે. અસ્તિત્વના સંઘર્ષને કારણે બાળ મજૂરીના શોષણનું સમર્થન થઇ શકે નહીં. લેખક કહે છે તે પ્રમાણે ભારતમાં આંધ્રપ્રદેશના પોચમપલ્લીમાં તથા વારાણસીના સાડીઓના કારખાનાઓમાં, કાશ્મિર, મિરઝાપુર, વારાણસી વગેરે સ્થળે આવેલાં ગલીચાઓના કારખાનાઓમાં, ફિરોઝપુરમાં કાચની બંગડીઓના કારખાનાઓમાં, ગુજરાતમાં ચરોતરમાં બીડી-તમાકુના કારખાનાઓમાં, દક્ષિણમાં શિવાકાશીમાં

દિવાસળી અને ફટાકડાનાં કારખાનાઓમાં કામ કરતા બાળ મજૂરોની દશા દયાજનક છે. યુરોપ, અમેરિકા, જાપાન, સિંગાપુર જેવા વિકસિત દેશોમાં બાળ મજૂરોનો પ્રશ્ન નથી. પણ વિકાસશીલ દેશો માટે તો એ પ્રશ્ન શિર દર્દ જેવો છે. લેખક સૂચવે છે તેમ બાળકોના વિકાસમાં માતા-પિતા, ભાઇ-ભાંડુ, સગાં, પાડોશીઓ, શિક્ષકો, સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રીઓ, રાજકીય નેતાઓ અને સાધુ સંતો મૂલ્યવાન યોગદાન આપી શકે. આવતી કાલના નાગરિકોની ઉપેક્ષા કરવી કોઇ પણ દેશને પાલવી શકે નહીં.

'ભારતમાં કતલખાના'માં મુખ્યત્વે દેશના અર્થતંત્રની દૃષ્ટિએ ઠીક ઠીક વિચાર કર્યો છે, પણ સામાજિક, સાંસ્કૃતિક અને જીવદયાની દૃષ્ટિએ કતલખાનાનો વિચાર કરવાની વાતને લેખક વિસર્યા નથી. તેલ, પેટ્રોલ, અને ગેસના મોટા પાયા પરના ઉત્પાદનને કારણે મધ્ય પૂર્વના દેશોમાં ધનની રેલંછેલ થવાને કારણે માંસાહારે માઝા મૂકી છે ને તેમને પુષ્કળ પ્રમાણમાં માંસ પુરું પાડનારા દેશોમાં ભારત મુખ્ય છે. વિદેશી ચલણ-કમાણીની આંધળી દોટમાં ભારત ભાન ભૂલી ગયું છે...ને પરિણામે યાંત્રિક કતલખાનાં અસ્તિત્વમાં આવ્યાં છે. લેખકના મત પ્રમાણે ભારતની આર્થિક નીતિમાં જોઇએ તેટલી દીર્ઘ દૃષ્ટિ નથી. બારમા સૈકામાં થઇ ગયેલ રાજા કુમારપાળની 'અમારી ઘોષણા' અને અકબર બાદશાહના વખતની વર્ષમાં છ માસ માટેની 'અમારી ઘોષણા'નો હર્ષોલ્લાસને કારણે યથાર્થ રીતે ઉલ્લેખ કરી લેખક અંતમાં કહે છે: 'ભારત માટે કલંકરૂપ મોટાં યાંત્રિક કતલખાનાં બંધ થાય તો આંસુ સારવાનો વખત થોડીક વ્યક્તિઓને આવે તો આવે, પણ એ ચાલુ રહે તો અબોલ જીવો ઉપરાંત અનેક ગરીબ લોકોને આંસુ પાડવાનો વખત આવતો રહેશે.'

બાળમજૂરોના પ્રશ્નમાં જો ભારત મોખરે છે, તો દુર્ઘટનાઓ અને કુમરણની બાબતમાં તે કોઇપણ દેશથી પાછળ નથી. જર્મની અને અમેરિકાના 'હાઇ-વે'ની તુલનાએ તો આપણાં 'હાઇ-વે' 'સાંકડી શેરી' કહેવાવાને પાત્ર છે. અને 'હાઇ-વે' ઉપર થતા અકસ્માતોનો જ વિચાર કરીએ તો પણ તેવા દેશોમાં ભારત મોખરે જણાશે. વિકાસશીલ દેશમાં મિશ્ર વાહન વ્યવહાર હોય એ દેખીતું છે, છતાંયે લેખકની દૃષ્ટિએ સલામતીની ઘોર ઉપેક્ષા, બેદરકારી, ખોટી કરકસર, રસ્તા બાંધનારાઓની બેઇમાની, એન્જિનિયરોની ભ્રષ્ટ અને બિનઆવડત-ભરી દૃષ્ટિ, અકસ્માત અને એનાં કારણોના સર્વેક્ષણનો અભાવ, ઉપાયોનું વિલંબિત અમલીકરણ વગેરેને લીધે ભારતમાં અસંખ્ય નિર્દોષ માણસોના ભોગ રસ્તાઓમાં લેવાય છે. લેખના અંતમાં અત્યંત આક્રોશપૂર્વક લેખક લખે છે: 'જ્યાં પ્રધાનો, સરકારી અધિકારીઓ, રાજદ્વારી નેતાઓ, ઉદ્યોગપતિઓ વગેરે બધાં જ સ્વાર્થાંધ બની ભ્રષ્ટાચારમાં સંડોવાયેલાં હોય ત્યાં કોણ કોની આગળ ફરિયાદ કરે?'

આદર્શ લોકશાહીમાં સરકાર ન્યાયતંત્ર અને પોલીસ તંત્ર વચ્ચેની કામગીરીમાં સુસંવાદિતા અનિવાર્ય છે, પણ આજકાલ તો આ ત્રણેય વચ્ચે અનેક કારણોસર અસહકાર, અસહિષ્ણુતા અને સંઘર્ષનું વાતાવરણ જોવા મળે છે જેને કારણે ત્રણેયની શ્રદ્ધેયતા દિન પ્રતિદિન ઘટતી જાય છે. ને પરિણામે લોકશાહી ઉત્તરોત્તર નબળી પડે છે. 'પોલીસ અને ન્યાયતંત્ર' નામના લેખમાં લેખકે આવી વિસંવાદી પરિસ્થિતિનું તાદૃશ નિરૂપણ કર્યું છે.

'પોપની ભારતની મુલાકાત' અને લેનિનસ્કી ગેરુ ઉપરથી' (એટલે કે લેનિનની ટેકરી ઉપરથી) આમ તો આ બંને પ્રાસંગિક લેખો છે પણ એ નિમિત્તે લેખકે પ્રથમ લેખમાં ૮૦ કરોડ જેટલા રોમન કેથોલિક ધર્મ પાળનારના વડા એવા પોપના વ્યક્તિત્વની અને લેખને અંતે કરેલી ધર્મમીમાંસાની વાત તેમજ બીજા લેખમાં ૧૯૮૦ના સોવિયેટ યુનિયનમાંના પ્રજાજીવનની અને બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમવાર યોજાયેલ ઓલિમ્પિક રમતોત્સવની બંનેય સ્વાનુભાવના પ્રસંગોની કથા-અત્યંત ઉત્તેજક ને રસિક છે.

'મોરારજી દેસાઇ', 'કે. પી. શાહ', 'હંસાબહેન મહેતા', 'ડૉ. ભોગીલાલ સાંડેસરા' અને 'હરીન્દ્ર દવે'-આ પાંચેય આમ તો એ મહાનુભાવોના અવસાન ટાણે લખાયેલી સુદીર્ઘ નોંધો છે. પણ એ પાંચેયના જીવનકાર્યના આલેખ આપતા અભ્યાસી લેખો કરતાં પણ આ અવસાન નોંધોનું મહત્ત્વ રજમાત્ર પણ કમ નથી. આ પાંચેય વિભૂતિઓ પોત પોતાના કાર્યક્ષેત્રમાં અગ્રણી હતી. શ્રી મોરારજીભાઇ અને શ્રીમતી હંસાબહેન સાથેનો લેખકનો પરિચય ઓછો છે પણ ઉપરચોટિયો નથી. બાકીના ત્રણ સાથેનો પરિચય તો વર્ષો જૂનો ને પ્રગાઢ છે, જેની પ્રતીતિ એમના લખાણમાંથી સુપેરે થાય છે. આ પાંચેય લેખોની વિશેષતા એ છે કે લેખકે કેવળગુણ-દર્શન જ નથી કરાવ્યું પણ કેટલાકના સ્વભાવની વાસ્તવિક મર્યાદાઓ પણ ઉચિત રીતે દર્શાવી છે. પોતાની હયાતીમાં જ પોતાના દેશ તરફથી 'ભારતરત્ન'નો અને દુશ્મન-દેશ ગણાતા પાકિસ્તાન તરફથી 'નિશાને પાકિસ્તાન'નો ઇલ્કાબ મેળવનાર માનનીય શ્રી મોરારજીભાઇ દેસાઇના 'આકરા' 'હઠીલા'ને 'ઉતાવળિયા' સ્વભાવની પણ લેખકે નોંધ લીધી છે. શ્રી કે. પી. શાહ, ડૉ. સાંડેસરા અને શ્રી હરીન્દ્ર દવેના જીવનની કેટલીક અંતરંગ બાબતો પણ દર્શાવી છે, જે વ્યક્તિના ઋજુ માનવીય અંશને સમજવામાં મદદરૂપ થાય છે.

ડૉ. રમણલાલ શાહને આ સૌ વ્યક્તિઓ સંબંધે ઘણું બધું કહેવાનું છે, એટલે લાઘવ શૈલીનો આશ્રય લઇ એ એમનાં કેટલાંક વ્યવહારિક ગુણ લક્ષણોને અતિ સંક્ષેપમાં નિર્દેશે છે. દા. ત. મોરારજી દેસાઇ માટે લખે છે: 'પ્રખર ગાંધી વાદી, નિર્દંભ, સત્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ, સાધન શુદ્ધિના આગ્રહી કુશળ વહીવટકર્તા, સ્વતંત્ર વિચારક, ભગવદગીતાના ઉપાસક, કર્મયોગી એવા સ્વ. મોરારજી દેસાઇ... સ્વ. કે. પી. શાહનું જીવન એટલે માનવતાની સુવાસથી સભર જીવન. કુશાગ્ર બુદ્ધિ, કુશળ વહીવટી શક્તિ, દીર્ઘદૃષ્ટિ, તીવ્ર સ્મરણશક્તિ, વેપાર ઉદ્યોગની ઊંડી સમજ, સાહિત્ય વાંચનનો શોખ, રાજકીય પ્રવાહોનો તલસ્પર્શી અભ્યાસ, મીઠાશભર્યા સંબંધો સાચવવાની કળા, સ્વોપાર્જિત ધન સન્માર્ગે વાપરવાની ભાવના, ભક્તિ પરાયણતા, અધ્યાત્મ રસિકતા, મૃદુભાષિતા, પરગજુપણું અને હાથ નીચેના માણસો સાથે પણ પ્રેમભર્યો વ્યવહાર વગેરે ગુણોથી એમનું જીવન મઘમઘતું હતું.'

સંસ્કૃત, પ્રાકૃત અને મધ્યકાલીન જૂની ગુજરાતી ભાષાના પ્રકાંડ પંડિત, જૈન આગમ ગ્રંથોના અભ્યાસી, સમગ્ર ગુજરાતમાં યુનિવર્સિટીની અનુસ્નાતક કક્ષાએ યુવાન વયે પ્રોફેસર તરીકે નિયુક્ત થનાર પ્રથમ અધ્યાપક, ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ, રણજીતરામ સુવર્ણચંદ્રક મેળવનાર, પાટણના 'ડૉ. ભોગીલાલ સાંડેસરાને સેંકડો શ્લોક કંઠસ્થ હતા.'

ડૉ. શાહે ઘણું બધું વાંચ્યું, વિચાર્યું છે. ઘણાં બધાં દેશોમાં તેઓ ઉઘાડી આંખે અને જીવંત જાગ્રત મન સાથે હર્યાફર્યા છે. તેઓ અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓના સીધા સંસર્ગમાં આવ્યા છે. દેશના અને વિશ્વના મોટા વ્યાપના અનેક માનવીય પ્રશ્નો પર તેમણે ચિંતન મનન કર્યું છે. અને તેને અત્યંત પ્રવાહી ને પ્રાસાદિક શૈલીમાં પ્રભાવક રીતે વ્યક્ત કર્યું છે.' સાંપ્રત સહચિંતન'નો કોઇપણ ભાગ વાંચતાં, સહૃદય વાંચક-ભાવકને ઉપર્યુક્ત પ્રકારની પ્રતીતિ થયા વિના રહેશે નહીં. લેખકે આ ગ્રંથના અર્પણમાં પૂજ્ય પ્રો. ચી. ના. પટેલ સાહેબને 'સત્ત્વશીલ સારસ્વત' કહ્યા છે. એ ગુણલક્ષણો બહુધા અર્પણ કરનાર લેખકને પણ લાગુ પડે તેમ છે.

☆☆☆

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન: ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન: રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૧૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૮. લેસરટાઇપસેટિંગ: મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૫ ● ● તા. ૧૬-૫-૯૬ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. જોહરીમલજી પારખ

કેટલાક સમય પહેલાં જૈન સમાજની એક મહાન વિભૂતિ શ્રી જોહરીમલજી પારખનો જોધપુરમાં ઇકોતેર વર્ષની વયે સ્વર્ગવાસ થયો.

જૈન સમાજના વિશાળ વર્ગે કદાચ સ્વ. જોહરીમલજીનું નામ પણ નહિ સાંભળ્યું હોય, પરંતુ જેઓએ એમને ફક્ત એક વાર નજરે નિહાળ્યા હશે તેઓ તેમને ક્યારેય ભૂલી નહિ શકે. જેઓએ તેમને જોયા ન હોય તેઓ તો એમના જીવનની વાતોને માની પણ ન શકે એવું વિરલ, આ કાળનું અદ્વિતીય એમનું ગૃહસ્થ જીવન હતું. તેઓ ગૃહસ્થ હતા, દીક્ષિત થયા નહોતા, છતાં છેલ્લાં બાવીસેક વર્ષથી સ્વેચ્છાએ ત્યાગી સાધુ જેવું કે એથી યે કઠિન જીવન તેઓ જીવતા હતા. પોતાના માનકષાયને જીતવાનો એમણે ઘોર પુરુષાર્થ કર્યો હતો. ઉપસર્ગો અને પરીષહો સહન કરવાનું અસાધારણ આત્મિક બળ તેમણે પ્રાપ્ત કર્યું હતું. કેટલાંક વર્ષો પહેલાંની વાત છે. મુંબઈમાં અમારા મકાનનો ચોકીદાર એક દિવસ બપોરે દોઢ વાગે ઘરે આવ્યો અને મને કહ્યું , 'સાહેબ કોઈ ભિખારી જેવો માણસ આપને મળવા માગે છે. અમે એને મનાઈ કરી, પણ એ માણસે જરા આગ્રહ કર્યો કે એનો સંદેશો આપને આપવો. પછી એ ચાલ્યો જશે.'

'કોણ છે ? શું નામ કહે છે ?'

'નામ તો પૂછ્યું નથી. કોઈ ડાઉટફૂલ માણસ કંઈ બનાવટ કરવા આવ્યો હશે એમ લાગે છે. આપ કહો તો એને કાઢી મૂકું. દરવાજા પાસે બેસાડ્યો છે.'

'ક્યાંથી આવે છે એ કંઈ પૂછ્યું ?'

'હા, કહે છે કે જોધપુરથી આવું છું.'

જોધપુરથી કોણ હોઈ શકે ? તાત્કાલિક તો કંઈ યાદ ન આવ્યું. પણ દાદર ઊતરતાં ઊતરતાં યાદ આવ્યું કે જોધપુરથી મહિના પહેલાં જોહરીમલ પારખ નામના કોઈકનો પત્ર હતો. કદાચ એ તો ન હોય ? પણ એ તો સુશિક્ષિત સંસ્કારી સજ્જન છે. કેવા મરોડદાર અક્ષરે કેટલી સરસ ઈંગ્લિશ ભાષામાં એમણે પત્ર લખ્યો હતો ! તેઓ કેટલીક યોજનાની વિચારણા કરવા માટે મને મળવા ઈચ્છતા હતા, પરંતુ તેઓ કદાચ નહિ હોય કારણકે ચોકીદાર કહે છે કે આ તો ભિખારી જેવો કોઈ માણસ છે.

હું પહોંચ્યો. અમે બંનેએ એક બીજાને ક્યારેય જોયા નહોતા. ચોકીદાર સાથે હું ગયો એ પરથી અનુમાન કરીને એમણે મને કહ્યું, 'તમે ડૉ. રમણભાઈ શાહ ? હું જોહરીમલ પારખ. જોધપુરથી આવું છું. મેં તમને એક પત્ર લખ્યો હતો અને તમે લખ્યું હતું કે મુંબઈ આવો ત્યારે જરૂર મળજો. એટલે હું તમને મળવા આવ્યો છું.'

જોહરીમલજીને જોતાં જ હું એમના ચરણમાં નમી પડ્યો. ચોકીદાર જોતો જ રહી ગયો. એણે માફી માગી. જોહરીમલજીએ હસતાં હસતાં કહ્યું, 'ભાઈ, એમાં તારો વાંક નથી. મારો વેશ જ એવો છે કે માણસ મને ભિખારી કે ચોર જેવો ધારી લે.'

જોહરીમલજીને હું ઘરમાં લઈ આવ્યો. સોફા ઉપર એમણે બેસવાની ના પાડી. જમીન પર નીચે બેસી ગયા. મેં એમને લાકડાના ટેબલ પર બેસવા આગ્રહ કર્યો. તેઓ તેના પર બેઠા. જૈન સાધુના આચાર તેઓ પાળતા હતા. તેઓ દીક્ષિત થયા નહોતા પણ સાધુજીવન ગાળતા હતા. મારો આ પહેલો પરિચય હતો.

તેઓ ઉઘાડે પગે હતા. ટૂંકી પોતડી પહેરી હતી. તે પણ ઘણી મેલી હતી. હાથમાં મુહપત્તી હતી. તે પણ મેલી હતી. એક મેલી થેલીમાં પ્લાસ્ટિકનું એક ડબ્બા કે ટંબલર જેવું વાસણ હતું. એમની સાથેની વાતચીતમાંથી મેં જાણી લીધું કે તેઓ બૉમ્બે સેન્ટ્રલથી વાલકેશ્વરમાં મારા ઘર સુધી ચાલતા આવ્યા હતા. ભર ઉનાળામાં ઉઘાડા પગે ડામરના રસ્તા પર દસ ડગલાં ચાલતાં પણ પગ શેકાઈ જાય ત્યાં તેઓ ચારપાંચ કિલોમીટર ચાલતા આવ્યા હતા. ટેક્ષી કે બસમાં કેમ ન આવ્યા ? કારણકે પાસે પૈસા રાખતા નથી. એમણે જે કષ્ટ ઉઠાવ્યું તેથી હું અસ્વસ્થ થઈ ગયો. પણ તેઓ અત્યંત પ્રસન્ન હતા. ટ્રેન ચાર કલાક મોડી હોવાથી આવતાં તેમને મોડું થયું હતું. તેમણે સવારથી ભોજન લીધું નહોતું. અમે એમને ભોજન માટે વિનંતી કરી. ત્યારે ખબર પડી કે થાળી વાટકામાં તેઓ ભોજન લેતા નથી. પોતાના ટંબલરમાં એમણે થોડું ખાવાનું લીધું. ચારેક વાનગી બધી એકમાં જ લીધી. તે ભેળવીને એક ખૂણામાં દીવાલ સામે ઊભા ઊભા જ એમણે આહાર વાપરી લીધો. પછી એમાં જ પાણી લઈને તે પી લીધું.

જોહરીમલજી વાહન અને એક વસ્ત્રના ઉપયોગ સિવાય અન્ય રીતે દિગંબર સાધુ જેવું જીવન જીવતા હતા. તેઓ જોધપુરના વતની. પણ મુંબઈમાં રહેતા હતા. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. ઘણી સારી પ્રેક્ટિસ ચાલતી હતી. શ્રીમંત હતા. ધીકતી કમાણી હતી. પત્ની -સંતાનો સાથે અત્યંત સુખી જીવન જીવતા હતા. મોટો ફ્લેટ, ઑફિસ, મોટરગાડી બધું હતું. પરંતુ અંતરમાં ત્યાગ-વૈરાગ્ય ભારોભાર ભર્યો હતો. ઘરનાની બધાંની સંમતિ લઈ લગભગ પચાસ વર્ષની વયે બધું છોડી દઈ સાધુ જેવું જીવન સ્વીકારી લીધું. પોતે સ્થાનકવાસી સંપ્રદાયના હતા, પરંતુ તેઓ બધા સંપ્રદાયોથી પર થઈ ગયા હતા. સાધુની જેમ તેમણે સ્નાનનો ત્યાગ કર્યો હતો. જાડી ખાદીનું પોતડી જેવું વસ્ત્ર પહેર્યું તે પહેર્યું. એ ફાટે નહિ ત્યાં સુધી બીજું વસ્ત્ર ધારણ કરવાનું નહિ. એમણે વાહનની છૂટ રાખી હતી, પરંતુ તે નિષ્પ્રયોજન નહિ કે માત્ર હરવાફરવા અર્થે નહિ, પણ ધર્મકાર્ય નિમિત્તે, જ્ઞાનપ્રચારાર્થે કે ધાર્મિક સંમેલનો, પરિસંવાદો પૂરતી હતી.

મારે ઘરે થોડાક કલાક રોકાયા પછી એમણે પોતાના પુત્રને ફોન કર્યો. પિતાજી મુંબઈ આવ્યા છે એ જાણી તેઓ આનંદિત થઈ ગયા. તરત મોટરકાર લઈ તેડવા આવ્યા. જોહરીમલજીને વિદાય આપવા હું અને મારાં પત્ની નીચે ગયાં. જોહરીમલજી અમારી સોસાયટીના દરવાજામાં દાખલ થયા ત્યારે ચોકીદારે એમને અટકાવ્યા અને બેસાડી રાખ્યા. તેઓ વિદાય થયા ત્યારે મોટી મોટરકારમાં ગયા. સૌ વળી વળીને એમને પગે લાગ્યા. એમને જોવા માટે આસપાસ ટોળું થઈ ગયું. આમ અપમાન અને બહુમાનની બંને સ્થિતિમાં એમની સમતા અને પ્રસન્નતા એવી જ રહી હતી.

જોહરીમલજી મેલું એક જ વસ્ત્ર અને તે પણ મોટી લંગોટી કે પોતડી જેવું પહેરે એથી મુંબઈ જેવા શહેરમાં તો તેઓ જ્યાં જ્યાં એકલા જાય ત્યાં ચોકીદારો એમને અટકાવે. સાથે કોઈ હોય તો કંઈ સવાલ નહિ. મુંબઈમાં એક શ્રેષ્ઠીએ એમને કહ્યું, ' તમે મારે ત્યાં આવો ત્યારે એક સારી ધોતી પહેરીને આવો કે જેથી તમને કોઈ અટકાવે નહિ.' જોહરીમલજીએ કહ્યું કે, ' તમને મળવાનો બીજો કોઈ રસ્તો વિચારીશું, પરંતુ મારા આચારમાં હું ફેરફાર નહિ કરું. કોઈ ચોકીદાર મને અટકાવે એ મારે માટે કોઈ નવો અનુભવ નથી.'

ત્યાર પછી દિલ્હીમાં વલ્લભ સ્મારકમાં મારે એમને મળવાનું થયું હતું. એક પરિસંવાદમાં મારે ભાગ લેવાનો હતો. જોહરીમલજી પણ ત્યાં પધાર્યા હતા. ત્યાં ઉતારાની સગવડ કરતાં પ્રતિનિધિઓ વધારે થઈ ગયા હતા. પોતાને સારો રૂમ નથી મળ્યો એનો અને મચ્છરદાની નથી મળી એનો કચવાટ કેટલાક માંહોમાંહે વ્યક્ત કરતા હતા. મેં જોહરીમલજીને પૂછ્યું, 'તમારો ઉતારો ક્યા રૂમમાં છે ?'

'મારો ઉતારો બધા જ રૂમમાં છે. હું બેગ કે બિસ્તરો રાખતો જ નથી. એટલે મારે ઉતારાનો પ્રશ્ન જ નથી. જે રૂમમાં હું કોઈની સાથે વાત કરવા બેસું એટલી વાર એ રૂમ મારો.'

વલ્લભ સ્મારકમાં મચ્છરનો ત્રાસ ઘણો હતો. સાંજ પડી. જોહરીમલજીને મેં પૂછ્યું કે 'આપ ક્યાં સૂઈ જવાના ?'

'અહીં ખુલ્લામાં, આ પાળી ઉપર.'

'ઓઢવા-પાથરવા માટે હું આપું કંઈક ?'

'હું હંમેશાં જમીન પર સૂઈ જાઉં છું. કશું ઓઢતો નથી.'

'આખી રાત મચ્છર કરડશે ! તમારે શરીર ઉપર માત્ર પોતડી છે. તે સિવાય આખું શરીર ઉઘાડું છે.'

'ભગવાને તો ડાંસ-મચ્છરોનો પરીષહ સહન કરવાનું કહ્યું છે. મને મચ્છર કરડે તો હું સમતાભાવે, પ્રસન્નતાપૂર્વક સહન કરી લઉં છું. મારે તો ફક્ત બેત્રણ કલાકની ઊંઘ જોઈએ. બાકીનો સમય ધ્યાનમાં બેઠો હોઉં છું. હવે તો હું મચ્છરથી એટલો ટેવાઈ ગયો છું કે મચ્છર કરડે છે કે નહિ તેની પણ ખબર પડતી નથી.'

કાયમ જમીન ઉપર સૂઈ જવું, કશું ઓઢવું-પાથરવું નહિ. એ રીતે જોહરીમલજીએ દિગંબર મુનિ જેવું જીવન જીવવાનું ચાલુ કરી દીધું હતું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન સાહિત્ય સમારોહમાં તથા જૈન વિષયના પરિસંવાદમાં તેઓ મારા આગ્રહથી પધારતા. એથી મારી સાથે તેમને ઘનિષ્ઠ આત્મીયતા થઈ ગઈ હતી. તેઓ સમારોહ કે પરિસંવાદને સ્થળે જાતે પહોંચી જાય. અને સભામાં એક છેડે ચૂપચાપ બેસી જાય. જેઓ એમને પહેલી વાર જોતા હોય તેઓને કંઈક કૂતૂહલ થાય. પણ જ્યારે જાણે કે આ તો એક મહાન વિભૂતિ છે ત્યારે લોકો આશ્ચર્યચક્તિ થઈ જતા. કચ્છમાં, પાલીતાણામાં, રાજગૃહીમાં તેઓ પધાર્યા હતા અને કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એમની હાજરીથી સમગ્ર કાર્યક્રમને ઓપ મળતો હતો.

પાલિતાણામાં સાહિત્ય સમારોહમાં ભાગ લેવા તેઓ આવ્યા ત્યારે રાત પડી ગઈ હતી. રાતના અગિયાર વાગે અમારા ઉતારાની ધર્મશાળા પર તેઓ આવ્યા. એમનો વેશ જોઈ ચોકીદારે એમને દબડાવ્યા. અંદર આવવા ન દીધા. અમને કોઈને એ વાતની ખબર પડી નહિ. ધર્મશાળાની બહાર એક ચોતરા જેવી જગ્યામાં તેઓ આખી રાત સૂઈ રહ્યા. પરંતુ એ માટે એમના મનમાં કશું જ નહોતું. અમને અફસોસ થયો કે ચોકીદારને સૂચના આપી હોત તો સારું થાત.

રાજગૃહીના સમારોહમાં તેઓ પધારવાના હતા. અમે બધા પટના ઊતરી લછવાડ રાત રોકાઈ રાજગૃહી જવાના હતા. પરંતુ બિહારના તંગ વાતાવરણને કારણે અમારે સીધા રાજગૃહી જવું પડ્યું. છેલ્લી ઘડીના ફેરફારની તેમને ખબર નહિ. તેઓ તો લછવાડ પહોંચી ગયા. રાત રોકાયા. અમને ન જોતાં લછવાડથી બેત્રણ બસ બદલીને તેઓ રાજગૃહી આવી પહોંચ્યા હતા. રાજગૃહીમાં પણ બસ સ્ટેન્ડથી વીરાયતન સુધી તેઓ ચાલતા આવ્યા હતા. પાસે કંઈ સામાન નહિ. ચાલવાની ઝડપ વધારે. મનથી પણ તેઓની તૈયારી. એટલે હંમેશાં પ્રસન્ન રહેતા. તેઓ કહેતા કે અપરિગ્રહનો આનંદ કેટલો બધો છે તે તો અનુભવથી જ સારી રીતે સમજાય એવી વાત છે.

જોહરીમલજી પોતાની રોજિંદી આવશ્યક ધર્મક્રિયા- સામાયિક, પ્રતિક્રમણ, ધ્યાન વગેરે નિશ્ચિત સમયે અવશ્ય કરી લેતા. તેઓ રોજ એક વખત આચારાંગ સૂત્રનું પઠન કરતા. તેઓ દિવસે કદી સૂતા નહિ. સૂર્યાસ્ત પછી બીજા દિવસની સવાર સુધી તેઓ મૌનમાં રહેતા. પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા, ગૃહસ્થ જીવનના ત્યાગ પછી એમણે સંસ્કૃત, પ્રાકૃતનો અભ્યાસ કર્યો અને બધા આગમગ્રંથોનું સારી રીતે પરિશીલન કર્યું. હસ્તપ્રતો વાંચતાં તેમને આવડી ગયું હતું. પ. પૂ. શ્રી જંબુવિજયજી મહારાજ પાસે તેઓ વારંવાર જતા અને તેમના કામમાં મદદરૂપ થતા.

છેલ્લે છેલ્લે અમદાવાદની એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટને પણ એમણે કેટલાક દિવસ ત્યાં રહી પોતાની સેવા આપેલી. તેઓ પાસે ઘડિયાળ રાખતા નહિ. પણ વર્ષોના રોજના મહાવરાને લીધે સમયની પૂરી ખબર એમને રહેતી.

જોહરીમલજીએ ધીમે ધીમે આહાર ઉપર વિજય મેળવ્યો હતો. તેમણે આરંભમાં નવકારશી તથા ચોવિહાર ચાલુ કરી દીધાં હતાં. ત્યાર પછી બે ટંક આહાર સિવાય કશું જ ન લેવું, એ રીતે કાયમના બેસણાં જેવું વ્રત અંગીકાર કર્યું હતું. પછી તેમણે એક ટંક આહાર લેવાનું ચાલુ કર્યું. એક ટંક આહાર પણ તેઓ એક પાત્રમાં જ થોડી વાનગીઓ લઈ, તે બધી જ મિશ્ર કરી દિગંબર સાધુની જેમ ઊભા ઊભા લેવાનું ચાલુ કર્યું. પોતાનું પ્લાસ્ટિકનું મોટા ટંબલર જેવું એક સાદું વાસણ રાખે. એમાં બધું ભેળવી આઆહાર વાપરી લે અને એમાં જ પાણી લઈને પીએ. આ રીતે વર્ષો સુધી તેઓ એક ટંક જ આઆહાર લેતા, છતાં તેમની શક્તિ સચવાઈ રહેતી. વસ્તુતઃ ઓછા આહારથી એમને ક્યારેય અશક્તિ વરતાઈ નહોતી. છેલ્લાં બેએક વર્ષથી તેમણે એક દિવસ ઉપવાસ અને એક દિવસ એક ટંક આહાર એ પ્રમાણે પોતાની દિનચર્યા ગોઠવી દીધી હતી. આ રીતે અડતાલીસ કલાકમાં તેઓ ફક્ત એક જ વખત ઊભા ઊભા આહાર કરી લેતા. એ અંગે મેં એમને પૂછ્યું હતું ત્યારે કહ્યું હતું કે હવે બે દિવસમાં એક જ વાર આહાર લેતો હોવાથી, જ્યારે આહાર લેવાનો થાય ત્યારે પહેલાં કરતાં સહેજ વધારે આહાર લેવાય છે કે જેથી બે દિવસ સુધી શક્તિ બરાબર જળવાઈ રહે છે. ઉપવાસને દિવસે તેઓ પાણી રોજ કરતાં થોડું વધારે પી લેતા. પ્રવાસમાં હોય તો કાચું પાણી પણ વાપરી લે.

સાધુની દિનચર્યાની જેમ જોહરીમલજીને શૌચાદિ ક્રિયા માટે પણ બહાર ખુલ્લામાં જવાનું વધુ ગમે. શહેરમાં હોય અને આસપાસ શૌચાદિ માટે સગવડ ન હોય તો સંડાસ વગેરેનો ઉપયોગ કરતા. અન્યથા તેઓ ચુસ્ત નિયમ પાળતા. દિગંબર સાધુની જેમ તેઓ એક વખત શૌચાદિ માટે બહાર જતા. સામાન્ય રીતે તે સિવાય બીજીવાર લઘુ નીતિ માટે પણ જવાની જરૂર પડતી નહિ. રોજ એક ટંક આહારના બદલે આંતરે દિવસે ઉપવાસ એમણે ચાલુ કર્યા ત્યાર પછી શૌચક્રિયા માટે રોજ એકવાર જવું પડતું. કેટલાક સાધુઓ એકાંતરે ઉપવાસ ચાલુ કરે પછી શૌચક્રિયા પણ એકાંતરે થતી હોય છે. પરંતુ જોહરીમલજી સાથેની

વાતચીતથી જાણવા મળ્યું કે એકાંતરે ઉપવાસ કરવા છતાં પોતાની શૌચક્રિયા પહેલાંની જેમ જ રોજેરોજ નિયમિત રહેતી.

પોતાના મસ્તકના અને મૂછદાઢીના વાળનો તેઓ લોચ કરતા અથવા કાતરથી કાપતા. એ અંગે પણ તેઓ સાધુના જેવો આચાર રાખતા.

પાંચ પંદર માઈલ ચાલવું એ એમને મન રમત વાત હતી. સિત્તેરની ઉંમરે તેઓ પહોંચ્યા હતા ત્યારે પણ એકવડા સૂકલકડી શરીરને લીધે તેઓ ઝડપથી ચાલી શકતા. શરીરમાં સંધિવા કે બીજો કોઈ રોગ નહોતો. સમેતશિખરમાં તેઓ અમારી સાથે હતા ત્યારે પર્વતિથિના નિયમને કારણે તેઓ પહાડ ઉપર ગયા નહોતા. છેલ્લે દિવસે અમારી બસ બપોરે એક વાગે ઊપડવાની હતી. એમની ભાવના પહાડ પર જઈ યાત્રા કરવાની હતી. એમણે કહ્યું કે પોતે બસ ઊપડે તે પહેલાં આવી પહોંચશે. એમને માટે થઈને અમારે ખોટી થવું નહિ. પોતે બસ ચૂકી જશે તો ટ્રેનમાં કલકત્તા આવી પહોંચશે. તેઓ વહેલી સવારે ઊઠીને પહાડ પર ચઢ્યા. બધે જ દર્શન કર્યાં. ઠેઠ ચંદ્રપ્રભુની ટુંક સુધી જઈ આવ્યા. સાડાબાર વાગતામાં તો તેઓ નીચે આવી પહોંચ્યા. તેમનો ઉપવાસનો દિવસ હતો. આટલો શ્રમ લેવા છતાં તેમના ચહેરા પર થાક નહોતો. એમની શારીરિક શક્તિ અને દઢ મનોબળ જોઈ અમે મનોમન તેમને વંદન કરી રહ્યા.

રેલવે કે બસમાં પ્રવાસ કરવામાં પોતાને કેવા કેવા અનુભવો થાય છે તે વિશે એમણે કહેલું કે ટ્રેનમાં હું રિઝર્વેશન કરાવીને જતો નથી. બીજા ડબ્બાઓમાં જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જાઉં છું. ઘણીવાર બેઠક પર જગ્યા ન હોય તો હું નીચે બેસી જાઉં છું. ઘણીવાર પેસેન્જરો મારી સાથે તોછડી ભાષા વાપરે, આઘા બેસવાનું કહે. હું વિના સંકોચે તેમ કરું છું. પરંતુ થોડી વાતચીતમાં લોકોને સમજાઈ જાય કે હું કોઈ સુશિક્ષિત માણસ છું, મુફલીસ નથી એટલે લોકો સારી રીતે વર્તવા લાગે છે. કોઈ વાર થેલીમાંથી કોઈ ગ્રંથ કાઢી વાંચવાનું ચાલુ કરું તો પણ આસપાસના મુસાફરો વિચારમાં પડી જાય. કોઈક જિજ્ઞાસાથી પૂછે તો મારા ધર્મ અને આચાર વિશે કહું, પરંતુ તેમ કહેવામાં મારા ત્યાગ વિશે અભિમાનનયુક્ત વચન ન આવી જાય એની ખાસ તકેદારી રાખું છું. કોઈ વાર ટિકિટ ચેકરો પણ શંકા કરે કે હું ટિકિટ લીધા વિના બેઠો હોઈશ. રૂઆબથી ટિકિટ માગે, કોઈક વાર તો પૂછ્યા વગર જ ઊતરી જવાનો હુકમ છોડે. હું ટિકિટ બતાવું એટલે શાન્ત થાય.'

રેલવેના પોતાના અનુભવો વર્ણવતાં એમણે કહેલું કે પોતે પૈસા પાસે રાખે નહિ અને કોઈ વાર રેલવેનું ભાડું વધી ગયું હોય અને પોતાની પાસે જૂના ભાડાની ટિકિટ હોય તો ટિકિટ ચેકર અધવચ્ચે જ ઉતારી દે. કોઈને ફોન કરવો હોય તો પણ પૈસા ન હોય. પૈસા વગર ઘણી તકલીફ પડતી. એટલે છેવટે પાસે જરૂર પૂરતા થોડા રૂપિયા રાખવાનું ચાલુ કર્યું હતું.

એક વખત જોહરીમલજીને મેં પૂછ્યું કે ક્યાંક રાતને વખતે રસ્તામાં એકલા જવાનું થાય તો કોઈકને વહેમ પડે કે આ માણસ કોણ હશે ? તમને કેવા અનુભવ થયા છે ?

'એવા અનુભવો ઘણીવાર થયા છે, પણ એથી મારા મનમાં કોઈને માટે ચીડ કે અભાવ નથી થતો. એ મારા જીવનનો ક્રમ છે.' પોતાનો જોધપુરનો એક અનુભવ એમણે વર્ણવ્યો હતો. જોધપુરમાં જૈન સમાજમાં તો બધા જ એમને ઓળખે. એક વખત ટ્રેન મોડી પડતાં પોતે રાત્રે એક વાગે જોધપુર પહોંચ્યા. શિયાળાની ઠંડીના દિવસો હતા. એટલે પાસેના એક જૈન મંદિરમાં ગયા. ચોકીદાર એમને ઓળખતો હતો. દરવાજો ખોલી અંદર એક ખૂણામાં સૂવાની સગવડ કરી આપી. હવે ચોકીદારની ડ્યૂટી સવારે પાંચ વાગ્યા સુધી હતી. પાંચ વાગે બીજો ચોકીદાર આવ્યો. તે નવો હતો. જૂના ચોકીદારે એમના વિશે કશી વાત કરેલી નહિ. નવા ચોકીદારે એક ખૂણામાં એમને ઊંઘતા જોઈ કોઈ ચોર ભરાયો છે એમ સમજી બૂમાબૂમ કરી મૂકી. એમને ઉઠાડીને ધક્કા મારીને બહાર કાઢ્યા. રાતનો વખત હતો એટલે પોતાને મૌન હતું. જોહરીમલજી કશું જ બોલ્યા નહિ. સવાર થઈ ગઈ હતી એટલે જોહરીમલજી પોતાના નિવાસસ્થાને પહોંચી ગયા. ખબર પડતાં દેરાસરના ટ્રસ્ટીઓ એ ચોકીદારને લઈ એમની માફી માગવા આવ્યા. પરંતુ જોહરીમલજીએ કહ્યું કે એમાં ચોકીદારનો કંઈ જ વાંક નથી. એણે એની ફરજ બજાવી છે, અને પોતાને એથી કશું માઠું લાગ્યું નથી.

એક વખત મેં એમને પૂછેલું કે 'આપણા જૈન સાધુઓના વેશને કારણે ગામમાં દાખલ થતાં કૂતરાંઓ ભસે છે. હાથમાં દાંડો હોય એટલે કરડે નહિ. પણ તમારો વેશ એવો છે કે કૂતરાં જરૂર ભસે.' એમણે કહ્યું, 'દિવસે તો બહુ વાંધો નથી આવતો. લોકોની અવરજવર સારી હોય ત્યારે પણ તકલીફ નથી પડતી. પરંતુ સાંજે કે રાત્રે એકલો ચાલ્યો જતો હોઉં તો કૂતરાં ભસે છે. કોઈ વાર કઈ દિશામાંથી કૂતરું દોડતું આવીને કરડી જાય તેની પણ ખબર ન પડે. જ્યારથી એ વેશ ધારણ કર્યો છે ત્યારથી એટલે કે છેલ્લાં વીસેક વર્ષથી વરસમાં સરેરાશ પાંચ છ વખત કૂતરું કરડે છે. એટલે મારે માટે એની કોઈ નવાઈ નથી. મેં ક્યારેય કૂતરાને મારવાનો કે ભગાવવાનો પ્રયત્ન કર્યો નથી કે કૂતરા ઉપર મને કોઈ ચીડ નથી.'

'કૂતરું કરડે ત્યારે આપ એને માટેનાં ઈન્જેકશનો લો છો ?'

'હું કોઈ દવા લેતો નથી. કૂતરું કરડે ત્યારે પડેલા ઘા ઉપર મરચું ભભરાવી દઉં છું. થોડા દિવસમાં મટી જાય છે.'

'દુશ્મનો બીજાના ઘા ઉપર મીઠું ભભરાવે એવી લોકોક્તિ છે. પરંતુ આપ તો પોતાના ઘા ઉપર મરચું ભભરાવો છો. એ કેવી રીતે સહન થાય ?'

'પીડા ઘણી થાય, પણ એ તો દેહની પીડા છે. આત્માની નથી. એવી પીડાથી અશુભ કર્મનો જે ક્ષય થાય છે એનો ઊલટાનો આનંદ થાય છે.'

'આપ મરચું પાસે રાખો છો ?'

'ના, એની કંઈ જરૂર નથી. આખા ભારતમાં કોઈ પણ ઘરે ચપટી મરચું તો મળી રહે, કૂતરું કરડે ત્યારે નજીકના કોઈ ઘરે જઈને મરચું માગી લઉં.'

પૂ. જોહરીમલજીની દેહાતીત દશા કેવી હતી એની આ વાતથી પ્રતીતિ થઈ હતી.

ડિસેમ્બર, ૧૯૯૫માં શંખેશ્વર ખાતે જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું હતું. તેમનો પત્ર આવી ગયો હતો કે પોતે અમદાવાદ આવ્યા છે અને ત્યાંથી શંખેશ્વર આવશે. સંજોગવશાત્ સાહિત્ય સમારોહ મુલતવી રહ્યો. જોહરીમલજી જોધપુર પાછા ગયા. જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનામાં શિયાળાની કડકડતી ઠંડીમાં આ રીતે રહેતાં એમને શરીરે ઠંડી ચડી ગઈ. તાવ આવ્યો. ન્યુમોનિયા થયો હતો. ઔષધ લેવાની કે હૉસ્પિટલમાં જવાની એમણે ના પાડી. દેહ છોડવાનું થાય તો ભલે થાય. એ માટે પોતે સ્વસ્થ ચિત્તે તૈયાર હતા. ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં એમનાં સ્વજનો મુંબઈથી જોધપુર પહોંચે તે પહેલાં એમણે દેહ મૂકી દીધો.

એમના સ્વર્ગવાસના સમાચાર અમને તો એ રીતે મળ્યા કે પ્રબુદ્ધ જીવનમાં 'જૈનોની આત્મઘાતક માગણી' નામના છપાયેલા એમના લેખ માટે મનીઑર્ડરથી મોકલાવેલી પુરસ્કારની રકમ પાછી આવી. તેમાં એમના પુત્રની નોંધ હતી કે જોહરીમલજીએ દેહ છોડી દીધો છે.

સ્વર્ગસ્થ પૂજ્ય જોહરીમલજીનું જીવન ભગવાન મહાવીરસ્વામી વિચરતા હતા એની થોડી ઝાંખી કરાવે એવું હતું. આવી વિરલ વ્યક્તિનો યોગ પ્રાપ્ત થવો એ જ દુર્લભ વાત ગણાય. તેમની સાથે અમારે પરિચય થયો, એમના આગમનથી અમારું ઘર પવિત્ર થતું અને સાહિત્ય સમારોહમાં એમનો પ્રેરક સહવાસ સાંપડતો રહ્યો એ અમારા જીવનની મોટી ધન્યતા છે !

પૂ. જોહરીમલજીના વિશુદ્ધ આત્માને નતમસ્તકે વંદન હો !

☐ રમણલાલ ચી. શાહ

# વિચ્છેદની ભીતરમાં

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

કવિ શ્રી રતુભાઇ દેસાઇને હું પરોક્ષ રીતે ઇ. સ. ૧૯૪૧થી ને પ્રત્યક્ષ રીતે ૧૯૫૨થી પિછાનું છું. ૧૯૪૧માં હું જ્યારે બી. એ.માં અભ્યાસ કરતો હતો ત્યારે સર્વશ્રી ઇન્દુલાલ ગાંધી ને 'કોલક'ના સહકારમાં પ્રગટ થતું તેમનું સામયિક 'કવિતા' હું વાંચતો. ૧૯૫૨માં હું જ્યારે નડિયાદની કોલેજમાં નોકરી કરતો હતો ત્યારે એકવાર તેઓ મારે ઘરે પધારેલા. ત્યારે હું એમના પ્રેમલ-નિખાલસ સ્વભાવથી અને કવિતાઇ કેફથી પ્રભાવિત થયો હતો. એ પછી તો એક પછી એક એમ પ્રગટ થતા એમના અનેક કાવ્યસંગ્રહો વાંચવાનો મને અવસર પ્રાપ્ત થયો છે ને એમના અવિરત સર્જન-પ્રવાહથી પ્લાવિત ને પુનિત થવાનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થયું છે.

આમ તો એમનું કાવ્યઝરણ પ્રગટ્યું ૧૯૩૦માં પણ આજથી બરાબર ૬૧ વર્ષ પૂર્વે. એક સુહૃદ સ્વાતંત્ર્ય-સૈનિકનું તર્પણ કરતી 'સ્મરણ-મંજરી' નામે એમની પ્રથમ કૃતિ પ્રગટ થઇ...જો કે ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકે તો તેઓ જાણીતા થયા ૧૯૩૯માં, એમના 'જનની' કાવ્ય સંગ્રહના પ્રકાશનથી. 'કારાવાસનાં કાવ્યો', 'કટોકટીનાં કાવ્યો', 'ગાંધી-સવાસો' ને 'સ્વપ્નભંગ' વગેરે કૃતિઓમાં સંવેદનશીલ, યુયુત્સુ, રાષ્ટ્રવાદી કવિની વૈવિધ્યસભર ઝલક જોવા મળે છે...તો 'કવિની છવિ', અને ' અથેતિ કવિ'માં પ્રો. બ. ક. ઠાકોરની રીતિએ કવિ, કાવ્ય પદાર્થ અને કવિતાની વિભાવનાની કવિતાઇ છણાવટ ને સમીક્ષા છે. ' જનની, 'સાસુમાની ઝાલરી', 'ખંડેરનો ઝુરાપો' અને 'માંગલિકા'માં વિષયની દષ્ટિએ બોટાદકરનું સ્મરણ કરાવે એવો મધુર-કરુણ ગૃહજીવનનો મોટા ફલક ઉપર વિસ્તરતો સઘન આલેખ છે, તો 'કલ્પના' અને 'પરિકલ્પના' એ બે કલ્પનાસભર ઊર્મિપ્રચૂર કાવ્યોના સંગ્રહો છે. જેમાં ૧૯૯૫માં પ્રગટ થયેલ 'પરિકલ્પના'ના કાવ્યોને પ્રથિતયશ કવિઓ, વિવેચકો અને કાવ્યભાવકોના પરિશીલન-સમેત રજૂ કર્યાં છે. 'યાત્રાપથનો આલાપ'- કાવ્યસૌંદર્યસભર ચિંતનપ્રધાન ગદ્ય-કાવ્યો છે અને હમણાં જેનો વિમોચન વિધિ થયો તે 'વિચ્છેદ'. 'સંકેત'માં કવિ કહે છે તે પ્રમાણે : 'અરે ! આ ગાથા છે શતશિખરિણીની વિરતિની'

શત કહેતાં એકસો, શિખરિણી છંદમાં રચાયેલ શ્લોકો છે...પણ વાસ્તવમાં તો ૧૨૩ શ્લોકો છે...અને 'સંકેત'નો એક અને અર્પણ' ના બે ખંડ-શિખરિણીને ગણતરીમાં લઇએ તો લગભગ ૧૨૬ શ્લોકો થાય. મારા પરિચયમાં આવેલા ત્રણેક સદ્ભાગી ગાંધીવાદી કવિઓ છે જેમની લેખિની અર્ધી સદી સુધી સતત ચાલતી રહી હોય ને જેમને પ્રકાશકો પણ મળી રહ્યા હોય...એ ત્રણ મહાનુભાવો છે...એક ભાવનગરના શ્રી નાથાલાલ દવે, બીજા મુંબઇના શ્રી રતુભાઇ દેસાઇ અને ત્રીજા તે લંડનનિવાસી કવિ બેરીસ્ટર ડાહ્યાભાઇ પટેલ-કવિ 'દિનેશ'. સારા કવિનું એક લક્ષણ છે એની અવિરત સર્જન-ધારા. 'સ્મરણ-મંજરી'થી તે 'વિચ્છેદ' સુધીની અવિચ્છિન્ન સર્જનધારા નિરખનારને મારા ઉપર્યુક્ત વિધાનની પ્રતીતિ થશે.

હવે વાત કરીએ, આ 'વિચ્છેદ'ની. કવિ કહે છે એ પ્રમાણે એ 'એક વિરહગાન' છે...કેવળ વિરહગાન ! હા, પણ એવું વિરહગાન જેમાં વિરહના દર્દને અંતે 'વિરતિની ગાથા' પણ ગવાઇ હોય. અને સદાય ભાવુકનો સંવેદનપટુ હૃદય ગ્રહણશીલ હોય તો... 'ગ્રહો તો ગીતા છે'...ગીતા કોના માટે ? કવિ કહે છેઃ 'જીવન ઝૂરતા કો'ક પતિની ગીતા' અને વિશેષમાં 'સીતા જેવી પુનિત તપસી એક સતીની' પણ ગીતા-'સતી ગીતા ય તે.' સંકેતની શિખરિણીની ચાર પંક્તિમાંનું સાદ્યન્ત 'ઇ'કારાન્ત સંગીત ફરી ફરીને માણવા જેવું છે.

'સંકેત'માં વિષયનો નિર્દેશ કર્યા બાદ કવિ આ કૃતિનું અર્પણ કરે છે તે કોને ? તો ખંડ-શિખિરિણીમાં કહે છેઃ-' બધાં તે હૈયાને'-પણ એ બધાં હૈયાં કેવાં ? તો કહે છે :-'અરે ! જે જે હૈયામાં વહ્યાં કૈં વિચ્છેદો વલોવાયા ખેદે-વ્યથા કેવા વેદે-એવાં એ બધાં હૈયાંની ઉરધબક ચિત્રિત અહીંયાં વળી એ હૈયાં, વિચ્છેદમાં ઝૂરીને અટક્યાં જ નથી પણ નિર્વેદમાં ઠર્યાં પણ છે, એટલે જ તો આ વિચ્છેદ છેઃ 'વિરહ, વિરતિનું શયન આ' આ ત્રણ જ શબ્દોમાં કવિએ કરુણપ્રશસ્તિ કાવ્યની એક પ્રધાન લાક્ષણિકતાની વાત કવિતાઇ રીતે કહી નાખી છે.

આ પછી કવિએ કાવ્યને 'પૂર્વાંગ' અને 'ઉત્તરાંગ'માં સરળતા ખાતર વહેંચી દીધું છે...જેમાં 'પૂર્વાંગ'માં 'ત્યારે અને હવે'થી પરિસ્થિતિને પાંચેક શ્લોકમાં અતિ સંક્ષેપમાં તુલનાવી છે અને શિખરિણીની બીજી બે પંક્તિઓમાં, ઉત્કટ વિરોધાભાસ સર્જીને અભિવ્યક્તિને સચોટ બનાવી છે. દા. ત.:-

'ત્યહારે જોઇને રસિક છવિને હું પીગળતો,
હવે હું ભાળીને પુનિત છવિને પાય લળતો.'

અહીં, ત્યારની 'રસિક છવિ' અને હવેની 'પુનિત છવિ' તથા પીગળવાની ને પાયે લાગવાની નહીં પણ 'લળવાની' ક્રિયા એ સાચા કરુણ રસને મૂર્ત કરે છે. 'પૂર્વાંગ'માં, મૃત્યુ પૂર્વેના રસિક-પ્રસન્ન દામ્પત્ય જીવનનો ધબકાર સંભળાય છે, તો 'ઉત્તરાંગ'માં, 'પૂર્વાંગ'ના ધબકતા જીવનનું ભીષણ-મંગલ મૃત્યુમાં પર્યાવસાન પમાય-અનુભવાય છે. 'ઉત્તરાંગ'ના દશમા શ્લોકમાં મૃત્યુ વિષયક સુંદર સ્વભાવોક્તિ જોઇએઃ-

'પ્રભા તો વિલાઇ; તિમિર ઊલટ્યાં, પૂર પ્રગટ્યાંઃ
મહા મૂર્છામાંહી, અણુઅણુ વિષે પ્રાણ તલસ્યા.
શમ્યા ધીરે શ્વાસો, નયન વિરમ્યાં, ક્રૂર નિધને,
ખરે ! અંતે લીધો અજગર સમો દુષ્ટે ભરડો !'

ગૃહ, પતિ, શિશુ અને અન્ય માયા-જાળને ત્યજીને તું તો મુક્ત થઇ ગઇ પણ અહીં અમારી શી સ્થિતિ થઇ ? એક સુંદર અર્થ-ગર્ભ પંક્તિમાં કવિ લાઘવથી પોતાની દયનીય સ્થિતિનો આ રીતે ચિતાર આપે છેઃ-

'ખર્યું કંકુ તે તો જીવનભરનું મારું અતીતે' અને પછી ઉત્પ્રેક્ષા કરીને બીજી એક પંક્તિમાં કહે છેઃ-

'બધે શું ફેલાયાં પ્રલયમય પૂરો પ્રગટનાં ?'

પત્ની વિહોણી કવિની સ્થિતિ જીવન્મૃત સમાન છે...ધીરે ધીરે તે મૃત્યુ મુખ પ્રતિ ગતિ કરી રહ્યા છે...પણ એ સ્થિતિ કેવી છે ?

'અરે એ તે કેવું ? દુઃખ સરી જતું શાંત સુખમાં' દુઃખનો અતિરેક શાન્ત સુખની અનુભૂતિ કરાવે છે. સો સો વીંછી-ડંખની વેદના જેવું મારું દુઃખ નથી કહેવાતું કે નથી સહેવાતું અને તું જ કહેઃ-

કહું કોને વ્હાલી ! તું જ વિણ નહીં અન્ય રુજને' આ પછી કવિ, એમના બે દેહમાં નિવસતા એક જ આત્માની વાત કરી, નિર્મમ, વિધાતાને ઉપાલંભે છે. વનના કોઇ વિદ્ધ મૃગ સમી મારી દશા છે ને બધા જ 'નકરા જખમો' એકલવાયો સહન કરું છું. કારણ ? નિર્મમ વિધાતાની ઇચ્છા છે કે :-

'વ્યથિત જન ! તું લેશ હસ મા'

'ઘણીવાર મને લાગે છે કે તું આઘે વસીને પણ મને ગહનનાં ઇંજન દઇ જતી હોય છે. હવે તો તું મારે માટે અવ્યાખ્યેય બની ગઇ છે. હવે મિલન, આશ્લેષ કે પ્રણયલીલા કેવી ? અને છતાંયે મને શ્રદ્ધા છે કે...'બે આત્મા સતત ઊડશે રે ! મૃતકના' ઘણીવાર હું કલ્પું છું કે 'વસ્યો વક્ષે તારે શિરીષકલની સેર સમ હું' છતાંયે હે નિર્મમ ! પ્રણયનો એકકેય

ઉદ્‌ગાર તું કરતી નથી. અનેકવાર મારે હૈયે રુરુદિશામાં સ્પંદન ઊઠે છે ને મૃત્યુ પ્રતિદિન મારો પ્રાણ હરે છે. અને એ મૃત્યુ તો-

'રહસ્યો ઊંડાં ને નયનમનમાં સ્પષ્ટ કરતું'

વાત પણ સાચી છે કે મૃત્યુ જ તત્ત્વજ્ઞાનનું પ્રવેશદ્વાર કે રહસ્યદ્વાર છે. અરૂપ-રૂપની રહસ્યમયી લીલા એટલે જ શું મૃત્યુ ? મારા ચલિત ચિત્તનાં વ્યર્થ વલણો મને દુરિત કળણોમાં ગ્રસી જાય છે. પણ હે સખી! તું તો હવે આત્મસ્થિતા છે. હું પણ એ સ્થિતિને ઝંખું છું. પણ ઘણીવાર સ્થિતિ આવી થઇ જાય છે.

'યથા વર્ષા નીરે સરવર જશું પૂર્ણ છલકે,
અશું આ મળ્યાનું પડળ ચડતું પ્રેમ-પલકે'

પણ અત્યારે તો સ્નેહનાં સૌ શમણાં--

'બધાં વેરાણાં છે રણપટ વિષે છિન્નકણ શાં'

હવે તો તારા જન્મદિને પણ તારા મરણ દિનનો જ કાળ-મહિમા અનુભવાય છે. સૌ સંગાથીઓ પણ મૃત્યુ પંથે સંચર્યા છે, અને જે બાકી રહ્યા છે તેય-'રહ્યા બાકી બેઠા મરણમિલને રામરથમાં' ભીંત પર લટકાવેલી તારી છબિને 'આ ગૃહના ગહન ગીતલયશી' અનુભવું છું. અલબત્ત ! એકદા તારું સ્થાન ભીંતે નહીં પણ મારા હૃદયમાં-પ્રાણમાં હતું...પણ પરિસ્થિતિ વિપર્યાસે શી દશા થઇ છે ?

'પરોવાતી પૂર્વે, તવ નજરમાં દૃષ્ટિ મુજની;
હવે તારી વારી, મુજ પર, નિરીક્ષાની તુજની !
થતી પૂર્વે વાતો, સમય સમયે તો ઉભયની,
હવે હું એકાંકી લવરી કરતો જૈશ લય.'

આ પછી કવિ, પરલોકમાં શ્રદ્ધા પ્રગટ કરી, સદ્‌ગત પત્નીના વૈકુંઠવાસની કલ્પના કરે છે ને જાણે કે :-

'ધરી હસ્તે માળા વિવિધ કુસુમોની ગ્રંથિત તું,
હશે જોતી મારી ચિરસ્થિર મને વાટ પ્રિય શું ?

આ પછી કવિ, અતીતના ઘુંઘટને ઊંચો કરી વહી ગયેલાં વર્ષોની વહી, કવિ 'કાન્ત'ની કાવ્ય કક્ષાઓથી ઉકેલે છે :-

'વહ્યાં વર્ષો તે તો સુખદુ:ખ વિભાવે વહી ગયાં'
અને થોડાં ભીનાં સુખદ સ્મરણે ચિત્રિત થયાં.
રહસ્યોની કેવી અકળ થઇ આ વિસ્મય કથા ?
વ્યથા-આનંદોની ઝરમર ઝમી મેઘલ તથા

'વિચ્છેદ'ના શરૂના ૪૫ શ્લોકોમાં ગત પત્નીનો શોક અને એના ગુણોની પ્રશસ્તિ ગાથા બાદ, ૪૬મા શ્લોકથી આ સંસારની અસારતા, દેહની નશ્વરતા, ને આત્માની અમરતાની-ક્ષર-અક્ષરની શોકશામક ચિંતન-લીલા શરૂ થાય છે. ૪૬મા શ્લોકમાં તે કહે છે:-

'અહીં આ સંસારે સરતું સઘળું : કૈં સ્થિર નહીં !
વહે વાયુ તેવું સકળ વહેતું ચંચલ અહીં,
ચણેલું પાષાણે જીરણ બનતું, શીઘ્ર ખરતું;
તથા કાષ્ટે, લોહે, પ્રબળ પવને તેમ ઝરતું !
તો પછી શાને ધારુ જીવનભર આ વ્યર્થ વલખાં ?'

જો કે આમ છતાંયે મારી સ્થિતિ કેવી છે ?

'કપાયો શો ઊડે દિશવિહીન કોઇ કનકવો'
ગુલાંટો ખાઉં છું, ક્ષણ ક્ષણ કપાઉં છું વરવો.

અને છતાંયે સૌ રસભીના સંબંધોને વિસ્મરી, શૂન્યમાં સરકી જવા વિના અન્ય કોઇ આરો-ઓવારો છે જ ક્યાં ? સર્વ સખ્યોમાં હે સખી ! તારું સખ્ય મુદિત-રસીલા ગુપ્ત ગીત સમાન હતું. પણ આજે તો એ સુભગ શમણાં એ ધન્ય રમણા 'વિકલ હૃદયની ભ્રાંત- ભ્રમણાં સમાન સેવું છું. આ પછી કવિ, ૬૦ થી ૬૩ સુધીના ચાર અનન્ય શ્લોકમાં સુંદર સુખદ અતીતનાં શમણાંને સુક્ષ્મતાથી સંવેદી, વાસ્તવિકતાની કઠોરતા નિર્દેશતાં કહે છે :-'મને બાંધ્યો, છોડ્યો, વિધ વિધ પ્રકારે પ્રણયમાં પછી મૂકી દીધો, વિરહમય ઉદ્‌ભ્રાંત ભ્રમમાં' જીવનભર તું મારી સંવાદી રીતે જીવી-'ન ભ્ર તારાં ક્યારે ઉપર ચઢિયાં કે ઊતરિયાં' અને બોલતી ત્યારે તો જાણે કે : 'છલક છલક્યો હેત-દરિયો' તું પ્રમોદિની પૂર્ણા હતી, કવલ કવલે અન્નપૂરિતા હતી, તું ચંદ્રમુદિતા હતી...તું તો હતી.

'મિથ: શિષ્યા મારી સચિવ સખી ને તોય ગુરુ શી'...નિરાળી ગાર્ગી હતી. આ પછી કવિ એમના પ્રણય-પત્રોની વાત કરે છે. હતા તારા પત્રો રસભરિત ને રંગભર તે' અને કવિના પત્રો : અને મારાયે તે પ્રણયમય ઉદ્‌ભ્રાંતિભર રે !' પણ હવે પત્રો કેવા ? અને અને ધારો કે કદીક, ભ્રાંતિભર એવો હું હે સખી ! તને પત્રો લખું તો પણ :-

'લખી, પત્રો સ્વર્ગે, કવણ સહ તે પ્રેષિત કરું ?'

આ પછી કવિ ત્રણ શ્લોકમાં (૮૩ થી ૮૫) સાવ સરળ બૈરકબોલીમાં પત્ની પિયરવાટે સંચરીને સાસરે પરત આવે છે તે ગાળાનું સુંદર ચિત્ર આલેખે છે. કવિ કહે છે કે તું પિયરપંથે સંચરી ત્યારે જાણે કે મારું હૃદય પણ તારી સાથે લઈ ગઈ અને પાછી આવી ત્યારે જાણે કે 'નવલવધુ' શી આવી ! આ ક્ષણિક વિરહને પત્ની જીવન આ રીતે આલેખે છે:-'બળ્યું કેવું છે રે ! પ્રિયતમ પ્રિયાનું જીવન આ ! જુદાં થાતાં ઝાઝી સતત રટણા રે' તી મનમાં' અને 'રહી થોડું કિન્તુ વિરહી મિલનોત્સુક વહી છું , ખરે આવી જ્યારે ગૃહ સકળ લાગ્યું હરખવા'

આ પછી પ્રણય-રતિના મુક્તરથમાં વિધ વિધ સ્થળે વિહાર કર્યાની કમનીય કવિતાઇ કેફિયત રજૂ કરીને સંવનનું એક સુંદર ભાવવાહી શબ્દચિત્ર રજૂ કરતાં કહે છે:-

કદી મારે સ્કંધે તવ શિર ઢળ્યું કુંતલભર્યું,
કદી તો ઉત્સંગે શયન કરતી સ્નેહ-સભર્:
કદી હું યે લેટ્યો પૃથુ તવ ઉછંગે સુતયને !
ગયું ઝૂકી ત્યાં તો વદન તવ મારા જ વદને ?

આવા જ એક અન્ય શ્લોકમાં (૯૩) ઉપર્યુક્ત રંગીન વિલાસને સ્મરતાં, અનુસંધાન રૂપે કહે છે :-

'રસોલ્લાસે હાસે નિશ દિન સખી ! ઉત્સવ હતા' અને આપણા એ સંબંધો તો :-

'બધા સંબંધોમાં અહહ ! તવ સંબંધ વિરલ !
બધા આશ્લેષોમાં ગહનં તવ આશ્લેષ અકુલ !
બધી યાદોમાંહી સહજ સ્મૃતિ તારી શી સરલ ?
સ્ફુરે સ્ફુરે જાણે કવિમન વિષે કાવ્ય તરલ !

આ પછી અશ્રુઓને, વિરહભડકે બળતી તપ્ત સ્મૃતિને, ગત સમયની સ્નેહશ્રુતિને, ભવોભવની પ્રણયાનુભૂતિને અને દ્યુતિને ઉબોધન કરી, હારણદશાથી આહત થઇ, ભાવિની અનિશ્ચિતતાને શંકી અંતે કહે છે : છતાં ચાલ્યો જાઉં વહત ધૂંસરી કો ધુરીણ શી !! કાંધ પર ધૂંસરી ધારણ કરીને લથડતી ચાલે ચાલતા થાકેલા બળદિયાની ઉપમા સચોટ છે.

કરુણ-પ્રશસ્તિ-કાવ્યમાં, મૃત્યુજન્ય કરુણતા સાથે મૃતાત્માની ગુણ-સંપદાની પ્રશસ્તિ તો હોય જ અને અંતે સંતપ્ત હૃદય, ચિંતન ને મંથન રૂપે કૈંક આધ્યાત્મિક અવલંબનને સ્વીકારે એ રીતે કવિ કહે છે :-

'અરે ! જાણ્યું જો કે જીવન સઘળાં મૃત્યુમય છે;
પ્હણે દીવાદાંડી, નયનમઢતો જાઉં વધતો

આગળ વધતાં તે પરિચય હીણું રૂપ લઇને કેવળ ઓળો બની શૂન્યમાં મળી-ભળી જવા વાંછે છે. ચિત્તમાંથી સકલ ભાવોનું ઉન્મૂલન ઇચ્છે છે અને છતાંયે કૈં શેષ વધે તો-

'વિરહ-તપનું તેજ તનમાં ઝગે એવી મનીષા સેવે છે હવે તો તે નિજના આદિ સ્થળમાં જવા માગે છે. પુરાણી નાવને તિલાંજલિ બક્ષી, નવીન તરણિ ધારા તે કોઇપણ ભોગે અતળને તાગવા માગે છે. વિધાતા પણ 'ઘર' 'પકડ' ને મે'લના કેવાક ખેલ ખેલે છે. કેમ જે-

'સમો'ની સીમાથી જીવતર ઝલાયાં જગતનાં
ન હો' અંતો ક્યારે અમર પ્રણયે હો અમરતા'

હવે બિનશરતી શરણાગતિના ભાવથી 'શરણાગતિનાં ભાવતરણાં મુખમાં ધારણ કરીને-

'પ્રવેશું છું જાણે કુસુમરજશાં દેવઘરમાં'

કુસુમરજ શા દેવગૃહ પ્રવેશ પછીનું જે દર્શન છે તે કોઇ પણ જીવાત્માને ધન્ય કરી દે તે પ્રકારનું છે. જુઓ :

'હવે દેખાયે છે હિમગિરિતણાં શૃંગ ધવલાં,
અને મંદિરો તે પરમ પ્રભુનાં ધામ નવલાં
પતાકા ઊંચે રે' કશી ફરફરે મુક્ત દિશમાં
અને હૈયું મારું લીન થઇ જતું ઇષ્ટ ઇશમાં'

અને એ ઇષ્ટ ઇશમાં લયલીન થતું હૈયું અન્તે-

'બની ગંગા જેવું ધસતું ભળવા સિંધુજલમાં
શમી જાતું ઊંડે પરમજલધિ બ્રહ્મ-દલમાં'

આ પછીના બે શ્લોકોમાં (૧૧૮-૧૧૯) કવિ સૌનાં પ્રણય વિભવે ભાગ્ય ફળવાની અને કોઇપણ પ્રકારના વિચ્છેદો કે ઝુરાપા કોઇપણ જીવને સહન કરવા ન પડે તેવી આશા સેવે છે ને પુનરપિ મિલનયોગ પ્રાપ્તિને અન્તે 'અહોરાત્રી' વીતો પ્રણય પ્રભુ કેરા સદનમાં' અન્તે નિયતિને શરણને જઇ એના સંકેતમાં વ્યકતિ અને સમષ્ટિનો શ્રેયસ્કર ઉપશમ વાંછે છે :-

'અને વિચ્છેદોમાં પુનરપિ નવાં પેખ મિલનો;
શમો શાંતિ માંહી ઉપશમ અહીં હો અખિલનો.

આમ, અખિલનો ઉપશમ ઝંખ્યા પછી પણ અંતિમ ત્રણ શ્લોકોમાં કવિ કહે છે કે, પ્રાણને દહતો આ વસમો વિરહ વેઠાતો નથી જેથી તે પૂર્ણા નદીની ભેખડ થકી :-

'ઝાંખું હું નીચે, અતલ જલ ધુંબાંગ સરકી'

કવિના આવા સાહસથી સમસ્ત પ્રકૃતિ શાન્ત થઇ ગઇ અને એ સાહસની ફલશ્રુતિ શી ? તો કવિ કહે છે કે :-

'અશો ઊંડે ઊંડે અતળ જળ પાતાળ શયને,
શમી જાઉં કુંડે, લઘુક પથરો કોક થઇને,
જલેથી જન્મે લો, જલદલ વિષે લુપ્ત થઇને,
મહા નિર્વાણોમાં પરમ સમીપે સ્વર્ગ અયને ?

અને અહીં આ 'વિરહગાન' પણ નિર્વાણ પામે છે.

આ વિરહની છંદપસંદગી એકદમ યથાર્થ છે. છંદશુદ્ધિ સાદ્યન્ત જળવાય છે, પણ કવચિત્ આવી ગદ્યાવલીમાં શિથિલ પંક્તિ પણ આવી જાય છે. દા. ત. :-

'અરે ! કાઢી આલું કંઇ પણ બચ્યું હોય મુજમાં'

મોટા ભાગની પંક્તિઓમાં શિખરણીનો કેફ મહદ્ અંશે વરતાય છે... ક્યાંક ક્યાંક તો કલાન્ત કવિ, કે કવિ 'કાન્ત'ના શિખારિણીની સરખામણી થઇ જાય છે. ફરુ ખંડે ખંડે વાંચતાં બ. ક. ઠાકોરનું પરલોક શ્રદ્ધા, ટાણે, ન. ભો. દી.નું 'તુંજ વિણ નહીં અન્ય રુંજને', 'અરે વ્હાલાં આવો', બધા સંબંધોને સમય રસભીનોમાં 'કાન્ત'નું, 'તને મેં ઝંખી 'તી યુગ યુગ તણા તીવ્ર તપથી'માં 'સુંદરમ્'નું 'પ્રમોદિની પૂર્ણા', કવલ કવલે અન્નપૂરિતામાં શયનેષુ રંભા ને ભોજયેષુ માતાનું, 'મિથ: શિષ્યા મારી સચિવ, સખી ને તોય ગુરુશીમાં કાલિદાસનું, 'અહો' પસ્તાવાનાં વિપુલ ઝરણામાં કલાપીનું સહેજે સ્મરણ થઇ જાય છે. સાહિત્યના વિશાળને ઊંડા પરિશીલનને કારણે આવી અસરો અસંપ્રજ્ઞાતપણે ઝીલાઇ જતી હોય છે.

'વિચ્છેદ'નો પ્રધાનરસ 'શૃંગાર મિશ્રત કરુણ છે ને એનું પર્યવસાન શાન્તમાં થાય છે. આ વિરહગાનમાં શોક છે આછો ઘેરો, ગુણપ્રશસ્તિ છે અતિ વાસ્તવિક, કરુણ છે અતિ સંયમિત ને ચિંતન છે પરંપરાગત ને ઊર્મિ-પ્રણીત. કરુણ પ્રશસ્તિનાં ઘણાં ગુણલક્ષણો મૂર્ત કરતું આ વિરહગાન, એની ઊંડી અનુભૂતિ અને દક્ષ અભિવ્યક્તિને કારણે, ગુજરાતી વિરહગાન સાહિત્યમાં પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરશે જ.

# સ્વતંત્રતાની કિંમત શી હોઇ શકે ?

☐ હેમાંગિની જાઇ

'સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! અભંગમંત્રદેવતા ! અનંતરૂપિણી.' સ્વતત્રતાને કવિશ્રી દેશળજી પરમારે અભંગમંત્ર-દેવતા કહી બિરદાવી છે. માણસ મંત્રની બાબત જેટલો સ્વાધીન છે એટલો કદાચ યંત્ર કે તંત્ર બાબત નથી. યંત્ર તો ગમે ત્યારે ખોટકાય અને કામ ખોરંભાય અને તંત્ર? સર્વતંત્ર સ્વતંત્ર તો દેવો પણ નથી. બ્રહ્મા વિષ્ણુ પર નિર્ભર છે અને વિષ્ણુ શંકર પર. રહ્યો એક મંત્ર ! ચાણક્યાનાં રાજનીતિ સુત્રો છે. मन्त्रमूलाः सर्वारम्भाः । मन्त्ररक्षणे कार्यसिद्धि भवति । मन्त्रसम्पदा राज्यं विवर्धते ।

માનવમાત્ર સ્વતંત્રતાનો મંત્રદષ્ટા છે. એકવાર સ્વતંત્રતાની તૃષા જાગે તો ક્યારેક ને ક્યારેક સ્વાતંત્ર્યની ઉષા જરૂર જાગે. न त्वेव आर्यस्य दासभावः ।

વેદોના મન્ત્રો માનવ સંસ્કૃતિના ઉષ:કાળમાં રચાયેલા છે. છતાં એની અંદર સમાયેલું સનાતન સત્ય સાંપ્રત સમાજને ય ઉપયોગી નીવડે એટલું ઊર્જસ્વી છે. વેદકાલીન આર્ષદષ્ટાઓની આત્મદા, બલદા, ઋતંભરા પ્રજ્ઞા થકી એ પ્રગટેલું છે.

સ્વાતંત્ર્ય, વ્યક્તિ સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય, વિચાર સ્વાતંત્ર્ય, સામાજિક, આર્થિક, રાજકીય, ન્યાય, તકની સમાનતા, રાષ્ટ્રીય એકતા, લઘુતા, માનવતા, સમતા આ બધી વિભાવનાઓ અર્વાચીન હોય તો પણ એની કલ્પના વેદો જેટલી પ્રાચીન છે. માનવ, યુગો પહેલાંનો વેદકાલીન હો યા વિજ્ઞાનયુગનો સમકાલીન-એક વાર પરાધીનતાનો એને એહસાસ થાય તો સ્વતંત્રતાનું મૂલ્ય અનેકધા, અનેકશ: અનેકગણું વધી જાય. સ્વતંત્રતા એનો જીવન મંત્ર બની રહે, જીવન-યજ્ઞ બની રહે.

સ્વરાજ્યની યજ્ઞજ્વાલામાં સ્વતંત્રતાનો મંત્રપાઠ કરતાં કરતાં કંઇ કેટલીય આહુતિઓ અપાઇ. સ્વતંત્રતા કંઇ એમ મળે છે ? એનાં ય મૂલ્યો ચૂકવવાં પડે છે. સ્વતંત્રતાને ઝંખનારાઓ કદી થાક્યા નથી, કારાવાસથી હાર્યા નથી. હરકોઇ અમાનુષી હરકતો કે ગોળીબારના નિશાનોથી નિરાશ થયા નથી. ઉજ્જવલ, ધવલ શહાદતનો ઇતિહાસ પોકાર કરી કરીને કહે છે -ભયંકર કત્લેઆમો, લાઠીમાર, શયતાન કંપી ઊઠે તેવી રિબામણીએ ફાંસીના માચડા કે જનમટીપનાં એકાંત આઝાદીના આશકોને એમના રાહથી હટાવી શક્યા નથી. ખમીરવંતા સ્વાતંત્ર્ય સૈનિકોનાં સંકલ્પબળ અને અવિચળ શ્રદ્ધાનાં જળ ક્યારેય સૂકાયાં નથી. સ્વાતંત્ર્ય માટે સત્યનું સામર્થ્ય, અન્યાય સામે ઝઝૂમવાનું પ્રેમમંડિત શૌર્ય, અવિરત શૌર્ય, અનાવરત કાર્ય અને આત્મશ્રદ્ધાનું કવચ અભેદ્ય અને અચ્છેદ્ય રહ્યું.

આઝાદીનો એમનો એક જ ગુરુમંત્ર-

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

યારોં, ફનાના પંથ પર આગે કદમ !

ઋગ્વેદના પ્રથમ મંડળના દસમા સૂકતની ઋચા છે- प्रेहाभीहि धृष्णुहि न ते वज्रं नियंसते । इन्द्र...अर्चन् ननु स्वराज्यम् ॥ ઋ.૧.૧૦.૩

અર્થાત્-આગળ ધપો ! વીરતાથી સામનો કરો !' તારું અમોઘ વજ્ર કદી નિષ્ફળ ન જાય, ઇન્દ્ર ! સ્વરાજ્યની અર્ચના કરનાર, આગળ ધપો.ઈ

રાષ્ટ્ર પ્રેમની ચિનગારી પ્રગટાવનાર, જનતાના હૃદયને વાચા આપનાર, રાષ્ટ્રીય અસ્મિતાને દ્રઢમૂલ બનાવનાર, રાષ્ટ્ર- જાગૃતિના ઉદ્‌ગાતા અને સ્વાતંત્ર્યના રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ આપેલો આગેકદમનો ગુરુમંત્ર વેદકાળના ઉપર્યુક્ત મંત્રનો યુગ યુગથી માનવના હૃદયમાં ગૂંજતો અને ઘૂમતો પ્રતિધ્વનિ છે એવું નથી લાગતું?

સ્વાતંત્ર્યની ઝુંબેશ વ્યક્તિગત હો, સમાજગત યા રાષ્ટ્રગત- એમાં આરોહ-અવરોહ, વિરોધ-અવરોધ, આઘાત-પ્રત્યાઘાત આવ્યા વિના રહેતા નથી. ભારતનાં સ્વાતંત્ર્ય દિનને કાકાસાહેબે ભવ્ય-કરુણ દિન કહ્યો છે.

કરુણ એટલા માટે કે अविभक्तं च भूतेषु ના ગીતાસંદેશને ઝીલનારા આ દેશના ભાગલા પડ્યા. દેશ વિભક્ત થયો. ભવ્ય એટલા માટે કે ભારતનું આઝાદી પર્વ દુનિયામાં અજોડ છે. કાળા કેર સામે ય વેરઝેર વિના, લોહીનું ટીપું ય પાડ્યા વિના સત્ય અને અહિંસાના ભવ્ય-દિવ્ય માર્ગે એ મળેલી છે.

વિદેશી સલ્તનતની હકૂમત નીચે કચડાતી પરાધીન પ્રજાનો આક્રોશ હોઇ શકે પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિના અવસરે ભૂતકાલીન શાસકો પ્રત્યે વિદ્વેષ ભારતે દાખવ્યો નથી. રાષ્ટ્રપ્રેમ સાથે માનવતાના પ્રેમનો સુયોગ સાધવાનો એકસુચારુ પ્રયત્ન ભારતે કરી બતાવ્યો. રાષ્ટ્રપ્રેમ ખાતર માનવ જીવનમાં ચિરસ્થાયી, સર્વોત્કૃષ્ટ મૂલ્યોનો ભોગ ન આપવાની સાત્ત્વિક ભાવના ભારતની તંદુરસ્ત રાષ્ટ્રભક્તિનું સુચિન્હ છે. ગુરુદેવ ટાગોરે 'ઘરે બાહિરે'માં સમાજ અને રાષ્ટ્ર કરતાં ય સત્યને મૂઠી ઊંચેરું ગણવાનો સંદેશ આ દેશ સમક્ષ મૂક્યો જ હતો. કૌટિલ્યનું સૂત્ર છે- राष्ट्र पालयते नित्यं सत्यधर्मपरायणः ।

ભારતીય સંસ્કૃતિની ભાવના છે, વિભાવના છે, સંવેદના છે કે સ્વાતંત્ર્યની ઝુંબેશ સ્વાતંત્ર્યનું ઝનૂન કદાપિ ન હોઇ શકે . ભારતનો રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય સંસ્કાર નથી સંકુચિત કે નથી વિકૃત. એ તો છે વિસ્તૃત, વિશ્વભૃત् सर्वभूतहितेरतः

ઋગ્વેદ કાળથી જ રોજબરોજની પ્રાર્થનાઓમાં દેશનું અને સમગ્ર વિશ્વનું અખંડ સ્વરૂપે દર્શન કરવામાં આવ્યું છે. જનજીવનના સમૃદ્ધિદાતા તરીકે ભારતની અર્ચના કરવામાં આવી છે. દેશભક્તિના એના ઉદ્‌ગારોમાં ઉગ્ર આવેશમયતા નથી. એમાં તો વણાયેલી છે સ્નિગ્ધ હૃદયની સુકોમલતા. જનની અને જન્મભૂમિની સ્વર્ગથી ય અદકેરી સંતર્પક ગરિમા.

વાલ્મીકિ રામાયણનો પ્રસંગ છે. રાવણવધ પછી રામચંદ્રજીને લંકાનું સિંહાસન ગ્રહણ કરવાનું સૂચન કરવામાં આવ્યું ત્યારે શ્રીરામના મુખમાંથી સરેલા આ ઉદ્‌ગારો છે.

अपि स्वर्णमयी लङ्का न मां लक्ष्मण रोचते ।

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

અર્થાત્ લંકા સોનાની ભલે હો લક્ષ્મણ ! માતા અને માતૃભૂમિ મને સ્વર્ગ કરતાં પણ પ્રિય છે.

સુવર્ણ અને સંપત્તિના મોહમાં માતૃભૂમિને છેહ દઇને અન્યત્ર જઇ વસનાર માટે રામના આ ઉદ્‌ગાર દીવાદાંડીના અજવાળાં પાથરે છે.

રામ લોકાભિરામ છે તો કૃષ્ણ લોકમહેશ્વર. એકે જનરંજન કર્યું તો બીજાએ જનકલ્યાણ. રામ જન્મ્યા મહેલમાં અને કૃષ્ણ જન્મ્યા જેલમાં. કારાવાસના બંધનમાં જન્મીને પણ મુક્તિનો સંદેશ આ દેશમાં રેલાવતા ગયા. કૃષ્ણનું જીવન-સંગીત એટલે સ્વાતંત્ર્ય પ્રીતનું શાશ્વતગીત.

સ્વાતંત્ર્યની જાગતિક કલ્પના વેદકાળથી આજ સુધી સ્ત્રીના સ્વરૂપમાં કરવામાં આવી છે. વાગામ્ભૃણીનું સૂક્ત છે. એક ખમીરવંતી ઋષિકા છે. સમૃદ્ધિની સંગમની છે. પ્રજ્ઞાવાન છે. યજ્ઞીય સ્તુત્ય દેવોમાં સર્વપ્રથમ અને સર્વશ્રેષ્ઠ છે. સામ્રાજ્ઞી છે. રાષ્ટ્રની અધિષ્ઠાત્રી છે. સ્વયં રાષ્ટ્રી છે. રાષ્ટ્રવિધાત્રી છે. अहं राष्ट्री संगमनी वसूनां चिकितुनी प्रथमा यज्ञियानाम ।

સંસ્કૃત વાઙ્મયમાં સ્ત્રીને પુરંધ્રિ કહી છે. પુરંધ્રિ એટલે પુર, નગર કે રાષ્ટ્રની રક્ષક અને પોષક. દેશ ભલે ને સ્વતંત્ર હોય પરંતુ સ્વાતંત્ર્યની અધિષ્ઠાત્રી પ્રજાનું ઘડતર કરનારી સ્ત્રી જ જો પરતંત્ર હોય-પછી એ સ્તર માનસિક હો , સામાજિક કે રાષ્ટ્રીય-તો આવનાર પ્રજા માનસિક રીતે કંઇક અંશે પરાધીન જ રહેવાની.

આ સનાતન સત્યને શ્રીકૃષ્ણ, ગાંધીજી, સરદાર પટેલ, વિનોબાજી જેવા સમાજ હિતચિંતકોએ સ્વીકાર્યું. સ્વરાજ્ય વિશે શ્રી સરદાર પટેલનું મનનીય વિધાન છે. 'સ્વરાજ્ય આવશે ત્યારે સ્ત્રીઓના પ્રશ્નોનો ઉકેલ આવશે એ માન્યતા બરોબર નથી. ખરી વાત તો એ છે કે સ્ત્રીઓને પદભ્રષ્ટ કરવામાં આવી છે. તેમને યોગ્ય સ્થાને બેસાડવામાં આવશે ત્યારે જ સ્વરાજ્ય મળશે. એવા સુધારા કાયદાથી થવાના નથી.'

મહાભારતનું અર્થઘટન કરતાં શ્રી કરસનદાસ માણેકે એક માર્મિક વિધાન કર્યું-જેનો રાજા કંસ હોય તેની પ્રજા કુબ્જા જ હોય. કુબ્જા એટલે ત્રિવક્રા. ત્રણ ઠેકાણેથી બેવડ વળી ગયેલી. ગરદન, ગોઠણ અને કમ્મર. કમ્મરથી કુબડ એટલે કમ્મરતોડ બોજાથી લદાયેલી. ગરદનથી વાંકી એટલે સ્વમાનથી ઘવાયેલી અને ગોઠણથી વળેલી એટલે કે પગભર નહીં એવી કુબ્જા જેવી પ્રજાને કૃષ્ણે મજાની બનાવી, સરસ સુંદર બનાવી. કંસ મથુરાધિપતિ છે તો કૃષ્ણ મધુરાધિપતિ છે. મથુરાની કુબડી પ્રજાને એમણે મધુરા બનાવી.

સમાજમાં અનિષ્ટો, અર્થના અનર્થો દૂર થાય તો પ્રજા સત્ય, શિવ, સમન્વિત સુંદર ભાસે. યજુર્વેદમાં આર્ષદ્રષ્ટા ઋષિની આર્તપ્રાણ પ્રાર્થના છે.

महे चन त्वामद्रिवः परा शुल्काय देयम ।

न सहस्राय नायुताय वज्रिवो न शताय शतमघ ॥ અર્થાત્-

હે દેવ ! હું તને, મારી અંદર રહેલા માંહ્યલાને કોઇ પણ કિંમતે કદાપિ નહીં વેચું, નહીં વેચું. હે અમૂલખ સૌંદર્યથી યુક્ત અન્તર્યામિન્! હજારની કિંમતે નહીં, દસ હજારે ય નહીં. અઢળક દ્રવ્યની લાલચે પણ મારા અંતરમાં સ્થિત આત્માને નહીં વેચું. કૌટિલ્યની રાજનીતિનું મૂલભૂત સૂત્ર છે -कदाचिदपि चरित्रं न लङ्घयेत ।

દ્રવ્યની લાલચે સમાજનો દ્રોહ કરનારને આરપાર ભેદે તેવું અમોઘ આ વેદકાલીન ઋષિની નર્મ મર્મ વાણીનું શબ્દવેધી બાણ છે. પૈસા ખાતર જાતને વેચતા આત્મપ્રતારકની આંખો ખોલનારી આ આર્ષવાણી સાર્વકાલિક, સાર્વદેશિક, સર્વદા, સર્વથા, સર્વકોઇ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્રને હિતકારક છે એવું પ્રતીત નથી થતું ?

પ્રાચીન પરિભાષા અને વિચારધારા અર્વાચીન પરિપ્રેક્ષ્યમાં એટલી જ ઉપયોગી છે એનું એક કારણ છે. સમાજ રચનાની સ્થિતિસ્થાપકતા. આર્યોની સમાજરચના ઠેઠ પ્રાચીન કાળથી ટકી શકી છે. કારણ બદલાતી પરિસ્થિતિ અનુસાર ફેરબદલ કરવાનો અધિકાર અને સ્વાતંત્ર્ય એને માન્ય છે. આ એનું અનન્ય વૈશિષ્ટ્ય છે. બદલાતા આચાર-વિચારોને અપનાવ્યા વિના અને સદાચારના પાલન વિના સમાજ કે રાષ્ટ્રના વ્યવહારો ઉત્તમ રીતે નભી શકતાં નથી.

રાષ્ટ્રપ્રેમી રાજ્યકર્તાના મુખમાં મૂકાયેલી યજુર્વેદની ઋચા છે. गणा मे मा वितृषन् । અનેકવિધ ગણરાજ્યોના પરિતોષની અને એને વ્યવહારમાં ઉતારવાની નિરોગી ભાવના ગણતંત્ર ભારતમાં આજે પણ

સમાજને એટલી જ ઉપયોગી છે. ગણરાજ્યની કલ્પના ગણતંત્ર ભારતમાં વેદકાળ જેટલી પુરાતન છે. गणानां त्वां गणपतिं हवामहे । રાષ્ટ્રીય ઉત્થાન માટે મહારાષ્ટ્રમાં આરંભાયેલા ગણેશોત્સવમાં એ પ્રતિબિંબિત થયેલી છે. ગૃહપતિ, નગરપતિ, રાષ્ટ્રપતિ જેવી સંજ્ઞાઓના મૂળમાં ગણપતિ છે એવું કેટલાંકનું મંતવ્ય છે. ગણનાયક ગણેશજી એ અર્થમાં ખરેખર જનગણમન અધિનાયક છે.

ગણપતિના હાથમાં મૂકાયેલો બુંદીનો લાડવો એનું પ્રતીક છે. એક એક બુંદી એટલે એક એક ગણ, એક એક ધર્મ, એક એક પ્રજા. દરેક બુંદી છુટ્ટી છે. દરેક મીઠી છે. પોતાનામાં પૂર્ણ છે. આવી છુટ્ટી છુટ્ટી પણ મીઠી મીઠી બુંદીઓને ભેગી કરીને જેને પોતાની મુઠ્ઠીમાં મીઠાશથી સુસંગઠિત રાખતાં આવડે એ ઘરનો મોભી, સમાજનો સેવક કે ગણતંત્ર રાષ્ટ્રમાં ગણનાયક બની શકે.

वरं न राज्यं कुराज्यराज्यम् । સ્વતંત્રતા એટલે કેવળ સ્વરાજ્ય જ નહીં, સ્વતંત્રતા એટલે સુરાજ્ય. સ્વતંત્રતા એટલે સુસંગઠિત ગણતંત્ર રાષ્ટ્રની વિભાવના. કેવળ સ્વતંત્રતા મળવી એ જ પર્યાપ્ત નથી. એને ટકાવવી પણ જરૂરી છે. ગીતાનો શ્લોક છે योगक्षेमं वहाम्यहम् । યોગક્ષેમ શબ્દને સમજાવતાં અખંડ ભારતના પ્રણેતા આચાર્ય શંકરે એમના ભાષ્યમાં લખ્યું છે -अलभ्य स्य लाभः योगः । लब्धानां परिपालनं क्षेमः ।

અપ્રાપ્યની પ્રાપ્તિ તે યોગ. પ્રાપ્ત થયું છે તેનું પરિપાલન તે ક્ષેમ. એનું વિવર્ધન અને વિતરણ સ્વતંત્ર રાજ્યતંત્રના પાયાના સિદ્ધાંત છે. કૌટિલ્યનું રાજનૈતિક સૂત્ર છે-अलब्धलाभादि चकुष्टयं राज्यतन्त्रम् ।

સ્વતંત્રતા એટલે કેવળ ગુલામીની બેડી જ નથી તોડવાની. પરતંત્રતાનું, પછાતપણાનું માનસ પણ દૂર કરવાનું છે. અજ્ઞાનનો અંધકાર ઓગળે એટલું જ પૂરતું નથી હોતું, જ્ઞાનનો પ્રકાશ પણ રેલાવવાનો હોય છે. માત્ર સંકુચિતતા ઉદારતા અને ભવ્યતાનો નવસંસ્કાર સર્જવાનો કાર્યક્રમ વિસ્તારવાનો હોય છે. અન્યાય, અનીતિ, અસમાનતા સામે સતત ઝઝૂમવાનું જ પૂરતું નથી. ન્યાય, નીતિ, સમાનતાની પુનઃ પ્રતિષ્ઠા માટે પણ સતત લડત આપવાની હોય છે.

કુટિલ રાજનીતિ અને જટિલ ન્યાયનીતિનો સામનો કરવો એટલું જ પૂરતું નથી, જહાંગીરના દરબારમાં એક ધોબણ જે રીતે ન્યાયનો ઘંટ વગાડી શકતી કે રાજા રામના દરબારમાં પોતાને થયેલા અન્યાય અંગે ન્યાય માગવા એક કૂતરા જેવું પ્રાણી જે સરળતાથી જઇ શકતું અને સંતોષકારક ન્યાયી નિરાકરણ તાત્કાલિક મેળવી શકતું તેવું રામરાજ્ય સ્થાપવા પ્રયત્નશીલ રહેવાનું હોય છે. જે પ્રજા રાજાની પાસે સરળતાથી જઇ શકે તે રાજ્યકર્તા રાષ્ટ્રનું રંજન સુપેરે કરી શકે છે એ ચાણક્યની રાજનીતિનું દર્શન છે-सुदर्शना हि राजानः प्रजाः रज्जयन्ति ।

સ્વતંત્રતા એટલે પરતંત્રતામાંથી ઊઠેલી પ્રજાને દરિદ્રતા અને બેહાલીમાંથી મુક્ત જ કરવાની નથી હોતી એને વિકાસની અવનવી તકો મળે, આઝાદી સાથે આર્થિક આબાદી પણ હો એવો સ્વતંત્રતાનો જીવન-યજ્ઞ કેવળ એક દિવસીય નહીં, અખંડ, અવિરત, આમરણાંત ચાલુ રાખવાનો હોય છે.

સ્વતંત્રતા મૂલ્યોનું મૂલ્ય છે. રાષ્ટ્રીય સંસ્કાર છે. માનવના સર્વાંગીણ વિકાસનું મૂલભૂત તત્ત્વ છે, સત્ત્વ છે. એ એનું મહત્ત્વ છે.

અથર્વવેદના બારમા કાંડનું પ્રથમ સૂક્ત છે. નામ એનું ભૂમિસૂક્ત. ઉદાત્ત માનવ સંસ્કૃતિ અને મૂલ્યપરક રાજનીતિનું એમાં મનોરમ ચિત્રાંશ છે. માતૃભૂમિનો જયઘોષ છે. અદ્ભુત કાવ્યમય શૈલીમાં સર્વતોમુખી રાષ્ટ્રોન્નતિનો વેદઘોષ છે એનો પ્રતિઘોષ આજે પણ આશિષ્ઠ, બલિષ્ઠ, દ્રઢિષ્ઠ છે. એમાં કોઇ દેશવિશેષ કે જાતિવિશેષનો સંકેત નથી. રાષ્ટ્ર એટલે સામુદાયિક વ્યક્તિમત્વ. રાષ્ટ્ર એટલે સંઘચેતનાનું સંવર્ધિત સ્વરૂપ. ઐક્ય એનો આત્મા છે.

આખી યે ધરતીની માનવ પ્રજા અને માનવ રાષ્ટ્રો એક સૂરે ગાઇ શકે, એને આધારે સાર્વભૌમ સ્વાતંત્ર્યને આજે પણ મૂલવી શકીએ. માનવમાત્રનું રાષ્ટ્રીય ગીત બની શકે તેવું એમાં સામર્થ્ય છે. ૬૩ ઋચાઓમાં વિસ્તરેલા આ સૂક્તમાંથી કેવળ એક ઋચા ઉદ્ધૃત કરી સંતોષ માનીએ. जनं बिभ्रती बहुधा विवाचसं नानाधर्माणं पृथिवी यथौकसम सहस्त्रंधारा द्रविणस्य मे दुहां ध्रुवेव धेनुरनपस्फुरन्ती ॥

અર્થાત્ બહુવિધ ભાષાઓ, અનેકવિધ ધર્મો અને વિભિન્ન જનસ્રુતિઓને પોષતી આ પૃથ્વી કામદુઘા ધેનુ જેવી મને સહસ્ત્ર ધારાઓથી વૈભવ સંપન્ન કરતી રહે.

ભિન્ન ભાષાઓ, વિભિન્ન ધર્મો અને ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ પ્રત્યે આર્યોનો દૃષ્ટિકોણ કેટલો ઉદારમતવાદી છે, કેટલો સમન્વયવાદી છે એનું પ્રતિબિંબ આ ઋચામાં ઝીલાયેલું છે. વેદ માનવમાત્રનો ગ્રંથ છે તેથી વેદોની આંતરિક પ્રેરણા તો એજ રહી છે- माता भूमिः पुत्रोऽहं पृथिव्याः । સમગ્ર પૃથ્વી એક માતા છે. આપણે એનાં સંતાનો છીએ. પરસ્પર ભાઇ-ભાઇ બનીને રહીએ. આવા જ એક ભાવનું સ્વરચિત ઉદ્ગીથ છે.

હિંદુ હો મુસ્લિમ હો શીખ ઇસાઇ
જૈન બૌદ્ધ પારસી હમ ભાઇ ભાઇ
અંતરંગ અતિ ઉમંગ એક સંગ માઇ
પંચરંગ પ્રજા તેરી ગોદ મેં સમાઇ
જાતિ પાતિ ભાષા પ્રાંત ભેદ શાંત સમાઇ
રંગ હૈ ત્રિરંગા સોઇ રંગભેદી નાંહી કોઇ
શ્વેતાંબર પીતાંબર પયગંબર સાંઇ
અંબર હૈ એક ધરા સ્નેહ કી સગાઇ
મૈત્રી કી દુહાઇ...હમ ભાઇ ભાઇ...વદે હેમાંગિની જાઇ...

માનવ એના મનની ક્ષિતિજને એટલી વિસ્તારે કે સમગ્ર ધરતીને જ એક રાષ્ટ્ર માને એ ભારતીય સંસ્કૃતિની ભાવના છે. ભૂમિસૂક્તની वसुधैव कुटुम्बकम् ની વિભાવના છે. સામાજિક, સુસંગઠિતતા, સાંસ્કૃતિક એકતા, રાષ્ટ્રીય અસ્મિતાની પ્રગટીકરણમાં આર્યોએ સંપાદિત કરેલો યશ ભવ્ય અને અલૌકિક છે. એમની દેશપ્રીતિના ઉદ્ગારોમાં એક આદર્શ વૈશ્વિક સામ્રાજ્યની પરિકલ્પના છે.

સ્વરાજ્ય અને સુરાજ્યની યજ્ઞવેદી પર સ્વાતંત્ર્યની મંત્ર-પુષ્પાંજલિનાં આ સ્વસ્તિવચન છે.

ॐ स्वस्तिस्साम्राज्यं भौज्यं स्वाराज्यं वैराज्यं पारमेष्ट्यं राज्यं माराज्यमाधिपत्यमयं समन्तपर्यायी स्यात् । सार्वभौम सार्वायुषः आन्तादापरार्धात । पृथिव्यै समुद्र पर्यन्ताया एकराकिति एकराकिति ॥

♦ ♦ ♦

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૧૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૬-૭ ● ● તા. ૧૬-૭-૯૬ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બાલહત્યા

થોડાક સમય પહેલાં સ્કોટલેન્ડના એક ગામમાં કોઇ એકલવાયા, જાતીય વિકૃતિ ધરાવનાર, નિષ્ફળતાપીડિત માણસે રોષે ભરાઇને એક શાળાના વ્યાયામ વિભાગમાં જઇને એક સાથે ત્રીસ કરતાં વધુ બાળકોને ગોળીએ વીંધી નાખ્યાં હતાં. બીજાં કેટલાંક બાળકો ઘવાયાં હતાં. બાળકોની આટલી મોટી સામુદાયિક હત્યાએ માત્ર ઈંગ્લેન્ડમાં જ નહિ, સમગ્ર દુનિયામાં હાહાકાર મચાવી દીધો હતો.

આ ઘટનાની તપાસને પરિણામે એમ જણાયું હતું કે જાતીય વિકૃતિ ધરાવનાર, એકલવાયું જીવન જીવનાર એ માણસ કોઇક બહાને શાળામાં જઇ બાળકોને ફોસલાવી એમનો પોતાની જાતીય વાસના સંતોષવા ઉપયોગ કરતો હતો. એ વાત જાણીતી થતાં એને શાળામાં આવતો બંધ કરવામાં આવ્યો હતો અને એનો સામાજિક બહિષ્કાર ચાલુ થયો હતો. એનું વેર લેવા એ માણસે અચાનક શાળામાં જઇ પોતાની ગનથી એક સાથે આટલાં બધાં બાળકોનાં શબ ઢાળી દીધાં. આખું ગામ શોકમાં ડૂબી ગયું, કેટલાંયે ઘરોમાં રોકકળ થઈ ગઈ.

માણસ જ્યારે લગ્નજીવનમાં નિષ્ફળ નીવડે છે, વ્યવસાયમાં હતાશ થઈ જાય છે, દેવાદાર બની બની જાય છે, મિત્રો અને પાડોશીઓ સાથે અણબનાવ થાય છે અને એને આશ્વાસન આપનાર કોઈ હોતું નથી તથા પોતાના એકાંત ઘરમાં એકલો એકલો રહે છે ત્યારે વિચારવાયુનો તો તે ભોગ થઈ પડે છે. વખત જતાં જ્યારે તે માનસિક સમતુલા ગુમાવી બેસે છે ત્યારે પોતે કેવું ભયંકર અપકૃત્ય કરી બેસે છે એનું એને પોતાને પણ ભાન રહેતું નથી.

બાલહત્યાની એક જુદા જ પ્રકારની ઘટના અમેરિકામાં કેલિફોર્નિયામાં કેટલાક વખત પહેલાં બની હતી. એક છ વર્ષના છોકરાએ પોતાના દોસ્તારના ઘરમાં જઇ એક મહિનાના નવજાત શિશુના માથામાં લાકડી ફટકારી એની ખોપરી તોડી નાખી હતી. નાનાં છોકરાઓ જ્યારે માતા-પિતા વિનાનાં બની જાય છે, દેખરેખ રાખનારું કોઇ હોતું નથી અને જંગલીપણાના સંસ્કાર એવા રખડુ છોકરાઓમાં આવે છે અને જ્યારે તેઓની ટોળકી બંધાય છે ત્યારે અંદર અંદરની અદાવતને કારણે વેર વાળવા બાલહત્યાનું અવિચારી પગલું ભરાઇ જાય છે. પોતાના ગુનાની ગંભીરતા કેટલી બધી છે એની એ બાળકોને પોતાને પણ સમજ નથી હોતી.

કેટલાક વખત પહેલાં લંડનમાં એક એવો બનાવ બન્યો હતો કે એક મહિલા એક સ્ટોરમાં ખરીદી કરતી હતી ત્યારે પાછળ પાછળ ચાલતા એના નાના બાળકને ભોળવીને અને ફોસલાવીને બીજો એક સગીર વયનો છોકરો લઇ ગયો હતો અને પછી એણે એ બાળકને મારી નાંખ્યું હતું. એ છોકરો પકડાયો, અદાલતમાં કેસ ચાલ્યો અને ગુનો પુરવાર થયો. ગુનો એટલો ગંભીર હતો કે છોકરો સગીર વયનો હોવા છતાં અદાલતે એને જન્મટીપની સજા કરી હતી.

છેલ્લા કેટલાક દાયકાથી રિવોલ્વર, ગન વગેરે ઘાતક શસ્ત્રો સરળતાથી મળતાં હોવાથી હત્યાનું પ્રમાણ દુનિયાભરમાં વધી ગયું છે. એમાં બાળકોને મારી નાખવાની વૃત્તિ-પ્રવૃત્તિ પણ, વિશેષતઃ પાશ્ચાત્ય દેશોમાં ઉત્તરોત્તર વધુ જોર પકડતી જાય છે.

બાળકોના અપમૃત્યુમાં ગર્ભહત્યાનો વિષય એક જુદો જ ગંભીર વિષય છે. બાળકોના સામુદાયિક આકસ્મિક મૃત્યુનો વિષય પણ જુદો છે. અહીં તો આપણે બાળકની હત્યા કરવાની ઘટના વિશે વિચારીશું.

બાળકની હેતુપૂર્વકની હત્યા કરવાની ઘટના આદિકાળથી ચાલી આવે છે. પ્રાચીન ધર્મગ્રંથોમાં એવા કેટલાયે ઉલ્લેખો મળે છે. બાળકની હત્યા કરનાર તરીકે પૌરાણિક ધર્મકથાઓમાં રાજા કંસનું નામ કલંકિત છે. એટલે બાળકની હત્યા કરવાની વૃત્તિને ' કંસવૃત્તિ' તરીકે ઓળખાવવી હોય તો ઓળખાવી શકાય. પોતાની બહેનનું સંતાન પોતાનો વધ કરશે એવી આકાશવાણી સાંભળી કેટલાં બધાં બાળકોને તે મરાવી નાખે છે અને છતાં છેવટે શ્રીકૃષ્ણના હાથે એનો વધ થાય છે અને આકાશવાણી સાચી પડે છે.

પ્રાચીન વખતમાં બે જુદી જુદી આનુવંશિક જાતિઓ વચ્ચે વૈરવૈમનસ્ય રહેતું હોય અને જ્યારે જ્યારે તેમની વચ્ચે અથડામણ થતી ત્યારે એવી ઘટનાઓ પણ બનતી કે જેમાં દુશ્મન જાતિનાં બાળકોને પહેલાં મારી નાખવામાં આવતાં. એથી કેટલીયે નાની નાની ટોળીઓનું આ રીતે વખત જતાં અસ્તિત્વ જ મટી જતું.

ભારતીય આર્ય પરંપરામાં બાળહત્યા, સ્ત્રીહત્યા, ગૌહત્યા અને બ્રહ્મહત્યા એ ચાર મોટાં પાતિક મનાયાં છે. સ્ત્રીઓ અને બાળકોમાં શારીરિક પ્રતિકારની શક્તિ ઓછી હોય છે. એમાં નાનાં નિર્દોષ બાળકમાં પ્રતિકાર કેવી રીતે કરી શકાય એટલી પણ સૂઝ હોતી નથી. નાના બાળકની હત્યા કરવા માટે શસ્ત્રની પણ જરૂર ન પડે એટલું કોમળ એનું શરીર હોય છે. માણસે બાથ ભીડવી હોય તો પોતાના સમોવડિયા સાથે ભીડવી જોઇએ. એમાં બહાદુરી છે. પોતાનાથી નબળાને પરાજિત કરવામાં કોઇ બહાદુરી નથી. એટલા માટે જૂના વખતમાં ખૂની, ચોર, ડાકુઓ વગેરે વેર લેવું હોય તો પણ બાળહત્યા તથા સ્ત્રીહત્યા ન કરવાની નૈતિક પ્રણાલિકાને ધર્મરૂપ માનીને સાચવતા.

બાળકૃષ્ણના નાગદમનના પ્રસંગમાં નાગણો એમને વિનવે છેઃ

જળકમળદળ છાંડ બાળા,
સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે,
મને બાળહત્યા લાગશે.

આમ, નાગણો પણ બાળહત્યાના પાપથી ડરે છે.

સામાન્ય રીતે કોઇ સંકટ આવી પડે, આગ લાગી હોય, જહાજ ડૂબતું હોય, રોગચાળો ફેલાતો હોય, યુદ્ધ ફાટી નીકળ્યું હોય ત્યારે બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, અપંગો વગેરેને પહેલાં બચાવી લેવાની પ્રથા છે. એમાં માનવતાની દૃષ્ટિ તથા પોતાના પ્રાણના ભોગે પણ તેમને બચાવવાની સમર્પણની ઉચ્ચ ભાવના રહેલી છે.

બાળકનું ઈરાદાપૂર્વક ખૂન કરવું અને બાળકનું ખૂન કરવાનો આશય ન હોવા છતાં ખૂન થઇ જાય એવી ઉભય પ્રકારની બાલહત્યાની ઘટનાઓ બને છે. કોઇક વ્યક્તિનો આશય બાળકનું ખૂન કરવાનો નહિ પણ એને શારીરિક શિક્ષા કરવાનો હોય છે. પરંતુ એ શિક્ષા રૂપે પડેલો માર સહન કરવાની શક્તિ બાળકમાં ન હોય, અથવા શરીરના એવા મર્મભાગ ઉપર પ્રહાર થાય કે એ બાળકનું મૃત્યુ થાય. બાળકોનું શરીર બહુ કોમળ હોય છે. અમુક હદથી વધુ માર તે સહન નથી કરી શકતું. તેથી તેનું મૃત્યુ થાય છે. કોઇ કોઇ વાર એવી ઘટના બને છે કે નાની સરખી ભૂલ માટે બાપ નાના કુમળા બાળકને એટલું બધું મારે કે બાળક તમ્મર ખાઇ નીચે પડે છે અને પછી મૃત્યુ પામે. ઘણાં વર્ષો પહેલાં વાંચેલી એક ઘટના યાદ આવે છે કે જેમાં બિહારના એક ગામમાં એક અત્યંત ગરીબ પિતાને, સાત-આઠ વર્ષના દીકરાએ પાંચ રૂપિયાની નોટ ખોઇ નાખી એથી એટલો બધો ગુસ્સો ચડેલો કે દીકરાને માર માર કર્યા કર્યો અને છેવટે રડતો રડતો છોકરો મૃત્યુને શરણ થયો. કેટલાંક વર્ષ પહેલાં ગુજરાતના એક ગામડામાં બનેલા બનાવ પ્રમાણે માએ ચીંધેલું ઘરકામ કરવાને બદલે, માની સામે અતિશય બોલબોલ કરતી દીકરીને અટકાવવા માંએ ગુસ્સામાં દીકરીને પકડીને એનું મોઢું જોરથી દબાવી દીધું અને કહ્યું, 'લે, હવે બોલ જોઇએ ?' પણ એ મોઢું એટલી હદ સુધી દબાવી રાખ્યું કે દીકરી ગૂંગળાઇને મરી ગઈ. આવી રીતે સ્વજનોને હાથે જ, ઇરાદો ન હોવા છતાં, અતિશય મારઝૂડને કારણે બાળકો મૃત્યુ પામે છે અને મારનારને જિંદગીભર પસ્તાવો રહે છે. આવા પ્રસંગ બને છે ત્યારે કાયદેસર એ ગુનો બને છે. એવી વ્યક્તિને સજા થાય છે; ક્યારેક જેલમાં જવાનો વખત પણ આવે છે.

ભારત અને બીજા કેટલાક દેશોમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ ઘણું છે. ધર્મને નામે બાલહત્યાનું પ્રમાણ હવે ઘટ્યું છે તો પણ સદંતર બંધ થઇ ગયું છે એમ ન કહી શકાય. દેવદેવીને બલિ ધરાવવા માટે જેમ પશુઓની હત્યા થાય છે તેમ ક્યાંક ગુપ્ત રીતે બાળકોને પણ વધેરવામાં આવે છે. પોતાની માનતા પૂરી કરવા, દેવદેવીને પ્રસન્ન કરવા બાળકનો ભોગ ધરાવવા માટે કોઇકના બાળકનું અપહરણ થાય છે અને એવી અજાણી એકાંત જગ્યાએ લઇ જઇ બાળકનો ભોગ આપવામાં આવે છે. કાયદેસર આ ગુનો હોવા છતાં આવી ઘટનાઓ હજુ ક્યારેક બને છે. કેટલાક મેલી વિદ્યાના ઉપાસક બાવાઓ પણ આવી રીતે બાલબલિ ધરાવે છે.

જૂના વખતમાં સવિશેષ અને વર્તમાન સમયમાં પણ હજુ ક્યાંક એવી માન્યતા પ્રવર્તે છે કે પોતાનાં સંતાન જીવતાં ન રહેતાં હોય તો એક સંતાન જન્મે કે થોડા વખતમાં બલિ તરીકે પોતાના ઇષ્ટ દેવ કે દેવીને ધરાવવાથી પછીનાં સંતાનો જીવી જાય છે. તબીબી વિજ્ઞાનની આધુનિક સગવડો હવે સર્વત્ર ઉપલબ્ધ થવાથી એ પ્રકારના બાળમરણનું પ્રમાણ ઘણું બધું ઘટી ગયું છે. એથી દેવદેવીને એક બાળક ધરાવવાની પ્રથા લુપ્તપ્રાયઃ થઇ ગઇ છે. દેવદેવીઓ જુદું રૂપ લઇને ભક્તની કસોટી કરવા માટે બાળકને ધરાવવા માટે કહે એવી કથાઓ કથા તરીકે જ રહી છે. પોતાના સંતાન ચેલૈયાને ખાંડણિયામાં ખાંડયા જેવી ધર્મકથા વર્તમાન સમયમાં અવાસ્તવિક ભાસે છે.

કેટલીક વહેમી સ્ત્રીઓ પોતાના નિઃસંતાનત્વના ઉપાય તરીકે પોતાની દેરાણી, જેઠાણી કે પડોશણના નાના નિર્દોષ બાળકને ડામ દેવાનું કે મારી નાખવાનું અધમ કાર્ય ગુપ્ત રીતે કરે છે. એવું કાર્ય અંધશ્રદ્ધાપ્રેરિત પણ હોય છે અને ઈર્ષ્યાજનિત પણ હોય છે. જૂના વખતમાં કાયદાનો ડર ઓછો હતો અને સમૂહ-માધ્યમો નહોતાં ત્યારે આવી ઘટનાઓ વધુ બનતી અને જલદી પ્રકાશમાં આવતી નહિ.

સામાજિક કુરૂઢિઓ અને આર્થિક સમસ્યાઓને કારણે માતાપિતાને હાથે જ સંતાનની હત્યાની બનતી ઘટનાઓનું પ્રમાણ અલ્પતમ બની ગયું છે. દીકરી જન્મે તો ભારે ચિંતાનો વિષય બની જતો. જૂના જમાનામાં કેટલીક જ્ઞાતિઓમાં ગરીબ કુટુંબોમાં દીકરી ન જન્મે તો સારું એવો ભાવ રહેતો. દીકરી જન્મે તો એને 'દૂધ પીતી' કરી નાખવામાં આવતી. દૂધમાં એનું મોઢું ડૂબાડી દેવામાં આવતું કે જેથી તરફડીને મરી જાય. અથવા દૂધમાં ઝેર ભેળવીને એ દૂધ પીવડાવી દેવામાં આવતું. માબાપને સંતાન વહાલું ન હોય એમ નહિ, અને માતાનો જીવ તો આવું કરતાં કકળી ઊઠે, તો પણ ભાવિ આર્થિક અને સામાજિક ત્રાસની ચિંતામાં આવું અપકૃત્ય કરવા તેઓ લાચાર બની જતાં. ક્યારેક મંદબુદ્ધિવાળાં કે મોટી ખોડખાંપણવાળાં અપંગ બાળકની બાબતમાં પણ આવું બને છે.

ગરીબી, નિર્ધનતા, છૂટાછેડા, દેવું, નિષ્ફળતા, નિરાધારતા વગેરેને લીધે પોતાને માટે જીવન અસહ્ય થઇ પડે ત્યારે સ્ત્રી કે પુરુષ કે પતિ-પત્ની બંને આપઘાત કરી પોતાના જીવનનો અંત આણવાનો વિચાર કરે, પરંતુ પોતે ચાલ્યા જાય ત્યારે પોતાનાં નાનાં બાળકોને કોણ રાખે ? એની વિમાસણમાં એવા નિર્ણય ઉપર આવે કે પોતે બાળકોની સાથે જ આપઘાત કરવો. બાળકોને ઝેર પીવડાવી પોતે પીધું હોય, બાળકો સહિત ઊંચા માળેથી કે નદી, તળાવ કે કૂવામાં પડતું મૂક્યું હોય કે બાળકો સાથે સળગી મરવાનો પ્રયત્ન થયો હોય અથવા વિદેશોમાં બને છે તેમ પહેલાં બાળકોને ઠાર કરી પછી પોતાની જાતને પણ ઠાર કરી હોય એવા એવા પ્રસંગો બને છે. આવી સ્થિતિમાં સ્ત્રી કે પુરુષનો પોતાનાં સંતાનો પ્રત્યે નિર્દયતાનો ભાવ નથી હોતો, પણ તેમને લાચાર પરિસ્થિતિમાંથી મુક્ત કરવાનો આશય હોય છે. પરંતુ વાસ્તવમાં તો એ ગુનો જ બની રહે છે. તેઓ જીવતાં ન રહેવાથી તેમને શિક્ષા થઈ શકતી નથી.

સ્ત્રી કે પુરુષ અન્ય લગ્ન કરે અને પૂર્વપતિ કે પૂર્વપત્નીથી નાનાં સંતાન હોય અને તેને પોતાની સાથે રાખવાનો વખત આવે અથવા એના નિમિત્તે ઉપદ્રવ થવાનો સંભવ હોય ત્યારે છૂપી રીતે એવાં સાવકાં સંતાનોનો કાંટો કાઢી નાખવાનો પ્રયત્ન એક અથવા બીજા દ્વારા થાય છે. બે ચાર વર્ષના નિર્દોષ બાળક તરફથી કશી જ અણગમતી પ્રવૃત્તિ ન થતી હોય તો પણ પૂર્વપાત્રની યાદ રૂપે એ હોવાને કારણે ઈર્ષ્યા અને દ્વેષની ઉગ્રતાથી પ્રેરાઇને એકાંતનો લાભ લઇ તેને મારી નાખવાનો પ્રયત્ન થાય છે. ત્યારે બાળક કુદરતી આકસ્મિક રીતે મૃત્યુ પામ્યું છે એવો ડોળ કરવાનો પ્રયત્ન પણ થાય છે.

કેટલાક જાતીય વિકૃતિ ધરાવનારા પુરુષો એકાંતનો લાભ લઇ નાની બાળકી ઉપર બળાત્કાર કરે છે, પરંતુ બાળકી ભયભીત થવાને કારણે, ગૂંગળામણ અનુભવવાને કારણે કે એવા બીજા કોઇ કારણે મૃત્યુ પામે છે. બળાત્કારનો ગુનો બાળહત્યામાં પરિણમે છે. કેટલાંક આવા માણસો પોતે જ બળાત્કાર પછી બાળકીને ગૂંગળાવીને મારી નાખે છે કે જેથી કોઇ સાક્ષી ન રહે.

ખૂન, ધાડ, લૂંટ કે એવી બીજા મોટા ગુનાઓ કરનારી વ્યક્તિઓ એવો ગુનો જ્યારે કરે છે ત્યારે સાક્ષીઓનો પણ નાશ કરવાનો ઇરાદો ધરાવતા હોય છે. આવો બનાવ ઘરમાં કે બહાર જ્યારે બને ત્યારે આસપાસ બાળકો હોય તો તેમને પણ મારી નાખવાનો પ્રયાસ થાય છે કે જેથી ભવિષ્યમાં ગુનેગારને ઓળખાવામાં તેઓ પોલીસને સહાયરૂપ ન થાય. આમાં બાળકો પ્રત્યે કોઇ વેરભાવ નથી હોતો. આશય માત્ર સાક્ષીને નષ્ટ કરવાનો જ હોય છે. પરંતુ એમાં નિર્દોષ બાળકોનો ભોગ લેવાઇ જાય છે. કયારેક બાળકોનું અપહરણ કરી એને બાનમાં રાખવામાં આવે છે અને બાનની રકમ ન મળતાં કે એની શરત ન પળાતાં બાળકને મારી નાખવામાં આવે છે.

વર્તમાન જગતમાં યુદ્ધ સમયે મોટાં સંહારક શસ્ત્રોનો ઉપયોગ થાય છે ત્યારે એક સાથે અનેક લોકોનો સંહાર થાય છે. એમાં સ્ત્રીઓ અને બાળકો પણ આવી જાય છે. આવા સંહાર વખતે વિવેક રખાતો નથી અને બાળકોનો સંહાર ન થવો જોઇએ એવી નીતિ અપનાવાતી નથી. (અલબત્ત, બીજા વિશ્વયુદ્ધ વખતે ધર્મસ્થાનકો, હૉસ્પિટલો, શાળાઓ વગેરે ઉપર બોમ્બમારો ન કરવાની નીતિનો થોડેક અંશે અમલ થયો હતો.) આમ, યુદ્ધના વખતમાં થતાં બાળકોના મૃત્યુનો પ્રશ્ન ગંભીર બની રહે છે. આધુનિક સમયમાં યુદ્ધ વખતે આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક અને અન્ય પ્રકારની નાકાબંધીનો ભોગ બાળકો પહેલાં બને છે. ઇરાક અને કુવૈતના યુદ્ધ વખતે અમેરિકાની આગેવાની હેઠળ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા લાદવામાં આવેલી નાકાબંધીને કારણે ઇરાકને ખોરાક, દવાઓ, શુદ્ધ પાણી માટેનાં સાધનો વગેરે બહારથી મળતાં બંધ થઇ ગયાં. આ પ્રતિબંધનો ભોગ બાળકો વધુ પ્રમાણમાં બન્યાં. પાંચ વર્ષના પ્રતિબંધને કારણે ઇરાકમાં પાંચ લાખ ૬૭ હજાર બાળકો મૃત્યુ પામ્યાં. યુદ્ધનીતિ આડકતરી રીતે બાળકોની ક્રમિક સામુદાયિક હત્યામાં કેવી રીતે પરિણમે છે તેનું આ એક મોટું દુઃખદ ઉદાહરણ છે.

સરકારી સ્તરે બાળકોની સત્તાવાર રીતે હત્યા કરવામાં આવે એ તો નરી નિર્દયતા જ ગણાય. બ્રાઝિલમાં ચોરી, લૂંટ, ખૂન વગેરે પ્રકારના ગુનાઓમાં રસ્તે રખડતાં બાળકો પણ ઠીક ઠીક સંખ્યામાં સંડોવાય છે. આથી મધરાતે શંકાસ્પદ રીતે રખડતાં બાળકોને ઠાર મારવાની સત્તા પોલીસને અપાય છે. કેટલાક વખત પહેલાં એક જ રાતમાં નવ બાળકોને પોલીસે મારી નાખ્યાં હતાં. એ ઘટનાએ ઘણો વિવાદ જગાવ્યો હતો.

કોઇ કોઇ માણસો એવા માનસિક રોગથી પીડાતા હોય છે કે કશુંક સુંદર જુએ તો તેને કચડી નાખવાની કે નષ્ટ કરવાની અદમ્ય પાશવી વૃત્તિ તેમનામાં ઉછાળા મારે છે. કોઇક સુંદર પુષ્પ જુએ તો તેની સુગંધ અને તેના રંગને માણવાનું એમને મન થતું નથી, પણ તેને મસળી-ચોળી નાખવાનું મન થાય છે. આ એક પ્રકારનો માનસિક રોગ છે. કેટલાંક નાનાં બાળકને પોતાનું સરસ રમકડું હોય તો તે સાચવવાનું મન થાય છે, પણ બીજાનું સરસ રમકડું જો તે જુએ તો તે જ્યાં સુધી પોતે તોડી ન નાખે ત્યાં સુધી એને જંપ વળતો નથી. નિર્દોષ નાનાં ફૂલગુલાબી બાળકોને જોતાં જ કેટલાંકને તેને મારી નાખવાનું મન થાય છે. આવા માનસિક રોગમાં વિવિધ પ્રકારની ગ્રંથિઓ અને ભૂતકાળનો ઇતિહાસ કામ કરે છે. પોતાનામાં એવી કોઇ ગ્રંથિ પડેલી છે એવું પણ તેમને સમજાતું નથી.

બાળકોને વાનરસેના કહેવામાં આવે છે. કોઇ એક બાળક એક પ્રકારનું તોફાન કરે તો બીજાં બાળકો પણ તેમ કરવા લાગે છે. કોઇ એક વ્યક્તિને એક બાળક વિચિત્ર નામ પાડી ચીડવે તો એનાં સાથીદાર બાળકો પણ એ પ્રમાણે કરવા લાગે છે. મોટી કોઇ વ્યક્તિ આવી ચીડવણીનો જ્યારે ભોગ બને છે અને પોતાના મન પરનો કાબૂ ગુમાવી બેસે છે ત્યારે બાળકોને ડરાવે છે, મારે છે, જોરથી ફટકારે છે. જે દેશોમાં રિવોલ્વર જેવાં સાધનો સુલભ છે ત્યાં આવી વ્યક્તિ અચાનક બાળકનું ખૂન કરી નાખે છે. સુધરેલા ધનાઢ્ય દેશોમાં આવી રીતે થતી બાળહત્યાના કિસ્સા વધુ નોંધાયા છે. (અન્ય પક્ષે છંછેડાયેલા કોઇ બાળકે મોટી વ્યક્તિની રિવોલ્વરથી હત્યા કર્યાના કિસ્સા પણ બને છે.)

બાળકોને મારી નાખવાની પુખ્તવયના ગુનોગારોની વૃત્તિને હજુ સમજી શકાય, પરંતુ નાનાં છોકરાંઓમાં કોઇક બાળકને મારી નાખવાની વૃત્તિ (Killer Instinct)હોય એ તરત ન સમજી શકાય એવો વિષય છે. સારા ગણાતા બાળકોમાં પણ અચાનક આવી વૃત્તિ ક્યાંથી આવે છે અને તેવું દુષ્કૃત્ય કેમ કરી બેસે છે એ વિશે પાશ્ચાત્ય દેશોમાં મનોવૈજ્ઞાનિકો અભ્યાસ કરી રહ્યા છે. ટી. વી. પર મારામારી અને ખૂનનાં દશ્યો વધુ પડતાં બતાવાય છે તેની માઠી અસર કે પોતાના ઘરમાં જ માતાપિતા કે ભાઇભાંડુ કે બીજા કોઇ વચ્ચે થયેલું ખૂન નજરે નિહાળ્યું હોય એની અસર પણ થાય છે.

પાશ્ચાત્ય દેશોમાં જ્યાં પતિ અને પત્ની બંને કમાવા માટે કંઇક વ્યવસાયમાં જોડાયેલાં હોય અને સવારથી સાંજ સુધી કે અમુક કલાક ઘરમાં બાળકને એકલું રાખવામાં આવતું હોય અને બાળકને માટે રમતગમત, ટી. વી. ખાવાનું વગેરેની બધી વ્યવસ્થા કરેલી હોય કે જેથી બાળક રોકાયેલું રહે તો પણ ઘરમાં એકલા રહેલા બાળકમાં એકલતાને કારણે કેવી ગ્રંથિઓ જન્મે છે અને દઢ થાય છે એ કહી શકાય નહિ. આવાં બાળકો જ્યારે એકાદ અપકૃત્ય કરી બેસે છે ત્યારે જ માતાપિતાને સમજાય છે.

નાનાં છોકરાંઓમાં કોઇક વાર અંદર અંદર ઝઘડા જ્યારે થાય છે ત્યારે બેચાર જણનું એક જૂથ એકાદ છોકરાને ટીપી નાખે છે કે ગળચી દબાવી દે છે, પરંતુ ત્યારે તેઓને એના ભયંકર પરિણામનો અંદાજ હોતો નથી પરંતુ માર ખાનાર છોકરો મરી જાય છે ત્યારે તેઓ ગભરાઇ જાય છે. તરવાના હોજમાં આવી ટોળકીએ કોઇક છોકરાને પાણીમાં ગૂંગળાવી માર્યો હોય એવા બનાવો પણ બને છે. કોઇ એક બાળકને બહુ ચીડવવામાં આવે કે એની બહુ સતામણી થાય ત્યારે વેર લેવા એ બીજા બાળકની હત્યાનો આશ્રય લે એવા બનાવો પણ બને છે.

દુનિયાભરમાં બાલહત્યાના વધતા જતા પ્રમાણ અંગે સચિંત થવાની જરૂર છે. બાળકોમાં આવી ગુનાખોરી વધતી અટકાવવા માટે તેનો અભ્યાસ કરી તેના ઉપાયો વિચારવાની જરૂર છે. પુખ્તવયનાં સ્ત્રીપુરૂષો દ્વારા થતી વિવિધ પ્રકારની બાલહત્યાના પ્રસંગો બતાવે છે કે કેવા કેવા પ્રકારની આર્થિક, સામાજિક કે અન્ય પ્રકારની સમસ્યાઓ માણસને બાલહત્યા તરફ ઘસડી જાય છે. શસ્ત્રોની સુલભતા એ પણ એક મોટું કારણ છે. જે દેશોમાં વ્યક્તિગત ધોરણે બહુ સહેલાઇથી શસ્ત્રો અપાય છે ત્યાં આવા ગુના બનવાનું પ્રમાણ વધતું રહેવાનું.

સૌથી મહત્ત્વની વાત તો સંસ્કારઘડતરની છે. વર્તમાન સમયમાં શિક્ષણની આગેકૂચ ઘણી મોટી છે. વૈજ્ઞાનિક અને ટેકનોલોજીની પ્રગતિ આશ્ચર્યકારક છે, પરંતુ સાંસ્કારિક કેળવણીના ક્ષેત્રે ઘણી મોટી ઉણપ છે. સાંસ્કારિક કેળવણી દ્વારા એવું વાતાવરણ અવશ્ય પેદા થઇ શકે કે જેમાં આવા ગુનાઓને અલ્પતમ અવકાશ રહે !

☐ રમણલાલ ચી. શાહ

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન મંગળવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬થી મંગળવાર, તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૬ સુધી બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી ખાતે કરવામાં આવ્યું છે. વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

# જોન રસ્કિનનું શ્રેયલક્ષી અર્થશાસ્ત્ર

□ પ્રો. ચી. ના. પટેલ

દક્ષિણ આફ્રિકામાં ૧૯૦૪ના ઓક્ટોબર માસમાં જેમનું 'અન્ટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચીને ગાંધીજીના વિચારોમાં ભારે પરિવર્તન આવ્યું હતું અને એ પુસ્તકમાં વ્યક્ત થયેલાં મંતવ્યોનો પોતે જે સાર ગ્રહણ કર્યો હતો તેને અનુરૂપ શ્રમ પ્રધાન અને સાદા જીવનનો પ્રયોગ કરવા તેમણે એ વર્ષના ડિસેમ્બર માસમાં 'ફિનિક્સ' આશ્રમની નાતાલમાં સ્થાપના કરી હતી તે જોન રસ્કિનનું નામ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ના સર્વ વાંચકોને પરિચિત છે. તેમના 'ક્રાઉન ઓવ વાઈલ્ડ ઓલિવ' પુસ્તકમાં તેમણે ૧૮૬૪-૬૫માં આપેલાં ત્રણ વ્યાખ્યાનો સંગૃહીત થયેલાં છે : ૧લું દક્ષિણ લંડનમાં આવેલા કેમ્બરવેલ નામના સ્વાયત્ત પરામાં કામદારોની તાલીમ સંસ્થામાં (before the working men's Institute), બીજું ઉત્તર ઈંગ્લેંડના યોર્કશાયર નામના પરગણામાં આવેલા બ્રેડફર્ડ નામના નગરના ટાઉન હોલમાં વ્યાપારીઓની સભામાં અને ત્રીજું પૂર્વ લંડનમાં આવેલા 'વુલિજ' નામના સ્વાયત્ત પરામાં શાહી લશ્કરી તાલીમ મહાશાળામાં (at the Royal Military Accdemy) પુસ્તકની પાછળથી પ્રસિદ્ધ થયેલી એક આવૃત્તિમાં રસ્કિને 'ઈંગ્લેન્ડનું ભવિષ્ય' (The future of England) એ વિષય ઉપર પોતે આપેલાં વ્યાખ્યાનનો સમાવેશ કર્યો હતો. આ લેખમાં હું પુસ્તકની પ્રસ્તાવનાનો સાર પહેલા પુરુષ એક વચનમાં, એટલે કે રસ્કિન પોતે વાચકોને સંબોધતા હોય એ રીતે પ્રસ્તુત કરીશ:

'વીશ વર્ષ પહેલાં દક્ષિણ ઈંગ્લેંડમાં એક સ્થળે જોવા મળતું હતું એવું સુંદર દશ્ય બીજે ક્યાંય જોવા નહોતું મળતું. એ દશ્ય હજુ લગભગ એવું જ છે, અથવા થોડા મહિના પહેલાં તો હતું. પણ હું ઈરાદાપૂર્વક (deliberetely) કહું છું કે મનુષ્ય પ્રાણીઓએ (human herds) ત્યાં વહેતાં ઝરણાંને જે રીતે મલિન કરી મૂક્યાં છે તેના જેવું ભયંકર બીજું કંઈ નથી. ત્યાંના ગમારો (human wretches) શેરીઓનો બધો કચરો એ ઝરણાંઓમાં ઠાલવે છે. છ સાત માણસો માત્ર એક જ દિવસ કામ કરીને એ બધું સાફ કરી શકે, પણ એટલું કામ ક્યારેય થવાનું નથી.

એ ઝરણાંઓ પાસેથી છેલ્લી વાર વિદાય થઈને હું ક્રોયડનની પાછળના ભાગની શેરીઓમાંથી પસાર થતો હતો ત્યારે મેં ત્યાં વહેતું દારૂનું એક નવું પીઠું બંધાયેલું જોયું (નોંધ : રસ્કિનના સમયમાં 'ક્રોયડન' મહાનગર લંડનના દક્ષિણ ભાગમાં આવેલું એક સ્વાયત્ત પરું હતું.) એ પીઠાની અને પથ્થર જડેલી શેરી (street pavement) વચ્ચે બે ફુટ જેટલું અંતર રાખવામાં આવ્યું હતુ અને જમીનના બે ફુટ જેટલા ટુકડાની ધારે ધારે લોખંડના આડા સળિયાની ભારે મોટી વાડ (impossing raling) કરવામાં આવી હતી અને વળી વાડના એ સળિયાના આડા દર ત્રણ કે ચાર ફુટના અંતરે છ ફુટ જેટલા ઉંચા લોખંડના સળિયા મૂકવામાં આવ્યા હતા. આમ કરવાનું પરિણામ એ આવ્યું હતું કે તે શેરીમાંથી પસાર થતા લોકોએ તેમની ટેવ પ્રમાણે લોખંડના આડા સળિયાથી આંતરી લેવામાં આવેલા જમીનના એ ટુકડામાં સિગરેટના ઠૂંઠાં અને એવો બીજો કચરો નાખીને તેને ઉકરડા જેવો બનાવી મૂક્યો હતો, અને એ ઉકરડાને કોઈ રીતે વાળીને સ્વચ્છ કરી શકાય એમ નહોતું.

હવે જમીનના એ નાના સરખા ટુકડાને એમ અર્થહીન રીતે (uselessly) કે અર્થહીનથીય બદતર રીતે-or in great degree worse than uselessly) લોખંડના જે સળિયાઓથી આંતરી લેવામાં આવ્યો હતો તેના ઉત્પાદનમાં જેટલા શ્રમનો દુર્વ્યય થયો હતો તેટલા શ્રમથી કોઈ નાનું તળાવ ત્રણ વાર સ્વચ્છ કરી શકાયું હોત-વળી જેનો દુર્વ્યય થયો હતો તે શ્રમ પણ કેવો-કાચું લોખંડ મેળવવા ખાણોમાં ઊંડા ઊતરતા મજૂરોનાં શરીર અને મનને કુંઠિત કરી નાખતો અને ધગધગતી ભઠ્ઠીઓ આગળ ઊભા રહીને લોખંડ ગાળવાનો મહાત્રાસદાયક અને મજૂર થાકીને લોથપોથ થઈ જાય એવો! શ્રમિકોના શ્રમનો આવો દુર્વ્યય કરવામાં આવે છે તેનું એક જ પૂરતું મનાતું (conclusive) કારણ એ છે કે લોખંડના ઉત્પાદનની પ્રક્રિયામાંથી મૂડીપતિને અમુક ટકા નફો મળે છે, જ્યારે કોઈ તળાવને સ્વચ્છ કરાવવાના કામમાંથી તેને એવો નફો મળતો નથી. આજે મૂડીનો ઉપયોગ મોટા ભાગે આવાં બિનઉપયોગી કામોમાં જ થાય છે. જેના ઉત્પાદનમાંથી મૂડીપતિઓને અમુક ટકા નફો મળે એવી ચીજવસ્તુઓ ખરીદવાનું લોકોને સમજાવવામાં આવે છે, અને મૂડીપતિઓને એ રીતે મળતા નફા રાષ્ટ્રીય સંપત્તિ ગણાય છે, જ્યારે ખરું જોતાં એ તો ખાલી ખિસ્સામાંથી ચોરીને, ભરેલાં ખિસ્સાં સમૃદ્ધ કરવાની પ્રક્રિયા છે. (where as, they are merely filchings out of light pockets to swell heavy ones).

દારૂડિયાઓની દૃષ્ટિએ પોતાનું પીઠું આકર્ષક બનાવવા એ પીઠાના માલિકે લોખંડના આડા અને ઊભા સળિયાની વાડ કરી હતી તેની હરીફાઈમાં શેરીની સામેની બાજુ આવેલા પીઠાના માલિકે વધારે મોંઘાં લોખંડના આડા અને ઊભા સળિયાની વાડ કરી. એવી રીતે લોખંડના સળિયાની વાડ કરવામાં એ બેય પીઠાંના માલિકોએ જે ખર્ચ કર્યું તે તેઓ પોતપોતાના દારૂડિયા ઘરાકો પાસેથી મેળવી લે છે, અને સરવાળે લાભ તો એ પીઠાંના માલિકો અને તેમના દારૂડિયા ઘરાકોના ભોગે મૂડીપતિઓને જ થાય છે. મધ્ય યુગમાં ભાલા અને તલવારના જોરે લોકોની નિર્બળતાનો લાભ લેવાતો, હવે તેમને છેતરીને લેવાય છે એટલો જ નિર્બળનો લાભ લેવાની મધ્યયુગની અને આજની રીત વચ્ચે ફેર છે.

એવી એક ભ્રામક માન્યતા પ્રચલિત છે કે ગરીબોનું ધન ધનવાનોના હાથમાં જવાથી કંઈ નુકશાન નથી થતું, કારણ કે ગરીબોનું ધન તેમની પાસે હોય કે ધનવાનોના હાથમાં આવે, એ ધન ખરચાવાનું જ છે અને એ રીતે ગરીબો પાસેથી ધનવાનોના હાથમાં ગયેલું ધન છેવટે તેમને જ મળશે. આ દલીલમાં રહેલો તર્કદોષ (fallacy)ની વાત સાચી છે, પણ તો તો એ વાત ધાકધમકીથી કે લૂંટીને મેળવેલા ધનનેય લાગુ પડે. લૂંટીને મેળવેલું ધન તેને લૂંટનારો ખર્ચે કે એ ધનનો મૂળ માલિક ખર્ચે, બેય રીતે સંભવ છે કે રાષ્ટ્રને લાભ થાય-જો કે નથી જ થતો. પણ તેથી કંઈ ચોરીનો બચાવ નથી થઈ શકતો.

એકલા ઈંગ્લેન્ડના જ નહિ, પણ બધા દેશોના ગરીબોને સ્પર્શતા આ પ્રશ્નનો ઉલ્લેખ રાષ્ટ્રોની સંપત્તિને લગતા કોઈ પુસ્તકમાં નથી, કરવામાં આવતો, અને કામદારો પણ મૂડીની ગતિવિધિઓનો (operetions of capital) વિચાર તેમનાં આર્થિક હિતોને લક્ષમાં રાખીને જ કરે છે, મૂડીના વિનિયોગ દ્વારા તેમને જે પ્રકારનો શ્રમ કરવાની ફરજ પાડવામાં આવે છે તેનો તેઓ ક્યારેય વિચાર નથી કરતા. કોઈપણ પ્રકારના શ્રમ માટે કામદારને કેટલું વળતર મળે છે તેનું ખાસ મહત્ત્વ નથી, પણ તેને કેવી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવાની ફરજ પાડવામાં આવે છે તેનું ભારે મહત્ત્વ છે. જો શ્રમિકોના શ્રમ દ્વારા અનાજ જેવી જીવનની જરૂરિયાતોનું ઉત્પાદન થશે તો એવી ચીજવસ્તુઓનો અમુક હિસ્સો તેમનેય મળશે. પણ જો અનાજ જેવી જીવન માટે જરૂરી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવાની ફરજ પાડવામાં આવશે તો તેટલા પ્રમાણમાં જીવન માટે જરૂરી ચીજવસ્તુઓની અછત થશે અને એવી અછતનાં પરિણામો તેમનેય ભોગવવાં પડશે.

મારો એવો લાંબા સમયનો અનુભવ છે કે હું જે કહું છું તેની ઉપર વિચાર કર્યા વિના લોકો તેને હસી કાઢે છે, અને સામાન્યતઃ લોકો મારી વાત સમજે ત્યાં સુધી હું ધીરજ રાખીને રાહ જોઉં છું. પણ મને એ વાતનું દુઃખદ આશ્ચર્ય થયું છે કે વ્યક્તિઓની તેમ રાષ્ટ્રોની સંપત્તિ ઉપયોગમાં આવે એવી ચીજવસ્તુઓમાં (in substance) રહેલી છે અને નહિ કે મીંડામાં (in ciphers), અને દરેક પ્રકારના શ્રમનું તેમ વ્યાપારનું ખરું મૂલ્ય એવા શ્રમ દ્વારા જ ચીજવસ્તુઓનું ઉત્પાદન થાય છે અને વ્યાપાર દ્વારા જે મળે છે તેની ઉપયોગિતામાં રહેલું છે એ સીધીસાદી વાત મેં વારંવાર દાખલા દલીલો સાથે સમજાવવાનો પ્રયત્ન કર્યો હોવા છતાં હું વાંચકોના ગળે નથી ઉતારી શક્યો. વળી વ્યાપારથી લાભ થતો હોય કે હાનિ, વ્યાપારની પ્રવૃત્તિ સદાય સારી છે, તેમ વેચવાની અને ખરીદવાની પ્રવૃત્તિઓ પણ, વેચવામાં કે ખરીદવામાં આવતી ચીજવસ્તુઓની ઉપયોગિતા ગમે તે હોય, એ બેય પ્રવૃત્તિ લાભદાયી જ (salutary) છે એવો ભૂલ ભરેલો ખ્યાલ અર્વાચીન ગણાતા અર્થશાસ્ત્રીઓએ અંગ્રેજ પ્રજાના મનમાં એવો ઠસાવી દીધો છે કે એવી સર્વ પ્રવૃત્તિઓથી સાચો લાભ શો થાય છે એ પ્રશ્નની ચર્ચા ધીરજપૂર્વક સાંભળે એવા શ્રોતાઓ મને મળતાં જ નથી.

આ વ્યાખ્યાનોમાં મારો મુખ્ય ઉદ્દેશ કામદારોને, વ્યાપારીઓને અને સૈનિકોને તેમની પ્રવૃત્તિઓનો અંતિમ (ultimate) અર્થ શો છે એ પૂછવાનો હતો. મારે તેમની પાસેથી જાણવું હતું કે કામદારો તેમની ઉત્પાદન પ્રવૃત્તિમાંથી, વ્યાપારીઓ તેમની વેચવાની પ્રવૃત્તિમાંથી, અને સૈનિકો તેમની વધ કરવાની પ્રવૃત્તિમાંથી (killing) શું મેળવવાની ઇચ્છા કે આશા રાખે છે ? પણ એવો પ્રશ્ન પૂછીએ તે પહેલાં આપણી સામે એક મુશ્કેલી આવીને ઊભી રહે છે (જેનું નિવારણ અત્યારે તો મને અશક્ય લાગે છે-to me for the present insperable). એ મુશ્કેલી આપણાં શ્રોતાઓ પરલોકમાં શ્રદ્ધા રાખે છે કે નથી રાખતા એમ માનીને તેમને સંબોધવા તેનો નિર્ણય કરવાની છે (the difficulty of knowing whether to address one's audience as believing or not believing in any other world than this). જો તમે સામાન્ય અર્વાચીન અંગ્રેજ મિત્ર મંડળને (any average modern English Company) આ જીવન પછી કોઇ શાશ્વત જીવનમાં (in eternal life) તે શ્રદ્ધા રાખે છે એમ માનીને તેને સંબોધશો અને એવી શ્રદ્ધાના તે મંડળના સભ્યોની વર્તમાન પ્રવૃત્તિઓને લગતા ફલિતાર્થ કાઢવાનો પ્રયત્ન કરશો તો તેઓ તરત તમને કહેશે-'તમે કહો છો તે બહુ સુંદર વાત છે, પણ તે વ્યવહારૂ નથી.' અને જો તેથી ઊલટું, તમે એ મિત્ર મંડળના સભ્યો આ જીવન પછી કોઇ શાશ્વત જીવનમાં શ્રદ્ધા નથી રાખતા એમ માનીને તેમને સંબોધશો અને તેની એવી અશ્રદ્ધાના તેમની વર્તમાન પ્રવૃત્તિઓને લગતા ફલિતાર્થ કાઢવાનો પ્રયત્ન કરશો તો તે તરત જ તમને કોઇ શાપિત દુષ્ટ માનીને તેમના પગની ધૂળ તમારી ઉપર ખંખેરીને ચાલ્યા જશે (they immediately hold you to be an accused person and shake off the du st of their feet at you).

વ્યાપારની કોઇપણ પ્રકારની પ્રવૃત્તિને લગતી ચર્ચા કરતાં સોદાઓ આંખે દેખી શકાય એવી મિલકતને (visible property) લગતા હોય છે કે હાલ ન દેખી શકાય છતાં જેમનું ખરેખર અસ્તિત્વ હોય છે એવી મિલકત (property for the present invisible but neverthless real) જુદા પ્રકારની શરતોએ ક્યાંક બીજે (elsewhere-એટલે કે પરલોકમાં) મેળવી શકાય છે (was purchasable on other terms), એ બે ગૃહીતો વચ્ચે આસમાન જમીનનું અંતર છે. (it makes all the difference).

હું જે કોઇ વ્યક્તિને સંબોધું છું તેની શ્રદ્ધા તત્કાલીન પૂરતી સ્વીકારીને એ શ્રદ્ધામાં જે જીવનપ્રદ ફળ આપવાની ક્ષમતા જણાય છે. (such vital fruit as it seems capable of) તે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરું છું. જેમકે આજની અંગ્રેજ પ્રજાની ઘણી મોટી બહુમતી એમ માને છે કે પોતાની પાસે એક એવું પુસ્તક છે જેમાં પોતે શું કરવું અને શું જાણવું જોઇએ તે ઇશ્વરે સ્વમુખે કહેલું છે. મેં એ પુસ્તક તેમના જેટલાં જ ધ્યાનથી ૪૦ વર્ષ સુધી વાંચ્યું છે અને હું એ પુસ્તકમાં જેઓ શ્રદ્ધા રાખે છે તેમને તેમાં તેઓ રાખે છે તે કરતાં વધારે ઊંડી શ્રદ્ધા રાખવા સમજાવવાનો પ્રયાસ કરું છું, તેમને એ પુસ્તકનાં જે વચનો સવિશેષ પસંદ પડે છે તેમાં જ માત્ર નહિ, પણ તેના સમગ્ર ઉપદેશમાં (not in their favourite verses only, but in the sum of all), એ વચનોનું દરરોજ જીભથી રટણ કરવાથી પોતાનો ઉદ્ધાર થઇ જશે એવી શ્રદ્ધાથી નહિ, પણ એ વચનો કોઇ સર્વોપરી નાયકનો આદેશ હોય તેમ તેમને સાંભળવા જોઇએ અને તેમનું પાલન કરવું જોઇએ, નહિ તો પોતાનો સર્વનાશ થઇ જશે એવી શ્રદ્ધાથી. (as a captain's order to be heard and obeyed at their peril). મારા શ્રોતાઓ આવી શ્રદ્ધા રાખે છે એમ માનવાથી મને સદા પ્રોત્સાહન મળતું. એવો સમય હતો જ્યારે મને આશા હતી કે આવી શ્રદ્ધા રાખતા શ્રોતાઓને તો હું ગર્વમાં રહેલો દોષ (guilt of pride) અને અતિ લોભની નિરર્થકતા (futility of avarice) સમજાવી શકીશ, અને તેમની પાસે જીવન, ખાવાની વસ્તુઓ કરતાં અને શરીર પહેરવાનાં વસ્ત્રો કરતાં કંઇક વધારે છે એમ પ્રતિપાદન કરતા અર્થશાસ્ત્રનું અનુમોદન કરાવી શકીશ. (from these, if from only, I once expected ratification of a political economy. which asserted that the life was more than the meat and the body than raiment. નોંધ : ઓગણીસમી સદીમાં polical economy એ શબ્દપ્રયોગ આજે આપણે જેને 'અર્થશાસ્ત્ર કહીએ છીએ તે અર્થમાં હતો અને meat શબ્દનો અર્થ આજે પણ બકરાં અને ઘેટાંનું માંસ ઉપરાંત સામાન્ય ખાવાની વસ્તુઓ-food-એવો થાય છે.)

પણ સામાન્ય શ્રોતા મંડળના સર્વ સભ્યો (a general audience) કે તેમની બહુમતીય ધાર્મિક (religious) હોય છે એમ જરાય પ્રતીતિકર જણાય એવો કોઇ આધારે (with any semblance of reason) ગૃહીત કરી શકાતું નથી. બહુમતી તો એવી શ્રદ્ધા ન રાખતા હોય, અથવા જેમને કંઇ નહિ તો એવી શ્રદ્ધાના આધારે અનુરોધ કરી શકાતો નથી. (who, at least are in accessible to appeals founded on it) એવા માણસોની જ હોવાની અને જેમ કહેવાતા ખ્રિસ્તીને (the so-called christian) હું તેની જીવન સત્ય છે એવી માન્યતાને પ્રામાણિકપણે જાહેર કરવા અને તે શ્રદ્ધાને વર્તનમાં ચરિતાર્થ કરવા વીનવવા ઇચ્છતો હતો (I desired to plead for honest declaration and fulfilment of his belief in life), તેમ કહેવાતા અવિશ્વાસીને (the so-called infidel) તેની, મૃત્યુ સત્ય છે એવી માન્યતાને (his belief in death-એટલે કે મૃત્યુ પછી કંઇ નથી એવી માન્યતાને) પ્રામાણિકપણે જાહેર કરવા અને એ માન્યતાને વર્તનમાં ચરિતાર્થ કરવા વીનવવા ઇચ્છતો હતો. જીવન સત્ય છે કે મૃત્યુ સત્ય છે એ બેમાંથી એક વાત સાચી હોવી જ જોઇએ-કાં તો આ જીવન પછી માણસો જીવતા રહે છે, અથવા તેમનું અસ્તિત્વ રહેતું જ નથી. એ બેમાંથી એક કે બીજી આશાના આધારે (on either expectation) નિયતિને વીરતાપૂર્વક સ્વીકારી શકાય છે. (fate may be bravely met) અને પોતાના વર્તનનું જ્ઞાનપૂર્વક નિયમન કરી શકાય છે (conduct wisely ordered), પણ એ બેમાંથી એકેય પસંદ ન કરી શકે એવી મનની અનિશ્ચિત સ્થિતિમાં ક્યારેય એમ નથી કરી શકાતું. આપણે સામાન્યતઃ મૃત્યુ માટે તૈયારી ન કરવી પડે એટલાં પ્રમાણમાં અમરત્વમાં માનીએ છીએ, અને મૃત્યુ પછી થવાની સ્થિતિ માટે તૈયારી ન કરવી પડે એટલા પ્રમાણમાં મર્ત્યતામાં માનીએ છીએ. જ્ઞાની માણસ કાં તો અમરત્વ કે કાં તો મર્ત્યતા માટે તૈયાર રહેશે. એ

બેમાંથી એક સ્થિતિ અનિવાર્ય હોવાથી એવા માણસ કાં તો ચિરનિદ્રા માટે બધી વ્યવસ્થા કરી રાખશે (will have all things ordered for his sleep) કાં તો ચિરજાગૃતિ માટે બધી તૈયારીઓ કરી રાખશે (will have all things in readines for his awakening).

જો કોઇ માણસ ચિરનિદ્રા માટે વ્યવસ્થા કરી રાખવાનો નિર્ણય કરે તો તેથી તેની વિવેકબુદ્ધિ (judgement) અધમ(ignoble) છે એમ કહેવાનો આપણને અધિકાર નથી.

મૃત્યુ પછી જીવન છે જ એવી સત્ત્વશાળી (brave) શ્રદ્ધા મનની ખરેખર ઈર્ષ્યાપાત્ર (enviable) સ્થિતિ છે. પણ હું જોઇ શકું છું ત્યાં સુધી તે અસામાન્ય (Unusual) સ્થિતિ છે. હું જેમને તેમના પિતાના આવાસના ખંડોના ભવ્ય વૈભવમાં (the splendour of the rooms in their father's house) એટલી દઢ શ્રદ્ધા હોય કે તેમના મિત્રોને મહેલ જેવા એ ખંડોમાં બોલાવી લેવામાં આવે ત્યારે, એ મિત્રોને મહારાણી પોતાના દરબારમાં બોલાવે ત્યારે થાય તે કરતાં વધારે રાજી થાય એવા બહુ થોડા ખ્રિસ્તિઓને ઓળખું છું. આનાથી ઊલટું અધમ ન ગણાય એવી ઘણી વ્યક્તિઓ છે જે મૃત્યુ પછી કંઇ નથી એવી નિર્ભીક માન્યતા ધરાવે છે અને એવી માન્યતા ચારિત્ર્યની શુદ્ધિ કે કોઇ કામ હાથ ઉપર લેવાની ધગશ સાથે અસંગત (inconsistent) છે એમ માનવું તે નૈતિક અધમતાની અંતિમ કોટિની નિશાની (sign of the last depravity) છે. કોઇ સમજુ (rational) વ્યક્તિ જીવન ટૂંકું છે તે જ કારણે તેને આયુષ્યનાં જે કંઇ વર્ષો મળ્યાં હોય તેનો દુર્વ્યય નહિ કરે અને કાલે મૃત્યુ આવવાનું છે તો ભલે આજે દારૂ પી લો એવો વિચાર દારૂડિયા સિવાય કોઇને નહિ આવે. અને એવો પણ સંભવ નથી કે આપણાં પાપની આપણને એક ક્ષણમાં ક્ષમા મળશે અને આપણાં દુષ્કૃત્યો ધોવાઇ જશે એવી પ્રતીતિના ફળ સ્વરૂપ કોઇનું વર્તન, એવી પ્રતીતિથી વધારે કઠોર (sterner) અને અજ્ઞાની ન ગણાય એવા ઘણા માણસો માને છે તેમ જે વધારે વાસ્તવિક હોઇ શકે તે-'માણસ વાવશે તેવું લણશે- કે બીજાંઓ લણશે' એવી ભીતિના (apprehension) ફળ સ્વરૂપ થાય તે કરતાં વધારે શુદ્ધ થશે જ.

પણ અંતદષ્ટિની નિર્બળતાએ (feebleness of sight), કે સ્વભાવમાં આવી ગયેલી કડવાશે (bitterness of soul) અથવા તો જેઓ ઉચ્ચત્તર આશા (higher hope-એટલે કે મૃત્યુ પછી જીવન છે એવી) રાખે છે તેવી વ્યક્તિઓના વર્તને આપેલા આઘાતે (offence) જેમને માટે મૃત્યુ પછી કંઇ નથી એવી દુઃખદ માન્યતા (painful creed) તેમના કરતાં વધારે સુખી વ્યક્તિઓને કરી શકાય તે કરતાં વધારે પ્રતીતિજનક પ્રમાણથી (more secure in its ground) અનુરોધ (appeal) કરી શકાય છે. એવી વ્યક્તિઓને માઠું લગાડ્યા વિના કોઇ સાંભળે નહિ એવી રીતે તેમને કહી શકું તો હું રાજી થઇને (fair) એમ કરું અને તેમને કહું:

'મૃત્યુશય્યામાં પડેલા ભાઇઓ, હું કહું છું તે સાંભળી તમે હવે થોડી જ ક્ષણોમાં સદાય માટે બધિર થઇ જશો. મૃત્યુ પછી જેમાં પોતાની સર્વ ભૂલો ભુલાઇ જશે અને પોતાના અપરાધોની ક્ષમા મળશે એવા અનંત અસ્તિત્વની (infinite existence) આશા રાખતા તમારા જમણા અને ડાબા હાથે ઊભેલા ભાઇઓ અસંખ્ય કલાકોના ભવિષ્યમાં (a future of innumerable hours) શ્રદ્ધા રાખે છે અને તેથી તેઓ તેમને મળેલી ક્ષણોનો અલ્પ સંખ્યાની ક્ષણોનો (numbered moments) દુર્વ્યય કરે તે ક્ષમ્ય ગણાય. એ ભાઇઓ ગરીબોની ઉપેક્ષા કરે તો તે તેમના હૃદયની કઠોરતાની નિશાની ન ગણાય, કારણ કે તેઓ જાણે છે કે તેમના સ્વામી એ ગરીબોનું ધ્યાન રાખે છે. (the poor ever whom they know their master is wateching), અને તેથી જેમનો સદંતર વિનાશ થવાનો નથી તેમનો અલ્પ કાળ માટે વિનાશ થવા દે છે. (leave those to perish temporarily who cannot perish eternally). તમારા માટે તો એવી આશા નથી અને તેથી તેમને છે એવું તમારી પાસે બહાનું ય નથી. તમે માનો છો કે તમે આ ગરીબો માટે જે ભાગ્યનું નિર્માણ કર્યું છે તે જ તેમનો સમગ્ર વારસો છે (all their inheritance-એટલે ગરીબો તેથી વધારે સારા ભાગ્ય માટે જન્મેલા નથી). તમે એમને કચડી નાખશો તો ગરીબો તમને દોષ આપવા તેમની કબરોમાંથી બેઠા થવાના નથી. અન્નના અભાવે મંદ પડી ગયેલો તેમનો શ્વાસોશ્વાસ વિરમી ગયા પછી તમને કાનમાં દોષનો એક શબ્દ પણ સંભળાવવા (to whisper) પાછો ચાલુ થવાનો નથી. તમે માનો છો તેમ એ ગરીબો અને તમે સાથે માટીમાં શયન કરી જશો અને તમારી ઉપર જીવજંતુઓ જામી જશે, એ ગરીબોને કોઇ વેર નથી લેવાનું. તમારી કબર ઉપર માત્ર આપણે જે કર્યું છે તેનો બદલો કોણ લેશે' એ પ્રશ્ન ગણગણાતો રહેશે. (murmured above your grave).

તો જેનો ઉપાય નથી એવા દુઃખનો તેમને ભોગ બનાવવાનું તમને તમારા હૃદયમાં વધારે સહેલું લાગશે? તમારા ગરીબ ભાઇ પાસેથી તમે સ્વચ્છંદે (wantonly) તેનું સર્વસ્વ ઝૂંટવી લઇને તેના ટૂંકા જીવનને કષ્ટથી લાંબું કરી મૂકવાનું પસંદ કરશો, જેનો બદલો ન વાળી શકાય એવો અન્યાય કરવા તમે વધારે તૈયાર રહેશો, અને જેની તમે એક જ વાર ભેટ ન કરી તો પછી ક્યારેય નહિ કરી શકો, તે કરુણા (mercy) બતાવવામાં તમે કંજૂસ (niggardly) થશો? તમારા માટે વધુમાં વધુ સ્વાર્થી માણસ માટે પણ. હું એવો સારો અભિપ્રાય ધરાવું છું કે તમે કે એવો સ્વાર્થી માણસ જાણી જોઇને એમ કરે તે હું માની શકતો નથી. (I think better of you-even of the most selfish- than that you would do this, well undestood).

જો જીવન સ્વપ્ન જ ન હોય તો અને આપણને જે કંઇ શાંતિ, સામર્થ્ય (power) અને આનંદ મળવાનાં છે તે આપણે આ જીવનમાં જ મેળવવાનાં છે અને વિજયનું ફળ પણ આ જીવનમાં જ, નહિ તો ક્યારેય નહિ ભેગું કરી લેવાનું છે. (all fruit of victory gathered here-or never), તો પણ તમારા આયુષ્યનાં અલ્પ વર્ષો દરમ્યાન સદાય (throughout the puny totality of your life), તમે તમારા ક્ષુદ્ર અહં પોષવા વ્યર્થ શ્રમ કરીને અગ્નિમાં બળશો? (weary yourselves in the fire for vanity ?) જો ભવિષ્યમાં તમારા માટે આરામ ન હોય તો, આ જીવનમાં જ તમે લઇ શકો એવો આરામ નથી શું? જેમની માન્યતા તમે પુનઃ સ્વીકારી છે (to whose creed you have returned) તે પ્રાકૃત મનાતી પ્રજાઓ (the heather) એમ નહોતી માનતી (નોંધ : એકેશ્વરવાદી ખ્રિસ્તીઓ એકાધિક દેવદેવીઓમાં માનનારી અને મૃત્યુ પછી અનંત જીવન છે એવી ખ્રિસ્તીઓના જેવી શ્રદ્ધા વિનાની પ્રાચીન ગ્રીક અને રોમન પ્રજાને heathen-એટલે કે વેરાન પ્રદેશોમાં રહેનારી અસંસ્કૃત અથવા પ્રાકૃત પ્રજાઓ- કહેતા).

એ પ્રજા જાણતી હતી કે જીવન એક સંઘર્ષ છે, પણ સંઘર્ષ માત્રના ફળ સ્વરૂપ મળતા મુકુટનીય તે આશા રાખતી, જો કે જેને માટે ગર્વ લઇ શકાય એવો મુકટ નહિ! (They knew that life brought its contest, but they expected from it else the crown of all contest: no proud one !) વગડામાં ઊગતા ઓલિવ વૃક્ષનાં શ્રમિત કપાળને શાંતિનાં અલ્પ વર્ષોમાં શીતળ લાગે એવાં થોડાં ઘણાં પર્ણોનો જ! (only some few leaves of wild olive, cool to the tired brow through a few years of peace !-નોંધ : brow શબ્દનો અર્થ ભમ્મર ઉપરાંત કપાળ પણ થાય છે). તેમની અપેક્ષા તો સુવર્ણના મુકુટની હતી, પણ તેમનો દેવ જૂપિટર (વેદયુગવો દ્યુપિતા) ગરીબ હતો અને તે સારામાં સારો એવો જ મુકટ આપી શકે એમ હતું. એ પ્રજાઓ એમ પણ માનતી કે સુખ યુદ્ધથી કે ધનથી કે

કોઇના ઉપર જુલ્મ કરવાથી નહિ, પણ સુખદાયક શાંતિમાંથી મળે, શાંતિ પળદાયી અને મોકળી (in kindly peace, fruitful and free) તમે હજુ જીવતા છો ત્યાં સુધી, જેવો હોય તેવો, વૃદ્ધાવસ્થાના શ્વેત વાળના ગૌરવના અને મધુર વિશ્રાંતિના પ્રતીક જેવો આ મુકુટ મેળવી શકો છો (but this, such as it is, you may win while yet you live: type of grey honour and sweet rest).

હૃદયની નિર્બંધ નિખાલસતા (free-heartedness), અભિજાત સૌજન્ય (graciousness), અનવચ્છિન્ન વિશ્વાસ (undisturbed trust), પ્રકૃતિદત્ત પ્રેમ (requited love) પરજનોની શાંતિનું દર્શન અને તેમના દુઃખમાં તેમની ભાવપૂર્વક સેવા (the right of the peace of others and the ministry to their pain), તમારી ઉપર નીલું આકાશ, નીચે પૃથ્વીનાં મીઠાં જળ (sweet water) અને પુષ્પો-આ સર્વ હજુય અહીં તમારી અસંતાપકર અને દૈવી, ઇહલૌકિક જીવનમાં ઉપકારક અને જેમાંથી આ જીવન પછીય જીવન હોવાની સકારણ અપેક્ષા ન રાખી શકાય એવી નહિ ધનસંપત્તિ બની શકે છે. (-these may yet be here your riches : untormenting and divine : serviceable for the life that now is; nar, it may be, without promise of that which is to come-નોંધ : અહીં promise શબ્દનો અર્થ એક અંગ્રેજી શબ્દકોશ અનુસાર ground for expectation એવો થાય.)

પુસ્તકના શિર્ષક 'ક્રાઉન ઓવ વાઇલ્ડ ઓલિવ'નો આવો અર્થ સમજાવીને રસ્કિન એમ સૂચવતા જણાય છે કે કોઇપણ પ્રવૃત્તિ કે વ્યવસાયનું સાચું ફળ તે પ્રવૃત્તિ કે વ્યવસાયમાં આપણે જે ગૌરવ અને માનસિક પ્રસન્નતા અનુભવીએ છીએ તેમાં રહેલું છે, અને નહિ કે તે પ્રવૃત્તિ કે વ્યવસાયમાંથી મળતાં આર્થિક લાભ કે સામાજિક પ્રતિષ્ઠામાં.

♦ ♦ ♦

# આપણી કહેવતો

☐ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

કહેવતો ભાષાનું આભૂષણ હોય છે. એટલે બધી જ ભાષાઓમાં એ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આપણે ત્યાં કહેવતોની સારી એવી સમૃદ્ધિ છે. અત્યાર સુધી ઠીક ઠીક કહી શકાય એટલા કહેવત-સંગ્રહો આપણે ત્યાં પ્રકાશિત થઇ ચૂક્યા છે . જો કે એનો સુવ્યવસ્થિત અભ્યાસ થયો હોય એવો કોઇ ગ્રંથ હજુ જાણમાં નથી.

કહેવતો પ્રજા જીવનના ધબકારામાંથી ઉદભવે છે. એના મૂળમાં ક્યાંક કંઇ પણ અવશ્ય હોવું જોઇએ; જો કે અનેક પેઢીઓથી એ ઊતરી આવતી હોય છે. એટલે ઘણીવાર એનાં મૂળ સુધી આપણે પહોંચી નથી શકતા-એ ભૂલાઇ ગયું હોય છે. આ કહેવતો અનેક પેઢીઓના અનુભવ અને શાણપણનો નિચોડ સમાવતો દૃષ્ટાંતરૂપ સૂત્રાત્મક જ્ઞાનકોષ હોય છે. એ એવી રત્નકણિકા હોય છે કે સહેજે મનમાં હંમેશને માટે વસી જાય છે.

કહેવતોમાં પ્રજા જીવનના કેટલાયે પ્રવાહો એવા સરસ રીતે ઝીલાયા હોય છે કે એમાંથી સહેજે સમકાલીન પ્રચલિત રિવાજો, પ્રથાઓ, વિધિઓ, ભાવનાઓ, લાક્ષણિકતાઓ, ખાસિયતો, ખૂબીઓ ને ખામીઓનો સુદ્ધાં ઇતિહાસ તારવી શકાય છે-અનેક પેઢીઓમાં પથરાયેલા આપણા સમાજનું સજીવ ચિત્ર પણ એમાંથી મળી રહે છે.

કહેવતો ટૂંકી, અર્થસભર, વ્યવહારદષ્ટિભરી તથા કથનનું ભારપૂર્વક અનુમોદન કરનારી દલીલો જેવી હોય છે. એનું અંતસ્તત્વ એટલું સત્ત્વશીલ હોય છે કે એ સહેજે વ્યાપક ક્ષેત્રે પ્રચલિત થઇ જાય છે. અનેક પ્રદેશોમાં રાષ્ટ્રભરમાં એ ફરી વળે છે. એટલે જ આપણે ત્યાં પ્રચલિત કહેવતો, અન્ય ભાષાઓમાં પણ મૂળ રૂપે કે થોડા ફેરફાર સહિત પ્રચલિત થઇ હોય છે. બીજે પક્ષે અન્ય પ્રદેશોમાં ઉદ્‌ભવેલી કહેવતો પણ એજ રીતે આપણે ત્યાં પ્રચલિત થઇ હોય છે. અન્ય પ્રદેશોમાંથી પ્રવેશેલી કહેવતો પણ અર્થસભર અને સચોટ હોવા છતાં ઘણીવાર આપણે એના મૂળની વાતથી વંચિત રહીએ છીએ. જ્યારે આપણે ત્યાં તો કહેવતોના મૂળ તરીકે ઘણી વાર્તાઓ પ્રચલિત છે.

આપણે એ બધી તો નહીં પણ અહીંની મર્યાદા સાચવીને થોડી જોઇએ. આપણી એક કહેવત છે-'રાઇના પાડ રાતે ગયા'-વાત એમ છે કે એક ચોર એક રાતે એક વેપારી વાણિયાને ત્યાં ચોરી કરવા ગયો. અવાજથી વેપારી ને એની પત્ની જાગી ગયાં. ચોર આવ્યો છે જાણી વેપારીએ પત્નીને મોટેથી કહ્યું, 'રાઇના ભાવ તો હમણાં એટલા ગાંડા વધ્યા છે કે હવે તો એ તોલાને ભાવે વેચવી પડશે.' ચોરે આ સાંભળી લીધું. એણે તો રાઇની ગુણમાંથી ફાંટ ભરીને રાઇ લીધી ને ઊપડી ગયો. બીજે દિવસે રાઇ લઇને વેપારીને ત્યાં એ આવ્યો ને રાઇનો ભાવ પૂછ્યો. વેપારી એને ઓળખી ગયો, રાબેતા મુજબનો ભાવ કહેતાં ચોરે કહ્યું, 'રાઇના ભાવ તો ખૂબ વધી ગયા છે ને ?' ત્યારે વેપારીએ હસીને કહ્યું, 'રાઇના પાડ રાતે ગયા.'-એ તો ગઇ રાતની વાત. વેપારીએ ચતુરાઇપૂર્વક પોતાનું નુકશાન ખૂબ જ ઓછું કરાવી લીધું હતું.

એક બાબત હાથમાં લેતાં, બીજી કેટલીય બાબતો પાછળ ચાલી આવે ને એય અપનાવવી પડે એવા અર્થમાં એક કહેવત છે-'બાવાજીની લંગોટી'. એક બાવાજી હતા. સર્વસ્વ ત્યાગીને સાધુ બન્યા હતા. બધા વસ્ત્રોનો ત્યાગ કરી, એક માત્ર લંગોટી પહેરવાનો એમણે નિર્ણય કર્યો; પણ લંગોટી સૂકવવા નાખતાં એકવાર એક ઉંદર એ તાણી ગયો. ઉંદરથી બચવા એક બિલાડી પાળવી પડી. બિલાડી પાળી, એટલે દૂધની જરૂર પડતાં એક ગાય રાખી; ગાય રાખી, એટલે ઘાસ- ચારાની જરૂર પડી ને એને વ્યવસ્થા કરવામાં એક આખો નવો જ સંસાર શરૂ થઇ ગયો, ને આવા અર્થમાં 'બાવાજીની લંગોટી' કહેવત પ્રચલિત થઇ ગઇ.

મોટા ભાગની અપેક્ષા વગર કોઇ નાની હાનિ-નાનું નુકસાન વહોરી ન લે-એવા અર્થમાં આપણે ત્યાં એક કહેવત છે. 'લાલો લાભ વિના લોટે નહીં.' લાલો, વ્યવહારુ ને ચોક્કસ ગણતરીબાજ છોકરો હતો. એકવાર એ ઘી લેવા ગયો. પાછા આવતાં એના હાથમાંથી ઘીનું વાસણ પડી ગયું ને લાલો જમીન પર પડ્યો-પડી રહ્યો ! કોઇએ એની માને ખબર આપ્યાં. 'લાલો જમીન પર લોટે છે !' માને ખાતરી હતી કે લાલો લાભ વગર લોટે નહીં. મા ત્યાં ગઇ ! લાલો આસપાસ નજર નાખી ધીમેથી ઊઠ્યો-ઊઠતાં, જમીન પરથી કંઇક ઉપાડી લીધું. ઘેર જઇ માના હાથમાં બે સોનામહોરો મૂકી, ને કહ્યું, એણે જમીન પર એ સોનામહોરો જોઇ હતી. એ ઉપાડતાં કોઇ જોઇ ન જાય, એટલે એણે ઘીનું ઠામ પડવા દીધું ને સોનામહોરો પર પડી રહ્યો હતો.

એક વધુ કહેવત જોઇએ. જ્યાં નાના મોટા મૂલ્યોમાં કોઇ અંતર જ ન સમજાતું હોય તેવા પ્રસંગે આપણે કહીએ છીએ 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા' આના મૂળમાં રહેલી 'અંધેરી નગરી ને ગંડુ રાજા' ની વાર્તા તો હવે વિદ્યાર્થીઓમાં પણ સારી એવી પરિચિત છે.

હવે એક જુદી જ કહેવત જોઇએ. આમ તો એ આપણે ત્યાં સારી એવી પ્રચલિત છે-એ છે-'પૈસો પૈસાને ખેંચે છે.' એની વાત આમ છેઃ એક ગરીબ મજૂર, મોડી સાંજે ઘર તરફ જતો હતો. ગજવામાં આજે કમાયેલો એક રૂપિયો પડ્યો હતો.એક ઘર પાસેથી પસાર થતાં, એની નજર બારીની વચ્ચેથી, અંદર પ્રકાશમાં પડેલા રૂપિયાના ઢગલા પર પડી. પોતાના શેઠ પાસેથી સાંભળેલી કહેવત એને યાદ આવી-' પૈસો પૈસાને ખેંચે !' ગજવામાંથી પેલો રૂપિયો કાઢી પેલી બારીની વચ્ચે

હાથમાં રાખી એ ઊભો રહ્યો-પેલા રૂપિયા ખેંચવા. અચાનક એના હાથમાંથી પોતાનો રૂપિયો સરી પડ્યો ને પેલા રૂપિયાના ઢગલામાં જઇ પડ્યો. હવે? એ તો તરત ગયો શેઠ પાસે ને બધી વાત કહી. શેઠે હસીને કહ્યું-'વાત ખોટી નથી. પણ પેલા રૂપિયા વધારે હતા એટલે એણે તારો રૂપિયો ખેંચી લીધો !

આ સાવ આપણી, પોતાને ત્યાંની વાત લાગે છે, ખરું ને ! પણ એના મૂળમાં તો એક ફારસી વાર્તા છે ! જે ફારસી શાયર નિઝામીના મહાકાવ્ય સિકંદરનામામાં નોંધાયેલી છે. એમણે આવો જ પ્રસંગ ટાંકી કહેવત તારવી છે. 'જર રા જર કશદ'-ભાષાનો જ ફેર છે ને ! જે વાર્તા આપણા સમાજના વાતાવરણમાં રૂપાંતર પામી છે એટલું જ !

કોઇ જબરી સમસ્યાના ઉકેલ માટે, ખૂબ ચર્ચા પછી વિચારાયેલો ઉપાય અમલમાં મૂકવામાં અત્યંત મોટું જોખમ રહેલું હોય ત્યારે એવું જોખમ ખેડવા ભાગ્યે જ કોઇ તૈયાર થાય ! આવું દર્શાવતી એક કહેવત છે-'બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે !'

વાર્તા કંઇક આવી છે : ઉંદરો માટે બિલાડી હંમેશાં જાની દુશ્મન હોય છે. એ એવી છાનીમાની આવે, કે જરાયે જાણ ન થાય, ને કેટલાંયે ઉંદરોનો ખાતમો થઇ જાય, એટલે ઉંદરોએ આનો ઉપાય શોધવા સભા ભરી; ને નક્કી થયું કે બિલાડીની કોટે ઘંટ બંધાય તો એ આવે એની આગોતરી જાણ થઇ જાય ! પણ બિલાડીને ગળે ઘંટ બાંધવા જાય કોણ! જે જાય તેને બિલાડી ખાઇ જ જાય ને !

આ વાર્તા ઘણી ભાષાઓમાં પ્રચલિત થઇ છે. આપણે, કદાચ એ અંગ્રેજીમાંથી અપનાવી છે.

આ બધી વાર્તાઓ કહેવતોની યથાર્થતાનું સમર્થન જરૂર કરે છે, પણ કહેવતો માટે રજૂ થતી કેટલીક વાર્તાઓ પ્રતીતિકર નથી લાગતી. કહેવતોના પ્રચલિત અર્થને આધારે બનાવી લઇ, ઠઠાવી દીધી હોય એવી લાગે છે. દા. ત. કોઇ બે વ્યક્તિઓ વચ્ચે જબરું અંતર હોય એવું દર્શાવતી આપણી એક કહેવત છે. 'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી.' આને વિશે ઘણાંએ વાતો કરી છે, આને માટે રજૂ થયેલી એક વાર્તા તો એવી છે જે અન્ય બે-ત્રણ સંદર્ભમાં મેં વાંચી છે. એક તો લોકકથા તરીકે પણ રજૂ થઇ છે. ને હા, એ તેલી, તે તૈલપ રાજા માટે કંઇક નીચા અર્થમાં બનેલું રૂપ છે. પણ આપણે ત્યાં તો કેટલાકે એને સ્થાને ' ગાંગલી ઘાંચણ' પણ ગોઠવી દીધી છે, તે કહે છે, 'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગલી ઘાંચણ.'

અન્ય ભાષામાંથી આવેલી કહેવતોમાં ઇતિહાસનો પણ સારો એવો ફાળો હોય છે. અંગ્રેજોના શાસનને લઇને આપણે ત્યાં જેમ અંગ્રેજી પ્રયોગો પ્રચલિત થયા છે તેમ મુગલ શાસનને લઇને આપણી ભાષામાં સારી એવી પ્રચલિત થયેલી કેટલીક કહેવતો છે જે એવી આત્મસાત થઇ ગઇ છે કે હવે તો માનવામાં ન આવે કે એ મૂળ ફારસી છે. મોટે ભાગે એ માત્ર ભાષાંતર રૂપે આપણે ત્યાં પ્રચલિત થઇ છે. ચાલો થોડી જોઇએ. એક છે-દીવાલને પણ કાન હોય છે. બીજી છે- ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર. પછી એક મ્યાનમાં બે તલવાર ન રહે. પછી સિંદરી બળે પણ વળ ન જાય, અથવા દોરડી બળે ને વળ ન જાય. પછી ગઇ ગુજરી ભૂલી જવી. ઉપરાંત નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન ભલો, કૂતરાની પૂંછડી વાંકી તો વાંકી જ, સોબતે અસર.

કહેવતોની જેમ પ્રચલિત કેટલીક પંક્તિઓ તો આપણે ત્યાં પદ્ય રચનાઓમાંથી યે આવી છે. જેમકે-કોઇ એક બાબતનો યોગ્ય રીતે ઉપયોગ ન થતાં, અણઘડ રીતે થયેલા ઉપયોગ માટે આપણે અખાની પંક્તિમાં ટાંકીએ છીએ-'આંખનું કાજળ ગાલે ઘસ્યું.'

કામ કર્યું હોય કોઇએ, પણ એનો યશ જોડેનું જ અન્ય કોઇ લેતું હોય-ગાડા નીચે કૂતરું આવેલું હોય ને માની લે કે પોતાને કારણે જ ગાડું ચાલે છે; એવું હોય ત્યારે આપણે કહીએ છીએ-'શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.' ભાષા વિશેનો અનાવશ્યક વિવાદ થાય ત્યારે આપણે અખાની પંક્તિઓ ટાંકીએ છીએ-'ભાષાને શું વળગે ભૂર.'

આવી કહેવતોમાં ઉમેરવા જેવી છે;-એ નસીબની વાત છે, 'ન માગે દોડતું આવે.' વધુ પડતું અભિમાન હોય ત્યાં 'હું કરું હું કરું !' કહીએ છીએ. અન્યના દોષ કાઢનાર પોતાના દોષ તરફ આંખ બંધ રાખે ત્યારે આપણે કહીએ છીએ-'આપના અઢાર વાંકા !' અલબત્ત આ કહેવાયું છે ઊંટના સંદર્ભમાં; પછી, જવાબદારીપૂર્વક કોઇ વસ્તુ અન્ય માટે સાચવી રાખવાને બદલે કોઇ ઓળવી જાય ત્યારે કહીએ છીએ-'વાડ થઇને ચીભડાં ગળે !' સ્વાસ્થ્ય સાચવવાને માટે કહેવાયું છે. 'પહેલું સુખ તે જાતે નર્યાં'

આ બધી મૂળ પદ્યરચનાઓમાંથી લેવાઇ છે. આપણે ત્યાં સારી એવી પ્રચલિત એવી જ એક કહેવત છે-'એક પંથ દો કાજ !' દેખીતી રીતે એ હિંદીમાંથી આવી છે. મૂળ રચનામાં-દહી વેચવા નીકળેલી સખીઓની વાત છે. એક કહે છે આમ ચાલ સખી આપણે ત્યાં જઇએ જ્યાં કનૈયો છે. દહીં પણ વેચાશે ને કનૈયાને પણ મળાશે-

ચલો સખી જાએં જહાઁ મિલે બ્રજરાજ

ગોરસ બેચત હરિ મિલે, એક પંથ દો કાજ

પ્રજા જીવનનાં કેટલાંક પાસાઓનું દર્શન કરાવતી કહેવતો જોઇએ. દા. ત. 'કાગડા બધેજ કાળા' પછી 'પાપડી જોડે ઇયળ પણ બફાઇ જાય' પછી 'દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીયે' હવે આ જુઓ-

'બે હાથ વગર તાળી ન પડે' અથવા 'દે દામોદર દાળમાં પાણી', 'દૂધમાં ને દહીંમાં પગ રાખવો', 'બે ઘરનો પરોણો ભૂખે મરે', 'પાણી પહેલાં પાળ બાંધવી', 'બોલે એના બોર વેચાય'.

આવી કહેવતોમાં વ્યવહારદૃષ્ટિનાં દર્શન થાય છે. 'ઘેર ઘેર માટીના ચૂલા', 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય', આવ્યા મળવા ને બેસાડ્યા દળવા' 'સો દિવસ સાસુના તો એક દિવસ વહુનો' આવી કહેવતો સમાજના દર્પણસમી થઇ પડે છે. જ્યારે-'સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા' જેવી કહેવતો તે તે સ્થાનના તત્કાલીન મહત્ત્વનું દર્શન કરાવે છે.

માનવ પ્રકૃતિનું દર્શન કરાવતી તો કેટલીયે કહેવતો આપણે ત્યાં પ્રચલિત છે-જરા કંઇ કરી આવો કે વધુની અપેક્ષા રખાય ત્યારે કહીએ છીએ-'આંગળી આપતાં પહોંચો પકડ્યો.' માનવ સ્વભાવનું વિશ્લેષણ કરાવતી કહેવતો છે-'ખાળે ડૂચા ને દરવાજા ઉઘાડા' અથવા 'ખાળે ડૂચા ને ગરનાળાં ઉઘાડાં', 'પાઇની પેદાશ નહીં ને ઘડીની ફુરસદ નહીં', 'સુખમાં સોની, દુઃખમાં રામ', 'આગ લાગે ત્યારે કૂવો ખોદવો!' પછી 'સઇની સાંજ', 'સુતારને મન બાવળીઓ', 'જોનારની એક ને ચોરનારની ચાર', અથવા 'ચોરને મન ચાંદરણું', જેવી કહેવતોમાં વ્યવસાયીઓની પ્રકૃતિનાં દર્શન થાય છે-એક જમાનામાં ચોરી પણ વ્યવસાય ગણાતો ને !

વ્યવહારમાં ખૂબ ઉપયોગી નીવડેલી કેટલીક એવીયે કહેવતો છે જે ચોક્કસ સંજોગોમાં યોગ્ય હોય, પણ પૂર્વાપર સંજોગો બાદ કરતાં સ્વતંત્ર કહેવતો તરીકે એ પરસ્પરની વિરોધી પણ લાગે. આપણી એક કહેવત છે, 'બોલે તેનાં બોર વેચાય !' જ્યારે આથી તદ્દન ઊલટી જ સલાહ આપતી કહેવત છે 'ન બોલ્યામાં નવ ગુણ' આવું જ એક બીજું જોડકું છે-'ભઠિયારો ભૂખે ન મરે' હવે સરખાવો 'રાંધનારીને ધૂમાડો' પરસ્પર વિરોધી વિધાનો પણ ભિન્ન ભિન્ન સંજોગોમાં પૂરેપૂરા ખરા નીવડી શકે એવાં હોય છે. એક વધુ જોઇએ 'વાવે તેવું લણે' ને સરખાવો 'કીડી સંચે તેતર ખાય !' લગભગ આવા જ ભાવવાળું અન્ય એક જોડકું છે-'કરે તેવું પામે' તો સામે છે. 'કરે કોઇ ને ભરે કોઇ !'

કહેવતોના આ વિશ્વમાં અનોખું વૈવિધ્ય છે ને સમાજના ચિત્રની રંગીન છણાવટ પણ છે, તે છતાં સંજોગો અનુસાર એ બધી જ સો ટકા ખરી નીવડે છે.

♦ ♦ ♦

# ભગિની નિવેદિતાના એક પત્રને આધારે

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

ઓક્ટોબર ૧૯૦૮નો 'ઉદ્‌બોધન' માસિકનો અંક મારા હાથમાં આવ્યો જેમાં ભગિની નિવેદિતાનો સ્ત્રીશિક્ષણ વિષયક પત્ર પ્રગટ થયો છે. પત્રમાં તારીખ નથી પણ લખાયો છે ૧, લવેંડર ગાર્ડન્સ, લંડન ઇ. વે. થી. અમદાવાદના 'વેદન સનાતન ધર્મોત્તેજક મંડળ' તરફથી સ્ત્રીઓને શિક્ષણ કેવા ધોરણ ઉપર આપવું જોઇએ તે સંબંધી તેમનો ભગિની નિવેદિતાનો મત જાણવા તથા જો જરૂર પડે તો કોઇ સારી શિક્ષિકા મોકલી શકો કે કેમ? એમ પૂછવામાં આવતાં તેના પ્રત્યુત્તર રૂપે ઉપર્યુક્ત મંડળના સેક્રેટરી ઉપર આ પત્ર લખ્યો છે. પત્રમાંની કેટલીક વિગતો આજે પણ પાયાની હોવાથી, આગળ ઉપર તેની ચર્ચા કરીશ. શરૂમાં ઔપચારિક રીતે થોડીક સ્પષ્ટતા કરવા તેઓ લખે છેઃ-

પ્રિય બંધુ,

તમારો વિષય ઘણો જ ઉપયોગી છે, અને તે વિષે લખવાની મને તક મળી તેથી ખરેખર હું મને ઘણી જ ભાગ્યશાળી સમજું છું.

તમે જે છોકરીઓના શિક્ષણ વિષે લખો છો તેમની ઉમર જણાવી નથી, પણ હું ધારું છું કે તમે સર્વે વયની સ્ત્રીઓ વિષે સામાન્ય રીતે કહો છો અને તેટલા માટે તમે યુવાન અવિવાહિત બાલાઓને બાદ કરતા નહિ હો; વળી હું ધારું છું કે ગુજરાતી ભાષા બોલતી કન્યાઓ માટે તમારું કહેવું છે.'

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ભગિની નિવેદિતા સંબંધે એક સુંદર સ્વતંત્ર લેખ લખ્યો છે. એની શરૂઆત આ પ્રમાણે છેઃ 'ભગિની નિવેદિતા સાથે મારે પહેલી મુલાકાત થઇ ત્યારે તેઓ તાજાં જ હિંદુસ્તાન આવેલાં હતાં. મેં ધાર્યું હતું કે સાધારણ રીતે અંગ્રેજ મિશનરી સ્ત્રીઓ જેવી હોય છે તેવાં જ એ પણ હશે, માત્ર એમનો ધર્મસંપ્રદાય જુદો છે.'

કવિવરની ભગિની નિવેદિતા સંબંધે આવી ધારણા હતી એટલે એમણે એમની પુત્રીને શિક્ષણ આપવાનો ભાર સ્વીકારવા વિનંતી કરી ત્યારે તેમણે કવિવરને પૂછ્યુંઃ 'તમારે શું શીખવું છે?'

કવિવરે કહ્યુંઃ 'અંગ્રેજી, અને સાધારણ રીતે અંગ્રેજી ભાષા મારફતે જે શિક્ષણ અપાય છે તે.' ત્યારે ભગિની નિવેદિતાએ જે જવાબ આપ્યો છે તે મૌખિક તો છે જ. પણ શિક્ષણ-વિશ્વને નૂતન દૃષ્ટિ આપનાર પણ છે. એમણે કહ્યુંઃ 'બહારથી કોઇ શિક્ષણ ગળાવવાથી લાભ શો? જાતિગત નૈપુણ્ય અને વ્યક્તિગત વિશેષ શક્તિરૂપે માણસમાં જે વસ્તુ પડેલી છે તેને જાગ્રત કરવી એને જ હું સાચું શિક્ષણ માનું છું, નિયમબદ્ધ વિદેશી શિક્ષણ વડે તેને દાબી દેવી એ મને ઠીક લાગતું નથી.' કવિવરે કહ્યુંઃ 'ભલે, સારું, આપની પોતાની પદ્ધતિ અનુસાર જ આપ કામ કરજો, હું કોઇ પણ જાતની ફરમાશ કરવા ઇચ્છતો નથી'...થોડોક વિચાર કરીને ભગિની નિવેદિતાએ કહ્યુંઃ 'ના, મારું એ કામ નથી.' આ પછી કવિવર ભગિની નિવેદિતાની સર્વતોમુખી પ્રતિભા અને લડાયક પ્રવૃત્તિની વાત વિગત કરે છે.

ભગિની નિવેદિતાઓ જે જાતિગત નૈપુણ્યની વાત કરી તેમાં પુરાણકાળની ચાતુર્વર્ણ્ય સમાજ-રચનાનો નિર્દેશ વાંચી શકાય? અલબત્ત, એમાં આંશિક સત્ય હશે, પણ પૂ. બાપુ મહાત્મા ગાંધીજીના આગમન પછી તો એમણે કહ્યું છે કે 'બ્રાહ્મણની શાંતિ અને જ્ઞાન, ક્ષત્રિયનું તેજ ને શૌર્ય, વૈશ્યની દક્ષતા ને કાર્યકુશળતા તથા શુદ્રની નમ્રતા ને સેવાવૃત્તિ દરેક માણસમાં હોવી જોઇએ... તો જ એનો ને સમાજનો પૂર્ણ વિકાસ થાય. બીજી વાત તે વ્યક્તિગત વિશેષ શક્તિ જે દરેક માણસમાં ગુપ્ત, સુપ્ત સ્વરૂપે પડેલી જ છે તેને જાગ્રત કરવી. સાચા શિક્ષણનું ને સંનિષ્ઠ શિક્ષકનું ત્રિકાલાબાધિત આ સત્ય કર્તવ્ય છે.

આજથી નવેક દાયકા પૂર્વે માતૃભાષાનું ખેડાણ અત્યારની તુલનાએ સાધારણ કે નહિવત્ ગણાય. ઘણું ખરું કામ અંગ્રેજી ભાષા દ્વારા ચાલતું. પણ તે કાળેય ભગિની નિવેદિતા લખે છેઃ 'માનસિક તથા નૈતિક શિક્ષણ દઢ રીતે આપવા માટે સર્વ જ્ઞાનનો પાયો માતૃભાષામાં સુદઢ કરવો જરૂરનો છે.'

આ પાયાના વિચારને મૂર્ત કરવા આપણે કેટલાં બધાં વર્ષોથી મથી રહ્યા છીએ છતાં યે એમાં એકવાક્યતા સાધી શક્યા છીએ?

આ પછી, ૧૭, બોરપરાલેન બાગબજાર, કલકત્તામાં આવેલી વિવેકાનંદની સ્કુલમાં સિસ્ટર ક્રિસ્ટાઇન (ભગિની નિવેદિતા) જ્યારે હિંદુઓને તેમના ધર્મ અને બંધારણ તરફ માનપૂર્વક ઉત્સાહ ધરી શિક્ષણ આપે છે ત્યારે કેવો તો રોમહર્ષણ પ્રતિસાદ સાંપડે છે તેની સ-દૃષ્ટાંત વિગતે વાત કરે છે ને એ વર્ગોમાં ગીતામાંથી વાંચન થાય છે, દુનિયાના ભિન્ન ભિન્ન દેશો વિષે નકશા સાથે ચર્ચા-વિવાદ થાય છે અને યુવાન સ્ત્રીઓને સામાન્ય શિક્ષણ અપાય છે, તેથી તેમને થતા પરિતોષની વાત કરે છે. આ પછી તેઓ લખે છેઃ 'હું જાતે માનું છું કે જે શિક્ષણ સ્ત્રીઓને સ્વદેશાભિમાનથી વિમુખ કરે એવું કોઇપણ શિક્ષણ નહિ આપવા બાબત હિંદે ડહાપણ ને શૌર્ય બતાવ્યાં છે તે યોગ્ય જ છે. અલબત્ત, આપણે એ પણ યાદ રાખવું જોઇએ કે સંપૂર્ણ જિંદગી અને પ્રજાત્વના શિક્ષણની સંપૂર્ણ પદ્ધતિ એ એક ફળ છે. માટે આપણે જે સ્થિતિમાં હોઇએ ત્યાંથી શરૂઆત કરવી જોઇએ.' આ પછી તેઓ ગૃહ અને શાળાની અસરની તુલના કરી કહે છે; 'હંમેશાં ઘણે ભાગે ગૃહમાંથી સારી-નરસી ભાવનાઓ, અસરો ઉત્પન્ન થાય છે... અને નિશાળોમાં તો જ્ઞાન મળે છે. જો ભાવના ઘણી નિર્મળ અને મજબૂત હશે તો જ્ઞાન તેના કરતાં કંઇ વિશેષ નથી. નિશાળ ઘર કરતાં અંતઃકરણની બાબતમાં ઊતરતી છે. આ સત્ય તમને જાતે જ જણાશે.'

આ પછી તેઓ મુંબઇની એક મોટી પ્રતિષ્ઠિત કન્યાશાળાની વાત કરી, બાળકો પ્રત્યે ઉપેક્ષા કેવી હોય છે તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપે છે. તેઓ લખે છે; 'મારે કહેવું જોઇએ કે, મુંબઇમાં આવેલી એક મોટી કન્યાશાળાની મુલાકાત લેતાં, ૧૦-૧૧ વરસની બાળાઓને ટેનિસનની કવિતા મોઢેથી બોલતી મેં જોઇ, પણ તેમાંની ભાગ્યે જ કોઇએ સતી સીતા કે સાવિત્રીનું નામ પણ સાંભળ્યું હશે..એવું મને જણાયું. આથી મને ઘણું આશ્ચર્ય લાગ્યું. આને શિક્ષણ કહેવાય જ નહીં? પણ તે એમ પણ બતાવી આપે છે કે જે ગૃહોમાંથી તેઓ શિખવા જતી હશે, તે ગૃહોમાં ઘણી જ ખામી હોવી જોઈએ.' અંગ્રેજી માધ્યમના મોહથી ગ્રસ્ત એવી આજની કેટલીક શાળાઓ માટેનું પણ આ કડવું સત્ય કોણ સ્વીકારશે?

આજથી નવેક દાયકા પૂર્વે હિંદના કોઇપણ પ્રાંતમાં સ્ત્રી-શિક્ષણનો પ્રશ્ન શિક્ષિત સ્ત્રીઓ ઉપાડી લે એવી સ્થિતિ જ નહોતી એટલે ભગિની નિવેદિતા કેટલીક વ્યવહારુ યોજનાઓ-ઉપાયો દર્શાવે છે ને કહે છે, વળી શિક્ષકોએ મેજિક લેન્ટર્ન (જાદુઇ ફાનસ) દ્વારા શિખવવાને ચોકઠાં અને ચકલાં-શેરીઓમાં તથા ગામડાંઓમાં ભારત અને ભાગવતની કથા કરનારા માણભટ્ટોની પેઠે જોડાવું જોઇએ. આપણા ચાલાક યુવકોએ વાચનમાળાઓ તૈયાર કરવામાં તથા ચોપાનિયામાં દેશી ભાષામાં ખંતથી લખવામાં લાગવું જોઇએ? 'તમારી દેશી ભાષાનો ઉદ્ધાર કરી તેને ખીલવો. સ્ત્રીઓ તથા પ્રજાનું કાર્ય દેશની ભાષાના ભવિષ્ય સાથે છે. તમારી કન્યાશાળા તથા વાચનમાળાઓ બનાવો. અને તેમાં મહાભારત તથા રામાયણમાંથી ચૂંટી કાઢેલાં ફકરાઓનો સમાવેશ કરો. મેં સાંભળ્યું છે કે, હિંદનાં સર્વે બાળકોને યુદ્ધના અંતે

ગાંધારીએ કરેલો વિલાપ તેમની પોતાની ભાષાની વાંચનમાળાઓમાં વાંચવાની ખાસ જરૂર છે. દુનિયાના વીરરસયુક્ત સાહિત્યમાં સૌથી સરસ ફકરાઓમાંનો આ એક છે...તે પણ કન્યાઓને વંચાવો. હાલ વિસારી દીધેલ ગંગાસ્તોત્ર...બાળપણમાં શિખવું જોઇએ. પુરાણોમાં પણ કેટલાંક ઉત્તમ ફકરા છે. નળ દમયંતીની કથા, સીતાની અગ્નિ-પરીક્ષા અને બીજો થોડો ખજાનો, જિજ્ઞાસાને સતેજ કરે એવો પણ તૃપ્તિ નહીં થાય એવો-પસંદ કરી વાંચનમાળાઓ બનાવવી.' આ પછી ઇતિહાસ, ભૂગોળ અને ધાર્મિક શિક્ષણની વાત કરતાં તેઓ લખે છેઃ 'ઇતિહાસ, વાર્તાઓથી લાભ થાય છે. ત્રીસ-ચાલીસ વર્ષ ઉપર 'મહાન સ્ત્રીઓ' નામે એક બંગાળી પુસ્તક હતું...તેમાં પુણ્યશ્લોક રાણી અહલ્યાબાઇ, રાણી ભવાની, ચાંદબીબી વગેરેનાં જીવન ચરિત્રો આપેલાં હતાં. આવી જાતના ઇતિહાસ પ્રથમ શરૂ કરવા. હિંદુઓ મહાભારત અને રામાયણ જાણતા હતા..તેમણે બુદ્ધની વાર્તા પણ જાણવી જોઇએ. જેથી હિંદભૂમિનો ને ઐતિહાસિક જમાનાનો ખ્યાલ આવશે...ભૂગોળ આપણાં પવિત્ર યાત્રાનાં ધામો, તીર્થો, નદીઓનાં વર્ણનથી શરૂ કરવી...અને ધીમે ધીમે તેમાં આખું હિંદ આવી જશે...ને દુનિયાના બીજા દેશો વિશે પણ શિખાશે...' ગીતા, એક છેડેથી બીજા છેડા સુધી (સાદ્યન્ત) વાંચવી, સમજવી તથા પૂજવી જોઇએ. 'વંદેમાતરમ' (રાષ્ટ્રગીત) પ્રત્યેક પ્રાંતિક ભાષામાં ઉતારી હંમેશાં સહુએ સાથે મળીને ગાવું-ઉચ્ચારવું જોઇએ. કેટલીક પવિત્ર તથા પ્રિય વસ્તુઓનું સામાન્ય ઉચ્ચારણ તે જ સાર્વજનિક જુસ્સાનો પાયો છે. આપણા પ્રાચીન સમય માટે ઘણાં પ્રેમ તથા માનની લાગણી કેળવાવી જોઇએ. પણ આશા, હિંમત તથા પરાક્રમનો મહાન જુસ્સો, ભાવિ માટે કેળવવો જોઇએ. આપણે યાદ રાખવું જોઇએ કે હિંદમાં ૧૫૦૦ વર્ષોથી કેળવણી બ્રાહ્મણોના વિચારને સ્વાધીન હતી...પણ હવે તેના ઉપર ક્ષાત્ર-વિચાર પ્રચલિત થવો જોઇએ. હાલના યુગમાં ઇશ્વર વીરેશ્વર (શૂરવીરોનો પતિ) છે.' અંતમાં તેઓ લખે છેઃ 'આ રીતે આગળ ચાલતાં તો હિંદમાતાના આશીર્વાદથી કંઇક ફતેહ અવશ્ય મળવી જોઇએ. જો કે આપણા પ્રયત્નોના પ્રથમ પગલામાં આપણે પડીએ-આખડીએ તો પણ હરકત નહિ.'

હું છું, પ્રિયબંધુ,

આપની નિવેદિતા (રામકૃષ્ણ-વિવેકાનંદ)

ભગિની નિવેદિતાનો આ એક જ પત્ર વાંચતાં કોઇને પણ લાગશે કેએમનું ખોળિયું વિદેશી હતું પણ એમનો આત્મા તો નખશિખ ભારતીય હતો, અરે કેવળ ભારતીય જ નહીં પણ સવાઇ ભારતીય. એમના 'Our People'ના ઉદ્‌બોધનમાં જે આત્મીયતાનો ઉમળકો ને રણકો છે એવો તો કોઇક વિરલ રાષ્ટ્રભક્તમાં જ જોવા મળે. ભારતના અભ્યુદય કાજે એમણે તન, મન, ધનનો અર્ઘ્ય ધરી દીધો. સમગ્રનું સમર્પણ એ એમના વ્યક્તિત્વનું વ્યાવર્તક લક્ષણ હતું. ટાગોરને મતે, માણસનું સત્યરૂપ, ચિત્તરૂપ કેવું હોય તે જેણે જેણે તેમને ઓળખ્યાં હશે તે બધાએ જોયું હશે...પ્રત્યેક દિવસે, પ્રત્યેક ક્ષણે જે કંઇ સૌથી શ્રેષ્ઠ હતું, જે કંઇ સૌથી મહાન હતું, તેનું જ તેમણે દાન કર્યું છે...તેઓ જેવાં ગંભીર ભાવુક હતાં તેવાં જ પ્રબળ કર્મી હતા. તેમણે અત્યંત પ્રેમપૂર્વક સંપૂર્ણ શ્રદ્ધા સહિત પોતાની જાતને ભારત વર્ષને સમર્પણ કરી હતી.

'પોતાની અંદર રહેલાં સત્યના આસન ઉપરથી ઊતરી તેમણે ચૌટામાં માંચડો નહોતો બાંધ્યો. આ દેશમાં તેઓ પોતાનું જીવન મૂકતાં ગયાં છે, પણ પક્ષ નથી મૂકતાં ગયાં'...આ પત્ર પરથી પણ આપણે જાણી શકીએ છીએ કે 'ભારતવર્ષના મંગલ પ્રત્યેની તેમની પ્રીતિ અત્યંત સાચી હતી. તે મોહ નહોતો, માણસમાં જે શિવ છે તે શિવને જ એ સ્ત્રીએ સંપૂર્ણપણે આત્મસમર્પણ કર્યું હતું. માણસના આ અંતર કૈલાસવાસી શિવને જે પોતાના સ્વામી રૂપે મેળવવા માગે છે તેની સાધના જેવી કઠિન સાધના બીજી કોની હોય?'

♦ ♦ ♦

# વેદ અને બાઇબલના સમાન સિદ્ધાંતો

□ હેમાંગિની જાઇ

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ભારતીય સંસ્કૃતિના ચાર મૂલાધાર ગ્રંથ છે. સમગ્ર વિશ્વનું સર્વપ્રથમ વાઙ્મય છે. વાઙ્મય પણ છે અને ચિન્મય પણ. ચિન્મય એટલે જ્ઞાનસ્વરુપ. વેદનો અર્થ જ થાય છે વિશુદ્ધ જ્ઞાન, વિમલ વિજ્ઞાન. વેદકાલીન આર્ષદ્રષ્ટાઓની આત્મદા, બલદા, ઋતંભરા, પ્રજ્ઞા થકી એ પ્રગટ્યું છે. માનવ સંસ્કૃતિના ઉષઃકાળમાં રચાયેલું પ્રાચીનતમ સાહિત્ય છે. છતાં એની અંદર સમાયેલું સનાતન સત્ય સાંપ્રત સમાજને ય ઉપયોગી નીવડે એટલું ઊર્જસ્વી છે.

ભિન્ન ભાષા, વિભિન્ન ધર્મ, ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ પ્રતિ આર્યોનો દષ્ટિકોણ કેટલો ઉદારમતવાદી હતો, કેટલો સમન્વયવાદી હતો, સંઘર્ષનો નહીં કિન્તુ સંસ્કૃતિ સંગમનો હતો એનું ઉત્કૃષ્ટ દષ્ટાંત તે અથર્વવેદનું ભૂમિસૂક્ત.

जनं बिभ्रती बहुधा विवाचसं नानाधर्माणं पृथिवी यथौकसम् ।

सहस्रं धारा द्रविणस्य मे दुहां ध्रुवेव धेनुरनपस्फुरन्ती ॥

અર્થાત્ બહુવિધ ભાષા અને અનેકવિધ ધર્મોને પોષતી આ પૃથ્વી કામદુધા જેવી મને સહસ્ત્રધારાઓથી વૈભવસંપન્ન કરતી રહે.

બહુવિધ ધર્મોને, ધર્મના સિદ્ધાંતોને મથીને એમાંથી નવનીત તારવી લેવાની આ ઉદાત્ત આર્યદષ્ટિ છે. आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः (ऋ १.८९.१) એમની સમન્વયવાદી વિચારધારાનો મુખ્ય પ્રવાહ છે. કોઇપણ દિશામાંથી આવતા ઉન્નત વિચારોને અપનાવી લેવાની આ સર્વગ્રાહી આર્યદષ્ટિ છે.

વેદ જેમ વિદ્ ધાતુ પરથી આવ્યો છે તેમ બાઇબલ શબ્દ મૂળ ગ્રીક બિબ્લોસ ધાતુ પરથી આવ્યો છે. એનો અર્થ થાય છે વિભિન્ન ગ્રંથો. વેદોની જેમ બાઇબલ પણ એક સળંગ ગ્રંથ નથી, કિંતુ ઇશ્વરીય પ્રેરણા થકી રચાયેલા ઇઝરાયલ દેશના જ્ઞાત-અજ્ઞાત ખ્રિસ્ત પૂર્વ-સમકાલીન અને પશ્ચાત્કાલીન પ્રભુના પયગંબરોના મુખમાંથી સ્રવેલી આર્ષવાણી છે. ઇશ્વરીય પ્રેરણા થકી નિર્માણ થયું છે પણ બાઇબલ ઇશ્વરનિર્મિત કે અપૌરુષેય નથી.

બાઇબલ આધ્યાત્મિક મહાકાવ્ય છે. જનકલ્યાણ અને જગદુદ્ધાર કાજે આત્મબલિદાન દેનાર એક દૈવી પુરુષની-પ્રભુના પયગંબરની સત્ય-કથા છે. ખ્રિસ્ત ધર્મનું સારસર્વસ્વ છે. એક નૈષ્ઠિક ખ્રિસ્ત માટે એ જીવન-પ્રાણ આધાર છે. ઇશુના ભક્તો માટે પ્રભુની દિવ્યવાણી છે. નવચેતન અર્પતો જીવનનો ઝરો છે. બાઇબલનું પ્રકાશિત વાક્ય છે-Revelation 21.6 and he said unto me...I am Alpha and Omega-the begining and the end. ..I will give unto him that is athirst of the fountain of the water of life freely-અર્થાત્ મુક્તહસ્ત થઇને તૃષિતોને જીવનનિર્ઝરમાંથી જલપ્રાશન કરાવીશ.

બાઇબલના બે વિભાગો છે. જૂનો કરાર અને નવો કરાર-The old Testament & The New Testament. કરાર એટલે બે પક્ષો વચ્ચેનો સંબંધ. કરાર શબ્દપ્રયોગ બાઇબલનું ધર્મગ્રંથ તરીકેનું વિશિષ્ટ સ્વરૂપ સૂચવે છે. બાઇબલનો અભિગમ તત્ત્વજ્ઞાનનો નથી. એમાં જીવ-જગત, બ્રહ્મ-માયા જેવા પ્રશ્નોની છણાવટ કે તર્કબદ્ધ ચર્ચા ભાગ્યે જ મળે. બાઇબલમાં તો ઇશ્વર માનવ વિશે શું શું કરે છે, એની સાથે કેવો વ્યવહાર રાખે છે, સૃષ્ટિના સર્જન અને માનવીય ઇતિહાસના

તાણાવાણા સાથે કેવી રીતે ગૂંથાઇ ગયેલો છે એનું આલેખન છે. સંક્ષેપમાં, બાઇબલમાં ઇશ્વર અને માનવ વચ્ચેના સંબંધોનું નિરૂપણ છે.

જૂના કરારના ગ્રંથોને હિંદુઓની ચતુઃસૂત્રીની જેમ ચાર વિભાગોમાં વહેંચી શકાય. પહેલો ગ્રંથ તે પંચગ્રંથી અથવા નિયમસંહિતા, બીજામાં સેમ્યુઅલ, હેઝરા, નહેમિયા, મક્કાબી જેવા ઇતિહાસ ગ્રંથો છે. ત્રીજામાં યશાયા, વિર્મયા, ઝખરિયા, હેઝકિલ, ડેનિયલ જેવા ૧૭ પયગંબરોની વાણી છે અને ચોથો ગ્રંથ જ્ઞાનોપાસનાનો છે જેમાં સ્તોત્રસંહિતા, સર્વોત્તમગીત, ગીતરત્નો, નીતિસૂત્રોનો સમાવેશ છે.

જૂના કરારના મહાપ્રસ્થાન ગ્રંથમાં વર્ણવ્યા મુજબ સિનઇ પર્વત પર મોશેની દરમિયાનગીરી થકી ઇઝરાયલી પ્રજા અને પરમેશ્વર વચ્ચે એક કરાર થયેલો. એ કરારને હજારેક વર્ષ વીતી ગયા બાદ ઇશુખ્રિસ્ત દ્વારા પુનઃ નવી જાતનો બ્રહ્મસંબંધ બંધાયો એવી ઇશુપંથીઓની શ્રદ્ધા છે. એથી કરીને ઇશુ ખ્રિસ્ત પૂર્વેના ૩૭ ગ્રંથોને જૂનો કરાર અને ખ્રિસ્ત પશ્ચાત ૨૭ ગ્રંથોને અથવા તો ઇશુ ખ્રિસ્તના જીવન-સંદેશને રજૂ કરતા ગ્રંથોને નવો કરાર કહે છે.

સંપૂર્ણ બાઇબલ ઇશુના અનુયાયીઓનો ગ્રંથ છે જ્યારે જૂનો કરાર યહૂદીઓનો ધર્મગ્રંથ છે. જિસસના જીવન-કથન, આત્મબલિદાન, પુનરુત્થાનના પ્રભાવક વર્ણન ઉપરાંત નવા કરારમાં મેથ્યુ, માર્ક, લ્યૂક અને યોહાનના શુભસંદેશ છે. પ્રેષિતોના ચરિત્રો છે. યોહાનના શુભ સંદેશનો કવિ કાન્તને હાથે અનુવાદ થયો હોવાથી ગુજરાતીમાં વિશેષ પ્રસિદ્ધિ પામ્યો છે.

બધી પ્રાચીન સંસ્કૃતિઓમાં પ્રજા જીવનનું નિયમન કરતા કાયદાના સંગ્રહો મળી આવે છે. જેમ ભારતમાં મનુસ્મૃતિ છે તેમ જૂના કરારમાં મોશેકૃત પંચગ્રંથી છે. હિબ્રુમાં એને તોરા કહે છે. તોરા એટલે નિયમ. પંચગ્રંથીઓ પ્રજા-જીવનના ધાર્મિક-સામાજિક અનેક પાસાંઓને આવરી લેતી આચાર-સંહિતાઓ છે. મનુસ્મૃતિની જેમ એને મોશે સ્મૃતિ પણ કહી શકાય.

જેવી રીતે પુરાણોમાં મનુ અને મત્સ્યની કથા છે બરોબર તેવી જ રીતે કથા બાઇબલમાં નૂહની છે. સૃષ્ટિના જલ પ્રલયની અને સર્જનની કથાઓ છે. પ્રારંભમાં પૃથ્વી અસ્તવ્યસ્ત અને શૂન્ય હતી. અથાગ જલરાશિ પર કેવળ અંધકાર છવાયેલો હતો. બાઇબલનું આ વર્ણન વાંચીને વેદોનું નાસદીય સૂક્ત ના સાંભરે તો જ નવાઇ ! બાઇબલમાં ક્યાંક રાજવૃત્તાંતો છે તો ક્યાંક ગાર્ગી- મૈત્રેયી જેવી એસ્તેર અને રૂથની કથાઓ છે.

ધર્મના ક્ષેત્રમાં શ્રદ્ધા મહત્ત્વનું ઘટક છે. તેથી શ્રદ્ધાને પોષક આશ્વાસન ધર્મ આપતો રહે છે.પછી એ હિંદુ હો યા ઇસાઇ. જેવી શ્રદ્ધા તેવી વ્યક્તિ. ગીતાનું વિધાન છે- यो यच्छ्रद्धः स एव सः । શ્રદ્ધા મોટું બળ છે. શ્રદ્ધા નિર્ધનનું ધન છે. દુઃખમાં આશ્વાસન છે. શ્રદ્ધા એ જ જીવન છે. જીવનના યજ્ઞ કુંડમાં શ્રદ્ધાના અગ્નિનું આધાન છે. વેદોનું શ્રદ્ધાસૂક્ત છે.

श्रद्धयाग्निः समिध्यते श्रद्धया हूयते हविः ।

श्रद्धां भगस्य मूर्धनि वचसा वेदयामसि ॥

બાઇબલમાં ઇબ્રાનનું વિધાન છે. શ્રદ્ધા માનવીના કર્તૃત્વનો, જ્ઞાનનો, સત્યનો, યશનો મૂલ આધાર છે. શ્રદ્ધા દ્વારે જ પ્રભુના પયગંબરોએ ઉત્તમ પ્રશંસા પ્રાપ્ત કરી છે. વેદોના શ્રદ્ધાસૂક્ત અને ઇબ્રાનઉક્ત વચનમાં કેટલી સમાનતા વરતાય છે .

એક સંત કવિએ ગાયું છે-

શ્રદ્ધા વિણ ધર્મ સદા નિર્બલ શ્રદ્ધા વિણ સત્ય જડે નાહીં
મન નિશ્ચલ તો એ હિમાચલ છે, મન ચંચલ તો એ રજકણ છે.

શ્રદ્ધા એ ધર્મનો મૂલાધાર છે તો સત્ય અને અહિંસા સર્વ ધર્મનો સાર છે. ધર્મનું અંતિમ તત્ત્વ અને સત્ત્વ છે. સમગ્ર જગતની સત્યમાં નિષ્ઠા છે અને સત્યમાં પ્રતિષ્ઠા છે. સત્ય એ બ્રહ્મનું પ્રતિબિંબ છે. સત્યના સહારે ગાંધીજીએ સ્વાતંત્ર્ય સંગ્રામ જીત્યો.

પરમાત્માની સત્યવાણી યોહાનના મુખે બાઇબલમાં પ્રગટે છે. (પત્રાવલિ ૨-૩) My Little Children, I have no greater joy than to hear that my Children walk in truth.

ઇશ્વર પ્રેમ સ્વરૂપ છે. He that loveth not knoweth not the God, for God is Love (Yohan-I.4.8) જો કોઇ કહે કે તે ઇશ્વરને પ્રેમ કરે છે, પરંતુ એના ભાઇ સાથે આડવેર છે તો તે અસત્યભાષી છે. જેને દેખી શકે તે ભાઇને પ્રેમ ન કરનારો અદૃષ્ટ ઇશ્વરને કઇ રીતે ચાહી શકે ?

પરસ્પર પ્રેમનો આ મંત્ર, દ્વેષરહિત યોહાનની પ્રેમમયી વાણીનો ઉદ્‌ઘોષ ઋગ્વેદના मा भ्राता भ्रातरं द्विक्षन् ના વેદઘોષનો યુગયુગથી માનવ હૃદયમાં ગુંજતો અને ઘૂમતો જયઘોષ છે એવું પ્રતીત નથી થતું? એનું જ આધુનિક કાળનું સ્વરૂપ એટલે 'હમારા નારા ભાઇચારા' વેદ હો યા બાઇબલ-પ્રેમમય બંધુતા, રાષ્ટ્રીય એકાત્મતા અને વિશ્વ માનવતાનો એમાં પ્રતિઘોષ છે.

પરસ્પર પ્રેમ ત્યારે જ પ્રગટી શકે અને ટકી શકે જ્યાં અભય હો. अभयं मित्रादभयममित्राद्. ભયના સામ્રાજ્ય અને ભયના ભાષ્યમાં ચિરંતન પ્રેમ કે નિરંતર મૈત્રી કશું સંભવી શકે નહીં. બાઇબલની આ સંતવાણી અને વેદોની આર્ષવાણીમાં કેટલું સામ્ય છે. ભિન્ન ભિન્ન ધર્મ, પ્રજા, જાતિ-વ્યક્તિઓને નિહાળવાની વેદકાલીન આર્યોની દૃષ્ટિ શત્રુની નહીં, મિત્રની છે. મૈત્રી અને પ્રેમનું ઝરણું આર્યોના હૈયામાં સંસ્કૃતિના આદિકાળથી વહેતું રહ્યું છે. યજુર્વેદ ૩૮.૧૮ એ ઝરણનો કલરવ છે. मित्रस्य चक्षुषा समीक्षामहे । આપણે પરસ્પરને મિત્રની સ્નેહભરી દૃષ્ટિથી નિહાળીએ. સામાજિક સ્નેહસંવર્ધનનો આ વેદમંત્ર છે.

ભારતીય સંસ્કૃતિમાં સ્નેહનું માધુર્ય છે. દૃષ્ટિનું ઔદાર્ય છે. સંગમનું સૌંદર્ય છે. ઋગ્વેદના દસમા મંડળના ૧૯મા સૂક્તની પ્રથમ ઋચા છે- संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् । અર્થાત્ આપણા સહુની ગતિ એક હો, મતિ એક હો, રતિ એક હો, રીતિ એક હો, નીતિ એક હો. સાથે હળીએ, સાથે મળીએ, સાથે ભળીએ. એકબીજાનાં મનને સુપેરે સમજીએ. આપણાં મન એક હો, મંત્રણાનો સૂર એક હો, હૃદય એક હો. ધ્યેય અને લક્ષ્ય સમાન હો. આપણે સહુ સુખશાંતિથી હસીખુશીને ભેળાં રહીએ.

બાઇબલના નવા કરારમાં રોમના ધર્મસંઘ પર પાઉલના પત્રમાંથી એક ઉક્તિ છે-Now the God of patience and consolation grant you to be like-minded one towards another. એજ પત્રાવલિમાં આગળ કહે છે આપણે ઝઘડા-બખેડા, વ્યભિચાર, દુરાચાર, દગાબાજી, નશાબાજી, ઉપદ્રવ, મત્સરમાં ગૂંચવાઇ ન જતાં પરમાત્માના ગુણોને ગ્રહણ કરીએ. આપણાં મન એક હો (Ib. ૧૩.૧૧-૧૪) આત્મા સ્વયં આત્માનો સાક્ષી છે કે આપણે એક જ ઇશ્વરનાં સંતાનો ભાઇ ભાઇ છીએ. The spirit itself beareth witness with our spirit that we are children of God.

બાઇબલની સ્તોત્રસંહિતામાં પ્રભુના મહિમા અને માનવની ગરિમાનું એક સર્વોત્તમ સ્તોત્ર છે.

હે પ્રભુ ! મારા હે ભગવાન !
સકલ ધરા પર નામ તમારું કેવું ભવ્ય મહાન !!
ગગને વ્યાપ્યું તેજ તમારું એના ગાઉં ગાન.
માનવ કેરી વિસાત શી કે કરો તમે ય વિચાર
મરણશાલી માનવ શું કે કરો તમે દરકાર
છતાં દેવ શો સર્જ્યો અર્પ્યો માન-તેજનો તાજ
વળી તમારી સૃષ્ટિ કેરો એને કીધો રાજ

ગગન વિહારી પંખી ઉપર સાગરમાં મીન નીચે
જલચર થલચર સઘળું એના ચરણકમળમાં હીંચે.

સમગ્ર સૃષ્ટિ એ ઇશ્વરની વિભૂતિ છે. એની પ્રત્યેક કૃતિમાં એની અનુભૂતિ છે. માનવ તો કેવળ નિમિત્ત માત્ર છે, પરમાત્માનો કૃપાપાત્ર છે. એનું પ્રત્યેક કર્મ ઇશ્વરની આરાધના છે. यत् यत् कर्म करोमि तत् तत् अखिलं शम्भो तवाराधनम् ।

કૃષ્ણાર્પણની આ ભાવના પીટરની પત્રાંવલિની પ્રાર્થનામાં જાણે કે ઇશુખ્રિસ્તમાં ચરિતાર્થ થાય છે. (૧.૪.૧૧)

If any man speaketh let him speak as the oracles of God. If any man minister let him do it as the ability which god giveth, that god is in all things and all beings may be glorified through Jesus Christ. Amen....इति कृष्णार्पणमस्तु ।

જે કર્મ પરમાત્માને સમર્પિત કરવાનું હોય તે સત્ય, શિવ, સમન્વિત સુંદર હોવું ઘટે. એ બુરાઇનું નહીં, ભલાઇનું દ્યોતક હો. વિગ્રહ નહીં, લોકસંગ્રહ કાજે હો. Follow not, Beloved, that which in evil, but that which is good. He that doeth good is of God. but he who doeth evil hath not seen the God.

વેરથી વેર શમતાં નથી. પાપથી પાપ ધોવાતાં નથી. વેરીને પણ સ્નેહથી જીતો. તમારું અહિત ચાહનારનું પણ કેવળ હિત જ ચિંતવો. તમારો દ્વેષ કરનારને પણ પ્રેમ કરતા રહો. તમને નિષ્ઠુરતાથી દળનારનું પણ ભલું ઇચ્છો. એના માટે શુભ કામના અને મંગલ પ્રાર્થના કરો. સંત મેથ્યુનો આ આત્મબોધ છે. હિતોપદેશ છે.

Love your enemies, Bless them that curse you. Do good to them that hate you. Pray for Them which despitefully use you and persecute you.

શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી.
ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.

આ આ ઊંડી સમજ, આ જીવન-દર્શન, આ આત્મજ્ઞાન જો લાધે તો સમાજમાં શાંતિ સ્થપાય. જ્ઞાન પહેલાં તો પવિત્ર છે, શાંતિપ્રિય છે, સૌમ્ય છે, સમાધાનપ્રિય છે, કરુણામય અને સત્કર્મના ફલથી લદાયેલ છે. પછી પક્ષપાતરહિત અને અને નિષ્કપટ છે. શાંતિના ચાહક માટે ધાર્મિકતાનું ફલ એમની શાંતિના બીજ સાથે વવાતું હોય છે. વેદોનો અર્થ જ છે વિમલ વિશુદ્ધ જ્ઞાન અને બાઇબલમાં પણ આવા પવિત્રપાવક જ્ઞાનની અનેકદા, અનેકશઃ યાચના અનેક ઠેકાણે કરવામાં આવી છે. ઉપર્યુક્ત જ્ઞાનવચનો યાકુબનાં હોય યા ગીતાકાર કૃષ્ણનાં, એક સામ્ય અવશ્ય વરતાય છે. न हि ज्ञानेन सदशं पवित्रमिह विद्यते । सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्मसि કે પછી ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छसि ।

જ્ઞાનના દ્વારે જેણે મનઃશાંતિની અનુભૂતિ કરી છે, પછી એ હિંદુ હો યા ઇસાઇ, પ્રજ્ઞાની સ્થિરતા જેણે પ્રાપ્ત કરી એ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ પ્રજ્ઞાની સ્થિરતા ગુમાવતો નથી.

We are troubled on every side yet not distressed. We are perplexed but not in despair, persecuted but not forsaken, cast down but not destroyed. બાઇબલમાં કુરિંથના ધર્મસંઘ પરની આ પત્રાવલિ વાંચીએ તો જાણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો હોય એવી અનુભૂતિ નથી થતી?

વિનોબાજીએ કરેલો એનો ભાવાનુંવાદ ખૂબ કાવ્યાત્મક છે-हम चारों ओर से कलेश तो भोगते हैं पर दुःखी नहीं होते. निरुपाय तो हें पर निराश नहीं होते. सताये तो जाते हें पर त्यागे नहीं जाते. गिराये तो जाते हैं पर नष्ट नहीं किये जाते. हम यीशु की मृत्यु को अपनी देह में हर समय लिये फिरते हैं ता कि यीशु का जीवन भी हमारी देह में प्रकट हों. इस लिये हम धीरज नहीं छोडते. यद्यपि हमारा भौतिक जीवन क्षीण होता जाता है तो भी हमारा आंतरिक जीवन नित्यनूतन होता चलता है ।

માણસનો અંતરાત્મા પ્રભુનો દીવો છે. એના આંતરિક જીવનનો ખૂણેખૂણો પ્રકાશિત કરે છે.

સોલોમનની પ્રાર્થના છે, આર્તપ્રાણ યાચના છે-
મારી પ્રાર્થના ધૂપ જેમ તારી પાસે પહોંચો રે
મારી આ હસ્તાંજલિ સાંધ્ય-નૈવેદ્ય હોજો રે.

-સ્તોત્રસંહિતા ૧૪૧

પ્રાર્થના ધૂપની જેમ સુવાસિત કરે છે અને દીપની જેમ પ્રકાશિત.

સર્વ ધર્મ સમભાવ અને મમભાવની, સર્વધર્મ સમન્વય અને સામંજસ્યની-વિનોબાજીના જ્યોતિર્મય આત્મલિંગમાંથી પ્રગટેલી સર્વધર્મ મૈત્રીની આ પ્રાર્થના અને ઉપાસના, એમની તેજોમય, જ્ઞાન પ્રજ્વલિત, પૂર્ણપ્રકાશિત જીવન-જ્યોતમાંથી પ્રગટેલી આ સર્વધર્મસમન્વયી ભાવના આપણા અને જગત સમગ્રના આત્મલિંગોને જ્યોતિર્મય કરતી રહે.

ॐ तत् सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू ।
सिद्धबुद्ध तू, स्कन्दविनायक, सविता पावक तू ।।
ब्रह्म मज्द तू, यह्व शक्ति तू इर्सु-पिता प्रभु तू ।
रुद्र विष्णु तू, राम-कृष्ण तू, रहीम ताओ तू ।।
वासुदेव गो-विश्वरुप तू, चिदानंद हरि तू ।
अद्वितीय तू, अकाल-निर्भय, आत्मलिंग शिव तू ।।

♦ ♦ ♦

## શ્રદ્ધાંજલિ

### સ્વ. તારાબહેન ચંદુલાલ ઝવેરી

સંઘના આજીવન સભ્ય, આરંભના વર્ષોમાં સંઘના એક સક્રિય કાર્યકર્તા **શ્રીમતી તારાબહેન ચંદુલાલ મોહનલાલ** ઝવેરીનું થોડા સમય પહેલાં મુંબઇમાં પાકટ વયે અવસાન થયું હતું. સંઘ પ્રત્યે એમના કુટુંબની મમતા ઘણી હતી. એમના તરફથી નેત્રયજ્ઞ યોજવા માટે કાયમી રકમની સંઘને ભેટ મળી હતી, જેના વ્યાજમાંથી પ્રતિવર્ષ નેત્રયજ્ઞ યોજાય છે.

સદ્ગતના આત્માને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ !

♦ ♦ ♦

### સ્વ. વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા

સંઘના આજીવન સભ્ય, સંઘના એક સક્રિય કાર્યકર્તા શ્રીમતી **વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા**નું તાજેતરમાં મુંબઇમાં પાકટ વયે અવસાન થયું છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલા એમના પતિ સાથે વ્યવસાયાર્થે વર્ષો સુધી યુરોપમાં પેરીસમાં રહેનાર શ્રીમતી વિદ્યાબહેને ભારતમાં પાછા ફર્યા પછી ગાંધીજીના ભાવનાના રંગે રંગાઇ માનવ સેવાનું કાર્ય ઉપાડ્યું હતું. એમણે આપણા જૈન યુવક સંઘમાં આર્થિક સહકાર આપી માનવસેવા માટે 'પ્રેમળજ્યોતિ' નામનો વિભાગ શરૂ કરાવ્યો હતો. અને પોતે તેમાં સક્રિય રહી સારું કાર્ય કરતાં હતાં. એમના તરફથી મળેલા દાનની માતબર રકમના વ્યાજમાંથી મહાવીર જયંતી નિમિત્તે ભક્તિ-સંગીતનો ઉત્સવ સ્વામિવાત્સલ્ય સહિત યોજાતો રહ્યો છે. સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય તરીકે એમણે વર્ષો સુધી સેવા આપી છે.

સદ્ગતના આત્માને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ !

☐ તંત્રી

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૮ ● ● તા. ૧૬-૮-૯૬ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।

--ભગવાન મહાવીર

## [ જેમ લાભ થાય તેમ લોભ થતો જાય છે. લાભથી લોભ વધે છે ]

જીવમાં કેટલાક શુભાશુભ સંસ્કાર અનાદિ કાળથી ચાલ્યા આવે છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ મુખ્ય સંજ્ઞાઓ જીવમાં અનાદિ કાળથી ચાલી આવે છે. જે સંજ્ઞાઓ છે તેની બાબતમાં જીવને બહુ શીખવવું પડતું નથી. એ સંજ્ઞા જાગ્રત થતાં તે પ્રમાણે જીવન તરત વર્તવા લાગે છે. બાળક જન્મે કે તરત એની આહાર સંજ્ઞા ચાલુ થાય છે. જન્મેલું બાળક તરત પોતાની મેળે ધાવવા લાગે છે. જન્મેલા બાળકને સ્તનપાન કરતું જોઇએ ત્યારે તરત આશ્ચર્ય સહિત વિચાર આવે કે બાળકને આવું શીખવ્યું હશે કોણે ? પૂર્વ જન્મના સંસ્કાર વિના એમ બની શકે નહિ. એવી જ રીતે બીજી સંજ્ઞાઓની બાબતમાં પણ આપણે જોઇ શકીએ છીએ. નાના બાળકમાં અમુક વસ્તુ પોતાની છે, પોતાને રાખવી કે મેળવવી ગમે છે. બીજાને એ જલદી આપી શકતું નથી. એમાં એની પરિગ્રહ સંજ્ઞા કામ કરે છે. લોભનું બાહ્ય લક્ષણ તે ચીજવસ્તુઓ માટે કે જીવંત પ્રાણીઓ કે મનુષ્યોમાં 'આ મારું છે' એવો મમત્વનો ભાવ રહેલો છે. એટલે જ લોભની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવે છે :

बाह्यार्थेषु ममेदं बुद्धिर्लोभः ।

બાહ્ય પદાર્થમાં મમત્વબુદ્ધિ એટલે લોભ. 'આ મારું છે' એટલો ભાવ જન્મ્યો ત્યા લોભની શરૂઆત થઇ જાય છે.

લોભ એટલે આસક્તિ, રાગ, સ્વામિત્વનો ભાવ, પરિગ્રહવૃત્તિ, મમત્વબુદ્ધિ.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યન સૂત્રમાં કહ્યું છે :

जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।

दो मास कयं कज्जं कोडीए वि न निट्ठियं ॥

એટલે કે જેમ જેમ લાભ થાય તેમ તેમ લોભ થાય છે. લાભથી લોભ વધતો જાય છે. બે માસા સોનાથી જે કામ પાર પડી શકે તે કામ કરોડોથી પણ પૂરું થતું નથી.

લોભ અને લાભને બહુ ઘનિષ્ઠ સંબંધ છે. જેમ લાભ થતો જાય તેમ લોભ વધતો જાય. લાભ થતાં માણસમાં પોતાની શક્તિ માટે, અને પોતાની સફળતા માટે આત્મવિશ્વાસ વધતો જાય છે અને તે વધુ લાભ મેળવવા પુરુષાર્થ કરે છે. એ લાભની પોતાને આવશ્યકતા છે કે નહિ વિષે તે વિચારતો નથી અને એથી જ એનો લાભ લોભમાં પરિણમે છે.

વળી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે :

सुवण्णरुप्पस्स उ पव्वया भवे ।

सिया हु केलाससमा असंखया ।

नरस्स लुद्धस्स न तेहिं किंचि,

इच्छा हु आगाससमा अणन्तिया ॥

લોભી માણસને કદાચ કૈલાસ પર્વત જેવા સોના અને ચાંદીના અસંખ્ય પર્વત મળી જાય તો પણ તેને સંતોષ થતો નથી, કારણ કે ઇચ્છા આકાશ જેટલી અનંત છે.

હેમચન્દ્રાચાર્યે મનુષ્યનો લોભ કેવો વધતો જાય છે તેનો ક્રમ દર્શાવતાં 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે :

धनहीनः शतमेकं सहस्रं शतवानपि ।

सहस्राधिपतिर्लक्षं कोटिं लक्षेश्वरोऽपि च ॥

कोटीश्वरो नरेन्द्रत्वं नरेन्द्रश्चक्रवर्तिताम् ।

चक्रवर्ती च देवत्वं देवोऽपिन्द्रत्वमिच्छति ॥

इन्द्रत्वेऽपि संप्राप्ते यदिच्छा न निवर्तते ।

मूले लघीयांस्तल्लोभः शराव इव वर्धते ॥

ધનરહિત માણસને સોની ઇચ્છા થાય છે, સોવાળો હજારની ઇચ્છા કરે છે, હજારવાળો લાખની ઇચ્છા કરે છે, લાખવાળો કરોડની ઇચ્છા કરે છે, કરોડવાળો રાજા થવાની ઇચ્છા કરે છે, રાજા ચક્રવર્તી થવાની ઇચ્છા કરે છે, ચક્રવર્તી દેવ થવાની ઇચ્છા કરે છે, દેવ દેવેન્દ્ર થવાની ઇચ્છા કરે છે. ઇન્દ્રપણું પ્રાપ્ત થવા છતાં ઇચ્છાની નિવૃત્તિ થતી નથી. લોભ મૂળમાં તો ઘણો નાનો હોય છે પણ શરાવ એટલે કોડિયું નીચેથી ઉપર જતાં પહોળું અને મોટું થતું જાય છે તેમ લોભ પણ વધતો જાય છે.

હેમચંદ્રાચાર્યની આ પંક્તિઓનો ગુર્જરાનુવાદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ નીચે પ્રમાણે અઢાર પાપસ્થાનકની સજ્ઝાયમાં આપ્યો છે :

નિર્ધનને શત ચાહ, શત લહે સહસ લોભિએજી;

સહસ લહે લખ લોભ, લખ લાભ્યે મન કોડિએજી.

કોટીશ્વર નૃપ ઋષિ, નૃપ ચાહે ચક્રીપણું જી

ચાહે ચક્રી સુરભોગ, સુર ચાહે સુરપતિપણુંજી,

મૂલે લઘુપણે લોભ, વાધે સરાવ પરિ સહીજી

ઉત્તરાધ્યયને અનંત, ઇચ્છા આકાશ સમી કહીજી.

લાભથી લોભની વૃદ્ધિ થાય છે. લાભને ઈંધણરૂપ અને લોભને અગ્નિરૂપ ઓળખાવવામાં આવે છે. લોભનો અગ્નિ પ્રજ્વલતો રહે છે . એમાં લાભ રૂપી ઈંધણ ઉમેરાય તો એ અગ્નિ વધુ જોરદાર બને છે. લોભરૂપી અગ્નિ વધતો જાય તો તેનું ભયંકર પરિણામ એ આવે છે કે તે મનુષ્યનાં વિદ્યા, શાસ્ત્ર, વ્રત, તપ, શમ, સંયમ વગેરેને ભસ્મીભૂત કરી નાખે છે. કહ્યું છે :

विद्यागम व्रत तपः शम संयमादीन् ।

भस्मी करोति यमिनां स पुनः प्रवृद्ध ः ॥

ઉપાધ્યાયશ્રી યશોવિજયજીએ કહ્યું છે :

કોઇક લોભને હેત, તપ-શ્રુત જે હારે જડાજી

કાગ ઉડાવણ હેત, સુરમણિ નાંખે તે ખડાજી.

જે માણસો લોભને વશ થઈ પોતાનાં તપને, જ્ઞાનને ગુમાવી દે છે તે મૂર્ખ માણસો તો કાગડો ઉડાવવા માટે ઊભા થઈને ચિંતામણિ રત્ન ફેંકી દે છે એમ કહી શકાય.

आकांक्षितानि जन्तूनां संपद्यन्ते यथा यथा ।

तथा तथा विशेषाप्तौ मनो भवति दुःखितम् ॥

પ્રાણીઓ જેમ જેમ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરે છે તેમ તેમ વધારે પ્રાપ્ત કરવાની લાલસામાં તેમનું મન દુઃખી થાય છે.

મનુષ્યને માત્ર નગદ ધનનો જ લોભ હોય છે એવું નથી. ધનના અન્ય પ્રકારોમાં પણ એને એટલો જ લોભ થવા લાગે છે. કોઇને ધન દ્વારા સોનું, ચાંદી કે ઝવેરાત એકત્ર કરવાનો લોભ, કોઇને જમીન-મકાન વગેરે મિલકત ખરીદવાનો લોભ, કોઇને ધન દ્વારા અમુક પ્રકારની જૂની કે નવી વસ્તુઓ ખરીદવાનો લોભ લાગે છે. કોઇને વેપાર-ઉદ્યોગને વધારતા જવાનો લોભ લાગે છે. એમ સ્થૂલ પદાર્થોના લોભની કોઇ સીમા નથી.

કેટલાકને ધનનો લોભ હોય કે ન હોય, પદ, પ્રતિષ્ઠા, સત્તા, કીર્તિ વગેરેનો લોભ થાય છે. માણસને જે કોઇ પદ મળ્યું હોય એથી ઊંચે ચડવાની લાલસા એનામાં જાગે છે. મળેલાં યશકીર્તિથી પણ દરેકને સંતોષ જ થાય એવું નથી. માણસ એને માટે પણ ફાંફાં મારતો હોય, ઝાંવાં નાંખતો હોય એવા બનાવો બનતા સમાજમાં ઘણાં જોવા મળે છે.

લોભને વશ થયેલો મનુષ્ય ક્યારેક બીજા જીવોની હિંસા કરે છે, ક્યારેક અસત્ય બોલે છે, ક્યારેક ચોરી કરે છે, ક્યારેક પરસ્ત્રીગમન કરે છે, ક્યારેક ધનસંચયમાં રચ્યો પચ્યો રહે છે. આ રીતે જ્યાં લોભ છે ત્યાં આ પાંચે મહાવ્રતોમાં ભંગ કરવા જીવ લલચાય છે અને પરિણામે એવાં પાપના ફળરૂપે દુઃખ ભોગવે છે. લોભી મનુષ્ય સત્તાધીશોની આસપાસ દોડાદોડી કરે છે, દેશ-વિદેશમાં રખડે છે, જંગલમાં જાય છે, કિલ્લામાં પુરાય છે, ભોંયરામાં સંતાય છે, યુદ્ધભૂમિમાં લડવા જાય છે અને અકાળે મૃત્યુ પામે છે.

જ્યાં લોભ હોય છે ત્યાં મનનું સાંકડાપણું આવ્યા વગર રહેતું નથી. પોતાને ધનમાં કે ઉપભોગની સામગ્રી વગેરેમાં સરખો હિસ્સો ન મળે તો માણસના મનમાં કચવાટ ચાલુ થાય છે. એમાંથી અન્યની ટીકા-નિંદા ચાલુ થાય છે. ક્યારેક દ્વેષ પરિણમે છે, તો ક્યારેક વૈરવિરોધ પણ થાય છે.

લોભથી વશ થયેલો મનુષ્ય કશીક પ્રાપ્તિ થતાં નાચવા લાગે છે, બીજાની ખુશામત કરે છે, ચાટું વચનો બોલે છે, કોઇકની પગચંપી કરે છે, ભીખ પણ માંગે છે, કોઇકને લડાવી મારે છે, જૂગાર રમે છે, દેવું કરે છે, ભોળા લોકોને છેતરવાનું કામ કરે છે. લોભી માણસનું વર્તન વિચિત્ર હોય છે.

લોભી માણસની લોભવૃત્તિને કારણે તેની ધન, ભોજન, ભોગોપભોગની સામગ્રી, પદપ્રતિષ્ઠા, સત્તાકીર્તિ વગેરેની અદમ્ય તૃષ્ણા શાંત થતી નથી. એથી એની માઠી અસર એના શરીર ઉપર થાય છે. લોભી માણસની મુખમુદ્રા તરત પરખાઇ જાય, પકડાઇ જાય એવી થાય છે. એની નિદ્રા હરામ થઇ જાય છે. એનું ચિત્ત જાતજાતની ગણતરીઓમાં અટવાઇને વ્યગ્ર બની જાય છે. વખત જતાં એની પાચનશક્તિ પણ મંદ પડી જાય છે અને તે ભાતભાતના શારીરિક અને માનસિક રોગનો ભોગ થઇ પડે છે. લોભી માણ સ પોતાનાં માતા-પિતા, ભાઇ-ભાંડુ, પત્ની કે સંતાનો, મિત્રો કે પડોશીઓમાં પણ અપ્રિય થઇ પડે છે. એ બધાં સાથે તેને અણબનાવ થવા માંડે છે. વળી લોકોમાં એની જે નિંદા અને અપકીર્તિ થાય છે તેની વાત તો વળી જુદી જ.

લોભથી ક્રોધ જન્મે છે, લોભથી કામ ઉત્પન્ન થાય છે, લોભથી દ્રોહ વધે છે, લોભથી માન, માયા, મત્સર વધે છે, લોભથી લોલુપતા ઉત્પન્ન થાય છે, લોભથી બુદ્ધિ ચલિત થાય છે, અને લોભથી સંસારની વૃદ્ધિ થાય છે. કારણ કે લોભ અનેક પાપોનું જન્મસ્થાન છે. એટલે જ लोभः पापस्य कारणम् ।, लोभः प्रतिष्ठा पापस्य ।, लोभो व्यसनमन्दिरम्।, लोभमूलानि पापानि ।, लोभाद्धर्मो विनश्यति ।, लोभः सर्वार्थ बाधकः ।, लोभ सव्व विणासणो । વગેરે ઉક્તિઓ પ્રચલિત છે.

લોભને થોભ ન હોય અને લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે, લોભે લક્ષણ જાય જેવી કહેવતો લોભી માણસોની પ્રકૃતિને દર્શાવે છે. સ્થૂલ અને સૂક્ષ્મ લોભનું સામ્રાજ્ય સમસ્ત જગત ઉપર વિસ્તરેલું છે. સ્થૂલ કરતાં સૂક્ષ્મ લોભનું જગત તો કેટલું મોટું છે તે કોણ કહી શકે? ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

સ્વયંભૂરમણ સમુદ્ર કોઇ જે અવગાહી શકે જી;

તે પણ લોભસમુદ્ર પાર ન પામે બલ થકે જી.

વ્યવહાર જગતમાં લોભની અને લોભી પ્રકૃતિના માણસોની નિંદા થાય છે. જ્યાં લોભવૃત્તિ હોય છે ત્યાં બીજાને આપવાની ઇચ્છા ઓછી થાય છે. લોભ આરંભમાં કરકસર તરફ જીવને દોરી જાય છે અને પછી કંજૂસાઇ તરફ ધકેલી દે છે. ઘણી વાર માણસને પોતાને એમ લાગે કે પોતે કંજૂસાઇ નથી કરતો, પણ માત્ર કરકસર કરે છે, પરંતુ એ બે વચ્ચેની રેખા પોતે ક્યારે ઓળંગી જશે એ કહી શકાય નહિ.

યોગ્ય સમયે યોગ્ય વ્યય ન કરવામાં આવે તેને લોભ કહેવામાં આવે છે. ઉચિત પ્રસંગે ધન વગેરેનો વ્યય કરવો જોઇએ. જો એમાં ઔચિત્ય ન સચવાય તો માણસની ગણના લોભીમાં થાય છે. દરેકના વ્યયનું ઔચિત્ય એની શક્તિ અનુસાર ગણાય છે. માણસને પોતાની ભૌતિક સંપત્તિનું માપ એકંદરે હોય જ છે. બીજાને એની કદાચ ખબર પડે કે ન પડે, માણસ પોતે લોભ કરે છે એ વાતની સાક્ષી સૌથી પહેલાં એનું અંતઃકરણ પૂરે છે. પરંતુ પોતાના કાર્યનું સમર્થન કરવાની બુદ્ધિ એનામાં હોવાથી તે પોતાના લોભને પ્રગટ થવા દેતો નથી.

પોતાની શક્તિ કરતાં સહેજ કે વધુ વ્યય કરવો તે ઉદારતા છે. એમાં ચિત્તની પ્રસન્નતા સૌથી મહત્ત્વની છે. કર્તવ્યબુદ્ધિ પણ એટલી જ અગત્યની છે. જે માણસ અહંકારથી પ્રેરાઇને કે પ્રસિદ્ધિની લાલસાથી પ્રેરાઇને વધુ વ્યય કે દાન કરે છે ત્યાં તેની એટલી કદર થતી નથી. જે માણસ પોતાની શક્તિ કરતાં, વગર વિચાર્યે, ફુલાઇ જઇને વધુ વ્યય કરી નાંખે છે એ 'ઉડાઉ' માં ખપે છે. માણસે ઉડાઉપણું પોતાના જીવનમાં ન આવવા દેવું જોઇએ, પરંતુ પોતાનામાં રહેલી ઉદારતાનું પોષણ-સંવર્ધન કરતા રહેવું જોઇએ.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોના અંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર પ્રકાર છે. અનંતાનુબંધી કષાય જીવને સંસારમાં અનંત કાળ ભમાડે છે. જીવનું સંસારનું પરિભ્રમણ આવા કષાયોને લીધે વધી જાય છે અને એમાં એને સૌથી વધુ સતાવનાર કોઇ કષાય હોય તો તે લોભ છે. અનંતાનુબંધી લોભને કીરમજી રંગ સાથે સરખાવવામાં આવ્યો છે. અનેક વાર પાણી, સાબુ કે બીજાં દ્રવ્યોથી ધોવામાં આવે તો પણ તે રંગ જતો નથી. એવી રીતે જેનામાં અનંતાનુબંધી લોભ હોય એ વ્યક્તિ પરિગ્રહપ્રેમ, માલિકીભાવ, સંચયવૃત્તિ વગેરે જીવનના અંત સુધી જતાં નથી. અપ્રત્યાખ્યાની લોભને ગાડાના પૈડાની ધરીમાં જે કીલ (મળી) લાગી હોય એની સાથે સરખાવવામાં આવે છે. કપડાંને એનો ડાઘો લાગ્યો હોય તો તે કાઢતાં ઘણી મહેનત લાગે, પ્રત્યાખ્યાની લોભને માટીના કોડિયા પર લાગેલી મેશ સાથે સરખાવવામાં આવે છે. એનો ડાઘ કપડાંને લાગે તો થોડીઘણી મહેનતે તે નીકળે છે. સંજ્વલન લોભને હળદરના રંગ સાથે સરખાવવામાં આવે છે. એનો ડાઘો લાગ્યો હોય તો સાબુ કે ખારો લગાડીને ધોવાથી તરત નીકળી જાય છે.

અન્ય કષાયોની જેમ અનંતાનુબંધી લોભ અનંત સંસારનો અનુબંધ કરાવનાર, સમ્યગ્ દર્શનનો ઘાત કરનાર, તથા નરકગતિમાં લઇ જનાર છે. અપ્રત્યાખ્યાની લોભ દેશવિરતિપણાને આવરનાર તથા તિર્યંચ ગતિમાં લઇ જનાર છે. પ્રત્યાખ્યાની લોભ સર્વવિરતિપણાને આવરનાર તથા મનુષ્યગતિમાં લઇ જનાર છે અને સંજ્વલન લોભ યથાખ્યાતચારિત્રનો ઘાત કરનાર તથા દેવગતિમાં લઇ જનાર છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો જે ક્રમે બતાવવામાં આવ્યા છે તે યોગ્ય જ છે. ક્રોધ, કરતાં માનકષાયને જીતવો અઘરો છે, માનકષાય કરતાં માયાકષાય જીતવો એથી વધુ કઠિન છે અને માયાકષાય કરતાં લોભકષાયને જીતવો ઘણો દુષ્કર છે. સ્થૂલ લોભકષાય કદાચ વહેલો જતો દેખાય, પરંતુ સૂક્ષ્મ લોભકષાય, સંજ્વલન પ્રકારનો લોભકષાય તો છેક દસમા ગુણસ્થાનક સુધી રહે છે. દસમા ગુણસ્થાનકે જીવ પોતાનામાં પ્રગટેલી લબ્ધિ-સિદ્ધિ વગેરેમાં એટલો અટવાઇ જાય છે, મનથી એટલો બધો રાજી થાય છે અને એના ચમત્કારો કરી લોકોને આંજી નાખવાના ભાવવાળો થાય છે કે ઊંચે ગુણસ્થાનકે ચડેલા એવા જીવનું પાછું પતન થાય છે.

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે :

प्राप्योपशान्तमोहत्वं क्रोधादिविजये सति ।

लोभांशमात्रदोषेण पतन्ति यतयोऽपि हि ॥

ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકને પામીને તથા ક્રોધ, માન, અને માયા એ ત્રણ કષાયો ઉપર વિજય મેળવ્યા પછી અને લોભના પણ કેટલાક અંશો ઉપશમાવ્યા પછી પણ, લોભના બાકીના કેટલાક અંશરૂપી દોષને કારણે મુનિઓ પણ નીચે પડે છે. તેઓ પડતાં પડતાં છેક પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે આવી જાય છે.

આમ, લોભનું એટલું બધું જોર છે કે ઊંચે ચડેલા સમક્તિી જીવને નીચે પછાડી મિથ્યાત્વી કરી શકે છે.

લોભના પ્રકારો અન્ય રીતે પણ બતાવવામાં આવ્યા છે. એ મુજબ લોભ ચાર પ્રકારનો છે : (૧) જીવનલોભ, (૨) આરોગ્યલોભ, (૩) ઇન્દ્રિયલોભ અને (૪) ઉપભોગલોભ. આ ચારના પણ સ્વ જીવનલોભ અને પર જીવનલોભ એ રીતે સ્વ-પર પ્રમાણે બીજા પેટા પ્રકારો બતાવવામાં આવે છે.

કોઇ કદાચ દલીલ કરે કે અમે દાન કરવા માટે, ધર્મને માટે લોભ કરીને ધનસંચય કરીએ છીએ. પરંત એમાં સવળી સમજ નથી, દાન તો થશે ત્યારે થશે પરંતુ તે પહેલાં પોતે લોભરૂપી અધર્મનું આચરણ કરી લીધું હોય છે.

લોભકષાય અનિષ્ટ અને ત્યાજ્ય છે. એ સમજાયા પછી બુદ્ધિમાન મનુષ્યનું કર્તવ્ય શું છે ? શાસ્ત્રકારો કહે છે કે સમસ્ત સંસારને સળગાવનાર લોભ રૂપી અગ્નિને શાન્ત કરવા માટે જ્ઞાનરૂપી મેઘના સંતોષ રૂપી જલની વૃષ્ટિ થવી જોઇએ. એ થવાથી લોભરૂપી અગ્નિ શાન્ત થઇ જાય છે. સંતોષ વિના લોભ જીતી શકાતો નથી. જીવનમાં સાચો સંતોષ પ્રાપ્ત કરવા માટે માણસે ઇચ્છાપરિમાણ, પરિગ્રહપરિમાણનું વ્રત લઈ તે વ્રતની વૃદ્ધિ કરતા રહેવું જોઈએ.

ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છે :

लोभविजएणं भन्ते । जीवे किं जणयइ ?

(હે ભગવાન ! લોભને જીતવાથી જીવ શું પામે છે ?) ભગવાન કહે છે :

लोभविजएणं संतोसं जणयइ । लोभवेयणियज्जं कम्मं न बंधइ, पूव्वबद्धं च निज्जरेइं ।

(લોભને જીતવાથી જીવ સંતોષ પામે છે. લોભથી ઉત્પન્ન થનારાં કર્મોને તે બાંધતો નથી અને પૂર્વે જે કર્મ બાંધ્યાં હોય તેનો ક્ષય કરે છે.)

અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે જો ખરેખર સાચો અને સારો લોભ કરવો જ હોય તો તે સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો લોભ કરવા જેવો છે. મુનિસુંદરસૂરિ પોતાના એ ગ્રંથમાં કહે છે 'કે જો તું તારા સુખ માટે લોભ કરતો હોય તો જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયી માટે લોભ કર અને જો તું આ ભવ અને પરભવનાં દુઃખો પામવા માટે લોભ કરતો હોય તો બહારના અને અંદરના પરિગ્રહ માટે લોભ કર.'

सुखाय धत्से यदि लोभमात्मनो

ज्ञानादिरत्नत्रितये विधेहि तत् ॥

दुःखाय चेदत्र परत्र वा कृतिन् ।

परिग्रहे तद्बहिरांतरेऽपि च ॥

શુદ્ધ નિશ્ચયદષ્ટિથી વિચારીએ તો આત્માએ કોઇપણ પરદ્રવ્યનું ઇચ્છાપૂર્વક ગ્રહણ કરવું તે લોભ છે. સ્વભાવમાં કે સ્વસ્વરૂપમાં રમવું એ જ જીવનું સર્વોત્કૃષ્ટ કર્તવ્ય છે, પરંતુ જ્યારે તેમ નથી થતું અને જીવ પરદ્રવ્ય કે પરભાવમાં ખેંચાવા કે રમવા લાગે છે ત્યારે ત્યાં એની પૌદ્ગલિક, વૈભાવિક આસક્તિ ચાલુ થઇ જાય છે અને જ્યાં રાગ આવ્યો ત્યાં લોભ આવ્યા વગર રહેતો નથી.

એટલા માટે સ્થૂલ કે સૂક્ષ્મ ઉભય પ્રકારનો અને સ્વ માટેનો તથા પર માટેનો એમ ઉભય પ્રકારનો લોભ સર્વથા ત્યાજય છે, કારણ કે જ્યાં સુધી લોભ છે ત્યાં સુધી મુક્તિ નથી. મુક્તિ માટે વીતલોભ થવું અનિવાર્ય છે.

☐ રમણલાલ ચી. શાહ

# આંકડાની કરામત યાને સંખ્યાની સજાવટ

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

આ સંસાર એક અજાયબ ઘર છે. ચૌદ રાજલોક સુધી તે ફેલાયો છે. જૈનદર્શન પ્રમાણે ૪૫ લાખ જોજન લાંબી સિદ્ધશિલા સાત દેવલોક અને સાત નરકની ઉપર આવેલી છે. સર્વાર્થસિદ્ધ દેવલોકના જીવનું આયુષ્ય સાત લવ ઓછું પડ્યું તેથી તેનો સંસાર ૩૩ સાગરનો વધી પડ્યો. અનંત પુદ્‌ગલ પરાવર્તો વ્યતીત થઇ ગયાં. ૪ ગાઉ લાંબો, ૪ ગાઉ પહોળો, ૪ ગાઉ ઉંડો ખાડો અત્યંત સૂક્ષ્મ વાળથી ભરી એવો ખીચોખીચ ભર્યો હોય કે ચક્રવર્તીનું સૈન્ય પસાર થાય તો પણ દબાય નહીં. તેમાંથી ૧૦૦ વર્ષે એક એક વાળ કાઢતાં તે ખાલી થાય તેને પલ્યોપમ કહેવાય. ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ અને ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમની એક અવસર્પિણી-ઉત્સર્પિણી અને અવસર્પિણી જેટલા સમયની હોય તે એક કાલચક્ર બનાવે. અસંખ્ય કાલચક્ર પુદ્‌ગલપરાવર્તમાં પસાર થાય. પ્રત્યેક કાલચક્રના બે આરા હોય. તેમાં ત્રીજા અને ચોથા આરાના અંત પહેલા ૨૪ તીર્થંકરો થાય. અજિતનાથના સમયમાં ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકરો થયા. વિહરમાન ૨૦ તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રમાં હોય. એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦૮ જીવો મોક્ષ પામે.

આ અવસર્પિણીમાં ભગવાન ઋષભદેવ થયા. જેમને ૧૦૦ પુત્રો હતા. તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. ૮૪ લાખને ૮૪ લાખે ગુણતાં ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦, આ સંખ્યા આવે; તેને ૮૪ લાખે ગુણીએ તેટલું આયુષ્ય પ્રથમ તીર્થંકરનું હતું. તેમણે ૮૩ લાખ પૂર્વો સંસારમાં ગાળ્યા. દીક્ષા લીધા પછી ૩૬૫ દિવસના ચૌવિહાર ઉપવાસ તથા ૧૦૦૦ વર્ષ પછી કેવળજ્ઞાન !

આટલી ભૂમિકા કરી દેવવંદન ભાવપૂર્વક કરી આગળ વધીએ. સકળતીર્થમાં પહેલે સ્વર્ગે ૩૨ લાખ, બીજે ૨૮, ત્રીજે ૧૨ લાખ, ચોથે ૮ લાખ, પાંચમે ૪ લાખ, છઠ્ઠે ૫૦ હજાર, ૭મે ૪૦ હજાર, ૮મે છ હજાર, નવ-દશમે ૪૦૦, ૧૧-૧૨મે ૩૦૦, નવગ્રૈવેયકે ૩૧૮, પાંચ અનુત્તરમાં સર્વે મળી ૮૪ લાખથી વધુ જિનબિંબો હોય. આખા તીર્થવંદનની ગણતરી ધ્યાનમાં લેતાં ૧૫ અબજથી વધુ જિનબિંબોને પ્રણામ કરાય છે. તેવી જ રીતે 'જગ ચિંતામણિ' ચૈત્યવંદનમાં ભરતેશ્વરે અષ્ટાપદ પર પ્રસ્થાપિત કરેલાં જિનબિંબો, ૨૪ તીર્થંકરો, ૧૫ કર્મભૂમિમાં ૧૭૦ તીર્થંકરો, વિચરી રહેલાં નવક્રોડ કેવલી, ૯ હજાર ક્રોડ સાધુ, સીમંધરસ્વામી વગેરે વર્તમાનકાળના ૨૦ જિનવરો, ૨ ક્રોડ કેવળજ્ઞાનધારી મુનિઓ તથા ૨૦૦૦ વિચરતા સાધુને નિત્ય પ્રભાતે વંદન કરવાનો મનસુબો સેવીએ. પાતાલ, ભૂમિતળે તથા સ્વર્ગમાં રહેલાં, ત્રણે કાળના જિનેશ્વરો વંદનાર્હ છે. જગચિંતામણિમાં ૧૫૪૨ ક્રોડ, ૫૮ લાખ ૩૬૦૮૦ શાશ્વત જિનબિંબોને વંદન. જંબુદ્વીપની ગણતરી એક લાખ યોજનની કરાઇ છે. તે લાખ યોજન લાંબો, પહોળો થાળી જેમ ગોળાકાર છે.

પાંચ મહાવિદેહ, પાંચ ભરત તથા પાંચ ઐરાવત કર્મભૂમિ, ૩૦ અકર્મ ભૂમિ તથા ૫૬ અંતર્દ્વિપની ભૂમિ ગણાય છે. કર્મભૂમિના સંયમી અને અન્ય જીવો પાંચ મહાવ્રત, ૧૨ અણુવ્રતધારી હોય છે; ૧૪ ગુણસ્થાનો છે, ૧૮ પાપસ્થાનકો છે. ૭ લાખ વનસ્પતિકાય વગેરે ૮૪ લાખ જીવયોનિ બતાવી છે. તીર્થંકરો ૩૪ અતિશયો તથા વાણીના ૩૫ ગુણો ધરાવે છે. ઘણાં ખરાં તીર્થંકરો તે જ ભવે મોક્ષે જાય છે. પરંતુ ઋષભદેવને ૧૩, નેમિનાથને ૯, પાર્શ્વનાથને ૧૦ શાંતિનાથને ૧૨ ભગવાન મહાવીરસ્વામીને ૨૭ ભવો જેમાં બે વાર ૭મી નરકે જવું પડ્યું હતું. બાકીના તીર્થંકરોને ૩ ભવ સમ્યક્ત્વ પામ્યા પછી કરવા પડ્યા હતા. નંદન રાજર્ષિના ૨૫મા ભવમાં તેમણે ૧૧,૮૦,૬૪૫ માસખમણ સાથે ૨૦-સ્થાનક તપ કર્યા. ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવ, ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવ એમ ૬૩ શલાકાપુરુષો ગણાવાય છે; જેને ઉદ્દેશીને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે ત્રિપષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર' નામની એક સુંદર સંસ્કૃતમાં અભ્યાસ કરી શકાય તેવી કૃતિ રચી છે.

પ્રાચીન સમયમાં રાજાઓ, ચક્રવર્તીઓ, વાસુદેવો, ધનાઢ્ય વ્યક્તિઓ વધુ પત્ની કરતા. બહુપત્નીત્વ કે જેને અંગ્રેજીમાં Polygamy કહે છે તે રિવાજ ભારત ઉપરાંત અન્ય દેશોમાં પ્રચલિત હતો. ભરત ચક્રવર્તીને ૧ લાખ ૯૨ હજાર પત્નીઓ હતી. ચક્રવર્તીને ૬૪ હજાર હોય, ૩૨ હજાર હોય, ૧૬ હજાર હોય. અજિતશાંતિ સ્મરણમાં કુરુજનપદના નરેશ્વરને ૬૪ હજાર સ્ત્રીના સ્વામી કહ્યા છે. ધન્ના-શાલિભદ્રને અનુક્રમે ૮ અને ૩૨ પત્નીઓ હતી. પેઢાલપુત્રને સુંદર ધનાઢ્ય ૩૨ પત્નીઓ હતી; અનાથમુનિને ૩૨ પત્નીઓ હતી. જંબુસ્વામીને ૮, શ્રેણિકરાજાને ૨૩, કૃષ્ણને ૧૬ હજાર, શ્રીપાલરાજાને ૯, ગુણસાગરને ૮ પત્નીઓ તથા પૃથ્વીચંદ્રને ૧૬ પત્નીઓ હતી. વાસુદેવને ૧૬ હજાર, બળદેવને અનેક પત્ની હોય છે. માંડલિક રાજાના અંતઃપુરમાં ઘણી સ્ત્રીઓ હોય છે. બળદેવ નિયમથી દેવગતિમાં જાય છે; જ્યારે ચક્રવર્તી દીક્ષા ન લે તો નરકે જાય છે. જેમકે બ્રહ્મદત્ત અને સુભૂમ. ચક્રવર્તી શ્રીપાલરાજાને ૯ પત્નીઓ, ૯પુત્રો અને ૯મા ભવે મોક્ષે જવાનું રાસમાં જણાવ્યું છે. અવંતિસુકુમાળ ૩૨ સ્ત્રીના સ્વામી હતા. તેની ૩૧ પત્નીઓએ દીક્ષા લીધી.

સમતા ગુણ જેનાથી પ્રાપ્ત થાય તે સામાયિક. દૈવસિક પ્રતિક્રમણમાં સજ્ઝાય કરાય છે. તેમાંની એકને સામાયિક ફલ તથા પ્રતિક્રમણ સ્વરુપ દર્શક સજ્ઝાય' કહે છે કે લાખ ખાંડી સોનું લાખ વર્ષ સુધી દાનમાં અપાય તો પણ તે એક સામયિકની લગારે તોલે ન આવે. વળી સામાયિકનું ફળ પ્રત્યેક મિનિટનું ૨ પલ્યોપમનું ગણતાં ૪૮ મિનિટમાં તે ૯૨ કરોડથી વધુ થાય. તેનું ફળ ૯૨૫, ૯૨૫, ૯૨૫ પલ્યોપમ એટલે ૯૨ કરોડ, ૫૯ લાખ, ૨૫ હજાર ૯૯૨૫ થાય. ઈરિયાપથિકી સૂત્રમાં મિચ્છામિ દુક્કડંના ૧૮૨૪૧૨૦ ભાગાં રહેલાં છે.

શ્વેતાંબર જૈનો પ્રમાણે ૪૫ આગમો, અન્ય પ્રમાણે ૮૪ તથા સ્થાનકવાસીના મતે ૩૨ આગમો ગણાવે છે. તેમાં ઠાણમાં એક, બે ત્રણથી ૧૦, વગેરે સંખ્યાવાળા પદાર્થોનું નિરૂપણ છે. સમવાયમાં પણ ૧ થી ૧૦૦ સુધીના પદાર્થોનું નિરૂપણ, ત્યારબાદ ૧૫૦, ૨૦૦, ૩૦૦, ૫૦૦, ૨ હજાર, ૩ હજાર એમ ૧૦ હજાર, લાખ, ૨ લાખ, ૧૦ લાખ, કરોડ, ક્રોડાક્રોડી સાગરોપમ એમ ૧૩૫ સુત્તો પૂરાં થાય છે. જૈન દર્શન પ્રમાણે દુનિયાની માનવ વસ્તી કદાપિ એકડા પછી ૨૯ આંકથી વધુ નહીં થાય ! સામાન્ય ગણિતમાં પરાર્ધ સુધીની સંખ્યા બતાવાય છે, જ્યારે શાસ્ત્રકારોએ ૧૯૪ અંકની સંખ્યા જેને શિર્ષપ્રહેલિકા કહી છે. જ્યોતિષ કરંડકાદિ ગ્રંથોમાં ૨૪૦ અંકની સંખ્યા બતાવી છે. આ બંને સંખ્યા 'આત્મતત્ત્વ વિચાર પ્રથમ ભાગ પૃ. ૧૧૪' પર બતાવી છે. આની સામે પુદ્‌ગલપરાવર્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ઘણો મોટો સમય થાય.

મુહપત્તી સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ અનુષ્ઠાનોમાં અવિભાજ્ય અંગ તરીકે ઉપયોગમાં લેવાય છે. તેનાં ૫૦ બોલ હોય છે. નવકારવાળીમાં ૧૦૮ મણકાઓ હોય છે તે અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭ ગુણોના સરવાળા મુજબ ૧૦૮ ગુણોના પ્રતીક સમાન છે. વળી ૨૪ દંડક, ૪ ગતિ, તીર્થંકરના ૧૦૦૮ લાક્ષણિક ચિહ્નો છે.

બ્રહ્માંડ ૧૪ રાજલોક જેટલું છેઃ-એક દેવ નિમિષમાત્રમાં લાખ યોજન જાય તો તે છ મહિનામાં જેટલું અંતર કાપે તે એક રજ્જુ થાય. અથવા ૩૮૧૨૭૯૭૦ મણનો એક ભાર એવા ૧૦૦૦ ભારવાળા લોખંડના ગોળાને નાંખતા તે નીચે પડતાં ૬ માસ, ૬ દિવસ, ૬૫ હોર, ૬ ઘડી અને ૬ સમયમાં જેટલું અંતર કાપે તેને એક રજ્જુ કહેવાય. પ્રકાશની ગતિ એક સેકંડમાં ૧ લાખ ૮૬ હજાર માઇલની છે. સેકંડમાં જે એક લાખ ને છ્યાંસી હજાર થાય.

મદનબ્રહ્મ ઝાંઝરિયા મુનિ તરીકે દીક્ષા પછી જાણીતા થયા તેને ૩૨ પત્ની હતી. નમિરાજર્ષિને ૫૦૦ પત્નીઓ હતી. કુમારનંદી સોની ૫૦૦-૫૦૦ સોનામહોરો આપીને ૫૦૦ સુંદરીને પરણ્યો હતો.

સરાગ દૃષ્ટિ ધરાવનારી રુકમીએ ગુરુ પ્રત્યે આકર્ષિત થઇ. તેને જ ગુરુપદે સ્થાપી ગુરુની પરીક્ષા કરું છું તેવું ગુરુ દ્વારા પૂછાતા અસત્ય વચન ઉચ્ચારી તેનો સંસાર અનંત ભવોનો વધાર્યો.

વિચરતાં વિચરતાં વિમલકેવલી ચંપાપુરીમાં પધારે છે; તેના ૮૪ હજાર સાધુ સમુદાયના પારણા કરાવવાનો વિચાર જિનદાસને આવે છે. તે અમારા કલ્પ પ્રમાણે અશક્ય છે; પરંતુ જો વિજય શેઠ અને વિજયા શેઠાણી તેમને તેના ઘરે જમાડે તો ૮૪૦૦૦ને વ્હોરાવ્યાનું ફળ તમને મળે. તેમણે તેમ કર્યું. અને નૈતિક બ્રહ્મચારી કેવા પુણ્યશાળી હોય તે આ પરથી જણાય છે.

ભગવાન મહાવીરસ્વામીના પરિવારમાં ઇન્દ્રભૂતિ વગેરે ૧૧ ગણધરો, ૧૪,૦૦૦ સાધુ, ચંદનબાળા પ્રમુખ ૩૬,૦૦૦ સાધ્વીઓ, ૧ લાખ ૫૯ હજાર શ્રાવકો તથા ૩ લાખ ૫૯ હજાર શ્રાવિકાઓ હતી. દીક્ષા પહેલાં તેમણે ૩ અબજ, ૮૮ કરોડ, ૮૦ લાખ સોના મહોરનું વાર્ષિક દાન દીધું.

ભરત ચક્રવર્તી અને બાહુબલીએ ૫૦૦-૫૦૦ સાધુઓની ઉત્કૃષ્ટ નિરાશંસભાવે વૈયાવચ્ચ કરેલી તેથી તેના શુભ પરિપાક રૂપે અઢળક સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા, તથા બાહુબળ મળેલું. આ ભક્તિ તેઓએ ચિત્તની તન્મયતાપૂર્વક કરેલી, ભારે વિશુદ્ધ ભાવોલ્લાસવાળું તન્મય મન રાખેલું એ જ ધ્યાન; અને એથી ઉચ્ચ આત્મદશા મળેલી.

પોતાની મેળે હું મહાવીરનો શિષ્ય છું એમ માનનારા ગોશાલાને ભગવાને તેજોલેશ્યા શીખવી. તેણે તેનો ઉપયોગ ખુદ મહાવીર પર કર્યો. છેલ્લે સાચું ભાન થતાં પશ્ચાતાપના પાવન અગ્નિમાં ભૂલને શેકી નાંખી ૧૨માં દેવલોકમાં પહોંચી ગયો.

પુંડરિકસ્વામી જે ઋષભદેવના ગણધર હતા તે પાંચ કરોડ મુનિઓ સાથે કેવળી થયા. ગિરિરાજ શેત્રુંજય પર કાંકરે કાંકરે સિદ્ધ થયાં છે તેવું મનાય છે. તે ગિરિ પર સિદ્ધગતિને પામેલા મહાત્માઓની નામાવલી નીચે પ્રમાણે છેઃ દ્રાવિડ અને વારિખિલ્લ ૧૦ કરોડ મુનિ, શાંબ અને પ્રદ્યુમ્ન ૩ા ક્રોડ, પાંચ પાંડવો ૨૦ ક્રોડ, નમિ અને વિનમિ ૨ ક્રોડ, નારદ ૯૧લાખ, ભરત ૧ હજાર, વસુદેવની પત્ની ૩૫ હજાર, ભરતમુનિ ૫ ક્રોડ, અજિતનાથ પ્રભુના સાધુઓ ૧૦ હજાર, પ્રદ્યુમ્નની સ્ત્રી વૈદર્ભી ૪૪૦૦, બાહુબલીના ૧૦૦૮, થાવરચાપુત્ર ૧ હજાર, કદંપ ગણધર ૧ ક્રોડ, થાવરચા ગણધર ૧૦૦૦, શેલકસૂરિ ૫૦૦, રામ અને ભરત ૩ ક્રોડ, સોમયશા ૧૩ ક્રોડ, સગરમુનિ ૧ ક્રોડ, અજિતસેનમુનિ ૧૭ ક્રોડ, શ્રીસારમુનિ ૧ ક્રોડ, આદિત્યયશા ૧ લાખ, શુકપરિવ્રાજક ૧ હજાર, કાલિક ૧૦૦૦, સુભદ્રમુનિ ૭૦૦, શાંતિનાથ પ્રભુના શિષ્યો દમિતારી ૧૪ હજાર, શ્રી શાંતિનાથ પ્રભુના ચોમાસામાં ૧,૫૨,૫૫,૭૭૭ સાધુઓ, શાંતિનાથ પ્રભુના પરિવારનાં ૧૦ હજાર સાધુઓ, ભરતચક્રીની પાટે અસંખ્ય રાજાઓ અનશન કરી કર્મો ખપાવી મોક્ષે ગયા છે.

નરકે જનારા સુભૂમ ચક્રવર્તીનું માન ૧૬૦૦૦ યક્ષદેવતા ઉંચકતા હતા પણ તે દરિયામાં પડી ગયું. નવકારમંત્રના ગૂઢ રહસ્યને સમજાવવા માટે વૈવિધ્યપૂર્ણ પ્રયોગ કરીને કવિએ પંચ શબ્દનો સુંદર ભાવવાહી ઉપયોગ કર્યો. જે નીચે પ્રમાણે છે :-

*પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમક્તિ*
*પંચ પ્રમાદહ વિષય તજો પંચ, પાળો પંચાચાર*

અનંત ચોવીસી પહેલાં ધમ્મસિરિ નામના ૨૪મા તીર્થંકર હતા તેમના શાસનમાં કમલપ્રભ નામના આચારાદિમાં અજોડ આચાર્ય હતા. તેમને ૫૦૦ શિષ્યો હતા. એવા ભાવમાં હતા કે તે ભવમાં મોક્ષ પામે. ચૈત્યવાસી સાધુના કપટથી જ્યારે સાધ્વીજીએ તેમના ચરણને સ્પર્શ કર્યો ત્યારે બચાવમાં ગલ્લા તલ્લા કર્યા અને તેમનું નામ સાવદ્યાચાર્ય પાડ્યું. અનન્ત ભવોમાં ભટકી છેલ્લે મોક્ષગામી થયા.

રત્નત્રયી ૩, સત્વ, રજસ અને તમસ ૩, ૪ કષાયો, દર્શનસપ્તક ૭, સમ્યક્ત્વના ૫ લક્ષણો, ૨૪ કલાકમાં ૭ ચૈત્યવંદન આવે છે. સમ્યક્ત્વના ૬૭ બોલ, ભક્તામર તથા કલ્યાણમંદિરના ૪૮-૪૪ શ્લોકો પાર્શ્વનાથ ભગવાનનો ૧૮ અક્ષરનો મંત્ર, રોહિણી, પન્નતિ વગેરે ૧૬ વિદ્યાદેવીઓ, વળી રોહિણી, પન્નતી...મહમાણસિયા ૧૬ દેવીઓ, જકખા, ગોમુહાદિ ૨૪, ચક્રેશ્વરી, અજિઆ...કાલિ, મહાકાલી...પદ્માવતી ૨૪ તીર્થંકરોની દેવીઓ અજિતશાંતિ પ્રમાણે મહાચક્રવર્તી ૭૨ હજાર પુરના સ્વામી, ૩૨ હજાર રાજાઓથી અનુસરાતા, જેમને ૧૪ રત્નો, ૯ મહાનિધિ, ૬૪ હજાર સુંદરીના ધણી, ૮૪ હજાર હાથી, રથ, ઘોડાના સ્વામી, ૯૬ ક્રોડ ગામના ધણી હોય છે.

દેવસી અને રાઇ પ્રતિક્રમણમાં ૪ લોગસ્સના કાઉસગ્ગ, પાક્ષિકમાં ૧૨ લોગસ્સ, ચઉમાસીમાં ૨૦ લોગસ્સ, સંવત્સરિ પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સના કાઉસગ્ગ ઉપરાંત એક નવકાર કરાય છે. સામાયિક તથા દિન-રાતના પ્રતિક્રમણમાં ૪૭ મિનિટ પછી પારી શકાય. રત્નાકર પચ્ચીસીના ૨૫ શ્લોકો, ૧૬ સતીઓ, વંદીત્તા સુત્રની ૫૦ ગાથા, માર્ગનુસારીના ૩૫ બોલ, શ્રાવકના ૨૧ ગુણો, ભાવ શ્રાવકના ૭ લિંગ, તથા ૧૭ લક્ષણ.

ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાન મહાવીરસ્વામીની અંતિમ વાણી છે. ૧૮ દેશના રાજાઓ તથા અન્ય પર્ષદામાં ૧૬ પહોર સુધી રાગમાં ઉપદેશ આપી કર્મોના ફળ બતાવવા માટે વિપાક સૂત્ર જેમાં પુણ્ય તથા પાપના અધ્યાયો છે તે પણ ફરમાવ્યું. ઉત્તરાધ્યયનમાં ૩૬ અધ્યયનો છે. શાસ્ત્રમાં ૧૦ પ્રાણ ગણાવ્યા છે. એકેન્દ્રિયને ૪, બેઇંદ્રયને ૬, તે ઇંદ્રિયને ૭, ચૌરેન્દ્રિયને ૮ અસંજ્ઞ પંચેન્દ્રિયને ૯ તથા સંજ્ઞી મનવાળાને ૧૦ પ્રાણો હોય છે તે આ પ્રમાણે છેઃ પાંચ ઇન્દ્રિયો, મન, વચન, કાય, બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય. તેમાંના કોઇનો પણ વધ કે હિંસા ન કરવી તે જૈનોની અહિંસા છે.

અહિંસાના પરમોપાસક ભગવાન મહાવીરે તપશ્ચર્યામાં ઉષ્ણજળનો પણ પણ ઉપયોગ કર્યો નથી. સાડા બાર વર્ષના સાધના કાળ દરમ્યાન ફક્ત ૩૪૯ દિવસ પારણા કર્યા. તથા ૧૨ાા વર્ષમાં ફક્ત ૪૮ મિનિટની નિદ્રા લીધી. પ્રભુએ માલકોશ રાગમાં બોલી ઉપદેશ ફરમાવ્યો.

*ત્રિગડે બેસી ધર્મ કહેતા સુણે પર્ષદા બાર,*

*જોજનગામી વાણી મીઠી વર્ષતી જળધાર*

સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજીને ૩૫૦ ઉપરાંત શિષ્યો હતા.

પંચિદિય જે સામાયિક લેતાં તથા પારતાં ઉચ્ચારવાનું હોય છે. તેમાં આંકડાઓ છે. જેમકે ૫, ૯, ૪, ૧૮, ૫, ૫, ૫, ૩, ૩૬.

કેટલાંક મુનિપુંગવો જોઇએ. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે ઘણી કૃતિ રચી જેમાં ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર અનુપમ કોટિનો સંસ્કૃતમાં લિપિબદ્ધ કરાયેલો મહાગ્રંથ છે. વિશાલ સાધુસમુદાય ધરાવનારા ગચ્છાધિપતિ આચાર્ય વિજય રામચંદ્ર સૂરિશ્વરને લગભગ ૩૪૫ શિષ્યો તથા ૫૦૦ સાધ્વીઓ હતી. ગચ્છાધિપતિ આચાર્ય ભુવનભાનુ-સુરીશ્વરજીને ૨૧૦ શિષ્યો હતા. [સુમંગળ આચાર્યને ૫૦૦ શિષ્યો હતા.] ઉપરના ત્રણેમાં સાધુના ૧૪ લિંગો હતા.

લક્ષ્મણા સાધ્વીએ કપટપૂર્વક કરેલાં ૨૦ વર્ષના માસખમણ તથા ૧૬ વર્ષનાં આયંબિલ તપ એળે ગયાં અને ૮૦૦ ક્રોડાક્રોડ સાગરોપમ કાળ સુધી સંસારમાં ભટકતી રહી. તેવી રીતે રૂકમીનો સંસાર વધી ગયો તેથી અનંતભવો સંસારમાં વ્યતીત કરવા પડ્યા.

પ્રસ્તુત (લેખમાં) સંખ્યાની સરિતા આગળ ન ચલાવતા રાઇ પ્રતિક્રમણમાં શ્રી સીમંધરસ્વામીનો દુહો ત્રણ ખમાસમણા દઈ બોલીએ છીએ. તેનાથી સમાપ્તિ કરીએ :-

*બે કોડી કેવળધરા, વિહરમાન જિનવીશ;*

*સહસ કોડી યુગલ નમું, સાધુ નમું નિશ દિશ.*

*અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી કોડ*

*કેવળધર મુગતે ગયા, વંદુ બે કરજોડ.*

♦ ♦ ♦

# પળેપળ ધ્વનિમય રહે તે પીપળો

☐ ગુલાબ દેઢિયા

શહેરના ભરચક વિસ્તારમાં કોઇએ નહિ પણ એક પીપળાએ મને આંતર્યો. આમ તો અમારોકોઇ પૂર્વ પરિચય નહિ, પરંતુ વસંત ઋતુની વાત જુદી હોય છે. પીપળાની રતમુડી કૂંપળોના સ્મિત ની આણ વર્તાતી હતી. જાણે હજારો ગુલાબી હોઠ સ્મિતનો ઉત્સવ ઉજવી રહ્યા હતા. શહેર પાસે પણ હજી થોડા કૌતુક બચ્યા છે જે ધન્ય કરી દે છે.

પીપળાના વૃક્ષને જોઇ ઘણી વાર પેલો જાણીતો દુહો યાદ આવ્યો છે.

*પીપળપાન ખરંત, હસતી કૂંપળિયાં,*
*અમ વીતી તમ વીતશે, ધીરી બાપલિયાં.*

દુહામાં ડહાપણ છે, બોધ છે. પીપળાના વૃદ્ધ પીળાં પાન ખરી રહ્યાં છે. એ ખરતી પીળી વૃદ્ધાવસ્થા સામે રતુમડી કૂંપળો હસી રહી છે. વડીલ પર્ણો એમને ઠપકો આપે છે. તમારા પણ એ જ દિવસો આવશે, ખમી ખાઓ. વિદાય કોને ગમે ? ઉપદેશ માટે આ દુહો સારો છે. વડીલોને ગમે છે. કોઇ અજ્ઞાત કવિએ-પીપળપાનને એક સારા પ્રતિક તરીકે તાદશ કર્યું છે.

પરંતુ, ખરેખર તમે પીપળાનું ઝાડ જોયું છે ? વસંતના આ મોંઘા લીલાછમ દિવસોમાં જોયું છે ? ગુલાબી, બદામી, રતુમડાં પર્ણો વહાલાં લાગે છે. તેમને ફરફર ફરકતાં ફરકતાં જોતા જ આપણી આંખોમાં ચમકની લહેર આવી જાય છે. સૂર્યનો વાસંતી તડકો પણ જાણે ચળાઇ ગળાઇને જેમાંથી આવે એવાં અર્ધપારદર્શક એ પર્ણો હસે નહિ તો કરે પણ શું ભલાં ?

મને તો હવે પેલો દુહો ગમતો નથી. પીળાં પાન તો હસતાં હસતાં જ વિદાય લેતાં હશે. એ જાય નહિ તો નવાં પાન આવે ક્યાંથી ? કુદરતનો ક્રમ ભૂલી ચીટકી રહેવાની પ્રથા પર્ણોમાં હજી નથી આવી. વળી એ પર્ણો એ પણ આજીવન નાચી કૂદી ગાઇને રવ ગજાવ્યો છે. તેઓ શિશુપર્ણોને હસવાની મના શા માટે કરે. ધ્વનિશીલા એ તો પીપલપર્ણોનો સ્વભાવ છે. પવનસંગ રાસ રચવો એ એક જ કર્મ આ પર્ણોને શિરે હોય છે. શિર કહેતાં એમની લાંબી દાંડી જ બરાબરીની હવાને નગારે દાંડી દેતી હોય છે. મોટા સાદે વાતો કરતાં આ પર્ણોનો પર્ણમર્મર કાનમાં ભરવા દેવો છે.

તુલસીદાસજીએ મનની ચંચલતાને પીપળાના પાન સાથે સરખાવી છે. પીપરપાન સરીસ મન ડોલે.

એક મિત્રને ઘેર વાતો કરતા બેઠા હતા. ઘર પછવાડે શેનો અવાજ આવી રહ્યો છે તે જાણવા પાછલા ઓરડાની બારી પાસે હું કુતુહલવશ ગયો. એક મહાકાય પીપલવૃક્ષ શાખાઓ વિસ્તારી ઊભું હતું. વર્ષો પહેલાં એ પર્ણહાસ્ય માણેલું તે હજી સાંભરે છે. બચપણમાં અમે ટોર્ચ ચાલુ કરીને એના પ્રકાશ પર હાથ દબાવતા. ક્યારેક મોંમાં ટોર્ચનો પ્રકાશ રેલાવતા. તે વખતે ચામડી નીચે રહેલું રક્ત દેખાતું. એ લાલ રંગ ગમ્મત ભર્યો હતો. આ કૂંપળો પણ એવું હસી રહી છે. ગુલાબી હાસ્ય શિશુના હોઠ પર ફોરે છે. કૂંપળની લઘુમુઠ્ઠીમાં હાસ્ય છે.

બદામ, આંબા કે પીપળાના પર્ણો કેવો રંગોત્સવ ઊજવે છે. એ પાન લીલાશ ધારણ કરે તે પહેલાં લાલ ચટ્ટાક કે મદમાતા બદામી હોય છે. જાણે પુષ્પોના રંગ ચોરી ન લાવ્યા હોય !

બદામ અને પીપળા પાસે ફૂલોનો વૈભવ ખાસ નથી. તેથી આ મનમોહક પાંદડાં જ રંગ જમાવે છે. આંબા પાસે મંજરીનો વૈભવ ખરો પણ અલ્પકાલીન.

આપણાં લગ્નગીતોમાં વૃક્ષમહિમા આ રીતે ગવાયો છે. 'જેને તે આંગણ પીપળો, તેનો તે ઘન અવતાર, સાંજ-સવારે પૂજીએ, જો પૂજ્યા હોય મોરાર.' બાળકના નામકરણમાં પણ પીપળો હાજર છે. 'આન પાન પીપળ પાન, ફોઇએ પાડયું કાર્તિક નામ.' પીપળો આપણે ત્યાં માનનીય, વંદનીય, પૂજનીય છે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. વૃક્ષોમાં હું અશ્વત્થ છું. અશ્વત્થ અને વાસુદેવ એ પીપલવૃક્ષના અપર નામ છે. પીપળાના પર્ણે પર્ણે શ્રીકૃષ્ણનો વાસ છે. એમ કહી પીપળાને શ્રીકૃષ્ણનિવાસ કહી દીધો. આમ તો ઘણા લોકો પોતાના મકાનને કૃષ્ણનિવાસ નામ આપે છે. પણ ત્યાં પીપળો નથી હોતો.

કોઇ ભવ્ય જીવને પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થાય છે. તીર્થંકરોને વટ, શાલ, જંબૂ, અશોક, બકુલ, શિરીષ, આમ્ર, વેતસ વગેરે વૃક્ષો નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થ યું હતું. વૃક્ષ નીચેની બેઠક એ કેટલી મોટી વસ્તુ છે !

પીપળાની છાયા ધ્યાનમાં એકાગ્ર થવામાં સહાયક થતી હશે. વિભૂતિઓ સાથે પીપળાને પણ સન્માન મળ્યું છે. અવશ્ય, એણે પણ જ્ઞાનપ્રાપ્તિમાં પોતાનો ભાગ ભજવ્યો હશે.

ગયાના એ ગરવા પીપળાને ભગવાન બુદ્ધની સાથે બોધિ દ્રુમ જેવુ માનવંતુ નામ મળ્યું છે. વૃક્ષને વંદીએ અને એ વંદન વિભુને પહોંચે એ દશ્ય પર્યાવરણ પ્રેમીને પુલકિત કરી દે એવું છે.

આપણી સંસ્કૃતિએ જનપદમાં વસતા ત્રણ વૃક્ષોને અધિક માનપાન આપ્યું છે. આંબો, વડ અને પીપળો. એ ત્રણેના પાનનો પણ ચપટી ભાગ છે. વડ અને પીપળા વચ્ચે ઘણો સંબંધ પણ આમ્રવૃક્ષ તો નોખું જ છે. આમ્રવૃક્ષ એટલે સહકાર. કેવું મીઠું નામ છે. આંબો સંસારના મધુર સુખનો પ્રતીક છે. આપણે વંશાવળીનું ટેબલ બનાવવાને બદલે વંશવૃક્ષ ચિતરીએ છીએ. એને કુટુંબનો આંબો કહીએ છીએ. આ કલ્પના કેવી કાવ્યમય છે ! આંબાના વૃક્ષની શાખા, ઉપશાખા, પ્રશાખા પેઠે પેઢી દર પેઢી કુટુંબકલીબો વિસ્તરે. કેરીની મધુરનો સંકેત પણ અહીં ભૂલવા જેવો નથી. અગાઉ કુટુંબના આંબામાં દીકરીઓના નામ નહોતા નોંધતા. હવે એ ભૂલ કરવા જેવી નથી. કન્યા વિદાયના ગીતમાં આંબો આવે છે.

*'દાદાને આંગણ આંબલો, ઘેરગંભીર જો;*
*એક જ પાન મેં ચૂંટીયું, દાદા ગાળ મ દેજો.*
*દાદાને વ્હાલા દીકરા, અમને દીધાં પરદેશ જો;*
*અમે રે લીલુડા વનની ચરકલી, ઊડી જાશું પરદેશ જો.'*

દીકરીનો આ ઉપાલંભ આંખ ભીની કરી દે છે. વૃક્ષો આપણાં જીવનમાં ક્યાં ક્યાં નહોતાં ? હવે ક્યાં ક્યાં છે ?

શ્રેષ્ઠ મધુર ફળ, શુકનવંતા લાંબા પાન, કોયલ ટહુકાનો વાસ છતાં આંબાને પૂજ્યતા નથી વરી. કદાચ આંબો બારે માસ એક સરખો નહિ રહેતો હોય. સાધક મધુરતાનો મોહ છોડે, ફળની આકાંક્ષા છોડે. બહારના આંબા હેઠ બેસી ધ્યાનમગ્ન થવાનું સરળ નથી.

વડલો વધુ વિસ્તારી, સ્થૂળદેહી, ઘટાટોપ ઘેઘૂર, વડવાઇઓની સંતાકૂકડી, પંખીઓનાં ઘરસરનામાં, પશુઓનો વિસામો, વટેમાર્ગુનું વિશ્રાંતિધામ, ગોવાળિયાના પાવાનો સંગીતમંચ, વડલો સંસારનું પ્રતીક છે. ઘણું બધું એક છત્રે રહી શકે છે. વડલાની ધીરતાને પવન ડગાવી શકતો નથી. વટવૃક્ષ થોડો ઝાંખો લાગે છે. અંધાર અહીં પડ્યો પાથર્યો રહે છે.

પીપળો ઘેરગંભીર છે. ઊંચો પણ વધે છે. ગૂંચવાડા ઓછા. પ્રકાશ સાથે સારાસારી. ફળની ખાસ લિપ્સા નહિ. કોકિલસ્વરનો લોભ નહિ, પીપળાના પર્ણો ખળખળ કરીને સતત જાગૃત રહેવાનું પસંદ કરે છે જોજે, અટવાઇ ન જતો. ઊંઘી ન જતો. માયા ના લગાડતો. એવી ઠાવકી વાતો પીપળો જ કહેતો હશે. આંબો કે વડ આત્મિયતાથી રોકી રાખે. માયામમતાનો પ્રસાદ ધરે. પીપળો નિર્લેપ.

બકરીના બચ્ચાના કાન જેવાં કૂણાં પાન પરથી વસંતનો તડકો લસરે છે. એ બદામી રાતી કૂંપળો વસંતની પતાકાઓ ફરકાવે છે. વસંતના આગમનને આ કૂંપળો વધાવે છે.

પીપળાના પાકા પાન પરથી ચામડી ખરી પડે જે ચામડી રચાય છે તે કેવી સોહામણી હોય છે. એ પારદર્શક જાળીદાર પીપલપર્ણો ભણવાની ચોપડીઓમાં અમે રાખતા. સાપની કાંચડીનો ટુકડો પણ રાખતા. કાંચડી થોડી ભયપ્રદ હતી. સીદી સૈયદની જાળી જોતાં પીપળાનું જાળીદાર પાન યાદ આવ્યું હતું. હસ્તરેખા કરતાં પણ વધુ રેખાઓ પીપળાના ભાગ્યમાં હોય છે.

જૂના સમયમાં વસંત ઋતુ આવે એટલે કુહાડીઓને પેન્શન પર ઉતરી દેવાનો ચાલ હતો. કડવા લીંબડાનો પણ ઘાત ન થઇ શકતો. ગ્રીષ્મમાં લીંબડાની છાંયડો માણવા જેવો હોય છે.

પીપળો ઉપર ઉપરથી મસ્તીખોર, અગંભીર છે. હેઠે તો ધ્યાનીને ખોળે લે એવો ગરવો છે. એની કુંડળીમાં જ્ઞાન છે. પર્ણરેખામાં ગમ્મત છે.

અગણિત ગુલાબી ધજાપતાકાઓ લઇ વસંત વધાવવા પીપળો મોખરે થયો છે.

♦♦♦

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગ : શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મંગળવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૬થી મંગળવાર, તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૬ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| મંગળવાર | ૧૦-૯-૯૬ | ૧. પૂ. મુનિશ્રી રાકેશકુમારજી | मानसिक तनाव–कारण और निवारण |
| | | ૨. શ્રી શશિકાંત મહેતા | નમસ્કાર મહામંત્ર-દિવ્ય જીવનનો દિવ્યમંત્ર |
| બુધવાર | ૧૧-૯-૯૬ | ૧. શ્રી ચંદ્રહાસ ત્રિવેદી | મૃત્યુવિજયના પંથે |
| | | ૨. ડૉ. રમણલાલ ચી. શાહ | ધર્માનુષ્ઠાન |
| ગુરુવાર | ૧૨-૯-૯૬ | ૧. ડૉ. ગુણવંત શાહ | મહાવીરસ્વામીનું પુનરાગમન |
| | | ૨. ૧૦૮ પૂ. શ્રી ભૂતબલિસાગરજી મહારાજ | श्रावक की ११ प्रतिमाएं |
| શુક્રવાર | ૧૩-૯-૯૬ | ૧. શ્રીમતી સુષમા અગરવાલ | क्षमापना |
| | | ૨. શ્રી હરિભાઇ કોઠારી | અપરિગ્રહનો આનંદ |
| શનિવાર | ૧૪-૯-૯૬ | ૧. શ્રી નેમચંદ ગાલા | ન્યાયસંપન્ન વૈભવ |
| | | ૨. શ્રી નગીનદાસ સંઘવી | બિનસાંપ્રદાયિકતા-સ્વરૂપ અને રહસ્ય |
| રવિવાર | ૧૫-૯-૯૬ | ૧. પ્રા. તારાબહેન ર. શાહ | સમકિતનાં લક્ષણો |
| | | ૨. પૂ. સમણી શ્રી લલિતપ્રજ્ઞાજી | जैन जीवनशैली |
| સોમવાર | ૧૬-૯-૯૬ | ૧. શ્રી ગીતાબહેન શાહ | માનવ મનની ગ્રંથિઓ |
| | | ૨. પ્રા. ગુલાબ દેઢિયા | મહાવીર વાણી-આજના સંદર્ભમાં |
| મંગળવાર | ૧૭-૯-૯૬ | ૧. શ્રીમતી શૈલજા ચેતન શાહ | અંતર્જગતની ચેતના |
| | | ૨. શ્રીમતી કિરણ જૈન | જિનવાણી-ભક્તિ-સંગીત સહિત |

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે- (૧) શ્રીમતી શારદાબહેન ઠક્કર, (૨) કુમારી રેખાબહેન શાહ, (૩) શ્રી બંસીભાઇ ખંભાતવાલા, (૪) શ્રીમતી હંસાબહેન દાબકે, (૫) શ્રીમતી શાલિનીબહેન શાહ, (૬) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, (૭) શ્રીમતી અલકાબહેન શાહ અને (૮) શ્રી જતીન શાહ.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | |
|---|---|---|
| ચંદ્રકાંત દીપચંદ શાહ | રમણલાલ ચી. શાહ | નિરુબહેન એસ. શાહ |
| ઉપ-પ્રમુખ | પ્રમુખ | ધનવંત ટી. શાહ |
| ભૂપેન્દ્ર ડી. ઝવેરી | | મંત્રીઓ |
| કોષાધ્યક્ષ | | |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૯-૧૦ ● ● તા. ૧૬-૧૦-૯૬ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## કલામાં અશ્લીલતા

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર સુપ્રસિદ્ધ ચિત્રકાર મકબૂલ ફિદા હુસૈનનાં જૂનાં અને નવાં એવાં કેટલાંક નગ્ન ચિત્રો અંગે વિવાદ સર્જાયો છે. અમદાવાદમાં તો એમના ચિત્રપ્રદર્શન અંગે વિરોધીઓ તરફથી ભાંગફોડિયા પ્રવૃત્તિ પણ થઇ છે. કલાવિવેચકોમાં પણ હુસૈનનાં ચિત્રો અંગે ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે.

લોકોની જે લાગણી દુભાઇ છે તે માટે ચિત્રકાર હુસૈને ક્ષમા માંગી લીધી છે એ એમણે સારું કર્યું છે. જો કે હુસૈને ધર્મદ્વિષથી પ્રેરાઇને સરસ્વતી દેવીનું ચિત્ર ઇરાદાપૂર્વક નગ્ન દોર્યું હોય તો માત્ર ઔપચારિક ક્ષમાયાચના તે માટે પૂરતી ન ગણાય. આ ચિત્ર કેટલાંક વર્ષ પહેલાં દોરાયું છે અને ત્યારથી વિવાદ ચાલતો રહ્યો છે, પરંતુ હાલ તે વધુ ઉગ્ર બની ગયો છે.

કલામાં નગ્નતાનું નિરૂપણ કેટલે અંશે, કેવા પ્રકારનું કરી શકાય એ અંગેની વિચારણા ઠેઠ પ્રાચીન કાળથી ચાલી આવે છે. ભારતીય કલાપરંપરામાં પ્રાચીન કાળથી કેટલાંક ધોરણો સુનિયત થયેલાં છે. એકંદરે કવિઓ, કલાકારો એને જ અનુસરતા રહ્યા છે. આમ છતાં વખતોવખત કલાકારો આ મર્યાદાને ઓળંગી ગયા હોય એવી ઘટનાઓ પણ બનતી રહી છે.

કલાઓમાં કવિતા, ચિત્ર, શિલ્પ, નાટક, ચલચિત્ર વગેરે કલાઓ એવી છે કે જેમાં કલાકાર પોતાના માધ્યમ તરીકે શબ્દનો, રંગનો, પથ્થર વગેરે પદાર્થનો કે નાટક-નૃત્યના અભિનયનો ઉપયોગ કરે છે. તે ઉપયોગ કરતી વખતે તે કોઇ એવા સંવેદનોથી અભિભૂત થઇ જાય છે કે જેને કારણે તે એને વ્યક્ત કરવા જતાં પોતાની કલાકૃતિને વિવાદાસ્પદ બનાવી દે છે, કારણ કે ઉચ્ચ કલાના ધોરણો ક્યારે તે ઉલ્લંઘી જાય છે એની એને પોતાને ખબર નથી હોતી.

કેટલાક કલાકારો સ્ત્રીઓની નગ્નતાથી કે કામભોગની ઘટનાથી એટલા બધા અંજાઈ જાય છે કે ડઘાઇ જાય છે કે એનો વિચાર એના ચિત્તમાંથી જલદી ખસતો નથી. નગ્નતા એના ચિત્તમાં સવાર થઇ જઇ એની કલા દ્વારા વિવિધ વિકૃત સ્વરૂપે પ્રગટ થઇ જાય છે. એવા કેટલાક કલાકારો પોતાના એ અનુભવને શબ્દ, રંગ કે ઇતર માધ્યમ દ્વારા વ્યક્ત કર્યા સિવાય રહી શકતા નથી. કેટલીક વખત એવી કલાકૃતિમાં કલાકારની સાચી અને ઉચ્ચ સૌંદર્યાનુભૂતિ વ્યક્ત થવાને બદલે કલાકારની વિકૃત મનોદશા જ વ્યકત થાય છે. અતૃપ્ત રહેલી કે વકરેલી કામવૃત્તિ કલાકારને જંપવા દેતી નથી. કલ્પનાના માધ્યમ દ્વારા એ ફૂટી નીકળે છે.

જીવનના જે વિવિધ પ્રકારના અનુભવો છે તેમાં પુખ્ત વય પછી એક અનુભવ તે કામભોગનો છે. બધાની કામવાસના એક સરખી ન હોય. વળી બધાની કામવાસના સંપૂર્ણપણે યથેચ્છ સંતોષાય તેવું પણ બનતું નથી.

કવિતા, ચિત્રકલા વગેરેમાં જીવનના વિવિધ વિષયોનું આલેખન થાય છે. અરુણોદય, આકાશમાં વાદળાં, મેઘધનુષ્ય, હરિયાળાં વૃક્ષો, સાગરમાં ભરતી ઓટ, નદીનાં સમથળ વહેતાં પાણી, પૂર્ણિમાનો ચંદ્ર, વિકસતાં પુષ્પો વગેરે પ્રકૃતિનાં તત્ત્વો મનુષ્યના ચિત્તને આહ્લાદપૂર્વક પ્રભાવિત કરે છે. તેવી રીતે નિર્દોષ બાળકો, મુગ્ધ કન્યાઓ, વાત્સલ્ય-સભર માતા, પરાક્રમી પુરુષો વગેરે તથા એમના જીવનમાં બનતી ઘટનાઓ પણ મનુષ્યના હૃદયને કે ચિત્તને સભર બનાવી દે છે. એવે વખતે કલાકારોનું હૃદય નાચી ઊઠે છે અને પોતાના સંવેદનોને વ્યક્ત કરવા કોઇક માધ્યમનો આશરો લે છે. કલાકાર પાસે અભિવ્યક્તિની કલા, મૌલિકતા અને વૈયક્તિતા હોય છે. એ હોય તો જ એની કલાકૃતિ બીજાના હૃદય સુધી પહોંચી તેને આનંદાનુભૂતિ કરાવી શકે છે. જેમ આવાં તત્ત્વો, પ્રસંગો, મનુષ્યો કલાનો વિષય બને છે તેમ કામભોગ એ પણ જીવનનો જ ભાગ હોવાથી કલામાં પણ તેને સ્થાન મળી શકે છે. જે કલાકારો એવા અનુભવોથી કે એની કલ્પનાથી પ્રભાવિત થઇ જાય છે તે એને અભિવ્યક્ત કરવા કોશિષ કરે છે. પરંતુ એમાં ઘણી સાવધાનીથી અપેક્ષા રહે છે.

નગ્નતા અને અશ્લીલતાની વચ્ચે સામાન્ય રીતે કેટલોક સંબંધ રહેલો છે. તેમ છતાં આપણે એમ નહિ કહી શકીએ કે જ્યાં જ્યાં નગ્નતા છે ત્યાં ત્યાં અશ્લીલતા છે જ. નગ્નતા એ કુદરતનું એક સ્વાભાવિક સ્વરૂપ છે. તેમાં નિર્દોષતા પણ હોઇ શકે છે. નાનાં નાનાં નગ્ન બાળકો નિર્દોષતાથી રમતાં-ફરતાં હોય છે. એમની નગ્નતા કોઇને કઠતી નથી. કુદરતમાં પશુપક્ષીઓ નગ્ન છે, પરંતુ પશુપક્ષીઓની નગ્નતા સ્વાભાવિક છે. એમની નગ્નતામાં કોઇ દોષ રહેલો છે એવું ક્યારેય નહિ જણાય. તબીબી વિજ્ઞાનનાં પુસ્તકોમાં અને કાયદાનાં પુસ્તકોમાં નગ્નતાની કેટલીય વાતો સ્પષ્ટ શબ્દોમાં લખવી પડે છે. પણ ત્યાં તે સહજરૂપ મનાય છે. ભારતીય સંસ્કૃતિમાં નગ્ન સાધુઓનું, નાગા બાવાઓનું સ્થાન હજારો વર્ષથી ચાલ્યું આવે છે. જૈનોના દિગમ્બર સંપ્રદાયમાં મુનિઓ નગ્નાવસ્થામાં રહે છે. એમનાં મંદિરોમા તીર્થંકરોની કે બાહુબલિ વગેરેની ઊભી નગ્ન પ્રતિમાઓ જોવા મળે છે. રોજે રોજ અનેક સ્ત્રી-પુરુષો નગ્ન મુનિઓનાં અને મંદિરોમાં નગ્ન પ્રતિમાઓનાં

દર્શન પૂજન માટે જાય છે. તેમાં કશું અસ્વાભાવિક કે ક્ષોભજનક કે અરુચિકર લાગતું નથી. બાહુબલિજીની વિશાળકાય નગ્ન પ્રતિમા ઘણે સ્થળે ખુલ્લામાં જોવા મળે છે. એ પ્રતિમાને જોતાં કામવાસના જાગૃત નથી થતી. સંયમ, ઉપશમ અને શાંતિનો ભાવ પેદા થાય છે. આ બતાવે છે કે નગ્નતાનું નિરૂપણ કરવાને કલાકારને કોઇ પ્રતિબંધ નથી, પરંતુ કલાકાર પોતે કામોત્તેજક ભાવથી નગ્નતાનું નિરૂપણ કરતો હોય તો તે સમાજને અસ્વીકાર્ય બને છે.

કલાકાર કેટલીકવાર વાસ્તવિકતાને નામે અશ્લીલ દશ્યો કે ઘટનાઓનું નિરૂપણ કરે છે. પરંતુ એ દરેક વાસ્તવિકતામાં સૌંદર્ય તત્ત્વ વ્યંજિત રહેલું હોતું નથી. કલાકાર વિરૂપતાનું નિરૂપણ કરીને પણ તેમાંથી સૌંદર્યની અનુભૂતિ કરાવી શકે છે, તો બીજી બાજુ સ્થૂલ દેહ-સૌન્દર્યનું નિરૂપણ કરવા જતાં પોતે જ વિકૃત રસમાં સરી પડે એવું જોખમ પણ રહે છે.

વીસમી સદીમાં ફોટોગ્રાફી અને ચલચિત્રની શોધ થયા પછી અને વર્તમાન સમયમાં વિડિયો ફિલ્મની સુલભતા પછી દશ્ય-શ્રાવ્ય કલાને બંધનો રહ્યાં નથી. કલાકાર હોય કે ગમાર માણસ હોય, જેને ચાંપ દબાવતાં આવડે તે ગમે તે દશ્યને ઝડપી શકે છે. એને પરિણામે કામભોગનાં અશ્લીલ દશ્યો પણ કચકડામાં ઊતરવા લાગ્યાં છે, પરંતુ એથી તેવી કૃતિઓ કલાકૃતિ બની શકતી નથી. નગ્ન ચલચિત્રોનો વ્યવસાય મોટા પાયા ઉપર આખી દુનિયામાં ચાલી રહ્યો છે. ઉત્તરોત્તર તે વધતો જાય છે. ખાનગી રીતે અને ખાનગી રાહે તેને જોનારા લોકો દુનિયામાં અનેક છે, પરંતુ તેથી તેને કલાકૃતિ તરીકે સામાજિક પ્રતિષ્ઠા મળી શકતી નથી. સરકાર પણ તેમાં વચ્ચે આવી શકે છે અને આવવું પણ જોઇએ. સમાજને વિકૃતિઓની ગલીપચીથી દૂર રાખવા, સ્વસ્થ અને નિરામય રાખવા માટે કેટલાક કાયદાઓની અનિવાર્યતા છે. જેમ ચલચિત્રોની બાબતમાં તેમ નગ્ન ચિત્રોની બાબતમાં પણ એ જ નિયમ લાગુ પડવો જોઇએ. કલાકારની સ્વતંત્રતા ઉપર તરાપ મારવાનો કોઇને અધિકાર ન હોવો જોઇએ એ સાચું, પરંતુ કલાકારની સ્વચ્છંદતાને રોકવા માટેનો અધિકાર દુનિયાની કોઇપણ સરકારને હોઇ શકે છે. કોઇપણ ચિત્રકાર ગમે તેટલાં નગ્ન, અશ્લીલ ચિત્રો પોતાના ઘરમાં દોરે અને પોતે જોયા કરે અને પોતાના મિત્રોને બતાવ્યા કરે એમાં કોઇને વાંધો ન હોઇ શકે, કારણ કે તે એની અંગત ઘટના બને છે. પરંતુ એ જ કલાકાર પોતાના અશ્લીલ ચિત્રોનાં પ્રદર્શન ભરે કે પોતાના તેવા ચિત્રોના ફોટા સામયિકોમાં છપાવે તો તેની સામે વાંધો લેવાનો અધિકાર દરેક નાગરિકને હોઇ શકે છે. સરકાર પણ તેમાં વચ્ચે આવી શકે છે. દુનિયામાં જુદા જુદા દેશોમાં નગ્નતાના કે કામભોગના દશ્યોના ફોટા છાપવા અંગે કે ચલચિત્રો બતાવવા અંગે જુદા જુદા કાયદાઓ છે, તો પણ તે અંગે સરકારે સાવધાની રાખવી પડે છે.

ભરત મુનિએ અને ત્યારપછીના નાટ્યશાસ્ત્ર વિવેચકોએ નાટકમાં શું શું રજૂ કરી શકાય એના વિધિનિષેધો વિગતવાર બતાવ્યા છે. એનો અભ્યાસ કરીએ તો જણાશે કે પૂર્વના મહાન કલાવિવેચકોએ કલા-પરંપરાને યોગ્ય રીતે જાળવવા માટે કેટલી બધી પુખ્ત વિચારણા કરી છે.

કલાકારો પ્રાચીન કાળથી શૃંગારરસનું આલેખન કરતા આવ્યા છે. શૃંગારને રસના રાજા તરીકે ઓળખાવવામાં આવ્યો છે. અલંકાર-શાસ્ત્રમાં એ રસના પેટા વિભાગો અને તેનાં લક્ષણો પણ દર્શાવવામાં આવ્યાં છે. કવિઓ શૃંગારરસનું નિરૂપણ કરતી વખતે સ્ત્રીનાં અંગાગોનું પણ વર્ણન કરે છે, રતિવિલાસનું નિરૂપણ પણ કરે છે, પરંતુ તેમાં એક પ્રકારનો સંયમ રહેલો હોય છે. કવિઓનો શૃંગાર રસ વ્યંજનાથી સભર હોય છે અને સાચી કલાકૃતિ તો વ્યંજનાથી જ શોભે છે. બધું જ પ્રગટ રીતે કહી દેનારી કલાકૃતિ એટલે કે વ્યંજનાશક્તિ વિનાની કલાકૃતિ સામાન્ય કોટિની ગણાય છે. કવિઓ શૃંગારરસને પણ ગૌરવ ભરી રીતે વર્ણવે છે. કવિઓનો શૃંગાર રસ જો અશ્લીલતાની અંદર સરી પડે તો તેનો અર્થ એ થયો કે કવિની પ્રતિભા સામાન્ય કોટિની છે. અને કવિ પોતે રસની અંદર ન રાચતાં અપરસની અંદર એટલે કે કામરસની વિકૃતિના કાદવકીચડમાં રાચે છે.

જે કલાકારો પોતાના અંગત જીવનમાં સ્થૂળ રતિવિલાસના અનુભવથી વધુ પડતા પ્રભાવિત થઇ જાય છે અને જેમની વૃત્તિઓ અતિશય બહેકી જાય છે એવા કેટલાક કલાકારો પોતાના શૃંગાર રસના નિરૂપણને અપરસની કોટિ સુધી પહોંચાડી દેતાં અચકાતા નથી. એવી કેટલીક કૃતિઓ છાનીછપની વંચાય પણ ખરી, પરંતુ એથી એવી કૃતિઓનું કલાકૃતિ તરીકે ગૌરવ થતું નથી. કલા વિવેચકો એવી કૃતિઓને સન્માનનીય ગણતા નથી અને કલાના ઇતિહાસમાં તેને કશું સ્થાન મળતું નથી.

કલાકાર જ્યારે કોઇ ઉત્કટ ભાવ કે સંવેદન અનુભવે છે અને તેને વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી ત્યારે તે પોતાની પ્રતિભા અનુસાર તેને વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે. એ રીતે કલાકૃતિઓનું સર્જન થાય છે. ભાવ કે સંવેદનમાં અપાર વૈવિધ્ય હોય છે, કારણ કે જીવન પોતે અનંત વૈવિધ્યથી સભર છે. કલાકારે પોતે જે અને જેવું અનુભવ્યું હોય છે તે અને તેવું જો તે ભાવકના અનુભવમાં ન ઉતારી શકે તો તેટલે અંશે તે કલાકૃતિની કચાશ ગણાય. કલાકારની પ્રતિભા અનુસાર કલાકૃતિ ઉચ્ચતા પ્રાપ્ત કરે છે. પરંતુ દરેક કલાકારની પ્રતિભા સમગ્ર જીવન દરમિયાન એકસરખી ઉચ્ચ રહેતી નથી. ઉત્તમ કવિઓ દ્વારા સામાન્ય કક્ષાનાં કાવ્યો પણ લખાયાં છે. સાધારણ કવિએ એકાદ નાના ઉત્તમ કાવ્યની રચના કરી હોય એવું પણ બને છે. પોતાની બદલાતી જતી વિચારસરણી, જીવનવિભાવના કે સારામાઠા તીવ્ર અનુભવોનો કે રોગિષ્ઠ માનસિક ગ્રંથિઓનો પડઘો પણ એમની કલાકૃતિમાં પડ્યા વગર રહેતો નથી.

કલા જીવનનું એક અંગ છે. કલા જીવનને અર્થે છે. કલા જીવન પર અવલંબીને રહે છે. જીવન છે તો જ કલા છે. કલા વગર જીવન હોઇ શકે છે (ભલે તે પ્રાકૃત પ્રકારનું જીવન હોય), પરંતુ જીવન વગર કલાનું ક્યારેય અસ્તિત્વ હોઇ શકતું નથી. એટલે કલા કરતાં જીવન વિશાળ છે અને મહાન છે. અલબત્ત, જીવનને ઘડવામાં, જીવનને સુસંસ્કૃત બનાવવામાં અને જીવનની મહત્તા વધારવામાં કલાનું યોગદાન ઘણું મોટું રહે છે, તો પણ કલાએ ક્યારેય જીવનનો વિદ્રોહ કરવો ઘટે નહિ. જીવનનો વિદ્રોહ કરનારી કલા ક્યારેય ચિરંજીવી બની શકે નહિ. આ દૃષ્ટિએ કલાએ જીવન સાથે સુસંવાદિતા સ્થાપીને એને સમૃદ્ધ અને સભર કરવાનું પ્રયોજન રાખવું ઘટે.

કોઇપણ કલાકાર પોતાની અનુભૂતિને વ્યક્ત કરવાને સ્વતંત્ર છે. પરંતુ કોઇપણ કલાકૃતિનું સર્જન થયા પછી કલાકાર જ્યારે તેને ભાવક સુધી પહોંચાડવા માટે જાહેરમાં મૂકે છે ત્યારે તે કલાકૃતિ પછી કલાકારની માત્ર અંગત બાબત ન રહેતાં જાહેર વિષય બને છે. એટલા માટે જ કલાકારની સમાજ પ્રત્યેની, રાજ્ય પ્રત્યેની જવાબદારી પણ રહે છે. કલાકૃતિ ત્યારપછી જાહેર માલિકીની વસ્તુ બની જાય છે. એની સાથે માત્ર કલાકારને જ નિસ્તબ નથી રહેતી, સહુ કોઇને એની સાથે નિસ્બત રહી શકે છે. કોઇપણ કલાકાર પોતાની કલાકૃતિને પ્રગટ કર્યા પછી એમ ન કહી શકે કે મારી આ કલાકૃતિ ફક્ત મારા જ આનંદ માટે અને ફક્ત અમુક જ વર્ગ માટે છે અને બીજા વર્ગ માટે નથી અથવા અમુક જ ધર્મના લોકો માટે છે અને બીજા ધર્મના લોકો માટે નથી. એટલે કે કલાકૃતિ પ્રગટ થયા પછી સર્વ કોઇની તે બની શકે છે. કલાકૃતિને સ્થળ અને કાળનાં કોઇ બંધન નડી શકે નહિ. દુશ્મન રાષ્ટ્રમાં પણ કલાકૃતિ પ્રવેશ કરી શકે છે અને આથી જ સાચા કલાકારની જવાબદારી ઘણી મોટી રહે છે.

જે કલા જીવનના અધમ તત્ત્વોને સૌંદર્યમંડિત કરવાનો પ્રયત્ન કરે છે તે કલાના પાયામાં જ કોઈ ત્રુટિ કે કચાશ રહી જાય છે. તેથી તેવી કલાકૃતિઓનું આયુષ્ય ક્યારે તૂટી પડશે તે કહી શકાય નહિ. જીવનમાં સારા અને વરવાં એમ બંને પ્રકારનાં પાસાં હોય છે. કલા જીવનના વરવાં પાસાનું વાસ્તવિકતા બતાવવાને ખાતર આલેખન જરૂર કરી શકે છે, પણ તે એવું ન હોવું જોઇએ કે જેથી કલાકાર પોતે એ વરવાં પાસામાં રાચતો હોય અથવા ભાવક વરવાં પાસાનું દર્શન કરી પોતે પણ તેમ કરવામાં રાચવા લાગે. સાચો કલાકાર જીવનની અધમતાનું વાસ્તવિક નિરૂપણ એવી સંયમિત રીતે કરે છે અને એની અભિવ્યક્તિમાં એવું કૌશલ્ય દાખવે છે કે જેથી ભાવક અધમતા કે વિરૂપતાથી વિમુખ બની જીવનની ઉન્નત બાજુ તરફ પ્રયાણ કરવા પ્રેરાય છે. સાચા કલાકારનું કર્તવ્ય ભાવકને જીવનની ઊંચી સપાટી પર દોરી જવાનું છે. જે કલાકૃતિ એના ભાવકને વ્યસની, વ્યભિચારી, નિર્લજ્જ કે અધમ બનવા પ્રેરે તે કલાકૃતિનું મૂલ્ય કશું આંકી શકાય નહિ.

કલા જ્યારે ધર્મના ક્ષેત્રને આવરી લેવાનો પ્રયાસ કરે છે ત્યારે તેની જવાબદારી ઘણી બધી વધી જાય છે. લોકોની ધર્મભાવના એટલી બધી દઢમૂળ હોય છે અને લોકોની શ્રદ્ધા એટલી ઉત્કટ હોય છે કે એનાથી વિપરીત પ્રકારનું આલેખન લોકો સહન કરી શકતા નથી. પોતાના ઇષ્ટદેવોની વિડંબના દુનિયાના કોઇપણ ધર્મના માણસો સહન કરી શકે નહિ એ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ રહ્યો. ઈસુ ખ્રિસ્ત હોય કે મહમ્મદ પયગમ્બર, ભગવાન રામ હોય કે ભગવાન વિષ્ણુ, ભગવાન મહાવીર હોય કે ભગવાન બુદ્ધ, સતી સીતા હોય કે માતા મેરી, એ તમામને કલાને નામે અધમ ચીતરી શકાય નહિ. ચીતરવા જઇએ તો લોકલાગણી દુભાય એટલું જ માત્ર નથી, લોકો અસહિષ્ણુ બનીને અચાનક હિંસાનો આશ્રય લે તેવી ઘટના પણ બની શકે છે. એટલે કોઇપણ ધર્મના દેવ-દેવીઓનું લોકભાવનાને આઘાત પહોંચાડે એવું નિરૂપણ કરવાનો અધિકાર કલાકારને રહેતો નથી. કલાકાર એમ કરવા જાય તો લોકોના પ્રકોપનો ભોગ બનાવા માટે એણે તૈયારી રાખવી જોઇએ. આવા હિંસક પ્રત્યાઘાતમાં ક્યારેક કલાકારનો જાન પણ લેવાઇ જાય તો પણ નવાઇ નહિ. લોકલાગણી જ્યારે ઉશ્કેરાઇ જાય છે ત્યારે કલાના સિદ્ધાન્તો બાજુ પર રહી જાય છે. એટલે જ કલાકારની સૌન્દર્યદષ્ટિ દેવ-દેવીઓની વિડંબનામાં ન પરિણમવી જોઇએ.

કોઇપણ કલાકૃતિ જાહેરમાં પ્રગટ થાય તે પછી તે લોકોના ચિત્તને આઘાત ન પહોંચાડે કે ક્ષોભ ન કરાવે એ જોવાની જવાબદારી સરકારની પણ છે. સરકાર કલામાં શું સમજે ? સરકારી માણસોને કલા સાથે શી નિસ્બત ? એવા પ્રશ્નો કરીને કલાકાર છટકી શકતો નથી. અથવા કલાવિવેચકો બચાવ કરી શકતા નથી. કલાકૃતિ પ્રગટ થયા પછી જાહેરમાં સામાજિક સંદર્ભમાં તેનું મૂલ્યાંકન કરવાની આવશ્યકતા રહે છે કે જેથી કોઇપણ કલાકૃતિ કોઇ વ્યક્તિ, સમાજ કે ધર્મને અન્યાય ન કરી બેસ., અલબત્ત, સરકારી કાયદા કાનૂનો એટલા સખત ન હોવા જોઇએ કે જેથી કલા ગુંગળાઇને મૃત્યુ પામે. તો બીજી બાજુ સરકારી કાયદા કાનૂનો એટલા શિથિલ પણ ન હોવા જોઇએ કે જેથી કલાકૃતિને કારણે વિભિન્ન વર્ગો વચ્ચે સંઘર્ષ, વૈમનસ્ય કે હિંસાત્મક અથડામણો થાય.

કલાનું ક્ષેત્ર જેટલું વ્યાપક છે એટલું સંવેદનશીલ છે. એટલે જ સામાન્ય માણસ કરતાં કલાકારની સમાજ પ્રત્યેની જવાબદારી ઘણી મોટી રહે છે.

☐ રમણલાલ ચી. શાહ

# નિરાળા સંત કવિ કબીર

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આપણે ત્યાં ઇતિહાસ અને દંતકથાનું ઠીક ઠીક મિશ્રણ થઇ ગયું છે. ખાસ કરીને આપણા ઘણાખરા મહાપુરુષો સંબંધે આવું બનવા પામ્યું છે. રામ, કૃષ્ણ, વિક્રમ, અશોક, કાલિદાસ, તુલસીદાસ, નરસિંહ, મીરાં, નાનક, કબીર આવી અનેક વિભૂતિઓ સંબંધે, શુદ્ધ ઇતિહાસ કરતાં દંતકથા મિશ્રિત વિગતો ઝાઝી મળે છે.

આપણા સંત કવિ કબીરજીની જ વાત કરીએ. કબીર રાષ્ટ્રીય કક્ષાના સંત કવિ છે, સર્વમાન્ય સંતકવિ છે. ભારત સરકારના ટપાલખાતાએ એમના નામની ટિકિટો બહાર પાડી છે. તેમાં તેમના જન્મ-મૃત્યુની તારીખો આપી નથી. કેવળ એ પંદરમી સદીમાં થઇ ગયા એવો ઉલ્લેખ છે, મતલબ કે એમના જન્મ-મૃત્યુ સંબંધે ઇતિહાસ ચોક્કસ નથી ! જો કે સંવત ૧૪૫૫ના જેઠ સુદ પુનમને સોમવારે તેઓ જન્મેલા, એમ મનાયું છે ખરું ! એવી જ રીતે એમના જન્મ અને મૃત્યુ વખતે થયેલા ચમત્કારો અંગે પણ દંતકથાઓ પ્રચલિત છે.

કાશીના મુસલમાન વણકર દમ્પતિ નીમા નીરને તલાવના કમલપત્ર પરથી ત્યજાયેલું જે બાળક મળ્યું તે જ કબીર. કબીર, વિધવા બ્રાહ્મણીના પુત્ર હતા. એમ પણ કહેવાય છે, મૃત્યુ સમયે એમના હિન્દુ-મુસ્લિમ શિષ્યો, એમના દેહને અગ્નિ સંસ્કાર આપવા-દફનાવવાના પ્રશ્ન પરત્વે ઝઘડો જમાવી બેઠા ત્યારે પ્રગટ થઇ કબીરે શબ ઉપરની ચાદર ખસેડી જોવા કીધું તો કેવળ ફૂલનો ઢગલો જ દેખાયો! અર્ધા ફૂલોનો અગ્નિસંસ્કાર કરી હિન્દુ ભક્તોએ સમાધિ ચણાવી, મુસ્લિમ ભક્તોએ અર્ધા ફૂલ દાટી રોજો બંધાવ્યો. આમ, એમના જન્મ-મૃત્યુ સાથે ફૂલોના સંબંધ હોઇ આપણે એમને ભારતનું મઘમઘતું સંત-કવિ-પુષ્પ કહીએ એમાં સર્વથા ઔચિત્ય છે. કબીરના સાહિત્યમાંથી એમના જીવન સંબંધે કેટલીક વિગતો તારવી શકાય તેમ છે. એ પોતાની જાતને સદાય 'ના હિન્દુ, ના મુસલમાન' એ રીતે ઓળખાવે છે. 'પિતા હમારો બડો ગોસાઇ' એ રીતે પિતાનો માનપૂર્વક ઉલ્લેખ કરે છે, પણ એ તો પરમ પિતા પરમેશ્વરને પણ લાગુ પડે ! કબીર પંથીઓના મત પ્રમાણે, કબીર આજન્મ બ્રહ્મચારી હતા-પણ કબીર લખે છે :-

**'નારી તો હમ ભી કરી, જાના નાહિ વિચાર !**

**જબ જાના તબ પર હરિ, નારી બડા, વિકાર'**

પણ આ વાત તો માયારૂપી નારીને પણ એટલી જ લાગુ પડે ! એમને કમાલ નામે પુત્ર ને કમાલી નામે પુત્રી હતી. (કમાલ-કમાલીનાં ભજનો આકાશવાણી પરથી અવારનવાર સાંભળવા મળે છે) પુત્ર માટે લખે છે :-

**'બૂડા વંશ કબીર કા, ઉપમા પૂત કમાલ.'**

એમના ગુરુ રામાનંદે કયા સંજોગોમાં મંત્રદીક્ષા આપી તે અંગે કહે છે :-

**'જબ હમ પોઢે થે ગંગા કે તીરા,**

**ઠોકર લગી હમારે શરીરા;**

**તબ તુમ રામ મંત્ર હમ દિન્હા.'**

લગભગ એકસો વર્ષ સુધી કબીર જીવ્યા હતા એમ કહેવાય છે. વસ્ત્ર વણવા અને ભજન રચવાં-ગાવાં એ એમનો ધંધો ને ધર્મ હતાં. નાતજાતની દિવાલોને તોડી ફોડીને કેવળ ભક્તિની ગંગા વહાવનાર રામાનંદના શિષ્ય બન્યા પછી કબીરે બધો જ સમય

આત્માચિંતન, હરિ-સ્મરણ, ક્રાન્તિકારી વિચારણા અને સર્વધર્મ સમન્વયના, પ્રયત્નને પ્રચારમાં ગાળ્યો છે.

રામસાથેનો પોતાનો સંબંધ સરલતાપૂર્વક વર્ણવતાં કબીર કહે છેઃ-

**કબીર કૂતા રામકા મુતિયા મેરા નાઉં।**

**ગલે રામકી જેવડી, જિત ખૈંચૈ તિત જાઉં॥**

**તો તો કરૈ તો બાહુ ડૌં દુરિ દુરિ કૈ તો જાઉં।**

**જ્યૂં હરિ રાખૈ ત્યૂં રહૌં જો દૈવે સો ખાઉં॥**

આ પંક્તિઓમાં આત્મ-સમર્પણની અવધિ વરતાય છે પણ આવા નમ્ર સરલ કબીરનો જ્યારે પુણ્ય પ્રકોપ જાગે છે ત્યારે મસ્જિદમાં બાંગ પુકારતા મુલ્લાં અને પોથી-પંડિતોને તેજીલી તેજાબની વાણીમાં સંભળાવે છે :-

**'ના જાને તેરા સાહબ કૈસા હૈ।**

**મસજિદ ભીતર મુલ્લા પુકારૈં,**

**કયા સાહબ તેરા બહિરા હૈ?**

**ચિઉંટી કે પગ નેવર બાજે, સો ભી સાહિબ સુનતા હૈ।**

**પંડિત હોય કે આસન મારૈ, લમ્બી માલા જપતા હૈ**

**અંતર તેરે કપટ-કતરની સૌ ભી સાહિબ લખતા હૈ॥**

સાપ કાંચળી બદલે એટલે કંઇ એનું ઝેર જાય નહીં તેમ બાહ્ય વેષ-પરિવર્તન અને બાહ્યાચારથી ચિત્તશુદ્ધિ થાય નહીં. તીર્થ -સ્થાન, પ્રતિમા-પૂજા, પુરાણ-કુરાન પરત્વેની અંધશ્રદ્ધાની ઠેકડી કરતાં કહે છેઃ-

**'તીરથ મેં તો સબ પાની હૈ, હોવે નહીં કછુ અન્હાય દેખા।**

**પ્રતિમા સકલ તો જડ હૈ ભાઇ, બોલે નહીં બોલાય દેખા॥**

**પુરાન-કુરાન સબ બાત હૈ, યા ઘટકા પરદા ખોલ દેખા।**

**અનુભવ કી બાત કબીર કહૈં યહ, સબ હૈ ઝૂઠી પોલ દેખા॥**

પ્રતિમા-પૂજાથી હરિ મળે? રામ રામ કરો. કબીર કહે છે :-

**'પથ્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજુ સબ પહાડ,**

**ઇસસે તો ચક્કી ભલી, પીસ ખાયૈ સંસાર'.**

રૂઢિચુસ્ત સનાતની હિન્દુઓની જેમ મુસલમાનોને પણ કબીર સંભળાવે છે :-

**દિન કો રોજા રહત હૈ, રાતિ કટત હૈ ગાય,**

**યહ ખૂન, વહ બંદગી, ક્યોં કર ખુશી ખુદાય?**

મુસલમાનોએ કબીરને કાફર કહ્યા. અન્યનાં ગળાં કાપે શિશામાં ઉતારે, જૂઠું બોલે તે કાફર. કબીર કહે છે :-

**ગલા કાટ બિસ્મલ કરે, વોહ કાફર બેસૂઝ,**

ચારો વર્ણમેં હરિજન ઊંચે-એવી કબીરની માન્યતા હતી...શ્રદ્ધા હતી. પોતાના સ્વામીની વાત કરતાં કબીર કહે છે :-

**'જોગી ગોરખગોરખ કહૈ, હિન્દુ રામનામ ઉચ્ચારૈ।**

**મુસલમાન કહૈ એક ખુદાઇ, કબીરા કો સ્વામી ઘટિ ઘટિ રહ્યો સમાઇ॥**

મંદિર-મસ્જિદમાં જ નહીં પણ ઘટઘટમાં-સચરાચરમાં જેના સ્વામી સમાય છે તેવા સંત કવિ કબીરની જીવનભરની ઇષ્ટ પ્રવૃત્તિ સર્વ-ધર્મ-સમન્વયની હતી. એક પદમાં તે ગાય છેઃ-

**'અલ્લાહ, રામ, કરીમા, કેશવ હરિ હજરત નામ ધરાયા,**

**ગહના એક, કનક તે ગહના ઇનમેં ભાવ ન દૂજા!**

**કહન સૂનન કો દુઇ કરે થાયે, એક નિમાજ, એક પૂજા.**

**વહી મહાદેવ, વહી મહમ્મદ બ્રહ્મા, આદમ કહિયે,**

**કો હિન્દુ, કો તુરક કહાવે,એક જમીં પર રહિયે!**

**વેદ, કિતાબ પઢે વે કુતબાં, વે મોલવા, વે પાંડે,**

**બેગર, બેગર કે નામ ધરાયે એક મટિયા કે ભાંડે!**

આમ નામ રૂપ જૂજવાં, પણ અંતે તો એક જ સુવર્ણના અલંકાર,, એક જ માટીનાં ભાણ્ડ-વાસણ.

કબીરના વ્યક્તિત્વ સંબંધે ડૉ. હઝારીપ્રસાદ દ્વીવેદી લખે છેઃ- 'કબીર નખશિખ મસ્ત માનવી છે. સ્વભાવે ફક્કડ, આદતે અક્કડ, ભક્ત સમક્ષ નમ્ર, પાખંડી સમક્ષ પ્રચંડ, દિલના સાફ, દિમાગના દુરસ્ત, ભીતરમાં કોમલ, બહાર કઠોર, જન્મે અસ્પૃશ્ય, કર્મે વંદનીય. એ જે કંઇ કહે છે તે અનુભવને આધારે કહે છે. એટલે એમની વ્યંગ ઉક્તિઓમાં આરપાર વિંધી નાખે તેવી ચોટ આવે છે.'

કબીરના વ્યક્તિત્વના અનેક પાસાં છે. એ ભક્ત છે, સંત છે, કવિ છે, ધર્મગુરુ છે, સમાજ-સુધારક છે, સર્વધર્મ સમન્વયવાદી છે, હિન્દુ-મુસ્લિમ-ઐક્ય વિધાયક છે, વેદાન્તી દાર્શનિક છે, વિશેષ સંપ્રદાયના પ્રતિષ્ઠાતા છે...આવું ઘણું બધું છે, પણ જો એ ભક્ત નથી તો કશું જ નથી. એમના જીવનમાં ભક્તિ જ મુખ્ય છે, બાકીની બધી 'બાય પ્રોડક્ટ' છે.

કવિવર ટાગોરની 'ગીતાંજલિ'નો અંગ્રેજી અનુવાદ પ્રગટ થયો... એમને નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે, પાશ્ચાત્ય, ધર્મવ્યવસાયીઓ કહેવા લાગ્યા કે ગીતાંજલિ પર ખ્રિસ્તી ધર્મનો ઘણો પ્રભાવ છે...ત્યારે કવિવરે સંતકવિ કબીરને પોતાના પૂર્વસૂરિ રૂપે 'કબીરવાણી' અંગ્રેજીમાં પ્રગટ કરીને, દર્શાવ્યા...ત્યારે પેટ્રસ વગેરેને લાગ્યું કે કવિવરે કબીરનો અનુવાદ ન કર્યો હોત તો સારું થાત...કેમ જે ' કબીરના ચોખ્ખા ગાઢા ભક્તિરસની સરખામણીમાં કવિવરનો ભક્તિરસ ફિક્કો લાગે છે,' આ આક્ષેપનું નિરસન કરતાં અબૂ સઇદ ઐયૂબ 'કાવ્યમાં આધુનિકતા' ગ્રંથમાં, લખે છે : 'કબીર કેવળ ચોખ્ખા ભક્તજનથી, મૂળે ભક્ત જ છે. કવિતા તેમને મન ગૌણ કાર્ય હતું. કવિ ન થયા હોત તો યે તેમનો ભક્તિરસ લગારે ખંડિત થવાનો નહોતો. બીજી બાજુ, રવીન્દ્રનાથ ચોખ્ખા કવિ છે અને મૂળે કવિ જ છે. ભક્તિ, તો તેમના કાવ્ય સર્જનનું ઉપાદાન છે અને તે પણ એકમાત્ર ઉપાદાન નથી.'

વિશ્વનું શ્રેષ્ઠ નોબેલ પારિતોષિક જીતનાર કવિવર રવીન્દ્રનાથ ટાગોર, કબીરને પોતાના પૂર્વસૂરિ રૂપે જાહેરમાં સ્વીકારે છે એ વાત કબીર અનેક કવિવર માટે કેવડી મોટી ગૌરવપ્રદ છે!

સાચે જ, કબીર એ કબીર છે. તુલસીદાસ, સૂરદાસ, નરસિંહ, મીરાં, અખો, દયારામ...કોઇપણ સંત કવિની સાથે તેમની તુલના થઇ શકે તેમ નથી. સંત કવિ એ બધાથી ઉફરા છે, નિરાળા જ છે.

**'આતમ મેં પરમાતમ ઇરસે,**

**ઇસીમેં સાંઇ હમારે',**

♦ ♦ ♦

**હંસા પાયે માન સરોવર**

**બિન દેખે જીવ જાયે રે'**

♦ ♦ ♦

**મોકોં કહાં ઢૂંઢે બન્દે**

**મૈં તો તેરે પાસમેં।**

♦ ♦ ♦

**કહૈં કબીર સુનો ભાઇ સાધો.**

**સબ સ્વાંસોં કી સ્વાંસ મેં।**

આવા શબ્દ બ્રહ્મના ઉપાસકને ઉદ્ગાતાને લાખ લાખ વંદન.

♦ ♦ ♦

# મારી વાચનયાત્રા

□ પન્નાલાલ ર. શાહ

વ્યક્તિના ઘડતરમાં કેટલાંય પરિબળો મહત્વનો ભાગ ભજવે છે. તેમાં અનુવંશ સંસ્કાર, કૌટુમ્બિક વાતાવરણ, વિદ્યાર્થી જીવનમાં શાળાકિય પરિસર, ધર્મના સંસ્કાર, લલિત કળાઓ અને સાહિત્ય મુખ્ય ગણી શકાય. આ યાદી હજુ લંબાવીએ તો તેમાં ચલચિત્ર અને સોબત ઉમેરી શકાય. ઇ.સ. ૧૯૫૪માં હું જ્યારે ફોર્થ સ્ટાન્ડર્ડમાં અભ્યાસ કરતો હતો ત્યારે તર્કબદ્ધ અને ન્યાયયુક્ત વિચારસરણીના સૌ પ્રથમ સંસ્કાર મારા જીવનમાં પ્રગટ થયાં.

હું જ્યારે ઇ.સ. ૧૯૫૭-૫૮માં શાળામાં અભ્યસ કરતો હતો ત્યારે મારામાં ઐતિહાસિક દષ્ટિએ વિચારવાના સંસ્કાર-બીજ રોપાયાં. એ વખતે અમારા ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં એક પાઠ હતો: 'જીવનચરિત્રનો આદર્શ'. એ પાઠના લેખક હતા શ્રી નગીનદાસ પારેખ. એ પાઠમાં આદર્શ જીવનચરિત્રોનો ઉલ્લેખ હતો. એ ઉલ્લેખમાં કરસનદાસ મૂળજીનો પણ સમાવેશ થતો હતો. મારા મનમાં કરસનદાસ માણેક અને કરસનદાસ મૂળજી અંગે દ્વિધા થઇ. એટલે અમારા ગુજરાતી ભાષાના શિક્ષક શ્રી નગીનદાસ ટી. શેઠને આ બાબત પૃચ્છા કરી. એમણે ફોડ પાડ્યો કે કરસનદાસ મૂળજી અને કરસનદાસ માણેક એ બન્ને અલગ વ્યક્તિઓ છે. કરસનદાસ મૂળજી મહાન સમાજસુધારક હતા અને તેમને જદુનાથજી મહારાજ સામે લાયબલ કેસ લડવો પડ્યો હતો. તેઓ સંભવતઃ મહુવાના કપોળ ગૃહસ્થ હતા, પરંતુ એ વિષે પ્રમાણભૂત આધાર મળતો નથી. આ વાત મારા મનમાં અંકિત થઇ ગઇ.

ઇ.સ. ૧૯૫૭-૫૮માં સને ૧૮૫૭ની ક્રાંતિ વિષે મહુવા નગરપાલિકાએ મહુવાના નાગરિકો માટે એક નિબંધસ્પર્ધાનું આયોજન કર્યું હતું. તેમાં મેં પણ ભાગ લીધો. નિબંધનો મારો વિષય હતો : 'ઇ. સ. ૧૮૫૭ : વિપ્લવ કે ક્રાંતિ?' આ નિબંધ લખતાં પહેલાં મેં મહુવામાં ઉપલબ્ધ ઇતિહાસનાં કેટલાંય પુસ્તકો અને સામયિકોનું વાંચન કર્યું હતું. આ રીતે ઇતિહાસ અને સંશોધન અંગેના સંસ્કાર મને વાંચન દ્વારા મળ્યા અને એ વાચનથી મારું ઘડતર થયું છે.

ઇ.સ. ૧૯૫૮માં મેટ્રિક થયા પછી ઉચ્ચ અભ્યાસ માટે હું મુંબઇ આવ્યો. ત્યાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઇ)માં મને પ્રવેશ મળ્યો અને ત્યાં વિદ્યાર્થીગૃહમાં રહેવાનું થયું. આ સંસ્થાનું પુસ્તકાલય બહુ સમૃદ્ધ છે. નવલકથા, કાવ્યો, નાટકો, વિવેચન, અધ્યાત્મ, જીવનચરિત્ર, માનસશાસ્ત્ર, આયુર્વેદ વગેરેના વિભાગવાર વીશ હજારથીય વધુ પુસ્તકો હતાં. અહીં તો મને અદ્દભૂત ખજાનો હાથ લાગ્યાની અનુભૂતિ-પ્રતીતિ થઇ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થી તરીકે અમારે ધાર્મિક અભ્યાસ કરવાનો હતો. એ અભ્યાસક્રમમાં 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' લે. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ અને શ્રી હરિસત્યભટ્ટાચાર્યકૃત 'જિનવાણી યાને તુલનાત્મક દષ્ટિએ જૈન ધર્મ' એમ બે પુસ્તકોનો મારા પર વિશેષ પ્રભાવ પડ્યો છે. અન્ય પુસ્તકોમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યકૃત 'યોગશાસ્ત્ર', વાચક ઉમાસ્વાતિકૃત ' તત્ત્વાર્થાધિગમ સૂત્ર' અને ન્યાયવિજયજીકૃત 'જૈનદર્શન' વગેરે હતાં.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની મારા પર એ અસર થઇ કે સ્વ. કરસનદાસ મૂળજીના વતન વિષે ક્યાંયથી આધાર મળે તો મેળવવા પ્રયત્ન કરવો રહ્યો. પરિણામે વિદ્યાલયના પુસ્તકાલયના અંગ્રેજી વિભાગમાં Late Karsandas Mulji Birth Centenery Commemoration Volume ઇ.સ. ૧૯૩૨માં પ્રગટ થયેલ તે ધ્યાનથી જોઇ ગયો, પરંતુ તેમના વતન વિષે કોઇ ચોક્કસ આધારભૂત માહિતી સાંપડી નહીં. માત્ર એટલું જ એમાં જણાવાયું હતું કે તેઓ સૌરાષ્ટ્રના કપોળ સદ્દગૃહસ્થ હતા. મારા મતે કપોળ વણિક જ્ઞાતિ ભાવનગર અને અમરેલી જિલ્લા પૂરતી મર્યાદિત છે. એટલે એ નક્કી થયું કે તેઓ ભાવનગર અગર અમરેલી જીલ્લાના વતની હતા. ઇ. સ. ૧૯૬૩ના ડિસેમ્બરની પંદરમી તારીખે શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું સાહિત્ય એકત્રિત કરવા હું મહુવા ગયો ત્યારે મહુવાની નેટીવ લાઇબ્રેરીમાંથી મને વિ. સં. ૧૯૫૨મા પ્રગટ થયેલ 'મહાજન મંડળ'નામનું પુસ્તક મળ્યું. તેમાં ભગવાન રામથી માંડીને સ્વામી વિવેકાનંદ સુધીના મહાનુભાવો વિષે પુષ્કળ માહિતી હતી. આ પુસ્તકમાં શ્રી વીરચંદ રાઘવજી ગાંધી, જાદુગર પ્રા. નથ્થુ મંચ્છા અને શ્રી કરસનદાસ મૂળજી વિષે આધારભૂત માહિતી હતી. તેમાં કરસનદાસ મૂળજીના વતન વિષે એમ જણાવાયું હતું કે તેઓ મહુવાની પાસેના વડાલ ગામના વતની હતા અને કપોળ સદ્દગૃહસ્થ હતા. આ ત્રણેય મહાનુભાવો મહુવાના હતા. આ આધાર પર 'મહુવાની અસ્મિતા' નામના મેં સંપાદિત પુસ્તકમાં શ્રી કરસનદાસ મૂળજીના જીવનકાર્ય વિષેના લેખનો મેં સમાવેશ કર્યો હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પુસ્તકાલયમાં વિવિધ ધર્મોનાં પુસ્તકોનું મેં યથાશક્તિ, યથામતિ વાચન કરેલું. ભાવનગર રાજ્યના મુખ્ય એન્જિનિયર સ્વ. છગનલાલ જીવણલાલ પારેખ મારા ફૂવા થાય. તેઓ આધ્યાત્મિક જીવ. તેમણે મને પત્ર દ્વારા વિવિધ ધર્મોના કયા કયા પુસ્તકો વાંચવા જેવાં છે એ અંગેનું નિયમિત માર્ગદર્શન આપેલું. ગાંધીજીનું 'અનાસક્તિ યોગ' વાંચ્યા પછી મારા મનમાં એ દઢ પ્રતીતિ થયેલી કે ધર્મ- અધ્યાત્મ અને પરંપરામાંથી ન્યાયની દષ્ટિએ જે વાજબી ન જણાય તેનો અસ્વીકાર કરવો, એટલું જ નહિ પરંતુ એવું પ્રતિપાદન કરાતું હોય તો તેનો ન્યાયની દષ્ટિએ વિવેક જાળવીને સામાન્યજનને ખ્યાલ આપવો.

વિવિધ ધર્મોના પુસ્તકોના વાચનથી તુલનાત્મક દષ્ટિએ અભ્યાસ અને સંશોધનની મને ટેવ પડી. ઇ.સ. ૧૯૬૯માં હું જ્યારે હાઇપર એસીડીટીથી પિડાતો હતો અને સર હરકીશનદાસ હોસ્પિટલમાં દાખલ થયો હતો એ દરમિયાન 'સર્વીયધ્યાન' નામના પુસ્તકનું મેં વાચન કર્યું. દસમાં સૈકામાં થયેલા શુભચંદ્રાચાર્ય વિરચિત 'જ્ઞાનાર્ણવ' નામના ગ્રંથના બે પ્રકરણોનો ગુજરાતી અનુવાદ શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ કરેલો અને તેનું વિવેચન પં. લાલને કરેલું. આ પુસ્તનું પ્રકાશન ઇ.સ. ૧૯૦૩માં થયેલું. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ આ પુસ્તકના પુનઃ પ્રકાશન માટે પ્રેસકોપી તૈયાર કરી અને પાદટીપ રૂપે અન્ય ધર્મોમાં પ્રસ્તુત વિષય અંગે ક્યાં સમાનતા હતી તે દર્શાવતા શ્લોક સાથે પુસ્તક તૈયાર કર્યું. (આ પુસ્તકનું પુન : પ્રકાશન ઇ.સ . ૧૯૮૯માં ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાએ કર્યું છે.) તુલનાત્મક દષ્ટિએ અભ્યાસ કરવામાં અને વર્તમાન જગતની વાસ્તવિકતાની દષ્ટિએ ધર્મ કેટલો સુસુંગત (Relerance) છે તેની વિચારણાનો પાયો પં. સુખલાલજીના પુસ્તક 'દર્શન' અને ચિંતન'માંથી નંખાયો તેમજ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના આધ્યાત્મિક લેખો અને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન એમના પ્રવચનોમાંથી મને સાંપડતો રહ્યો.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની સ્થાન-સ્થળની અનુક્રમણિકા પરથી 'મહુવા' વિષે ઐતિહાસિક માહિતી મેળવવાના મેં પ્રયત્નો શરૂ કર્યા. તેમાં સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઇનું આ પુસ્તક મારા માટે બહુમૂલ્ય સાબિત થયું. મહુવા વિષેના સંશોધનમાં Some Stone Inscruptions Kathiawar અને ભાવનગરના ગાંધીસ્મૃતિ

મંદિરમાંથી મૈત્રકકાલીન તામ્રપત્રો અને મહુવા વિસ્તારમાંથી મધ્યકાલીન શીલાલેખો મને સાંપડતા ' જૈન સાહિત્યમાં મહુવા' અને 'મહુવા વિસ્તારના કેટલાંક શિલાલેખો અને તામ્રપત્રો' એમ બે લેખ તૈયાર થઇ શક્યા અને તેનો સમાવેશ 'મહુવાની અસ્મિતા'માં કર્યો છે.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં મધ્યકાલીન ભાષા સાહિત્ય વિષેના વિભાગમાં સોમસુંદર યુગ, એ યુગમાં સાહિત્યપ્રવૃત્તિ, વિક્રમના સોળમા શતકની ઐતિહાસિક ઘટનાઓ, સોળમા શતકની સાહિત્ય પ્રવૃત્તિઓ, સોળમી સદીનું ગુજરાતી સાહિત્ય, હીરવિજયસૂરિનું વૃત્તાંત, અકબરના દરબારમાં હીરવિજયસૂરિ અને બીજાઓ, સત્તરમા શતકની સાહિત્યપ્રવૃત્તિ, યશોવિજયયુગ, વિનયવિજય, મેઘવિજય વગેરેના સાહિત્યનું લેખન થયું છે. અભ્યાસક્રમમાં આ પુસ્તક હતું એટલે તેનો અભ્યાસ કર્યો અને તેમાં રસ પણ પડ્યો. બાળપણમાં મહુવામાં સ્નાત્ર-પૂજા અને વિવિધ પૂજાઓ અમે ભણાવતા અને તેમાંથી કેટલાંય સ્તવનો અને પૂજાઓ આજે પણ કંઠસ્થ છે એટલે મધ્યકાલીન સાહિત્યમાં મને વિશેષ રસ પડ્યો. તેમાં પ્રા. જયંત કોઠારી કૃત 'મધ્યકાલીન સાહિત્યમાં જૈનોનું પ્રદાન' એ નામની પુસ્તિકાના વાચનથી મને વિશેષ રસ પડતો ગયો. હરિવલ્લભ ભાયાણી સંપાદિત 'શોધ અને સ્વાધ્યાય' સીમાચિહ્નરૂપ બન્યું. પરિણામે મધ્યકાલીન સાહિત્યના કથાઘટકોનો હું મારા એકાદ બે લેખમાં સરસ વિનિયોગ કરી શક્યો છું.

ઈ.સ. ૧૯૬૦-૬૧માં ડૉ. રમણલાલ પટેલનું 'માનસદર્શન' પુસ્તક મારા વાંચવામાં આવ્યું. તેમાં માનવીના વર્તનમાં દેખીતી વિસંગતિ અને તેની પાછળ રહેલાં કારણોનું પૃથક્કરણ કરી માનવી આવું વર્તન કેમ કરે છે તે સમજાવવાની સાથે તેની પાછળ રહેલાં માનસ-શાસ્ત્રના નિયમોનું સચોટ દિગ્દર્શન કરાવેલું. આ પુસ્તકના વાચન બાદ માનવીના નિરીક્ષણ કરવાની અને તેની પાછળ રહેલાં મનોવૈજ્ઞાનિક કારણો અને તેનું વિશ્લેષણ કરવાની મને મજા આવતી ગઇ. તેમાંથી આત્મનિરીક્ષણ કરવાની પણ શરૂઆત થતી ગઇ.

મનોવિશ્લેષણ અને મનોવિજ્ઞાનના આ પુસ્તકોના અભ્યાસની અસર એ થઇ કે મારા કેટલાંય લેખોમાં મનોવિશ્લેષણની દષ્ટિએ ઘટના કે પ્રસંગનું અર્થઘટન કરવાનું મારાથી શક્ય બન્યું, જેમ કે ' લોકમાનસઃ વિચિત્ર કે ન્યાયયુક્ત અભિવ્યક્તિ?', 'માનવીના મનની આત્મકથા', 'મહાભારતના મુખ્ય પાત્રોનું માનસ અને તેનું અર્થઘટન', 'અપરાધભાવનું ચૈતસિક કક્ષાએ વિચરણ', 'નિહ્નવવાદના આંતરપ્રવાહો' વગેરે.

આમ પુસ્તકોના વાચન દ્વારા મારું ઘડતર થયું છે. તેથી મારા જીવનમાં (૧) ન્યાયની દષ્ટિએ વિચારવાની મને કેળવણી મળી છે. (૨) સંશોધન અને ઐતિહાસિક દષ્ટિએ ઘટનાને મૂલવવાના સંસ્કાર દઢ થયાં છે. (૩) સાંપ્રદાયિક દષ્ટિથી પર ધર્મ અને અધ્યાત્મમાં અભિરુચિ અને તુલનાત્મક દષ્ટિએ ધર્મતત્વની ગવેષણા કરવાની ખેવના રાખવાની દષ્ટિ મળી છે. જો કે આ બાબતમાં પુસ્તકો ઉપરાંત પર્યુષણ પર્વમાં યોજાતી વ્યાખ્યાનમાળાનું પ્રદાન પણ ઘણું છે. (૪) મનોવિશ્લેષણ અને મનોવૈજ્ઞાનિક દષ્ટિએ ઘટના, પ્રસંગ કે જીવનને અવલોકવાની દષ્ટિ સાંપડી છે. (૫) પુસ્તકોના અવલોકન અને વિવેચનની દષ્ટિ સાંપડી છે. જીવનમાં સદ્ વાચન કેટલું ઉપયોગી છે એ પાંચ દાયકાના અનુભવે મારા જીવનમાં સ્થાપિત થયું છે અને એટલે જ મારો જીવન-મંત્ર બની રહ્યો છે : Learn as if you are to live for ever Live as if you are to die to-morrow. માની : સદા તું જીવવાનો ધ્યાન સ્વાધ્યાયે થજે, એકાગ્ર પળમાં કાળ છે, તૈયારી તું નિત્ય રાખજે. ♦♦

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

☐ અહેવાલ-ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાન-માળાએ આ વર્ષે બાસઠમાં વર્ષમાં પ્રવેશ કર્યો . જ્ઞાન અને સાધનાની જ્યોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો છેલ્લાં તેર વર્ષથી સતત આર્થિક સહયોગ મળતો રહ્યો છે.

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને મંગળવાર, તા. ૧૦-૯-૯૬થી મંગળવાર તા. ૧૭-૧૦-૯૬ સુધી એમ આઠ દિવસ માટે ચોપાટી મધ્યે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

■ **માનસિક તનાવ-કારણ અને નિવારણ :** પ્રથમ દિવસે આ વિષય પર વ્યાખ્યાન આપતાં પૂ. મુનિશ્રી રાકેશકુમારજીએ જણાવ્યું હતું કે આજના અતિ વ્યસ્ત જીવનમાં માનસિક તનાવનું પ્રદૂષણ વધતું રહ્યું છે. માનસિક તનાવના કારણોમાં (૧) આત્મ વિસ્મૃતિ (૨) અસંતુલિત જીવનશૈલી (૩) પદાર્થ પ્રતિબદ્ધતા (૪) પ્રતિસ્પર્ધા (૫) પ્રતિક્રિયા અને (૬) નકારાત્મક વિચારધારા મુખ્ય છે. માનસિક તનાવ ઘટાડવા માટે કાયોત્સર્ગ અને ધ્યાનના પ્રયોગો કરવા જોઇએ. માણસે પોતાના જીવનમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિનું સંતુલન કરવું જોઇએ. જીવનમાં જેટલું બોલવું જરૂરી છે એટલું જ મૌન રહેવું પણ જરૂરી છે. પ્રત્યેક ક્ષણે આપણે સ્વસ્થ રહેવાનું છે. જગતમાં સર્વ જીવો પ્રત્યે કરુણા અને મૈત્રીભાવનો વિકાસ કરવાનો છે. સહજતાથી જીવવાનું અને વિવેકપૂર્ણ રીતે નિર્ણય લેતાં શીખવાનું છે. પ્રમાદને દૂર કરી પ્રસન્નતામાં મહાલવાનું છે. પુરુષાર્થ આપણો આદર્શ છે પરંતુ આપણે આપણી મર્યાદા પણ સમજી લેવાની જરૂર છે.

■ **નમસ્કાર મહામંત્ર-દિવ્ય જીવનનો દિવ્ય મંત્ર :** શ્રી શશિકાંત મહેતાએ આ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે નવકાર મંત્રનો પ્રભાવ અચિંત્ય ચિંતામણિ સ્વરુપ છે. નવકારમંત્ર પ્રથમ સ્વસ્થ, પછી સર્વસ્વ અને છેલ્લે સ્વરૂપસ્થ બનાવે છે. નવકાર મંત્ર મૂળથી આપણું જૈનત્વ સાચવે છે, દિવ્યત્વ આપે છે અને જિનત્વ ભણી લઇ જાય છે. નવકાર મંત્રમાં જીવનના સાત સોપાન રહ્યાં છે. તે છે : (૧) દિવ્ય જીવી બનાવે (૨) દીર્ઘજીવી બનાવે (૩) ધનંજયી બનાવે (૪) શત્રુંજયી બનાવે (૫) મૃત્યુંજયી બનાવે (૬) દિગ્વિજયી બનાવે અને (૭) ચિરંજીવી બનાવે. નવકારમંત્ર આપણને સુરક્ષા, સન્માન, સત્સંગ, સમૃદ્ધિ, શક્તિ, શાંતિ અને સમાધિ અપાવે છે.

■ **મૃત્યુ વિજયના પંથે :** આ વિષય પર વ્યાખ્યાન આપતા શ્રી ચંદ્રહાસ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ જગતમાં રોજ હજારો માણસો મૃત્યુ પામે છે. લોકો તેમને સ્મશાનમાં વળાવી પાછા આવી પોતાના કામમાં ગૂંથાય છે પરંતુ મૃત્યુ વિશે કોઇ કોઇ ગંભીરતાથી વિચારતું જ નથી. આપણે કોણ છીએ, ક્યાંથી આવ્યા છીએ, આપણી શું ગતિ થશે તે પર થોડું આત્મનિરીક્ષણ કરવાની ટેવ પાડીએ તો ખરેખર મૃત્યુના ભય સામે આપણે ઝૂકી નહિ જઇએ. મૃત્યુ પર વિજય મેળવવો હોય તો સર્વ પ્રથમ જન્મ પર વિજય મેળવવો પડે. જન્મને જીતવો એટલે ભવભ્રમણનો અંત લાવવો. જન્મ પર વિજય આવે એટલે મૃત્યુ પર વિજય આપોઆપ આવી જવાનો. જ્યાં રાગ-દ્વેષ, તૃષ્ણા, અહંકાર રૂપી

કષાયો છે ત્યાં જન્મ પરંપરા ચાલવાની જ. વાચક ઉસ્માસ્વાતિજીએ સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ કહ્યો છે.

■ **ધર્માનુષ્ઠાન :** ડૉ. રમણલાલ ચી. શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતા કહ્યું હતું કે દુનિયાના બધા ધર્મોના મનુષ્યોના જીવનમાં કોઇક ને કોઇક પ્રકારની ધર્મક્રિયા રહેલી છે. પરંતુ એમાંની ઘણીખરી ધર્મક્રિયા ઐહિક જીવનને સુખસગવડવાળું કરવા માટેની છે. અનિષ્ટવિયોગ અને ઇષ્ટસંયોગની ઇચ્છા માટે ધર્મક્રિયાઓ થાય છે. આપણા પૂર્વાચાર્યોએ ધર્મક્રિયાના સદ્ અનુષ્ઠાન અને અસદ્ અનુષ્ઠાન એવા બે વિભાગ પાડ્યા છે. જે ક્રિયા મોક્ષલક્ષી છે તે સદ્ અનુષ્ઠાન છે. વિષાનુષ્ઠાન, રાગનુષ્ઠાન અને અનનુષ્ઠાન એ ત્રણ અસદ્ અનુષ્ઠાન છે અને તદ્ હેતુ અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાન એ બે સદ્ અનુષ્ઠાન છે . એ દરેકનાં મહત્વનાં લક્ષણો પૂર્વાચાર્યોએ દર્શાવ્યાં છે. જેઓને મોક્ષની સાધના કરવી છે તેઓએ અમૃત અનુષ્ઠાન સુધી પહોંચવાનો પુરુષાર્થ કરવાનો રહે છે.

■ **મહાવીરસ્વામીનું પુનરામગન :** આ વિષય પર વ્યાખ્યાન આપતા ડૉ. ગુણવંત શાહે જણાવ્યું હતું કે ક્યારેય ન હોય તેવી અહિંસાની આબોહવા આજે સમગ્ર વિશ્વમાં વિસ્તરી રહી છે. ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે અહિંસાનો ઉપદેશ પ્રબોધ્યો. તેનું અનુસરણ વિશ્વના ઘણા બધા લોકો હવે કરવા લાગ્યા છે. જાણે ભગવાન મહાવીરનું પુનરાગમન થઇ રહ્યું છે. જૈન સમાજની ઓળખ જ અહિંસા છે. જે શાકાહારી નથી, અન્નાહારી નથી તે જૈન નથી. જૈન માંસાહારી હોઇ શકે જ નહિ. માંસાહાર કરનારને જૈનમ કહી શકાય જ નહિ. અહિંસાનું અનુશાસન આજે જૈન સમાજ પાસે છે તે સમગ્ર દુનિયામાં સાવ જુદી રીતે જ પ્રગટી રહ્યું છે. પર્યાવરણનું સંતુલન ન તૂટે તેવું જીવન જીવવા દુનિયાના કેટલાય લોકો એક મંચ પર એકત્ર થઇ રહ્યા છે. હિંસાને અટકાવવા તેઓ 'ગ્રીન મુવમેન્ટ' ઊભી કરી રહ્યા છે.

■ **શ્રાવક કી ૧૧ પ્રતિમાએ :** પૂ. મુનિશ્રી ભૂતબલિસાગરજી મહારાજે આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે સંસાર ભયાનક છે. આ સંસારમાં જીવ અનાદિકાળથી ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરીને પણ પોતાના આત્માને જાણી શકતો નથી. ભગવાન મહાવીરે બે ધર્મ બતાવ્યા છે. (૧) સાગાર ધર્મ અને (૨) અણગાર ધર્મ. સાગાર ધર્મ એટલે શ્રાવક ધર્મ. અને અણગાર ધર્મ એટલે મુનિધર્મ. શ્રાવક ધર્મની ૧૧ પ્રતિમા એટલે ૧૧ નિસરણી છે. એ ચઢીને શ્રાવક મુનિપદ પ્રાપ્ત કરી, મોક્ષપદ સુધી પહોંચી શકે છે. શ્રાવકની ૧૧ પ્રતિમાઓમાં સામાયિક વ્રત પણ છે. સામાયિક એટલે ક્ષમતાની પ્રાપ્તિ. આર્ત અને રૌદ્ર ધ્યાનને રોકવાનું અમોઘ સાધન સામાયિક છે. સામાયિકથી રક્ષાનો ભાવ આવે છે અને ભક્ષાનો ભાવ જાય છે. મનુષ્યે પોતાના આત્માના સ્વરૂપને જાણવું જોઇએ. તે પર શ્રદ્ધા રાખવી જોઇએ. શ્રદ્ધાના માધ્યમથી જ તે સમગ્ર દર્શન પ્રાપ્ત કરી શકે. શ્રાવક પોતાના બાર વ્રતોમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતમાં સ્થિર રહેવું જોઇએ. અહિંસા પરમો ધર્મનું સૂત્ર જીવનના અણુએ અણુમાં વ્યાપ્ત થયેલું હોવું જોઇએ.

■ **ક્ષમાપના :** આ વિષય પર વ્યાખ્યાન આપતા શ્રીમતી સુષમા અગરવાલે જણાવ્યું હતું કે જીવનમાં ક્ષમાનું મહત્વ સમજવું જ રહ્યું. ક્ષમા એ નિર્બળતાનું બળ છે. તો શૂરવીરોનું આભૂષણ છે. ક્ષમાથી સમગ્ર સંસારને જીતી શકાય છે. જાણ્યે અજાણ્યે પણ બીજાને દુઃખ થાય, પીડા થાય તેવી વર્તણૂક થઇ જાય તો ભાવપૂર્વક તેની માફી માંગવી એ ખરી ક્ષમા છે. આપણી ભૂલની ક્ષમા માંગવા માટે જરા પણ ખચકાટ કે વિલંબ ન કરવો જોઇએ. ક્ષમાના ગુણના વિકાસ માટે આત્મદર્શન જરૂરી છે એ આત્માનું સતત નિરીક્ષણ એ ક્ષમાના પંથને સુવાસિત કરનારું કદમ છે. જીવનમાં ગુણગ્રાહકતા પણ ખીલવવી આવશ્યક છે. કોઇપણ વ્યક્તિમાં દોષને બદલે તેના ગુણ જોવા તે ગુણગ્રાહકતા છે.

■ **અપરિગ્રહનો આનંદ :** શ્રી હરિભાઈ કોઠારીએ આ વિષય પર વ્યાખ્યાન આપતા કહ્યું હતું કે જીવનયાત્રામાં જેટલો સામાન ઓછો એટલો માણસ સુખી. વધુ પડતો પરિગ્રહ માણસને ડૂબાડે છે, માણસનો આનંદ લૂંટી લે છે. અપરિગ્રહ માણસને હળવાશ આપે છે, જીવવાનો ખરો આનંદ આપે છે. એથી જ અપરિગ્રહને માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સુવ્યવસ્થા જાળવવાનું અમોઘ સાધન કહ્યું છે. જીવનમાં પૈસો જરૂર મેળવો, પરંતુ બીજાને સંતાપ થાય તે રીતે હલકા રસ્તેથી પૈસો ન આવવો જોઇએ. ભગવાન મહાવીરે સ્પષ્ટ કહ્યું છે કે જરૂરિયાત કરતાં વધારે પરિગ્રહ પતનનાં બીજ રોપે છે. માટે જ ગૃહસ્થે ધનોપાર્જનની સાથે સાથે સારા કામમાં લક્ષ્મીનો સદવ્યય કરતા રહેવો જોઇએ. પરિગ્રહ એ અવિશ્વાસનું પરિણામ છે. અપરિગ્રહ એ સ્વેચ્છાએ સ્વીકારેલું વ્રત છે. અપરિગ્રહમાં ઔદાર્ય છે. ઇશ્વર પ્રત્યેનો વિશ્વાસ છે. પરિગ્રહમાં પડવાથી આપણે આપણી સ્વતંત્રતા ગુમાવીએ છીએ. અપરિગ્રહની ભૂમિકા ન હોય તો માણસ સત્યથી સર્વથા વિમુખ થઇ જાય.

■ **ન્યાય સંપન્ન વૈભવ :** આ વિષય પર વ્યાખ્યાન આપતા શ્રી નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગ શાસ્ત્રમાં કેટલાક સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરતાં માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોને વર્ણવ્યા છે. ગૃહસ્થો માટે આ ગુણોનું સેવન અત્યંત આવશ્યક છે. આ પાંત્રીસ ગુણોમાં સર્વપ્રથમ ગુણ છે ન્યાય સંપન્ન વૈભવ. માણસ જે સંપત્તિ મેળવે છે તે ન્યાય યુક્ત હોવી જોઇએ. સંસારીને જીવન નિર્વાહ માટે ધન ઉપાર્જન કરવું જ પડે છે. પરંતુ તેનો માર્ગ ન્યાયયુક્ત અને નિર્દોષ હોવો જોઇએ. તે કોઇને હાનિ પહોંચાડનારો ન હોવો જોઇએ. અસત્ય બોલી, કપટયુક્ત વ્યવહાર કરી મેળવલી સંપત્તિ અંતે તો દુર્ગતિમાં જ લઇ જનારી નિવડે છે. તેથી ન્યાયસંપન્ન વૈભવ જ મનુષ્યની સાચી જીવન શૈલી છે.

■ **બિનસાંપ્રદાયિકતા-સ્વરૂપ અને રહસ્ય :** શ્રી નગીનદાસ સંઘવીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે બિન સાંપ્રદાયિકતાની આપણી વિભાવના આપણા સમાજમાં આપમેળે વિકસી જ નથી. ધર્મ દ્વેષના કારણે ગાળાગાળી, મારામારી, હુલ્લડો વગેરે શહેરી વિસ્તારોમાં વિશેષ પ્રમાણમાં થતાં રહ્યાં છે. ગામડામાં તે ભાગ્યે જ જોવા મળ્યા છે. કેટલાક લોકો ધર્મ અને સમાજને જુદા પાડવાની વાત કરે છે પરંતુ ધર્મ અને સમાજ જુદા પડી જ શકે નહિ. ધર્મ વિના કોઇપણ સમાજ ટકી શકે નહિ. આપણા રીત-રિવાજો, કુટુંબ અને જન્મથી મરણ સુધી બધામાં ધર્મ વણાયેલો રહ્યો છે. આપણા દેશમાં ધર્મ અને સંપ્રદાયોનો પાર નથી. વિશ્વમાં એક ખ્રિસ્તી ધર્મને બાદ કરતા કોઇ ધર્મ સંગઠિત નથી. તેમ છતાં અનેક ધર્મોમાં જીવતા આપણાં દેશમાં અનેકતામાં એકતા છે. વિવિધતાની પણ મજા છે. હિન્દુસ્તાન વિચિત્ર છતાં અદ્દભૂત દેશ છે.

■ **સમક્તિના લક્ષણો :** આ વિષય પર વ્યાખ્યાન આપતા પ્રા. તારાબહેન ૨. શાહે જણાવ્યું હતું કે સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. આ દરેકમાં સમ્યક્ શબ્દ ઉપર શાસ્ત્રકારોએ બહુ ભાર મૂક્યો છે. જીવનું જ્યારે અજ્ઞાન અથવા મિથ્યાત્વ થાય છે ત્યારે સમ્યકત્વ પ્રગટ થાય છે. દેવ, ગુરુ અને ધર્મમાં સાચી શ્રદ્ધા એ સમ્યકત્વ છે. આત્મામાં છ પદમાં સાચી શ્રદ્ધા પ્રગટવી જોઇએ. એને વ્યવહાર સમ્યકત્વ કહે છે. આત્મસ્વરૂપમાં રમણતા એ નિશ્ચય સમ્યક્ત્વ છે. એ બંનેની અનિવાર્યતા છે. એવું સમ્યકત્વ જેમ જેમ નિર્મળ થતું જાય તેમ તેમ સમક્તિ જીવનાં કેટલાક લક્ષણો પ્રગટ થતાં જાય એમાં પાંચ મુખ્ય લક્ષણ છેઃ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. સંસાર પ્રત્યેનો અભાવ અને મોક્ષની તીવ્ર અભિલાષા હોય ત્યારે સમ્યક્ત્વ નિર્મળ બને છે.

■ **જૈન જીવનશૈલી :** પૂ. સમણી શ્રી લલિતપ્રજ્ઞાજીએ આ વિષય પર વ્યાખ્યાન આપતા કહ્યું હતું કે આજની આપણી જીવન શૈલી આર્ય

ઉતાવળ, અધીરાપણું, અસહિષ્ણુતા અને અસંયમવાળી છે. તેનાથી જીવનનું સંતુલન રહેતું નથી. અને માનસિક તનાવ તથા નિષેધાત્મક વૃત્તિ વધતી રહે છે. પરિણામે હિંસા, આંતક, પારિવારિક સંઘર્ષ, જેવી અમાનવીય પ્રવૃત્તિઓને વેગ મળતો રહે છે. આજના સમયે હવે આપણી જીવન શૈલી બદલવી જોઈએ. જૈન જીવન શૈલીમાં નવ સૂત્રો બતાવવામાં આવ્યા છે. (૧) સમ્યક્ દર્શન (૨) અનેકાંત (૩) અહિંસા (૪) સમણ-સંસ્કૃતિ-સમ, શમ, ક્ષમ (૫) ઇચ્છા પરિમાણ (૬) સમ્યક્ આજીવિકા (૭) સમ્યક્ સંસ્કાર (૮) આહાર શુદ્ધિ અને વ્યસન મુક્તિ (૯) સાધર્મિક વાત્સલ્ય. શારીરિક, માનસિક સ્વાસ્થ્ય માટે આ સૂત્રો મહા ઔષધરૂપ અને ભાવનાત્મક પરિવર્તન માટે આપણી ધર્મચેતનાને જાગૃત કરવાવાળા છે.'

■ **માનવ મનની ગ્રંથિઓ :** આ વિષય પર વ્યાખ્યાન આપતા શ્રીમતી ગીતાબહેન શાહે જણાવ્યું હતું કે જેમાં સુખ નથી તેમાં સુખ શોધવું અને તેમાં જ સતત રહેવું તેને આપણા શાસ્ત્રકારોએ અજ્ઞાન કહ્યું છે. જીંદગીનું લક્ષ્ય માત્ર ભૌતિક સુખ સગવડો નથી. સ્વ અને પરના સંબંધોમાં ઊંડા ઊતરવાથી જીવનનું રહસ્ય સમજી શકાશે. આ જગતમાં મનની ભારે વિચિત્રતા છે. આપણું મન સૂક્ષ્મ સંવેદનશીલ છે. મનની ગ્રંથિઓને છોડવાથી જ ખરા સુખની પ્રાપ્તિ થશે. મનની ગ્રંથિઓ છોડવી હોય તો પાપની રુચિ છોડવી પડશે. અને ધર્મની રુચિ કેળવવી પડશે. ધર્મરુચિ હશે તો મનની એકાગ્રતા કેળવાશે. જે કર્મ આત્મલક્ષી પુરુષાર્થ કરાવે તે સત્કર્મ અને જે કર્મ આત્માને સજા કરાવે તે દુષ્કર્મ. આત્માનાં છ સ્થાન જીવનમાં સમજાય તો આપણું જીવન સાર્થક થઈ જાય.

■ **મહાવીર વાણી : આજના સંદર્ભમાં :** ડૉ. ગુલાબ દેઢિયાએ આ વિષય પર વ્યાખ્યાન આપતા કહ્યું હતું કે પચ્ચીસો વર્ષ પહેલાંની ભગવાન મહાવીરની વાણી આજે પણ અમર છે. ૩૫ ગુણોથી યુક્ત આ અમૃતવાણી સરળ, સંસ્કારી, અવિરોધી, ગંભીર અને પરમોપકારી છે. ભગવાન મહાવીરે પરિમિત એટલે કે ઓછા શબ્દોમાં ઘણું બધું કહ્યું છે. તેમણે કહ્યું છે કે જે સાર્થક છે તે લઈ લો અને જે નિરર્થક છે તેને છોડી દો. ભગવાન મહાવીર સોય અને દોરાનું દૃષ્ટાંત આપતાં કહે છે કે જેમ દોરો પરોવેલી સોય પડી ગયા છતાં ઊંચકી શકાય છે તેમ આત્મારૂપી સોયમાં જ્ઞાન રૂપી દોરો હોય તો તે જીવ સંસારમાં ખોવાઈ જતો નથી. ભગવાન મહાવીરે કહ્યું છે કે શરીર નાવ છે. આત્મા નાવીક છે, સંસાર સમુદ્ર છે અને મહર્ષિઓ તેને તરી જાય છે. ભગવાન મહાવીરની વાણી જીવનનાં અનેક રહસ્યોને પ્રગટ કરતી આ જગત પર આજે પણ ઉપકાર કરી રહી છે.

■ **અંતર્જગતની ચેતના :** આ વિષય પર વ્યાખ્યાન આપતા શ્રીમતી શૈલજા ચેતન શાહે જણાવ્યું હતું કે ઠેઠ પ્રાચીન સમયથી મનુષ્ય પોતાના અંતરમાં ચાલી રહેલાં મંથનોનું અધ્યયન-સંશોધન કરતો આવ્યો છે. જેટલું બાહ્ય જગત છે. એથી પણ મોટું અંતર જગત છે. એ ચેતનાનું જગત છે. એમાં શુભાશુભ વિચારો, અધ્યવસાયો ચાલ્યા કરતા હોય છે. એ વખતે દ્રવ્ય મનમાંથી જે અમુક અમુક રંગના પરમાણુઓનો પ્રવાહ વહે છે તેને દ્રવ્ય લેશ્યા કહેવામાં આવે છે અને તે પ્રમાણેના ભાવને ભાવલેશ્યા કહેવામાં આવે છે. લેશ્યા છ પ્રકારની છે. કૃષ્ણ, નીલ, કાપોત, પત, પદ્મ અને શુકલ. પહેલી ત્રણ અશુભ લેશ્યા છે અને પછીની ત્રણ શુભ લેશ્યાઓ છે. લેશ્યા ચિત્તમાંથી નીકળી સમગ્ર શરીરમાં પ્રસરી જાય છે. શરીરની બહાર પણ એ આભા મંડળ રચે છે. આભા મંડળ વિશે પાશ્ચાત્ય જગતમાં પણ ખોજ થઈ રહી છે. શુભ લેશ્યા જીવને શુભ ગતિમાં લઈ જાય છે. અને અશુભ લેશ્યા અશુભ ગતિમાં લઈ જાય છે. કેવળજ્ઞાન પછી મોક્ષ સુધી ફક્ત શુકલ લેશ્યા રહે છે.

■ **જિનવાણી ભક્તિ સંગીત :** મદ્રાસથી ઉપસ્થિત રહેલા શ્રીમતી કિરણબહેન જૈને વ્યાખ્યાનમાળાના અંતિમ દિવસે પોતાના સુમધુર સ્વરે પ્રભુભક્તિનાં ગીતો રજૂ કરી શ્રોતાઓને રસતરબોળ કર્યાં હતા. એમણે કેટલાંક પદો આગમવાણીના ગાયા હતા. જે તત્ત્વજ્ઞાનથી સભર હતા.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનનો પ્રારંભ થતાં પહેલાં એક કલાકનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રી શ્રીમતી નિરુબહેન એસ. શાહે દરરોજ પ્રારંભમાં પ્રાર્થનાની રજૂઆત કરવાની સાથે ભક્તિ સંગીતના કલાકારોનો પરિચય આપ્યો હતો. શ્રીમતી શારદાબહેન ઠક્કર, શ્રી શૈલેન્દ્ર ભારટી, શ્રી બંસીભાઈ ખંભાતવાલા, શ્રીમતી હંસાબહેન દાબકે, શ્રીમતી શાલિનીબહેન શાહ, શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, શ્રીમતી અલકાબહેન શાહ અને શ્રી જતીન શાહે અનુક્રમે ભક્તિ સંગીતનો કાર્યક્રમ આપી સવારના વાતાવરણને વધુ આહલાદક અને ભક્તિમય બનાવ્યું હતું. વ્યાખ્યાતાનો પરિચય આપવા સાથે વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રતિવર્ષ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરે છે. તે મુજબ આ વર્ષે ગાંધીનગર પાસેના કોબા ગામની કસ્તુરબા રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ સંસ્થાને સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આ સંસ્થાના મુખ્ય સૂત્રધાર હરવિલાસબહેન શાહ આ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કસ્તુરબા રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિની માહિતી આપી હતી. સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહે, પ્રોજેક્ટના સંયોજકો શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી શ્રી નિતીનભાઈ સોનાવાલા, શ્રી કુસમુબહેન ભાઉએ કસ્તુરબા રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટને અને સંઘને ઉદાર હાથે સહાય કરવા અપીલ કરી હતી. આઠેય દિવસની વ્યાખ્યાન સભાનું સંચાલન શ્રી ચીમનલાલ જે. શાહે સુંદર રીતે કર્યું હતું. સંઘના મંત્રીશ્રી નિરુબહેન એસ. શાહ તથા ડૉ. ધનવંતભાઈ શાહે ફંડ માટે અપીલ તથા આભારવિધિ કરી હતી. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનગંગા સમી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ થઈ હતી.

♦ ♦ ♦

## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી શ્રી પરમાણંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, રસધારા કૉ-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪, (ફોન : ૩૮૨૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ ના સમયે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૮ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિના મૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

જયાબહેન વીરા
સંયોજક

નિરુબહેન એસ. શાહ
ધનવંત ટી. શાહ
માનદ્ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૧૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૧૧ ● ● તા. ૧૬-૧૧-૯૬ ● ●Regd. No. MH. By. / South 54.

Licence to post without prepayment No. 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ગાંડી ગાય

કૂતરું હડકાયું થયું હોય અથવા હાથી મદોન્મત્ત થયો હોય એ વાત જમાના જૂની છે. કૂતરાની જેમ બીજાં પ્રાણીઓને પણ હડકવા થાય છે અને હડકાયું કૂતરું કરડ્યું હોય એવા માણસને હડકવા જો ઊપડે તો તે બીજાંને બચકાં ભરવા લાગે છે. વિવિધ રોગના જીવાણુ પ્રાણીસૃષ્ટિમાં પણ હોય છે અને એનો ઉપદ્રવ થાય છે. હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે અને હાથી ગાંડો બની તોફાને ચડે એવા બનાવો પણ બને છે.

છેલ્લા બેએક સૈકાથી વૈજ્ઞાનિકો પ્રાણીસૃષ્ટિ ઉપર જાતજાતના પ્રયોગો કરતા રહ્યા છે. એ સંશોધનોથી જેમ માનવજાતને મહત્ત્વનો લાભ થયો છે તેમ એનાં માઠાં પરિણામો પ્રાણીઓએ અને માણસોએ ભોગવવાનાં આવ્યાં છે.

જેમ દેડકાં, વાંદરાં, સસલાં વગેરે પર ઔષધાદિ માટે પ્રયોગો થયા છે, તેમ છેલ્લાં પચાસેક વર્ષમાં દૂધ અને માંસ માટે ગાય ઉપર પશ્ચિમના દેશોમાં વિવિધ પ્રકારના પ્રયોગો થયા છે. એમાં વર્તમાન સમયનો ભયંકર નુકસાનકારક પ્રયોગ બ્રિટનમાં થયો. બ્રિટનની ગાંડી ગાય (Mad Cow)ની સમસ્યાએ બ્રિટનને તથા યુરોપના દેશોને હચમચાવી નાખ્યા છે.

ગાયના આ મગજના રોગની શોધ તો ૧૯૮૫ ની આસપાસ થઈ. યુરોપના બીજા દેશો કરતાં સૌથી વધારે રોગ ફેલાયો બ્રિટનમાં. દર વર્ષે હજારો ગાયો મૃત્યુ પામવા લાગી. અત્યાર સુધી એક દાયકામાં દોઢથી બે લાખ જેટલી ગાયો આ રોગને કારણે મૃત્યુ પામી છે. મગજનો રોગ થતાં અદોદળા શરીરવાળી ગાયોને જોતાં તે મંદબુદ્ધિવાળી લાગે. એવી ગાયોનો દેખાવ જ કુદરતી ન લાગે. ગાયો પરના વૈજ્ઞાનિક પ્રયોગોનું એ દયાજનક પરિણામ આવ્યું છે.

ગાય, ભેંસ, ઘોડો, ગધેડું વગેરે પાળેલાં પ્રાણીઓ વગડામાં ચરવા જાય છે અને પોતાની આહારસંજ્ઞા પ્રમાણે ચરે છે. પ્રાણીઓમાં સૂંઘવાની શક્તિ વધુ તીવ્ર હોય છે. પોતાનો ખાદ્યપદાર્થ સૂંઘીને તે ખાય છે. 'ઊંટ મેલે આકડો અને બકરી મેલે કાંકરો' જેવી કહેવત પ્રમાણે બકરી એક એવું પ્રાણી છે કે જે બધા પ્રકારની વનસ્પતિ ખાઈ શકે છે. બિલાડી, કૂતરું વગેરે પણ પોતાનો આહાર સૂંઘીને ખાય છે. માનવનો આહાર પણ ઘણાં પ્રાણીઓ ખાય છે.

છેલ્લાં કેટલાંક દાયકાથી અને ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી, મુખ્યત્વે પાશ્ચાત્ય જગતમાં કૂતરું, બિલાડી, વગેરે પાળેલાં પશુપંખીઓ માટે તૈયાર આહારનાં પેકેટો વેચાવા લાગ્યાં કે જેથી લોકોને એ માટેનો આહાર ઘરે રાંધવો ન પડે. એમાં વિવિધ પ્રકારના પ્રયોગો થતા રહ્યા છે અને નવી નવી કંપનીઓ પોતાની બ્રાન્ડના નામ સાથે એવા આહાર બનાવવા અને વેચવા લાગી છે. પશુઓની માવજત, પશુઓની રોગચિકિત્સા, પશુઓ માટેનાં ઔષધો વગેરેની બાબતમાં પણ પાશ્ચાત્ય જગત વધુ સભાન અને પ્રગતિશીલ છે એ સાચું, પરંતુ એ મુખ્યત્વે તો પોતાના સુખચેન માટે જ હોય છે.

હવે તો કેટલાંક શહેરોમાં એવા કેટલાક સ્ટોર્સ છે કે જ્યાં માત્ર કૂતરાં, બિલાડાં માટેનો જ આહાર મળે છે. કેટલાક સ્ટોર્સમાં માત્ર આહાર જ નહિ, તેમના માટે બ્રશ, સાબુ, નેપકીન, ગરમ કપડાં, સાંકળ, પટ્ટા વગેરે જાતજાતની વસ્તુઓ વેચાતી મળે છે.

પશુઓએ શું શું ખાવું એ હવે કેટલેક ઠેકાણે એમની મરજીનો વિષય નથી રહ્યો. માણસ જે ખવડાવે તે એમને ખાવાનું હોય છે. માણસ જેમ રાખે તેમ રહેવાનું થયું છે. પશુઓ ઉપરનું માનવીનું આધિપત્ય ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે અને પ્રયોગો પણ વધતા ચાલ્યા છે.

આ બધા પ્રયોગોમાં એક મોટો પ્રયોગ તે ગાયો ઉપરનો છે. ગાય, ભેંશ એ બે મુખ્ય પ્રાણીઓના દૂધ ઉપર આખી દુનિયા નભે છે. ભેંશ એકંદરે ઉષ્ણ કે સમશીતોષ્ણ પ્રદેશનું પ્રાણી છે. ગાય ઠંડા પ્રદેશોમાં પણ અસ્તિત્વ ધરાવી શકે છે. ભેંશને પરસેવો થાય છે, ગાયને નહિ. દુનિયાના ઘણા દેશોમાં ગાય હોય છે. ભેંશ બધે હોતી નથી. જ્યાં ભેંશ હોય છે ત્યાં બધે ગાય હોય છે, પરંતુ જ્યાં ગાય હોય છે ત્યાં બધે ભેંશ હોતી નથી. પાશ્ચાત્ય દેશોમાં ગાય જ હોવાથી વૈજ્ઞાનિક પ્રયોગો ગાય ઉપર વધુ થયા છે. ગાયનો ઉપયોગ ત્યાં દૂધ ઉપરાંત માંસાહાર માટે સવિશેષ થાય છે.

ભારતમાં ગાયોની કતલ નથી થતી એવું નથી, પણ એકંદરે ઓછી થાય છે. ભારતીય સંસ્કૃતિમાં એના આરંભકાળથી, ગાય પોતાના દૂધ દ્વારા પ્રજાનું પોષણ કરતી હોવાથી એના પ્રત્યે માતાના જેવો પૂજ્યભાવ રહ્યો છે. આથી જ ગૌહત્યાને મોટાં પાતક (પાપ) તરીકે ઓળખાવવામાં આવે છે. ગરીબડી, નિર્દોષ ગાયને જો લાકડીથી મારવાનું પણ ન ગમે તો એની હત્યા કરવાનું કેમ ગમે ? અને એથી પણ અધિક એનું માંસ ખાવાનો તો વિચાર જ કેમ થઈ શકે ? નરરાક્ષસ હોય, યવન હોય તે જ ગોમાંસ ખાઈ શકે એ ભારતીય સાંસ્કૃતિક ભાવના છે.

પાશ્ચાત્ય દેશોમાં ગાય કેમ વધારે દૂધ આપી શકે અને ગાયનું માંસ કેમ વધુ મુલાયમ થઈ શકે એ દૃષ્ટિથી જ-એટલે કે માત્ર

ઉપભોક્તાવાદની દૃષ્ટિથી જ વિચારણા અને પ્રયોગો થાય છે. અર્થતંત્રમાં ગાયનું સ્થાન મહત્ત્વનું રહ્યું હોવાથી ગાયનો ઉપયોગ અર્થતંત્રની દૃષ્ટિએ જ, વધુ કમાણી કરવાની દૃષ્ટિએ જ થવા લાગ્યો છે.

બ્રિટનમાં રોગને કારણે ગાયો હમણાં ગાંડી એક દાયકામાં થઇ, પણ બિચારી ગાય અત્યાર સુધી કેમ ગાંડી ન થઇ એવો પ્રશ્ન વિચારવાનને થવો જોઇએ, કારણ કે ગાયો ઉપર દૂધ અને માંસ માટે જે ક્રૂર પ્રયોગો થયા છે એવા પ્રયોગો જો માણસો ઉપર થયા હોય તો માણસો ક્યારનાય પાગલ થઇ ગયા હોત.

જ્યારથી દૂધનો વ્યવસાય છૂટક વેપારીઓનો મટીને ઉદ્યોગ બન્યો ત્યારથી દૂધનું પ્રમાણ અને એની ગુણવત્તા વધારવા અનેક પ્રકારના પ્રયોગો થયા છે. ડેરી ઉદ્યોગના વિકાસથી ઘણા લાભ માનવજાતને થયા છે. પરંતુ ગોપરિવારને નીચોવવાના પણ એટલા જ પાશવી પ્રયત્નો થતા રહ્યા છે. ગાયને માટે 'દોહવી' કરતાં 'નીચોવવી'જેવો શબ્દપ્રયોગ હવે વધુ યથાર્થ બનતો જાય છે.

સામાન્ય રીતે ગાય વાછરડાને જન્મ આપ્યા પછી આઠ-દસ મહિના સુધી સારું દૂધ આપે છે. પહેલાં વાછરડું ધાવી લે પછી ગાયને દોહવામાં આવે છે. આ ભારતીય પરંપરા છે. ગાયને દોહવામાં પણ પરસ્પર વાત્સલ્યનો ભાવ રહેલો હોય છે. ગાયને હાથ વડે દોહવી એ પણ એક કળા છે.

ગાય દૂધ આપતી લગભગ બંધ થાય, વાછરડું મોટું થાય અને ફરી ગાય ગર્ભવતી થાય અને ફરી દૂધ આપતી થાય. છેવટે ગર્ભવતી ન થાય અને દૂધ પણ ન આપે એવી વસૂકી ગયેલી ગાયોને ગોવાળ પોષે પાળે અથવા પાંજરાપોળમાં મૂકી આવવામાં આવે (હવે કતલખાને પણ ધકેલાય છે.) છેલ્લાં કેટલાંક વર્ષથી અને ખાસ કરીને ડેરીના ઉદ્યોગના વિકાસ પછી ગાય વાછરડાને જન્મ આપ્યા પછી દૂધ આપવાનું ચાલુ કરે તે દરમિયાન કૃત્રિમ ગર્ભધાન દ્વારા એને બેએક મહિનામાં જ ફરીથી ગર્ભવતી બનાવી દેવામાં આવે છે. એટલે પછીના આઠેક મહિના તો ગર્ભવતી ગાયનું જ દૂધ મેળવાતું હોય છે. આ રીતે ગાય સતત દૂધ આપતી અને ઝટઝટ ગર્ભવતી થયા કરે છે. એથી ગાયનું શરીર નીચોવાઇ જાય છે. અકાળે તે વૃદ્ધ થઇ જાય છે અને વહેલી કતલખાને પહોંચે છે. પરંતુ ત્યાંસુધીમાં સ્વાર્થી મનુષ્યે તો એની પાસેથી પાંચસાતગણું વધારે દૂધ મેળવી લીધું હોય છે.

ગાય વધારે સારું અને મોટા પ્રમાણમાં દૂધ આપે એ માટે એને વધુ પડતો ભારે ખોરાક આપવામાં આવે છે. એથી ગાય દૂધ વધારે આપે છે. પરંતુ એની સ્થિતિ તો તંદુરસ્ત યુવાનને વિટામિન, પ્રોટીન વગેરેની ઘણી બધી ગોળીઓ ખવડાવી દેવાથી જે સ્થિતિ થાય તેવી ગાયોની થાય છે. મતલબ કે તેમને કેટોસિસ અને એવા બીજા રોગો થવા લાગે છે.

ઘણી ડેરીમાં ગાય ઝટ ઝટ વધારે દૂધ આપે એ માટે એમને દોહતાં પહેલાં ઓક્સિટોસિનનું ઇન્જેક્શન આપવામાં આવે છે. આ ઇન્જેક્શનથી ગાયના આંચળમાંથી દૂધ વછૂટવા લાગે છે. સ્ત્રીને જેવી પ્રસૂતિની પીડા થાય તેવી પીડા તે વખતે ગાયને થાય છે, પણ માણસને એથી ઓછા સમયમાં ઓછી મહેનતે વધુ દૂધ મળે છે. હોર્મોનના આવા ઇન્જેક્શનોથી ગાયમાં જાતજાતના રોગ થાય છે અને એના લોહી તથા માંસમાં પણ એ રોગના જીવાણુઓ ઉત્પન્ન થાય છે. પછીથી એનું દૂધ અને માંસ ખાનારને પણ એ રોગો થાય છે.

સંશોધકો ગાય પરના આવા આવા પ્રયોગોથી સંતુષ્ટ થયા નથી. ગાયનું દૂધ વધુ કેમ મળે, એ કેવી રીતે હૃષ્ટપુષ્ટ થાય અને એનું માંસ મુલાયમ કેમ બને એ માટેના અખતરાઓ ચાલુ જ છે. છાપાંઓના અહેવાલ પ્રમાણે એમાંનો એક અખતરો બ્રિટનમાં ભયંકર ખતરારૂપ નીવડ્યો. ગાયો માટેના આહાર અને ઔષધિમાં તેઓ માંસાહારી પદાર્થો પણ ભેળવવા લાગ્યા. શાકાહારી ગાયોને મનુષ્યે આપેલાં એવાં માંસાહારી દ્રવ્યો માફક ન આવ્યાં. એમાંથી ગાયોને મગજનો રોગ થયો. ગાયના મગજના સ્નાયુઓ ફૂલી જવા લાગ્યા અને એમાં ઝીણાં ઝીણાં છીદ્રો પડી જવા લાગ્યા. આ રોગને BSE-Bovine Spongiform Encephalopathy કહેવામાં આવે છે. ગાય ગાંડી થઇ અને એનું માંસ ખાનારા માણસોને, વિશેષતઃ વૃદ્ધો અને બાળકોને આ રોગ લાગુ પડ્યો. એને CJD-Creutzfeldt-Jacob Disease કહે છે. ચેપી ગોમાંસને કારણે મગજનો રોગ થતાં ઘણાં માણસો મૃત્યુ પામવા લાગ્યાં.

આ જીવાણુઓ પણ કેવા જબરા ! એ માંસને ગમે તેટલી ગરમી આપી બાફવામાં આવે કે ઉકાળવામાં આવે તો પણ એ જીવાણુઓ મરતા નથી. હડકાયા કૂતરાના જીવાણુઓની જેમ આ જીવાણુઓ પણ પાંચ-પંદર વર્ષે સક્રિય થઈ શકે છે. આજે એવું ગોમાંસ ખાનારને દસ-પંદર વર્ષે પણ મગજનો જીવલેણ રોગ થઈ શકે છે. બસ, આવા જબરા જીવાણુઓએ પરિસ્થિતિને પલટી નાખી. હવે એવી ગાંડી ગાયોનું માંસ ખવાય નહિ. એ બધી ગાયોમાંથી કઇ ગાય ગાંડી છે અને કઇ ડાહી છે એમ કોણ કહી શકે ? અને આજની ડાહી તે આવતી કાલે ગાંડી નહિ થાય એની ખાતરી શી ? અને એક વખત વહેમ પડ્યો પછી કોણ ખાવાની હિંમત કરી શકે ? જે દેશોમાં બ્રિટન ગોમાંસ (Beef)ની નિકાસ કરે છે એ તમામ દેશોએ બ્રિટનનું ગોમાંસ લેવાનો ઇન્કાર કરી દીધો એટલું જ નહિ, પણ શરત મૂકી કે જ્યાં સુધી બ્રિટનની બધી ગાયોને મારી નાખ્યા પછી નવેસરથી ગાયો ઉછેરવામાં ન આવે ત્યાં સુધી બ્રિટનનું ગોમાંસ પોતે લેશે નહિ. બ્રિટનવાસીઓએ પણ આ ગોમાંસ ખાવાનો ઇન્કાર કર્યો. પરિણામે બ્રિટનને આ બધી ગાયો મારી નાખ્યા વગર છૂટકો નથી. બ્રિટનના ગોમાંસના વ્યવસાયમાં કરોડો પાઉન્ડની આર્થિક સમસ્યાઓ ઊભી થઈ. બ્રિટનની હોટલો અને રેસ્ટોરાંને વિદેશોમાંથી ગોમાંસની આયાત કરવાની ફરજ પડી.

ગાયો મારવાનું ચાલુ તો થયું. પણ એનું માંસ ગટરમાં કે દરિયામાં ફેંકાય નહિ, એટલે કતલ પછી ગાયોના મૃતદેહને બાળવાનું જ રહ્યું. બ્રિટનમાં સવા કરોડ કરતાં વધુ ગાયો છે. એ બધીને મારી નાખતાં ત્રણેક વર્ષ લાગવાનો સંભવ છે એવો અંદાજ છાપાંઓ બતાવે છે. માનવજાતનો બિચારી ગાયો ઉપર કેટલો મોટો અત્યાચાર ! કેટલાંક વર્ષ પહેલાં જર્મનીએ દૂધનો બજારભાવ ટકાવી રાખવા માટે લાખો ગાયોની કતલ કરી હતી. હવે પાંચ દસ ટકા ગાયોની મગજની બીમારીને કારણે બધી જ ગાયોની, એક કરોડ કરતાં વધુ ગાયોની કતલ કરવાની વાત આવી !

પશુસૃષ્ટિ ઉપર આવો ભયંકર ક્રૂર અત્યાચાર છતાં પાશ્ચાત્ય દેશોના લોકોનું હૃદય દયાભાવથી દ્રવતું નથી. (ત્યાંના ભારતીય લોકોએ અલબત્ત ઘણો પોકાર ઉઠાવ્યો છે, પણ તે તો અરણ્યરુદન બરાબર છે !

માનવજાત ઉપર ધર્મ અને સંસ્કૃતિનાં પરિબળોના વર્ચસ્વને બદલે વિજ્ઞાન અને અર્થતંત્રના પરિબળોના વધતા જતા વર્ચસ્વને પરિણામે મનુષ્યનું હૃદય ઉત્તરોત્તર વધુ નિષ્ઠુર થવા લાગ્યું છે. જો આ રીતે ચાલ્યા કરશે તો ભવિષ્યમાં માત્ર પશુઓ જ નહિ, લાખો માનવોનો સંહાર કરતાં પણ નિષ્ઠુર લોકોનું હૃદય નહિ દ્રવે એમ માની શકાય !

સબકો સન્મતિ દે ભગવાન।

□ રમણલાલ ચી. શાહ

♦♦♦

# જૈન દર્શનના ત્રણ લેખો વિષે થોડુંક...

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

ચિરંજીવી રંજના,

છેલ્લાં કેટલાંક વર્ષોથી હું તને, ગુજરાતી ભાષા- સાહિત્યમાં પ્રગટ થતાં નવાં પુસ્તકોમાંથી કોઇક ને કોઇકનો ઊડતો પરિચય કરાવતો આવ્યો છું. તો તાજેતરમાં મુંબઇથી પ્રગટ થયેલ, ડૉ. રમણલાલ ચીમનલાલ શાહના જિનતત્વ ભાગ-૬નો પરિચય આ પત્ર દ્વારા કરાવવા માગું છું.

લગભગ છેલ્લા અઢી દાયકાથી ડૉ. શાહ મુંબઇથી પ્રગટ થતાં 'પ્રબુદ્ધ જીવન'માં, જૈન ધર્મના જુદા જુદા વિષયો ઉપર સતત લખતા આવ્યા છે, જેના પરિણામ રૂપે 'જિન તત્વ'ના છ ગ્રંથો પ્રગટ થયા છે, 'નિવેદન'માં તેઓ નિખાલસતાથી જણાવે છે તે પ્રમાણે તેમણે જૈન ધાર્મિક-વિષયોનો અભ્યાસ કોઇ પંડિતો કે આચાર્ય, ભગવન્તો પાસે ક્રમાનુસાર વ્યવસ્થિત કર્યો નથી પણ તેમની રુચિને જિજ્ઞાસા અનુસાર, વિશેષતઃ ગ્રંથો દ્વારા સ્વયમેવ કર્યો છે. આમેય તે ડૉ. શાહનું વાંચન ઘણું વિશાળ ને વ્યવસ્થિત છે તથા ચિંતન ઊંડું' ને વ્યાપક છે. આ પુસ્તકમાં તેમણે અનેક પૂર્વસૂરિઓના ગ્રંથોનો આધાર લીધો છે ને જ્યાં જરૂર જણાઇ ત્યાં આચાર્ય ભગવંતો પાસેથી ખુલાસો મેળવી સમાધાન સાધ્યું છે.

આજથી આશરે ૨૩ સાલ પૂર્વે, ઈતિહાસ અને રાજકારણના વિષયો સાથે તે તારી બી.એ.ની ઉપાધિ લીધી ત્યારે તું જૈનધર્મ અને ભગવાન મહાવીરના કાર્યથી પરિચિત તો હતી જ...પણ જૈનધર્મની કેટલીક સૂક્ષ્મ ખૂબીઓ સમજવા માટે 'જિનતત્વ'ના બધા જ ભાગ વાંચવા-વિચારવા જોઇએ એમ મને સમજાય છે.

ઇ.સ. ૧૯૧૩ એટલે કે આજથી ૮૩ વર્ષ પૂર્વે આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવે એમના ગ્રંથ નામે 'ધર્મવર્ણન'માં લખ્યું છે, 'વૈદિક, જૈન અને બૌદ્ધ-એમ એક જ હિંદુ ધર્મની ત્રણ શાખાઓ છે. ત્રણે મળીને, હિંદુસ્તાનના પ્રાચીન ધર્મનું પૂર્ણ સ્વરૂપ બંધાય છે....જેમ એક જ મા-બાપનાં છોકરાં સૌ ઉપરથી એક જ ગુણનાં નથી હોતાં છતાં એમની સામાન્ય આકૃતિ ઉપરથી, કોઇ કોઇ અવયવો ઉપરથી અને બોલવા-ચાલવાની ઢબ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે એ સર્વ ભાંડુઓ છે, તેમ આ ત્રણે શાખાઓ મૂળ એક જ ધર્મની છે. એમ ઓળખાઇ આવે છે.'

'જિ'-જીતવું ધાતુ ઉપરથી જિન નામ આપવામાં આવ્યું છે, મતલબ કે અસામાન્ય શક્તિઓ દ્વારા જેણે પોતાનાં મન, વાણી ને કાયા જીતી લીધાં છે એવા જીવન-સાધક છે તે જૈન. જૈન શાસન (શાસ્ત્ર) એ સંસાર રૂપી નદી ઉતરવાનો આરો છે, અને એ બાંધનારા તે તીર્થંકર કહેવાય છે. જૈન ધર્મમાં એવા ૨૪ તીર્થંકરો થઇ ગયા.

હવે, 'જિનતત્વ ભાગ-૬'ની વાત કરીએ તો તેમાં ત્રણ મોટા નિબંધો છે જેનાં શિર્ષક નીચે પ્રમાણે છે :-

(૧) અદત્તાદાન-વિરમણ, (૨) અવધિજ્ઞાન, (૩) સિદ્ધપરમાત્મા. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પંચ મહાવ્રત ગણાય છે...તેમાંનું ક્રમમાં ત્રીજું તે અસ્તેય-આમ તો અદત્તાદાન વિરમણ એટલે 'અચૌર્ય' કે અસ્તેય પણ આ પર્યાયો કરતાં અદત્તાદાન, વિરમણ શબ્દ અતીવ 'ગંભીર' ને ગૌરવવાળો છે. સાચા સાધકને જેબ આપે એવો આ શબ્દપ્રયોગ છે. ભગવાન મહાવીરે તો આ શબ્દની સૂક્ષ્મ ને વ્યાપક ભાવનાને વ્યક્ત કરતાં કહ્યું છે કે, 'સાધુઓએ તો આ વ્રત એટલી હદ સુધી પાળવું જોઇએ કે પોતે રસ્તામાં વિહાર કરતાં ચાલ્યા જતા હોય અને તે વખતે દાંતમાં કંઇ કચરો ભરાયો હોય અને દુઃખવા આવે તે વખતે દંત સંશોધન તરીકે ઝાડ ઉપરથી તોડીને કે નીચે પડેલી વીણીને નાની સરખી ડાંખળી લઇને દાંત ખોતરણી તરીકે ઉપયોગ કરે તો પણ અદત્તાદાન વિરમણ-વ્રત દૂષિત થાય.'

અદત્તાદાન-વિરમણનો વાચ્યાર્થ તો થાય છે (પૃ. ૨૭) કેવળ, 'ન આપેલું ન ગ્રહણ કરવું' તેટલો જ પણ આ ઉદાત્ત અને ભવ્ય વિચારને ભગવાન મહાવીરે વ્યક્તિગત સામાજિક, ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક દષ્ટિએ, ભાવના અને આદર્શના ગૌરીશંકર ઉપર મૂકી આપ્યો છે, એ એની આગવી વિશિષ્ટતા છે. ભલેને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળનાર હનુમાન-ભીષ્મ જેવા વિરલ વિરલા જ હોય પણ એમ એ આદર્શ ખોટો ઠરતો નથી. નિષ્ફળતા માફ, નીચું નિશાન, હરગીઝ નહીં.

વળી આ અસ્તેય, વ્રત, અહિંસા અને સત્ય સાથે પણ સંકળાયેલ છે, અને જે કોઇ સ્થૂલ તેમજ સૂક્ષ્મ રીતે એનું પાલન કરો છે, તેને કાજે બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રતનું પાલન પણ સરલ બની જાય છે.

'મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચાર ગતિ જીવોમાંથી ચોરીની સૌથી વધુ શક્યતા મનુષ્યભવમાં છે' ને સાથે જ્ઞાન, ચારિત્ર્ય અને દર્શનની ઉપલબ્ધિની શક્યતા મનુષ્યભવમાં હોવાથી જો તે કેટલીક મર્યાદાઓને અતિક્રમે તો મોક્ષનો અધિકારી પણ માનવ જ છે. એટલે જો તે મોહ લોભ જેવા અનાદિકાળના કષાયોને કુસંસ્કારોને નિર્મૂળ કરી નાખે તો આ ભવમાં ને પરભવમાં પણ સુખી થાય છે.

આ દીર્ઘલેખમાં લેખકે અદત્તાદાન અથવા ચોરી માટે ભિન્ન ભિન્ન સમાન્તર કે ભાવવાળા અનેક પ્રાકૃત શબ્દો આપ્યા છે, તેમજ ચોરો અને ચોરીના અનેક પ્રકાર તેમજ ચોરી કરવાનાં અનેક કારણોની સામાજિક, આર્થિક તેમજ માનસશાસ્ત્રીય દષ્ટિએ ઊંડાણથી પર્યેષણા કરી છે અને કહ્યું છેઃ-

चौर्यपापद्रुमस्येह वधबन्धादिकं फलम् ।

जायते परलोके तु फलं नरक वेदना ॥

મતલબ કે-ચોરી રૂપી પાપવૃક્ષનાં ફળ આ જન્મમાં વધ, બંધન વગેરે થાય છે, અને પરલોકમાં નરકની વેદનારૂપી ફળ થાય છે.

ગ્રંથનો બીજો નિબંધ છે 'અવધિજ્ઞાન'. જૈન ધર્મમાં જ્ઞાનના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. (૧) મતિજ્ઞાન, (૨) કેવળજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. આ પંચજ્ઞાનની અતિ લાઘવથી સમજૂતી આપતાં લેખક કહે છેઃ 'જીવો પોતાની ઇન્દ્રિયોની અને મનની મદદથી જે જાણે તથા દેખે એવા વિષયો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં આવી જાય છે. ઇન્દ્રિયો અને મનની મદદ વગર માત્ર આત્માની શુદ્ધ અને નિર્મળતાથી, સંયમની આરાધનાથી સ્વયમેવ પ્રગટ થાય એવાં અતિન્દ્રિય અને મનાતીત જ્ઞાનમાં અવધિજ્ઞાન, મનઃપર્યાવજ્ઞાન અને કેવળજ્ઞાન ગણાય છે. (પૃ. ૩૪) અવધિ શબ્દ અવ+ધા ઉપરથી બન્યો છે. એનો એક અર્થ મર્યાદા, થાય છે. એટલે એને 'સીમાજ્ઞાન' પણ કહે છે, ' અવધિ, શબ્દનો માત્ર મર્યાદા એટલો જ અર્થ લઇએ તો મતિ, શ્રુત, અવધિ અને મનઃ પર્યવ એ ચારે જ્ઞાન મર્યાદાવાળાં છે, સાવધિ છે. એક કેવળજ્ઞાન જ અમર્યાદ, નિરવધિ છે' એ પછી 'અવધિજ્ઞાન'ની વ્યાખ્યા લેખક આ પ્રમાણે આપે છેઃ 'ઇન્દ્રિયો અને મનની મદદ વિના અમુક મર્યાદા સુધી રૂપી દ્રવ્ય-પદાર્થોનું જેના વડે જ્ઞાન થાય છે તેને અવધિજ્ઞાન કહેવામાં આવે છે.' (પૃ. ૩૫) એ પછી લેખક પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાનની વાત કરે છે અને જણાવે છે કે અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન છે, જ્યારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તે પરોક્ષજ્ઞાન છે...કેવલી ભગવંતો છ દ્રવ્ય પ્રત્યક્ષપણે જાણે છે તથા દેખે છે, એટલે કેવળજ્ઞાન સર્વથી પ્રત્યક્ષજ્ઞાન છે. આ પછી લેખક અવધિજ્ઞાનને સમજવા માટે ટેલિવિઝનનું દૃષ્ટાંત આપી કહે છેઃ 'અલબત્ત આધ્યાત્મિક દ્રષ્ટિએ ટી.વી.ના માધ્યમની ઉપયોગિતાનું કોઇપણ રીતે સમર્થન કે અનુમોદન થઇ શકે નહિ.' (પૃ. ૩૬) અલબત્ત, ટી.વી. અવધિજ્ઞાનનો કિંચિત

અણસાર આપી શકે, પણ અવધિજ્ઞાનનું સ્થાન ક્યારેય લઇ શકે નહીં. અવધિજ્ઞાન જન્મથી તેમજ ગુણથી પ્રાપ્ત કરી શકાય એમ કહીએ બંનેનાં અનેક દૃષ્ટાંતો આપે છે અને પછી વાચક ઉમાસ્વાતિએ 'તત્વાર્થસૂત્ર' માં (અધ્ય. ૧. સૂત્ર ૨૩માં) અવધિજ્ઞાનના છ ભેદ દર્શાવ્યા છે. તેની વિગતવાર વિશદતાથી ચર્ચા કરી છે, ને સાધુઓ તથા ગૃહસ્થ શ્રાવકોને એ જ્ઞાનની પ્રાપ્તિ કેટલે અંશે થાય, ન થાય તેની ગૌતમસ્વામીની અને આનંદ શ્રાવકના દૃષ્ટાંત દ્વારા છણાવટ કરે છે. આ પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન મનુષ્યોને જ હોય છે, દેવ નારકી કે તિર્યંચને તે નથી હોતું એમ દર્શાવી સંપૂર્ણ લોકને અને લોકમાત્રને જોનાર અવધિજ્ઞાન અને સંપૂર્ણલોક ઉપરાંત અલોકમાં પણ જોનાર અવધિજ્ઞાનને ઉત્કૃષ્ટ કહે છે. આ પછી લેખક પ્રશ્ન કરે છે કે 'મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન થાય ખરું? જવાબમાં કહે છે કે 'મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન અવશ્ય થઇ શકે પરંતુ તે મલિન હોય, ધૂંધળું હોય, અસ્પષ્ટ હોય. ક્યારે તે અવળું સવળું પણ દેખે. આથી મિથ્યાદૃષ્ટિ જીવમાં અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન પણ કહેવામાં આવે છે, આ પછી અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનની તુલના કરતાં લખે છેઃ 'અવધિજ્ઞાન જન્મથી પણ હોઇ શકે છે, અર્થાત્ ભવપ્રત્યય કે યોનિપ્રત્યય પણ હોઇ શકે છે...જ્યારે મનઃ પર્યવજ્ઞાન જન્મથી હોતું નથી. વિશિષ્ટ સંયમની આરાધનાથી અર્થાત્ સંયમની વિશુદ્ધિથી જ તે ઉત્પન્ન થાય છે. તીર્થંકર ભગવાનને પણ જન્મથી મનઃપર્યવજ્ઞાન હોતું નથી. તેઓ જ્યારે દીક્ષિત થાય છે ત્યારે જ તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટિએ અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાન ચડિયાતું છે.'

લેખને અંતે ડૉ. શાહ પ્રશ્ન કરે છેઃ 'વર્તમાનમાં કોઇક મહાત્માઓને અવધિજ્ઞાન થયું છે એવી વાત સાંભળીએ છીએ'-એમાં સત્ય કેટલું? ચેતવણી રૂપે તેઓ જણાવે છે કે મહાત્માઓની વચનસિદ્ધિ અને અવધિજ્ઞાનને એક માની લેવાની જરૂર નથી...અનુમાન શક્તિને આધારે કે આંતર સ્ફુરણાને આધારે કરેલી આગાહીને અવધિજ્ઞાન માનવાની ભૂલ ન કરવી જોઇએ...અનુમાન શક્તિ, કલ્પના, વ્યાપાર ઇત્યાદિ મનની મદદથી થાય છે. મતિજ્ઞાનનો આ વિષય બને છે. એને અવધિજ્ઞાન માની ન શકાય. આ કાળમાં અવધિજ્ઞાન જેને તેને થઇ શકે એવું અવધિજ્ઞાનનું સ્વરૂપ નથી. તત્ત્વમાં જેમને શ્રદ્ધા છે તેમણે કોઇનો પણ અનાદર કર્યા વિના યથાતથ્ય પામવાની કોશિષ કરવી જોઇએ.' (પૃ. ૫૩).

ગ્રંથનો ત્રીજો ને છેલ્લો પંચાવન પૃષ્ઠોનો લેખ છે: 'સિદ્ધ પરમાત્મા' વિષયક. 'સિદ્ધ' શબ્દ ભિન્ન ભિન્ન દર્શનોનાં, ભિન્ન ભિન્ન અર્થચ્છાયા સાથે વપરાયો છે, કોઇ સિદ્ધિવાળા આત્મદર્શી મહાત્મા માટે પણ સિદ્ધ શબ્દ પ્રયોજાય છે તો પેતાનું કાર્ય કુશળતાથી ને અત્યંત સફળતાથી કરનારને પણ સિદ્ધ કહેવામાં આવે છે. લેખકે એક ગાથા ટાંકીને એવા લગભગ ચૌદ સિદ્ધોની યાદી આપી છે. પણ અહીં તો 'પંચ પરમેષ્ઠી'માં જેમને આપણે નમસ્કાર કરીએ છીએ તે 'કર્મસિદ્ધ' છે, નવકારમંત્રમાં પ્રથમ નમસ્કાર અરિહંત પરમાત્માને અને પછી બીજો નમસ્કાર સકારણ સિદ્ધ પરમાત્માને કરવામાં આવે છે. આ પછી ડૉ. શાહ, સિદ્ધ શબ્દની પંદરેક અર્થવાહી વ્યાખ્યાઓ આપી 'સિદ્ધ'ની ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓના અર્થનો સમાવેશ કરતી, શાસ્ત્રકારે આપેલી ગાથા ટાંકે છેઃ-

ध्यातं सितं येन पुराणकर्म

यो वा गतो निर्वृत्तिसौधमुर्ध्नि ।

ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो

या सोऽस्तु सिद्धः कृतमंगलो मे ॥

મતલબ કે 'જેઓએ પૂર્વે બાંધેલાં પ્રાચીન કર્મોને બાળી નાંખ્યાં છે, જેઓ મુક્તિરૂપી મહેલની ટોચે પહોંચી ગયા છે, જેઓ જગતના જીવોને માટે મુક્તિમાર્ગનું અનુશાસન કરનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે, તથા જેમના સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં છે એવા શ્રી સિદ્ધ પરમાત્મા મને મંગલરૂપ થાઓ.'

સિદ્ધ, પરમાત્મા માટે શાસ્ત્રકારોએ પર્યાયવાચક ભિન્ન ભિન્ન શબ્દો, વિશિષ્ટ અર્થચ્છાયા સાથે પ્રયોજ્યા છે તેની લાંબી યાદી આપી આચારાંગ સૂત્ર (૧-૫-૬) અનુસાર સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ વર્ણવી કહે છે કે 'સિદ્ધ-દશા સાદિ-અનંતના પ્રકારની હોય છે. એ પછી લંબાણથી સિદ્ધશિલા ઉપર રહેલા મુક્તાત્માઓની વિગતે વાત કરે છે, ને ત્યારબાદ, મોક્ષ અતિ પ્રાપ્ત કરવાની દૃષ્ટિએ સિદ્ધ પરમાત્મા અરિહંત પરમાત્મા કરતાં ચડિયાતા છે, એવું વિધાન અનેક દલીલો દ્વારા કરે છે, અને અંતે કહે છેઃ 'આમ સિદ્ધ પરમાત્મા ચડિયાતા હોવા છતાં નવકારમંત્રમાં આપણે સર્વપ્રથમ નમસ્કાર અરિહંત પરમાત્માને જ કરીએ છઈ. કારણ કે સિદ્ધ પરમાત્માની ઓળખ કરાવનાર અરિહંત પરમાત્મા જ છે. (પૃ. ૬૮).

અહીં આપણને પેલા પ્રખ્યાત દૂહાનું સ્મરણ થાય છેઃ-

'ગુરુ, ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય;
બલિહારી ગુરુ દેવકી, જિસને ગોવિંદ દિયો બતાય.'

આ પછી, સિદ્ધગતિ પામેલાઓના શિવસુખની ચર્ચા કરતાં લખે છેઃ 'જગતના જીવોમાં કર્મની વિચિત્ર લીલાને કારણે અનંત પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. એમાં એટલી જ અસમાનતા, વિચિત્રતા રહેલી છે. સિદ્ધદશામાં સર્વ જીવો સમાન છે. તીર્થંકર ભગવાન સિદ્ધ થાય કે સામાન્ય કેવલી સિદ્ધ થાય, તેમની સિદ્ધદશામાં ઊંચનીચપણું કે અસમાનતા નથી. વ્યવહારમાં દાખલો આપવામાં આવે છે કે, જેમ રાજા અને ભિખારીના જીવનમાં આભજમીનનો ફરક છે, પરંતુ મૃત્યુ પામ્યા પછી ચિત્તા પર ચડેલાં બંનેનાં શબ વચ્ચે એવું કોઇ અંતર નથી તેમ જુદા જુદા જીવો ગમે તે પ્રકારનાં જન્મમરણ કરીને આવ્યા હોય અથવા ગમે તે ભેદે સિદ્ધગતિ પામ્યા હોય, પણ સિદ્ધ દશામાં તેઓ બધા સરખા જ છે. તેઓ સર્વ સરખું જ શિવસુખ અનુભવે છે.' (પૃ. ૭૦).

કર્મમલથી અસંગ બનેલો વિશુદ્ધ આત્મા ઉર્ધ્વગમન કરી, ચૌદ રાજલોકમાં ઉપરના ભાગમાં આવેલી સિદ્ધશિલા ઉપર શાશ્વત કાળને માટે તે સ્થિર, અચલ થઇ જાય છે. આવા મોક્ષે ગયેલા આત્માઓને પાછું ફરવાનું નથી એ તત્ત્વનું...સત્યનું સમર્થન બૃહદ્ આરણ્યક ઉપનિષદ અને પ્રશ્નોપનિષદ'ના અવતરણો ટાંકીને કરે છે અને પછી તુલના કરતાં કહે છેઃ 'હિંદુ ધર્મમાં મુક્તાત્માઓના આ સ્થાનને 'બ્રહ્મલોક' તરીકે ઓળખવામાં આવે છે, જૈન દર્શનમાં સમગ્ર વિશ્વનો નકશો આપી તેમાં સિદ્ધિશિલાનું સ્થાન બતાવવામાં આવ્યું છે-એની લેખક વિગતે ચર્ચા કરે છે, અને અંતમાં કહે છેઃ 'સિદ્ધત્વ એ જીવનો પારિણામિક ભાવ છે. એ જીવનો સ્વભાવવ્યંજન પર્યાય છે... વસ્તુતઃ અને અશરીર અવસ્થામાં, વિશુદ્ધ સ્વરૂપમાં રમણતાનો જે આનંદ છે તેની તોલે આવે એવો આપણો કોઇ જ આનંદ નથી... પ્રત્યેક સંસારી જીવમાં સિદ્ધત્વ સત્તાથી રહેલું છે, પરંતુ તે કર્મના આવરણથી યુક્ત છે. જીવોમાંથી ફક્ત ભવ્ય જીવો સિદ્ધિત્વ પ્રાપ્ત કરી શકે છે, અભવ્ય કે જાતિભવ્ય જીવો ક્યારેય સિદ્ધગતિ પામી શકવાના નથી'...આ પછી ભવ્ય જીવોમાંથી પણ કોણ, ક્યારે કેટલી સંખ્યામાં સિદ્ધગતિ પામી શકે તેની વિગતવાર ચર્ચા કરી છે અને અંતમાં કહ્યું છે : 'સિદ્ધગતિમાં મોક્ષપદમાં શ્રદ્ધા થવી એ ભવ્યપણાની નિશાની છે, જેમને એની શ્રદ્ધા છે તેમને માટે સિદ્ધ ભગવંતો પરમ વંદનીય છે.' (પ. ૧૦૦).

ચિ. રંજના! આમ તો ડૉ. શાહે, જિન-તત્વની મીમાંસા કરતા લગભગ પચાસેક પર્યેષણાપ્રધાન લેખો લખ્યા છે જેમાંના ત્રણનો આપણે ઊડતો પરિચય કર્યો. તને જાણીને સુખદ આશ્ચર્ય થશે કે 'અદત્તાદાન-વિરમણ'નો ૩૩ પૃષ્ઠોનો લેખ લખવા માટે એમણે સંસ્કૃત, પ્રાકૃત ને મધ્યકાલીન જૂની ગુજરાતી ભાષાના લગભગ સત્તરેક શ્રદ્ધેય ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો છે. અવધિજ્ઞાન અને 'સિદ્ધ પરમાત્મા'માં જે ગ્રંથોમાંથી અવતરણો આપ્યાં છે તેની સંખ્યા તો એથી ય અધિક છે. તત્ત્વજ્ઞાનના વિષયને પારિભાષિક રીતે નિરૂપવા છતાં તેમની શૈલી ક્લિષ્ટ બની જતી નથી બલ્કે પ્રસન્ન ને પ્રાસાદિક લાગે છે. આધાર વિનાનો કોઇપણ વિચાર આ ગ્રંથમાં જોવા મળશે નહીં, ડૉ. શાહની સજ્જતા અને વ્યુત્પત્તિની એ તો વિશેષતા છે.

લિ. અનામીના શુભાશિષ

# સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ

## શ્રી કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ-કોબા (ગાંધીનગર) માટે ભેટમાં પર્યુષણ પર્વ દરમિયાન નોંધાયેલ રકમની યાદી

૩૦૦૦૦ શ્રી પીયૂષભાઈ કોઠારી હસ્તે ચંદ્રાબહેન કોઠારી

૧૮૦૦૦ શ્રી રમાદેવી કાંતિલાલ દેસાઈ

૧૫૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ

૧૫૦૦૦ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન

૧૫૦૦૦ વકીલ શ્રી ઉમેદચંદ બેચરદાસ ચે. ટ્રસ્ટ

૧૨૦૦૦ ડૉ. રાજુ એન. શાહ

૧૧૦૦૦ શેઠ ચેરિટીઝ હસ્તે શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ

૧૦૦૦૦ શ્રી પ્રવીણચંદ્ર એસ. શાહ

૯૦૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ અને પ્રા. તારાબહેન ર. શાહ

૯૦૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ

૯૦૦૦ શ્રી નિરુબહેન તથા શ્રી સુબોધભાઈ એમ. શાહ

૯૦૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ

૯૦૦૦ ડૉ. ધનવંત ટી. શાહ હસ્તે કુ. પ્રાચી શાહ

૯૦૦૦ શ્રી ભુપેન્દ્રભાઈ ડાહ્યાલાલ ઝવેરી

૯૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

૯૦૦૦ શ્રી રમાબહેન જે. વોરા

૯૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ

૯૦૦૦ શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ

૯૦૦૦ શ્રી નરેન્દ્ર એલ. શાહ

૯૦૦૦ શ્રી વાડીલાલ એસ. ગાંધી ચે. ટ્રસ્ટ

૯૦૦૦ શ્રી ગિરધરલાલ જીવણલાલ શાહ

૯૦૦૦ શ્રી સી. જે. શાહ એન્ડ કું.

૯૦૦૦ શ્રી ભાનુબહેન મહેતા

૯૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ

૯૦૦૦ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા ચે. ટ્રસ્ટ

૯૦૦૦ શ્રી મુકુન્દભાઈ ગાંધી

૬૦૦૦ ડૉ. બિપીનચંદ્ર હીરાલાલ કાપડિયા

૬૦૦૦ ડૉ. રમીલાબહેન અનંતરાય સંઘવી

૬૦૦૦ શ્રી સુમેધ એચ. શાહ

૬૦૦૦ શ્રી રમાદેવી કાંતિલાલ દેસાઈ

૬૦૦૦ શ્રી પ્રકાશ એન. કોઠારી

૬૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી

૬૦૦૦ શ્રી રમાબહેન જયંતીલાલ ફતેહચંદ

૬૦૦૦ શ્રી રાજુલ શરદ શાહ અને શ્રી શરદ માણેકલાલ શાહ

૬૦૦૦ ગિરનાર ચાહ હસ્તે પ્રવીણભાઈ ભણસાલી

૬૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી

૬૦૦૦ શ્રી જયંત છેડા (પ્રિન્સ ગ્રુપ)

૬૦૦૦ શ્રી ઠાકરશીલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ

૬૦૦૦ શ્રી લાલભાઈ જેઠાભાઈ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ

૬૦૦૦ શ્રી નોશીર એલિસ

૬૦૦૦ શ્રી અમરતબહેન કુવાડિયા

૬૦૦૦ શ્રી નીલાબહેન કુવાડિયા

૬૦૦૦ શ્રી નીતિનભાઈ કુવાડિયા

૬૦૦૦ શ્રી વીશપર મિલ સેલ્સ કોર્પો.

૬૦૦૦ શ્રી કલાબહેન શાંતિલાલ મહેતા

૬૦૦૦ શ્રી અશોક જી. ભણસાલી

૬૦૦૦ શ્રી આર. સી. ભણસાલી

૫૦૦૦ શ્રી ડી. એન. પટેલ

૫૦૦૦ શ્રી રમા એમ. કાપડિયા ચે. ટ્રસ્ટ

૫૦૦૦ શ્રી રામકૃષ્ણવાલા ચે. ટ્રસ્ટ (લિંબડી)

૫૦૦૦ શ્રી મહેચ્છા ટ્રસ્ટ હસ્તે લત્તાબહેન મહીપતરાય શાહ

૫૦૦૦ શ્રી જમનાદાસ હેમચંદ ચે. ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી કે. પી. શાહ

૩૦૦૦ શ્રી શૈલેશભાઈ એચ. કોઠારી

૩૦૦૦ શ્રી નેમચંદ એમ. ગાલા

૩૦૦૦ શ્રી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ

૩૦૦૦ શ્રી દીપ્તિ નીતિન સોનાવાલા

૩૦૦૦ શ્રી જય અને હર્ષ સોનાવાલા

૩૦૦૦ શ્રી મધુરીબહેન એ. જે. શાહ

૩૦૦૦ શ્રી કૃપા કુવાડિયા

૩૦૦૦ શ્રી ભગવાનદાસ ફતેહચંદ

૩૦૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખભાઈ દેવડાવાલા

૩૦૦૦ શ્રી મુકુન્દભાઈ સારાલાલ નગરશેઠ

૩૦૦૦ શ્રી શીતલ કેતન કૌશલ સંઘવી

૩૦૦૦ શ્રી ગુણવંતીબહેન ગાંધી

૩૦૦૦ શ્રી જ્યોતિ ચીમનલાલ વસા

૩૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી

૩૦૦૦ શ્રી વિક્રમભાઈ શાહ

૩૦૦૦ શ્રી સુધાબહેન તોલાટ

૩૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ

૩૦૦૦ શ્રી પ્રમીલાબહેન દલાલ

૩૦૦૦ શ્રી વીશપર મિલ્સ સેલ્સ કોર્પો.

૩૦૦૦ શ્રી જ્યોત્સના જયંત શાહ

૩૦૦૦ શ્રી અલકા કે. શાહ

૩૦૦૦ શ્રી એચ. ડી. બ્રધર્સ

૩૦૦૦ શ્રી નિર્મલાબહેન ઈન્દ્રલાલ શેઠ

૩૦૦૦ ડૉ. કાંતિલાલ કલ્યાણજી સાવલા

૩૦૦૦ શ્રી રસીલાબહેન જયસુખભાઈ પારેખ

૩૦૦૦ શ્રી સૂર્યાબહેન પ્રતાપ

૩૦૦૦ શ્રી પ્રતિમાબહેન ચક્રવર્તી

૩૦૦૦ શ્રી ઉષા એચ. શાહ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી ચંપકભાઈ મોદી

૩૦૦૦ શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ

૩૦૦૦ શ્રી માયાબહેન ગોસલીયા હસ્તે હીરેન

૩૦૦૦ શ્રી નવીનચંદ્ર પ્રેમચંદ શાહ

૩૦૦૦ એક બહેન તરફથી હસ્તે શારદાબહેન બાબુભાઈ

૩૦૦૦ શ્રી ઉપેન્દ્રકુમાર જયંતીલાલ સંઘવી

૩૦૦૦ શ્રી ઈલાબહેન જયંતીલાલ કોઠારી

૩૦૦૦ શ્રી દેવકીબેન જેસંગ

૩૦૦૦ શ્રી વસંતભાઈ મોતીલાલ ઝોટા

૩૦૦૦ શ્રી અતુલ સી. શેઠ

૩૦૦૦ શ્રી નયના એ. શેઠ

૩૦૦૦ શ્રી શકુંતલા એ. દલાલ

૩૦૦૦ શ્રી અંજના પ્રાણલાલ સુંદરજી

૩૦૦૦ શ્રી હીરાલક્ષ્મી પ્રાણલાલ શાહ

૩૦૦૦ શ્રી નીરવ પ્રતાપ શાહ

૩૦૦૦ શ્રી વાલજી આનંદજી છેડા

૩૦૦૦ શ્રી મહાવીર મહેતા અને શ્રી રાજેશ ઝવેરી

૩૦૦૦ શ્રી પ્રકાશ ડાહ્યાલાલ શાહ

૩૦૦૦ શ્રી પ્રકાશ ધાંધીયા

૩૦૦૦ શ્રી જાસુદબહેન પરીખના સ્મરણાર્થે

૩૦૦૦ શ્રી રમીલા નગીનદાસ વોરા

૩૦૦૦ શ્રી દિલીપ સોમચંદ શાહ

૩૦૦૦ શ્રી વિનોદ મણિલાલ મહેતા

૩૦૦૦ શ્રી મધુલત્તા ધીરજલાલ અજમેરા

૩૦૦૧ શ્રી નેમચંદ ચીમનલાલ કુવાડિયા

૩૦૦૧ શ્રી પ્રભાવની નેમચંદ કુવાડિયા

૩૦૦૦ શ્રી અભી જે. ઝવેરી

૩૦૦૦ શ્રી સોનલ જે. ઝવેરી

૩૦૦૦ શ્રી ઈન્દુબહેન અને શ્રી હરકીસન ઉદાણી ટ્રસ્ટ

૩૦૦૧ શ્રી વસંતલાલ નાગરદાસ સંઘવી

૩૦૦૦ શ્રી રાજુલબહેન રમેશ છેડા

૩૦૦૦ શ્રી વિક્રમ દિનેશ પારેખ
૩૦૦૦ શ્રી પ્રતાપભાઇ પોપટલાલ શાહ
૩૦૦૦ શ્રી કનુભાઇ રસિકલાલ કોલસાવાલા
૩૦૦૦ શ્રી વિજય ડી. મહેતા
૩૦૦૦ શ્રી કાશ્મીરા કાંતિ કરમશી
૩૦૦૦ શ્રી અમીતાબહેન મુકેશભાઇ સંઘવી
૩૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૩૦૦૦ શ્રી દેવીલાબહેન સૂર્યકાંત મહેતા
૩૦૦૦ શ્રી આર. ટી. પરીખ
૩૦૦૦ શ્રી લીના વી. શાહ
૩૦૦૦ શ્રી મેશાકો ઇન્ડસ્ટ્રીઝ
૩૦૦૦ શ્રી ચંદ્રકાંત કુમુદચંદ છેડા
૩૦૦૦ શ્રી હંસાબહેન સંઘોઇ
૩૦૦૦ શ્રી ઉષા અને માલિની શાહ
૩૦૦૦ શ્રી પ્રમીલાબહેન પ્રમોદભાઇ શાહ
૩૦૦૦ શ્રી કમળાબહેન શશિકાંત પત્રાવાલા
૩૦૦૦ શ્રી હેમલત્તા પ્રેમજી રાંભીયા
૩૦૦૦ શ્રી પ્રમોદભાઇ સોમચંદ શાહ
૩૦૦૧ શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલાના સ્મરણાર્થે
૩૦૦૧ શ્રી મધુભાઇ હીરાલાલ શાહ
૩૦૦૦ શ્રી એસ.સી.દલાલ
૩૦૦૦ શ્રી શર્મિષ્ઠાબહેન એસ. મહેતા
૩૦૦૦ શ્રી શિરીષ અમૃતલાલ પારેખ
૩૦૦૦ શ્રી એ. કે. મોદી
૩૦૦૧ શ્રી કાંતાબહેન એસ. દોશી
૩૦૦૦ શ્રી કે. એમ. સોનાવાલા ચે. ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી સી. એન. સંઘવી ચે. ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી મુક્તાબહેન લાભુભાઇ સંઘવી
૩૦૦૦ શ્રી યશોમતી હીરાલાલ શાહ
૩૦૦૦ શ્રી રતનશી વેલશી
૩૦૦૦ શ્રી એસ. કે. કાપડિયા
૩૦૦૦ શ્રી કાંતિલાલ આર. પરીખ
૩૦૦૦ શ્રી મણિલાલ વીરજી વોરા
૩૦૦૦ શ્રી પોલીથિલીન પ્રિન્ટીંગ સીલીંગ વર્કસ
૩૦૦૦ શ્રી પ્રબોધ કોઠારી
૩૦૦૦ શ્રી અરવીંદ સી. દલાલ
૩૦૦૦ શ્રી સમર્પણ ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી મંજુબહેન મહેતા
૩૦૦૦ શ્રી રમણીકલાલ ઉમેદચંદ
૩૦૦૦ શ્રી રમાબહેન વી. મહેતા
૩૦૦૦ શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ
૩૦૦૦ અંશુ કૃષ્ણકાંત પટેલ
૩૦૦૦ શ્રી ચંચળબહેન આનંદીલાલ પટેલ
૩૦૦૦ શ્રી કલાબહેન-ડૉ. સ્નેહલ સંઘવી

૩૦૦૦ શ્રી સુભીબહેન સુભાષ ઝવેરી
૩૦૦૦ શ્રી કલ્યાણજીભાઇ દેઢિયા
૩૦૦૦ શ્રી ઇન્દુબહેન વી. મોટાશા
૩૦૦૦ શ્રી રમણલાલ નગીનદાસ ચે. ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી લત્તાબહેન ધ્રુવ
૩૦૦૦ શ્રી વનલીલા નટવરલાલ મહેતા
૩૦૦૦ શ્રી મોહિનીબહેન દલાલ
૩૦૦૦ શ્રી મધુબહેન ચંદ્રકાંત તલસાણીયા
૩૦૦૦ શ્રી બાબુભાઇ ચંપકલાલ તોલાટ
૩૦૦૦ શ્રી અરુણા અજિત ચોકસી
૩૦૦૦ શ્રી એ. આર. ચોકસી
૩૦૦૦ શ્રી એ. આર. ચોકસી
૩૦૦૦ માતુશ્રી રતનબહેન જેઠાભાઇ માલદે
૩૦૦૦ શ્રી રજનીકાંતભાઇ ઘડિયાળી
૩૦૦૦ શ્રી ચીમનલાલ ઠાકોરદાસ ઝવેરી
૩૦૦૦ શ્રી પ્રેમકુમારી દેવચંદ ગાલા
૩૦૦૦ શ્રી સુરેખાબહેન નરોત્તમભાઇ શાહ
૩૦૦૦ સ્વ.પ્રેમચંદભાઇ બાવીશીના સ્મરણાર્થે
૩૦૦૦ શ્રી રાજેન્દ્ર અમૃતલાલ
૩૦૦૦ ડૉ. હસમુખલાલ ચીમનલાલ કુવાડિયા
૩૦૦૦ શ્રીમતી જશુમતી હસમુખલાલ કુવાડિયા
૩૦૦૦ શ્રી શોભના લક્ષ્મીચંદ વીસરીયા
૩૦૦૦ શ્રી લક્ષ્મીચંદ નાનજી વીસરીયા
૩૦૦૦ શ્રી અમૃતલાલ ઓધવજી આયા
૩૦૦૧ શ્રી હીનાબહેન આર. ટી. શાહ
૩૦૦૦ શ્રી ભૂપેન્દ્ર રસિકલાલ કોલસાવાલા
૩૦૦૦ શ્રી મીનાબહેન કિરણભાઇ ગાંધી
૩૦૦૦ શ્રી ધીરજલાલ જેચંદ મહેતા
૩૦૦૦ શ્રી પુષ્પાબહેન હીરજી
૩૦૦૦ શ્રી લાલજી શીવજી
૩૦૦૦ શ્રી વિમલાબહેન લાલજી
૩૦૦૦ શ્રી બળવંતરાય હરિલાલ શાહ
૩૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી હસ્તે ચંદ્રકુમાર ઝવેરી
૩૦૦૦ શ્રી હંસાબહેન સંઘવી
૩૦૦૦ શ્રી આકાર આર્ટસ
૩૦૦૦ શ્રી કિરીટભાઇ કોલસાવાળા
૩૦૦૦ શ્રી બાબુભાઇ માટલીયા
૩૦૦૦ શ્રી અનિલાબહેન શશિકાંત મહેતા
૩૦૦૦ શ્રી ધર્મીબહેન મણિલાલ મહેતા
૩૦૦૦ શ્રી કપાસી પરિવાર
૩૦૦૦ શ્રી પંકજ વીસરીયા
૩૦૦૦ શ્રી રવિકિરણ પોટરીઝ વર્કસ

૩૦૦૦ શ્રી એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ
૩૦૦૦ શ્રી પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા
૩૦૦૦ શ્રી કે. એન. શ્રોફ
૩૦૦૦ શ્રી મુગટભાઇ વોરા
૩૦૦૦ સ્વ. કંચનબહેન ચીમનલાલ અજમેરા ના સ્મરણાર્થે હસ્તે મહેશભાઇ અજમેરા
૩૦૦૦ શ્રી મહેન્દ્રભાઇ રસિકલાલ કોલસાવાલા
૩૦૦૦ શ્રી ભાઇચંદ મહેતા ચે. ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી ગજેન્દ્ર કપાસી
૩૦૦૦ શ્રી જશવંતલાલ કપૂરચંદ શાહ
૩૦૦૦ શ્રી મધુરી જશવંત શાહ
૨૫૦૦ શ્રી રીતુબહેન સુધીરભાઇ શાહ
૨૫૦૧ સ્પેક્ટ્રા કન્સ્ટરકશન પ્રા. લિ.
૧૫૦૦ શ્રી મહેશભાઇ પી. શાહ
૧૫૦૦ શ્રી અનિસ ડી. શાહ
૧૫૦૦ શ્રી ઉષા ડી. શાહ અને અનીશ ડી. શાહ
૧૫૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૫૦૦ શ્રી એન. ડી. શેઠ
૧૫૦૦ શ્રી બિના અજિત ચોકસી
૧૫૦૦ શ્રી હિમાંશુ ચોકસી
૧૦૦૦ શ્રી જે. કે. શાહ
૧૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૧૦૦૦ શ્રી ચંદ્રાબહેન હરસુખ શાહ
૧૦૦૦ શ્રી સુશીલાબહેન ચંદ્રકાંત ઝવેરી
૧૦૦૦ શ્રી સમીર કમલકુમાર મહેતા
૧૦૦૦ શ્રી નવીનચંદ્ર નાનાલાલ મહેતા
૧૦૦૦ શ્રી નયના એ. શેઠ
૧૦૦૦ શ્રી નંદિતા એ. શેઠ
૧૦૦૦ શ્રી રંજના શેઠ
૧૦૦૦ શ્રી ઇન્દુમતી એમ. શાહ
૧૦૦૧ શ્રી વર્ષાબહેન બિપિનભાઇ શાહ
૧૦૦૦ એક શુભેચ્છક તરફથી
૧૦૦૦ શ્રી પ્રતાપભાઇ પોપટલાલ શાહ
૧૦૦૦ શ્રી સંયુક્તા અને પ્રવીણ કે. મહેતા
૧૦૦૧ શ્રી દીપાબહેન છગનલાલ પરમાર
૧૦૦૧ શ્રી ધનીબહેન નવીનચંદ્ર શાહ
૧૦૦૧ સ્વ. સરિતાબહેન ત્રિકમલાલ દોશીના સ્મરણાર્થે
૧૦૦૧ શ્રી વિમળાબહેન વ્રજલાલ શેઠ
૧૦૦૦ એક બહેન તરફથી
૧૦૦૦ શ્રી રસીલા દિલીપ કાકાબળીયા
૭૫૧૩ રૂપિયા એક હજારથી નીચેની કુલ રકમ

■ ■ ■

# જોન રસ્કિનની સામાજિક ન્યાયની ભાવના

☐ ચી. ના. પટેલ

આપણાં સમાજમાં સવર્ણો અને અવર્ણો, અર્થાત્ કહેવાતી ઉજળિયાત અને કહેવાતી હલકી વર્ણો વચ્ચે ભેદ સદીઓથી ચાલતો આવ્યો હતો અને હજુય કંઇક અંશે પ્રવર્તે છે તેવો અંગ્રેજ સમાજમાં ઉપલા વર્ગો અને નીચલા વર્ગો વચ્ચે ચાલતો આવતો હતો અને ઓગણીસમી સદીમાં રસ્કિનના સમયે પણ પ્રવર્તતો હતો, અને જેમ આપણા સમાજમાં પ્રજાનો ધર્મચુસ્ત વર્ગ એવો ભેદ શાસ્ત્રવિહિત હોવાનું માનતો તેમ રસ્કિનના સમયમાં અંગ્રેજ પ્રજાનો ધર્મચુસ્ત વર્ગ સમાજના ઉપલા વર્ગો અને નીચલા વર્ગો વચ્ચેનો ભેદ પરમ કૃપાળુ પરમેશ્વરની (Of Providence) યોજના હોવાનું માનતો. લંડનના કે પરામાં ચાલતી કામદારોની તાલીમ સંસ્થામાં આપેલા વ્યાખ્યાનમાં રસ્કિન એવો ભેદ કેમ અન્યાયી ગણાય તે સમજાવે છે.

ઉપલા વર્ગો અને નીચલા વર્ગો વચ્ચે ખરેખર ભેદ છે ખરો એવો પ્રશ્ન પૂછીને રસ્કિન સભામાં ઉપસ્થિત સુખી વર્ગના સ્ત્રી- પુરુષોને સંબોધીને કહે છેઃ 'સજ્જનો અને સન્નારીઓ, હું જે કહેવાનો છું તેમાં આપને દૂભવે એવું કંઇ જણાય તો મને ક્ષમા કરશો. તે હું કહેવા નથી ઇચ્છતો, તે તો કટુ સ્વરો સંભળાવે છે, જેને મૌન રહેવું હોય તે રહે, પણ જગતભરમાં દુર્ભિક્ષના અને યુદ્ધના સ્વરો તે સંભળાવે છે.'

સામાજિક ન્યાયને લગતા પોતાના વિચારો સ્પષ્ટ કરવા રસ્કિન ચાર પ્રકારના વર્ગભેદો ગણાવે છે.

(૧) જેઓ કામ કરે છે અને જેઓ રમે છે તેમની વચ્ચે,

(૨) જેઓ ઉત્પાદન કરે છે અને જેઓ ઉપભોગ કરે છે તેમની વચ્ચે, અને

(૩) જેઓ બૌદ્ધિક કામ કરે છે અને જેઓ શરીરસુખનું કામ કરે છે તેમની વચ્ચે, અને

(૪) જેઓ સમજપૂર્વક કામ કરે છે અને જેઓ મૂઢતાથી કામ કરે છે તેમની વચ્ચે.

આ ચારમાંથી પહેલાં વર્ગભેદની ચર્ચા કરતાં રસ્કિન અંગ્રેજોના ધનલોભ ઉપર કટાક્ષ કરતો હોય તેમ કહે છે કે અંગ્રેજોને સૌથી વધારે પ્રિય એવી રમત ધન કમાવાની છે અને એ રમતના ખેલાડીઓ તેમાં એવા તલ્લીન થઇ જાય છે કે ફુટબોલની રમતમાં ખેલાડીઓ પ્રતિસ્પર્ધી ખેલાડીઓને ધક્કા મારીને પાડી નાખે છે તે કરતાં વધારે વાર તેમના પ્રતિસ્પર્ધી ખેલાડીઓને ધક્કા મારીને પાડી નાખે છે. વળી, રસ્કિન કહે છે, ધન કમાવાની રમતનું કોઇ પ્રયોજન નથી. જેમ ક્રિકેટની રમતમાં 'રન'નું કોઇ પ્રયોજન નથી. પણ હરીફ પક્ષ કરતાં વધારે 'રન' કરવા એ જ ક્રિકેટની રમત છે, તેમ ધન કમાવાની રમતમાં સૌ કરતાં વધારે ધન કમાવું એ જ ધન કમાવાની રમત છે.

જો અંગ્રેજ પુરુષોની સૌથી પ્રિય રમત ધન કમાવાની છે, તો અંગ્રેજ સ્ત્રીઓની સૌથી પ્રિય રમત, રસ્કિન કહે છે, સુંદર વસ્ત્રો પરિધાન કરવાની છે. એ રમત કેવી મોંઘી છે તેના ઉદાહરણ રૂપે પોતે કોઇ ઝવેરીની દુકાનમાં ૩૦૦૦ પાઉન્ડની કિંમતનું એક ઇંચ જેટલું ય પહોળું નહિ એવું ગળે વસ્ત્રમાં ભરાવવાનું ટાંકણી જેવું આભૂષણ (brooch) જોયું હતું તેનો ઉલ્લેખ કરીને રસ્કિન સભામાં ઉપસ્થિત સુખી વર્ગમાં સ્ત્રીઓને સૂચન કરે છે કે પોતે આકર્ષક વસ્ત્રો પરિધાન કરે છે તેવા વસ્ત્રો તેમના જેવી સુખી નહિ એવી સ્ત્રીઓ પણ પરિધાન કરી શકે એમ તેમણે કરવું જોઇએ અને ગરીબ વર્ગની સ્ત્રીઓ અનુસરી શકે એવી 'ફેશનો' પ્રચલિત કરવી જોઇએ. અંગ્રેજ સ્ત્રીઓને અતિપ્રિય એવી યુદ્ધની 'મહારમત' (The Great Game of War) રસ્કિન કહે છે 'કલ્પનાને તો માહત કરી દે એવી છે, પણ તેની વાસ્તવિકતા એવી આકર્ષક નથી.'

અંગ્રેજ સમાજમાં પ્રવર્તતા ઉપલા અને નીચલા વર્ગો વચ્ચેના ભેદને લગાવી ચર્ચાનો ઉપસંહાર કરતાં રસ્કિન કહે છે કે એ ભેદ જરાય આવશ્યક નથી અને કાળક્રમે તે પ્રામાણિક નાગરિકોની સંમતિથી નાબૂદ થવો જ જોઇએ, લોકોને સમજાવવામાં આવશે કે બીજાં પ્રાણીઓનું લોહી રેડતી રમત જીવજંતુઓને શોભે, માણસને નહિ, દરેક દિવસના આરંભે કરવાની પ્રાર્થના એ દિવસની એક ક્ષણનોય દુર્વ્યય ન કરવાનો સંકલ્પ કરવો એ છે અને ભોજનના આરંભે કરવાની સર્વોત્તમ પ્રાર્થના (grace) આપણે એ ભોજન ન્યાયપૂર્વક મેળવ્યું છે એવી અંતઃપ્રતીતિ હોવી એ છે. (ભોજનના આરંભે કરવાની સર્વોત્તમ પ્રાર્થનાના ઉલ્લેખમાં રસ્કિન મેથ્યૂની સુવાર્તાના ૬ઠ્ઠા પ્રકરણની ૧૧મી પંક્તિમાં ઇશુએ તેમના શિષ્યોને 'give us this day our daily bread' એવી ઇશ્વરને પ્રાર્થના કરવાનો ઉપદેશ આપ્યો છે તે અનુસાર પ્રાર્થના કરવાનો શ્રદ્ધાવાન ખ્રિસ્તી કુટુંબોમાં શિષ્ટાચાર છે તેનો નિર્દેશ કરે છે.)

ઉત્પાદન કરતા અને ઉપભોગ કરતા વર્ગો વચ્ચેના ભેદની ચર્ચા કરતાં રસ્કિન ઔદ્યોગિક ક્રાન્તિએ સર્જેલી આર્થિક સમૃદ્ધિની વચ્ચેય પ્રવર્તતી કારમી, હૃદયદ્રાવક ગરીબીના ઉદાહરણ રૂપે બે સમાચારપત્રોમાંથી એક એક ફકરો વાંચી સંભળાવે છે. એ બેમાંથી પહેલા ફકરાની મતલબ એ હતી કે ૧૮૬૪ના નવેમ્બરની ૨૪મી એ આખી રાત વરસાદ પડ્યો હતો અને ૨૫મીની સવારે એક ઉકરડા ઉપર ઠંડીથી થીજી જઇને મૃત્યુ પામેલો કોઇ ગરીબ પુરુષ બેઠેલી મુદ્રામાં જોવામાં આવ્યો હતો અને પોલીસ તપાસમાં જણાયું હતું કે એ માણસ હાડકાં વીણીને ચૂસતો હતો, અને બીજા ફકરાની મતલબ એ હતી કે ભૂખે મરતા ગરીબો કહોવાઇ ગયેલા માંસના ટુકડાઓ કરડી ખાતા હતા અને ઘોડાઓના હાડકાંના પોલાણમાંથી અસ્થિમજ્જા (bone marrow) ચૂસતા.

ગરીબોની આવી કરુણ સ્થિતિના મૂળમાં, રસ્કિનના મતે, કેટલાક લોકોની યેનકેન પ્રકારેણ ધન કમાવાની વૃત્તિ છે, તે કહે છે : 'આપ એક વાત નિઃશંક જોઇ શકશો કે જ્યારે પણ કોઇ વ્યક્તિ કે રાષ્ટ્રનું મુખ્ય ધ્યેય ધન કમાવાનું હોય છે ત્યારે ધન અન્યાયી રીતે મેળવાય છે અને અન્યાયી રીતે ખરચાય છે.' કોઇ વ્યક્તિનું મુખ્ય ધ્યેય ધન કમાવાનું છે કે નહિ તેનો નિર્ણય કરવાની રસ્કિન એ મતલબની કસોટી જણાવે છે કે જો તે વ્યક્તિ મધ્ય વયે પહોંચતાં પોતાની જાતને કહી શકે 'મારી પાસે શેષ જીવન ગાળવા પૂરતું ધન છે, જેમ એ ધન હું ન્યાયી રીતે કમાયો છું તેમ તેને ન્યાયી રીતે ખરચીશ અને જગતમાં નિષ્કિંચન આવ્યો હતો તેમ જગતમાંથી નિષ્કિંચન જઇશ.' તો જાણવું કે એ વ્યક્તિનું મુખ્ય ધ્યેય ધન કમાવાનું નથી, પણ જે વ્યક્તિ પાસે સમાજમાં તેના સ્થાનને અને તેની સ્થિતિને છાજે એવી રીતે શેષ જીવન ગાળવા પૂરતું ધન હોય છતાં તે હજુ વધારે કમાવાની અને મૃત્યુ આવે ત્યારે પોતે ધનવાન હોય એવી ઇચ્છા રાખે તો જાણવું કે તે વ્યક્તિનું મુખ્ય ધ્યેય ધન કમાવાનું છે.

બૌદ્ધિક કામ અને શરીરશ્રમના કામ વચ્ચેના ભેદને લગતા ત્રીજા મુદ્દા અંગે રસ્કિનનો મત એ છે કે એ પ્રશ્નનો ન્યાયની દૃષ્ટિએ વિચાર કરવો જોઇએ. પોતાના એ મતના સમર્થનમાં રસ્કિન ઇશુના ન્યાય કરવાના આદેશનો ઉલ્લેખ કરે છે અને કહે છેઃ ' ન્યાય કરવો એ જ ઇશ્વરની સાચી સેવા છે, નહિ કે પ્રાર્થનાઓ ગાવી તે, સંકલ્પપૂર્વક કરેલા દરેક કાર્ય દ્વારા કરેલી પ્રાર્થના એ જ સાચી પ્રાર્થના છે.' ન્યાય કરવાનું મહત્વ સમજાવતાં રસ્કિન કહે છે કે સુખી વર્ગનાં સ્ત્રીપુરુષો રવિવારે

સારાં સારાં વસ્ત્રો પરિધાન કરીને દેવળમાં પ્રાર્થના કરવા જશે અને તેમના બાળકોના માથે 'હેટ' માં સોહામણાં નાના પીંછા હશે, દેવળે જતાં માર્ગમાં એ સ્ત્રીપુરુષો રસ્તો વાળતા કોઇ ગરીબ બાળકને જોશે અને એ બાળકે પોતાને વધારે સારી ભીખ મળે એ ઉદ્દેશથી ચીંથરાં જેવાં વસ્ત્રો પહેર્યા હશે તો, રસ્કિન શ્રોતાઓમાં સુખી વર્ગનાં સ્ત્રીપુરુષોને પૂછે છે, એ ગરીબ બાળકના માથે 'હેટ'માં સોહામણું એક નાનું પીંછું કેમ ન હોવું જોઇએ, અને આંતરે રવિવારે (every other sunday) એ સ્ત્રીપુરુષો તેમના એક બાળકને રસ્તો વાળવાનું કામ સોંપીને પેલા ગરીબ બાળકને 'હેટ' માં એક સોહામણા પીંછા સાથે તેમની સાથે દેવળમાં કેમ ન લઇ જાય.

રસ્કિનના આ સૂચનનો સુખી વર્ગના એ સ્ત્રીપુરુષો જો એવો ઉત્તર આપે કે પોતે એમ નથી કરતાં કારણ કે પરમ કૃપાળુ પરમાત્માએ જેમને જે જે સ્થિતિમાં મૂક્યાં હોય તે સ્થિતિમાં તેમણે સંતુષ્ટ રહેવું જોઇએ, તો, 'હા મિત્રો, એ જ વાત છે ને', જરા આવેશપૂર્વક રસ્કિન કહે છે, 'પરમ કૃપાળુ પરમાત્માએ તેમને એ સ્થિતિમાં મૂક્યાં છે કે આપે ?' એ પ્રશ્નનો ઉત્તર, રસ્કિન કહે છે, જ્યાં સુધી દરરોજ સવારે આપણને લાભદાયી થાય એવું શું કરીશું એમ નહિ પણ ન્યાયી હોય એવું શું કરીશું એમ પણ જાતને પૂછીએ નહિ અને ન્યાય કરવામાં ગાળેલા એક કલાકનું મૂલ્ય પ્રાર્થના કરવામાં ગાળેલા ૭૦ વર્ષો જેટલું છે. એ સમજવા જેટલા આપણે ખ્રિસ્તી નહિ થઇએ, ત્યાં સુધી આપણને નહિ મળે.

શ્રોતાઓમાં સુખી વર્ગનાં સ્ત્રીપુરુષોને આમ ન્યાય કરવાનું મહત્ત્વ સમજાવીને રસ્કિન શ્રોતાઓમાં કામદારોને આશ્વાસન આપે છે કે એવો દિવસ અવશ્ય આવશે જ્યારે જેઓ પાર્લામેન્ટમાં ભાષણો કરે છે પણ પાર્લામેન્ટની બહાર લોકહિતનું કંઇ કામ કરતા નથી તેમને જ આપવામાં આવે છે તે કરતાં જેઓ પાર્લામેન્ટમાં ચૂપ રહે છે પણ પાર્લામેન્ટની બહાર લોકહિતનું કામ કામ કરે છે તેમને વધારે આપવામાં આવશે. ખેડૂતોને આજે જે આપવામાં આવે છે તે કરતાં તેમને વધારે આપવામાં આવશે, વકિલોને આજે જે આપવામાં આવે છે તે કરતાં તેમને ઓછું આપવામાં આવશે, શરીર શ્રમનું કામ કરનારાઓ સારું આરામનો પૂરતો સમય નિયત કરવામાં આવશે અને એ સમય દરમિયાન રમતો જેમાં કૃત્રિમ પુષ્પો અને કૃત્રિમ પ્રકાશ હોય અને જેમાં ગરીબીથી પરવશ બની યુવતીઓ નૃત્ય કરતી હોય એવા ઉદ્યાનમાં નહિ, પણ જેમાં સાચાં પુષ્પો હોય, જેમાં સૂર્યનો જ પ્રકાશ હોય અને જેમાં આનંદના ઉલાલસથી બાળકો નૃત્ય કરતાં હોય એવા ઉદ્યાનમાં સાત્ત્વિક આનંદ આપે એવી હશે.

સમજપૂર્વક અને મૂઢતાથી કરેલા કામ વચ્ચેના ભેદને લગતા મુદ્દા અંગે રસ્કિનનો અભિપ્રાય એ મતલબનો છે કે સમજપૂર્વક કરેલું કામ ઉપયોગી હોય એવું કામ કઠોર હોય તોપણ તેની સામે કોઇ વાંધો લેતું નથી, કોઇએ લેવો પણ ન જોઇએ, સર્વ પ્રકારના દુર્વ્યયોમાં શ્રમનો દુર્વ્યય વધારેમાં વધારે ખરાબ છે. વળી સમજપૂર્વક કરેલું કામ પ્રામાણિક હોય. અંગ્રેજ પ્રજા, રસ્કિન કહે છે, હળવામાં હળવી રમતોમાં ન્યાય વર્તનની અપેક્ષા રાખે છે, પણ એ ભારે આશ્ચર્યની વાત છેકે, વ્યાપારીઓ તેમના હરીફો ઉપર સરસાઇ મેળવવા અનુચિત વેચાણરીતિઓનો આશ્રય લે છે. તેનો કોઇ વિરોધ નથી કરતું.

સમજપૂર્વક કરેલા કામનું ત્રીજું લક્ષણ રસ્કિન એ જણાવે છે કે એવું કામ ઉમંગથી કરેલું હોય. પોતાનો આ મત સ્પષ્ટ કરવા રસ્કિન 'જે કોઇ નાના બાળક જેવા થઇને ઇશ્વરનું રાજ્ય નહિ સ્વીકારે તે તેમાં પ્રવેશ નહિ કરી શકે' અને 'નાનાં બાળકોને મારી પાસે આવવા દો, તેમને મેરી પાસે આવતા રોકો નહિ, કારણ કે ઇશ્વરનું રાજ્ય તેમના જેવાનું છે' એ મતલબનાં ઇશુના વચનો ટાંકીને કહે છે, 'ધ્યાનમાં રાખો, બાળકોનું નહિ, બાળકો જેવાનું, આપણે જે મેળવવાનું છે તે તો બાળકોના સ્વભાવના લક્ષણો'

સંસ્કારી બાળકોના ત્રણ લક્ષણો રસ્કિન ગણાવે છે: પહેલું એ કે એવાં બાળકો નમ્ર હોય છે, બીજું એ કે એવાં બાળકો તેમના માતાપિતા ઉપર શ્રદ્ધા રાખે છે, અને ત્રીજું એ કે એવાં બાળકો પ્રેમાળ અને ઉદાર હોય અને તેથી ઉમંગમાં રહે છે. રસ્કિનના મત અનુસાર સંસ્કારી કામદારોમાં પણ એ ત્રણે લક્ષણો હોય છે, એવા કામદારો માને છે કે પોતે બહુ ઓછું જાણે છે, પોતાનાં ઘણા ઉપરીઓ પોતે છે તે કરતાં વધારે સમજુ હોય છે અને તેથી તેમની પર શ્રદ્ધા રાખે છે, તેમની સૂચનાઓનું પાલન કરે છે, ભવિષ્યમાં શું થશે તેની ચિંતા નથી કરતાં, પોતાનાં રોજબરોજના કર્તવ્યોનો જ વિચાર કરે છે અને રમણીય રમતો માટે સદા તૈયાર હોય છે, રમણીય રમત એટલે સૂર્યની રમત જેવી, તે પ્રભાતે નીચે ધુમ્મસ સાથે અને ઉપર વાદળ સાથે રમે છે તેવી.' 'એ સૂર્ય જ' વ્યાખ્યાનનો ઉપસંહાર કરતાં રસ્કિન કહે છે, સાચો કામદાર છે.'

સૂર્યને જ સાચો કામદાર કહીને રસ્કિન શ્રોતાઓમાં કામદારોને એમ સૂચવતા જણાય છે કે જેમ સૂર્ય જગતને પ્રકાશ આપવાનું પોતાનું કર્તવ્ય અવિરત આનંદપૂર્વક કરતો રહે છે તેમ તેમણે પણ સદા પ્રફુલ્લિત રહીને તેમના કર્તવ્યો કરતાં રહેવું જોઇએ .

♦♦♦

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ, ચિખોદરા દ્વારા સ્વ. ધીરજબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે પ્રો. તારાબહેન રમણલાલ શાહના આર્થિક સહયોગથી નેત્રયજ્ઞનું આયોજન શનિવાર, તા. ૧૪મી ડિસેમ્બર ૧૯૯૬ના રોજ ચીખલી (જિ. વલસાડ) મુકામે કરવામાં આવ્યું છે.

☐ મંત્રીઓ

## કસ્તુરબા ગાંધી સ્મારક ટ્રસ્ટ, કોબાની મુલાકાત

આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કસ્તુરબા ગાંધી સ્મારક ટ્રસ્ટ, કોબા (જિ. ગાંધીનગર)ને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. સંઘ દ્વારા એકત્ર થયેલ રકમનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ કસ્તુરબા ગાંધી સ્મારક ટ્રસ્ટ, કોબામાં ફેબ્રુઆરીના પહેલા કે બીજા અઠવાડિયામાં યોજવામાં આવશે. જેઓ આ કાર્યક્રમમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે પોતાના નામ અને ફોન નંબર સંઘના કાર્યાલયમાં ૨૫મી ડિસેમ્બર સુધીમાં નોંધાવી લેવા વિનંતી છે.

☐ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૭ ● અંક : ૧૨ ● ● તા. ૧૬-૧૨-૯૬ ● Licence to post without prepayment No. 37
●Regd. No. MH / MBI-South / 54 / 97

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૫૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ગલત નમૂના

લશ્કરમાં સૈનિકોને તાલીમ આપતી વખતે કેટલીક બાબતમાં જલદી સમજાય એ માટે એક ખોટી રીત કે પદ્ધતિ બતાવવામાં આવે છે. એને 'ગલત નમૂના' કહેવામાં આવે છે. ત્યાર પછી સાચી રીત કે પદ્ધતિ બતાવવામાં આવે છે અને એને 'સહી નમૂના' કહેવામાં આવે. બેય જાતના નમૂના બતાવવાથી સાચું શું અને ખોટું શું અને એની વચ્ચેનો તફાવત શો છે તે સૈનિક તરત પારખી શકે છે. સાચાં અને ખોટાં ઉદાહરણ એમ બે બાજુબાજુમાં રાખવાથી બંને વચ્ચે ક્યાં અને કેટલું અંતર છે એ તરત ઊડીને આંખે વળગે છે.

ભારતે આઝાદીની લડત દરમિયાન ઘણા સહી નમૂના બતાવ્યા. આઝાદી પછી સત્તાસ્થાને આવનાર પ્રતિષ્ઠિત એવી ઘણી વ્યક્તિઓએ ભારતની લોકશાહી માટે શરમરૂપ ગણાય એવા ગલત નમૂના બતાવ્યા છે.

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન પી.વી. નરસિંહરાવનું નામ કેટલાંક કૌભાંડોમાં સંડોવાયેલું હોવાથી એમને કોર્ટમાં આરોપીના પીંજરામાં ઊભા રાખવામાં આવ્યા હતા. નરસિંહરાવ નિર્દોષ છૂટશે કે એમને સજા થશે એ તો ભવિષ્યના હાથમાં છે, પરંતુ સમગ્ર દેશના એક સર્વોચ્ચ સત્તાસ્થાન પરની વડા પ્રધાન જેવી વ્યક્તિને આરોપી તરીકે કોર્ટમાં હાજર થવું પડે એથી વધુ નામોશીભરી સ્થિતિ કઇ હોઇ શકે ? તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી જયલલિતાને, ભ્રષ્ટાચારના કેટલાક કિસ્સામાં સંડોવાયા હોવાને કારણે જેલમાં પૂરવામાં આવ્યાં છે. મુંબઇના એક ભૂતપૂર્વ શેરીફને પગરખાનાં કૌભાંડમાં સંડોવાયા હોવાને કારણે કેદમાં પૂરવામાં આવ્યા છે. સુખરામ, ભજનલાલ વગેરેની સામે કાર્યવાહી ચાલી રહી છે. થોડા વખત પહેલાં જૈન બંધુઓની ડાયરીમાંથી કેટલા બધા કહેવાતા મોટા માણસોનાં નામ નીકળ્યાં હતાં !

જે દેશમાં વડા પ્રધાન, રાજ્યના મુખ્ય મંત્રીઓ, મેયરો, શેરીફો, જેવી ઉચ્ચ પ્રતિષ્ઠિત સત્તાધારી વ્યક્તિઓ જ 'વાડ ચીભડાં ગળે' જેવી રીતે વર્તતી હોય એ દેશની પ્રજાના માનસ ઉપર કેવી ઘેરી નિરાશાની છાપ અંકિત થઇ જાય એ સમજાય એવું છે. પરંતુ દુઃખની વાત એ છે કે આ બધા ગલત નમૂનાને 'સહી નમૂના' તરીકે સમજીને, એમનો આદર્શ પોતાની સામે રાખીને બીજા ઊગતા નવા રાજકારણીઓ પણ એ જ દિશામાં ગતિ કરતા હોય છે. તેઓ બોલે છે 'અરે, ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી કે નરસિંહરાવ જેવાને કંઇ થયું નથી તો આપણને શું થવાનું છે ? જે નાણાં મળશે એમાંથી સારામાં સારા વકીલોને રોકીને વાતને પાંચપંદર વરસ ખોરંભે પાડી દેતાં ક્યાં નથી આવડતું ?' આવી મનોદશા રાજદ્વારી અને અન્ય ક્ષેત્રના યુવાનોમાં જ્યારે જોવા મળે છે ત્યારે આપણો ખેદ વધી જાય છે.

ભારતમાં ભ્રષ્ટાચારની શરૂઆત તો આઝાદી મળ્યા પછી તરત જવાહરલાલ નહેરુના શાસનકાળ દરમિયાન જ ચાલુ થઇ ગઇ હતી. નહેરુના પહેલા પ્રધાન મંડળના પ્રધાન કૃષ્ણમેનનને, કોંગ્રેસે તે વખતે બ્રિટનમાં જમા કરાવેલા બે લાખ રૂપિયા પોતાના અંગત ઉપયોગ માટે વાપરી લીધા હતા. એની ફરિયાદ સરદાર પટેલ અને મૌલાના આઝાદે મહાત્મા ગાંધીજી આગળ કરી હતી, પરંતુ જવાહરલાલે ગાંધીજી આગળ કૃષ્ણમેનનનો લૂલો બચાવ કરી વાતને દાબી દીધી હતી. આ ઘટનાની વિગતો મૌલાના આઝાદે પોતાની અંગત ડાયરીમાં લખી છે. ત્યાર પછી કૃષ્ણમેનન જ્યારે સંરક્ષણ પ્રધાન હતા ત્યારે જીપના સોદામાં પણ એમણે આચરેલી ગેરરીતિઓની વિગતો બહાર આવી હતી.

૧૯૫૨માં તામિલનાડુ (ત્યારે મદ્રાસ) માંથી પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાઇ આવેલા કોંગ્રેસ સંસદસભ્ય મુદાલિયારે સંસદમાં એક પ્રશ્ન પૂછવા માટે એક ઉદ્યોગપતિ પાસેથી મોટી લાંચ લીધી હતી. એ પુરવાર થતાં મુદાલિયારને સંસદમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

ત્યારપછી હરિદાસ મુંદડાની કંપનીની ઘટના બહાર આવી હતી. તે વખતના નાણાપ્રધાન ટી. ટી. કૃષ્ણમાચારી અને એચ. એમ. પટેલનું નામ એમાં સંકળાયેલું હતું. જવાહરલાલના જમાઇ ફિરોજ ગાંધીએ આ પોલ બહાર પાડી હતી. હરિદાસ મુંદડાએ તપાસ સમિતિ સમક્ષ કબૂલ કર્યું હતું કે આ સોદાથી પોતાને થયેલા લાભમાંથી એમણે કોંગ્રેસને બધું મળીને અઢી લાખ રૂપિયા ખાનગીમાં આપ્યા હતા.

નહેરુની સરકારે ત્યાર પછી ધર્મા તેજા નામના જહાજ કંપનીના ઉદ્યોગપતિને વીસ કરોડ રૂપિયાની લોન ગેરરીતિથી આપી હતી. ધર્મા તેજાએ કરોડો રૂપિયાની આવક-સંપત્તિ છૂપાવ્યાં હતાં. રામમનોહર લોહિયાએ વિગતો એકત્ર કરી આ કૌભાંડ ખુલ્લું પાડ્યું હતું. ધર્મા તેજા પાસેથી કોંગ્રેસી નેતાઓએ કેટલી રકમ મેળવી હતી એની બધી વિગતો બહાર આવી શકી નહિ. જવાહરલાલ નહેરુના વખતમાં જુદાં જુદાં રાજ્યોના પ્રધાનોએ આચરેલા ભ્રષ્ટાચારની વાતો બહાર આવતી, પરંતુ તે સામે તેઓ પગલાં લેતા નહિ. એમની પ્રતિભા એટલી મોટી અને કડક હતી કે કોઇ બોલી શકતું નહિ. ભ્રષ્ટ પ્રધાનો પોતાની સામે વિરોધ કરે ત્યારે એમને બોલતા બંધ કરવા માટે તેઓ તેમને પોતાની પાસે બોલાવીને એ બધી વિગતો બહાર પાડવાની ધમકી આપતા.

જવાહરલાલની નીતિરીતિને જ ઇન્દિરાએ વધુ વ્યાપક રીતે અપનાવી હતી. એમણે દિલ્હીની સ્ટેટ બેંકની શાખામાંથી સાઠ લાખ રૂપિયા નગરવાલા પાસે મંગાવ્યા એ ઘટના ઉપરથી અને નગરવાલાના ભેદી મૃત્યુની વાત ઉપરથી પડદો હટ્યો નહિ. આ ગાળા દરમિયાન પેટ્રોલિયમ ખાતાના પ્રધાન પ્રકાશચંદ્ર સેટી, સંજય ગાંધી, કમલનાથ, હરીશ જૈન વગેરેનાં નામ કરોડો રૂપિયાના ડીઝલ કૌભાંડમાં બહાર આવ્યાં હતાં. ઇન્દિરા ગાંધીની મહેરબાની મેળવનાર મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી અબ્દુલ રહેમાન અંતુલેએ 'ઇંદિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ' દ્વારા આચરેલા સીમેન્ટ કૌભાંડમાં ન્યાયમૂર્તિ લેન્ટિને જે ચુકાદો આપ્યો એથી અંતુલેને ગાદી છોડવી પડી હતી. ઇન્દિરા એમને બચાવી શક્યાં નહિ.

ઇંદિરા ગાંધીના વખતમાં સંરક્ષણ પ્રધાન જગજીવનરામના ખાતામાં જેગુઆર વિમાન, સબમરીન અને તોપના સોદામાં એંસી કરોડ રૂપિયાની લાંચ લેવાઇ હતી એવા આક્ષેપો થયા હતા, પરંતુ એની બધી વિગતો બહાર આવી શકી નહિ.

રાજીવ ગાંધીના શાસનકાળ દરમિયાન બોફોર્સ તોપના સોદામાં લેવાયેલી કરોડો રૂપિયાની લાંચની વિગતો, આટલાં વર્ષો પસાર થવા છતાં બહાર નથી આવી. એક મહિલા પત્રકારે આ સોદામાં ખવાયેલાં નાણાં અંગે માહિતી પ્રગટ કરી હતી.

તાજેતરમાં સુખરામ, શીલા કૌલ અને ભજનલાલ વગેરેનાં નામો ચમક્યાં છે. યુરિયા કૌભાંડની તો વળી જુદી જ વાત છે. જુદાં જુદાં રાજ્યોમાં, આઝાદી મળી ત્યારના વખતથી નાનાં મોટા ભ્રષ્ટાચારો થતાં જ રહ્યાં છે. ડિસ્ટીલરી કૌભાંડ, ભૂસા કૌભાંડ, લોટરી કૌભાંડ, સુવર્ણ કૌભાંડ, મારુતિ કાર કૌભાંડ, ખનીજ કૌભાંડ, ટી.વી. કૌભાંડ, મફત સાડી કૌભાંડ, ભિક્ષુક નિધિ કૌભાંડ, પૂરરાહત કૌભાંડ, વસ્ત્રોદ્યોગ કૌભાંડ, ખાંડઆયાત કૌભાંડ, અફીણ કૌભાંડ, ઘાસચારા કૌભાંડ-કૌભાંડ કૌભાંડ-ગણતાં ના આવે પાર.

કૌભાંડો અને ભ્રષ્ટાચાર માત્ર ભારતમાં જ થાય છે એવું નથી. પાકિસ્તાનમાં અય્યુબખાનથી શરૂ કરીને આજ સુધી સત્તાધીશો કાળાં નાણાં બનાવતા આવ્યા છે. બંગલા દેશમાં પણ એ જ પરિસ્થિતિ છે. જાપાનમાં મુખ્ય મંત્રી તનાકા અને એમના અનુગામી મિયાઝાવાને મોટી લાંચ લેવાના મુદ્દે રાજીનામાં આપવા પડ્યાં હતાં. અમેરિકામાં નિકસનને વોટરગેટના કૌભાંડ માટે ઇમ્પીચ કરવામાં આવ્યા હતા. પ્રમુખ રેગન ઈરાન સાથેના કોન્ટ્રાકટમાં સંડોવાયા હતા. બિલ ક્લિન્ટનનું નામ વ્હાઈટ વોટર સ્કેન્ડલમાં બોલાય છે. ઇન્ડોનેશિયાના પ્રમુખ સુકાર્નો અને સુહર્તોએ, ફિલિપાઇન્સના માર્કોસે અને દક્ષિણ કોરિયાના પ્રમુખો ચુન દુ વ્હાન અને રોહ તે વુએ કરોડો ડોલર ગેરનીતિથી બનાવ્યા હતા. વર્તમાન સમયનાં આવાં તો ડઝનબંધ નામો આપી શકાય. રાષ્ટ્રની સર્વોચ્ચ સત્તા પર રહેવું અને અંતરથી પ્રામાણિક રહેવું એ ઘણી કઠિન વાત છે. ક્યારેક જાતે પૈસા ન બનાવ્યા હોય તો પણ બીજાને તે બનાવવામાં પોતે મદદરૂપ થયા હોય એવા દાખલાઓ પણ ઓછા નથી. પ્રામાણિકતાની સાથે ન્યાયબુદ્ધિ હોય તો જ આવી ગેરરીતિઓથી દૂર રહી શકાય. ઘણા દેશોમાં લાંચરુશ્વત બહુધા ઉચ્ચ સ્તરે જ, ઘણી મોટી રકમની હોય છે. સામાન્ય પ્રજાજનને રોજિંદા વ્યવહારમાં હાડમારી નથી હોતી. ભારતમાં નીચેના સ્તરે પણ ઘણી ભ્રષ્ટતા છે. રેશન કાર્ડ, ટેલિફોન, રેલવે ટિકિટ, ડ્રાઈવિંગ લાયસન્સ, ટ્રાફિક પોલિસ, શાળા કોલેજમાં પ્રવેશ વગેરે સર્વ સ્તરે રોજિંદી હાડમારી ભ્રષ્ટાચારને લીધે પ્રવર્તે છે.

ભારતમાં રાજકીય ક્ષેત્રે ભ્રષ્ટાચારનું મોટું કારણ તે ચૂંટણીભંડોળ છે. મોટા ભાગના રાજકારણીઓ પાસે પોતાનો અન્ય વ્યવસાય કે આવકનાં સાધનો પૂરતા પ્રમાણમાં નથી હોતાં. પરંતુ ચૂંટણી લડવા માટે ઘણાં નાણાં જોઇએ. પક્ષ તરફથી થોડાંક મળે, પણ બાકીનાં તો જાતે જ મેળવવાં પડે. જે વ્યક્તિ રાજનેતાને ખાનગીમાં મોટી રકમ આપે તે પછી એવા રાજનેતા પાસેથી ગેરલાભ પણ ઉઠાવે, અથવા જેણે નાણાં ખર્ચ્યાં છે એને બીજી ચૂંટણી માટે નાણાં જોઇએ. એ ક્યાંથી લાવવાં ? સહેલો રસ્તો તે પોતાની સત્તા વાપરીને લાઇસન્સ, પરમિટ અપાવવાં, મોટાં સોદાનાં ટેન્ડરો કાઢી, અમુક પેઢી માટે મંજૂર કરાવી તેમાંથી કમિશન મેળવવું. આવી બહુ મોટી રકમ મળે તો તે ન પકડાય એવી રીતે રાખવી ક્યાં ? સ્વિસ બેંકનાં શરણ જેવું કોઇ શરણ નહિ. સહેલાઈથી ખાતું ખોલાવાય અને ખાતાનો કોડ નંબર મળી જાય. ભારતમાંથી કાળાં નાણાં મેળવી ડોલરમાં તેનું રૂપાંતર કરાવવું અને સ્વિસ બેંકમાં જમા કરાવવામાં માથાકૂટ વધુ રહે છે એટલે ભ્રષ્ટ રાજનેતાઓએ શોધી કાઢ્યું કે વિદેશી કંપનીને કોઇક વસ્તુનો ઓર્ડર આપી તેનું કમિશન સીધું સ્વિસ બેંકમાં જમા કરાવવામાં વધુ સરળતા રહે.

આમ દુનિયાભરમાં ભ્રષ્ટાચારને પોષવામાં સ્વિસ બેંકોનો ફાળો ઓછો નથી. હવે તો સ્વિસ બેંકની પદ્ધતિ કેટલાંયે નાનાં નાનાં ટાપુ રાષ્ટ્રો (Island Nation) શીખી ગયાં છે. કેટલાયે ધનાઢ્યોના ખાતાંઓ આવાં રાષ્ટ્રોમાં વધતા ચાલ્યાં છે.

વર્તમાન સમયમાં જીવન ઉત્તરોત્તર ખર્ચાળ અને વધુ ભોગ-વિલાસવાળું થતું જાય છે. આમ તો માણસ પેટમાં સમાય એથી વધુ ખાઇ શકતો નથી અને એને સૂવા માટે છ સાત ફૂટથી વધારે જગ્યાની જરૂર પડતી નથી. પરંતુ માણસની તૃષ્ણાને કોઇ અંત નથી. પોતાની પાસે જુદા જુદા શહેરોમાં સરસ બંગલા હોય, હિલ સ્ટેશનો પર બંગલા હોય, ફાર્મહાઉસ હોય, મોંઘામાં મોંઘી મોટરગાડીઓ હોય, અંગત અથવા કંપનીની માલિકીનું પોતાને માટે જુદું વિમાન હોય, છાશવારે નાચગાનની પાર્ટીઓ થતી હોય, દેશ વિદેશની લાંબી લાંબી સફરો થતી હોય, મોબાઇલ ફોન પર દેશ વિદેશમાં નિરાંતે વાતો થતી હોય-છતાં માણસને સંતોષ થતો નથી. મોંઘામાં મોંઘું અને સારામાં સારું, પોતે અભિમાન લઇ શકે એવું મૌલિક અદ્વિતીય પોતાની પાસે બધું હોય એવું તે ઇચ્છે, પણ આવા આધુનિક રજવાડી ઠાઠ માટે તો લાખો નહિ કરોડો રૂપિયા પણ ઓછા પડે. પરંતુ પોતાની સહીથી ઉદ્યોગપતિઓ જો તગડા થઇ શકતા હોય તો પોતે પણ તગડા કેમ ન થવું ? આવી આવી વિચાર-સરણી, આવા આવા મનોરથો રાજનેતાઓને કુટિલ આચરણમાં, કૌભાંડો અને ભ્રષ્ટાચારમાં ઘસડી જાય છે. અથવા કોઇકની ભૂરકીથી તેઓ ઘસડાઇ જાય છે અને પકડાય છે ત્યારે પસ્તાય છે. ભ્રષ્ટાચારનું ક્ષેત્ર આમ નાના પટાવાળાથી માંડીને વડા પ્રધાન સુધી વિસ્તરેલું છે, આ રોગ હવે ભારતવાસીઓના લોહીમાં પણ પ્રસરી ગયો છે.

શું ભ્રષ્ટાચાર નિર્મૂળ નહિ થાય ? ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે ક્યારેય નિર્મૂળ નહિ થાય. ઠેઠ પ્રાચીન કાળથી એ ચાલ્યો આવે છે. અને મનુષ્યના અસ્તિત્વ સાથે એ રહેવાનો જ. પરંતુ એનું પ્રમાણ વધારે કે ઓછું સંભવી શકે છે. એ માટે ભારે પુરુષાર્થની અપેક્ષા રહે છે. જ્યાં સુધી ભારતમાં ગરીબી અને બેકારી છે, સરકારી અને અન્ય કર્મચારીઓની આર્થિક સ્થિતિ સાધારણ સામાન્ય છે ત્યાં સુધી ભ્રષ્ટાચાર નિર્મૂળ થવાની આશા બહુ રાખી શકાય નહિ. જેમ જેમ શિક્ષણ વધતું જાય, લોકોને સંતોષકારક સાધારણ રોજગારી મળતી જાય, જેમ જેમ ગરીબીનું પ્રમાણ ઓછું થતું જાય તેમ તેમ ભ્રષ્ટાચાર ઘટતો જાય. અલબત્ત, વખતોવખત ભ્રષ્ટાચારનું સ્વરૂપ બદલાતું જશે. ઈંદિરા ગાંધી વેપારી મંડળો પાસેથી નાણાં પડાવતાં હતાં તો રાજીવ ગાંદીએ વિદેશી કંપનીઓ સાથેના સોદાઓમાં હિસ્સો રખાવવાનું વિચાર્યું હતું. તામિલનાડુમાં એક પ્રધાને ગરીબોને મફત ઘર આપવાની યોજના ઘડી, તો બીજાએ ગરીબ સ્ત્રીઓને મફત સાડી આપવાની યોજના વહેતી મૂકી. એથી લોકોનાં હૃદય જીતી શકાય અને પોતાનાં બધાં ગજવાં ભરી શકાય.

ગરીબી હોય અને બેકારી હોય એટલે ભ્રષ્ટાચાર નિર્મૂળ ન થાય એવું નથી, પણ એ માટે તો સમગ્ર દેશને દોરી શકે એવી નિર્મળ અને સબળ નેતાગીરી જોઇએ. પ્રાદેશિક ધોરણે પણ એવા નેતાઓ અત્યારે ખાસ જોવા નથી મળતા, તો રાષ્ટ્રીય સ્તરે તો એવું વ્યક્તિત્વ ઉપસી આવતાં તો ઠીક ઠીક સમય લાગશે.

ભારતમાં કેવળ ગલત નમૂના જ છે એવું નથી. સંનિષ્ઠ શાસનકર્તા તરીકે સરદાર પટેલ, રાજેન્દ્ર બાબુ, લાલ બહાદુર શાસ્ત્રી, ગોવિંદ વલ્લભ પંત, અન્ના દુરાઇ વગેરે ઘણાએ 'સહી નમૂના'ની ખાતરી કરાવી છે. ભારતીય ભૂમિ એવી છે અને એનાં સાંસ્કૃતિક મૂળ એટલાં ઊંડાં છે કે ભ્રષ્ટાચારના સંખ્યાબંધ દાખલાઓ જોવા મળતા હોવા છતાં ચિત્ર તદ્દન નિરાશાજનક જ છે અને રહેશે એવું કહી શકાય નહિ.

વળી, આટલું બધું થયું હોવા છતાં, ભલે ઠીક ઠીક વાર લાગે છે તો પણ ભારતમાં લોકશાહીનાં મૂલ્યોનાં મૂળ ઊંડાં છે, એટલે જ સુપ્રીમ કોર્ટ, ચૂંટણીપંચ, સી.બી.આઇ. વગેરે દ્વારા ગુનાઓને પકડવાની અને સજા કરવાની પ્રક્રિયા મંદ ગતિએ પણ વ્યવસ્થિત રીતે ચાલે છે.

એટલે જ સદંતર નિરાશા રાખવાને કોઇ કારણ નથી.

☐ રમણલાલ ચી. શાહ

# 'પંચતંત્ર'માં ધન-મીમાંસા

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

ત્રણેક સાલ પૂર્વે એક ગરીબ મજૂર મારે ઘરે આવીને કહે : ' આજે તો હું તમારે ઘરે જમીને જ જવાનો.' મેં કહ્યું : 'કયા અધિકારથી ?' તો તે કહે : 'ત્રીસેક સાલ પૂર્વે આ મકાન બંધાતું હતું ત્યારે મેં મજૂરી કરી છે.' મેં કહ્યું : 'મજૂરીના પૈસા મેં ચૂકવેલા કે નહીં ?' એ કહે : 'ચૂકવેલા... પણ આજે મને કામ મળ્યું નથી...એટલે હું અહીં ખાઇને જ જવાનો.' અધિકારપૂર્વક એ જમીને જ ગયો !

દરરોજનું દરરોજ રળીને ખાતી મારી કામ કરનારીને મેં સહજભાવે પૂછ્યું : 'શશિ ! ધાર કે તને લાખ રૂપિયા મળે તો તું શું કરે ?' ક્ષણનો પણ વિચાર કર્યા વિના એણે જવાબ આપ્યો : ' અનાજથી મારું ઘર ભરી દઉં.'

અર્ધી સદી-પુરાણા મારા અધ્યાપક મિત્રને, સસ્તા ભાવે રાખેલી જમીન મોંઘા દરે વેચતાં માતબર નફો થયો...એટલે ઘરે આવીને કહે : 'અનામી ! આટલા બધા પૈસાનું હું શું કરું ?'

મારા એક બેરીસ્ટર મિત્રને મેં પૂછ્યું : 'તમારી પાસે કરોડ રૂપિયા હોય તો શું કરો ?' એમણે જે યોજનાઓ કહી બતાવી એમાં કરોડનું તો બત્રીસા ભોજનમાં ચટણી જેટલું સ્થાન હતું. તો આ છે ધનનો અભિમન્યુ-ચકાવો !

દરિદ્રતાના દુઃખે પીડાતી સુદામાની વ્યવહારદક્ષ પત્નીને મન અન્ન અને ધનની તુલનાએ જ્ઞાન પણ નિરર્થક લાગે છે. એ કહે છે :-

'એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે,

લાવો, બાળક માગે અન્ન, લાગું પાયજી રે'

'કેપિટલ'ના વિધાનકર્તા માર્કસે તો આપણી બધી જ સામાજિક, ધાર્મિક, રાજકીય અને સાંસ્કૃતિક સંસ્થાઓનો ઘાટ ને ઢાંચો સમાજની જે પ્રકારની આર્થિક સ્થિતિ હોય છે તેને અનુરૂપ દર્શાવ્યો છે ને વર્ગવિગ્રહ દ્વારા મજૂરશાહીના વિજય-રાજ્યની કલ્પના કરી છે. ધનનું આવું અનિવાર્ય પ્રાબલ્ય સમજીને તો આપણા ઋષિમુનિઓ અને સ્મૃતિકારોએ જીવનના ચાર પુરુષાર્થમાં અર્થને પણ અગત્યનો પુરુષાર્થ ગણાવ્યો છે. જેની પાસે ધન નથી એ તો દુઃખી છે જ, પણ જેની પાસે અધિક ધન છે તે તો તેથી ય વિશેષ દુઃખી છે. 'પંચતંત્ર'કારે ધનની છત ને અછતની ઠીક ઠીક મીમાંસા કરી છે.

'પંચતંત્ર'નાં પાંચ તંત્રોમાં પ્રથમ તંત્ર 'મિત્રભેદ' નામે છે. માહિલારોપ્ય નગરનો વણિકપુત્ર નામે વર્ધમાન, ધર્મનીતિથી વિપુલ વૈભવ કમાવા છતાં કહે છે : 'પુષ્કળ ધન હોય તો પણ વધારે ધન પેદા કરવાના ઉપાયો વિચારવા જોઇએ અને કરવા જોઇએ - કારણ ? - કહ્યું છે કે : 'એવી કોઇ વસ્તુ નથી જે ધનથી સિદ્ધ ન થાય. માટે બુદ્ધિમાન પુરુષે પ્રયત્નપૂર્વક એકમાત્ર ધનનું સંપાદન કરવું જોઇએ. જેની પાસે ધન હોય છે તેને મિત્રો મળે છે, જેની પાસે ધન હોય છે તેની સાથે સગાંઓ સંબંધ રાખે છે, જેની પાસે ધન હોય છે તે આ લોકમાં પુરુષ કહેવાય છે-અને જેની પાસે ધન હોય છે તે પંડિત કહેવાય છે. ધનની ઇચ્છાવાળા મનુષ્યોએ-યાચકોએ-ધનવાનોના વિષયમાં ન ગાયેલી એવી કોઇ વિદ્યા, કોઇ દાન, કોઇ શિલ્પ કે કોઇ કલા નથી. અર્થાત્ યાચકો ધનવાનોની સ્તુતિ કરતાં તેમને સર્વગુણસંપન્ન તરીકે વર્ણવે છે. આ લોકમાં પરાયો માણસ પણ ધનિકોનો સ્વજન થઇ પડે છે; અને દરિદ્રોને માટે સ્વજન પણ તે જ ક્ષણથી દુર્જન થઇ પડે છે. પર્વતો ઉપરથી નીકળેલી તથા આગળ જતાં એકત્ર થઇને વૃદ્ધિ પામેલી નદીઓથી જેમ લોકોની સર્વ ક્રિયાઓ પ્રવર્તે છે, તેમ વૃદ્ધિ પામેલા અને એકત્ર થયેલા ધન વડે પણ સર્વ ક્રિયાઓ પ્રવર્તે છે. અપૂજ્યની પણ જે પૂજા કરવામાં આવે છે, અગમ્યની પાસે પણ જે જવામાં આવે છે તથા અવંદ્યને પણ જે વંદન કરવામાં આવે છે તે ધનનો પ્રભાવ છે. ખોરાકથી જેમ ઇંદ્રિયો કાર્ય કરતી બને છે તેમ ધનથી સર્વ કાર્યો થાય છે. એ કારણથી ધનને સર્વ સાધન-સર્વ વસ્તુ સિદ્ધિ કરનાર તરીકે વર્ણવવામાં આવે છે. ધનની ઇચ્છાવાળા આ જીવલોકનાં મનુષ્યો સ્મશાનમાં પણ રહે છે. અને પોતાનો પિતા પણ જો નિર્ધન હોય તો તેનો દૂરથી જ ત્યાગ કરીને ચાલ્યાં જાય છે. જેમની વય વીતી ગઇ હોય એવા પુરુષો પણ જો ધનવાન હોય તો તરુણ દેખાય છે, અને જેઓ ધનહીન હોય છે તેઓ યુવાવસ્થામાં પણ વૃદ્ધ બની જાય છે. सर्वे गुणा कांचनमाश्रयन्ते - તો એવું ધન પ્રાપ્ત શી રીતે થાય ? 'પંચતંત્ર'કાર ધનપ્રાપ્તિના છ ઉપાય દર્શાવે છે. (૧) ભિક્ષા, (૨) રાજાની સેવા, (૩) ખેતી, (૪) વિદ્યોપાર્જન, (૫) ધીરધાર અને (૬) વેપાર. ધનપ્રાપ્તિના આ સર્વ ઉપાયોમાં માલનો સંઘરો કરવાનો ઉપાય ઉત્તમ છે. ધનપ્રાપ્તિને માટે એ એક જ ઉપાયની પ્રશંસા કરેલી છે. એ સિવાયના બીજા ઉપાયો તો સંશયાત્મક કહ્યા છે. ધનપ્રાપ્તિ કાજે સાત પ્રકારનો વેપાર દર્શાવ્યો છે, તેમાં સુગંધી પદાર્થો વેચવાનો વેપાર (જેમાં એકના સો લઇ શકાય), નાણાવટીનો ધંધો-મંડળીનો વેપાર, ઓળખીતા ઘરાકોને માલ પૂરો પાડવાનો વેપાર, ખોટી કિંમત કહેવી (અને તેથી ધન પેદા કરવું), ખોટાં તોલમાપ રાખવાં (દેવાની પાંચ શેરી સાડાચાર શેર વજનની રાખવીને લેવાની સાડા પાંચશેરની રાખવી) અને દેશાવરથી માલ આયાત કરવો વગેરે...દૂર દેશાન્તરમાં ગયેલા લોકો જથાબંધ માલ વેચવાના વેપારમાં ઉદ્યમથી બમણું અથવા ત્રમણું ધન મેળવે છે.

વનના સ્વામી પિંગલકનું મંત્રીપદ ગુમાવી બેઠેલાં બે શિયાળ-દમનક અને કરટક વચ્ચેના સંવાદમાં પણ ધન-પ્રશસ્તિ આવે છે. કરટક દમનકને કહે છે : '(સિંહનો) ખાતાં વધેલો આહાર તો આપણી પાસે છે જ; પછી આ ખટપટનું શું કામ છે ?' જવાબમાં દમનક કહે છે : 'તો તમેશું માત્ર આહારની જ ઇચ્છાવાળા છો ? એ બરાબર નથી. કહ્યું છે કે 'મિત્રો ઉપર ઉપકાર કરવા માટે અને શત્રુ ઉપર અપકાર કરવા માટે ડાહ્યા માણસો (ધનપ્રાપ્તિ માટે) રાજાનો આશ્રય કરે છે. માત્ર જઠર તો કોણ ભરતું નથી ?'... કાગડો પણ લાંબા કાળ સુધી જીવે છે અને બલિ ખાય છે...વળી નદીના તીરે ઊભેલા તૃણનું પણ જન્મ સાફલ્ય છે કે જે પાણીમાં ડૂબવાને કારણે વ્યાકુળ થયેલા મનુષ્યના હાથનો આધાર બને છે...તો પછી ધનની તો વાત જ શી ! શૂરવીર, વિદ્યાવાન અને સેવા જાણનાર એ ત્રણ પુરુષો સુવર્ણપુષ્પિત આ પૃથ્વીને ચૂંટે છે...અર્થાત્ તેમાંથી ધન એકત્ર કરે છે...વળી જે રાજા પાસેથી ધન ન મળે તેનો આકડાના વૃક્ષની જેમ, ત્યાગ કરવો જોઇએ.'

'પંચતંત્ર'ના પ્રથમ તંત્રમાં 'પરિવ્રાજક અને ધુતારો' નામની વાર્તામાં પણ, અધિક ધનવાળો પરિવ્રાજક કોઇનો પણ વિશ્વાસ કરતો નથી...એનાં રાત ને દિવસ ધનની ચિંતામાં જ વ્યતીત થાય છે એટલે એ કંટાળીને કહે છે : 'ધનનું ઉપાર્જન કરવામાં દુઃખ છે, ઉપાર્જન કરેલા ધનનું રક્ષણ કરવામાં પણ દુઃખ છે, આવકમાં પણ દુઃખ છે અને વ્યયમાં પણ દુઃખ છે, માટે કષ્ટમય એવા ધનને ધિક્કાર છે.' વળી, એ જ વાર્તામાં ધનના નાશની વાત કરતાં એક શ્લોકમાં કહે છે: 'ખોટી સલાહથી રાજા, બીજાઓના સંગથી પતિ, લાડ લડાવવાથી પુત્ર, અધ્યયન ન કરવાથી બ્રાહ્મણ, ખરાબ પુત્રથી કુળ, પ્રવાસથી સ્નેહ, પ્રણયના અભાવથી મૈત્રી, અન્યાયથી સમૃદ્ધિ, ખલ મનુષ્યની સેવાથી

શીલ, અભિમાનથી સ્ત્રી, સંભાળ નહીં રાખવાથી ખેતી તથા દાન અને પ્રમાદથી ધન નાશ પામે છે.' વાંચકોને અહીં પ્રમાદથી ધન નાશ પામે છે એ વાત સહી લાગશે પણ દાનથી ધન નાશ પામે છે એ વાત ગળે ઊતરશે નહીં...સંસ્કૃત સુભાષિતોમાં તો ધનની ત્રણ ગતિ ગણાવી છેઃ ઉપભોગ, દાન અથવા નાશ...એટલે દાનથી ધન નાશ પામતું જ નથી...સ્થૂલ ગણતરીએ તે સમય પૂરતું ઓછું થાય છે એટલું જ, બાકી તો શતધા ઊગી નીકળે છે. 'મિત્રભેદ' નામના પ્રથમ તંત્રમાં, 'વિષ્ણુનું રૂપ લેનાર વણકર અને રાજકન્યા'માં પણ, આ જગતમાં અશક્યને શક્ય બનાવનાર ચાર વસ્તુઓ ગણાવી છે તેમાં ધનના બળનો ઉલ્લેખ છે. 'બ્રહ્માંડમાં રહેલી કોઇપણ વસ્તુ, ઔષધિ, ધન અને ઉત્તમ મંત્રોથી તથા મહાત્માઓની બુદ્ધિથી આ લોકમાં અસાધ્ય નથી.' એવી જ રીતે પ્રથમ તંત્રમાંની 'ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ'વાળી વાર્તામાં, 'મિત્ર-સંપ્રાપ્તિ' નામના બીજા તંત્રમાં 'પરિવ્રાજક અને ઊંદર', 'પ્રાપ્તવ્યમર્થના પરાક્રમ', 'વણકર અને ભાગ્ય દેવતા', 'ગુપ્ત ધન અને ઉપભુક્ત ધન નામના બે વણિક'ની કથામાં પણ ધનના પ્રભાવની, એની અછતમાં અવહેલનાની અને એકંદરે એની અનિવાર્યતાની મહત્તા દર્શાવી છે. એવી જ રીતે 'અપરીક્ષિતકારક' નામના પાંચમાં તંત્રમાં પણ 'પદ્મનિધિ'વાળી વાર્તામાં અને ધન ભંડારની શોધમાં નીકળેલા ચાર મિત્રોની કથામાં (ચક્રમ ભ્રમતિ મસ્તકે) પણ ધનના લોભની તેમજ તેની મર્યાદા-વિશેષતાની વાત વર્ણવી છે. આ બધી વિચારણીમાં કવચિત્ પુનરાવર્તનનો દોષ પણ આવી જતો હોય છે પણ ક્યાંક ઊક્તિની ચોટને કારણે, ક્યાંક અલંકારના નાવીન્યને કારણે તો ક્યાંક અર્થાન્તરન્યાસની મૌલિકતાને કારણે એ દોષ બોલકો બનતો નથી.

વિગ્રહના ત્રણ ફળ ગણાવતાં, ભૂમિ, મિત્ર અને સુવર્ણ(ધન)ને ગણાવે છે તો મૈત્રી અને વિવાહમાં સમાન કુળ સાથે સમાન ધનનો ઉલ્લેખ કરે છે. આપત્તિકાળની વાત કરતાં, ધનની રક્ષા કરવી, ધન વડે સ્ત્રીઓની રક્ષા કરવી અને સ્ત્રીઓથી તથા ધનથી સદા કાળ પોતાની રક્ષા કરવાની હિમાયત કરે છે. વ્યવહારની વાત કરતાં કહે છે : 'બુદ્ધિશાળી મનુષ્યે થોડુંક પણ ધન કોઇને દેખાડવું નહિ, કારણ કે ધનના દર્શનથી મુનિનું મન પણ ચલિત થાય છે...એટલું જ નહિ પણ, જેવી રીતે માંસનું પાણીમાં માછલાંઓ દ્વારા, પૃથ્વી ઉપર હિંસક પશુઓ દ્વારા, આકાશમાં પક્ષીઓ દ્વારા ભક્ષણ થાય છે તેમજ ધનવાનનું સર્વત્ર ભક્ષણ થાય છે. એટલે જ પ્રાજ્ઞપુરુષોએ પોતે ઉપાર્જન કરેલા ધનનો રસાયનની જેમ ધીરે ધીરે ઉપભોગ કરવો, ઉતાવળે કરવો નહીં, કેમ જે ધનની માત્ર ઉષ્મા પણ દેહધારીઓનાં તેજમાં વૃદ્ધિ કરે છે તો દાન આપવા સહિતના તેના ઉપભોગની તો વાત જ શી ? વળી દાઢ વિનાના સાપ, અને મદ વિનાના હાથીની જેમ આ જગતમાં ધન વિનાનો પુરુષ નામ માત્ર જ પુરુષ છે. કાકયવ અને વગડાઉ તલ નામ માત્ર જ યવ કે તલ છે તે પ્રમાણે ધનહીન પુરુષનું પણ સમજવું.

પ્રાણીઓને જેમ સૂર્ય પ્રકાશ આપે છે તેમ લક્ષ્મી ગુણોને પ્રકાશ આપે છે. નિર્ધન મનુષ્યમાં મનોરથો ઊંચા વધી વધીને, વિધવા સ્ત્રીના સ્તનોની જેમ પાછા ત્યાં હૃદયમાં જ, વિલીન થાય છે. નિત્ય દરિદ્રતારૂપી અંધકારથી ઘેરાયેલા મનુષ્ય ધોળે દિવસે પ્રયત્નપૂર્વક આગળ ઊભા હોય તો પણ કોઇ એને જોતું નથી. શ્રોત્રિય બ્રાહ્મણ વિનાનું શ્રાદ્ધ મરેલું છે, દક્ષિણા વિનાનો યજ્ઞ મરલો છે, તેમજ દરિદ્ર પુરુષ મરેલો જ છે. તો વળી ધનના ક્ષણિક ઉપભોગની વાત કરતાં કહે છે : 'વાદળાંની છાયા, દુર્જનની પ્રીતિ, રંધાયેલું અન્ન, સ્ત્રીઓ, યુવાની અને ધન એટલાંનો ઉપભોગ થોડા સમય સુધી જ થઇ શકે છે. તેથી જ જિતાત્મા વિવેકીઓ ધનની ઇચ્છા કરતા નથી...વળી, ધનની ઇચ્છાવાળો મૂઢ મનુષ્ય જ દુષ્ટો સહન કરે છે તેનો શતાંશ પણ મોક્ષાર્થી મનુષ્ય સહન કરે તો મોક્ષને પામે. વળી, ધન પ્રાપ્ત થયું હોય તો પણ કર્માનુસાર નાશ પામે છે...અને ઉપભોગ વિનાના ધનનું પ્રયોજન પણ શું ? ઘરની અંદર દાટેલા ધનથી લોકો ધનિક કહેવાતા નથી. જેમ અગ્નિહોત્ર એ વેદનું ફળ છે, શીલ અને સદાચાર એ શાસ્ત્રનું ફળ છે, રતિ અને પુત્ર એ સ્ત્રીનું ફળ છે તેમજ દાન અને ઉપભોગ એ ધનનું ફળ છે.

તળાવમાં રહેલા પાણીને બહાર કાઢી નાખવું એ તેનું રક્ષણ છે, (એથી તળાવ સ્વચ્છ રહે છે) તે પ્રમાણે ઉપાર્જન કરેલા ધનનું દાન કરવું એ જ તેનું રક્ષણ છે. જગતમાં દાન જેવો બીજો કોઇ નિધિ નથી-ભંડાર નથી, લોભ જેવો બીજો કોઇ શત્રુ નથી, શીલ જેવું બીજું કોઇ આભૂષણ નથી અને સંતોષ જેવું બીજું કોઇ ધન નથી. શિવ પાસે ધનમાં માત્ર એક ઘરડો બળદ છે, તો પણ તે પરમેશ્વર છે-મહાદેવ છે.

'પંચતંત્ર'ના 'કથામુખ'માં અમરશક્તિ નામે રાજા, પોતાના શાસ્ત્રવિમુખ ને વિવેકરહિત કુમારોને, અર્થશાસ્ત્રના વિષયમાં નિપુણ બનાવવા માટે સો (૧૦૦) શાસનદાનનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે આગવી ખુમારીથી વિષ્ણુશર્મા રાજાને કહે છેઃ 'દેવ ! મારું તથ્ય વચન સાંભળો. સો શાસનને ખાતર પણ હું વિદ્યાવિક્રય નહીં કરું...પણ જો આ તમારા પુત્રોને છ માસમાં નીતિશાસ્ત્રજ્ઞ ન બનાવું તો મારા નામનો હું ત્યાગ કરીશ.' વિદ્યા-વિક્રય કર્યા વિના અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર શીખવનાર ગુરુઓ મળવા આજકાલ તો વિરલ છે...પણ એ જ ગુરુ રાજકુમારોને શિક્ષણ આપી રહ્યા છે, એટલે ધન પ્રાપ્તિ અને એના વિવેકપૂર્વકના વિનિયોગની વાત કર્યા વિના રહી શકે જ નહીં...કેમ જે ભોગવિલાસ માટે નહીં તો પણ સુવ્યવસ્થિત રાજકારભાર ચલાવવા માટે શાંતિના સમયમાં ને યુદ્ધકાળે પણ અઢળક ધનની અનિવાર્યતા તો રહેવાની જ. પણ ધનપ્રાપ્તિની બાબતમાં સમગ્ર ગ્રંથમાં ક્યાંય પણ ગ્રંથકારે અનિષ્ટ સાધનો દ્વારા ધનોપાર્જનની હિમાયત કરી નથી, બલકે અતિલોભના અનિષ્ટો દર્શાવી એની ભર્ત્સના કરી છે. મહાભારતકાર વ્યાસે પણ ધર્મથી ધોયેલા અર્થની અનેકવાર હિમાયત કરી કામ નામના પુરુષાર્થનું ગૌરવ કર્યું છે.

ભગવાન મહાવીરે પણ જ્યારે લાભ અને લોભનો, નખ અને માંસ જેવો અવિનાભાવી સંબંધ દર્શાવી કહ્યું :

जहा लाहो तहा लोहो,

लाहा लोहो पवड्ढई ।

...અર્થાત જેમ જેમ લાભ થાય તેમ તેમ લોભ થતો જાય છે, લાભથી લોભ વધે છે ત્યારે આ તો અનુભવનિર્ભર ને માનસશાસ્ત્રીય સર્વકાલીન ને સર્વજનીન સત્ય છે...એની સર્વથા પ્રતીતિ થાય છે. કામ, ક્રોધ ને મોહ કરતાં પણ લોભની માયા મહતી છે...'પંચતંત્ર'કારે ત્રણેક વાર્તાઓ દ્વારા આ વાતનો અંગુલિનિર્દેશ કરી સારરૂપે કહ્યું છેઃ 'લોભવશ પુરુષ ધનને જુએ છે, પણ આપત્તિને જોતો નથી.' ભારતના સાંપ્રત રાજકારણમાંથી લોભે લક્ષણ ગયાના અનેક દૃષ્ટાંતો મળી રહેશે.

❖ ❖ ❖


## જૈન લગ્નવિધિ

સંયોજક :

ડૉ. રમણલાલ ચી. શાહ

કિંમત રૂપિયા પચીસ

આ પુસ્તિકાની નકલ સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

☐ મંત્રીઓ

# સરદાર સદા યુવાન

□ હેમાંગિની જાઈ

નિત્ય નૂતન સૂર્ય જેમ ક્ષિતિજ પરથી આકાશમાં ચડતો જાય અને ધીમે ધીમે દુનિયા આખીને અજવાળે તેવું સદા યુવાન શ્રી વલ્લભભાઇ પટેલના જીવનમાં બન્યું છે. બારડોલીની લડત પહેલાંનું ઉષાનું અજવાળું માત્ર ગુજરાતમાં પ્રસરેલું, કિંતુ બારડોલીની ઐતિહાસિક લડત પછી તેનાં તેજસ્વી કિરણો ભારતભરમાં પ્રસર્યાં અને સ્વાતંત્ર્ય સૈનિકોએ તેમની સરદારી સ્વીકારી.

ગુજરાતના કિસાનસેવક સરદારશ્રી સમગ્ર ભારતની અખંડતાના સંગોપક, સંવર્ધક અને દેશહિતચિંતક છે. સ્વાતંત્ર્ય સંગ્રામના વ્યૂહવિધાયક અને જનગણમન અધિનાયક છે. વાતોડિયા રાજકારણી (Politician) નહીં ચાણક્ય કક્ષાના વિચક્ષણ રાજનીતિજ્ઞ (Statesman) છે.

અદમ્ય ઇચ્છાશક્તિ, અખંડ આત્મવિશ્વાસ, અથાક ઉદ્યમ, અતૂટ એકાગ્રતા એમના અણુઅણુમાં ઓતપ્રોત છે. એ સ્વપ્નદ્રષ્ટા નથી. વાસ્તવવાદી, મર્મદર્શી છે. એમના સમકાલીન અને વિશ્વવિખ્યાત પંડિત નહેરુના શબ્દોમાં કહું તો, 'કોંગ્રેસમાં એમનું સ્થાન અદ્વિતીય છે. એ સ્થાન એમણે ઘડીભર લોકોને મુગ્ધ કરી દે તેવા ચમકારોથી પ્રાપ્ત કર્યું નથી પણ સંગીન અવિરત પુરુષાર્થ દ્વારા અને હિંદની આઝાદીનાં ધ્યેય પ્રત્યેની સંપૂર્ણ ભક્તિ દ્વારા મેળવ્યું છે. પ્રજાકીય પ્રશંસાનો એમને મોહ નથી. જનતાની તાળીઓની એમણે ક્યારેય પરવા કરી નથી. કોઇની લાગવગમાં તણાયા વિના રાષ્ટ્રહિતની એકમાત્ર વિમળ, વિશુદ્ધ દૃષ્ટિ અપનાવી છે. તેથી કાર્યસિદ્ધિ તેમની પાછળ પડછાયાની જેમ ચાલે છે.'

સરદારશ્રી એટલે શક્તિ, સરદારશ્રી એટલે પ્રતાપ અને પ્રભાવ, સરદારશ્રી એટલે વિજય.

બારડોલીની લડત સરદારશ્રીના જીવનનું ઉદ્યોગપર્વ છે. તો દેશી રાજ્યોનું વિલીનિકરણ સ્વાતંત્ર્ય મહાસંગ્રામનું શાંતિપર્વ છે.

ખેડાની ના-કર લડતમાં રોપાયેલાં રાષ્ટ્રશક્તિનાં અંકુર નાગપુરના ધ્વજ-આંદોલનમાં પ્રગટ્યાં અને બારડોલીનાં ધર્મયુદ્ધમાં મહોરી દેશભરમાં મહેંકી ઊઠ્યાં. તેમાંથી રાષ્ટ્રની આઝાદીનાં અમૃતફળ ઊતર્યાં. સરદારશ્રીની જીવનગંગા કરમાયેલાં-શોષાયેલાં દલિત-પીડિત પ્રજાજીવનની શક્તિને નાંગરીને પુનઃ નવયૌવન અને નવસર્જનનો મહિમા ગજવે છે.

ગાંધીજી સ્વાતંત્ર્યના મંત્રદષ્ટા છે. તેમણે પ્રગટાવેલ કર્મજ્યોતના પંડિત નહેરુ અને સરદાર પટેલ રક્ષક અને પોષક છે. સરદાર ન હોત તો ગાંધીજીની વાતો આટલી વ્યવહારુ છે તેની જનતાને પ્રતીતિ ન હોત. કૃષ્ણ અને અર્જુન જેવો તેમનો સંબંધ રાષ્ટ્રજીવનનું પરમપ્રેરક તેજસ્વી પ્રકરણ છે. આપણાં સાક્ષર શ્રી નરસિંહરાવે સાચું જ ગાયું-

यत्र योगेश्वरो गान्धी वल्लभश्च घूर्धरः ।

तत्र श्रीर्विजयोभूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

જ્યાં યોગેશ્વર ગાંધી છે અને ધૂરંધર વલ્લભ છે ત્યાં લક્ષ્મી-વિજય, ઐશ્વર્ય અને અવિચળ નીતિ છે એવો મારો મત છે.

હિંદમાંથી વિદાય લેતી વખતે અંગ્રેજ શાહીવાદ ઇરાદાપૂર્વક હિંદના નકશામાં દેશી રાજ્યોનાં અનેક છિદ્રો મૂકતો ગયો. લોર્ડ માઉંટબેટનનું વિધાન છે. માર્શલ ટીટોનું એને અનુમોદન છે. 'ભારતને અખંડ રાષ્ટ્ર બનતાં ૧૫ વર્ષ લાગશે એવી ગણતરી સરદારે ખોટી પાડી. એવો ચમત્કાર માત્ર દસ-બાર મહિનામાં જ કરી બતાવ્યો. અશોક અને અકબરના સમયમાં ન હતું તેવા અખંડ ભારતનું નિર્માણ કર્યું. એવું ભવ્ય એ ઇતિહાસકૃત્ય હતું જેનો જગતના ઇતિહાસમાં જોટો નથી.' ઇતિહાસના ઘડવૈયાને આથી વિશેષ ભવ્ય અંજલિ બીજી કઇ હોઇ શકે?'

દાદા ધર્માધિકારીએ સરદારશ્રીને રુદ્ર-ભદ્ર પુરુષની ઉપમા આપી છે. એમની હૃદયની ઋજુતાનાં અનેક સુંદર પાસાં છે છતાં ગેરસમજને કારણે તેમને કવચિત અન્યાય થયો છે. ગાંધીજીએ લખ્યું છે-' જેલમાં પણ એજ ખુશમિજાજ ! એ જ ખડખડાટ હસવું ! તેમણે જે અદ્વિતીય શૂરવીરતા દાખવી તેની અને તેમની જવલંત દેશપ્રીતિની તો મને ખબર હતી જ પણ જેલમાં જે પ્રેમથી મને તરબોળ કર્યો છે તેથી તો મને મારી વ્હાલી માતાનું સ્મરણ થઇ આવ્યું. તેમનામાં માતાના આવા ગુણો હશે તે તો હું જાણતો જ ન હતો. બારડોલી અને ખેડાના ખેડૂતોની તેઓ જે ચિંતા કરતા તે હું કદી ભૂલી શકીશ નહીં.'

સ્વરાજ્ય વિશેના તેમના વિચારો તેમના જ શબ્દોમાં માણીએ.

'અસ્પૃશ્યતાના ડાઘને ધોયા વિના સ્વરાજ્ય આવશે તોય તે પોકળ હશે. હું નાત-જાત ભૂલી ગયેલો માણસ છું. આખું હિંદુસ્તાન મારું ગામ છે. અઢારે વર્ણ મારા ભાઇભાંડુ છે.'

'સ્વરાજ્ય આવશે ત્યારે સ્ત્રીઓના પ્રશ્નોનો ઉકેલ આવશે તે માન્યતા બરોબર નથી. ખરી વાત તો એ છે કે સ્ત્રીઓને પદભ્રષ્ટ કરવામાં આવી છે તેમને યોગ્ય સ્થાને બેસાડવામાં આવશે ત્યારે જ સ્વરાજ્ય મળશે. એવા સુધારા કાયદાથી થવાના નથી.'

'ક્રાંતિ ક્રાંતિ શું કરો છો ? તમે તમારા જીવનમાં ક્રાંતિ કરી છે ? જૂના રીતરિવાજો અને વહેમોનો પડદો ચીરવાની તમારામાં હિંમત છે? તેના વિના ક્રાંતિ શી રીતે અસરકારક થવાની છે ?'

'કોઇપણ પ્રશ્નને ઉકેલવા સફળતાની આશાસ્પદ કોઇ રીત હોય તો તે લોકશાહીની છે. લોકશાહી અખતિયાર કરવી હોય તો છાપાંની સ્વતંત્રતા કરતાં વધારે મહત્વની બીજી એકે સ્વતંત્રતા નથી, કારણ કે તે આમજનતાની સ્વતંત્રતા છે.'

'મેં કાઉન્સિલ કે એસેંબલી જોઇ નથી. એના પ્રમુખને કહું છું અહીં આવો-ગામડામાં બેસીને સેવા કરીએ. ત્યાં પાર્લામેન્ટરી પ્રોસિજર વાંચી જવાથી દહાડો ન વળે. આપણને શહેરોનું નહીં ગામડાનું સ્વરાજ્ય જોઇએ.'

અને ખરે જ, અનુકૂળ સંજોગો અને સંગીન પીઠબળ છતાં સ્વાતંત્ર્ય ભારતના પ્રથમ વડાપ્રધાન પદની એમની ત્યાગવૃત્તિની નોંધ ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખશે.

પોતે મૂડીવાદીઓના મિત્ર છે. એવી ટીકા કરનારને તેમણે સંભળાવેલું-'સમાજવાદનું પોપટિયું રટણ કરનાર પાસે છે તેવી મારી પોતાની કોઇ જ મિલ્કત નથી.'

મણિબહેનની-સરદારશ્રીની પુત્રીની થીંગડાવાળી સાડી જોઇ શ્રી મહાવીર ત્યાગીએ ટકોર કરી તો સરદાર બોલી ઊઠ્યા, 'ગરીબ માણસની દીકરી છે. સારાં કપડાં ક્યાંથી લાવે ?'

સમાજવાદ આવશે ત્યારે ખરો. ગરીબી હટશે ત્યારે હટશે. દેશના ખેડૂતો, દેશના કામદારો, દેશના લોકો જ્યારે પણ દેશ પર આપત્તિ આવે છે ત્યારે આજે ય સરદારશ્રીને યાદ કરે છે. હતાશા, અનાસ્થા, આકુલતાની વચ્ચે દેશના જનસામાન્યોની આંખ એમની ખુમારીને ખોળતી રહે છે, જેમને માટે શ્રી અરવિંદ કહેતા-'આ બધામાં સરદાર જ એક દઢ માણસ છે.' અને રાજાજી કહેતા 'સરદાર અવસાન પછી ય જીવતા રહેશે.'

કશું જ છૂપું નહીં. ખુલ્લું કિતાબ જેવું જીવન. અસંગ્રહવૃત્તિ. ઉચ્ચ આસને બેસીને પણ સામાન્ય નાગરિક જેવી ઘરવખરી. તેત્રીસ વર્ષે વિધુર થયા છતાં અંગત જીવનમાં સાધુના જેવો દઢ વૈરાગ્ય. નાયબ વડાપ્રધાનપદે બિરાજીને પણ રોટલા-ભાજીનો આહાર કરતાં સરદારશ્રી અસ્વાદ વ્રત કેટલું પચાવી ગયેલા તેનો પરિચય આપે છે. કોઇપણ દેશ-કાળના નવયુવાનને પ્રેરણા આપે તેવી હતી સદા યુવાન સરદારશ્રીની વિચારધારા, જીવનધારા ! કેવો પવિત્ર આત્મા હતો ! કેવા અમારા નેતા હતા !

સરદારશ્રી કહેતા, 'નવયુવાનો માટે પ્રેરણા મૂકી જાય તે જ સાચો સેવક. આખરે લોકો પર છાપ તો આપણાં ચારિત્ર્યની જ પડવાની. સેવક કેટલો ત્યાગી, સંયમી, સેવાપરાયણ અને ધીરજવાળો છે એની છાપ ગ્રામલોકો પર પડે છે. અનેક તડકી છાંયડી આવી જાય છતાં ગ્રામસેવક આ ગુણો વડે લોકોનાં હૃદયમાં સ્થાન મેળવી શકશે.' તેમની આ વાણી તેમના વર્તનમાં ચરિતાર્થ થયેલી છે.

સને ૧૯૫૦માં ૭૮ વર્ષની, પાકટ વયે સરદારશ્રીએ આપણી વચ્ચેથી વિદાય લીધી ત્યારે દેશભરના નવ યુવાનોએ પ્રેરણાસ્ત્રોત ગુમાવ્યાનો અનુભવ કર્યો.

પ્રખર ચિંતક શ્રી ગુણવંત શાહે લખ્યું છે, 'કાળ પ્રવાહના મહત્ત્વના વળાંક પર ભારતને સરદાર મળ્યા. સરદારે એ વળાંકને આબાદ જાળવી લીધો અને દેશને આજે છે તેવો નકશો મળ્યો.

ગુલામીની તૂટતી બેડીના કર્ણપ્રિય મધુર રણકારથી મળતી મુક્તિના ચિરંતન જયનાદથી ગુંજતું ગુર્જરવલ્લભનું યૌવનસભર જુસ્સાદાર જીવન છે.જય સરદાર ! જય હિંદ !

♦♦♦

# સ્થાપત્યકળા અને રાષ્ટ્રીય ચારિત્ર્ય : જોન રસ્કિનનું દષ્ટિબિંદુ

☐ ચી. ના. પટેલ

બ્રેડફર્ક નગરના ટાઉન હોલમાં એ નગરના વ્યાપારીઓની સભામાં આપેલા વ્યાખ્યાનમાં રસ્કિન સ્થાપત્યકળાના સંદર્ભમાં કળા અને નૈતિક ચારિત્ર્ય વચ્ચેના સંબંધની, કળામીમાંસકો અને સાહિત્ય વિવેચકોને મૂંઝવતા, પ્રશ્નની ચર્ચા કરે છે. બ્રેડફર્ડ નગરના વ્યાપારીઓ ૩૦૦૦ પાઉન્ડના ખર્ચે એક વિનિમય ભવન (Exchange) બંધાવવાની યોજના વિચારી રહ્યા હતા અને એ ભવનની સ્થાપત્યશૈલી કેવી હોવી જોઇએ તે અંગે સૂચનો કરવા રસ્કિનને આમંત્રણ આપ્યું હતું.

વ્યાખ્યાનનો આરંભ કરતાં રસ્કિન સારું સ્થાપત્ય કેવું હોય તે કોઇની સલાહ પૂછવાથી સમજી શકાતું નથી એ સ્પષ્ટ કરીને પોતાના વ્યાખ્યાનનો મુખ્ય મુદ્દો સમજાવે છે અને કહે છેઃ 'સર્વ પ્રકારનું સારું સ્થાપત્ય રાષ્ટ્રીય જીવન અને ચરિત્ર્યની અભિવ્યક્તિ હોય છે, તે પ્રવર્તમાન ઉત્કૃટ રાષ્ટ્રીય રસજ્ઞતાનું (of prevalent and eager national taste) અથવા સૌંદર્ય માટેની ઝંખનાનું ફળ હોય છે.' શિષ્ટ રસજ્ઞતા એ તત્ત્વતઃ નૈતિક ગુણ છે એ મતલબના રસ્કિનના મતનું તેમના પ્રતિપક્ષીઓ એમ કહીને ખંડન કરતા કે રસજ્ઞતા એક વસ્તુ છે અને નૈતિકતા તેનાથી ભિન્ન એવી બીજી વસ્તુ છે (જેમ ક.મા. મુનશી ક્યારેક કહેતા કે નીતિ કળાની વિષકન્યા છે) પ્રતિપક્ષીઓના એવા વિધાનની વિરુદ્ધ રસ્કિન કહેતા કે રસજ્ઞતા નૈતિકતાનો માત્ર અંશ જ, કે તેની નિશાની જ નથી, રસજ્ઞતા એ જ નૈતિકતા છે અને દાવો કરતા કે કોઇ વ્યક્તિને શું ગમે છે એ પોતે જાણી શકે તો એ વ્યક્તિનો સ્વભાવ કેવો છે એ પોતે કહી શકશે.

રસજ્ઞતા એ જ નૈતિકતા છે એવા રસ્કિનના મતની વિરુદ્ધ જો એમ કહેવામાં આવે કે કોઇ વ્યક્તિને શું ગમે છે તે કરતાં તે વ્યક્તિનું આચરણ કેવું છે એ વધારે મહત્ત્વની વાત છે, તો રસ્કિનનો ઉત્તર એ છે કે એ વિધાનમાં તથ્યનો કંઇક અંશ હોઇ શકે, કારણ કે જો કોઇ વ્યક્તિ દઢતાપૂર્વક સારાં જ કાર્યો કરશે તો કાળક્રમે તેને સારાં કાર્યો કરવાનું ગમવા માંડશે. પણ કોઇ વ્યક્તિ યથાયોગ્ય નૈતિક સ્થિતિમાં (in a right moral state) છે એમ તો ત્યારે જ કહી શકાય કે જ્યારે તે વ્યક્તિને સારાં કાર્યો કરવાનું ગમવા માંડે, નહિ તો તે વ્યક્તિ નૈતિક અધોગતિની સ્થિતિમાં (in a vicious state) જ છે એમ ગણાય. રસ્કિન આમ માનતા હોવાથી તેમના મતે શિક્ષણનું સાચું ધ્યેય વ્યક્તિમાં સારાં કાર્યો કરવાની વૃત્તિ કેળવવાનું જ માત્ર નથી, પણ તેને સારી વસ્તુઓમાં આનંદ લેતી પણ કરવાનું છે, વ્યક્તિને ઉદ્યમી બનાવવાનું જ નથી, પણ તેને ઉદ્યમશીલતા પૂરા ભાવથી ગમે એમ કરવાનું છે.

આપણામાંના કેટલાક જેમ માને છે કે મંદિરો, દેરાસરો કે મસ્જિદો જ પવિત્ર સ્થળો ગણાય તેમ કેટલાક ખ્રિસ્તીઓ માને છે કે દેવળો જ પવિત્ર સ્થળો ગણાય. રસ્કિન તેમની આવી માન્યતાનો ભારપૂર્વક વિરોધ કરે છે, એમ કહીને કે માત્ર દેવળો જ નહિ, સમગ્ર પૃથ્વી પવિત્ર છે, અને તેથી દેવળોનું, શાળા-મહાશાળાઓનું, આપણાં નિવાસ-સ્થાનોનું અને 'મિલો'નું સ્થાપત્ય એક જ પ્રકારની શૈલીનું હોવું જોઇએ. સર્વ પ્રકારનું સારું સ્થાપત્ય શ્રદ્ધાવાન અને ચારિત્ર્યશીલ પ્રજાનું સર્જન હોય છે અને તેથી તે ધાર્મિક હોય છે એ મતલબના પોતે ભૂતકાળમાં કરેલા વિધાનનો અર્થ સ્પષ્ટ કરતાં રસ્કિન કહે છે કે એ વિધાનનો અર્થ એ નથી કે સારું સ્થાપત્ય ધર્મગુરુઓનું સર્જન હોય છે, તેનો અર્થ તો એ છે કે સારું સ્થાપત્ય શ્રદ્ધાવાન અને ચારિત્ર્યશીલ વ્યક્તિઓનું સમગ્ર જનસમાજનું સર્જન હોય છે, ઇશ્વરની આજ્ઞાઓનું દઢતાપૂર્વક પાલન કરતી પ્રજાની ધર્મશ્રદ્ધા વ્યક્ત કરતી વાણી હોય છે.

ધર્મશ્રદ્ધાના સ્વરૂપની ચર્ચા કરતાં રસ્કિન નામની (nominal) અને વાસ્તવિક ધર્મશ્રદ્ધા ઉપર કટાક્ષ કરતા હોય એમ કહે છેઃ 'નામની ધર્મશ્રદ્ધાનું અર્થઘટન કરતાં આપણે આપણા વિરોધીઓની સાથે આવેશપૂર્વક ઝઘડીએ છીએ, અને આપ કબૂલ કરશો કે એ ધર્મશ્રદ્ધાની ઇષ્ટ દેવી (ruling godess) ધનલોભની દેવી (godess of getting-on) છે અને આપ એ દેવીની ભક્તિ કરતા રહેશો ત્યાં સુધી એ દેવી જ આપની સ્થાપત્યશૈલી પ્રેરતી રહેશે.' એટલે કે એ વ્યાપારીઓએ ૩૦૦૦૦ પાઉન્ડના ખર્ચે બંધાવવા ધારેલા વિનિમય ભવનની સ્થાપત્યશૈલી ધનલોભની દેવીના સ્વભાવને અનુરૂપ જ હશે, તેમાં કળાનું તત્ત્વ હશે જ નહિ.

રસ્કિન આમ એ વ્યાપારીઓના ધનલોભ ઉપર કટાક્ષ કરે છે ખરા, પણ તે સાથે તેમને તેઓ એ મતલબની શ્રદ્ધા પણ આપે છે કે જો તેમની પ્રવૃત્તિઓમાં શૌર્યનું તત્ત્વ (heroism) હોય તો સંભવ છે કે તેમના વિનિમય ભવનની રચનામાં એવા શૌર્યને અનુરૂપ સ્થાપત્યશૈલીને અવકાશ હોય, પણ એ ભારે આશ્ચર્યની વાત છે, રસ્કિન કહે છે, કે લોકોને જીવન માટે જરૂરી અનાજ અને કાપડ જેવી ચીજવસ્તુઓ પૂરી પાડવાના વ્યવસાય સાથે શૌર્યનું તત્ત્વ સંગત હોવાનું નથી મનાતું. જો વ્યાપારીઓ લોકોને એવી ચીજવસ્તુઓ પૂરી પાડવાનું કામ સૈનિકોના જેવી નિષ્ઠાથી કરે તો, રસ્કિન તેમને ખાતરી આપે છે, પોતે તેમના વિનિમય ભવનમાં કોતરવા આંખને તૃપ્ત કરે એવી આકૃતિ કેવી હોય તે અંગે સૂચન કરી શકશે. વ્યાપારીઓ ધનલોભની દેવીની કૃપાથી વધારે ને વધારે ધન મેળવ્યા કરશે, કે પોતાને એ દેવીની કૃપાથી મળેલું ધન ખરચશે પણ ખરા કે, એમ રસ્કિન વ્યાપારીઓને પૂછે છે. જો વ્યાપારીઓ એ દેવીની કૃપાથી વધારે ને વધારે ધન મેળવવા ઇચ્છતા હોય તો, રસ્કિન કહે છે, પોતે તેમને એમ કરવાની એક યુક્તિ બતાવી શકશે, અને તે એ કે તેમણે દરરોજ સવારે અને સાંજે તેમના હિસાબના ચોપડાઓમાં એકડા પછી તેમને પસંદ પડે એટલા મીંડાં કરવાં. આમ એ વ્યાપારીઓના ધનલોભ ઉપર કટાક્ષ કરીને રસ્કિન તેમને એક વાત ધ્યાનમાં રાખવાનું સૂચવે છે, અને તે એ કે ધનલોભની દેવીની એક પરિવારને કૃપા મળે છે પણ તે સાથે એક હજાર પરિવારોને તેની કૃપા નથી મળતી.

જો વ્યાપારીઓ આવી પરિસ્થિતિનું નિવારણ નહિ કરે તો, રસ્કિન તેમને ચેતવણી આપે છે, બીજું કોઇ પરિબળ એમ કરી શકશે, અને કરશે જ. ઇતિહાસ, રસ્કિન કહે છે, આપણને સ્પષ્ટ કરે છે કે પરિવર્તનો આવ્યા જ કરે છે, પણ અમુક પરિવર્તનનું પરિણામ વિનાશમાં આવશે કે વિકાસમાં, તે આપણે નિશ્ચિત કહી શકીએ છીએ. વ્યાપારીઓ કામદારોના હિત અર્થે ઘણું કરે છે એ રસ્કિન કબૂલ કરે છે, પણ તે સાથે તેઓ એ પણ સ્પષ્ટ કરે છે કે કામદારો જે અનિષ્ટો અને કષ્ટો સહન કરે છે તે વ્યાપારીઓની વિકૃત કર્તવ્ય ભાવનાનાં પરિણામ હોય છે, એટલે કે દરેક વ્યાપારી કામદારોનું વધારેમાં વધારે હિત કરવા શક્ય એટલો પ્રયત્ન કરે છે, પણ કામદારોનું વધારેમાં વધારે હિત એ વસ્તુતઃ એ વ્યાપારીનું પોતાનું જ હિત હોય છે એ વાત તેના ધ્યાનમાં નથી રહેતી.

વ્યાપારીઓની આવી વિકૃત કર્તવ્યભાવનાના મૂળમાં, રસ્કિનના મત અનુસાર, વ્યક્તિને વધારેમાં વધારે લાભ કરે એવી પ્રવૃત્તિનું અંતિમ પરિણામ બીજાંઓને વધારેમાં વધારે લાભ કરવામાં આવે છે. (To do the best for yourself, is finally to do the best for others) એ મતલબના તેમના મતે અતિશાપિત અને અતિ અપવિત્ર (thrice accursed and thrice impious) તેમના સમયમાં

પ્રચારમાં આવેલા તેમના સમકાલીન અર્થશાસ્ત્રીઓના સિદ્ધાન્તમાં હતું. (રસ્કિન અહીં જેનો ઉલ્લેખ કરે છે તે સિદ્ધાન્ત સૌપ્રથમ એડમ સ્મિથ નામના સ્કોટિશ વિદ્વાને ૧૭૭૬માં પ્રસિદ્ધ કરેલા 'રાષ્ટ્રોની સંપત્તિ' (The Wealth of Nations) એ નામના પુસ્તકમાં પ્રતિપાદન કર્યો હતો. એડમ સ્મિથના મતે જો સમાજમાં સર્વ વ્યક્તિઓ પોતપોતાના આર્થિક હિત અર્થે પ્રવૃત્તિઓ કરે તો કોઇ અદશ્ય હસ્ત (an invisible hand) એવી પ્રવૃત્તિઓનું પરિણામ સમગ્ર સમાજના હિતમાં આવે એમ કરે છે.) રસ્કિન આ સિદ્ધાન્તને દુષ્ટ માનતા. તેમના મતે તો બીજાંઓને વધારેમાં વધારે લાભ કરવામાં જ લાભ રહેલો છે. (to do the best for others is to do the best for ourselves) (રસ્કિનની આ માન્યતા આપણી સમાજરક્ષણની ભાવના સાથે મળતી આવતી જણાય છે.)

જો વ્યાપારીઓ બીજાંઓને લાભ કરવામાં જ પોતાનો લાભ રહેલો છે એ વાત નહિ સમજે તો, રસ્કિન તેમને ચેતવણી આપે છે, તેમની કળાઓ અને વિજ્ઞાનશાસ્ત્રો, તેમના જીવનમાંથી આનંદ, એ સર્વ અદશ્ય થઇ જશે, પણ તે સાથે રસ્કિન તેમને એ મતલબની શ્રદ્ધા પણ આપે છે કે જો તેઓ, જેનો લાભ પોતાને તેમ અન્ય સર્વ કોઇને મળે એવો પ્રયત્ન કરી શકાય એવી માનવ જીવનની સ્થિતિની કલ્પના કરી શકે, અને જો તેઓ પ્રામાણિક અને સાદા જીવનક્રમનું (of honest and simple order of existence) સ્પષ્ટ ચિત્ર તેમના મનમાં આંકી શકે તો, તેમની સર્વ કળાઓ, સર્વ સાહિત્યિક પ્રવૃત્તિઓ, તેમનાં દૈનિક પરિશ્રમ, કૌટુંબિક સ્નેહ અને નાગરિક કર્તવ્યો, એ બધાંનો સંગમ થઇને કોઇ ભવ્ય સંવાદિતામાં પરિણમશે. અને તો, વ્યાખ્યાનનો ઉપસંહાર કરતાં રસ્કિન કહે છે, આપ આપનું આ વિનિમય ભવન પથ્થરથી તો સારું રચી શકશો જ, પણ લોહીની સગાઇ જેવા કૌટુંબિક સંબંધોની ભાવનાઓથી (with flesh) વધારે સારું રચી શકશો, અને એ વિનિમય ભવન હાથથી બાંધેલા નહિ પણ હૃદયના સ્નેહભાવો રૂપી ગ્રંથિત મંદિરો જેવું હશે. (Temple not made with hands, but riveted of hearts).

♦♦♦

# સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ-પત્રકાર તરીકે

☐ રમણલાલ ચી. શાહ

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વ્યવસાયે પત્રકાર નહોતા, પણ પત્રકારત્વ એમના જીવનમાં ઘણી સારી રીતે વણાઇ ગયેલું હતું. જીવનના અંતસમયે, કેન્સરની બીમારી પછી મરણ પથારીએથી, અવસાનના થોડા દિવસ પહેલાં એમણે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીલેખો લખ્યા હતા. એમાં એમણે મૃત્યુ સમયની પોતાની સંવેદનાઓને પ્રેરક શબ્દદેહ આપ્યો હતો. તંત્રી તરીકેની એમની સંનિષ્ઠા જીવનના અંતિમ દિવસ સુધી રહેલી હતી.

ચીમનભાઇનો જન્મ ઇ.સ. ૧૯૦૨માં માર્ચની ૧૧મી તારીખે સૌરાષ્ટ્રમાં લીંબડી ગામે થયો હતો. તેમણે શાળા અને કોલેજનો અભ્યાસ મુંબઇમાં બાબુ પનાલાલ હાઇસ્કુલમાં તથા એલ્ફિન્સ્ટન કોલેજમાં કર્યો હતો. બી.એ. અને એમ.એ.માં એમણે ફિલસૂફીનો વિષય લીધો હતો. ત્યારપછી એમણે કાયદાનો અભ્યાસ કરી એલ.એલ.બી.ની પરીક્ષા પાસ કરી હતી. આથી તેમને તર્કસંગત રીતે વિચારવાની, બોલવાની અને લખવાની ઘણી સારી ફાવટ આવી ગઇ હતી. વળી કાયદાના અભ્યાસને લીધે એમની ભાષામાં શબ્દેશબ્દની ચોકસાઇની ચીવટ પણ આવી ગઇ હતી.

યુવાન વયે વ્યવસાય કરવા સાથે જાહેર જીવનમાં એમણે ઝંપલાવ્યું હતું. પોતાની જ્ઞાતિમાં અને સ્થાનકવાસી સંપ્રદાયમાં મહત્ત્વની જવાબદારી સ્વીકારી હતી, પરંતુ તે ઉપરાંત કોંગ્રેસની આઝાદી માટેની લડતમાં પણ એમણે ભાગ લેવો શરૂ કર્યો હતો. એ દિવસોમાં એમના વતન લીંબડીમાં જે આંદોલન ચાલ્યું અને લોકો હિજરત કરી ગયા તે વખતે એમણે 'Lawless Limbdi' નામની પુસ્તિકા લખી હતી. એ પુસ્તિકાએ ભારતના તે સમયના ઘણા કોંગ્રેસી નેતાઓનું ધ્યાન ખેંચ્યું હતું. તદુપરાંત એમણે Socialism in India નામની પુસ્તિકા લખી. એ વાંચીને શ્રી જયપ્રકાશ નારાયણ આ પુસ્તિકાના લેખક તે કોણ છે એ જાણવા માટે શોધતા શોધતા મુંબઇમાં એમની ઓફિસે આવી પહોંચ્યા હતા. એ પુસ્તિકાની પ્રશંસા શ્રી જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ વગેરેએ પણ કરી. એથી ચીમનભાઇને પોતાની લેખનશક્તિમાં વિશ્વાસ આવ્યો હતો. પરંતુ ત્યારે તેઓ ફક્ત અંગ્રેજીમાં જ લખતા હતા.

વકીલાતના વ્યવસાયને નિમિત્તે ચીમનભાઇ મુંબઇમાં એ જ વ્યવસાયના એક અગ્રેસર તે શ્રી કનૈયાલાલ મુનશીના સંપર્કમાં આવ્યા. ચીમનભાઇને મુનશી પાસેથી ઘણી પ્રેરણા મળી. મુનશીએ પણ ચીમનભાઇની લેખક તરીકેની શક્તિ પારખી લીધી અને એમને ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી બનાવ્યા. ચીમનભાઇ બારેક વર્ષ મંત્રી તરીકે રહ્યા. સાહિત્ય પરિષદનાં અધિવેશનોનું આયોજન તેઓ કરતા રહ્યા અને ગુજરાતીમાં લેખો પણ લખવા લાગ્યા. આ રીતે ગુજરાતી ભાષામાં એમનું લેખનકાર્ય ચાલુ થયું. એમની શૈલી ઉપર મહાત્મા ગાંધીજીની શૈલીનો ઘણો મોટો પ્રભાવ પડ્યો. સાદા, સરળ, ટૂંકાં વાક્યોમાં પોતાના વિચારોને સચોટ રીતે વ્યક્ત કરવાની એમની શક્તિ ખીલી. ચીમનભાઇની પત્રકાર તરીકેની શક્તિ આ અરસામાં વિકાસ પામી. વર્તમાન સમયની રાજદ્વારી કે સાહિત્યિક ઘટના વિશે પોતાના લેખો લખવા, નિવેદનો લખવાં કે પ્રતિભાવો આપવાના અવસર તેમને માટે વખતોવખત આવવા લાગ્યા.

સાહિત્ય કરતાં પણ રાજકીય અને સામાજિક વિષયોમાં એમને રસ વધુ હતો. એટલે વર્તમાન રાજકીય પ્રવાહો ઉપર તેઓ વખતોવખત વ્યાખ્યાનો આપતા અને દૈનિકોમાં લેખો પણ લખતા. આઝાદી પછી અંગ્રેજી કરતાં ગુજરાતી ભાષામાં તેમનું લેખન વધ્યું.

ચીમનભાઇ આઝાદી પછી સૌરાષ્ટ્ર ટ્રસ્ટ, પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા વગેરેમાં મહત્ત્વનો હોદ્દો ધારણ કરવા લાગ્યા અને એથી દૈનિક પત્રકારત્વ સાથે તેઓ વધુ સંકળાવવા લાગ્યા. પત્રકારોના પ્રશ્નો વિશે પણ એમનો અભ્યાસ વધ્યો. વખતોવખત તેઓ તે અંગે માર્ગદર્શન આપવા લાગ્યા. આ રીતે દૈનિક પત્રકારત્વ સાથેનો તેમનો સંપર્ક ઉત્તરોત્તર ઘનિષ્ઠ થયો.

રોજેરોજની બનતી ઘટનાઓના સતત સંપર્કમાં રહી શકાય એ માટે દૈનિક વર્તમાનપત્રો અને ઇતર સામયિકોનું એમનું વાંચન વધતું ચાલ્યું. ટી.વી.ના એ દિવસો નહોતા, રેડિયો તેઓ સાંભળતા, પણ રોજ સવારે ત્રણ ચાર કલાકમાં તેઓ અંગ્રેજી અને ગુજરાતી અખબારો બહુ ઝીણવટપૂર્વક વાંચી જતા. વર્તમાન રાજકીય પ્રવાહની કોઇ ઘટના એવી ન હોય કે જે વિશે તેઓ વિગતે જાણતા ન હોય. વળી પોતે અનેક રાજપુરુષોના સંપર્કમાં હોવાને લીધે, અખબારોમાં ન આવી હોય એવી ઘટનાઓ કે એવા પ્રવાહો કે અભિપ્રાયોથી તેઓ માહિતગાર રહેતા. રાજદ્વારી ક્ષેત્રના નેતાઓ સાથેના તેમના સંપર્ક માત્ર મુંબઇ કે ગુજરાત પૂરતા મર્યાદિત ન હતા. બંધારણ સભાના સભ્ય તરીકે અને ત્યાર પછી પાર્લામેન્ટના સભ્ય તરીકે અને યુનાઇટેડ નેશન્સ માટેના પ્રતિનિધિ મંડળના સભ્ય થવાને કારણે તેમના સંબંધો અને સંપર્કો અખિલ ભારતીય ધોરણે સ્થપાયા હતા.

ચીમનભાઇની ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે વધુ શક્તિ ખીલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘમાં. શ્રી પરમાનંદભાઇ કાપડિયાના અવસાન પછી એમણે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી. ત્યારથી આ પાક્ષિકના તંત્રી તરીકે દર પંદર દિવસે એક લેખ લખવાની જવાબદારી એમના માથે આવી. એ માટે એમણે પોતાનું વાંચન પણ વધાર્યું. 'ટાઇમ', 'ન્યુઝ વિક', 'માન્ચેસ્ટર ગાર્ડિયન' જેવાં પત્રો વાંચવા ઉપરાંત બીજાં કેટલાંક સામયિકો અને દૈનિક પત્રો અને નોંધપાત્ર ગ્રંથો એમણે વાંચવા ચાલુ કર્યાં. એ રીતે તેમણે 'પ્રબુદ્ધ જીવન'માં પોતાની કલમ ચલાવી. રાજકારણ એમનો રસનો વિષય રહ્યો હોવાથી 'પ્રબુદ્ધ જીવન'માં અવારનવાર તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ ઉપર પોતાના વિચારો દર્શાવતા રહ્યા. 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ લગભગ બારેક વર્ષ તંત્રી રહ્યા. એ દરમિયાન એમણે લખેલા લગભગ ત્રણસો જેટલા લેખોમાંથી બસો કરતાં વધુ લેખો એમણે તત્કાલીન રાજકીય પ્રવાહો ઉપર લખ્યા. રાજકીય ઘટનાઓનું એમનું વિશ્લેષણ અને એ વિશેનો એમનો અભિપ્રાય જાણવા ગુજરાતના ઘણા રાજકીય નેતાઓ, રાજકીય અને સામાજિક કાર્યકરો અને ચિંતકો તથા સાહિત્યકારો પણ ઉત્સુક રહેતા. એનું કારણ એમની અનુભવયુક્ત, પીઢ અને તટસ્થ દૃષ્ટિ હતી.

રાજકારણના વિષયો પર લખતી વખતે ચીમનભાઇ પોતાના વિચારો નિર્ભિક રીતે જણાવતા. જરૂર લાગે તો પોતાના વિચારો બદલાવતા. કોઇક લેખમાં એમણે મોરારજીભાઇની સખત ટીકા પણ કરી હોય અને પરિસ્થિતિ બદલાતાં એમણે એમની એટલી જ પ્રશંસા પણ કરી હોય. ઇન્દિરા ગાંધીની એમણે આરંભમાં પ્રશંસા કરી હતી, પરંતુ કટોકટીના શાસનકાળ વખતે એટલી જ સખત ટીકા કરી હતી. ક્યારેક તો એટલી ઉગ્ર ટીકા થઇ હતી કે એમની ધરપકડ થવાની છે એવી અફવા પણ ઊડી હતી.

ચીમનભાઇ પોતાનો લેખ ઘણું ખરું એક જ બેઠકે લખતા. તેઓ આખો દિવસ તો પોતાના વકીલાતના વ્યવસાયમાં અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત હોય. પરંતુ સાંજે ઘરે આવ્યા પછી જમીને પોતે નિરાંતે સોફા પર બેઠા હોય તે વખતે હાથમાં કાગળ રાખી પેનથી લેખ લખી નાખતા. એમની વિચારણા એટલી પુખ્ત અને વિશદ રહેતી અને એમનું ચિંતન એટલું ઊંડું રહેતું કે લેખમાં જવલ્લે જ કોઇ શબ્દ સુધારવો પડે. લેખ લખીને તેઓ સીધો છાપવા મોકલી આપતા. પરંતુ કેટલીક વાર એવું પણ બનતું કે પોતે જે વિશ્લેષણ કર્યું હોય તેના કરતાં કંઇક જુદી જ ઘટના બની હોય તો લેખમાં છેલ્લી ઘડીએ સુધારો કરતા અથવા એ લેખ રદ કરીને બીજો લેખ લખી નાખતા. આમ, પ્રેસમાં કંપોઝ થઇ ગયા પછી ચીમનભાઇએ પોતાનો લેખ રદ કર્યો હોય એવું કેટલીક વાર બન્યું હતું.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે ચીમનભાઇએ કેટલાક લેખોમાં પોતાના અંગત જીવનના સંવેદનો પણ વ્યક્ત કર્યા છે. કેટલાક લેખોમાં એમણે તત્ત્વચર્ચા કે ધર્મચર્ચા પણ કરી છે. પોતે કેળવણીના ક્ષેત્ર સાથે પણ સારી રીતે સંકળાયેલા હતા એટલે કેળવણી વિશેના લેખો પણ એમણે લખ્યા છે. કેટલાક લેખોમાં સમાજચિંતન પણ જોવા મળે છે. એમનાં લેખોના ત્રણ સંગ્રહ પ્રગટ થયા છે : (૧) અવગાહન (૨) સમય-ચિંતન અને (૩) તત્ત્વ વિચાર અને અભિવંદના.

હવે શાના ઉપર લેખ લખીશું એવી મૂંઝવણ નિયમિત તંત્રીલેખો લખતા કે કોલમ ચલાવતા લેખકોને થાય છે. તેવી મૂંઝવણ થોડીક ચીમનભાઇને પણ હતી. પંદર દિવસ તો ઘડીકમાં ચાલ્યા જાય. બહારગામ પણ જવાનું થયું હોય કે ઉપરાઉપરી વ્યાવસાયિક કામ પહોંચ્યું હોય અને વિચારવાનો સમય ન રહ્યો હોય ત્યારે આવી મૂંઝવણ તેઓ અનુભવતા. ક્યારેક એકાદ પાનાં જેટલો ટૂંકો લેખ લખીને ચલાવતા. કેટલીક વાર વિષય નવા જેવો લાગે, પણ વિચારોનું પુનરાવર્તન થતું.

પત્રકાર તરીકે, ચીમનભાઇના વિચારો હંમેશાં સ્પષ્ટ રહેતા. એમનું વ્યક્તિત્વ પારદર્શક હતું. પત્રકાર તરીકે તેઓ માનદ્ સેવા આપતા હતા. તેઓ આર્થિક દૃષ્ટિએ સાધનસંપન્ન હતા. એટલે એમના લખાણમાં ક્યાંય ખુશામતનો પડછાયો જોવા ન મળે. તેઓ સ્પષ્ટ, નિર્ભિક અભિપ્રાય આપતા, આપવાની હિંમત દાખવી શકતા, પરંતુ પૂર્વગ્રહ કે દ્વેષથી પ્રેરાઇને તેઓ ક્યારેય લખતા નહિ. ગાંધીયુગના લેખકોની જેમ તેમની વિચારસરણી જીવનલક્ષી હતી અને જીવનની ઉત્તરાવસ્થામાં તો તેઓ પ્રસિદ્ધિ વગેરેની બાબતમાં નિસ્પૃહ કે અનાસક્ત જેવા થઇ ગયા હતા. એટલે જ પત્રકારનો ઘણો ઊંચો ધર્મ તેઓ બજાવી શક્યા હતા.

ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે ચીમનભાઇનું યોગદાન થોડાં વર્ષ માટેનું હતું, પરંતુ એમણે જે કાર્ય કર્યું તેમાં શિષ્ટ, સંસ્કારી, શીલસંપન્ન, સત્યનિષ્ઠ તત્ત્વચિંતકનું પારદર્શક પ્રતિબિંબ પડેલું નિહાળી શકાય છે.

♦ ♦ ♦

## સંઘના હોદ્દેદારો

સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે પોતાને સિત્તેર વર્ષ પૂરાં થાય ત્યારે સંઘના પ્રમુખપદેથી નિવૃત્ત થવું એવાં અગાઉ લીધેલાં પચ્ચખાણ અનુસાર તા. ૬-૧૨-૯૬ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની બેઠકને એમનું રાજીનામું સખેદ સ્વીકારવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહ્યો નહોતો. ડૉ. રમણભાઇનું રાજીનામું સ્વીકારાયા પછી સમિતિએ કાર્યવાહક સમિતિના સભ્ય, નેત્રયજ્ઞોના સંયોજક, સંઘના સક્રિય કાર્યકર શ્રી રસિકલાલ લહેરચંદ શાહની સંઘના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરી હતી.

સંઘના હોદ્દેદારો હવે નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| પ્રમુખ : | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ઉપપ્રમુખ : | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| મંત્રીઓ : | શ્રીમતી નિરુબહેન એસ. શાહ |
| | ડૉ. ધનવંત ટી. શાહ |
| કોષાધ્યક્ષ : | શ્રી ભૂપેન્દ્ર ડી. ઝવેરી |

☐ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.